
# બ્રહ્મોપદેશ

(શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરનાં ૧૯૭૫-૭૬ના અક્ષરશઃ સળંગ પ્રવચનો)


## ભાગ ૨



શ્રી કુંદકુંદ આચાર્ય દેવ



શ્રી સીમંધરસ્વામી



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



પૂજ્ય શ્રી કાનજીસ્વામી

પ્રકાશક :

શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૨)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૯૭૫ના પરમાર્થ પ્રતિક્રમણ તથા નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર ઉપરના
શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ–કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મો. ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવત
૨૦૭૯

વીર સંવત
૨૫૪૯

ઈ. સન
૨૦૨૩


**પ્રકાશન તિથિ**

ઉત્તમ ક્ષમાવણી પર્વ, ભાદરવા વદ-૧,
તા. ૩૦-૯-૨૦૨૩



**પ્રાપ્તિ સ્થાન**


(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦
(૨) શ્રી પ્રશમ મોદી,
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩



ટાઈપ સેટિંગ

પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧




# કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**- શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયે'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી  એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦3૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને

યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**



સ્વ. શેઠ શ્રી રતિલાલ મોહનલાલ ઘીયા
જન્મ તાઃ- ૨૯-૧-૧૯૧૩, સ્વ. તાઃ- ૨૬-૮-૨૦૦૦ સં. ૨૦૫૬ શ્રાવણ વદ ૧૧ શનિવાર



સ્વ. શ્રીમતિ શારદાબેન રતિલાલ ઘીયા
જન્મ તાઃ- ૧૮-૨-૧૯૧૬, સ્વ. તાઃ- ૧૬-૨-૨૦૦૫

## બ્રહ્મોપદેશ ભાગ-૨ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૬૮, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા
હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા
શ્રીમતી કલાબેન એન. ઘીયા
શ્રી નિમીષ એન. ઘીયા
શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા
અન્વી એન. ઘીયા અને
પ્રાચી એન. ઘીયા

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૦ | ૧૦–૦૯–૧૯૭૫ | ગાથા–૭૭ થી ૮૧ | ૦૦૧ |
| ૩૧ | ૧૧–૦૯–૧૯૭૫ | ગાથા–૭૭ થી ૮૨, શ્લોક–૧૦૯ | ૦૧૫ |
| ૩૨ | ૧૨–૦૯–૧૯૭૫ | ગાથા–૮૨, શ્લોક–૧૧૦ | ૦૨૭ |
| ૩૩ | ૧૩–૦૯–૧૯૭૫ | ગાથા–૮૩, શ્લોક–૧૧૧ | ૦૪૦ |
| ૩૪ | ૧૪–૦૯–૧૯૭૫ | ગાથા–૮૪ | ૦૫૨ |
| ૩૫ | ૧૫–૦૯–૧૯૭૫ | ગાથા–૮૫, શ્લોક–૧૧૨ | ૦૬૩ |
| ૩૬ | ૧૬–૦૯–૧૯૭૫ | શ્લોક–૧૧૩–૧૧૪ | ૦૭૫ |
| ૩૭ | ૧૭–૦૯–૧૯૭૫ | ગાથા–૮૬, શ્લોક–૧૧૫ | ૦૮૮ |
| ૩૮ | ૧૮–૦૯–૧૯૭૫ | ગાથા–૮૭, શ્લોક–૧૧૬ | ૧૦૦ |
| ૩૯ | ૧૯–૦૯–૧૯૭૫ | ગાથા–૮૮, શ્લોક–૧૧૭–૧૧૮ | ૧૧૧ |
| ૪૦ | ૨૦–૦૯–૧૯૭૫ | ગાથા–૮૯, શ્લોક–૧૧૯ | ૧૨૪ |
| ૪૧ | ૨૩–૦૯–૧૯૭૫ | શ્લોક–૧૧૯ | ૧૩૬ |
| ૪૨ | ૨૪–૦૯–૧૯૭૫ | ગાથા–૯૦, શ્લોક–૧૨૦ | ૧૪૯ |
| ૪૩ | ૨૫–૦૯–૧૯૭૫ | ગાથા–૯૦ | ૧૫૯ |
| ૪૪ | ૨૬–૦૯–૧૯૭૫ | ગાથા–૯૧, શ્લોક–૧૨૧ | ૧૭૧ |
| ૪૫ | ૨૭–૦૯–૧૯૭૫ | ગાથા–૯૧ | ૧૮૨ |
| ૪૬ | ૨૮–૦૯–૧૯૭૫ | ગાથા–૯૧–૯૨, શ્લોક–૧૨૨ | ૧૯૨ |
| ૪૭ | ૨૯–૦૯–૧૯૭૫ | ગાથા–૯૨ | ૨૦૧ |
| ૪૮ | ૩૦–૦૯–૧૯૭૫ | શ્લોક–૧૨૩ | ૨૧૪ |
| ૪૯ | ૦૧–૧૦–૧૯૭૫ | ગાથા–૯૩, શ્લોક–૧૨૪ | ૨૨૭ |

| | | | |
|---|---|---|---|
| ૫૦ | ૦૨–૧૦–૧૯૭૫ | ગાથા–૯૪, શ્લોક–૧૨૫–૧૨૬ | ૨૩૯ |
| ૫૧ | ૦૩–૧૦–૧૯૭૫ | ગાથા–૯૫ | ૨૫૧ |
| ૫૨ | ૦૪–૧૦–૧૯૭૫ | શ્લોક–૧૨૭ | ૨૬૪ |
| ૫૩ | ૦૫–૧૦–૧૯૭૫ | ગાથા–૯૬, શ્લોક–૧૨૭ | ૨૭૫ |
| ૫૪ | ૦૬–૧૦–૧૯૭૫ | ગાથા–૯૭, શ્લોક–૧૨૮ | ૨૮૭ |
| ૫૫ | ૦૭–૧૦–૧૯૭૫ | ગાથા–૯૭, શ્લોક–૧૨૯–૧૩૦ | ૨૯૮ |
| ૫૬ | ૦૮–૧૦–૧૯૭૫ | ગાથા–૯૮, શ્લોક–૧૩૦ થી ૧૩૩ | ૩૧૨ |
| ૫૭ | ૦૯–૧૦–૧૯૭૫ | ગાથા–૯૯–૧૦૦, શ્લોક–૧૩૪ | ૩૨૪ |
| ૫૮ | ૧૦–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૦ | ૩૩૬ |
| ૫૯ | ૧૧–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૦ | ૩૪૮ |
| ૬૦ | ૧૨–૧૦–૧૯૭૫ | કળશ–૧૩૫ | ૩૬૦ |
| ૬૧ | ૧૩–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૧, શ્લોક–૧૩૫–૧૩૬ | ૩૭૩ |

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૨)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

**ભાદરવા સુદ-૫, બુધવાર, તા. ૧૦-૦૯-૧૯૭૫, ગાથા-૭૭ થી ૮૧, કળશ-૧૦૮, પ્રવચન નં. 30**

આ પર્યુષણનો પહેલો દિવસ છે. પર્યુષણનો અર્થ એવો છે કે ઈ ચારિત્રનો અધિકાર છે. ઉત્તમ એ ચારિત્રનો ભેદ છે અને ચારિત્ર મુક્તિનું કારણ છે અને ચારિત્રના ભેદો ઉત્તમ ક્ષમા આદિ (છે). તો આચાર્ય કહે છે કે દસ પ્રકારનો ધર્મ ભક્તિથી જાણવાયોગ્ય છે. ઉત્તમ ધર્માનુરાગથી જાણવાયોગ્ય છે એમ કહે છે. ઝીણી વાત છે. ઈ સમ્યગ્દર્શન જેને થાય છે એ સમ્યગ્દર્શનપૂર્વક આત્માના આનંદની રમણતા થાય છે એનું નામ ચારિત્ર કહે છે. નગ્નપણું અને પંચમહાવ્રતનો વિકલ્પ એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..! એ ચારિત્રનું આરાધન દસ પ્રકારના ધર્મથી થાય છે, એથી આ દસલક્ષણી પર્વ કહેવામાં આવે છે.

પહેલા ઉત્તમક્ષમા. ક્ષમા સમકિતીને, મુનિને હોય છે. મિથ્યાદષ્ટિ જેની શ્રદ્ધા વિપરીત છે એને ક્ષમા હોય નહિ. બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ! લોકો બહારથી માની બેસે છેને કે આ ઉત્તમક્ષમા. એ ઉત્તમક્ષમા તો ચારિત્રનો પેટા ભેદ છે. આનંદમૂર્તિ ભગવાન આત્મામાં અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન થયું હોય... આહાહા..! જ્ઞાયકભાવ અંતર દષ્ટિમાં આવ્યો હોય, જ્ઞાયકભાવ અંતર દષ્ટિમાં આવ્યો હોય એનું નામ સમ્યગ્દર્શન, ધર્મનું કારણ છે. ધર્મ ચારિત્ર છે. 'चरितं खलु धम्मो'. પણ 'दंसणं मुलो धम्मो' સમ્યગ્દર્શન હોય તો એ ધર્મ હોય

નહિતર ધર્મ હોતો નથી. આહાહા..! તો સમ્યગ્દર્શનમાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છૂટી જાય છે અને સાચા દેવ, સાચા સંત, સાચું શાસ્ત્ર, સાચો ધર્મ એની શ્રદ્ધા થાય છે, એ વિકલ્પ અને રાગ છે. અહીંયાં તો એકલો આત્મા જ્ઞાયકસ્વભાવથી પરિપૂર્ણ ભરેલો એનો અનુભવ કરીને અંદરમાં પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન છે. અને એ સમ્યગ્દર્શનપૂર્વક આ ઉત્તમક્ષમાદિ ધર્મ એ ચારિત્રનો ભેદ છે. તો પહેલા ઉત્તમક્ષમા. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામાં છે.

**कोहेण जो ण तप्पदि सुरणरतिरिएहिं कीरमाणे वि।**
**उवसग्गे वि रउद्दे तस्स खमा णिम्मला होदि।।३९४।।**

જે કોઈ ધર્માત્મા આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શનસહિત... મુનિની વાત છેને? '**દેવ-મનુષ્ય-તિર્યંચાદિ દ્વારા રૌદ્ર ભયાનક ઘોર ઉપસર્ગ થવા છતાં પણ...**' મનુષ્યકૃત ઉપસર્ગ હોય, દેવકૃત હોય કે તિર્યંચકૃત હોય કે કુદરતી અચેતનકૃત હોય—કોઈ ભીંત પડી જાય, ઝાડ પડી જાય, એવા પ્રસંગમાં રૌદ્ર ઉપસર્ગ કરવા છતાં પણ. આહાહા..! '**कोहेण जो ण तप्पदि**' '**ક્રોધથી તપ્તાયમાન ન થાય...**' આનંદમાં રહેનારા. આહાહા..! હું તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ એમાં રહેનારો જ્ઞાતા-દ્રષ્ટા રહીને, ક્રોધની ઉત્પત્તિ ન થાય એનું નામ ઉત્તમક્ષમા કહેવામાં આવે છે. આહાહા..! શેઠ! આ વાત છે. હજી તો ચારિત્ર કોને કહેવું, ચારિત્રવંત કોણ છે એની ખબર નથી. આહાહા..!

અહીંયાં તો પરમાત્મા ત્રિલોકનાથ એમ ફરમાવે છે. પ્રથમ તો અંદર આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનો પત્તો લઈને આનંદનો, સુખનો સ્વાદ આવવો. આહાહા..! ત્યારે તો તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? એ ઉપરાંત ચારિત્ર હોય તે એકલા સુખનો ભંડાર, સુખનો સાગર ઉછળી રહ્યો છે. ચારિત્રવંતને તો આનંદ ઉછળે છે અંદર. આહાહા..! એવા ચારિત્રવંત. મુખ્યપણે એવી વાત છેને ક્ષમામાં? એ પ્રતિકૂળ સંયોગ હોવા છતાં પણ ઉપસર્ગ સહન કરવામાં જ્ઞાતા-દ્રષ્ટા રહીને ક્રોધથી તપતા નથી એને ઉત્તમક્ષમા કહેવામાં આવે છે. આહાહા..! એ ઉત્તમક્ષમાના દાખલા બહુ આપ્યા છે.

વ્યંતરકૃત કોઈ ઉપસર્ગ થયા, શ્રીદત્ત મુનિ, અને પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. ચિલાતીપુત્ર એમ બધા દાખલા લીધા છે. પણ બધાએ આ કર્યું. ચામડી ઉતરીને કોઈ ખાર છાંટે (તોપણ) શાંત (રહે). હું તો જ્ઞાન અને આનંદ છું. આનંદમાં મશગુલ. સમુદ્રમાં જેમ ગરકાવ થઈને મોતી લે છે, એમ આનંદસાગરમાં ગરકાવ થઈને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો એનું નામ ઉત્તમક્ષમા કહેવામાં આવે છે. આહાહા..! એ પહેલા દસ પ્રકારનો ધર્મ ચારિત્રનો એમાં પહેલો બોલ છે. ખરા પર્યુષણ તો આજથી છે. પહેલા શ્વેતાંબરના હતા એ તો પંથ નીકળ્યો તો એણે આઠ બનાવ્યા. વસ્તુ સનાતન, સનાતન જૈનદર્શન વીતરાગમાર્ગ જે દિગંબર ધર્મ એનો આ દસલક્ષણી પર્વનો પર્વ એ છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! ઓલા આઠ પર્યુષણમાં તો કર્યા હશે કોક દિ'. કાંઈ અપવાસ-બપવાસ કર્યા નથી? કર્યા હશે કોક દિ'. સાથે કરતા. આહાહા..!

અરે..! જેના હજી દેવ-ગુરુ-શાસ્ત્ર ખોટા, એમાં રહીને અપવાસ (કરવા) એ તો બધી લાંઘણું છે. લંઘન-લંઘન. આહાહા..! વિષયકષાય આહારો ત્યાગો .. વિજ્યતે. એ લાંઘણ છે. આહાહા..! ભગવાન આત્મા(ને) પોતાના સમ્યગ્દર્શનમાં વિષય ધ્યેય બનાવીને, પરના વિષયનું લક્ષ છોડીને પોતાના આત્મામાં આનંદનું ધ્યેય બનાવીને જે સમ્યગ્દર્શન થાય છે... આહાહા..! એનું નામ ધર્મની પ્રથમ શરૂઆત કહેવામાં આવે છે. આહાહા..! એ પછી સ્વરૂપમાં સ્થિરતા જામી જવી, આનંદમાં આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદ સુખસાગરના દરિયા અંદરથી ઉછળે. જેમ પાણીમાં, સમુદ્રમાં ભરતી આવે છેને. બાઢ કહે છે? શું કહે છે? બાઢ. એમ અંતરમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે, એનું નામ ચારિત્ર કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? નગ્નપણું અને પંચમહાવ્રતનો વિકલ્પ છે એ ચારિત્ર નથી. એવા ચારિત્રના આરાધનમાં ઉત્તમક્ષમા પહેલી ચીજ કહેવામાં આવે છે. એટલી વાત (ઉત્તમક્ષમા વિષે) કહી.

હવે અહીંયાં આપણે નિયમસાર. પંચમ અધિકાર. પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર લ્યો. સત્ય પ્રતિક્રમણ કોને કહેવું? સાચું પ્રતિક્રમણ. સમજ્યા? પાપ અને પુણ્યથી ખસીને પોતાના સ્વરૂપમાં દૃષ્ટિપૂર્વક રમવું એનું નામ પ્રતિક્રમણ છે. આહાહા..! ઈ કહે છે. '**(અધિકારના પ્રારંભમાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ...**' મુનિ. આ છેને? ત્રીજા ફોટામાં છે એ પદ્મપ્રભમલધારિદેવની આ ટીકા છે. શાસ્ત્ર કુંદકુંદાચાર્યનું અને ટીકા છે પદ્મપ્રભમલધારિ મુનિની. તો એ મુનિ કહે છે કે '**શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્રી માધવસેન આચાર્યદેવને...**' પોતાના ગુરુને પહેલા વંદન કરે છે. મુનિરાજ છે છઠ્ઠે ગુણસ્થાને ભાવલિંગી આનંદમાં ઝુલનારા, કહે છે કે હું પહેલા મારા ગુરુને નમસ્કાર કરું છું. એ કહે છે જુઓ, શ્લોક ૧૦૮ છે ઉપર.

(वंशस्थ)

नमोऽस्तु ते संयमबोधमूर्तये
स्मरेभकुंभस्थलभेदनाय वै।
विनयपंकेजविकाशभानवे
विराजते माधवसेनसूरये।।१०८।।

જુઓ તો એના ગુરુ પણ કેવા છે!

'**શ્લોકાર્થ :- સંયમ અને જ્ઞાનની મૂર્તિ,...**' છે. પદ્મમલધારિદેવ મુનિરાજ છે. ક્ષણમાં છઠ્ઠું અને ક્ષણમાં સાતમું ગુણસ્થાન જેને આવે છે અને જેને નિંદ્રા પણ... સાચા મુનિને તો નિંદ્રા પણ પાછલા પહોરમાં એક પડખે પોણી સેકન્ડની નીંદર હોય છે એને.

**શ્રોતા :-** ચોથા કાળની વાત હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોથો કાળ અને છઠ્ઠો કાળ, બધાની એક જ સ્થિતિ છે. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ બીજા બે અને ત્રણ એમ હોતા

નથી. ચોથે આરે જે હલવો—શીરો કરતા હતા એ પણ લોટ, સાકર અને ઘી (મેળવીને કરતા હતા). પાંચમે આરે? એ પણ ત્રણ છે—સાકર, લોટ અને ઘી. કે ફરી ગયું? સાકરને ઠેકામે ધૂળ ગારો અને લોટને ઠેકાણે કાંઈક. સાકરને ઠેકાણે શું ધૂળ નાખે છે? આહાહા..! કઠણ માર્ગ, બાપુ! જૈનધર્મને સમજવો બહુ કઠણ છે. આહાહા..! એ પણ દિગંબર જૈનધર્મ. એ સિવાય કોઈ જૈનધર્મ છે જ નહિ. આહાહા..!

કહે છે અમારા ગુરુ કેવા છે? આહાહા..! મુનિરાજ છે. સંયમ અને જ્ઞાનની તો મૂર્તિ છે. આ મૂર્તિ છે. આહાહા..! સંયમ ચારિત્ર, આનંદકંદમાં ઝૂલનાર અને જ્ઞાનની મૂર્તિ એકલા છે. આહાહા..! ઓલા પંચમહાવ્રતના વિકલ્પ કે નગ્નપણું એ કાંઈ ન લીધું. એ તો મુનિપણું છે જ નહિ. આહાહા..! **'સંયમ અને જ્ઞાનની મૂર્તિ, કામરૂપી હાથીના કુંભસ્થળને ભેદનાર...'** આહાહા..! વિષય-વાસનારૂપી હાથીના કુંભસ્થળને તોડી નાખનાર. વિષયની વાસનાની વૃત્તિને છેદનાર. બ્રહ્મચર્યમાં, બ્રહ્મ નામ આત્માના આનંદમાં મશગુલ એવા બ્રહ્મચારી હતા, કહે છે. અમારા ગુરુ એવા બ્રહ્મચારી (હતા). કાયા વડે બ્રહ્મચર્ય પાળવું એ તો શુભભાવ છે. અંતરમાં આનંદકંદ બ્રહ્માનંદ પ્રભુ એમાં આનંદમાં રહીને વિષય-વાસનાને તોડી નાખે. હાથીની માથે જેમ કુંભસ્થળ હોયને. સિંહ પંજો મારીને તોડી નાખે. એમ અમારા ગુરુ એવા (હતા). મુનિરાજ એમ કહે છે. આહાહા..!

અમારા ગુરુ **'કામરૂપી હાથીના કુંભસ્થળને ભેદનાર અને શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન...'** આહાહા..! જુઓ, કેવા મુનિ! એમના ગુરુ કેવા હશે? **'શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન...'** જેમ સૂર્ય ઉગે અને કમળ ખીલે છે, એમ અમારા ગુરુ અમને વિકસાવવામાં સૂર્ય સમાન હતા. આહાહા..! અમારી ધર્મદશા વિકસાવવામાં, પ્રગટ કરવામાં એ અમારા આવા ગુરુ નિમિત્ત હતા. આહાહા..! સૂર્ય સમાન હતા. **'એવા હે વિરાજમાન (શોભાયમાન) માધવસેનસુરિ!'** માનધવસેન મુનિ હશે એમના ગુરુ-આચાર્ય. આ તો ૯૦૦ વર્ષ પહેલાંની વાત છે. મુનિ ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયા છે પદ્મપ્રભમલધારિદેવ. **'તમને નમસ્કાર હો.'** આહાહા..! લ્યો, એ નમસ્કાર કરીને પ્રતિક્રમણ (અધિકાર) શરૂ કરે છે. ટીકા.

**'હવે, સકળ વ્યવહારિક ચારિત્રથી...'** શું કહે છે? જેટલા પંચમહાવ્રતના પરિણામ, સમિતિ-ગુપ્તિનો વિકલ્પ એ બધું વ્યવહારચારિત્ર **'અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ...'** વ્યવહારચારિત્ર છે એ રાગરૂપ ક્રિયા છે અને એનું ફળ બંધરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એનાથી પ્રતિપક્ષ. હવે તો અમે નિશ્ચયપ્રતિક્રમણ... આહાહા..! નિશ્ચયચારિત્ર અને જેનું ફળ આનંદ અને શાંતિ એવી પ્રતિક્રમણની વ્યાખ્યા અમે કરીશું. આહાહા..! ભાષા જુઓ, જેટલો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ મુનિને પણ આવે છે, છઠ્ઠે ગુણસ્થાને જેટલા પંચમહાવ્રતનો ભાવ (આવે) એ બધી વ્યવહારક્રિયા એ બધું બંધનું કારણ છે. એનું ફળ

બંધ છે. એનાથી વિરુદ્ધ અમે તો નિશ્ચયપ્રતિક્રમણની—નિશ્ચયચારિત્રની વ્યાખ્યા કરીશું. છે? **'એવું જે નિશ્ચયનયાત્મક પરમચારિત્ર...'** આહાહા..! વ્યવહારની ક્રિયાકાંડના રાગથી ભિન્ન. એ વ્યવહારથી ભિન્ન અને એના ફળથી ભિન્ન. આહાહા..! કહો, અમરચંદભાઈ! આ તો વાંચવાનું જ હતું હોં. અમરચંદભાઈ આવ્યા તો કહે, આ પ્રતિક્રમણ (અધિકાર વાંચવો). મેં કીધું, એ જ વાંચવું છે. કહેવા આવ્યા હતા કે અમારે આ સાંભળવું છે. મેં કીધું, એ જ વાંચવાનું છે. આહાહા..!

કહે છે **'શુદ્ધનિશ્ચયનયાત્મક પરમચારિત્ર...'** સમ્યગ્દર્શન અને જ્ઞાનની મૂર્તિ અને સ્વરૂપમાં રમણતા, આનંદમાં રમવું. આહાહા..! નિશ્ચયનયસ્વરૂપ પરમચારિત્ર. પાછું પરમચારિત્ર (અર્થાત્) વીતરાગી પરિણતિ. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત વીતરાગી શુદ્ધ ઉપયોગ. આહાહા..! એવું **'પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો...'** એને કહેનારો **'પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે. ત્યાં શરૂઆતમાં પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે.'** હવે કુંદકુંદાચાર્યની પાંચ ગાથાઓ છે એને પંચરત્ન કહે છે. પાંચ ગાથાને રત્ન કહે છે. આહાહા..!

**'હવે, પાંચ રત્નોનું અવતરણ કહેવામાં આવે છે :—'** પાંચ ગાથા.

णाहं णारयभावो तिरियत्थो मणुवदेवपज्जाओ।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७७।।
णाहं मग्गणठाणो णाहं गुणठाण जीवठाणो ण।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७८।।
णाहं बालो बुड्ढो ण चेव तरुणो ण कारणं तेसिं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७९।।
णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।८०।।
णाहं कोहो माणो ण चेव माया ण होमि लोहो हं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।८१।।

નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.
હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.
હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.
હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.

**હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.**

'**ટીકા :- અહીં શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે.**' પ્રતિક્રમણની વ્યાખ્યા આ છે. સાચી સામાયિકપૂર્વક પ્રતિક્રમણ. શુદ્ધ આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ એને '**સકળ કર્તૃત્વનો...**' સર્વ કર્તાનો અભાવ છે. આહાહા..! ઈ કહે છે જુઓ, '**બહુ આરંભ તથા પરિગ્રહનો અભાવ હોવાને લીધે હું નારકપર્યાય નથી.**' સમ્યગ્દૃષ્ટિ ધર્મી એમ અંદર જાણે છે... આહાહા..! કે બહુ આરંભ અને પરિગ્રહને કારણે જે નરકમાં જાય છે, એના અભાવસ્વરૂપ... આહાહા..! '**હું નારકપર્યાય નથી.**' મારામાં આરંભ-પરિગ્રહ જ નથી તો એનું ફળ નારક એ મારામાં છે જ નહિ. આહાહા..! હું તો અતીન્દ્રિય આનંદનો અનુભવ કરનારો છું, એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! આરંભ-પરિગ્રહ સમજાણું? ઘણી હિંસા અને '**પરિગ્રહનો અભાવ હોવાને લીધે હું નારકપર્યાય નથી.**'

'**સંસારી જીવને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી હોય છે...**' અજ્ઞાનીને આરંભ ઘણો, હિંસા અને પરિગ્રહ હોય છે '**અને તેથી જ તેને નારક-આયુના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષ હોય છે,...**' એથી અજ્ઞાનીને નારકીના આયુષ્યનું કારણ મોહ અને રાગ-દ્વેષ એને હોય છે. આહાહા..! '**પરંતુ મને—**' આહાહા..! સંસારી પ્રાણીને બહુ હિંસા આદિ અને બહુ જ પરિગ્રહ (હોય છે), એ કારણે એને નારકીનું આયુષ્ય બંધાય છે. આહાહા..! છે? '**સમસ્ત મોહરાગદ્વેષ હોય છે, પરંતુ મને—**' આહાહા..! ધર્માત્મા પાપ અને દોષથી ખસીને હું કેવો છું, એનું નામ પ્રતિક્રમણ છે. આહાહા..! '**મને—શુદ્ધનિશ્ચયનયના બળે...**' હું શુદ્ધ આત્મા પવિત્ર પિંડ પ્રભુ એની દૃષ્ટિના, નિશ્ચયના બળે '**શુદ્ધજીવાસ્તિકાયને...**' હું તો શુદ્ધ જીવ-અસ્તિ છું. શુદ્ધ પવિત્ર જીવ-અસ્તિ એટલે મોજુદગી, કાય એટલે અસંખ્ય પ્રદેશ. હું તો જીવ અસ્તિકાય— શુદ્ધ મોજુદગી અને કાય અસંખ્ય પ્રદેશ એવો શુદ્ધજીવાસ્તિકાય હું છું. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મની શરૂઆતમાં આમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! હું તો શુદ્ધ જીવાસ્તિકાય છું. આ નિશ્ચય વાત લોકોને એવી કઠણ પડે છે એટલે વ્યવહારમાં ઘુંચી જઈને ક્રિયાકાંડ આ કરો ને આ કરો ને આ કરો (કરવામાં લાગી ગયા), જે બંધના કારણ છે. આહાહા..!

અહીં તો કહે છે કે એ પૂજા, ભક્તિના ભાવ પણ બંધના કારણ છે. પંચમહાવ્રતના પરિણામ પણ બંધના કારણ છે. આહાહા..! ભગવાને કહેલું નિશ્ચયધર્મસ્વરૂપ (કેવું છે)? તો કહે છે કે હું તો શુદ્ધ જીવાસ્તિકાય છું તો મને એ નથી. મારામાં એ મહા આરંભ અને મહા પરિગ્રહનો ભાવ નથી, તો એના ફળરૂપ નારકી હું નથી. આહાહા..! જુઓ, આ ધર્મ. આહાહા..! એટલું તો ઠીક, પણ આગળ કહેશે. એનો જે રાગ-દ્વેષ ભાવ છે જે નરકનું કારણ છે એ ભાવનો હું કર્તા નથી, એનો કારિયતા નથી અને એનું અનુમોદન કરનાર નથી અને

રાગ-દ્વેષનું હું કારણ નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! કુંદકુંદાચાર્ય સાચા ચારિત્ર ધર્મમાં પેટાભેદ પ્રતિક્રમણની વ્યાખ્યા કરે છે. આહાહા..!

હું શુદ્ધ, પવિત્ર, આનંદકંદ એવો જીવાસ્તિકાય અસંખ્ય પ્રદેશ. એ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોતું નથી. અસંખ્ય પ્રદેશરૂપી જીવ એ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં છે, પણ એમાં પ્રદેશની સંખ્યામાં ફેર છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞે જે કહ્યું એના પ્રદેશમાં અને એમના પ્રદેશમાં ઘણો ફેર છે. જરી ઝીણી વાત છે. આ તો જે અસંખ્ય પ્રદેશ સર્વજ્ઞે દીઠા, લોકાકાશ પ્રમાણે એક જીવના પ્રદેશ, પ્રદેશ નામ અંશ, એક અંશ એવા અસંખ્ય અંશ આત્મા છે, અસંખ્ય પ્રદેશી. આહાહા..! જેમ સોનાની ચેન હોય છેને? ચેન કહે છેને શું? સોનાની સાંકળી-ચેઈન. એમાં હજાર મકોડા હોય છે. કડી. હજાર કડી. તો એ હજાર કડી એ આખી હજાર કડી એ ચેઈન. અને કડી-કડીમાં સોનું અને ચીકાશ અને વજન છે, એમ આત્મા કડી જેમ હજાર છે એવા અસંખ્ય પ્રદેશી કડી છે અહીંયાં. આહાહા..! એક-એક પ્રદેશમાં અનંતગુણ છે. જેમ એ કડીમાં સોનું અને ચીકાશ છે, એવા એક-એક પ્રદેશમાં અનંતગુણ, અસંખ્ય પ્રદેશમાં વિસ્તાર-વિસ્તાર ભર્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી ભગવાને આત્મા કેવો કહ્યો એની ખબર ન મળે, એની શ્રદ્ધાની ખબર ન મળે, સમકિતની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય (એમ ન બને). આહાહા..!

અહીં તો કહે છે હું તો શુદ્ધનિશ્ચયનયના બળે. સ્વભાવને જોનારી નય એ નયના બળે હું તો શુદ્ધજીવાસ્તિકાય છું. મારામાં એ આરંભ અને પરિગ્રહ પણ નથી અને એનું ફળ નારકી એ પણ હું નથી. આહાહા..! શ્રેણિક રાજા નરકમાં છે ક્ષાયિકસમકિતી. તીર્થંકરગોત્ર બાંધ્યું છે અને અત્યારે પણ બાંધે છે; પણ કહે છે કે હું તો શુદ્ધજીવાસ્તિકાય છું. જે ભાવે નરકનું આયુષ્ય બંધાણું એ ભાવ પણ મારો નથી. આ એનું ફળ નારકી એ પણ હું નહિ. આહાહા..! સમ્યગ્દર્શન એટલે શું, ભાઈ! આહાહા..! જેણે તીર્થંકરગોત્ર બાંધ્યું ભગવાનની સભામાં. પણ પહેલી નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું એટલે નરકમાં ગયા. પણ કહે છે કે હું નરકમાં નથી. આહાહા..! હું તો મારું શુદ્ધ જીવાસ્તિકાય તત્ત્વ એમાં હું છું. કહો, બલુભાઈ! આવી વાતું છે આ. આહાહા..!

**શ્રોતા :-** દવા કેમ બનાવવી એ તો આવતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દવા-બવા પાપની વાત ક્યાં છે અહીંયાં? બલુભાઈને દવાનું કારખાનું મોટું છે. બલુભાઈ છેને. દવાનું કારખાનું મોટું છે પચાસ લાખનું. મુંબઈની બહાર. શું કહેવાય એ દેશ? કાંદિવલીમાં. અમે ત્યાં ગયા હતા. આહાર ત્યાં. .. હતા નાના ભાઈ. ઘણા પૈસા સરકારે આપ્યા અને એમ કરીને મોટું પચાસ લાખનું...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકો કહેને કે આટલા પૈસા એણે આપ્યા હતા સરકારે. બલુભાઈ!

સરકારે આપે, ભાગ આપેને, શું કહેવાય ઈ? મદદ-મદદ આપે. તો એમાં એણે વર્ષીતપ પણ કર્યા હતા. એક દિવસ ખાવું અને એક દિવસ નહિ ખાવું. એવું બાર મહિના કર્યું હતું, પણ બધી લાંઘણું, એ ધર્મ નથી. બલુભાઈ! આહાહા..! ભગવાન આત્મા, જે ભાવમાં વિકલ્પ ઉઠે છે એ વિકલ્પમાત્ર હું નથી અને વિકલ્પના ફળરૂપ હું નથી, નથી અને નથી જ! આહાહા..! અંતરમાં આવી વાત! અલૌકિક વાત છે, બાપુ! એ કોઈ સાધારણ વાત નથી. કહે છે કે હું નારકી નથી. આહાહા..!

'**તિર્યંચપર્યાયને યોગ્ય...**' હવે પશુ લીધા પશુ, તિર્યંચગતિ. આ ગાય, ભેંસ આદિ પશુ છેને તિર્યંચ? તિર્યંચપર્યાય શરીર. '**તિર્યંચપર્યાયને યોગ્ય માયામિશ્રિત, અશુભકર્મનો...**' માયા-કપટમિશ્રિત અશુભભાવ એનો મારામાં અભાવ છે. આહાહા..! અને '**અભાવને લીધે હું સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વવિહીન છું.**' તિર્યંચના શરીરનો કર્તા હું નથી. સમજાણું કાંઈ? અહીં કર્તા નાખ્યો હવે. ઓલાપણે એમ નાખ્યું. નારકમાં એમ આવ્યું કે હું કર્તા નથી. '**અશુભકર્મના અભાવને લીધે હું સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વવિહીન છું.**' જે ભાવે તિર્યંચગતિ બંધાય છે એનો હું કર્તા જ નથી. એ ભાવનો હું કર્તા જ નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા-આનંદ છું. આહાહા..! કર્તા નથી તો એનું ફળ પણ મારામાં નથી. તિર્યંચ છે તિર્યંચ. અઢી દ્વીપ બહાર સ્વયંભૂરમણસમુદ્ર છે મોટો અસંખ્ય યોજનનો, એમાં અસંખ્ય તિર્યંચ છે, હજાર યોજન લાંબા, ચાર હજાર ગાઉ લાંબા અને સમકિતી આત્મજ્ઞાની. પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક પણ ત્યાં તિર્યંચમાં છે. એ અસંખ્ય તિર્યંચી પડ્યા છે. મોટા-મોટા હજાર-હજાર યોજનના મચ્છ. આત્માના આનંદનું ભાન અને અનુભવ છે. તો એ કહે છે અમે તિર્યંચપર્યાયમાં નથી. આહાહા..! હું તો શુદ્ધજીવાસ્તિકાયમાં છું. આહાહા..!

**શ્રોતા :-** એમ કહેવાથી થઈ જાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહેવાથી થાય કે અનુભવથી થાય? ઈ કહે છે અહીંયાં. એવી દૃષ્ટિ છે, અંદર અનુભવ છે. હું આ નથી, હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. આહાહા..! એવા અસંખ્ય તિર્યંચ છે. મનુષ્યમાં તો સંખ્યાત મનુષ્ય છે. એમાં સાચા શ્રાવક તો બહુ થોડા છે અને એ (તિર્યંચ) તો અસંખ્ય છે. આત્મજ્ઞાની આનંદમાં રહેનારા. આહાહા..! પૂર્વે કોઈ એવા દોષ થઈ ગયા તો તિર્યંચમાં આવી ગયા, પણ અંદરથી જાતિસ્મરણ થયું અંદર, પૂર્વ ભવનું જ્ઞાન. અને કોઈ માછલી અંદર છે. જિનેન્દ્રની પ્રતિમા જેવી માછલી હોય છે. એને જોઈને ઓહો..! આ શું? એમ અંતર અનુભવમાં સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! તો ત્યાં એ બાર વ્રતધારી શ્રાવક પણ છે. સિંહ અને વાઘ, નાગ અને હરણિયા—હરણ, હરણ પંચમ ગુણસ્થાનવાળા છે. શેઠ! સાંભળ્યું છે કે નહિ? શું? આ વાત સાંભળી છે કે નહિ? પણ તિર્યંચ અસંખ્ય સમકિતી છે એવું સાંભળ્યું છે કે નહિ? આહાહા..!

હું તો અનંતગુણસંપન્ન શુદ્ધ જીવ અસ્તિ, અસંખ્ય પ્રદેશનો પિંડ, મારો દેશ અસંખ્ય

પ્રદેશ એમાં અનંતગુણ મારું ધામ-ગામ એનો હું રાજા છું. સમજાણું કાંઈ? હું તિર્યંચનું જે કારણભાવ એ ભાવ મારો નથી. એ ભાવ મેં કર્યો નથી, મેં કરાવ્યો નથી, મેં અનુમોદન કર્યું નથી. આહાહા..! આ તો સર્વજ્ઞ પરમાત્માનું (કહેલું) પ્રતિક્રમણ. અલૌકિક વાત છે. એવા બહારથી પ્રતિક્રમણ કરશે કાલે. બધાએ કર્યા હશેને સ્થાકનવાસી-દેરાવાસીએ. લાખો માણસ ભેગા થઈને મિચ્છામી દુક્કડમ-મિચ્છામિ દુક્કડમ (કરે). શેનું મિચ્છામી દુક્કડમ? હજી સત્ય શું છે એ તો દૃષ્ટિમાં આવ્યું નથી, તો મિથ્યા કોને કહેવું? સત્ય ભગવાન આત્મા અનાકુળ આનંદનો રસકંદ પ્રભુ છે એમ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યા વિના આ વાત જૂઠી છે એ સત્યની આગળ ખોટું છે, તો સત્યની તો ખબર નથી, ખોટું ક્યાંથી આવ્યું તને? મિચ્છામી દુક્કડમ. સમજાણું કાંઈ? આહાહા..! અને એ સંપ્રદાયમાં દેવ-ગુરુ-શાસ્ત્ર ખોટા છે. એની શ્રદ્ધા જ ખોટી છે તો એને સાચું પ્રતિક્રમણ હોતું નથી. આહાહા..! આકરી વાત, ભાઈ! એય..! આ બધા પડિક્કમણા કર્યા હતા એ ખોટા હતા એમ કહે છે. આહાહા..!

'**હું તિર્યંચ પર્યાયના કર્તૃત્વવિહિન છું.**' આહાહા..! પશુના શરીરનું કારણ એવો માયામિશ્રિત ભાવ એનો હું કર્તા નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. આહાહા..! એનું નામ ધર્મ અને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**મનુષ્યનામકર્મને યોગ્ય...**' હવે મનુષ્યનું આવ્યું. મનુષ્યગતિ આ શરીર. '**મનુષ્યનામકર્મને યોગ્ય દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો અભાવ હોવાને લીધે...**' આહાહા..! જે કર્મથી મનુષ્યપણું મળે અને જે ભાવે મનુષ્યપણાના કર્મનો બંધ થાય, ભાવ જે મનુષ્યપણાનું કારણ એનો બંધ થાય અને એને કારણે મનુષ્યપણું મળે (તેનો) '**અભાવ હોવાને લીધે...**' મારામાં એ ચીજ છે જ નહિ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મીનું જીવન આવું હોય છે. આહાહા..! આ તો એક બહારમાં જરી ભક્તિ ને પૂજા કરીને, દયા, દાન અને વ્રત અને તપ કર્યા (એટલે) થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી. એ બધા પુણ્યબંધના કારણ છે, રાગની મંદતા હોય તો. સમજાણું કાંઈ? આહાહા..! કઠણ પડે છે, તેથી સોનગઢનું આ. આ સોનગઢનું છે? એમ કહે છે, સોનગઢવાળાએ આવું કાઢ્યું છે. શેઠ! એમાં છે કે નહિ? શું છે?

**શ્રોતા :-** સોનગઢથી જ પ્રસિદ્ધ થયુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગાથા કોની છે? ટીકા કોની છે? દિગંબર સંતોની ટીકા છે આ તો. છપાવ્યું ભલે ગમે ત્યાં છાપે. ટીકા અને પાઠ કોના છે? દિગંબર સંતોના છે.

**શ્રોતા :-** એ તો કબુલ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો કબુલ્યું પછી શું?

આ કહે છે કે હું મનુષ્ય નથી. મનુષ્યનું કારણ જે ભાવકર્મ અને દ્રવ્યકર્મ એ મારામાં છે જ નહિ. આહાહા..! ભાવની વાત છે હોં અંદર. બોલવાની કથાના શબ્દો નથી. આહાહા..! હું તો શુદ્ધજીવાસ્તિકાય છું. પવિત્ર પિંડ પ્રભુ આત્મા એમાં જે ભાવે મનુષ્યનું કર્મ બંધાય

એ ભાવ જ મારામાં નથી. આહાહા..! છે? '**દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો અભાવ હોવાને લીધે મારે મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી.**' મનુષ્યનું શરીર મારામાં છે જ નહિ. આહાહા..! આ તો જડ, માટી, ધૂળ છે. એ તો જડમાં છે. આત્મામાં ઈ છે નહિ. આહાહા..! મનુષ્ય શરીરથી તો કેવળજ્ઞાન થાય છેને? મનુષ્યગતિથી કેવળજ્ઞાન થાય છે. એક જણો કહેતો હતો. ધૂળેય નથી થતું, સાંભળતો ખરો. કેવળજ્ઞાન શરીરથી થાય છે? શરીર તો જડ છે, ધૂળ છે. ધર્માત્મા સાચા સમકિતી, જ્ઞાની પોતાને એવો માને છે કે હું મનુષ્ય નથી. મનુષ્ય(ગતિ) બાંધવાનો જે ભાવ છે એ ભાવ મારો નથી, એ ભાવ મેં કર્યો જ નથી, આહાહા..! એ ભાવ મેં કરાવ્યો નથી, એ ભાવનું હું કારણ નથી, એ ભાવનું અનુમોદન કરનાર હું નથી. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! અમરચંદભાઈ! લોકોને મળ્યો નથી બિચારાને. બહારની પ્રવૃત્તિ આડે ઘૂંચાઈને... આહાહા..!

'દેવ...' હવે દેવ આવી ચોથી ગતિ. '**દેવ એવા નામનો આધાર જે દેવપર્યાય તેને યોગ્ય સુરસ-સુગંધસ્વભાવવાળાં પુદ્ગલદ્રવ્યના સંબંધનો અભાવ...**' સુગંધ આદિ પુદ્ગલનું જે શરીર છે દેવનું એનો તો મારામાં અભાવ છે. આહાહા..! (અભાવ) '**હોવાને લીધે નિશ્ચયથી મારે દેવપર્યાય નથી.**' ખરેખર મારામાં દેવનું શરીર નથી. કેમકે દેવનું કારણ છે શુભરાગ એ જ મારામાં નથી, તો શુભરાગનું ફળ દેવપર્યાય એ મારામાં નથી. આહાહા..! જુઓ આ એક. જુઓ આ ધર્મ. આ પ્રતિક્રમણનો ધર્મ. પ્રતિક્રમ (અર્થાત્) વિકારી અને વિકારના ફળથી ખસી જવું. આહાહા..! '**નિશ્ચયથી મારે દેવપર્યાય નથી.**' ચાર ગતિના શરીર મારામાં નથી અને ચાર ગતિના શરીરનું કારણ ભાવ એ મારામાં નથી. આહાહા..! જુઓ, આ સમ્યગ્દૃષ્ટિનું પરથી ખસીને પ્રતિક્રમણ કરવું આ ચીજ છે. ભાષા બોલી જાય મિચ્છામી દુક્કડમ એ તો બધા ગડીયા છે. આહાહા..!

'**ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો...**' ૮૮ પાને છે એના ચૌદ ભેદ. ચૌદ ભેદ છેને? એમાં ૮૮ પાનું છે. નીચે છે ચૌદ? નીચેથી ઉપર. એ ગતિ હું નથી. નરકગતિ, મનુષ્ય, દેવગતિ હું નથી. આહાહા..! ઇન્દ્રિય હું નથી. ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય હું નથી. એ ભેદથી રહિત હું આત્મા છું. આહા..હા..! છે? કાય મારામાં નથી. ઔદારિક, વૈક્રિયક આદિ કાય શરીર મારામાં નથી. યોગ મારામાં નથી. પંદર યોગ છેને? ચાર મનના, ચાર વચનના-આઠ, કાયા અને યોગ મારામાં નથી. આહાહા..! વેદ મારામાં નથી. સ્ત્રી, પુરુષ, નપુંસકના વેદની વાસના અને શરીરનો આકાર વેદનો એ મારામાં નથી. હું તો શુદ્ધ જીવાસ્તિકાય તત્ત્વ છું. આહાહા..! સમજાણું કાંઈ?

કષાય મારામાં નથી. ક્રોધ, માન, માયા, લોભનો ભેદ મારામાં નથી. જ્ઞાનનો ભેદ મારામાં નથી. ભેદ-ભેદ. મતિ અને શ્રુત ને અવધિ ને એવા ભેદ (મારામાં નથી). હું તો અભેદ છું. જ્ઞાનનો ભેદ મારામાં નથી. અભેદ જ્ઞાનસ્વરૂપ છું. આહાહા..! આવો માર્ગ, બાપુ! એને

સાંભળવા મળે નહિને. બહારમાં બિચારા પછી આ (ક્રિયાકાંડમાં રોકાઈ જાય). અને પછી આ વસ્તુ ન સમજાય, પછી બહારના ખોટા ચમત્કાર બતાવીને પણ પૂજા અમે કરીએ ભગવાનની એમ માને. એ બધું ભ્રમ અને અજ્ઞાન છે. મૂળ તત્ત્વની ખબર ન મળે. બહારથી આમ ભગવાનને પાણી આવ્યા આંખમાંથી ને ફલાણું. પાણી શું અમૃત આવે તોપણ ધૂળમાં શું પણ? એવા ગપ મારીને જગતને ચમત્કાર બતાવે, પણ આ ચમત્કારની તો ખબર નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ચમત્કારથી માણસ વળેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ ચમત્કારથી વળે. એ ધૂળેય વળે નહિ. મૂઢ હોય એ ત્યાં વળે. સમજાણું કાંઈ?

ચૈતન્યચમત્કાર ભગવાન આનંદનો નાથ પ્રભુ મારામાં ગતિ-ફતિ કાંઈ વેદ-ફેદ કષાય છે નહિ. એ ચમત્કાર છે એનો. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનનો ભેદ નથી. સંયમનો ભેદ નથી. ભેદ નથી. આ સામાયિક એવો ભેદ મારામાં નથી. હું તો અભેદ જ્ઞાનાનંદ છું. શુદ્ધજીવ ચૈતન્યમૂર્તિ અભેદ, સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢી, ઈ આત્માને આમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? દર્શન. ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન ચાર છેને? એ ભેદ મારામાં નથી. લેશ્યા છ આવે છેને? કૃષ્ણ, નીલ એ મારામાં નથી. લેશ્યા મારામાં નથી. આહાહા..! ભવિ-અભવિ પણ હું નથી. સમકિતનો ભેદ છેને? ક્ષયોપશમ ને ઉપશમ ને ક્ષાયિક એવા ભેદ મારામાં નથી. આહાહા..! સંજ્ઞીત્વ—આ મનવાળા પ્રાણી. મનવાળા હોયને મનુષ્ય, દેવ, નારકી, આ ચકલા તિર્યંચ મનવાળા. મેં કીધું, આ મનવાળું છે પ્રાણી. ૧૭ વાર માળો કર્યો, ભાઈ! તરણા રહેતા નથી ત્યાં. ૧૭ વાર માળો કર્યો અને પડ્યો ૧૭ વાર. હજી કરે છે. એક દાટો આટલો છે. ચકલી-ચકલી, ચીડીયા. ત્યાં સ્વાધ્યાય મંદિરમાં. એક આટલું છે એમાં નાખી રાખે છે. જ્યાં ઝાઝા કરે તો નીચે પડી જાય. ૧૭ વાર માળો કર્યો અને પડી ગયો, તોપણ હજી કરે છે. અરે! મનવાળું પ્રાણી છેને કીધું આ. એને મન છે. ચકલીને મન હોય છે. ભાન ન મળે કાંઈ. આહાહા..! જ્યાં તણખલું રહી શકે નહિ ત્યાં માળો કરવો છે.

એમ અહીં તો કહે છે કે હું તો લેશ્યા,.. સમકિતનો ભેદ મારામાં નથી. આહાહા..! સંજ્ઞી-અસંજ્ઞી હું નથી અને આહાર-અનાહાર નહિ. આહાર અને અનાહાર એ હું નથી. હું તો ભિન્ન આનંદકંદ પ્રભુ છું. આહાહા..! એનું નામ મિથ્યાત્વથી ખસીને સમ્યગ્દર્શનમાં આવ્યો એ મિથ્યાત્વનું પ્રતિક્રમણ થયું. સમજાણું કાંઈ? મિથ્યાત્વનું પ્રતિક્રમણ કે 'આ હું છું' એ માન્યતા મિથ્યાત્વ છે. એનાથી ખસીને 'હું શુદ્ધ જીવાસ્તિકાય છું, એ હું નથી.' એ મિથ્યાત્વથી ખસીને સમ્યગ્દર્શનનું પ્રતિક્રમણ કર્યું એણે. આહાહા..! ભેદરૂપ માર્ગણાસ્થાન એ મારામાં નથી. એમ લેવું અહીં. આવે છેને આ?

**'ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો તથા તેટલા (ચૌદ) ભેદવાળાં જીવસ્થાનો... '**

જીવના ચૌદ ભેદ છે. પર્યાપ્ત, અપર્યાપ્ત, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય. એ મારામાં નથી. અને ચૌદ ગુણસ્થાન. ચૌદ માર્ગણા, ચૌદ જીવસ્થાન અને ચૌદ ગુણસ્થાન એ મારામાં નથી. આહાહા..! '(ચૌદ) **ભેદવાળાં જીવસ્થાનો...**' એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત, એવા ચૌદ ભેદ છે. એ ભેદ મારામાં નથી. હું તો શુદ્ધ જીવાસ્તિકાય છું. આહાહા..! આવી વાત છે. સાંજે પડિક્કમણા કરે છે કે નહિ? એ પડિક્કમણું આવું કરે તો સાચા પડિક્કમણા, એમ કહે છે. બલુભાઈ! આમ તો પડિક્કમણા કર્યા હશેને વર્ષીતપ કર્યું હશે એટલે. સાંજે કર્યા હશે. આહાહા..!

'**શુદ્ધનિશ્ચયનયથી...**' શુદ્ધ સમ્યગ્જ્ઞાનથી મારી ચીજ હું જોઉં છું તો એને કારણે મારામાં એ વસ્તુ છે જ નહિ. આહાહા..! '**પરમભાવસ્વભાવવાળાને...**' પરમભાવસ્વભાવવાળાને, પરમપારિણામિક સહજાત્મ સ્વભાવવાળાને. આહાહા..! એ મને નથી. હું તો પરમસ્વભાવભાવ, ધ્રુવસ્વભાવભાવ, અનાકુળ આનંદસ્વભાવભાવ (એવા) મારામાં એ ચીજ છે નહિ. આહાહા..! બાપુ, માર્ગ તો કઠણ છે, અશક્ય નથી.

**શ્રોતા** :- અણભ્યાસે કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અણઅભ્યાસ. એણે આ સાંભળ્યું નથી. બહારની વ્યવહારની વાતું કરી-કરીને મરી ગયો. વ્રત પાળ્યા ને તપસ્યા કરી ને શીલ પાળ્યા ને પૂજા-ભક્તિ કરી. બધી ક્રિયાકાંડનો ભાવ રાગ શુભ છે અને એમાં ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..!

**શ્રોતા** :- મંદિર બાંધે અને મિથ્યાત્વનું પોષણ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મંદિર બાંધે તો મંદિર ક્યાં હતું? મંદિર તો જડ, પર છે. માને કે આ મંદિરની ભક્તિ કરી માટે ધર્મ થયો. એ તો મિથ્યાત્વ થયું. આહાહા..! આવી વાત, બાપુ! તેથી લોકોને (આકરું લાગે છે). આ શું કહે છે જુઓને, મુનિરાજ જગતને માટે કુંદકુંદાચાર્યની ગાથાની ટીકાનું સ્પષ્ટીકરણ કરતાં આમ કહે છે. આમ કહે છે કે હું તો શુદ્ધ જીવ ચૈતન્ય છું. મારામાં એ ભેદ-ફેદ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

હું તો '**પરમભાવસ્વભાવવાળાને...**' જુઓ, ઉપશમ, ક્ષયોપશમ, ઉદયભાવ મારા નથી, મારામાં નથી. આહાહા..! હું તો એકલો પરમસ્વભાવભાવ, ધ્રુવભાવ, આનંદભાવ એ મારામાં ભેદ-ફેદ નથી. ક્ષાયિકસમકિત અને ક્ષાયિકચારિત્ર એ ભેદ મારામાં નથી. આહાહા..! એ તો પર્યાયના ભેદ છે. મારામાં પર્યાય છે નહિ. આહાહા..! ભારે કામ! પુણ્ય અને પાપના ભાવ તો મારામાં નથી, પણ સમ્યગ્દર્શનની પર્યાય જે થઈ સત્ય અને ક્ષાયિકસમકિત થયું તો કહે છે કે હું તો પરમસ્વભાવવાળો છું, એમાં એ છે જ નહિ. આહાહા..! પરમધામ ચૈતન્યજ્યોત અનંતગુણની રાશિનો પિંડ પ્રભુ એવો હું, પર્યાયનો ભેદ પણ મારામાં નથી તો રાગ અને શરીર ક્યાંથી આવ્યા? આહાહા..! એવી અંતર દૃષ્ટિ કરીને પરથી ખસવું એનું નામ ધર્મ અને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! એથી પછી કહેને, આ

સોનગઢવાળાએ આવું નવું કાઢ્યું. નવું કાઢ્યું? કોનું છે આ? આ પુસ્તક પહેલેથી છે. તમને સાંભળવા ન મળ્યું હોય માટે નવું લાગે એનો અર્થ શું? સમજાણું કાંઈ? આહાહા..!

ભાષા જુઓને, '**શુદ્ધનિશ્ચયનયથી...**' પરમસ્વભાવભાવ ધ્રુવ જે ધ્રુવ નિત્ય સહજાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એને જ દેખનારી નયથી જોવો તો પરમસ્વભાવવાળામાં. આહાહા..! '**પરમભાવસ્વભાવવાળા...**' મારો તો પરમભાવસ્વભાવવાળો હું છું. આહાહા..! ચાર ગતિના શરીર તો નહિ, જે કારણે શરીર બંધાય એ ભાવ પણ નહિ, પણ અહીં તો પર્યાયમાં જે ક્ષાયિકભાવ આદિ પર્યાય થાય છે એવા ભેદ પણ નથી. હું તો જીવાસ્તિકાય શુદ્ધ નિશ્ચય અભેદ છું. પરમભાવસ્વભાવવાળાને, પરમ ઉત્કૃષ્ટ પોતાનો નિજભાવ એવા સ્વભાવવાળાને એ કાંઈ મારમાં છે જ નહિ. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. પછી સ્થિર થવું એ અંદર ચારિત્ર છે. આહાહા..! માર્ગ એવો છે, ભાઈ! આહાહા..!

'**શુદ્ધનિશ્ચયનયથી પરમસ્વભાવવાળાને (-પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને)...**' આહાહા..! મારો તો પરમભાવસ્વભાવ એ હું છું. મને કોઈ ભેદ-ફેદ છે નહિ. આહાહા..! પછી '**મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયાના,...**' આ મનુષ્યનું શરીર અને તિર્યંચનું શરીર, તિર્યંચનું શરીર. '**વયકૃત વિકારથી...**' છેને? '**બાળ-યુવાન-સ્થવિર-વૃદ્ધાવસ્થા...**' ચાર પડ્યા છે. શરીરની બાળ અવસ્થા, યુવાન અવસ્થા, સ્થવિર અવસ્થા, વૃદ્ધ અવસ્થા. એવા '**અનેક સ્થૂલ-કૃશ વિવિધ ભેદો શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયે મારે નથી.**' એ વૃદ્ધાવસ્થા, બાળપણું, યુવાનપણું, સ્થવિરપણું. ૫૦-૬૦ વર્ષ સ્થવિર કહેવાયને? એ બધી દશા મારામાં નથી. આહાહા..! હું યુવાન નથી, બાળ નથી, વૃદ્ધ નથી, સ્થવિર નથી.

'**અનેક સ્થૂલ...**' જાડા કે પાતળા એવા '**વિવિધ ભેદો શુદ્ધનિશ્ચયના અભિપ્રાયે મારે નથી.**' એમ પરથી ખસીને 'હું એવો શુદ્ધ જીવાસ્તિકાય છું' એમ રમવું, જમવું આ એનું નામ પ્રતિક્રમણ અને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો પાંચ, પચાસ હજાર, લાખ, બે લાખ દાનમાં ખરચે ત્યાં ધર્મધુરંધર. એક પત્થરની ઓલી લખે તક્તિ (એમાં) નામ આપે. એમાં પાછા બે-ચાર નામ હોય. ફલાણાના નામે, ફલાના સ્મરણાર્થે, ફલાણા ભાઈએ. એ તો માન માટે છે એકલું. અહીં તો માન માટે ન હોય તોપણ એ ભાવ આત્માનો નથી. આહાહા..! રાગની મંદતાનો ભાવ અને દાન હું દઈ શકું છું, એ મારી ચીજ જ નથીને. આહાહા..! હું પૈસા દઈ શકું છું, કરું છું, કરાવું છું કે અનુમોદન કે પૈસા દેવાનું કારણ એ હું નથી. આહાહા..! અંતરમાં એ વાત બેસવી એ વસ્તુ છે. બાપુ, આ તો વીતરાગ માર્ગ છે. આ કોઈ સંપ્રદાય નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે કહેલો માર્ગ. આહાહા..! એ વયકૃત ભેદ મારામાં નથી. આહાહા..!

'**સત્તા,...**' હોવાપણું-હોવાપણું '**અવબોધ, પરમચૈતન્ય અને સુખની અનુભૂતિમાં લીન એવા વિશિષ્ટ આત્મતત્ત્વને ગ્રહનારા...**' હું તો એવા આત્માને ગ્રહણ કરું છું. ધર્મી

એમ કહે છે. શું? કે છે, જ્ઞાન, પરમ ચૈતન્ય અને સુખની અનુભૂતિમાં લીન એવા આહાહા..! '**વિશિષ્ટ આત્મતત્ત્વ...**' એવું જે ખાસ આત્મતત્ત્વ. આહાહા..! એમ '**ગ્રહનારા શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે...**' શુદ્ધ પવિત્ર દ્રવ્યને જેને જાણવું પ્રયોજન છે, શુદ્ધ દ્રવ્ય જેને જાણવું પ્રયોજન છે એવા નયના બળે '**મારે સકળ મોહરાગદ્વેષ નથી.**' આહાહા..! મારી ચીજ તો સત્તા, જ્ઞાન, પરમ ચૈતન્ય અને સુખની અનુભૂતિ એમાં લીન આત્મા છે. આહાહા..! ભારે આકરું કામ. આહાહા..! આ તો દસલક્ષણી પર્વ છે. ચારિત્રની આરાધના. ચારિત્ર કેવું હોય એની વાત કરે છે. આહાહા..! શુદ્ધ દ્રવ્ય, પવિત્ર પદાર્થ ભગવાન મારો એને જાણવાની નયના બળે '**મારે સકળ મોહરાગદ્વેષ નથી.**' મોહ અને રાગ-દ્વેષ મારામાં છે નહિ. આહાહા..!

હવે, '**સહજ નિશ્ચયનયથી,...**' સત્ય દૃષ્ટિની અપેક્ષાએ હું મારી અંદર જોઉં છું તો '(૧) **સદા નિરાવરણસ્વરૂપ,...**' હું તો સદા નિરાવરણસ્વરૂપ. '(૨) **શુદ્ધજ્ઞાનરૂપ,...**' હું તો શુદ્ધજ્ઞાનરૂપ એકલો જ્ઞાનનો પુંજ. '(૩) **સહજ ચિત્શક્તિમય,...**' આહા..! વીર્ય. સહજ જ્ઞાનશક્તિમય એ વીર્ય. સ્વભાવિક હોં ત્રિકાળ. આહાહા..! '(૪) **સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ મૂર્તિ...**' આહાહા..! સહજ દર્શનના ભાવથી સ્ફૂરણથી પરિપૂર્ણ આત્મા હું છું. આહાહા..! '(૫) **સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા એવા...**' ત્રિકાળી હોં એ. સ્વરૂપમાંથી ચળે નહિ એવી સ્થિતિરૂપ સહજ યથાખ્યાત. શુદ્ધ પવિત્રનો પિંડ પ્રભુ વીતરાગમૂર્તિ હું છું. ઓહોહો..! '**એવા મને સમસ્ત સંસારક્લેશના હેતુ ક્રોધ-માન-માયા-લોભ નથી.**' મારામાં ક્રોધ-માન-માયા-લોભ નથી. હું તો આવો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. આહાહા..! એવી દૃષ્ટિ કરવી, એવો અનુભવ કરવો એનું નામ ચારિત્ર અને પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ-૬, ગુરુવાર, તા. ૧૧-૦૯-૧૯૭૫, ગાથા-૭૭ થી ૮૨, કળશ-૧૦૯, પ્રવચન નં. ૩૧

આ નિયમસાર, પરમાર્થ-પ્રતિક્રમણ (અધિકાર). પાંચ ગાથા છેને. પ્રતિક્રમણ .. માર્ગ છે. મોક્ષનો માર્ગ કહો કે પ્રતિક્રમણ પરમાર્થ (કહો). ભગવાન આત્મા પરમભાવસ્વભાવ સ્વરૂપ છે. પરથી ખસીને એના સ્વભાવની ભાવના-એકાગ્રતા કરવી એ પ્રતિક્રમણ છે, એ જ ધર્મ છે, એ જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! ... શું કહે છે? આત્મામાં કર્મજન્ય વિકાર નથી. વિભાવ પર્યાયોનો નિશ્ચયથી હું કર્તા નથી. ઝીણી વાત છે, ભાઈ! પુણ્ય અને પાપ ...

વિકલ્પ એનો .. કર્તા નથી. અનેક પ્રકારના વિકલ્પથી ભરેલી દશા—હું મનુષ્ય, નારકી, દેવની, તિર્યંચની.. એવો ભેદવાળો હું છું. આહાહા..! એવા અસંખ્ય વિકલ્પોનો નિશ્ચયથી હું કર્તા નથી. હું એના-વિકલ્પનો કર્તા, ભેદનો કર્તા પણ હું નથી. આહાહા..!

'**કારયિતા નથી...**' હું બીજાનું કાંઈ કરું એ પણ નથી. '**અને પુદ્‌ગલકર્મરૂપ કર્તાનો (-વિભાવપર્યાયોના કર્તા જે પુદ્‌ગલકર્મો તેમનો-) અનુમોદક નથી...**' નિશ્ચયથી તો વિકલ્પ પુદ્‌ગલકર્મના નિમિત્તથી ઉત્પન્ન થાય છે તો પુદ્‌ગલકર્મનો જ વિકાર છે, આહાહા..! ભગવાન આત્મા... પર્યાયમાં વ્યવહાર છે એમ બતાવે છે. જૈનદર્શનનો વ્યવહાર કેવો છે એ વ્યવહાર આ વ્યવહાર હોં. ... એ ધર્મ બતાવે છે. આત્મા કેવો છે અને એની .. એ પણ બતાવે છે. આહાહા..! '**અનુમોદક નથી...**' પુદ્‌ગલકર્મરૂપ કર્તાનો.. છે? હું નારકી છું, હું મનુષ્ય છું, દેવ છું.. ... વિકારી પર્યાય .. નિશ્ચયથી તો પુદ્‌ગલ છે. મારી વસ્તુમાં નથી. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ, ધર્મની પહેલી સીઢી(વાળો) આવી ભાવના કરે છે. આહાહા..! હું એ બધા વિકલ્પનો કર્તા નથી, કરાવનાર નથી અને અનુમોદક નથી. એવું વર્ણન કરે છે.

'**હું નારકપર્યાયને કરતો નથી,...**' નારકીના શરીરનો હું કર્તા નથી, હું કરાવનાર નથી અને હું અનુમોદક નથી. આહાહા..! હું તો '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**' જરી ઝીણી વાત છે. હું આત્મા ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્મા. ૯૪મી ગાથામાં કહ્યું છેને ચેતનાવિલાસ. આ ચેતનાવિલાસસ્વરૂપ આત્મા ચેતના છે. આ આત્મા શું છે? કે ચેતનાવિલાસ. ચેતનાની મોજ, ચેતનાના આનંદસ્વરૂપ જ આત્મા છે. સમજાણું કાંઈ? હું '**સહજ ચૈતન્યના વિલાસ...**' ચૈતન્યના વિલાસસ્વરૂપ. સ્વરૂપ હોં અહીંયાં. '**ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્મા...**' આત્મા કોઈ રાગનો કર્તા કે શરીરની ક્રિયા, દયા, દાનનો કર્તા એ આત્મા છે નહિ. આત્મા તો ચૈતન્ય વિલાસરૂપ આત્મા. ચૈતન્યની મોજ અને આનંદરૂપ આત્મા. એને '**જ ભાવું છું.**' એની હું એકાગ્રતા અને ભાવના કરું છું. આહાહા..!

૯૪મી ગાથામાં કહ્યું પ્રવચનસાર. જેટલો વિકલ્પ છે... એ તો વ્યવહાર છે. એ આત્માનો વ્યવહાર નથી. આહાહા..! સમજાણું કાંઈ? આત્માનો વ્યવહાર આત્મ વિલાસરૂપ ભાવ પર્યાય. આહાહા..! ચેતના વિલાસરૂપ પર્યાય. આ ચેતનાવિલાસ આત્મા. ત્યાં ચેતનાવિલાસરૂપ પર્યાય કાર્ય આહાહા..! એ આત્મવ્યવહાર છે, એ આત્માનું કાર્ય છે. આત્મા પરનું કાર્ય તો કરતો નથી, પણ પુણ્ય-પાપનો કર્તા આત્મા નથી. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એનો પણ આત્મા કર્તા નથી. આહાહા..! એ તો આત્મવિલાસ, ચેતનાવિલાસસ્વરૂપ આત્માની પર્યાય. એ ત્યાં પર્યાય લીધી છે. સમજાણું કાંઈ? ત્યાં .. શક્તિ લીધી છે. આહાહા..! શું કહે છે?

અહીંયાં સહજ ચૈતન્યનો વિલાસ. હું તો આત્મા સ્વભાવિક ચૈતન્યની મોજ, આનંદની મોજ એવો ભગવાનઆત્મા એને ભાવું છું, એ તરફ મારું વલણ છે. આહાહા..! સમજાણું

કાંઈ? એવા '**આત્માને જ...**' ભાષા છે. મનુષ્યમાં હું છું, પુણ્ય છું કે ક્રોધ છું કે માન છું એ હું નહિ. આહાહા..! અસદ્ભૂતવ્યવહારને ઉડાવી દીધો, પણ અહીંયાં હવે સદ્ભૂત વ્યવહાર કેમ થાય છે? કે હું ચૈતન્ય વિલાસસ્વરૂપ આત્મા ચેતન વિલાસસ્વરૂપ આત્મા પરમભાવસ્વભાવસ્વરૂપ આત્મા એની ઉપર દૃષ્ટિ કરીને હું એની ભાવના કરું છું, એનું નામ ધર્મ છે. આહાહા..! શેઠ! આ બધા દાન ને દયા ને ફલાણા કરે એ ધર્મ નથી, એમ કહે છે. એ રાગની મંદતા એ પણ મારું કાર્ય નથી. આહાહા..!

ધર્મી એવી દૃષ્ટિ એની હોય છે કે હું તો ચેતના મોજ, આનંદની મોજ એવો જે ભગવાનઆત્મા એનું કાર્ય મારું નિર્મળ સ્વભાવની એકાગ્રતારૂપી કાર્ય એ મારું કાર્ય છે. .. સમજવું કઠણ. દુનિયાથી આખો માર્ગ છે (અલગ) વીતરાગનો. ચિત્ સહજ સ્વભાવિક ચૈતન્ય ત્રિકાળ, એનો વિલાસ આનંદસ્વરૂપ આત્મા. આહાહા..! એને 'જ'. એકાંત છે. આહાહા..! હું તો ચૈતન્ય વિલાસ સહજ ચૈતન્ય વિલાસસ્વભાવરૂપ આત્માને 'જ'. એકાંત થઈ ગયું. સમ્યક્ એકાંત છે એ. એને હું ભાવું છું. ભાવું છું નામ મારી સાવધાની સ્વભાવ સન્મુખ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, અમરચંદભાઈ! આ પ્રતિક્રમણ. એનું નામ ધર્મ, એનું નામ જૈન શાસનનો ઉપયોગ. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! જગતમાં અત્યારે તો એટલી બધી ગડબડ થઈ ગઈ છે કે એ તો આ દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા ને તપને કરવું એ ધર્મ; પણ એ તો રાગ છે.

ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ પરમસ્વભાવભાવ સત્ય વસ્તુ એની સત્ય દૃષ્ટિ જેને થઈ એ એવી ભાવના કરે છે, હું નારકગતિનો ભાવ મારો નથી. આહાહા..! નરકમાં રહ્યા શ્રેણિક રાજા પહેલી નરકમાં છે. ૮૪ હજાર વર્ષની સ્થિતિ. ભવિષ્યમાં ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. આગામી કાળમાં એ તીર્થંકર થશે. જેમ અહીંયાં મહાવીર ભગવાન છેલ્લા હતા એમ આગામી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં છે પહેલી નરકમાં. અઢી હજાર વર્ષ ગયા. સાડી એકાશી હજાર બાકી છે; પણ ત્યાં ભાવના એની એવી છે આહાહા..! હું તો નારકી પર્યાયનો કર્તા નથી, વિકલ્પ ઉઠે એ પણ નહિ. સમજાણું કાંઈ? અહીં તો ચારિત્રસહિત, પણ પહેલી દૃષ્ટિમાં જ એમ છે. આહાહા..!

હું આત્મા ચૈતન્ય સહજ સ્વભાવિક પરમસ્વભાવભાવ એવા ચેતનાનો વિલાસ એવો જે આત્મા એમાં રાગને કરવું કે રાગને કરાવવું એમ છે નહિ. આહાહા..! વ્યવહારરત્નત્રય જેને કહીએ—દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, દેવ-ગુરુ અને શાસ્ત્રનું જ્ઞાન અને વ્રતાદિનો વિકલ્પ એ બધો વિકાર છે. તો એ વિકારનો હું કર્તા નથી, આહાહા..! કરાવનાર નથી અને થાય છે એમાં હું અનુમોદક નથી અને એનું હું કારણ પણ નથી. વિકારનું કારણ પુદ્ગલ એ મારામાં નથી. આહાહા..! પાછા એમ નથી અહીંયાં કે વિકાર કર્મ કરાવે છે. એ તો અહીંયાં સ્વભાવની દૃષ્ટિમાં વિકલ્પ જે ઉત્પન્ન થાય એ મારામાં નથી એટલું સિદ્ધ કરવું છે. નબળાઈ તો પોતાની

છે, કર્મ કાંઈ કરાવતું નથી. પણ નબળાઈને પરમાં નાખીને મહા ચૈતન્યવિલાસસ્વરૂપ હું ભગવાનઆત્મા એની હું ભાવના અંતરમાં એકાગ્રતા મારી એમાં છે, એ હું આત્મા છું. આહાહા..! સમજાણું કાંઈ? તો ચેતનાવિલાસસ્વરૂપ આત્મા એ તો વસ્તુ થઈ. હવે એની દૃષ્ટિ કરીને હું એની એકાગ્રતા કરું છું, એ પર્યાય થઈ, એ ધર્મ થયો. આહાહા..! આવો માર્ગ. સમજાણું કાંઈ? આહાહા..!

'**હું તિર્યંચપર્યાયને કરતો નથી,...**' તિર્યંચમાં સમકિતી હોય છે. સ્વયંભૂરમણસમુદ્રમાં અસંખ્ય સમકિતી તિર્યંચ છે. અઢાર હજાર યોજનના તિર્યંચ મચ્છ-મચ્છ મગર આત્મજ્ઞાની. આહાહા..! તો એ અંદરમાં કહે છે કે હું આ તિર્યંચપર્યાયનો કર્તા નથી. એ શરીરને કરાવનાર નથી અને શરીર છે એનું અનુમોદન કરનાર નથી. આહાહા..! અને શરીર થયું એનું કારણ પણ નથી. કે હું કારણ પૂર્વે એવું ...કપટ કર્યું હતું તો કર્મબંધન થયું તો એનાથી શરીર મળ્યું. તો કહે ના, હું કારણફારણ નથી. આહાહા..! જુઓ, આ પ્રતિક્રમણ. પ્રતિક્રમ—પરથી ખસીને સ્વભાવમાં એકાગ્રતા કરવી એ પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? તો પહેલા હજી મિથ્યાત્વનું પ્રતિક્રમણ નથી, એને અવ્રતનું પ્રતિક્રમણ, ચારિત્રનું પ્રતિક્રમણ અને મિચ્છામી દુક્કડમ બધી વાત ખોટી છે. સમજાણું કાંઈ? આ સમશ્રેણી પડિકમણું કરેને બધા. પરમ દિ' ગયું. લાખો માણસો કરે મિચ્છામી દુક્કડમ... મિચ્છામી દુક્કડમ... ક્ષમાવજો. પહેલા આત્માને હજી ખમાવ્યો નથીને. આહાહા..!

આત્મા હું તિર્યંચપર્યાય નથી, હું મનુષ્યપર્યાય નથી. આ જડ શરીર છે. તો શરીરનો હું કર્તા નથી, કરાવનાર નથી. મેં કર્યું માટે શરીર થયું અને શરીર થયું એમાં સહમત નથી, મારી માન્યતા અનુમોદ નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. આહાહા..! આવી વાત. હું તો '**સહજ ચૈતન્ય વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**' એ પ્રભુ ચૈતન્ય વિલાસસ્વરૂપ ભગવાન એ તો દ્રવ્ય થયું પદાર્થ. એની એકાગ્રતા કરવી એ પર્યાય થઈ, એ કાર્ય થયું. કારણપરમાત્મા ધ્રુવ એ ચેતનાવિલાસસ્વરૂપ આત્મા એ કારણપરમાત્મા. આહાહા..! અને એમાં એકાગ્રતા કરવી સ્વભાવસન્મુખ... એ પર્યાય કાર્ય છે. એ ધર્મની પર્યાય નિર્દોષ વીતરાગી દશા એ ચેતના વિલાસ આત્માની એકાગ્રતા છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આવું ઝીણું બહુ લાગે. માર્ગ એવો છેને. અત્યારે તો બધી ગડબડ બહુ કરી નાખી. શું કહે છે?

**શ્રોતા** :- ગડબડ અત્યારે થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અત્યારે થઈ ગઈ અનાદિ.

**શ્રોતા** :- એ તો લાંબે વખતથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લાંબે અનાદિકાળની છે, પણ આ ગડબડ કરી દીધી સંપ્રદાયના માણસે. આહાહા..! ધર્મને નામે બધી ગડબડ કરી નાખી.

અહીં તો કહે છે કે શુભવિકલ્પ જે એ પછી કહેશે. '**હું ચૌદ માર્ગણાસ્થાનના ભેદોને**

**કરતો નથી,...'** આહાહા..! ગતિ મનુષ્યગતિ, તિર્યંચગતિ, ચાર ગતિનો ભેદ એ ભેદ હું નથી કરતો. આહાહા..! હું તો ચેતનાવિલાસ આત્મા અભેદ એની હું ભાવના કરું છું. આહાહા..! મારી સન્મુખતા ચેતનાવિલાસ સહજ આત્મા એ તરફ મારી સાવધાની સહજ છે. બહુ કામ. ગતિ આદિ ... જ્ઞાનની પર્યાયના પાંચ ભેદ, એ ભેદને પણ હું નથી કરતો. હું તો અભેદ ચેતનાવિલાસ સહજસ્વરૂપ ભગવાન એમાં મારી સાવધાની સ્વરૂપમાં છે. એ મારી ભાવના અને એ મારી ધર્મદશા. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આ માર્ગ એવો વીતરાગનો છે. આહાહા..!

**'હું તો સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ...'** આહાહા..! એવા ભેદને તો બિલકુલ હું કરતો નથી, કરાવનાર અને અનુમોદક નથી અને ..નું કારણ નથી. આહાહા..! ગતિના પાંચ ભેદ, જ્ઞાનના પાંચ ભેદ... સંસાર .. સમ્યગ્દર્શન-જ્ઞાનના ભેદ, ક્ષાયિક આદિ ભેદો.. એ ભેદોથી હું રહિત છું. એવા પર્યાયમાં જે ભેદ પડે છે એ ભેદથી મારી ચીજ ભિન્ન છે. ભેદનો હું કરતો નથી, કરાવતો નથી, અનુમોદન નથી, કારણ નથી. ભેદનું હું કારણ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને આ કુંદકુંદાચાર્ય જગતને માટે આ વાત મૂકી ગયા છે. ગુણ પાક્યા. પદ્મમલધારિદેવ દિગંબર સંત. આ એણે આ ટીકા બનાવી. આહાહા..! એમાં આ પાંચ ગાથાને તો પંચરત્ન કીધી છે. પંચરત્ન. આહાહા..!

**'હું મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનભેદોને કરતો નથી,...'** આહાહા..! આ મિથ્યાત્વ છે અને આ સમકિત છે, આ શ્રાવક છે અને આ મુનિ છે, એવો પર્યાયભેદ... આહાહા..! એવા પર્યાયના ભેદનો હું કર્તા નથી, આહાહા..! કરાવનાર નથી, અનુમોદક નથી, કારણ નથી. કહો, આવું સાંભળ્યું હતું ત્યાં, બલુભાઈ? ઓલા વર્ષીતપમાં શું કરતા હતા? પડીકમણું કરવા જતા હતાને સાંજના. પછી એમાં પડિકમણું નથી કરતા? આહાહા..! વસ્તુ શું છે. વસ્તુ ક્યાંક રહી ગઈ, કર્યું કાંઈક અને માન્યું કાંઈક. આહાહા..! **'હું મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનભેદોને કરતો નથી,...'** આહાહા..! ભેદ છે એ વ્યવહાર છે એનો હું કરતા નથી. આહાહા..! હું તો સહજ-સ્વભાવિક ચૈતન્યવિલાસ એવો આત્મા જે અભેદ એમાં મારી એકાગ્રતા છે. મારી ભાવના એ તરફની છે. આહાહા..! ભારે ઝીણું!

**'હું એકેન્દ્રિયાદિ જીવસ્થાનભેદોને કરતો નથી,...'** આ એકેન્દ્રિય, આ બે ઈન્દ્રિય, પૃથ્વી, અગ્નિ, વાયુ છેને. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ એકેન્દ્રિય, આ ઈયળ, કીડા આદિ બે ઈન્દ્રિ. ત્રણ ઈન્દ્રિ, ચૌ ઈન્દ્રિય ભમરા આદિ, પંચેન્દ્રિય આ માણસ, નારકી, દેવ. એવા જીવના ભેદો એને હું નથી કરતો. આહાહા..! હું તો અભેદ સહજ ચૈતન્યવિલાસ ભગવાનઆત્મા એ તરફ મારી સન્મુખતા છે. આહાહા..! સમજાણું કાંઈ? **'હું શરીરસંબંધી બાળાદિ અવસ્થાભેદોને કરતો નથી,...'** આ બાળ અવસ્થા, યુવાન અવસ્થા, સ્થવિર અવસ્તા, વૃદ્ધ અવસ્થા એ ચાર શરીરની અવસ્થા. એ અવસ્થાનો કર્તા હું નથી. આહાહા..!

અને એ કરાવનાર હું નથી. હું સંમત નથી અને હું એનું કારણ નથી. એવો ભેદ છે ખરો. જૈનદર્શનમાં વ્યવહારનો ભેદ છે ખરો. વ્યવહાર છે એ ભેદનો કર્તા હું નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.'**

**'હું રાગાદિભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી,...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને કામ, ક્રોધનો ભાવ જે ભાવકર્મ છે. આહાહા..! ભાવકર્મસ્વરૂપ ચાર કષાય... **'રાગાદિભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી,... '** આહાહા..! **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.' 'હું ભાવકર્માત્મક ચાર કષાયોને કરતો નથી,...'** ભાવકર્માત્મક. ભાવકર્મ છેને? ક્રોધ, માન, માયા, લોભ એ ભાવકર્મ છે અરૂપી ચૈતન્યની વિકૃતદશા. એ ચારને હું નથી કરતો. આ તો ભાવની વાત છે હોં, એકલી ભાષા નહિ. હું સહજ ચૈતન્યસ્વરૂપ આત્મા એ ક્રોધ, માન, માયા, લોભનો હું કર્તા નથી એવી ભાવના અંતર્મુખ છે. આવું પ્રતિક્રમણ! બલુભાઈ! ભગવાન દુલ્હો રહી ગયો અને જાન જોડી દીધી. સમજાણું કાંઈ? વર-વર દુલ્હો. વર નહિ અને જાન ચાલી ગઈ, પણ એ જાન જ ન કહેવાય, એ તો માણસના ટોળા કહેવાય. વર હોય તો જાન કહેવાય, એમ આત્મા નિર્મળાનંદ સ્વભાવ જે દૃષ્ટિમાં હોય તો એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'(અહીં ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું, તેમ કારયિતા અને અનુમંતા-અનુમોદક-વિષે પણ સમજી લેવું.)'** આપણે સાથે-સાથે શરૂઆત કરી હતી. **'આ રીતે પાંચ રત્નોના શોભિત...'** પાંચ રત્નથી શોભાવાળી આ પાંચ ગાથા આવી છે. આહાહા..! **'કથન વિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાયોના સંન્યાસનું (-ત્યાગનું) વિધાન કહ્યું છે.'** સંન્યાસ નામ ત્યાગ. આહાહા..! ભેદનો ત્યાગ, રાગનો ત્યાગ, બધો ત્યાગ. આહાહા..! એક અભેદનું ગ્રહણ છે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો તો કર્તા નથી, કરાવનાર નથી, પણ ભેદનો કર્તા નથી. ઓહો..! ક્યાં સુધી વાત લઈ ગયા છે! ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ, માર્ગણાના ભેદ, ચૌદ માર્ગણા આદિ. ગૌમ્મટસારમાં ત્યાં છે. ૨૦ બોલ આવે છેને એમાં? આહાહા..! એ ભેદનો હું કર્તા નથી, કરાવનાર નથી, સંમત નહિ તો ભેદનું હું કારણ જ નથી. ઓહોહો..! **'આ રીતે પાંચ રત્નોના શોભિત કથન વિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાયોના સંન્યાસનું (-ત્યાગનું) વિધાન કહ્યું છે.'**

**'(હવે, આ પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)'**

(वसंततिलका)

भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः
स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।

मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं
प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात्।।१०९।।

જુઓ, આ રત્ન કહ્યાં. આહાહા..! આ રત્નની હમણા નથી પરીક્ષા થાતી? ગ્વાલિયરમાં. ગ્વાલિયરની રાણીને કારણે પકડી ગયા છેને? સરકાર પકડી ગયા હતા. એની તીજોરીમાં જે હીરો છે. હીરા-માણેક તો એની પરીક્ષા કરવા આપણા બાબુભાઈ છે લીંબડીવાળા. એ .. આવ્યા. અહીં છે કે નહિ એમના દીકરા? ક્યાં ગયા? કીરીટ-કીરીટ. નથી? ગયા હશે. પહેલા અહીં હતા. એના બાપને સરકારે રાખ્યા ત્યાં. બહુ બુદ્ધિવાળો માણસ છે અને આની રુચિ છે હોં. બહુ રુચિ અહીંની. એ ત્યાં રહે છે લાલભાઈની નીચે. લાલભાઈની નીચે. ગયા હતાને અમે ગયા હતા. એને ત્યાં રાખ્યા છે તો પચાસ લાખનું તો ગ્વાલિયરની રાણી પાસેથી ઝવેરાત નીકળી અને એ જયપુરની ઝવેરાત. એમાં એને સંતોષ. એમાં પચાસ લાખનું નીકળ્યું અને પચાસ લાખનું બાકી છે હજી. એ કિંમત કરે એ પ્રમાણે એને. આહાહા..! આવી ધૂળની કિંમત હવે. આહાહા..! આવો પંચરત્નસ્વરૂપ ભગવાનઆત્મા ભેદના કાંકરા કાઢી નાખ. રત્ન અંદર અભેદ ચિદાનંદસ્વરૂપ ભગવાન રત્ન એની એકાગ્રતા એ જ ધર્મ છે. આહાહા..! એની પરીક્ષા કરનારને શાંતિ મળે છે. આ પરીક્ષા કરનારને પચાસ હજારના અડધો ટકો. આહાહા..! સો રૂપિયા કે એમ કાંઈક છે. અડધો ટકો આપે સરકારને.

અહીં તો કહે છે કે આત્મા રત્ન ચૈતન્ય વિલાસનો આનંદનો નાથ પ્રભુ. આહાહા..! એમાં જેની પરીક્ષા કરીને કિંમત આત્માની કરી અને પરની કિંમત ઉડાવી દીધી આહાહા..! એ ઝવેરી છે. સમજાણું કાંઈ? કહો, આપણે છે ઝવેરી બીજા કોઈ નથી? શાંતિભાઈ ઝવેરી. એ બધા ઝવેરી છે. આ આપણે ભાઈ છોટાભાઈ છે લ્યો. એ ઝવેરી છે મુંબઈમાં. આહાહા..! ઝવેરી તો એને કહે છે પરમાત્મા કે અભેદ સહજ ચૈતન્ય વિલાસની રમતમાં જાય એનો વેપાર કરે એ ઝવેરાતનો વેપાર છે. આહાહા..! કહો, શાંતિભાઈ! આહાહા..!

**શ્રોતા :-** .. કરવો કે ન કરવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે? કરી શકે છે ક્યાં? વિકલ્પ કરે પણ વિકલ્પ કરે એ પણ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..!

'**શ્લોકાર્થ :- આ પ્રમાણે પંચરત્નો દ્વારા...**' ભાષા જુઓ, મુનિરાજ હવે શ્લોક કહે છે. '**જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...**' આહાહા..! પરનું લક્ષ છોડ્યું, ભેદનું લક્ષ છોડ્યું. પર વિષય એ છે. ભેદ, પર એ બધો પરવિષય છે. આહાહા..! અભેદ આત્મા એ સ્વવિષય છે. સમજાણું કાંઈ? આહાહા..! '**પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણ...**' ભાષા જુઓ, પરવિષય. રાગ, પુણ્ય, દયા, દાન, ભગવાન બધા પરવિષય અને ભેદ પણ પરવિષય, ભાઈ! ભેદ પરવિષય. આહાહા..! ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ, માર્ગણાનો ભેદ. આહાહા..! ભેદ છે એ તો પરવિષય છે, આહાહા..! સ્વવિષય નથી, સ્વચીજ

નથી. આહાહા..! અરે! એ વાત સાંભળવા મળે નહિ એ કે દિ' વિચાર કરે? કે દિ' અંદરમાં જાય? આહાહા..! ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે. સહજાનંદની મૂર્તિ પ્રભુ જેનામાં ભેદનો વિષય નથી એમ કહે છે. આહાહા..! જેનો વિષય, એ બધા પરવિષય છે, કહે છે. શરીર, વાણી, મન, પુણ્ય અને પાપ, દયા અને દાન અને .. આહાહા..! એ પરવિષય છે.

**'સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...'** આહાહા..! ભેદને પકડવાની ચિંતાને છોડી. આહાહા..! માર્ગ એવો છે આકરો. લોકોએ ચડાવી દીધા. અપવાસ કરશેને ઝાઝા. તો .. આજે ઓલા આવ્યા હતા. મનસુખભાઈ. મહિના-મહિનાના. આજે એક આવ્યા હતાને ભાઈ. ઓલા મનસુખભાઈ નહિ ભાઈ ધ્રાંગધ્રાવાળા. સ્થાનકવાસી નહિ મનસુખભાઈ? સવારે આવ્યા હતા. એ મુંબઈ ગયા ત્યારે નહોતા. અમેરિકા ગયા હતા. છે સ્થાનકવાસીના અગ્રેસર. પ્રેમ અહીં છે. એ કોઈ મહિનાના અપવાસ કર્યા છે આર્જિકાએ. આર્જિકા એટલે .. મહિનાના અપવાસ હશે. એ બધા ધ્રાંગધ્રાવાળા આવ્યા હતા .. ઘણા આગ્રહી હતા. આ તો અહીંનો પ્રેમ છે બિચારાને. પણ સૌની સાથે.. સ્થાનકવાસી. પણ ધ્રાંગધ્રાની દીકરી છે, દીક્ષા લીધી છે તો મહિનાના કર્યા હશે. તો એમાં ગયા હોય. હા..હો..હા..હો.. કરશે.

**શ્રોતા :-** મહિનાના અપવાસ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહિનાના. ... પાણી. મિથ્યાત્વની પુષ્ટિ થાય. બલુભાઈએ વર્ષીતપ કર્યા હતા. લ્યો, આ શેઠિયા. વર્ષીતપ સમજ્યા? એક દિવસ ખાવું અને એક દિવસ ઉપવાસ એમ બાર મહિના કર્યું હતું. એની પારણામાં અમે હતા. એના પિતાજી હતા. તો અમે રાજકોટ બરાબર ગયા અને એ જ દિવસે એના પારણા. ઘરે ભોજન કરવા. પણ પછી ફરી ગયા હો. બધું કર્યું પણ. ભાઈ! એ માર્ગ નથી. આહાર છોડ્યા અને આમ કર્યું ને તેમ કર્યું. મેં આહાર છોડ્યો અને ગ્રહણ કર્યો, અપવાસ એ ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી. પરવસ્તુના ગ્રહણ-ત્યાગથી ભગવાનઆત્મા શૂન્ય છે. આહાહા..! એમ ન માનતા મેં પરનું ગ્રહણ કર્યું એટલું અને આટલું છોડ્યું, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ આવ્યા હતાને કાલે. પહેલા દર્શન કરી ગયા ત્યાં. પછી અહીં હું આવ્યોને તો પછી બધા આવ્યા હતા. એ બધા શ્વેતાંબર હતા. એક તો કાંઈક કોઢવાળો. ત્યાં અમે ધ્રાંગધ્રા જતા તો આવતા હશે. મહારાજ ઓળખો? નહિ, મને ખ્યાલ નથી. આવતા હોય ત્યાં જઈએ તો ઘણા બધા માણસો આવેને. કોને ઓળખીએ? અને ૪૦ વર્ષ તો અહીં થયા. ૪૦ વર્ષ પહેલા ત્યાં જતા હોય તો આવે વ્યાખ્યાનમાં. એકફેરી ૧૪ની સાલમાં ગયા હતા. માણસો આવતાને બધા. આ સમજણ નહિ. એકાંત છે... એકાંત છે.. એમ કરે. અને એ દિગંબર ધર્મ છે. પણ દિગંબર નહિ આ તો વસ્તુનો સ્વભાવ છે. સ્વરૂપચંદભાઈ! એ ભડકે. .. હોયને. ... પરમાગમ મંદિર દિગંબર. આ તો દિગંબર છે. પણ દિગંબર એટલે? દિગ્ જેને આકાશ.. શુભ વિકલ્પની લાગણી પણ આત્મામાં નથી એવા આત્માને અહીં દિગંબર કહે છે. જેમાં

વિકલ્પની લાગણી જ નથી એવો નિર્વિકલ્પ ભગવાનઆત્મા એની દૃષ્ટિ છે એ દિગંબર છે અને નગ્ન આદિ થઈ જાય તો પંચમહાવ્રતના પરિણામ હોય, ત્રણ કષાયનો અભાવ હોય તો એ દિગંબર સાધુ છે. આહાહા..! વસ્તુ આવી છે. આ તો પરમસત્ય પ્રવાહ છે. દિગંબર ધર્મ એ કોઈ પક્ષ નથી, સંપ્રદાય નથી. વસ્તુની ચીજ જેવી છે એવી પ્રણાલી અનાદિની ચાલે છે એ દિગંબર ધર્મ છે. પણ સમજવું ભારે કઠણ વાત છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે '**જેણે સમસ્ત વિષયોના ગ્રહણની...**' ભાષા તો જુઓ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, શરીર, વાણી, મન બધો વિષય પરવિષય છે. સમજાણું? પોતાનો વિષય નહિ, પોતાનો વિષય તો ચૈતન્ય વિલાસ આત્મા એ પોતાનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન સ્વભાવિક ચૈતન્ય વિલાસની મોજરૂપ આત્મા એનો વિષય એ સ્વવિષય છે, એને ધ્યેય બનાવવું એ સ્વવિષય છે અને ભેદ અને પુણ્ય અને પાપને વિષય બનાવવા એ પરવિષય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! ગજબ વાત છે. એ કુંદકુંદાચાર્ય અને મુનિરાજે સાદી ભાષામાં ભેદને ઉડાડી દીધો. ભેદ પડે છે કે આ ગુણસ્થાન ચોથું ને પાંચમું ને છઠ્ઠું ને સાતમું. આહાહા..! એ પરવિષય છે. આહાહા..! મારો વિષય તો ચેતના સ્વભાવી વિલાસ આત્મા એ મારો સ્વવિષય છે, મારું ધ્યેય એ છે. અને પરવિષયનું ધ્યેય છોડાવી દીધું. સમજાણું કાંઈ? આહાહા..!

'**વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...**' વિકલ્પ છૂટી ગયો. ભેદના વિષયનો વિકલ્પ એ બધું મારું નથી. '**અને નિજ દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે,...**' આહાહા..! મારું દ્રવ્ય ચૈતન્યવિલાસ, ગુણ મારો ચૈતન્યવિલાસ, પર્યાય એની નિર્મળ. આહાહા..! અભેદ દૃષ્ટિ થવાથી પર્યાય નિર્મળ થાય છે. તો એ દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપમાં ચિત્ત એકાગ્ર કર્યું છે. આહાહા..! હું દ્રવ્ય જે છું એ અભેદ છે. એમાં ગુણશક્તિ પણ ધ્રુવ છે અને એની દૃષ્ટિ કરવાથી જે નિર્મળ પર્યાય થાય છે એમાં હું લીન છે. આહાહા..! ભારે માર્ગ! શું કહે છે?

**શ્રોતા** :- સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ફરીને. એ મારી દ્રવ્ય શક્તિ જે શક્તિવાન હું દ્રવ્ય છું અને ગુણ એવી શક્તિ છે અને શક્તિ અને શક્તિવાનનો આશ્રય કરીને જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાય છે. એ દ્રવ્ય-ગુણ-પર્યાય એમાં હું લીન છું, પરમાં નહિ. આહાહા..! એ કાને પડ્યું નહોતું, ગિરધરભાઈ! એ તો ભાગ્યશાળી કે આ બધું કાને પડ્યું. નહિતર કાંઈક ગ.. તમારા બાપ ને એના બાપને બધા. એટલે આવ્યું નહોતુંને. બધાની વાત છેને. રામજીભાઈના બાપે કે દિ' સાંભળ્યું હતું ત્યાં. એનો દીકરો થયો પછી શું કહેવાય? .. ત્યાં સુમનભાઈએ... આપણે કાંઈક કર્યું. શું ધૂળ કરી? આહાહા..! એવું સાંભળ્યું હતું ભાઈ હોં કાંઈક. ..ભાઈ વખતે .. ભાઈ એના પિતાજી હતાને. .. હતાને ભાઈ. સવારે ગયા. ચીમનભાઈ! ત્યારે

... એના બાપુજી. સંઘમાં હતા. થાળી સમજ્યા થાળી? એવું કરે છે એમ લાગે કે આપણે કાંઈક દાન કર્યું. કાંઈક કર્યું કહેવાય. બધે એમ હતુંને એમાં શું? અમારા પિતાજી પણ સવારમાં ઉઠે અને દાતણ કરીને પાર્શ્વનાથ પરચો પૂરે, શાંતિનાથ શાતા કરે એવું બધું બોલતા. કાંઈ ખબર નહિ. અમારા પિતાજી હતા, બહુ રૂપાળા હતા, સુંદર શરીર, બહુ બુદ્ધિવાળા હતા, પણ ધર્મની કાંઈ ખબર નહિ. એ જ ચાલતું હતું. સવારમાં ઉઠે, દાંતણ કરે. શાંતિનાથ શાતા કરે, પાર્શ્વનાથ પરચાપૂરે એવું કાંઈક બોલતા હતા. પાર્શ્વનાથ પરચા પૂરે એમ. ચમત્કાર કરે. શાંતિનાથ શાતા કરે એમ કાંઈક બોલતા ખરા. ઘણા વર્ષની વાત છે. આહાહા..! અરેરે! ક્યાં બાપુ! આ માર્ગ સાંભળવો એ પણ મહાભાગ્ય હોય તો સાંભળવા મળે. એ લખ્યું છે એમાં બે-ત્રણ આપણે કાઢ્યા છે.

સમસ્ત જીવને દિવ્યધ્વનિ સૌભાગ્યથી પ્રાપ્ત થાય છે. શ્રવણના સૌભાગ્યથી મળે એવી વાત છે. અને દિવ્યધ્વનિ ભગવાનની અમૃત સુખ. અમૃત ઝરતી વાણી એવું કથન લખ્યું છે. આહાહા..! સમયસાર ત્રણલોકના નાથ, સર્વજ્ઞ પરમેશ્વર ઇચ્છા વિના ૐ ધ્વનિ ઉઠે છે અંદરથી. ૐ... એવો અવાજ નીકળે છે આખા શરીરમાંથી. હોઠ હલે નહિ. કંઠ હલે નહિ. હોઠ હલે નહિ. હોઠ બંધ. આહાહા..! સમજાણું કાંઈ? ૐ એવી ધ્વનિ ઉઠે અંદરથી. ઇચ્છા વિના ધ્વનિ. ૐ પરમાર્થે ભગવાનઆત્મા છે અને વાણીમાં જે ૐ એ વાચક શબ્દ છે. ૐકાર બે પ્રકારના—ભાવરૂપ અને દ્રવ્યરૂપ. ભાવરૂપ ૐકાર આત્મસ્વરૂપ. દ્રવ્યરૂપ એ વિકલ્પ વાણી નીકળી એ દ્રવ્યરૂપ ૐકર. એવું આવે છે બનારસીદાસમાં. બનારસીદાસમાં. છેને સમયસાર નાટક એમાં આવ્યું છે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,' ભગવાનની ૐ ધ્વનિ છૂટતા ગણધર એમાંથી સૂત્ર બનાવે. સૂત્ર રચે. ૐકાર બે પ્રકારે એવો પાઠ છે. પુસ્તક છે. દ્રવ્યરૂપ, ભાવરૂપ. ભાવરૂપ ૐકાર ચૈતન્યવિલાસ આત્મા એ ભાવરૂપ ૐકાર અને ધ્વનિ ઉઠે છે એ દ્રવ્યરૂપ ૐકાર. આહાહા..! ..

'**નિજ દ્રવ્યગુણપર્યાય...**' પરદ્રવ્ય અને ભેદનો વિષય છોડી દીધો. હવે પોતાનું નિજદ્રવ્યગુણ એ તરફ લક્ષ થયું તો નિર્મળ પર્યાય થઈ. આહાહા..! એના '**સ્વરૂપમાં ચિત્ત એકાગ્ર કર્યું છે,...**' આહાહા..! મૂળ એ શબ્દ છેને.

स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।
मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं

આહાહા..! બહુ ટૂંકું પણ ઘણું મીઠું. પરમસત્ય. ભગવાનઆત્મા વસ્તુ ત્રિકાળ, ગુણ ત્રિકાળ ધ્રુવ. ગુણ શક્તિ, દ્રવ્ય શક્તિવાન, આત્મા શક્તિવાન અને જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંતી શક્તિ, એવા અભેદ ઉપર દૃષ્ટિ દેવાથી જે નિર્મળ પર્યાય થાય છે એ ધર્મ. પણ એ અભેદ ઉપર લક્ષ કરવાથી નિર્મળ પર્યાય થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભેદના ભાવની ચિંતા છૂટી ગઈ. રાગની, પરની અને ભેદની પણ ચિંતા છૂટી ગઈ. આહાહા..! ભગવાનની દિવ્યધ્વનિનો

સાર આ છે. આહાહા..! ભગવાનઆત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે નિર્મળ. એ તરફના વલણથી ભેદ ગુણસ્થાન, જીવસ્થાનની પર્યાયમાં અનેકતા એ અનેકતાની ચિંતા છોડી દીધી અને એકતા ઉપર દૃષ્ટિ પડી. એકરૂપ ભગવાન શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એમાં ચિત્ત લાગ્યું તો પરિણતિ નિર્મળ થઈ. એ પરિણતિમાં એકાગ્ર છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. આહાહા..! જૈન પરમેશ્વર ત્રિલોકનાથના કથનમાં આ આવ્યું છે એ કુંદકુંદાચાર્ય આડતિયા થઈને દુનિયાને માલ કહે છે. માલ વેચે છે કે ભગવાનનો માલ આ છે. તને રુચે તો લે ન રુચે તો તારી મરજી. આહાહા..!

'**તે ભવ્ય જીવ...**' આહાહા..! જેણે ભેદ અને રાગાદિ વિકલ્પની ચિંતા છોડી દીધી. આહાહા..! કેમકે ભેદ ઉપર લક્ષ જાય તોપણ રાગ જાય છે. એવી વાત કરી જુઓ, એ પરવિષયનો ત્યાગ કરીને સ્વવિષયને ગ્રહણ કરીને. આહાહા..! પોતાની પર્યાયમાં લીન છે. દ્રવ્ય-ગુણમાં લીન છે એ પર્યાય છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે. કથાવાર્તા મૂકે તો લોકોને સમજાય. કથાવાર્તામાં શું છે? આ તો આત્માની કથા છે. આહાહા..! '**તે ભવ્ય જીવ...**' એ પાત્ર જીવ, લાયક જીવ, આહાહા..! જેણે ભેદની ચિંતા છોડી દીધી, પરના વિષય ગ્રહણ કરવાની દૃષ્ટિ છૂટી ગઈ. આહાહા..! પર્યાયબુદ્ધિ, ભેદબુદ્ધિ છૂટી ગઈ એમ કહે છે. અને જેની બુદ્ધિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આવી ગઈ અંદર. આહાહા..! એમાં એકાગ્ર થાય છે એ ભવ્યજીવ '**નિજભાવથી ભિન્ન...**' પોતાનો નિજસ્વભાવ નિર્મળાનંદથી ભિન્ન '**એવા સકળ વિભાવને છોડી અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.**' આહાહા..! અલ્પકાળમાં એ પરમાત્મા થઈ જશે. સમજાણું કાંઈ? આ તો દસલક્ષણી પર્વનો બીજો દિવસ છે. ...

'**સકળ વિભાવને છોડી અલ્પકાળમાં...**' ક્રમબદ્ધ છેને. ક્ષણમાં મુક્તિ થાય છે તો અલ્પકાળમાં શું આવ્યું? એ ક્રમમાં જ અલ્પકાળ આવવાનો હતો. જેણે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં દૃષ્ટિ કરી એ અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાને પાત્ર થઈ ગયો. એને ક્રમમાં અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે. સમજાણું કાંઈ? એવો જ ક્રમ છે. આહાહા..! એ ક્રમબદ્ધને નથી માનતાને કાંતિલાલ. વ્યાખ્યાન વાંચવા ગયા છે ક્યાંક. દાહોદ ગયા છે. કાંતિલાલ ઈશ્વરભાઈ દાહોદ વ્યાખ્યાન. આના તરફથી બીજું છે. બે ભાગ પડી ગયા છે ત્યાં. અરે ભગવાન! બાપુ! એ ક્રમબદ્ધ માનતો જ નથી. પણ ક્રમબદ્ધ તો વસ્તુનું સ્વરૂપ છે. ક્રમબદ્ધ નામ એક ક્ષણ પછી.. પછી.. પર્યાય થાય છે. એક પછી એક પછી એક પછી એમ થાય છે એ ક્રમબદ્ધ છે. એ તો વસ્તુની પર્યાયનો ધર્મ એવો છે. પણ એની દૃષ્ટિ પર્યાય ઉપર ન જતાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ. આહાહા..! એ ભાઈ કહેતા હતા. . ભાઈ! દાહોદ ગયા છે. લોકની વાતું કરે... એવી વાતું કરે તો લોકો સાધારણ માણસને સારું લાગે. ઠીક. એમ આવે છે જુઓ, અપૂર્વકરણમાં શુદ્ધભાવ હજી નથી. ત્યારે શુભભાવ છે ત્યાં નિર્જરા થાય એ વાત કરે છે, પણ એ સન્મુખ છે તો નિર્જરા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એવી વાત.

અહીં તો કહે છે કે અભેદ ઉપર દૃષ્ટિ પડવાથી ભેદ અને રાગની બધી ચિંતા છૂટી ગઈ. આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ ચેતના વિલાસની મોજરૂપ આત્મા. આહાહા..! જેને આનંદનો વિલાસ કરવો હોય તો એ આત્મા આવ્યો કહે છે. આ વિલાસ માટે નથી જતા? ફલાણા હવા-પાણીમાં. માથેરાન ને ઢીંકણા ને ફીંકણા. ગમે ત્યાં જાય. આહાહા..! અહીં તો કહે છે કે આનંદના વિલાસમાં હવાપાણી તારે લેવા હોય તો આત્મામાં છે. હવાપાણી માટે બહાર જાય છેને? એય..! શેઠ! .. આહાહા..! આનંદની લહેર.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાંય ધૂળમાંય નથી. શેત્રુંજય જાય, સમ્મેદશિખર જાય. ત્યાં ક્યાં આત્મા હતો? આહાહા..! આ તો સમ્મેદશિખરની એકવાર. 'એકવાર વંદે જો કોઈ નારક પશુ ન હોય.' નારક પશુ ન હોય એમાં શું દાળીયા થયા? એક ભવ કરે નરક, પશુ ન હોય સ્વર્ગમાં જાય અને પછી જશે નરકમાં. જેના મિથ્યાત્વ ગયા નથી એને ભવ કે દિ' ઘટે? સમ્મેદશિખરની જાત્રા કરે તો. વળી એક જણો તો એમ કહેતો હતો, સમ્મેદશિખરમાં વનસ્પતિ પણ બધા ભવિ છે, અભવિ નથી. આવાને આવા. પથરા પૃથ્વીના છે એ પણ ભવિ છે એમ એક જણો કહેતો હતો. સમ્મેદશિખરનો. હવે ભાઈ સમ્મેદશિખર કાંકરે-કાંકરે અનંતા મોક્ષ ગયા અહીંયાં. અહીંયાંથી અનંતા મોક્ષે ગયા. સાંભળ્યું છે? ૪૫ લાખ યોજન ક્ષેત્ર મનુષ્યનું છે. ૪૫ લાખ યોજન. તો એમાં કોઈ કટકી ખાલી નથી કે અહીંયાંથી અનંત મોક્ષે નથી ગયા. બાકી અનંત સિદ્ધ બિરાજે છે અહીંયાં. એ અહીંયાંથી સીધા જાય છે. અનંત. અહીંયાં એક એક સ્થાનમાં અનંત મોક્ષે ગયા. કેમ? કે ઉપર જે સિદ્ધ છે સીધા જાય છે. જે સિદ્ધ થાય છે એમ સીધા જાય છે. તો અત્યારે અનંત સિદ્ધ છે માથે. તો બધા માથે ગયા એ ક્યાંથી? સમશ્રેણી. આહાહા..! 'સમશ્રેણીએ ...' આવે છેને. નેમિનાથ ભગવાન. એ પાંચમું સૂત્ર.. શું કહે છે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. થાય એમાં શું થયું? નીચે બેઠા એમાં શું થયું? આ તો એક જણો કહેતો હતો. સ્થાનકવાસી હતા. તો અમે જ્યારે પહેલા તેરની સાલમાં મુંબઈ આવ્યાને? તેરની સાલમાં. ૧૮ વર્ષ થયા. તે દિ' મોટરમાં બેઠા નહિ. પછી સ્થાનકવાસી હતા એક જગજીવનભાઈ .. એણે કહ્યું ... મહારાજ! આ તમે આ જાત્રા આ શું આ બધું? સમ્મેદશિખર ને ફલાણું... જો ભાઈ! એ તો ત્યાં માથે સિદ્ધ ભગવાન છે. તો અહીંયાંથી સિદ્ધ થયા અને ઉપર છે એવો સ્મરણ કરવાનો શુભભાવ છે. આહાહા..! સ્થાનકવાસી. કીધું માર્ગ તો .. બાપુ! એ ત્યાં જ્યાં જઈએ છીએ ત્યાંથી ભગવાન ... પણ નીચે યાદ કરવા કે માથે સિદ્ધ ભગવાન છે. જેમ પાંડવ. અહીં શેત્રુંજયથી ત્રણ મોક્ષે ગયાને? તો ત્યાંથી સીધા ગયા. ત્યાં ઉપર છે. અહીં ઉપર નથી. તો ત્યાં આગળ જઈએ છીએ સ્મૃતિ લાવવા કે એવા

પરમાત્મા અહીંયાંથી મોક્ષે પધાર્યા. એવા સ્મરણ કરવાનો ભાવ છે. એનું નામ જાત્રા છે. એ પણ શુભભાવ હોં. આહાહા..! અહીં કહે છે '**અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.**' આહાહા..! એ પાંચ ગાથા થઈ. ૮૨.

**एरिसभेदब्भासे मज्झत्थो होदि तेण चारित्तं।**
**तं दिढकरणणिमित्तं पडिक्कमणादी पवक्खामि।।८२।।**
**આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને,**
**પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદઢતા કારણે. ૮૨.**

આ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન એ બધા ચારિત્રને કારણે વર્ણન કરવામાં આવે છે. અને આ દસ લક્ષણી પર્વ ચારિત્રના દસ ભેદ છે. ઉત્તમક્ષમા આદિ ચારિત્રનો ભેદ છે. કેમકે ચારિત્ર એ સાક્ષાત્ મુક્તિનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન તો પરંપરા કારણ છે. ચારિત્રનું કારણ એ છે અને ચારિત્ર મુક્તિનું કારણ છે. આહાહા..! એ ચારિત્રના દસ ભેદ. એના દસ પર્વ લક્ષણી કહેવામાં આવે છે. તો આ ચારિત્રનો અધિકાર અહીંયાં ચાલે છે. પ્રતિક્રમણ. એ કહે છે જુઓ.

'**ટીકા :- અહીં, ભેદવિજ્ઞાન દ્વારા...**' ભેદવિજ્ઞાનનો અર્થ? એ પરવસ્તુ મારામાં નથી, રાગ મારામાં નથી, ભેદ મારામાં નથી, એનું નામ ભેદજ્ઞાનનો અભ્યાસ. સમજાણું કાંઈ? આ અભ્યાસ કરતા નથી ચોપડીના નહિ પહેલી, બીજી, ત્રીજી અંગ્રેજી. એમ આ અભ્યાસ છે. પરથી ભિન્ન... પરથી ભિન્ન... ભેદથી ભિન્ન.. રાગથી ભિન્ન... નિમિત્તથી ભિન્ન... આહાહા..! અને સ્વભાવથી હું અભિન્ન. આહાહા..! એવા '**ભેદવિજ્ઞાન દ્વારા...**' જુઓ, આ ટીકા મુનિરાજની. અમૃતચંદ્રાચાર્ય એ આચાર્ય હતા. કુંદકુંદાચાર્ય એ પણ આચાર્ય છે. આ ગાથા કુંદકુંદાચાર્યની છે, પણ ટીકા મુનિરાજની છે. મુનિરાજ છે, આચાર્ય નહિ. પણ મુનિરાજ પણ પંચપરમેષ્ઠી છેને? આહાહા..! જયધવલમાં તો એમ આવ્યું છે નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એમ આવ્યું છે. શેઠ! નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આ તો ટૂંકો પાઠ કરી દીધો. પાઠ એવો છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયણં. ત્રિકાળવર્તી હોં. આહાહા..! આ આત્મા પણ ભવિષ્યમાં સિદ્ધ થશે તો એને પણ નમસ્કાર વર્તમાનમાં કરું છું એમ કહે છે. આહાહા..! ધવલમાં પાઠ છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. આ પાંચ પદ છે. પણ એ ત્રિકાળવર્તી કાઢી નાખ્યું, નમો લોએ સવ્વ સાહુણં કરી દીધું. તો એ નમો લોએ સવ્વ પહેલામાં ચારેયમાં લાગુ પડે છે. તો એવો ભેદ, પરથી ભેદ કરવાનો અભ્યાસ એ જ મોક્ષનું કારણ, ચારિત્રનું કારણ છે. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૭, શુક્રવાર, તા. ૧૨-૦૯-૧૯૭૫, ગાથા-૮૨, કળશ-૧૧૦, પ્રવચન નં. ૩૨

નિયમસાર, પરમાર્થ-પ્રતિક્રમણ (અધિકાર). '**ટીકા :- અહીં, ભેદવિજ્ઞાન દ્વારા...**' એટલે પરથી ભિન્ન. પરથી ભિન્ન કરવામાં જ પોતાના દ્રવ્યનું લક્ષ હોય છે. પર્યાય .. દ્રવ્ય નહિ. પર્યાય તો ધ્યાન કરનાર છે. પર્યાય ભેદ કરે છેને? અને એમાં એમ લખ્યું છે...માં ભેદ કરવો એ હજી વિકલ્પ છે. એટલે નિશ્ચયથી ઉપાદેય નથી, એમ લખ્યું છે. પણ અહીં તો સીધી પર, વિકલ્પ અને પર્યાય ઉપરથી લક્ષ છોડીને દ્રવ્ય ઉપર જાય ત્યારે ભેદજ્ઞાન થાય. આહાહા..! અને આ ભેદજ્ઞાનના અભ્યાસથી ચારિત્ર થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓ, '**ભેદવિજ્ઞાન દ્વારા ક્રમથી નિશ્ચય-ચારિત્ર થાય છે...**' પરથી ભિન્ન કરતાં-કરતાં સમ્યગ્દર્શન થયું, પછી ભિન્ન કરતાં-કરતાં સ્થિરતા થઈ ગઈ એમ કહે છે. આહાહા..!

'**પૂર્વોક્ત પંચરત્નોથી શોભિત અર્થપરિજ્ઞાન (-પદાર્થોના જ્ઞાન) વડે...**' આહાહા..! '**પંચમ ગતિની પ્રાપ્તિના હેતુભૂત એવા જીવનો કર્મપુદ્ગલનો ભેદ-અભ્યાસ થતાં,...**' ભાષા જુઓ. આહાહા..! જીવ અને કર્મનો ભેદ પાડવો. એ તો (સમયસારની) છઠ્ઠી ગાથામાં આવ્યુંને છઠ્ઠી, પરનું લક્ષ છોડીને દ્રવ્યની ઉપાસના કરવી. ઉપાસના એ પર્યાય છે. ઉપાસના કરે છે દ્રવ્યની. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** દ્રવ્ય બે પ્રકારના—એક દ્રવ્યાર્થિકનયનું અને એક પ્રમાણનય, એમાં કયું દ્રવ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રમાણનું નહિ, અહીંયાં દ્રવ્યાર્થિક-નિશ્ચયનયનું દ્રવ્યાર્થિક અહીં લેવું છે. પ્રમાણનો તો વિષય નિશ્ચય (અને વ્યવહાર બંને છે), પણ નિશ્ચયે જે ભેદ છે એમાં વ્યવહાર ભેળવ્યો એ તો પર્યાયમાં ભેળવ્યો પણ એને રાખીને. નિશ્ચયનો વિષય તદ્દન અભેદ. એ વિષય કરનાર પર્યાય. એનો વિષય અભેદ સામાન્ય. એ પણ પર્યાયમાં ઉભા રહીને આ સામાન્ય એમ નથી. ઝીણી વાત છેને.

**શ્રોતા :-** પર્યાયમાં ઉભા રહીને એનો અર્થ કરવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં ઉભા રહીને કે 'આ દ્રવ્ય છે, આ સામાન્ય છે' એમ નહિ. પર્યાય એ તરફ ઢળી ગઈ. આહાહા..! ઝીણી વાત, ભાઈ! પ્રેમચંદજી! આવે છેકે નહિ એ? નિહાલભાઈમાં આવે છે. છેને. ત્યાં તો એવી વાત છે. બહુ ઝીણી નથી. એ તો એના જ્ઞાનમાં આવે એવી ચીજ છે.

અહીંયાં તો કહે છે કે ચારિત્ર ક્યારે અને કેવી રીતે થાય છે? કે ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં-કરતાં ચારિત્ર-સ્થિરતા થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવી ગાથા છેને એમાં?

સમયસારમાં છે ભેદ-અભ્યાસની ગાથા છે. ઓલામાં લખ્યું છે મારામાં. નથી? છે? આ? લખ્યું છે ખરું. એમ લખ્યું છે. આમાં ને આમાં હશે ૨૦૫. આ તો નવું છેને. વાંચ્યું હોય એમાં લખ્યું હોય. છે ૨૦૫? હા ઈ, એમાં છે. ત્યાં એ છે. **'एवं भेदब्भासं जो कुव्वइ'**. છે ભાઈ! પ્રત્યાખ્યાન (અધિકારમાં) ૧૦૬ ગાથા.

**एवं भेदब्भासं जो कुव्वइ जीवकम्मणो णिच्चं।**
**पच्चक्खाणं सक्कदि धरिदुं सो संजदो णियमा।।१०६।।**

એ શબ્દ અહીં લીધો છે. આ પ્રતિક્રમણ છે અને ઓલું છે પ્રત્યાખ્યાન. વાત તો જેવી છે એવી બરાબર નક્કી કરવી જોઈએને. ભાઈ! આહાહા..! વીતરાગમાર્ગ છે બાપુ આ! આ કેવળીએ કહેલો માર્ગ છે, આ કોઈ કલ્પિત નથી. આહાહા..!

કહે છે કે '**પૂર્વોક્ત...**' પાંચ ગાથા ગઈને? '**પંચરત્નોથી શોભિત અર્થપરિજ્ઞાન (-પદાર્થના જ્ઞાન)** વડે...' પદાર્થના પરિજ્ઞાન દ્વારા. અભેદનું જ્ઞાન થયું એ પદાર્થનું પરિજ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાન થયું પર્યાયમાં, પણ થયું અભેદનું.

**શ્રોતા :-** અભેદ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભેદ એટલે દ્રવ્યસ્વભાવ એકરૂપ છે એનું. એ તો પહેલાં આવ્યુંને, પાંચ રત્નમાં ન આવ્યું? આ નહિ... આ નહિ... આ નહિ... આ નહિ... બસ, આ નહિ. ખરેખર તો ગુણસ્થાન.. ખુબી શું કરી છે એમાં? કે ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ અને માર્ગણાભેદ એ હું નથી. આહાહા..! પર્યાયનો ભેદ પડે છેને કે આ મતિ અને શ્રુત એ હું નહિ. હું તો ત્રિકાળી અભેદ છું. આહાહા..! સમજાણું કાંઈ? એમ પર્યાય નિર્ણય કરે છે. એમ કહેવું કે બોલવું એ તો ભાષા છે. પર્યાયમાં હું ત્રિકાળ શુદ્ધ ધ્રુવ, હું ધ્રુવ છું. એટલે કે હું ધ્રુવ છું એવો વિકલ્પ નથી, આહાહા..! પણ સન્મુખતા થઈ કે આ. આ. પર્યાય ત્યાં આગળ ઢળી. છતાં ઢળી છતાં પર્યાય અને દ્રવ્ય એક નથી થઈ ગયા. પર્યાય પર્યાય તરીકે રહીને દ્રવ્યનું જ્ઞાન કર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણો ભાવ છે, ભાઈ! માર્ગ બહુ સૂક્ષ્મ છે.

એ '**અર્થપરિજ્ઞાન વડે...**' ત્યાં કહ્યું હતુંને. ચૌદ ગુણસ્થાન ભેદ. એણે ખુબી શું કરી છે? કે જે ગુણસ્થાનભેદ, માર્ગણાભેદ એ બધો પરવિષય છે, એ પરવિષય છે અને વસ્તુ જે અખંડ છે એ સ્વવિષય છે. આહાહા..! વિષય કરનારી પર્યાય, પણ એ પર્યાયમાં પરવિષયનો આશ્રય કરે તો બંધનું કારણ છે. એ પર્યાય સ્વદ્રવ્ય ત્રિકાળને વિષય કરે તે અબંધના પરિણામ. તો એ સાચું અર્થપરિજ્ઞાન થયું. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! સૂક્ષ્મ વાત છે, ભગવાન! શું કરે? વીતરાગમાર્ગ એવો સૂક્ષ્મ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. જેવું છે એવું ભગવાને કહ્યું છે. આમ નથી અને આમ થશે એમ છે? આમ છે.

'**જીવનો અને કર્મપુદ્ગલનો ભેદ-અભ્યાસ થતાં,...**' જીવ નામ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ. આહાહા..! જે શુદ્ધભાવમાં આવ્યું હતું. શુદ્ધભાવ એ ધ્રુવભાવ, અભેદભાવ. એનો નિર્ણય

કરનારી પર્યાય. સમજાણું કાંઈ? પર્યાય અને દ્રવ્ય, બે જો (એક થઈ) જાય તો વિષય કરનાર કોણ રહ્યું? સમજાણું કાંઈ? પર્યાય અને દ્રવ્ય બે એક થઈ જાય (તો) વિષય કરનાર કોણ પછી? પર્યાયે દ્રવ્યનું ધ્યાન કરવું, પણ ધ્યાન કરનાર કોણ? સમજાણું કાંઈ? મોટો ફેર. ઉગમણો-આથમણો ફેર છે. દૃષ્ટિમાં વિપરીતતા છે. આહાહા..! કહે છે કે '**જીવનો...**' જીવ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ '**અને કર્મપુદ્‌ગલનો...**' આમ ભેદ. પરથી ભેદ પાડે છે તો લક્ષ તો દ્રવ્ય ઉપર જાય છે. સમજાણું કાંઈ? '**જીવનો અને કર્મપુદ્‌ગલનો ભેદ-અભ્યાસ થતાં, તેમાં જ જે મુમુક્ષુઓ સર્વદા સંસ્થિત રહે છે,...**' જુઓ, રાગથી ભિન્ન પોતાના દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ કરીને પર્યાયમાં સંસ્થિત રહે છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ!

'**તેમાં જ જે મુમુક્ષુઓ સર્વદા સંસ્થિત રહે છે,...**' પરથી ભિન્ન કરીને પોતાના અભિન્ન સ્વભાવમાં સંસ્થિત રહે છે તે ચારિત્ર છે. સમજાય છે કાંઈ? ભાઈ! વાત છે આ તો મોટો માર્ગ છે તો એને એ રીતે સમજવો પડશેને. એમાં ઓછું, અધિક અને વિપરીત થાય તો વિપરીત દૃષ્ટિ થઈ જાય એ તો. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે '**જીવનો અને કર્મપુદ્‌ગલનો ભેદ-અભ્યાસ થતાં, તેમાં જ જે મુમુક્ષુઓ...**' પરથી ભિન્ન કરીને નિજદ્રવ્ય ઉપર લક્ષ કરે છે તો પર્યાયમાં સંસ્થિત થાય છે. સમજાણું કાંઈ? આ દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર ન મળે, નામ ન મળે અને પછી કહે... આહાહા..! કાર્ય તો પર્યાયમાં થાય છેને. ધ્રુવ કારણમાં કાંઈ કાર્ય નથી. કાર્ય તો પર્યાયમાં થાય છે, પણ કોના આશ્રયે? ત્રિકાળી દ્રવ્યને આશ્રયે. એ કારણપરમાત્મા અને આ કાર્ય. સમજાણું કાંઈ? કાર્ય અને કારણ એક દૃષ્ટિમાં લે તો વસ્તુ રહી નહિ કાંઈ. વસ્તુ જ રહી નહિ ભિન્ન. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બરાબર સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી સમજાણું? ઠીક. વધારે સ્પષ્ટિકરણ માગે છે એમ કહે છે.

કારણપરમાત્મા કહો કે પરમસ્વભાવભાવ ધ્રુવ ત્રિકાળ કહો, તો એને કારણપરમાત્મા કેમ કહ્યો? એ તો પ્રશ્ન થયો હતોને? ભાઈ! વીરજીભાઈને શું કહેવાય એ? વારિયા. વારિયા ત્રિભુવનભાઈએ પ્રશ્ન કર્યો હતો કે કારણપરમાત્મા છે તો કાર્ય તો થવું જ જોઈએ. જ્યારે તમે કહો કે આત્મા કારણપરમાત્મા છે તો એનું કારણ હોય તો કાર્ય થવું જોઈએ. પણ કોને? જેને કારણપરમાત્માનો પર્યાયમાં સ્વીકાર થયો એને કારણપરમાત્મા છે અને એને કાર્ય થાય છે. એય..! પોપટભાઈ!

**શ્રોતા :-** કારણપરમાત્મામાં પર્યાય તો આવી ગઈને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, પર્યાય ક્યાં આવી? કારણપરમાત્માનો સ્વીકાર કરનાર પર્યાય. એ કાર્ય. પહેલા થોડું કાર્ય છે. આમ કેવળજ્ઞાન કાર્ય પૂર્ણ કહ્યું એ કાર્યપરમાત્મા, પણ કાર્યપરમાત્મા એ પર્યાય છે. પણ કોની? કે કારણપરમાત્માની પર્યાય છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથનો આશ્રય લીધો. પૂર્ણ આશ્રય થયો તો કાર્ય થઈ ગયું. અપૂર્ણ આશ્રયમાં સમ્યગ્દર્શન, મધ્યમ

આશ્રયમાં ચારિત્ર, ઉત્કૃષ્ટ આશ્રયમાં કેવળજ્ઞાન. સમજાણું કાંઈ?

કહે છે '**પંચરત્નોથી શોભિત અર્થપરિજ્ઞાન વડે...**' આહાહા..! હું નિશ્ચયનયના બળે. એમ આવ્યું હતુંને એમાં? નિશ્ચયનયના બળે, દ્રવ્યાર્થિકનયના બળે અને હું તો પરમભાવસ્વભાવવાળોને.. એમ આવ્યું હતુંને? જુઓ, એમાં આવ્યું હતું. પરમભાવસ્વભાવવાળા એવા મને નથી. તો નથી એ પરિણતિ તો પર્યાય છે. સમજાણું કાંઈ? આહાહા..! હું પરમભાવસ્વભાવ, પરમભાવસ્વભાવ (છું) એ પર્યાયમાં નિર્ણય થયો. પરમભાવસ્વભાવ ત્રિકાળ એ પર્યાયમાં નિર્ણય થયો. તો હું પરમભાવસ્વભાવવાળાને એ ભેદ મારામાં નથી. ગુણસ્થાનભેદ અને જીવસ્થાનભેદ એ મારામાં નથી. આહાહા..! અને એનો વિષય કરવો પર્યાયના ભેદનો એ તો વિકલ્પ ઉઠે છે. પરવિષયમાં તો વિકલ્પ ઉઠે છે. સ્વવિષયમાં નિર્વિકલ્પતા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ સમજવાની જરી.. સમજાણું કાંઈ? શેઠ! એમ ને એમ જિંદગી કાઢી નાખી. આ નિર્ણય કરવો પડશે. આ પૈસા-પૈસામાં ધૂળમાં કાંઈ નથી. આહાહા..! ભગવાન આત્મા એકકોર રામ. અમારા શેઠે કહ્યું હતું એક ફેરી નહિ? શોભાલાલજી. એકકોર રામ અને એકકોર ગામ. આહાહા..!

એકકોર ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો વિષય અને એકકોર પર્યાય આદિ ભેદનો વિષય બે તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? એ નિર્ણય કરે છે પર્યાય. આહાહા..! દ્રવ્યમાં નિર્ણય ક્યાં કરવો છે? આહાહા..! પરથી ભિન્ન કરતાં-કરતાં, સ્વરૂપમાં સ્થિરતા કરતાં-કરતાં પહેલા દ્રવ્યની દૃષ્ટિ તો થઈ પરથી ભેદ કરીને, પણ હવે પરના જેટલા રાગાદિ છે એનાથી ભેદ કરતાં-કરતાં સ્થિર થઈ ગયો એનું નામ ચારિત્ર છે. આહાહા..! આ પંચમહાવ્રતના વિકલ્પ એ કોઈ ચારિત્ર નથી. આકરું બહુ ભારે કામ. આહાહા..! નિર્જરા અધિકારમાં આવે છેને સમયસાર નાટકમાં, ગ્રંથ રચે, ચર્ચા કરે, નગ્ન થયે, પંચમહાવ્રત પાળે તોપણ સમ્યક્જ્ઞાન વિના એ થોથા છે. છેને? છે ક્યાંક. પુસ્તક નથી અહીંયા? આત્મ-અનાત્મની સત્તા. આત્મ-અનાત્મની સત્તાનું ભાન ન મળે એ ચાહે તો નગ્ન હોય, પંચમહાવ્રત ધારણ કરે, ક્લેશ કરો, ક્રિયાકાંડ કરો, ગ્રંથ રચો એવું છે એમાં હોં. એમાં શું થયું? એ તો બધા વિકલ્પ છે. અહીં પુસ્તક રાખ્યું નથી. સમયસાર નાટક. આ સમયસાર નાટક છે? પણ ઓલામાં ચિહ્ન છે મારામાં હોં. આમાં ચિહ્ન નથી. નિર્જરાને? જુઓ, એ આવે છે.

'**ग्रन्थ रचै चरचै सुभ पंथ, लखै जगमैं विवहार सुपत्ता। साधि संतोष अराधि निरंजन, देइ सुसीख न लेइ अदत्ता।**' ઉપદેશ પણ દે અને અદત્ત ન લે. '**नंग धरंग फिरै तजि संग,**' પરનો સંગ છોડીને નગ્ન રહે. '**छकै सरवंग मुधारस मत्ता।**' અજ્ઞાન રસમાં ઉન્મત્ત છે, પરલક્ષમાં ઉન્મત્ત છે. આહાહા..! '**ए करतूति करै सठ पै, समुझै न अनातम-आतम-सत्ता।।**' આહાહા..! બે વાત છે. '**ध्यान धरै करै इंद्रिय-निग्रह, विग्रहसौं न गनै निज नत्ता।**' શરીરથી નાતો નથી, તોડી નાખ્યો. '**त्यागि विभूति**'

ગૃહસ્થાશ્રમની વિભૂતિ, પૈસા-બૈસા છોડી દીધા. '**विभूति मढै तन**,' આ રાખથી લોચ કરે છેને. રાખ-રાખ. '**जोग गहै भवभोग-विरत्ता। मौन रहै लहि मंदकषाय, सहै बध बंधन होइ न तत्ता। ए करतूति करै सठ पै, समुझै न अनातम-आतम-सत्ता।।**' અનાત્મા ભિન્ન છે, આત્મા ભિન્ન છે. આહાહા..! ખરેખર તો પર્યાયને જ વ્યવહારઆત્મા કહ્યો છે. આહાહા..! આવી ગયું ૩૮ ગાથામાં. પર્યાયમાત્ર નાશવાન છે. કેવળજ્ઞાનની પર્યાય નાશવાન છે. અવિનાશી તો ત્રિકાળી ધ્રુવસ્વરૂપ એ અવિનાશી છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ પણ... આહાહા..! સત્યનું સ્વરૂપ જ એવું છે. આહાહા..!

કહે છે, એવા '**પંચરત્નોથી શોભિત...**' ઓહોહો..! ખૂબી શું કરી? કે જીવસ્થાન, ગુણસ્થાન, માર્ગણાસ્થાન બધા ભેદ છે. ભેદ એ સ્વવિષય નથી, એ દ્રવ્યદૃષ્ટિનો સમ્યગ્દર્શનનો વિષય નથી. સમજાણું કાંઈ? ભેદમાત્ર, ગુણસ્થાન ભેદમાત્ર દર્શનનો વિષય નથી. આહાહા..! એ વ્યવહારનો વિષય થયો. આહાહા..! અભેદ ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ એની દૃષ્ટિ કરીને, રાગથી ભિન્ન પડવાનો જેણે અભ્યાસ કર્યો એને દૃષ્ટિ તો થઈ, પણ અંદર રાગ આવે છે એને ભિન્ન પાડતાં-પાડતાં અંદરમાં સ્થિર થયો એનું નામ ચારિત્ર છે. આહાહા..! કહો, દિગંબર મુનિ એમ કહે છે. આહાહા..!

**શ્રોતા :-** ચોથા કાળની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોથા કાળની વાત છે આ (એમ કહીને) શેઠ બચાવ કરે છે. અત્યાર સુધી બધા ગપ્પ માર્યા છેને બધા. સાધુ આવે અને પછી આહાર-પાણી લીધા હશે જૂઠા બોલીને. બનાવે એના માટે અને બોલે એમ આહાર શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ. એય..! શેઠ! નહિ? આ તો દૃષ્ટાંત. બધા એમ કરે છેને. આહાર-પાણી એના માટે બનાવેલા અને બોલવું કે શુદ્ધ છે, ઈ માયા-મિથ્યાત્વ છે. આહાહા..! એવો એક શ્લોક આવે છે. સાચામાં સમકિત વસે, માયામાં મિથ્યાત્વ. એ શ્લોક બોલતા પહેલા. સત્યમાં સમકિત વસે, માયામાં મિથ્યાત્વ. આહાહા..! એવું કપટ કરીને એમ માનવું, બોલવું (એ મિથ્યાત્વ છે). છે અશુદ્ધ અને માનવું શુદ્ધ! એ તો .. છે એ તો કહે છે. એની તો વાત કરી, શેઠ! આહાહા..!

'**એવો જીવનો અને કર્મપુદ્ગલનો ભેદ-અભ્યાસ થતાં,...**' અભ્યાસનો અર્થ પર્યાય દ્રવ્ય તરફ ઢળતા અને રાગથી ખસવાથી. સમજાણું કાંઈ? આહાહા..! '**એમાં જે જે મુમુક્ષુઓ સર્વદા સંસ્થિત રહે છે,...**' આહાહા..! એ મોક્ષનો અભિલાષી આત્મા રાગથી આત્માને ભિન્ન પાડતાં-પાડતાં પહેલી દૃષ્ટિ તો થઈ, પછી ભિન્ન પાડતાં-પાડતાં સમકિત થયું, ચારિત્ર થયું પર્યાયમાં. આહાહા..! '**તેઓ તે (સતત ભેદાભ્યાસ) દ્વારા મધ્યસ્થ થાય છે...**' વીતરાગ પર્યાય થાય છે એમ કહે છે. આહાહા..! શુદ્ધોપયોગરૂપી વીતરાગદશા થાય છે એમ કહે છે. આહાહા..! અને એ શુદ્ધોપયોગ એ જૈનશાસન છે એમ કહ્યુંને? ૧૫મી ગાથા. '**जो पस्सदि अप्पाणं**' આત્માને અબદ્ધ દેખે દૃષ્ટિ. નિયત, અવિશેષ, અસંયુક્ત. '**पस्सदि**

**जिणसासणं सव्वं**' આહાહા..! એ જિનશાસન પર્યાય છે. સમજાણું કાંઈ? શુદ્ધોપયોગ એ પર્યાય છે, એને જૈનશાસન કહ્યું, પણ એ ઉપયોગ કોનો કર્યો? અબદ્ધસ્પૃષ્ટ આત્મા. અબદ્ધસ્પૃષ્ટ. બદ્ધ નહિ, રાગથી બદ્ધ નહિ, ગુણભેદ નહિ, વિશેષ વિશેષ નહિ, એવી ચીજ જે છે એની દૃષ્ટિ થઈ, શુદ્ધોપયોગ થયો, તો એ શુદ્ધોપયોગ એ જૈનશાસન છે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

એ કહ્યુંને ૧૫મી ગાથામાં? ૧૪મીમાં દર્શનપ્રધાન કથન, ૧૫મીમાં જ્ઞાનપ્રધાન. અનુભૂતિ, આત્માની અનુભૂતિ કહો કે આત્માનું ભાન કહો કે આત્માની શ્રદ્ધા કહો કે જ્ઞાનની શ્રદ્ધા કહો, આત્માની અનુભૂતિ કહો કે જ્ઞાનની અનુભૂતિ કહો, બેય એક છે. સમજાણું કાંઈ? જ્ઞાન તે આત્મા. ત્રિકાળ ભગવાન તે આત્મા. આહાહા..! એ ૩૮ ગાથામાં લીધું હતું. એને જ આત્મા કહે છે. નિશ્ચયઆત્મા એ છે. પર્યાય તો વ્યવહારઆત્મા છે, અભૂતાર્થ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આવી વાત. જૈનમાં હજી સમજવાને કઠણ એમાં અન્યમતિને તો ક્યાં બિચારાને ગજા એના! આહાહા..!

કહે છે '**(સતત ભેદાભ્યાસ) દ્વારા મધ્યસ્થ થાય છે અને તે કારણથી એ પરમ સંયમીઓને...**' આહાહા..! રાગથી ખસીને વીતરાગ પર્યાયમાં રહે છે તો એવા સંયમીઓને. આહાહા..! '**તે કારણથી...**' આ કારણે. રાગથી ભિન્ન કરતાં-કરતાં અંદરમાં સ્થિરતા કરે છે. એ '**સંયમીઓને વાસ્તવિક ચારિત્ર થાય છે.**' તેને યથાર્થ ચારિત્ર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પંચમહાવ્રતનો વિકલ્પ જે છે એનાથી પણ ભેદ કરતાં-કરતાં સ્થિર થવું તે ચારિત્ર છે. આહાહા..! '**તે ચારિત્રની અવિચળ સ્થિતિના હેતુએ...**' જુઓ હવે. એ ચારિત્ર જે સ્થિર વીતરાગદશા છે એની અવિચળ સ્થિતિ—ચળે નહિ એવી રમણતાનો હેતુ '**પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે.**' નિશ્ચયક્રિયા હોં. સાચી ક્રિયા. દ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થયેલી નિર્વિકલ્પ ક્રિયા. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય જે પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય કરવાથી સ્થિરતા જે ઉત્પન્ન થઈ એ બધા ક્રિયાના ભેદ છે. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન એ સત્ ક્રિયા. નિર્વિકલ્પ દશા એ સત્ ક્રિયા. સમજાણું કાંઈ? '**નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે.**' ક્રિયા એટલે નિર્મળ પર્યાય. આહાહા..!

નિર્મળ પર્યાયનું ધ્યેય દ્રવ્ય છે. દ્રવ્યમાં એકાકાર થાય છે. એ દ્રવ્યમાં એકાકાર થાય છે એમ કહેવામાં આવે છે. એકાકાર તો પર્યાય છે, પણ એ દ્રવ્ય તરફ એકાકાર છે તો એ નિશ્ચયક્રિયા પ્રતિક્રમણ આદિ નિર્વિકલ્પ ક્રિયા, વીતરાગી પર્યાયની ક્રિયા એ કહેવામાં આવે છે એમ કહે છે. ક્રિયા ત્રણ પ્રકારની—એક તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય પલટો થાય છે. પરદ્રવ્યનો પલટો એ ક્રિયા પરની; અને રાગની, અંદર વિકલ્પ મહાવ્રતાદિનો છે એ ક્રિયા વિભાવિની અને આત્માને અવલંબે સત્ ક્રિયા જે થાય છે એ નિર્વિકલ્પદશા, એ શુદ્ધોપયોગ. આહાહા..! એ શુદ્ધોપયોગની ક્રિયાની આ વાત છે. શુદ્ધોપયોગ છે પર્યાય, પણ શુદ્ધોપયોગ થયો કેમ?

અબદ્ધસ્પૃષ્ટની દૃષ્ટિ કરવાથી શુદ્ધોપયોગ થયો. સમજાણું કાંઈ? વિષય ગહન અને સમજ્યા વિના ગડબડ કરે. કલ્પનાથી ગડબડ કરે કે આમ છે ને તેમ છે. પર્યાય અને દ્રવ્યનો ભેદ ન પાડવો; પણ ભેદ ન પાડવો એટલે શું? પર્યાય પણ દ્રવ્યમાં ભેળવી દેવી અને એની શ્રદ્ધા કરવી એમ? તદ્દન વિપરીત દૃષ્ટિ.

અહીં કહે છે કે પરથી ભિન્ન પાડતાં-પાડતાં પોતાના દ્રવ્યસ્વભાવમાં મધ્યસ્થ જ્યાં થયો, વીતરાગ પર્યાય થઈ તેને ચારિત્ર કહે છે. '**તે ચારિત્રની અવિચળ સ્થિતિના હેતુએ પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા...**' જુઓ, '**કહેવામાં આવે છે. અતીત** (**ભૂતકાળના**) **દોષોના પરિહાર અર્થે જે પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે તે પ્રતિક્રમણ છે.**' અતીત ભૂતકાળના દોષોથી પરિહાર ખસીને પોતામાં સ્થિર થવું એ પ્રાયશ્ચિત કરવામાં આવે છે, તેને પ્રતિક્રમણ કહે છે. આહાહા..! '**આદિ શબ્દથી પ્રત્યાખ્યાનાદિ...**' જે આગળ આવશેને બધું આલોચના, પ્રત્યાખ્યાન, સમાધિ, ભક્તિ, એ બધા આદિનો '**સંભવ કહેવામાં આવે છે.**' બધી ક્રિયાનો સંભવ એમાં કહેવામાં આવે છે. '(**અર્થાત્ પ્રતિક્રમણાદિમાં જે આદિ શબ્દ છે તે પ્રત્યાખ્યાન વગેરેનો પણ સમાવેશ કરવા માટે છે**).' આહાહા..! આલોચના, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, ભક્તિ, સમાધિ, સામાયિક એ બધી નિર્વિકલ્પ પર્યાય છે. શુદ્ધોપયોગરૂપી પર્યાય છે. આહાહા..!

**શ્રોતા :-** એક પર્યાયના એટલા બધા નામ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અપેક્ષાથી. ગયા કાળમાંથી ખસ્યો એને પ્રતિક્રમણ કહ્યું, છે તો શુદ્ધોપયોગ; વર્તમાનમાંથી ખસ્યો એને વર્તમાન આલોચનાનો શુદ્ધોપયોગ, ભવિષ્યમાંથી લક્ષ છોડીને અંદરમાં આવ્યો તે પ્રત્યાખ્યાન શુદ્ધોપયોગ. ઉપયોગ તો શુદ્ધોપયોગ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? વર્તમાન રાગથી, પરથી ખસીને દ્રવ્યસ્વભાવનું ધ્યાન કરીને જે ઉપયોગ થયો એ ઉપયોગ શુદ્ધોપયોગ છે. પછી શુદ્ધોપયોગના પ્રકાર કે ગયા કાળની અપેક્ષાએ એને પ્રતિક્રમણ કહેવું, વર્તમાનની અપેક્ષાએ સંવર નામ આલોચના કહેવી, ભવિષ્યની અપેક્ષાએ એને પ્રત્યાખ્યાન કહેવું. આહાહા..! સંસારના ચોપડાના વાંચનની ધ્યાનક્રિયામાં આ ધ્યાન પણ કર્યું નથી કોઈ દિ'. આહાહા..!

**શ્રોતા :-** આનંદ આવે છે એ ખબર નથી પડતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પડે છે. આનંદ આવે એ ખબર પડેને. શુદ્ધોપયોગ એ આનંદ છે, આનંદની પર્યાય છે. સમજાણું કાંઈ? ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ એનો આશ્રય કરવાથી જે પર્યાય થઈ એ તો આનંદ આવ્યો. આહાહા..! ચારિત્ર એ આનંદની પર્યાય છે. ચારિત્ર એ શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયદશાની પર્યાય છે. સમજાણું કાંઈ? એને અહીંયાં સત્ક્રિયા કહેવામાં આવે છે. રાગાદિ પ્રતિક્રમણ આદિ, વ્યવહારપ્રતિક્રમણ આદિ એ અસત્ક્રિયા છે. આહાહા..! બહુ વાત (સૂક્ષ્મ).

'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'

(अनुष्टुभ्)

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।

એ સંવર અધિકાર. '**શ્લોકાર્થ :- જે કોઈ સિદ્ધ થયા છે...**' અત્યાર સુધી જે કોઈ પરમાત્મા મોક્ષ ગયા, સિદ્ધ થયા અત્યાર સુધી અનંતકાળથી. છ માસ અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિ પામે છે. છ માસ અને આઠ સમયમાં ૬૦૮. અત્યાર સુધી એટલા સિદ્ધ થયા. એ '**જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...**' પરથી ખસીને સ્વભાવમાં એકાગ્ર થવાથી થયા છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...**' ભેદવિજ્ઞાન એ પર્યાય છે, નિર્મળ પર્યાય છે. એવા ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. '**જે કોઈ બંધાયા છે...**' આહાહા..! '**તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.**' કર્મથી બંધાણા છે અને કર્મના ઉદયને કારણે બંધાણા છે એમ નથી લીધું અહીંયાં. આહાહા..! રાગથી ભિન્ન કરવાનો અભાવ, એનાથી બંધાયા છે. આહાહા..! રાગથી ભિન્ન કરીને પોતાના દ્રવ્યનો આશ્રય કરીને જે જ્ઞાનની પર્યાય નિર્મળ વીતરાગી થઈ એનાથી મુક્તિ થાય છે. અને જેટલો બંધ પડ્યો અત્યાર સુધી એકેન્દ્રિયથી, નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયકે ગયો દિગંબર સાધુ થઈને, એને ભેદજ્ઞાનના અભાવથી બંધ પડ્યો છે. રાગથી ભિન્નતાનો અભાવ હોવાથી બંધન થાય છે. કર્મના ઉદયથી બંધન થાય છે અને ફલાણાથી એમ અહીંયા નથી. આહાહા..!

રાગથી ખસીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. એ છઠ્ઠી ગાથામાં કહ્યુંને કે પરનું લક્ષ છોડીને. પરનો અર્થ અહીંયા રાગ નહિ. પરદ્રવ્ય, ઉદયભાવ જડનો. એ તરફનું લક્ષ છોડીને. ત્યાંથી લક્ષ છોડ્યું તો અહીં દ્રવ્ય ઉપર લક્ષ ગયું. રાગથી છૂટવું એ તો પર્યાયથી છૂટવું. એટલી તો પૂર્ણતા છે નહિ. પરનું લક્ષ છોડીને પરદ્રવ્ય અને પરદ્રવ્યનો ભાવ હોં! સ્વદ્રવ્યના વિકારીભાવ એ નહિ. પરદ્રવ્ય અને પરદ્રવ્યનો ભાવ, એની પર્યાય. એનું લક્ષ છોડીને સ્વદ્રવ્યની ઉપાસના કરનાર, ઉપાસના એ પર્યાય છે પણ દ્રવ્યની ઉપાસના કરી. લક્ષ ત્યાંથી છૂટ્યું અને અહીં લક્ષ ગયું. સમજાણું કાંઈ? તો જેણે નિજદ્રવ્યની ઉપાસના કરી એ ઉપાસના કરનારને ત્રિકાળી શુદ્ધ છે એમ અનુભવમાં આવ્યું. એમ કહે કે શુદ્ધ છે... શુદ્ધ છે... શુદ્ધ છે... એમ નથી. સમજાણું કાંઈ? એમ કે શુદ્ધ તો આપણે બધા જાણીએ છીએ. એમ કહેતા હતા એ બાજુથી. નામ નથી લેતા. આત્મા શુદ્ધ છે એ તો બધા જાણે છે. હવે અશુદ્ધતા ટાળવી કેમ એ કરવું છેને. અરે ભાઈ! વ્યવહારનું વજન હતું એનું. સમજતા નથી. શુદ્ધ છે, પવિત્રનો પિંડ છે એવો સ્વીકાર દૃષ્ટિએ કર્યો એને એ શુદ્ધ છે. છે એનું જ્ઞાન થયા વિના છે ક્યાંથી આવ્યું?

સમજાણું કાંઈ? આહાહા..! એ તો કહ્યું હતું કાલે કે કારણપરમાત્મા છે અને કાર્ય કેમ નથી થતું? પણ કારણપરમાત્મા છે એ કઈ પર્યાયે સ્વીકાર કર્યો? પર્યાયમાં એમ આવ્યું કે આ વસ્તુ આવી છે, ત્યારે કારણપરમાત્માની હયાતીની શ્રદ્ધા થઈ. શ્રદ્ધા થઈ તો સમ્યગ્દર્શનરૂપી કાર્ય થયા વિના રહે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'જે કોઈ સિદ્ધ થયા...'** એક જ માર્ગ **'ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...'** છેને. ભેદજ્ઞાન ન કહેતા ભેદવિજ્ઞાન શબ્દ વાપર્યો છે. પરથી ભેદ પાડીને પોતામાં એકાકાર થયો છે. આહાહા..! એનાથી અનંત સિદ્ધ થયા છે. અને **'જે કોઈ બંધાયા છે તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.'** રાગથી ભિન્ન પાડવાનો અભાવ અને રાગની એકતાનો ભાવ એનાથી બંધાયા છે. આહાહા..! સમજાણું કાંઈ? નિગોદનો જીવ પણ ભેદજ્ઞાનના અભાવથી બંધાયા છે. કોઈ કર્મથી બંધાણા છે અને કર્મને કારણે બંધાણા છે એમ નથી. આહાહા..! જેણે રાગ અને નિમિત્તથી ભિન્ન, એવા ભાવનો જેમાં અભાવ છે અર્થાત્ એક સમયની પર્યાયનો સ્વીકાર એ પણ મૂઢતા મિથ્યાત્વ છે. ૯૩માં આવ્યુંને? એની ટીકા કરી છે યશોવિજયે. શ્વેતાંબર છે. પર્યાયમૂઢ તમે કહો તો વેદાંત થઈ જશે. અરે! સાંભળતો ખરો. એક સમયની પર્યાય જેવડો છું એમ માનવું તો પર્યાય મૂઢજીવ છે. અનાદિકાળથી એ પર્યાયમાં જ (પોતાનું અસ્તિત્વ) માની રહ્યો છે. પણ પર્યાયમાં દ્રવ્ય શું છે... આહાહા..! સમજાણું કાંઈ? એવા દ્રવ્યનો સ્વીકાર નથી એ પર્યાયમાં મૂઢ એમ કહેવું છે. કુંદકુંદાચાર્ય ૯૩ ગાથા. એની ટીકા કરી યશોવિજયે શ્વેતાંબર. પર્યાય મૂઢ કહો તો પર્યાય એની નથી? પર્યાય ન હોય તો વેદાંત થઈ જશે. અરે! એમ નથી, સાંભળતો ખરો.

એક સમયની પર્યાય જે અનંતગુણની છે એ એવડો આત્મા છે (એમ માનનાર) મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આત્મા તો એટલી પર્યાયથી રહિત ત્રિકાળ દ્રવ્ય જે સામાન્ય સ્વરૂપ ધ્રુવ છે તે આત્મા. એ પર્યાયમૂઢ નથી થયો, દ્રવ્ય જાગૃત થયું. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો (છે), ભાઈ! દિગંબર ધર્મ એ કોઈ અલૌકિક ચીજ છે. દિગંબર સંતોએ વાત કરી છે. કેવળજ્ઞાનીના પેટ ખોલીને વાત કરે છે. આહાહા..! જેમાં પહોંચવા માટે ઘણો પુરુષાર્થ જોઈએ. સમજાણું કાંઈ? **'અભાવથી બંધાયા છે.'**

**'વળી, (આ ૮૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ** શ્લોક કહે છે) :—'

(मालिनी)

इति सति मुनिनाथस्योच्चकैर्भेदभावे
स्वयमयमुपयोगाद्राजते मुक्तमोहः।
शमजलनिधिपूरक्षालितांहःकलंकः
स खलु समयसारस्यास्य भेदः क एषः।।११०।।

આહાહા..! ‘શ્લોકાર્થ :- **આ રીતે જ્યારે મુનિનાથને અત્યંત ભેદભાવ (ભેદવિજ્ઞાનપરિણામ) થાય છે,...**’ આહાહા..! ‘**ત્યારે આ (સમયસાર) સ્વયં ઉપયોગ હોવાથી,...**’ આહાહા..! ‘**સ્વયં ઉપયોગ હોવાથી,...**’ ભેદજ્ઞાન કરતાં અત્યંત ભેદભાવ થયો તો એ ‘**(સમયસાર) સ્વયં ઉપયોગ હોવાથી, મુક્તમોહ (મોહરહિત) થયો થકો,...**’ આહાહા..! ‘**શમજલનિધિના પૂરથી...**’ પર્યાયમાં. સમતાનો પિંડ પ્રભુ ત્રિકાળ, સમરસનો પિંડ આત્મા. એ પરથી ભિન્ન પાડીને સમરસનો આશ્રય થયો તો પર્યાયમાં સમરસજળનિધિ પ્રગટ થઈ. ‘**શમજલનિધિના પૂરથી...**’ આહાહા..! પર્યાયની વાત છે હોં ઈ. શુદ્ધોપયોગરૂપી શમજળ. પરથી ભિન્ન કરીને સ્વભાવ સન્મુખ શુદ્ધોપયોગ થયો એ શુદ્ધોપયોગ કેવો છે? કે શમજલનિધિ. સમતા જળનો તો સાગર છે એ પર્યાય. આહાહા..! લ્યો શેઠ! તમારા સાગર-ફાગર રહ્યા એકકોર. નિધિ છેને નિધિ? શમજલનિધિ.

‘**(ઉપશમસમુદ્રની ભરતીથી)...**’ જુઓ, જ્વાર આવી-ભરતી આવી અમારી ભાષામાં. બાઢ આવી. જેમ આ સંચો હોય છેને પાણીનો, શું કહેવાય? દાબે અને પાણી નીકળે. ફુવારા. ફુવારા-ફુવારા હોય છે કે નહિ? શમજલનિધિ ભગવાન આત્મા છે એમાં એકાગ્ર થયો તો પર્યાયમાં ફુવારો આવ્યો—શમજલનિધિનો ફુવારો આવ્યો. આહાહા..! સમતા-સમતા વીતરાગતા. વીતરાગ સ્વભાવ ત્રિકાળ, રાગથી ભિન્ન કરીને એમાં અભેદ થયો તો પર્યાયમાં શમજલનિધિ પ્રગટ થઈ. આહાહા..! ‘**(ઉપશમસમુદ્રની ભરતીથી) પાપકલંકને ધોઈ નાખીને,...**’ સંસારના વિકલ્પનો નાશ કરીને. સમજાણું કાંઈ? જે સંસારનો મળ છે એનો વ્યય કર્યો. ત્રિકાળી દ્રવ્ય છે ધ્રુવ એનો આશ્રય લઈ પર્યાયમાં શમજળનિધિનો ઉત્પાદ થયો. એ ઉત્પાદ, વિકારનો વ્યય અને ધ્રુવ ત્રિકાળ. આહાહા..! સમજાણું કાંઈ? આ રીતે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ છે.

**શ્રોતા :-** સમય એક છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમય એક. આ કહે છે જુઓને.

સ્વયં ઉપયોગ હોવાથી. આહાહા..! રાગથી લક્ષ છોડીને સ્વતરફના લક્ષમાં પરથી ભેદ કરીને જ્યારે પર્યાયમાં સ્વયં ઉપયોગ થયો, સ્વયં શુદ્ધોપયોગ થયો, એ સ્વયં શુદ્ધોપયોગ હોવાથી મુક્તમોહ (છે). મલિનભાવથી રહિત થયો. ‘**શમજલનિધિના પૂરથી...**’ આહાહા..! આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ગુણનો પિંડ ઉપર પર્યાયે જોર દીધું (ત્યાં) પર્યાયમાં (સમતાનું પુર) આવ્યું. સમતા... સમતા... સમતા... સમતા... સમતા... શુદ્ધોપયોગરૂપી સમતા વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ. આહાહા..! તેને અહીંયાં ઉપશમ સમુદ્રને જ્વાર કહી. જ્વાર કહે છેને? બાઢ આવી. આપણે ભરતી કહે છે. ઉપશમસમુદ્રની ભરતી આવી. આહાહા..! પર્યાયમાં હોં.

**શ્રોતા :-** એ પોતે જ પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પોતે પર્યાય છે. ઉત્પાદ.

શમજલનિધાન ઉત્પન્ન થયું એણે પાપકલંકને ધોઈ નાખ્યું. પૂર્વનો ઉદયભાવ હતો એનો નાશ કર્યો. એ વ્યય થયો, શમજલનિધિ ઉત્પન્ન થઈ, ધ્રુવનો આશ્રય લીધો. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે લાગે. માણસને અપવાસ કરવા, આ કરવું, ફલાણું કરવું, ભક્તિ કરવું, દાન કરવું, ઓલા વ્રતનું આવ્યું છેને મોટું એક. આ વ્રત ફલાણા દિવસે વ્રત, .. સુગંધ દશમીએ આ... એવું આવ્યું છે. ભિન્ન-ભિન્ન વ્રતની તિથિ. એમાં એ વ્રતની તિથિ એ તો વિકલ્પ છે. એ આવ્યું છે, છાપામાં આવ્યું છે. બધી વ્રતની હોયને તિથિ. ફલાણા શ્રાવણ વદ એકમથી ફલાણું શરૂ થાય છે એમ કાંઈક છે. મહિનાનું થાયને. શોડષકારણ. એ નામ છે બધાય. પણ એ તો બધા વિકલ્પની વાતું.

અહીં તો વિકલ્પથી પણ ભિન્ન પાડીને પોતાના સ્વભાવમાં એકાકાર થયો, ત્રિકાળ સ્વભાવમાં એકાકાર થયો તો શમજલનિધિ પર્યાયમાં આવી. આહાહા..! ઉપશમરસ, શાંતરસ, અકષાય પરિણામ ઉત્પન્ન થયા એ અકષાય પરિણામે કષાય પરિણામનો નાશ કર્યો. સમજાણું કાંઈ? એવી વાતું આવી ધર્મની. હવે આમાં એક સમયમાં આમ થાય. આહાહા..! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' આ. સમજાય છે કાંઈ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ મળીને તો પ્રમાણનો વિષય છે, નયનો વિષય નથી. સમજાણું કાંઈ? નય એક અંશને વિષય કરે છે, ભાઈ! પછી ભલે નિશ્ચય હોય તોપણ એક અંશ સામાન્યનો વિષય કરે છે, પર્યાયનો વિષય એનો નથી. નય એક દેશને વિષય કરે છે. નિશ્ચયનય કહો, દ્રવ્યાર્થિક શુદ્ધનય કહો, અભેદદૃષ્ટિ કહો, એ એક સામાન્ય અંશને પકડે છે, અને વ્યવહારનય વિશેષ અવસ્થાને પકડે છે. એ પણ એક અંશ છે. આ પૂર્ણ અંશ છે, આ એક ક્ષણિક અંશ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**(ઉપશમસમુદ્રની ભરતીથી) પાપકલંકને ધોઈને નાખીને, વિરાજે** (-શોભે) છે;...' આહાહા..! સ્વભાવનું લક્ષ કરીને, રાગથી ભિન્ન થઈને પર્યાયમાં શમજલ પર્યાય આવી, સમતા... સમતા.. અકષાય ભાવમાં ... થયો એણે કષાયભાવનો નાશ કર્યો.

વ્યય વ્યયને કારણે થાય છે, એવો એક બોલ છે. ઉત્પાદ ઉત્પાદથી થાય છે, વ્યય વ્યયથી થાય છે, ધ્રુવ ધ્રુવથી છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણે બોલ સ્વતંત્ર છે એમ છે. ૧૦૧ (ગાથા) પ્રવચનસાર. ઉત્પાદ ઉત્પાદથી છે. ઉત્પાદે વ્યય કર્યો એ પણ વ્યવહારનું કથન છે. વ્યય-વ્યયથી છે. વ્યય થયો તો ઉત્પાદ થયો એમ પણ નથી આહાહા..! અને ઉત્પાદ ધ્રુવથી થયો એમ પણ નથી. એનું લક્ષ ભલે કર્યું, પણ ઉત્પન્ન થયો પોતાથી. આહાહા..! અમરચંદભાઈ! આવો માર્ગ. આવી વસ્તુ છે. આહાહા..!

અરે! માંડ આવા અવસર મળ્યા, મનુષ્યપણામાં આવી ચીજ અને એ ચીજને જો યથાર્થપણે નહિ સમજે અને દૃષ્ટિ નહિ કરે તો ભાઈ! એ ક્યાં જશે? એ ક્યાં અવતરશે? એ દૃષ્ટાંત છે સમયસાર નાટક. વંટોળિયો શું કહે છે? બબુલા. વંટોળિયો થાય છેને. સમયસાર નાટકમાં. વંટોળિયો. તણખલું છે તણખલું ક્યાં જઈને પડશે? આહાહા..! એમ પોતાના સ્વભાવનું ભાન

નથી એ ક્યાં જઈને પડશે અવતારમાં? ઓહોહો..! કીડા, કાગડા, કૂતરા... આહાહા..! એ ભવસિંધુ એ વસ્તુ છે સંસાર. ચોર્યાશી લાખની યોનિમાં ઉત્પન્ન થવું એ ભાવ મિથ્યાત્વ છે. આહાહા..! આ ભગવાન આત્મા ભવ અને ભવના કારણરહિત સ્વરૂપ એ છે. એવી ચીજનો અંતર અનુભવ કરીને જે દૃષ્ટિ થઈ અને એકાકાર થઈને, પરથી ભિન્ન થઈને એકાકાર થઈને ચારિત્ર થયું એનાથી એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શમજલ વીતરાગની પર્યાય ઉત્પન્ન થાય છે અને સંસારના ઉદયનો નાશ થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પોપટભાઈ! આ ભાષા તો સાદી છે, ભાવ ભલે ઝીણા હોય. આહાહા..! અરે..! એને કરવાલાયક જે ચીજ છે એ પણ ખ્યાલમાં ન આવે. સમજાણું કાંઈ? આહાહા..!

પહેલા નહિ? ૩૮ ગાથામાં આવ્યું હતુંને, ભાઈ! ૩૮-૩૮. અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો શુદ્ધ સહજ પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ એવો કારણપરમાત્મા એવો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? છે? ૭૮ પાને છે, ૭૮ પાને. પહેલાં પેરેગ્રાફની ચોથી લીટી. પરમાત્મા કોને આત્મા કહે છે? કે **'અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે—એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.'** આહાહા..! ખરેખર આત્મા અને પર્યાય એ વ્યવહારઆત્મા, એ અભૂતાર્થ આત્મા. આહાહા..! ગજબ વાત છેને. આત્માના પણ બે પ્રકાર—એક વ્યવહારઆત્મા, એક નિશ્ચયઆત્મા, એક અસત્યાર્થ આત્મા, એક સત્યાર્થ આત્મા. આહાહા..! એવી વાત દિગંબર સંતોએ બહારમાં સ્પષ્ટ મૂકી છે. દુનિયા તુલના કરીને માનશે કે નહિ એની દરકાર એને નથી. માર્ગ આ છે. માનો, ન માનો. સમજાણું કાંઈ? આહાહા..!

**'તે ખરેખર આત્મા છે. અતિ-આસન્નભવ્યજીવોને એવા નિજપરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.'** એવું દ્રવ્ય એ જ ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પર્યાયસહિતનું કે પર્યાય વિનાનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ; પર્યાય વિનાનું. આહાહા..! એ તો કીધુંને. **'અનાદિ-અનંત અમૂર્ત...'** અનાદિ-અનંતમાં કોણ આવ્યું? દ્રવ્ય આવ્યું. **'અતીન્દ્રિય સ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ...'** ત્રિકાળ. પરમપારિણામિકભાવ. પર્યાય તો પારિણામિકભાવ છે. આ તો પરમપારિણામિકભાવ. **'જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.'** આહાહા..! એ આત્માનો નિર્ણય પર્યાયે કર્યો. સમજાણું કાંઈ? એવો આ આત્મા, પર્યાયે એ તરફનું લક્ષ કરીને 'આ આત્મા' એવો નિર્ણય કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? આ આત્મા છે, આવો આત્મા છે એ કોણે નક્કી કર્યું? કથનમાત્ર અહીંયા વાત નથી. પર્યાય. પર્યાયે એવો નિર્ણય કર્યો કે આ અનાદિ-અનંત આત્મા તે ખરેખર આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત! આહાહા..! પરમાત્માએ જગતને સ્પષ્ટ કરી નાખી વાત. અને એમાં ૩૮માં જ આવ્યું હતુંને ઈ? કેટલામું છે ઈ? શુદ્ધભાવ. ત્યાં જ

છે જુઓને. એ નીચે શ્લોકાર્થમાં આવ્યું છે.

'**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' ભાષા જુઓ! સંવર-નિર્જરા પર્યાય, કેવળજ્ઞાન પર્યાય, આસ્રવ પર્યાય એ બધી નાશવાન પર્યાય છે. આહાહા..! નીચે શ્લોક છે. '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' એ કેવળજ્ઞાનની પર્યાય, સંવરની પર્યાયથી દ્રવ્ય દૂર છે. આહાહા..! ત્યારે ઓલા આપણે ઘાટકોપરવાળાએ એથી પ્રશ્ન કર્યો હતોને? ઘાટકોપરવાળાએ. કેટલો દૂર છે? કે લોક અને અલોક જેટલા દૂર છે. એમ નહિ, સાંભળતો ખરો. અહીં તો ભાવે (દૂર છે). અસંખ્ય પ્રદેશમાં જે પર્યાય છે એનું ક્ષેત્ર ભિન્ન છે. ધ્રુવ છે એનું ક્ષેત્ર ભિન્ન છે. આહાહા..! એ અપેક્ષાએ પર્યાયમાં દ્રવ્ય નથી, દ્રવ્યમાં પર્યાય નથી. માટે, પર્યાયથી દ્રવ્ય દૂર છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પુસ્તક તો ઘરે રાખ્યું હશે, પણ વાંચ્યું નહિ હોય ત્યાં તમે. નવરાશ ક્યાં છે ત્યાં? કાનપુરમાં તો વાંચે છે અમરચંદભાઈ ને શેઠ શોભાલાલ ને, નહિ? કાનપુરમાં વાંચે છે કે નહિ? સાંભળ્યું હતું. વાંચે છે ત્યાં. આહાહા..!

શુદ્ધ જ્ઞાનનો અવતાર છે. કોણ? ત્રિકાળી ચીજ હોં. '**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' આહાહા..! પર્યાયથી દ્રવ્ય દૂર છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં દ્રવ્ય આવી જાય તો પર્યાય રહેતી નથી, દ્રવ્ય રહેતું નથી. અનાથ થઈ જાય. આહાહા..! એક સમયની પર્યાયમાં આવી જાય તો બીજે સમયે આશ્રય તો રહ્યો નહિ, દ્રવ્ય રહ્યું નહિ. આહાહા..! એ આવ્યું છેને ભાઈ ઓલામાં? ધ્યાનની પર્યાય કથંચિત્ દ્રવ્યથી ભિન્ન છે. કેમકે ધ્યાનની પર્યાય નાશ થાય છે અને પરમપારિણામિક સ્વભાવનો નાશ નથી થતો. જયસેનાચાર્યની ટીકામાં છે, દ્રવ્યસંગ્રહમાં છે, દ્રવ્યસંગ્રહમાં પણ છે. સમજાણું કાંઈ? ધ્યાનની પર્યાય જે નિર્મળ છે એ દ્રવ્યથી જુદી છે. સમજાણું કાંઈ? આહાહા..!

તો અહીં કહે છે કે ભગવાન આત્મા ત્રિકાળનો... આહાહા..! છે? '**તે આ ખરેખર, આ સમયસારનો કેવો ભેદ છે!**' આહાહા..! શમજલ પ્રગટ થયું અને ત્રિકાળનો આશ્રય લઈને એ સમયસારનો કેવો ભેદ છે! કારણસમયસારનો ભેદ. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૮, શનિવાર, તા. ૧૩-૦૯-૧૯૭૫, ગાથા-૮૩, કળશ-૧૧૧, પ્રવચન નં. ૩૩

નિયમસાર. પરમાર્થ-પ્રતિક્રમણ (અધિકાર). સાચું પ્રતિક્રમણ, સત્ય પ્રતિક્રમણ કોને કહે છે એ વાત ચાલે છે. ૮૩.

मोत्तूण वयणरयणं रागादीभाववारणं किच्चा।
अप्पाणं जो झायदि तस्स दु होदि त्ति पडिकमणं।।८३।।
રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,
જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.

'**ટીકા :- દિને દિને મુમુક્ષુ જનો વડે ઉચ્ચારવામાં આવતો જે વચનમય પ્રતિક્રમણ...**' વિકલ્પમાં હોય છેને. દિને દિને. આ મુનિની પ્રધાનતાથી કથન છેને? '**મુમુક્ષુ જનો વડે...**' મોક્ષના અભિલાષી એવા આત્મા વડે '**ઉચ્ચારવામાં આવતો...**' વાણી. '**વચનમય પ્રતિક્રમણ નામનો સમસ્ત પાપક્ષયના હેતુભૂત...**' એ વિકલ્પ વ્યવહાર છે એ પાપના નાશનું કારણ છે, સાચું પ્રતિક્રમણ નથી. વ્યવહારપ્રતિક્રમણ નિશ્ચયસમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાનસહિત અને ચારિત્ર પણ છે, તેને વ્યવહારપ્રતિક્રમણનો શુભરાગ આવે છે, પણ એ રાગ પાપક્ષયમાં નિમિત્ત ભલે હોય, અશુભનો નાશ થાય છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. સમુદાય.. છે. એનું નિરાકરણ કરે છે, ખંડન કરે છે. નિશ્ચય પ્રતિક્રમણ. જેને આત્મા પૂર્ણાનંદ પ્રભુ કારણભગવાન-કારણપરમાત્મા એના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા, તેને વ્યવહારપ્રતિક્રમણનો જે વિકલ્પ આવે છે એને અહીંયાં નિષેધ કરે છે કે એ વસ્તુસ્થિતિ નથી, એ સાચું પ્રતિક્રમણ નથી. સમજાણું કાંઈ? નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચારિત્રવંતને વ્યવહારપ્રતિક્રમણનો શુભ વિકલ્પ આવે છે, પણ એ નિષેધ છે. રાગ છેને. એને વિષકુંભ કહ્યો છે. શુભભાવને ઝેરનો ઘડો કહ્યો છે. આહા..હા..! ભગવાન આત્મા અમૃતનો ઘડો છે. ઘડો સમજ્યાને? કુંભ. કુંભ તો પાણીનો ભરેલો ઘડો. સમજાણું કાંઈ? આ તો ઘડો... એ ઘડામાં શુભભાવને તો વિષનો ઘડો કીધો. આહાહા..! જેટલો વિકલ્પ ઉઠે છે સમકિતીને.. અરે! આત્માના અમૃતનો સ્વાદ ચારિત્રમાં લીધો છે એને પણ જે શુભરાગ આવે છે, પ્રતિક્રમણ વ્યવહાર આદિ એને અહીં નિષેધ કહે છે. એ તો છોડવાલાયક છે.

'**(અર્થાત્ તેનું આમાં નિરાકરણ-ખંડન કર્યું છે).**' '**પરમ તપશ્ચરણના કારણભૂત...**' મુનિરાજ. પરમ તપશ્ચરણ નામ મુનિપણું. '**પરમ તપશ્ચરણના કારણભૂત**

**સહજવૈરાગ્યસુધાસાગરને માટે...'** આહાહા..! સહજવૈરાગ્યના ..સાગર સુખામૃત. **'પૂર્ણિમાનો ચંદ્ર એવો જે જીવ...'** જેમ પુનમ થાય છે તો સમુદ્ર ઉછળે છે. પુનમને દિવસે ભરતી આવે છે. ભરતી શું કહે છે? જ્વાર-જ્વાર પુનમના દિવસે બહુ જ્વાર. મુંબઈમાં .. તેવી રીતે આત્મા સંત મુનિ તપશ્ચરણ નામ ચારિત્રના પાળનારા એના કારણભૂત સહજવૈરાગ્યસુધાસાગર. પરથી ખસીને સ્વભાવિક વૈરાગ્યના અમૃતનો સાગર, પૂર્ણિમાનો ચંદ્ર. આહાહા..! .. પર્યાયમાં સહજવૈરાગ્ય અમૃતના સાગરની ભરતી આવે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમકિતીને છેને એમ. એણે ઓળખાણ તો કરવી પડશેને એની. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને પણ, પોતાના સ્વભાવસન્મુખ થાય છે તો એટલું મિથ્યાત્વથી પ્રતિક્રમણ થયું. સમજાણું કાંઈ? એક ચૈતન્ય પૂર્ણ કારણપરમાત્મા... ત્રિકાળ કારણપરમાત્મા ધ્રુવ એની સન્મુખ દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન થયું તો એમાં પણ આનંદની પર્યાય પ્રગટ થાય છે. અહીંયા ચારિત્રપ્રધાનથી કથન છેને એટલે.. પ્રતિક્રમણ આ બધા ચારિત્રના ભેદ છેને. આ દસલક્ષણી પર્વ એ ચારિત્રના ભેદ છે. .. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સમાધિ, ભક્તિ એ બધું ચારિત્ર. ચારિત્ર શબ્દે નિર્વિકલ્પ આનંદની દશા. એ પર્યાય છે, પણ પર્યાયનો આશ્રય છે ત્રિકાળી દ્રવ્ય. સમજાણું કાંઈ? એ પર્યાયમાં સુધાસાગરવૈરાગ્ય પરથી ઉદાસ. પરથી ખસીને..

**'સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર તેને ઉછાળવા માટે અર્થાત્ તેમાં ભરતી લાવવા માટે જે પૂર્ણ ચંદ્ર સમાન છે એવો જે જીવ)...'** તે મુનિ છે. આહાહા..! પોતાની પર્યાયમાં અમૃતનો સાગર ઉછાળવામાં એ મુનિ ચંદ્ર સમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? મહાવ્રત પાળનાર છે એ વાત અહીંયાં નથી લીધી. એ તો રાગ છે. આહાહા..! **'સહજવૈરાગ્યસુધાસાગર...'** **'(પરમ તપનું કારણ...'** તપ એટલે મુનિપણું. એનું કારણ **'જે સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર તેને ઉછાળવા માટે અર્થાત્ તેમાં ભરતી લાવવા માટે જે પૂર્ણ ચંદ્ર સમાન છે એવો જે જીવ)...'** આહાહા..! જેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પ્રગટ થઈ છે એ પ્રાણી દ્રવ્યનો આશ્રય ઉગ્ર કરીને પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો ઉછાળો લાવે છે, એ મુનિ છે. સમજાણું કાંઈ? ચંદ્રમા ઉગે તો સમુદ્રમાં ભરતી આવે છે. એમ આત્મા પોતાનો સ્વભાવ ત્રિકાળી કારણપરમાત્માના અવલંબનથી પરથી સહજ વૈરાગ્યથી, પોતાના સ્વરૂપના જ્ઞાનથી અને પરથી વૈરાગ્યથી... આહાહા..! વૈરાગ્ય એવો છે કે અંતરમાં નિર્મળ આનંદ, દશામાં નિર્મળ આનંદ ઉછળે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદની દશા ઉત્પન્ન થાય છે એનું નામ સાચું પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? ધ્રુવનું ધ્યાન કરવાથી અને પરથી ખસવાથી. ત્રિકાળી ભગવાન કહેશે હમણાં, કારણપરમાત્માનું ધ્યાન કરવાથી અને રાગથી ખસવાથી. પ્રતિક્રમણ લેવું છેને? આહાહા..!

**'અપ્રશસ્ત વચનરચનાથી પરિમુક્ત (સર્વ તરફથી છૂટેલો)...'** જૂઠી વચનરચના જે

અસત્ય છે એનાથી તો મુક્ત '**હોવા છતાં પ્રતિક્રમણસૂત્રની વિષમ** (**વિવિધ**) **વચનરચનાને** (**પણ**) **છોડીને...**' આહાહા..! શાસ્ત્રે પ્રતિક્રમણની રચના કરી છે એ બોલવામાં પણ રાગ વિકલ્પ ઉઠે છે. બહુ પડિક્કમણા કર્યા છે, પણ આવી ખબર નહોતી. આહાહા..! સ્વરૂપ પૂર્ણાનંદનું જ્ઞાન અને રાગથી ખસવું એ વૈરાગ્ય. સમજાણું કાંઈ? પૂર્ણ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એનું જ્ઞાન. આવે છેને નિર્જરામાં? જ્ઞાન અને વૈરાગ્ય, બે શક્તિ. રાગથી ખસીને સ્વરૂપમાં સ્થિરતા આનંદને લાવવો. આહાહા..! એવા સુધાસાગરને ઉછાળવામાં મુનિરાજ ચંદ્ર સમાન છે. રાગ કરવામાં, વ્યવહાર કરવામાં ને ઉપદેશ દેવામાં એ વાત અહીંયા નથી લીધી, એ તો પરની ક્રિયા છે. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? આ લોકો પ્રતિક્રમણ સાંજ-સવાર કરે અને કહે પડિક્કમણા કર્યા. શું પડિક્કમણા છે? આત્મા શું ચીજ છે અને કેવી ચીજથી પ્રતિક્રમણ સમ્યગ્દર્શન થાય એની તો ખબર નથી. અને સમ્યગ્દર્શન થયા પછી આગળ વધીને રાગથી ખસવું અને સ્વભાવમાં વિશેષ એકાકાર થવું. સ્વભાવમાં વિશેષ આશ્રય લેવો અને રાગથી ખસવું, બેય શક્તિઓ જ્ઞાનીને પ્રગટ થાય છે.

કહે છે '**વિષમ** (**વિવિધ**) **વચનરચનાને...**' આહાહા..! પડિક્કમણું બોલેને, એ વિવિધ પ્રકારની રચના એને પણ છોડીને. '**સંસારલતાના મૂળ-કંદભૂત...**' આહાહા..! સંસારરૂપી વેલડી. ચોર્યાશીના અવતારનું કારણ એવા '**મૂળ-કંદભૂત સમસ્ત મોહરાગદ્વેષભાવોનું નિવારણ કરીને...**' એકલા વચનને છોડીને નહિ, પણ મોહ અને રાગ-દ્વેષને છોડીને. આહાહા..! '**નિવારણ કરીને...**' એ તો નાસ્તિથી લીધું. '**અખંડ-આનંદમય નિજ કારણપરમાત્માને ધ્યાવે છે,...**' આહાહા..! આત્મા શબ્દ પડ્યો છેને? '**अप्पाणं जो झायदि**' બીજું પદ ઈ. '**अप्पाणं जो झायदि**'ની આ વ્યાખ્યા છે. '**अप्पाणं**' એટલે શું? કે અખંડ આનંદમય પ્રભુ '**નિજકારણપરમાત્મા...**' એનું નામ કારણપરમાત્મા જે નિત્યાનંદ પ્રભુ એને ધ્યાવે છે, એ પર્યાય છે. નિજકારણ અખંડ આનંદમય ભગવાનને ધ્યાવે છે. ધ્યાવે છે એ પર્યાય છે, પણ કોને ધ્યાવે છે? કે નિજકારણપરમાત્માને ધ્યાવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત મોહરાગદ્વેષભાવોનું નિવારણ કરીને અખંડ-આનંદમય...** ' પ્રભુ '**નિજ કારણપરમાત્માને ધ્યાવે છે,...**' આહાહા..! કહો, બલુભાઈ! આ પડિક્કમણા છે. ઓલા પડિક્કમણા કરી હશે, તે દિ' કરતા તો હશોને. ... આહાહા..! એ પ્રતિક્રમણ નહિ. પ્રતિક્રમણ તો પુણ્ય અને પાપના શુભ-અશુભ આદિ રાગથી ખસીને સહજ વૈરાગ્યસુધારસને ઉછાળવામાં ધર્મી ચંદ્ર સમાન છે. આહાહા..! પરથી સહજ વૈરાગ્યમય ઉદાસ થઈને. આહાહા..! સ્વચૈતન્યમૂર્તિ નિજકારણપરમાત્મા કેવો છે? અખંડ આનંદમય એ તો છે. આનંદવાળો નહિ, અખંડ આનંદમય છે.

**શ્રોતા** :- તન્મય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અભેદ છે. આત્મા અખંડ અતીન્દ્રિય આનંદમય છે. આહાહા..!

એવા એકરૂપ અખંડ આનંદમય નિજકારણપરમાત્માને. દ્રવ્યસ્વભાવ કારણપરમાત્મા કે જે કારણપરમાત્મા નિશ્ચયથી તો મોક્ષની પર્યાયનો પણ કર્તા નથી. આહાહા..! મોક્ષના માર્ગની પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નથી. એ આવ્યુંને આપણે ૩૨૦ ગાથામાં. પરમાત્મપ્રકાશની ટીકા. 'જીવો ન કરઈ બંધો મોખો' આહાહા..!

ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ, નિજકારણપરમાત્મા પ્રભુ પોતે... આહાહા..! એ મોક્ષ અને મોક્ષના માર્ગનો કર્તા નથી. પર્યાય છે. પર્યાયનો કર્તા પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? જીવો, એને જીવ કહીએ. જીવો જીવ એને કહીએ, કારણપરમાત્મારૂપી જીવ આત્મા એને કહીએ કે જે બંધ અને બંધના કારણરૂપ ભાવ એને કરે નહિ અને મોક્ષ ને મોક્ષના કારણરૂપ મોક્ષનો માર્ગ એને પણ કરે નહિ. આહાહા..! ગજબ વાત! શેઠ! અક્ષય આનંદનો ભંડાર ભગવાન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ અનિત્યને કેમ કરે? આહાહા..! પણ એ અનિત્ય પર્યાય ધ્યાનની છે એનો વિષય ઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? ધ્યાવે છે એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવ્યા. ત્રણેનું લક્ષ, આશ્રય અખંડ પરમાત્મા છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ. લોકોએ અત્યારે વ્યવહાર-વ્યવહાર કરી કરીને મારી નાખ્યો જીવને. આમ કરવું ને તેમ કરવું! બાપુ! એ ભગવાન તો નિર્વિકલ્પ આનંદનો કંદ છે. એવા આત્મામાં આશ્રય કરીને ધ્યાતા થઈને એનું ધ્યાન કરે છે એ મોક્ષમાર્ગની પર્યાય છે, એ નિશ્ચયપ્રતિક્રમણ છે. આહાહા..! તો ત્યાં વ્યવહારક્રિયા કારણ છે, નિશ્ચય કાર્ય છે એમ ન લીધું. નિશ્ચય કારણપરમાત્મા કારણ છે અને પર્યાય કાર્ય છે એમ લીધું. સમજાણું કાંઈ? શું કહ્યું ઈ? જરી વ્યવહાર શુભરાગ આવે છે. વ્યવહાર સાધન છે અને નિશ્ચય પ્રતિક્રમણ એ સાધ્ય છે, એમ ન લીધું. નિશ્ચય જે નિર્મળ ધ્યાતાની ધ્યાન પર્યાય એ પર્યાયનું કારણ તો કારણપરમાત્મા છે. ભારે માર્ગ! અખંડ આનંદમય પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન નિજકારણપરમાત્મા, પોતાનો કારણપરમાત્મા ધ્યાતા છે અને ધ્યાન કરે છે.

૧૧મી ગાથામાં કહ્યુંને? '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ત્રિકાળ ભૂતાર્થ સત્યાર્થ દ્રવ્ય જે છે એ જ શુદ્ધનય છે. પછી લીધું કે '**भूदत्थमस्सिदो**' એ ત્રિકાળનો જે આશ્રય કરે છે તેને સમકિત થાય છે. સમજાણું કાંઈ? ભૂતાર્થ ત્રિકાળ દ્રવ્ય છે, ત્રિકાળ સત્યાર્થ ત્રિકાળ ધ્રુવ એને શુદ્ધનય કહ્યું છે. ત્રિકાળ દ્રવ્યને કારણપરમાત્માને શુદ્ધનય કહ્યો છે. આહાહા..! અપેક્ષા કથન.. અહીંયા આપણે પ્રવચનસારમાં આવશે. વિકારની પર્યાય શુદ્ધનયનો વિષય શુદ્ધનય છે એમ કહે છે. કઈ અપેક્ષાએ? એ સ્વની અપેક્ષાએ વિકાર થાય છે તો શુદ્ધનયનો એ વિષય છે. એ પોતામાં પોતાને કારણે વિકાર થયો એનું નામ શુદ્ધનય અને કર્મના નિમિત્તે થયો એનું નામ અશુદ્ધનય. આહાહા..! એક વાત.

બીજી વાત. અનુભૂતિ તે આત્મા. અનુભૂતિ કહો, આત્મા કહો, શુદ્ધનય કહો. ત્યાં આત્માને અબદ્ધસ્પૃષ્ટ લીધો છે દૃષ્ટિમાં તો, પણ પર્યાયને અભેદ કરીને, વિષય નથી એનો, વિષય

તો ત્રિકાળ છે... આહાહા..! સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન કારણપરમાત્માને વિષય બનાવીને, ધ્યેય બનાવીને જે પર્યાય નિર્મળ થઈ એને અભેદ કરીને એને પણ શુદ્ધનય કહ્યું, પણ વિષય તો ધ્રુવ ત્રિકાળ જ છે. આહાહા..! બહુ આકરી વાત. જયસેનાચાર્યમાં આવે છેને, ભાઈ! દ્રવ્યાર્થિકમાં. શુદ્ધ દ્રવ્યાર્થિકનય છે તો ત્રિકાળનો વિષય, પણ એનાથી પર્યાય જે પ્રગટ થઈ એને ગણીને દ્રવ્યાર્થિક કહ્યું. એ તો પર્યાયસહિત પ્રગટ જે દશા થઈ એને ભેળવીને ... શુદ્ધનય કહો, અનુભૂતિ કહો. અહીં કહ્યું કે શુદ્ધનય ભૂતાર્થ ત્રિકાળ. હવે અહીં કહે કે અનુભૂતિ એ શુદ્ધનય. કઈ અપેક્ષાએ? એનું ફળ આવ્યું અખંડ આત્માનું ધ્યાન કરવાથી એ ફળ છે એ આત્માની પર્યાય છે, રાગાદિ નથી. એ કારણે એને આત્માને શુદ્ધનય કહ્યો. આહાહા..! બહુ વાત...

અહીંયાં કહે છે કે મોહ અને રાગદ્વેષનો વિકલ્પ જે મલિનભાવ એને છોડીને નિર્મળાનંદ પ્રભુ નિજકારણપરમાત્મા જે સહજ અખંડ આનંદમય નિજકારણપરમાત્મા નિત્યાનંદ પ્રભુ એને ધ્યાવે છે, એનું ધ્યાન કરે છે તો ધ્યાનની પર્યાય છે એ નિશ્ચયપ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? આવી વાત સંપ્રદાયમાં તો સાંભળવા મળે નહિ. આહાહા..! આ વાત ઝીણી લાગે માણસને. વસ્તુ તો તારી એવી છે અંદર. ભગવાન પૂર્ણાનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ બિરાજે છે. '**अप्पा सो परम अप्पा**' આવે છે? તારણસ્વામીમાં બહુ આવે છે કે આત્મા જ પરમાત્મા છે. ત્રિકાળ આત્મા હોં! એક પરમાત્મા પરમસ્વરૂપ. પરમાત્મા એટલે આત્મા પરમસ્વરૂપ. પર્યાય છે એ અપરમસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્ષાયિકપર્યાય કેવળજ્ઞાન પણ અપરમસ્વરૂપ છે. ત્રિકાળ સ્વરૂપ તો પરમસ્વરૂપ પરમાત્મા છે. પરમાત્મા એટલે પરમસ્વરૂપ. એ ત્રિકાળ પરમાત્મા.. પોતાનો આત્મા હોં, ભગવાનનો નહિ. .... એનો અર્થ શું? કે અખંડ આનંદમય નિજકારણપરમાત્મા એ આત્મા, એ આત્મા. 'એને ધ્યાવે' શબ્દ છે એ પર્યાય થઈ. સમજાણું કાંઈ? આવી વાતું ભાઈ! દ્રવ્ય, ગુણ અને પર્યાયની. કહે છે કે દ્રવ્ય-ગુણ જે છે એ તો કારણપરમાત્મા એ ત્રિકાળ ધ્યાતા છે, પર્યાય એ ધ્યાન, એ નિશ્ચયપ્રતિક્રમણ. આહાહા..!

... જીવને એવો નિજકારણ અખંડ આનંદમય પરમાત્માને ધ્યાવનાર '**તે જીવને—કે જે ખરેખર પરમતત્ત્વનાં શ્રદ્ધાન,...**' પરમતત્ત્વ જે કારણપરમાત્માની શ્રદ્ધા. આહાહા..! ત્રિકાળ અભેદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન એવા નિજકારણપરમાત્માની શ્રદ્ધા એની શ્રદ્ધા. આહાહા..! કારણપરમાત્મા ત્રિકાળ દ્રવ્યસ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. એની શ્રદ્ધા. સન્મુખની હોં. એ ત્રણની સન્મુખની. એ વ્યવહારથી વિમુખ થાય છેને તો ત્રણથી સન્મુખ થાય છે એમ કહે છે. '**પરમતત્ત્વનાં શ્રદ્ધાન, જ્ઞાન...**' એ પરમાત્મસ્વરૂપ ધ્રુવ એનું જ્ઞાન, પરમતત્ત્વસ્વરૂપ ભગવાન એની શ્રદ્ધા '**અને અનુષ્ઠાન...**' એ પરમતત્ત્વમાં લીનતા એ અનુષ્ઠાન, એ આચરણ, એ ચારિત્ર. આહાહા..! વ્રતાદિના વિકલ્પ એ આચરણ વ્યવહાર આચરણ બંધનું કારણ છે.

નિજકારણપરમાત્મા પરમતત્ત્વસ્વરૂપ ભગવાન નિત્યાનંદ અનાદિ-અનંત એકરૂપ વસ્તુ છે એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું અનુષ્ઠાન. એનું અનુષ્ઠાન—એમાં આચરણ કરવું. આહાહા..! સમજાણું કાંઈ? હવે શું કહે છે?

**'અનુષ્ઠાનની સન્મુખ છે...'** કેમકે વિકલ્પ ઉઠે છે વ્યવહારપ્રતિક્રમણનો એનાથી વિમુખ થઈને, દર્શન-જ્ઞાન-ચારિત્રની સન્મુખ થયો. આહા..હા..! આમ તો સન્મુખ તો દ્રવ્યસન્મુખ છે, પણ અહીંયાથી ખસીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સન્મુખ છે. સમજાણું કાંઈ? **'તેને--વચનસંબંધી સર્વ વ્યાપાર વિનાનું...'** વચન શબ્દે વાણી તો હતી પણ અંદર વિકલ્પ છે અંતર્જલ્પ. ... આ ગુણી છે, આ ગુણ છે, એવો અંતર્જલ્પ વિકલ્પ એ અંતર વચન છે, અંતરવચન. તે સર્વ વચનસંબંધી સર્વ વ્યાપાર. આહા..હા..! વિકલ્પનું લક્ષ છોડી દઈને વિકલ્પને છોડીને નિત્યાનંદ ભગવાનને આશ્રયે નિર્વિકલ્પદશા પ્રગટ થવી એનું નામ સાચું પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? એના વ્યાપારરહિત સ્વભાવ. અસ્તિ શું થયું? નિશ્ચયપ્રતિક્રમણ થયું.

સાચું પ્રતિક્રમણ. રાગથી ખસીને સ્વભાવસન્મુખમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા એ જ નિશ્ચયપ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? રાગથી ખસીને ત્રિકાળી જ્ઞાયકભાવની સન્મુખ થઈને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર થયા તો એનાથી સન્મુખ છે એમ કહ્યું. વ્યવહારથી વિમુખ અને નિશ્ચયથી સન્મુખ. ભારે વાતું, ભાઈ! એ નિશ્ચયપ્રતિક્રમણ નામ નિશ્ચયધર્મ છે. એ સાચો ધર્મ છે. આહાહા..! કહો, પોપટભાઈ! તે દિ' તો સાંભળ્યું પણ નહિ હોય આ બધું. અમે પણ પડિક્કમણા કર્યા હતા એવા બધા ગડિયાવાળા, દુકાન ઉપર. એ ૬૪-૬૫ની સાલની વાત છે. ૧૯૬૪-૬૫. કારણ કે હું તો ભગત કહેવાતોને એટલે મને પડિક્કમણું આવડે. તો બધા ભેગા થઈને પડિક્કમણું કરાવતો બધાને. પણ આમ ગડિયા. ગડિયા સમજો છો? પહાડા. ... બધા બેસે .. આવીને આપણે ધર્મ કર્યો. પર્યુષણના દિવસો હોયને જ્યારે શ્વેતાંબરના. ચાર અપવાસ કરીએ ચોવિહારા હોં. પાણી નહિ. તે દિ' હોં! ૬૫-૬૬ની વાત છે. સંવત્ ૧૯૬૫-૬૬. .. પહેલો તેરશનો, ચૌદશનો આહાર, અમાસનો (ઉપવાસ), એકમનો આહાર, ત્રીજનો આહાર. ત્રીજનો અપવાસ અને સાતમનો ... પણ બધા ... અહીં તો આત્મા ઉપ-વાસ. કારણપરમાત્માના સમીપમાં જઈને વસવું એનું નામ ઉપવાસ છે. આહાહા..! એ તો લાંઘણ હતી. બાકી બધી લાંઘણ છે. લાંઘણ સમજો છો?

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ...'** આધાર આપે છે. **'(સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૪૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

(मालिनी)

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।

स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति।।

૨૪૪મો કળશ છે. સમયસાર. '**શ્લોકાર્થ :- બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ,...**' એટલા વિકલ્પ કરવા કે આમ છે ને તેમ છે. 'अलम'. આહાહા..! '**બસ થાઓ, બસ થાઓ;...**' 'अलम' થાવ. '**અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમ અર્થને એકને જ નિરંતર અનુભવો;...**' લ્યો! આહાહા..! '**આ પરમ અર્થ...**' પદાર્થ ભગવાન આત્મા કારણપરમાત્મા એવા અર્થનો એકનો જ, એવો પરમાનંદમૂર્તિ ભગવાન એકને જ નિરંતર અનુભવો. એ પર્યાય થઈ. ત્રિકાળ કારણસમયસારનો અનુભવ કરો. અનુભવમાં આવ્યો એ પણ કારણસમયસાર પર્યાય ઉત્પન્ન થઈ. શું કહ્યું?

ફરીને. અહીંયા તો કહ્યુંને કે પરમ અર્થનો એકનો જ. પરમપદાર્થ ભગવાન કારણસમયસાર કારણપ્રભુ, પરમાત્મસ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ નિજકારણભગવાન એનો એકનો જ નિરંતર-અંતર પડ્યા વિના અનુભવ કરો. એ દ્રવ્યને અનુસરીને અનુભવ કરો. આહાહા..! સમજાણું કાંઈ? વાત પહેલી સમજવામાં કઠણ પડે. આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એને અનુસરીને થાઓ, એને અનુસરીને અનુભૂતિ હો. રાગને અનુસરીને થાય છે એ તો વિકાર ઝેર છે. વ્યવહારપ્રતિક્રમણ ને વ્યવહારસામાયિક ને વ્યવહારપ્રત્યાખ્યાન એ બધો રાગ ઝેર છે. આ નિશ્ચયપ્રતિક્રમણ તે અમૃત છે. સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા આનંદમય અમૃતથી ભરેલો સાગર છે. આહાહા..! એને ધ્યેય બનાવીને ધ્યાનની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો તો એ નિશ્ચયપ્રતિક્રમણ અને નિશ્ચયસામાયિક કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. લોકોને એવું લાગે કે આ તો નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એટલે સત્યાર્થ અને વ્યવહાર-વ્યવહાર બધા ઉપચાર આરોપિત કથન છે. અરે ભાઈ! તેં કદી નિજાનંદ ભગવાનનો આશ્રય કદી કર્યો જ નથી અને આશ્રય લીધા વિના જે થાય છે પરને આશ્રયે એ બધું બંધનું કારણ છે. ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્રનો આશ્રય કરો તો રાગ થાય છે. સમ્મેદશિખરની જાત્રા અને સમવસરણની જાત્રા, ભગવાન બિરાજે ત્યાં જાય એ પણ શુભરાગ છે. સમવસરણમાં ભગવાન બિરાજે છેને. જાત્રા કરવા કુંદકુંદાચાર્ય ગયા હતાને. સદેહે જાત્રા કરી ભગવાનની. એ બધો શુભરાગ હતો, શુભ વિકલ્પ. પોતાના સ્વભાવને આશ્રયે જેટલી નિર્મળતા પ્રગટ થઈ એ સત્ય વસ્તુ છે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ?

'**કારણ કે નિજરસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન...**' ત્રિકાળી જ્ઞાન '**તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર...**' પૂર્ણાનંદના જ્ઞાનનો અનુભવ. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્મા, એનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ સમયસાર છે. એ પ્રગટ સમયસાર છે. સમજાણું કાંઈ? ત્રિકાળ વસ્તુ ભગવાન કારણપરમાત્મા તે નિશ્ચયસમયસાર છે અને એનું ધ્યાન કરવાથી

પર્યાયમાં નિર્મળતા પ્રગટી તે પર્યાયનું સમયસાર છે. કાર્યસમયસાર તે કેવળજ્ઞાન તેની કારણસમયસાર પર્યાય, એ પર્યાયનું કારણ કારણપરમાત્મા. આહાહા..! એ કારણસમયસાર મોક્ષનો માર્ગ એનું કારણ વ્યવહાર અને નિમિત્ત એમ નહિ. આહાહા..! અમરચંદભાઈ! આવો માર્ગ ભારે. વાડામાં પડ્યા એને આ વાત બેસવી કઠણ. પાંચમે આરે આવો માર્ગ! પંચમ આરામાં ચોથા કાળનું છે, શેઠ કહે છેને. અહીં તો .. વાત. એ તો ચોથા કાળનો માર્ગ છે. અહીં તો ચોથો, પાંચમો કાળ જ આત્મામાં નથી. આત્મા તો કાળથી અતિભિન્ન છે. આહાહા..!

એ '**નિજકારણપરમાત્મા...**' નિજ આત્મા. ૩૮ ગાથા. અનાદિ-અનંત નિજ આત્મા એ આત્મા, પર્યાય નહિ. એ નિજ આત્મા અવિનાશી છે અને પર્યાય નાશવાન છે. માટે, અવિનાશીથી નાશવાન પર્યાય ભિન્ન છે. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય પણ અવિનાશી ભગવાન તો ભિન્ન છે કારણ કે તે પર્યાય છે, આ દ્રવ્ય છે. આહાહા..! માટે પર્યાય નાશવાન ગણી. કેવળજ્ઞાનની પર્યાય એક સમયની અવસ્થા બીજે સમયે એ પર્યાય રહેતી નથી. બીજે સમયે બીજી પર્યાય થાય છે. પર્યાય છેને કેવળજ્ઞાન? સિદ્ધ પણ પર્યાય છે. એક સમયમાં જે કેવળજ્ઞાન છે એ બીજે સમયે નહિ રહે. કેમકે પર્યાય ઉત્પાદ થઈ એ વ્યય થશે. ઉત્પન્ન થઈ તે વ્યય થશે. ભગવાન ધ્રુવ છે એ ઉત્પન્ન થતો નથી, વ્યય પણ નથી. સમજાણું કાંઈ?

ત્રિકાળી ભગવાન એનો ઉત્પાદ પણ નથી અને વ્યય પણ નથી. આહા..હા..! આત્મા નવો ઉપજે એવો આત્મા છે? ઉપજતો નથી તો નાશવાન છે એમ છે? આહાહા..! અણુત્પન્ન અને અવિનાશી એવો સહજાત્મસ્વરૂપ ભગવાન નિજકારણપ્રભુ અપ્પા સો પરમાત્મા છે પોતે. આહાહા..! સમજાણું કાંઈ? એનો અનુભવ કરો. કેમકે '**પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (-પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...**' આહાહા..! પૂર્ણ જ્ઞાનના અનુભવ સિવાય કોઈ બીજી ચીજ ઊંચી છે નહિ. આહાહા..! પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા એનો અનુભવ. પૂર્ણ સમયસાર જેવી કોઈ બીજી ચીજ નથી અને એના અનુભવરૂપી કારણ સમયસાર એનાથી કોઈ ઊંચી ચીજ છે નહિ. આહાહા..! પહેલા હજી નિર્ણયના ઠેકાણા નહિ અને એને ધર્મ થઈ જાય! આહાહા..! પછી લોકો કહે કે એય..! સોનગઢનું નિશ્ચયાભાસ નિશ્ચય છે. પણ આ કોણ કહે છે? આ સોનગઢ કહે છે કે ભગવાન કહે છે? આ નિયમસાર સોનગઢનું છે? સોનગઢમાં છપાવ્યું છે એ બરાબર છે. છપાવ્યું એમાં શું થયું? એ તો જે શાસ્ત્ર હતું એને છપાવ્યું અહીંયાં. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બીજી વાત થઈ. જુઓને આહાહા..!

આનું નામ નિયમસાર છે. નિયમસારના બે અર્થ છે—એક ત્રિકાળી ભગવાન આત્માને

નિયમસાર કહીએ, કારણનિયમસાર. ત્રિકાળી શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન એ નિયમસાર, કારણ નિયમસાર. જેમ આ કારણપરમાત્મા કહે એમ આ કારણનિયમસાર અને એને આશ્રયે પર્યાય પ્રગટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ કાર્યનિયમસાર. એ પર્યાયનું નિયમસાર, ઓલું ધ્રુવનું નિયમસાર. આહાહા..! અરે..! સમજાણું કાંઈ?

'**પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર...**' આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ એના સ્ફુરાયમાન પ્રગટ થવામાત્ર '**જે સમયસાર (-પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...**' આહાહા..! તીર્થંકરની પદવી પણ એનાથી ઊંચી નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, શ્રદ્ધાભાવ વીતરાગ મૂર્તિ એ કારણપરમાત્મા નિજસમયસાર એના અવલંબને જે પર્યાય પ્રગટે છે, સમયસાર વીતરાગી પર્યાય એનાથી બીજું ઊંચું કોઈ નથી. આહાહા..!

એ ૮૪ની સાલમાં પડિક્કમણા કરેને સ્થાનકવાસી? પડિક્કમણા. તો એમાં એવું આવે છે કે જઘન્ય રસ હોય તો કર્મની નિર્જરા કરે, ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકરગોત્ર બાંધે. પડિક્કમણામાં આવે છે. કીધું, પણ આ શું તમે બોલો છો? ૮૪માં ચોમાસું હતું રાણપુર. પડિક્કમણામાં આવે બધા. જઘન્ય રસ ઉત્પન્ન થાય તો નિર્જરા થાય કર્મની અને ઉત્કૃષ્ટ ભાવે તીર્થંકરગોત્ર બાંધે. અહીં તો જઘન્ય-મધ્યમ રાગ છે તો રાગ તો પુણ્યબંધનું જ કારણ છે. આત્માના આનંદનો રસ છે તે નિર્જરાનું કારણ છે. એ રાણપુર કહ્યું હતું હોં. ૮૪ની વાત છે. ૮૪ની સાલ. કેટલા વર્ષ થયા? ૪૭. ૪ અને ૭. ૫૦માં ૩ ઓછા. કીધું આ તમે શું બોલો છો? જઘન્ય રસ એ પડિક્કમણામાં છે. જેણે પડિક્કમણું કર્યું હશે. પડિક્કમણું કર્યું હતું તમે? મોઢે નહિ કર્યું હોય. મોઢે કર્યું હતું? તો એમાં એ આવે છે. આ શબ્દ એમાં આવે છે. જઘન્ય રસ આવે તો કર્મની નિર્જરા થાય, ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકરગોત્ર બાંધે. મેં કહ્યું, આ શું? ઉત્કૃષ્ટ આત્માનો આનંદરસ આવે તો તીર્થંકરગોત્ર બાંધે? અને જઘન્ય આનંદ આવે તો નિર્જરા થાય?

**શ્રોતા :-** .. ખપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ..ખપે એમ છે અંદર ઈ. ખામણામાં છે. જઘન્ય મધ્યમ .. કર્મની .. ખપે. આ શું કહો છો આ તમે? કીધું. આ તમારું પડિક્કમણું કઈ જાતનું? એ વાત સાચી નથી. જઘન્ય રસમાં નિર્જરા અને ઉત્કૃષ્ટ રસમાં બંધ? આહાહા..! કર્મની .. ખામણામાં આવે છે. આ બધા પડિક્કમણા તો કર્યા હશેને પાંચ, સંવત્સરીના. લાખો માણસ સ્થાનકવાસી. એ આ બોલે બધું. શ્વેતાંબરમાં તો .. દેરાવાસીમાં, સ્થાનકવાસીમાં.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ રાગ છે, એ વિકાર છે, વિભાવ છે. આહાહા..! અધર્મ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અધર્મ છે. રાગ છેને. શું કહે છે? એ તો કહ્યું હતુંને. ૯૯ની સાલમાં. ૯૯? કઈ સાલ હતી? ૮૫ની સાલ. ૮૫, ૧૯૮૫. કેટલા

વર્ષ થયા? ૧૫ ને ૩૧, ૪૬ વર્ષ પહેલાં વ્યાખ્યાન ચાલતું હતું. બોટાદ. ઘણી મોટી સભા, ત્રણસો ઘર, પંદરસો માણસ. ત્યાં અપાસરામાં ન સમાય તો પછી અહીં બહાર શેરી-શેરીમાં. એ વખતે અમારી ઘણી પ્રતિષ્ઠા હતીને એમાં. તો એમ આવ્યું કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી. પછી જો ચોખ્ખી ભાષાથી કહીએ.. એમ કહ્યું, તો એ અધર્મ છે. આહાહા..! ૪૬. ૪૦ અને ૬ વર્ષની વાત છે. સંપ્રદાયમાં. લોકો તો સાંભળતા હતા બિચારા. શેઠિયા બધા ગૃહસ્થ મોટા. એક સાધુ બેઠા હતા અમારા ગુરુભાઈ. એને ઠીક ન લાગ્યું. એને ઠીક ન લાગ્યું. એ કહે વોસરે-વોસરે. એ શ્રદ્ધા ન જોઈએ. હવે ન જોઈએ તો બેસી રહેવું હતુંને. તમે મફતમાં શું બોલ્યા? બે બોલ કહ્યા હતા ત્યારે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય... ૮૫ની સાલ, પોષ મહિનો હતો. આ કારતક, માગશર અને પોષ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ અધર્મ છે. ધર્મથી બંધન થતું નથી, બંધનનો ભાવ તે ધર્મ નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કહ્યું?

**શ્રોતા :-** વોસરે-વોસરે એટલે હિન્દીમાં શું આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૮૫ની સાલમાં. વોસરે-વોસરેનો અર્થ-એ છોડવાલાયક છે. એવી ભાષા છે. નહિ સમજાણું? બે વાત કરી હતી. અને પંચમહાવ્રતના પરિણામ તે આસ્રવ છે. ખળભળાટ. પછી સાધુને ખળભળાટ થઈ ગયો. ઓલા તો માને, અમારી પ્રતિષ્ઠા હતીને. .. માણસો. .... પણ એ વેશધારીને ન ઠીક લાગ્યું. વેશધારી બેઠા હતાને ગુરુભાઈ.. વોસરે-વોસરે કરતા ઉઠી ગયા. મેં કીધું પણ શું કરવા ઉઠી ગયા? પછી કહ્યું હોં વ્યાખ્યાન પછી. તમે શું કીધું એ લોકો સમજે છે કાંઈ? મારા ખ્યાલમાં આવી ગયું, તમારું વોસરે-વોસરે.. પણ બેસી રહેવું હતુંને. આહાહા..! પણ એને ગુરુભાઈને .. હું ઉતરી ગયો હતો એ વખતે અનાદર કરીને. નહિ એ ભાવ નહિ, એ બતાવવા માટે ઉઠી ગયા. અરેરે! આહાહા..! ભાઈ! જે ભાવ શુભભાવથી તીર્થંકરગોત્ર બંધાય. અશુભભાવ તો ઝેર છે. બંધન થયુંને? બંધન થયું એ આત્માનું અમૃત છે? આત્માનો સ્વભાવ છે? ધર્મથી બંધન થાય? ધર્મથી તો નિર્જરા થાય છે. અશુદ્ધતાની નિર્જરા થાય છે. બંધન થાય છે એ તો શુભભાવથી છે. શુભભાવ આદરણીય નથી. સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ વિકલ્પ છે, એ તો આસ્રવ છે, ધર્મ નહિ, સંવર નહિ. આહાહા..! આસ્રવ છે. ધર્મ નહિ, સંવર નહિ. આહાહા..! ભગવાન આત્મા એ આસ્રવથી રહિતનું ધ્યાન કરે એને આસ્રવરહિત દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

નિજકારણપરમાત્મા એમાં ભવ પણ નથી અને ભવનું કારણ પણ નથી. એ વસ્તુ તો મોક્ષનું કારણ છે અથવા મોક્ષના માર્ગનું કારણ છે એ વસ્તુ ત્રિકાળ. મોક્ષના માર્ગનું કારણ છે અને મોક્ષનું કારણ છે. બંધનું કારણ એ વસ્તુ નથી. આહાહા..! એવો આત્મા સમયસાર

એની પર્યાયથી અને એના દ્રવ્યથી અને એની પર્યાયથી વિશેષ શું જગતમાં છે? એનાથી ઊંચી જગતમાં ચીજ શું છે? તીર્થંકરગોત્ર બાંધે એ ઊંચી ચીજ છે? આહાહા..! સમજાણું કાંઈ?

**'વળી, (આ ૮૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—'** પદ્મપ્રભમલધારિદેવ.

(आर्या)

अतितीव्रमोहसंभवपूर्वार्जितं तत्प्रतिक्रम्य।
आत्मनि सद्बोधात्मनि नित्यं वर्तेऽहमात्मना तस्मिन्॥१११॥

**'શ્લોકાર્થ :- અતિ તીવ્ર મોહની ઉત્પત્તિથી જે પૂર્વે ઉપાર્જેલું (કર્મ)...'** આહાહા..! પૂર્વે મોહથી અતિમોહ મિથ્યાત્વભાવથી જે કર્મ પૂર્વે બંધાણું હતું, આહાહા..! **'તેને પ્રતિક્રમીને,...'** એ બંધાયેલું કર્મ અને ભાવ એ મારી ચીજ નથી. પૂર્વે કોઈ શુભભાવથી તીર્થંકરગોત્ર બંધાય એનાથી પણ ખસીને હું પ્રતિક્રમણ કરું છું. સમજાણું કાંઈ? એમ આવ્યું કે નહિ? **'પૂર્વે ઉપાર્જેલું (કર્મ) તેને પ્રતિક્રમીને,...'** આહાહા..! આ વીતરાગની વાણી. **'હું સદ્‌બોધાત્મક...'** એ શું કહે છે? હું ત્રિકાળી કોણ છું? **'સદ્‌બોધસ્વરૂપ (સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મામાં...'** હું તો સમ્યગ્જ્ઞાનનું પૂર એવું નૂર એનું તેજ હું આત્મા છું. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનનું પૂર્ણ પૂર એવો તે આત્મા, દેખો! એવો આત્મા. **'એવા તે આત્મામાં આત્માથી...'** આત્મામાં, એવા આત્મામાં નિર્વિકલ્પ પર્યાયરૂપી આત્માથી. આહાહા..! આત્મામાં આત્માથી લીધુંને? એવો જે આત્મા ત્રિકાળી ભગવાન એ જ્ઞાનસ્વરૂપી ભગવાન એવા આત્મામાં આત્માથી. એને આશ્રયે નિર્વિકલ્પદશા પ્રગટ થઈ એ આત્મા. એવા આત્મામાં આત્માથી હું.. આહાહા..! **'નિત્ય વર્તું છું.'** આહાહા..! મુનિરાજ કહે છે, જુઓ તો ખરા! ભગવાન સદ્‌બોધાત્મક આત્મા. સમ્યગ્જ્ઞાનમય આત્મા એ વસ્તુ નિત્ય ધ્રુવ. એવા આત્માને હું આત્માથી નિત્ય વર્તું છું. આહા..! આત્માથી નિત્ય વર્તું છું. પોતાની નિર્વિકલ્પ રાગ વિનાની વીતરાગી પર્યાયથી હું આત્મામાં નિત્ય વર્તું છું. આહાહા..!

ફરીથી. સદ્‌બોધસ્વરૂપ-સમ્યક્ બોધસ્વરૂપ ત્રિકાળ. ત્રિકાળ ભગવાન મારો આત્મા સમ્યગ્જ્ઞાનબોધસ્વરૂપ એવા આત્મામાં, એવા તે આત્મામાં. આહાહા..! માથું ફરી જાય માણસનું. શું કહે છે એ સાંભળ્યું નથી. આહાહા..! હું સમ્યગ્જ્ઞાનસ્વરૂપ આત્મા, રાગ નહિ, એક સમયની પર્યાય નહિ, એવો સમ્યગ્જ્ઞાનસ્વરૂપ આત્મા તે ધ્રુવ, એ આત્માથી—એ નિર્વિકલ્પ પર્યાયથી તે આત્મા. આસ્રવ આદિ રાગાદિ તે આત્મા નથી, એ તો અણાત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે! વીતરાગનો એક ભાવ પણ યથાર્થ બેસી જાય તો બધા ભાવ યથાર્થ થઈ જાય. સમજાણું કાંઈ? પૂર્વે મેં... એમ આચાર્ય મુનિ કહે છે. પૂર્વે મોહથી. અતિ તીવ્રમોહથી કહ્યું જુઓ. મિથ્યાત્વભાવથી જે કર્મ બંધાણું છે એને 'હું મારો આત્મા આત્માથી નિત્ય વર્તું છું' તો એ કર્મની નિર્જરા થઈ જાય છે. આત્મામાં નિત્ય વર્તું છું. કાયમ. અંદર નિત્ય

કાયમ વર્તું છું. વળી કોઈ વખતે શુભમાં આવું અને કોઈ વખતે શુદ્ધમાં એમ નહિ. નિત્યાનંદ ભગવાનમાં નિત્ય વર્તું છું. સદા નિરંતર મારી દષ્ટિ ત્યાં છે. સમજાણું કાંઈ? ભલે ત્યાં વચ્ચે શુભરાગ હોય, આહાર-પાણી લેવાનો વિકલ્પ હોય, પણ હું તો નિત્ય ત્યાં વર્તું છું, રાગમાં નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

વીતરાગમાર્ગ ભાઈ! વીતરાગ પરિણતિથી આત્માનું ધ્યાન કરે છે. વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એ આત્માથી એટલે નિર્મળ વીતરાગી પર્યાયથી હું આત્મામાં નિત્ય વર્તું છું. આહાહા..! 'નિત્ય વર્તું છું' એ પર્યાયની વાત છે. નિત્યમાં નિત્ય વર્તું છું. નિત્ય ભગવાન આત્મા શુદ્ધ બુદ્ધસ્વરૂપ ભગવાન એમાં હું નિત્ય વર્તું છું એ પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું. કેમ શાંતિસાગરજી! એ સાધુ થવાના હતા, દિગંબર મુનિ થવાના હતા. દિલ્હીના ગૃહસ્થ છે. પાછળ બેઠા છેને. બહુ .. ગૃહસ્થ છે. સાધુ થવાના હતા વિદ્યાનંદજી પાસે. એમાં આપણી કાંઈક વાત મળી. આ તો... દિલ્હી. ગૃહસ્થાશ્રમમાં નીચે સુવે છે. સ્ત્રી છે, પુત્ર છે. પણ એકદમ ઓહો..! આ માર્ગ બીજો છે. એ તો એની લાયકાત હતીને. એની લાયકાત હતી કે આ વાત સાધુપણું લઈએ એ સાધુપણું છે જ નહિ. નગ્ન થઈ જવું એ ધૂળેય સાધુપણું નથી. સાધુ તો અંતર આત્માના આનંદને સાધે અને અંતર આનંદને સાધે તે સાધુ. પંચમહાવ્રતના પરિણામ સાધે એ સાધુ? એ તો રાગનું સાધન છે. આહાહા..! હજી સાધુ કોને કહેવા એની ખબર નથી અને સાધુ થઈ જાઓ મુંડીને. નગ્ન થઈ જાવ. નગ્ન જ છે બધા તિર્યંચ, પશુ આદિ કપડા વિનાના નગ્ન જ છે. એ તો કહ્યું છે એમાં. કુંદકુંદાચાર્યે કહ્યું છે. શીલપાહુડ. શીલપાહુડ નહિ? લિંગપાહુડમાં. લિંગ-લિંગપાહુડમાં. આઠ પાહુડ છેને, આઠ પ્રાભૃત છે. અષ્ટપાહુડ. લિંગપાહુડમાં છે. નગ્ન થાય તો નગ્ન તો બધા છે. કપડા વિનાના જ અંદર છે. અને વિષય વખતે તો નગ્ન થઈ જાય છે તો થઈ ગયો સાધુ? એવો પાઠ છે લિંગપાહુડમાં. તિર્યંચ તો નગ્ન જ રહે છે. જુઓ, કપડા પહેરતા નથી કોઈ દિવસ ઘોડા, હાથી એ નગ્ન છે? ભગવાન ત્રણલોકનો નાથ વિકલ્પ વિનાની ચીજ છે એ નગ્ન છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને વિકલ્પનું કપડું જ નથી. વિકલ્પ શુભરાગનું કપડું નથી એવો ભગવાન આત્મા છે. એની દૃષ્ટિ કરવી તે ભાવે નગ્ન થાય છે અને પછી દ્રવ્યે બાહ્ય નગ્ન થાય તો ભાવે ચારિત્ર થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૯, રવિવાર, તા. ૧૪-૦૯-૧૯૭૫,**
**ગાથા-૮૪, પ્રવચન નં. ૩૪**

૮૪ ગાથા. પરમાર્થ-પ્રતિક્રમણ (અધિકાર).

आराहणाइ वट्टइ मोत्तूण विराहणं विसेसेण।
सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८४।।
છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.

'**ટીકા :- અહીં આત્માની આરાધનામાં વર્તતા...**' આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ પવિત્રસ્વરૂપ એની આરાધનામાં વર્તતા. સેવા. એ આત્માની સેવા કરવી તે આરાધના છે. આહાહા..! '**આરાધનામાં વર્તતા...**' ભગવાન પરમાનંદસ્વરૂપ આત્મા, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ સહજાનંદ વીતરાગમૂર્તિ શુદ્ધ બુદ્ધ અવિરુદ્ધ. શુદ્ધ નામ પવિત્ર છે, બુદ્ધ નામ જ્ઞાન અને અવિરુદ્ધ નામ વીતરાગભાવ સંપન્ન આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શુદ્ધ, બુદ્ધ, અવિરુદ્ધ એવો આત્મા એની આરાધના (અર્થાત્) એની સન્મુખ થઈને એકાગ્રતા થવી. આહાહા..! તે '**જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.**' એવો જીવ પ્રતિક્રમણ ધર્મસ્વરૂપ છે. વીતરાગ પરિણતિસ્વરૂપ તે જીવ છે. આહાહા..! જે વીતરાગસ્વરૂપે ભગવાન આત્મા છે, વીતરાગસ્વરૂપી જ આત્મા છે એની સેવા કરવાથી વીતરાગ પરિણતિ જે ઉત્પન્ન થાય છે તે ધર્મ અને તે પ્રતિક્રમણ છે. આહાહા..! ઝીણું ભારે, ભાઈ! કહો, પોપટભાઈ!

'**જે પરમતત્ત્વજ્ઞાની જીવ...**' હવે એનું સ્પષ્ટીકરણ કરે છે. આહાહા..! પરમતત્ત્વ જે સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ પરમસ્વભાવભાવ આત્માનો એનું પરમતત્ત્વ એ પરમતતત્ત્વનો જ્ઞાની, એ પરમતત્ત્વનો અનુભવી જીવ. આહા! છે? '**પરમતત્ત્વજ્ઞાની જીવ...**' પરમપદાર્થ જે વીતરાગમૂર્તિ પ્રભુ એ પરમતત્ત્વ એને જાણનારો. એ '**નિરંતર અભિમુખપણે...**' આહાહા..! જેવા વીતરાગ સ્વભાવે આત્મા છે એવા વીતરાગસ્વભાવ સન્મુખ અતૂટ ધારા. સદા દૃષ્ટિમાં લઈને. આહાહા..! અભિમુખ. નિરંતર દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને. આહાહા..! '**અતૂટ (ધારાવાહી)...**' સદા નિરંતર પરમાત્મસ્વરૂપમાં એકાગ્રતા અતૂટ ધારાથી જે કરે છે. આહાહા..! આવી વાત ભારે. સમજાણું કાંઈ?

પ્રતિક્રમણનો અર્થ—નિમિત્તથી, રાગથી અને પર્યાયના એક સમયના અંશથી ખસીને. સમજાણું કાંઈ? શુદ્ધતત્ત્વ જે ચિદાનંદ મૂર્તિ ભગવાન આનંદકંદ પ્રભુ, એ આનંદકંદની સન્મુખમાં પોતાના પરિણામ અતૂટ ધારાએ, વચ્ચે તૂટ ન પડે, છેદ ન પડે એવી '**(-ધારાવાહી) પરિણામસંતતિ**

વડે...’ એવા વીતરાગી પરિણામની સંતતિ વડે. આહાહા..! વીતરાગ સ્વભાવની સેવા કરે છે. આહાહા..! માર્ગ બહુ ભાઈ! અંતરની ચીજ એવી છે. કહે છે **‘સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં...’** સાક્ષાત્ સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન એની સ્થિતિ, એમાં લીનતા. આહાહા..! **‘આત્માની આરાધનામાં—વર્તે છે...’** તે જીવ આત્માની સેવામાં વર્તે છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એની સેવામાં વર્તે છે તે વિરાધક છે. આહાહા..! પોતાનો આત્મા જે શુદ્ધ ચિદ્‌ઘન છે, અનાકુળ આનંદરસકંદ છે એ તરફના સન્મુખના પરિણામ નિરંતર પરિણામ એની સન્મુખ રહીને અત્રુટક ધારાએ... પરિણામ સંતતી જેમાં વીતરાગ પરિણતિનો પ્રવાહ અંદર અભિમુખ થઈને **‘સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં...’** એટલે કે આત્માની આરાધનામાં વર્તે છે. આહાહા..! ભારે વાત. વીતરાગમૂર્તિમાં નિરંતર પરિણામ રાખીને આરાધનામાં, આત્માની સેવામાં, સ્વરૂપનું સાધન જે આરાધન. સમજાણું કાંઈ? નિશ્ચયપ્રતિક્રમણ અને સાચો ધર્મ કોને કહે છે ઈ કહે છે. આહાહા..!

જે **‘સ્વભાવસ્થિતિમાં—આત્માની આરાધનામાં...’** એમ. જ્ઞાયકસ્વભાવ, પરમાનંદસ્વભાવ એનું જ્ઞાન થઈને પોતાના પરિણામમાં અતૂટ ધારાથી નિરંતર એ તરફની સેવા કરે છે, એ તરફનું વર્તન છે એ નિરપરાધ જીવ છે. આહાહા..! માર્ગ બાપુ, ઝીણો બહુ! સમ્યગ્દષ્ટિ જીવ પરમતત્ત્વના જ્ઞાનમાં શ્રદ્ધાથી તો નિરંતર વર્તે છે. પર્યાયમાં શ્રદ્ધાથી તો નિરંતર વર્તે છે, પણ અહીં તો સ્થિરતાથી નિરંતર વર્તવું એ પ્રતિક્રમણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મી જીવ તત્ત્વ વસ્તુ જે પરમ ભગવાન આત્મા એની શ્રદ્ધા, તત્ત્વની શ્રદ્ધા કરી, તો એ શ્રદ્ધા તો નિરંતર દ્રવ્યનો જ આશ્રય લે છે. આહાહા..! પણ એ ઉપરાંત અહીંયાં તો વીતરાગ પરિણતિ દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય અને એમાં-વીતરાગ પરિણતિમાં જે વર્તે છે તેને પ્રતિક્રમણ નામ ચારિત્રધર્મ કહે છે. આહાહા..!

ચારિત્રનો આ પેટા ભેદ છે. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન બધા. તો કહે છે કે પરમસ્વરૂપ ભગવાન અખંડ અભેદ ચીજ જે છે એને દૃષ્ટિમાં લઈને નિરંતર દૃષ્ટિનો સ્વામી આત્મા છે. પૂર્ણાનંદનો નાથ એ દૃષ્ટિનો સ્વામી છે. એ નિરંતર થાય છે એનું નામ સમ્યગ્દર્શન કહે છે. પણ અહીંયાં તો પ્રતિક્રમણ કહેવું છેને પાછું, આ તો ચારિત્રનો પ્રકાર છે. આહાહા..! એ સ્વરૂપસન્મુખ થઈને પોતાના વીતરાગી પરિણામમાં અતૂટ ધારા, વચ્ચે રાગ આવે એ નહિ,... આહાહા..! અરાગી વીતરાગી પરિણામથી આત્મામાં સ્વભાવસ્થિતિમાં વર્તે છે. આહાહા..! **‘તે નિરપરાધ છે.’** તે નિરપરાધી જીવ છે. સમજાણું કાંઈ? ક્યાં વાત પણ...!

**શ્રોતા :-** બાકી બધા અપરાધી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા અપરાધ. શુભ-અશુભભાવ એ અપરાધ. શુભ-અશુભભાવની સેવના કરવી એ અપરાધી જીવ છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ શુદ્ધ, બુદ્ધ, અવિરુદ્ધ અવિચળ જ્ઞાન અને વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. વસ્તુએ વીતરાગસ્વરૂપી જ આત્મા છે.

એના સન્મુખની દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શનમાં નિરંતર દ્રવ્યનો આશ્રય રહેવો એ તો સમ્યગ્દર્શન છે, પણ એ તરફના વીતરાગી પરિણામ કરીને વીતરાગી પરિણામ સ્વસન્મુખ અતૂટ ધારાએ રહેવા એનું નામ પ્રતિક્રમણ, નિરપરાધી ચારિત્ર કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવી માર્ગની રીતની હજી ખબર ન મળે. એ ક્યાં જાય ને ક્યાં...

ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર પડ્યો છે. પર્યાય એટલી પરિણતિને તે તરફ વાળીને... આહાહા..! અતૂટ ધારાએ અંતરમાં વીતરાગ પરિણતિ દ્વારા વર્તવું તે નિરપરાધી જીવ પ્રતિક્રમણમય છે. આહાહા..! લ્યો, આ પડિક્કમણા કેટલા કર્યા? એ માયલું એકેય કર્યું નહોતું આવું. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ... આહાહા..! એમાં વીતરાગ પરિણામે વીતરાગભાવમાં સ્થિતિ કરવી. આહાહા..! વીતરાગ પરિણામે વીતરાગભાવમાં સ્થિતિ કરવી. આહાહા..! આવી વાત છે, ભાઈ! તેને ભગવાન નિરપરાધી જીવ, બિનગુનેગાર જીવ એને કહે છે.

**'જે આત્માના આરાધનરહિત છે...'** આહાહા..! નિર્વિકલ્પ ભગવાન વીતરાગ એના સન્મુખની પર્યાયના આરાધનરહિત છે અને શુભ-અશુભ પર્યાયની આરાધના કરે છે એ વિરાધક અપરાધી છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ, શાસ્ત્ર ભણ્યો હોય એનો વિકલ્પ અને કષાયની મંદતાના પંચમહાવ્રતાદિના પરિણામમાં વર્તે એ અપરાધી જીવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બહુ, ભાઈ...! અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ છેને.

રાગની ક્રિયારહિત નિષ્ક્રિય ભગવાન આત્મા. રાગ, દયા, દાન, વ્રતના વિકલ્પ રાગ એનાથી રહિત નિષ્ક્રિય, રાગની ક્રિયાથી નિષ્ક્રિય આત્મા છે. આહાહા..! એવા આત્મામાં અભિમુખ થઈને, પરિણામથી અભિમુખ થઈને પરિણામમાં અતૂટ ધારા અંદર છેદ ન પડે એવી નિરપરાધી દશા તેને નિરપરાધી જીવ કહે છે, તેને પ્રતિક્રમણમય, ધર્મમય જીવ કહે છે. આ બધા ઝઘડા પંડિતોમાં એ છેને. વ્યવહાર છે એ સાધન છે... વ્યવહાર છે એ સાધન છે. અરે! સાંભળને. સાધન, અપરાધ છે એ સાધન ક્યું રહ્યું? શાસ્ત્રમાં લખ્યું છે એવું. વ્યવહાર સાધન, નિશ્ચય (સાધ્ય). પણ એ તો નિશ્ચય સ્વભાવસન્મુખની દશામાં રાગની મંદતાની દશા કેટલી છે એનું જ્ઞાન કરાવવા માટે સાધન કહ્યું છે. સમજાણું કાંઈ? બહુ તકરાર અત્યારે આ.

શુભભાવ. ધર્મી શુભભાવ તો શુભભાવવાળો પણ સાધુ છે. એમ શાસ્ત્રમાં લખ્યું છેને? કઈ અપેક્ષાએ? જેને આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર અંતર વર્તન સ્વસન્મુખ તો છે, પણ શુદ્ધોપયોગમાં નથી ત્યારે શુભરાગમાં આવ્યો તો એને શુભ ઉપયોગી સાસ્રવી સાધુ કહેવામાં આવ્યા છે. પણ આ અંદર હોં! અંદર સમ્યગ્દર્શનસહિત સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તો પ્રગટ છે, પણ શુદ્ધમાં અંદરમાં ધ્યાતા-ધ્યાન(ના વિકલ્પ) છોડીને શુદ્ધોપયોગમાં આવ્યો નહિ તો નિરાસ્રવી નથી થયો. એ શુભરાગ છે તો એ આસ્રવસહિત છે. આહાહા..! પણ એ આસ્રવસહિત ઓલો... દ્રવ્યસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની આરાધના તો

છે. એને શુભભાવ આવે તેને સાસ્રવી સાધુ કહે છે. એકલા અજ્ઞાની જેની દૃષ્ટિ તત્ત્વ ઉપર નથી અને એ દયા, વ્રતના વિકલ્પ ઉપર એની દૃષ્ટિ છે તો મિથ્યાદૃષ્ટિ છે. એને સાસ્રવી સાધુ કહે. એ તો મિથ્યાદૃષ્ટિ સાધુ છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ આકરું આ. વીતરાગ માર્ગ સર્વજ્ઞે કહેલો માર્ગ સમજવો એ અપૂર્વ વાત છે. આહાહા..! કદી સમજ્યો નથી. એની દૃષ્ટિ શું છે અને શું વસ્તુ છે?

અહીં તો પરમાત્મા કહે છે એ સંત કહે છે કુંદકુંદાચાર્ય. ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ કહે છે. એ નિરપરાધ છે. અને '**જે આત્માના આરાધનરહિત...**' ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એની સન્મુખના પરિણામરહિત અને પરસન્મુખના પરિણામસહિત (છે) એ અપરાધી છે.

**શ્રોતા :-** કેટલા ટકા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સો ટકા. ચાહે તો ભગવાનની સન્મુખની શ્રદ્ધા-જ્ઞાન અને ભગવાનની ભક્તિના પરિણામ (હો), એ પરિણામમાં વર્તે છે એ અપરાધી જીવ છે. ગજબ વાત છે! એ ગુનેગાર છે. આહાહા..! ચોર છે. ચોર છે ચોર. રાગ પોતાની ચીજ નથી અને એમાં વર્તના કરી તો એ તો ચોર છે. માર્ગ બાપા,.. એવી ચીજ છે વીતરાગની.

**શ્રોતા :-** ચોરને જેલની સજા હોયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જેલ જ છે એને. નિયમસારમાં તો એમ કહ્યું કે જ્યાં સુધી શુભભાવમાં છે ત્યાં સુધી એ નિશ્ચય આવશ્યકમાં નથી. નિશ્ચયદર્શન-જ્ઞાન-ચારિત્ર છે થોડા, અને શુભમાં રહે ત્યાં સુધી એ સાચી આવશ્યક ક્રિયા એની પાસે નથી. આહા..હા..! આવશ્યક સમજ્યા? જરૂરની ક્રિયા દર્શન-જ્ઞાન-ચારિત્રની. એ ક્રિયામાં જ્યાં સુધી સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર હોવા છતાં પણ શુભરાગમાં વર્તે છે એ નિશ્ચય આવશ્યકથી દૂર છે. સમજાણું કાંઈ? સ્વભાવને આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. સ્વભાવને આશ્રયે જે સામાયિક, પ્રતિક્રમણ (આદિ) છ બોલ છેને. ... સ્વભાવ જે પરમસ્વભાવ, ધ્રુવસ્વભાવ એમાં સ્થિતિ કરવી, રહેવી એમાં વર્તવું એ જ નિરપરાધી પ્રતિક્રમણમયી ક્રિયા છે. સમજાણું કાંઈ?

અને '**આત્માના આરાધનરહિત છે...**' ભગવાન શુદ્ધ સ્વરૂપ આનંદનો કંદ એ તરફની સન્મુખતાથી રહિત છે અને રાગાદિ સન્મુખસહિત છે તે અપરાધી જીવ છે. આહાહા..! આવો માર્ગ છે. આ સંવત્સરીના પ્રતિક્રમણ .. કર્યા હશે આ સ્થાકનવાસી અને શ્વેતાંબરમાં. એય..! બધા પડિક્કમણા (કરવા બેસે). ધૂળેય પડિક્કમણા નથી. સમજાણું કાંઈ? જ્યાં હજી દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી. કેવા દેવ, કેવા ગુરુ, કેવા શાસ્ત્ર (હોય) એની પણ વિપરીત શ્રદ્ધા છે. અને એની અવિપરીત શ્રદ્ધા હોય સાચા દેવ (ગુરુ-શાસ્ત્રની) એ પણ શુભવિકલ્પ છે. કેમકે પરદ્રવ્યાશ્રિત ભાવ છેને ઈ? અને એ શુભરાગ છે એમાં વર્તે છે તો મિથ્યાદૃષ્ટિ છે, અપરાધી છે.

જ્ઞાનીને શુભ આવે છે, પણ એમાં વર્તતો નથી, એને જાણે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જાણે છે, વર્તતો નથી. વર્તે છે તો સ્વભાવસન્મુખમાં વર્તન છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા! આવું સ્વરૂપ બાપુ જગતને બેસવું કઠણ. બહારમાં પંડિતો અને સાધુ એવી રીતે વ્યવહારને પોષ્યો છેને, એમાંથી એને .. વ્યવહાર નથી. સમ્યગ્દર્શન વિના, આત્માની સન્મુખતાના અનુભવ વિના જેટલી ક્રિયાકાંડ એ બધી મિથ્યાદૃષ્ટિની ક્રિયા છે. ઓહોહો..!

**'આત્માના આરાધનરહિત...'** ભગવાન આનંદસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતારહિત. આહાહા..! એ અપરાધી છે, ગુનેગાર છે. જે ચીજ એમાં નથી એમાં વર્તે છે તો એ ગુનેગાર–ચોર છે. સમજાણું કાંઈ? **'તેથી જ, નિરવશેષપણે વિરાધન છોડીને—'** છે? પાઠ છેને જુઓને, **'मोत्तूण विराहणं विसेसेण'** એની વ્યાખ્યા કરી બીજા પદની. **'आराहणाइ वट्टइ'** વર્તે છે. **'मोत्तूण विराहणं विसेसेण।'** વિરાધના નામ વિકલ્પ જે શુભાદિ છે એનાથી છૂટી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! નિર્વિકલ્પ આનંદમાં જે રમે છે. આહાહા..!

... નિરવશેષપણે કાંઈપણ બાકી રાખ્યા વિના વિરાધન છોડીને (નિર્વિકલ્પ આનંદમાં રમે છે). ચાહે તો ભગવાનની ભક્તિ અથવા તીર્થંકરગોત્રનો શુભ ભાવ હોય. આહાહા..! એમાં વર્તવું એ અપરાધ છે. શોડષકારણ ભાવના તીર્થંકરગોત્રનું કારણ છેને સોળ? એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! સમકિતી હોય, પણ રાગને જાણનાર છે ઈ, રાગમાં વર્તતો નથી અને અજ્ઞાનીને શુભરાગ તીર્થંકરગોત્રનો હોતો નથી, જ્ઞાનીને જ હોય છે, પણ છતાં એ જ્ઞાની એના રાગનો જાણનાર રહે છે, એમાં વર્તન કરીને મારી ચીજ છે ક્રિયા એમ નથી માનતો. આહાહા..! બહુ કામ..! એક વાત પણ પરમસત્ય હોવી જોઈએને. ભલે થોડી હોય, પણ પરમસત્ય હોવી જોઈએ. આમ મોટા-મોટા ગડીયા હાંકે જાય કે આ કર્યા ને આમ કર્યું. શાસ્ત્રનું જાણપણું, દુનિયામાં રંજન કરવું એ શું ચીજ છે? એ ચીજમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? આત્મા તો વિકલ્પમાં આવે છે એ આત્મા નહિ, પછી ભાષા કરવી અને દુનિયાને રંજન કરવી એ વસ્તુ ક્યાં આત્મામાં છે? આહાહા..!

અહીં તો પરમાત્માએ કહેલી ચીજ સંતો આડતિયા થઈને જગતને બતાવે છે. ... એ પેઢી આ છે. એમ કહ્યું છે. **'નિરવશેષપણે વિરાધન છોડીને...'** સ્વરૂપની સેવા, સ્વરૂપ સન્મુખની ધારાવાહી વીતરાગ પરિણામમાં રહેવું તે આરાધન છે. આહાહા..! વિરાધન છોડીને એમ કહ્યું છે. **'જે પરિણામ વિગતરાધ અર્થાત્ રાધરહિત છે...'** નીચે ખુલાસો કર્યો છે. નામ આપ્યાને. જે પરિણામ ભગવાન આનંદસ્વરૂપની સન્મુખ ન હોય એ અનારાધક છે. જે પરિણામ સ્વરૂપસન્મુખ હોય, વીતરાગભાવને વીતરાગભાવ સન્મુખ કરવો, વીતરાગ પરિણામને વીતરાગ દ્રવ્યમાં સન્મુખ કરવા એ આરાધના છે, એ આત્માની પ્રસન્નતા છે. આહાહા..! સ્વસન્મુખના પરિણામ એ આત્માની આનંદમય પ્રસન્નતા છે. આત્મા પ્રસન્ન થયો. સ્વસન્મુખથી આનંદની દશા પ્રગટ થઈ એ આરાધન એ પ્રસન્નતા થઈ. આહાહા..! અહીં તો પૈસા કાંઈક મળે, બાયડી ઠીક હોય તો પ્રસન્ન-પ્રસન્ન થઈ જાય છેને. હરખ. મકાન કરીને

વાસ્તુ કરે. વાસ્તુ કર્યું હશે કે નહિ તમારા મકાન-બકાનનું? વાસ્તુ કહ્યું. હરખ છે. શું વાસ્તુ? આત્મા વસ્તુ છે એમં વસવું કરવું એ પ્રસન્નતા અને આનંદ છે. વસ્તુમાં વસવું. વસ્તુમાં વાસ્તુ લેવું. ગોમ્મટસારમાં પાઠ છે. વસ્તુ કોને કહીએ? કે વસ્તુ એમાં અનંતગુણ વસ્યા છે. આત્મા એમાં અનંતગુણ વસ્યા છે એમાં વસવું એ વાસ્તુ છે. બાકી આ તો અવાસ્તુ છે. આહાહા..!

'**આરાધના; પ્રસન્નતા;...**' ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ એની સન્મુખના વીતરાગી પરિણામ એ આત્માની '**કૃપા;...**' એ આત્માની કૃપા. પરની કૃપા ત્યાં કામ ન આવે એમ કહે છે. દેવ-ગુરુની કૃપા હોય તો આ થાય એ કાંઈ કામ ન આવે. આત્મા પોતાના આનંદસ્વરૂપનું આરાધન કરે છે એ જ આત્માની કૃપા છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સિદ્ધિ;...**' એ વીતરાગી પરિણામ થયા એ જ સિદ્ધિ છે. સિદ્ધનું કારણ તે જ સિદ્ધિ છે. આહાહા..! પરિણામની વાત કરે છે હોં! વીતરાગસ્વરૂપ ભગવાન એની સન્મુખના વીતરાગી પરિણામ છદ્મસ્થના તેને સિદ્ધિ કહે છે. આહાહા..! એ પર્યાયમાં સિદ્ધસ્વરૂપની સિદ્ધિ થઈ દૃષ્ટિમાં તો એ પરિણામને જ સિદ્ધિ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પૂર્ણતા;...**' આહાહા..! વસ્તુ ભગવાન આત્માની આરાધના-સન્મુખની સેવા એ પરિણામ પૂર્ણ થયા. વસ્તુ પૂર્ણ છે એની સેવા કરી તો પર્યાયને પૂર્ણતા કહેવામાં આવે છે. આહાહા..! એવી ચીજ છે, ભાઈ! આહાહા..! '**સિદ્ધ કરવું તે;...**' સિદ્ધ કરવું. ભગવાન વીતરાગી મૂર્તિ શુદ્ધ-બુદ્ધ અવિરુદ્ધ છે એ વીતરાગ પરિણામમાં સિદ્ધ કરવું કે આ ચીજ આવી છે. એને પરિણામને સિદ્ધ કરવું એમ કહે છે. સાબિત થયું. ભગવાન અવો છે એમ દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રમાં સાબિત થયું. આહાહા..!

'**પૂર્ણ કરવું તે.**' આહાહા..! એ પર્યાયમાં જે આત્માનું આરાધન થયું ત્રિકાળસ્વરૂપ ભગવાનની સન્મુખની વીતરાગધારા તેને કહે છે કે એ તો પૂર્ણ કરવું થયું. પૂર્ણ થયું પર્યાયમાં હોં. આહાહા..! સમજાણું કાંઈ? રાધરહિત છે અર્થાત્ આરાધનારહિત છે, પ્રસન્નતારહિત છે, કૃપાથી રહિત છે, સિદ્ધિથી રહિત છે, પૂર્ણતાથી રહિત છે, સિદ્ધ કરવું અને પૂર્ણ કરવું એનાથી રહિત છે તે વિરાધન છે. માણસને આ નિશ્ચય સત્ય એવું લાગે કે આ તો વ્યવહારને ઉડાવીને નિશ્ચય (જ સ્થાપે છે). પણ ઈ જ સત્ય છે. સમજાણું કાંઈ?

આત્માના તત્ત્વજ્ઞાનની સન્મુખ દૃષ્ટિ વિના જેટલો આત્માનો આશ્રય લીધા વિના, જેટલી મહાવ્રતાદિ ક્રિયા થાય એ બધી મિથ્યાક્રિયા છે. ... વીતરાગની દેશનામાં ઈ આવ્યું છે. આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિમાં એ આવ્યું છે, એ સંતો જાહેર કરે છે. રાગથી પ્રસન્નતા માનવી એ વિરાધક છે. એ આત્માનો વિરાધક છે, ગુનેગાર છે. આહાહા..! પણ સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એકલી શુભક્રિયામાં પ્રસન્નતા માનવી એ મિથ્યાદૃષ્ટિ છે. વ્રત પાળે બાર વ્રત, પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પણ સ્વચૈતન્યમૂર્તિના આશ્રય વિના એ ક્રિયા

મિથ્યાક્રિયા છે, અપરાધની ક્રિયા છે, એ ગુનેગારની ક્રિયા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગનું .. દેશનામાં એ દેશનાનો પોકાર આ છે. સમવસરણની મધ્યમાં ગણધર અને ઈન્દ્રો (આ વાત સાંભળે છે). આહાહા..! શક્રેન્દ્ર એકાવતારી છે. શક્રેન્દ્ર છે સુધર્મના સ્વામી ઈન્દ્ર છે, સુધર્મ ઈન્દ્ર છે. એ સુધર્મ ઈન્દ્રને ૩૨ લાખ વિમાન છે. અને ૩૨ લાખ વિમાનમાં ઘણા વિમાન તો અસંખ્ય દેવવાળા છે. કોઈ દેવ થોડા સંખ્યાત છે. એના અર્ધલોકના સ્વામી ઈન્દ્ર છે. શક્રેન્દ્ર અત્યારે સમકિતી છે. અને સિદ્ધાંતમાં છે કે એકભવતારી છે. ત્યાંથી નીકળીને મોક્ષ જવાના છે. એક મનુષ્યભવ કરીને મોક્ષ જશે. અને એની પત્ની ઈન્દ્રાણી અત્યારે છે એ પણ એકાવતારી એક ભવ કરીને મોક્ષ જનારી છે. આહાહા..! એ પતિ-પત્ની જ્યારે સભામાં સાંભળવા આવે છે ત્યારે ભગવાનની આ દેશના આવે છે. સમજાણું કાંઈ? એને એક ભવે મોક્ષ જવું છે.

ઋષભદેવ ભગવાન જ્યારે અષ્ટાપદપર્વત ઉપર મોક્ષ પધાર્યા. ભરતને ખબર પડી, ગયા. ઈન્દ્ર આવ્યા. અને ભરતને (ભગવાનનો વિરહ) જોઈને આંસુની ધારા (ચાલી જાય છે). શુભભાવ છેને. ભરતને ખબર નથી કે હું આ ભવે મોક્ષ જવાનો છું? પણ એ રાગ આવ્યો એને જાણે છે, મારો છે એમ માનતા નથી. ઈન્દ્ર કહે છે કે અરે ભરત! તને તો ખબર નથી, અમને તો ખબર છે કે તું આ ભવે મોક્ષે જવાનો છો. શક્રેન્દ્ર (કહે છે). 'ઈન્દ્ર! મને ખબર છે કે હું આ ભવમાં મોક્ષે જઈશ. આ શરીર છેલ્લું છે અમારે. પણ અત્યારે અંદર નબળાઈને લીધે ભગવાનના વિરહનો રાગ આવ્યો. એ દુઃખરૂપ છે એમ જાણું છું, પણ આવ્યો છે.' આહાહા..! સમજાણું કાંઈ? અષ્ટાપદપર્વત ઉપર.

તો અહીં કહે છે કે એની દૃષ્ટિ રાગમાં નથી, એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. અખંડાનંદ પ્રભુ હું પૂર્ણ છું એવી દૃષ્ટિ એને છે. એ સમકિતથી આરાધક છે. જરી રાગ આવ્યો એટલો એ વિરાધક છે. આહાહા..! અને અજ્ઞાની તો એકલા રાગમાં વર્તનારા તદ્દન અપરાધી છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! એ વિરાધક છે. એ પરિણામ વિગતરાગ, રાગરહિત એ વિરાધન છે અને વિરાધનરહિત તે નિરપરાધ છે. એવા વિરાધનરહિત તે નિરપરાધિ પ્રાણી છે. ભગવાન આત્માની સન્મુખ થઈને રાગની વિરાધનાને છોડીને વીતરાગભાવની આરાધનામાં છે તે આ અપરાધથી રહિત છે. આહાહા..!

'**તે જીવ નિશ્ચયપ્રતિક્રમણમય છે,...**' લ્યો, સરવાળો કરે છે. એ જીવ સાચા પ્રતિક્રમણમય છે. આહાહા..! '**તેથી જ તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે.**' એ આત્માને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે. જેણે ભગવાન આત્મા પૂર્ણાનંદના વીતરાગ પરિણામથી આરાધન કર્યું એ જ આત્મા નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે. એ આત્મા જ પ્રતિક્રમણસ્વરૂપ છે એમ કહ્યું. આહાહા..! વાત એવી લાગે માણસને. નિયમસાર છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જ છે.

**શ્રોતા :-** બીજું પ્રતિક્રમણ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. સ્વરૂપ છે, પ્રતિક્રમણમય છે એમ કહ્યું. વીતરાગી પરિણામસહિત એટલે પ્રતિક્રમણમય છે. આહા! સમજાણું કાંઈ? અરે! એ વાત સાંભળવા મળે નહિ ... આહાહા..! વીતરાગનો માર્ગ બહારથી માનીને બેઠા. સમ્યગ્દર્શનની ખબર ન મળે. સમ્યગ્દર્શન કેમ થાય છે અને કોને કહીએ એની ખબર ન મળે. બહારની ક્રિયાકાંડને કરે. સમજાણું કાંઈ? આહાહા..! એ નિશ્ચયપ્રતિક્રમણમય છે, તેથી તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે. એ તો પ્રતિક્રમણસ્વરૂપ થઈ ગયો અંદર. આહાહા..! આ છદ્મસ્થ સાધકની વાત છે હોં! કેવળીની વાત નથી આ. પ્રતિક્રમણ છેને. સ્વરૂપનું સાધન જે વીતરાગપરિણતિથી થયું તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવ્યો છે. આહાહા..!

**'એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—'** ૩૦૪ ગાથા છે સમયસારની. એમાં સંસિદ્ધિ-સમ્યક્ પ્રકારે આત્માના આરાધનની દશા એ સંસિદ્ધિ. ભગવાન પૂર્ણાનંદના નાથની સન્મુખ થઈને સંસિદ્ધિ કરી. પરિણામમાં નિર્મળતા પ્રગટ વીતરાગી થઈ તેને સંસિદ્ધિ કહે છે, તેને પ્રસન્નતા કહે છે અને એને રાધ કહે છે, એને સિદ્ધ કહે છે. આહાહા..! નિર્વિકલ્પ ચૈતન્યપિંડ જે છે એની સન્મુખના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના પરિણામ તેને કહે છે કે અમે સિદ્ધ કહીએ છીએ. એ સિદ્ધ પર્યાયને (કહે છે) હોં!

**'સાધિત...'** કહે છે. એ આત્માના સાધનનું સાધન ઉત્પન્ન કર્યું તે સાધિત છે. એ આત્માને સાધે છે. આહા! અને **'આરાધિત...'** છે. એણે આત્માની સેવા કરી. આહાહા..! સમજાણું કાંઈ? ..... આહાહા..! **'એ શબ્દો એકાર્થ છે;...'** સંસિદ્ધિ કહો, રાધ કહો, સિદ્ધ કહો, સાધિત કહો, આરાધક કહો. એ બધા એક અર્થવાળા છે, બધાનો અર્થ એક છે. **'જે આત્મા અપગતરાધ...'** જે કોઈ આત્મા **'રાધથી રહિત છે...'** એવી સિદ્ધિ, રાધ આદિથી રહિત છે તે આત્મા અપરાધી છે. આહાહા..! જેણે આત્મા ભગવાન ત્રિલોકનો નાથ દૃષ્ટિમાં લીધો નથી અને સ્થિરતાથી સેવા કરી નથી એ બધા રાગમાં એકલા વસનારા અપરાધી પ્રાણી છે, ચાર ગતિમાં રખડવાના ચોર છે ઈ. આહાહા..! આવી વાત છે, ભાઈ! બહુ જોર આપે છેને, વ્યવહાર આ છે અને વ્યવહાર આવો છે. કોટામાં સાત દિવસ રહ્યા ત્યાં. માણસ બહુ કોટામાં. કોટા-કોટા છેને. ધન્યકુમાર છે, શેઠ છે. ... પાટણી નહિ? નેમિચંદ પાટણી. એની દીકરીના જેઠ છે ઈ. બહુ ગંભીર છે. અને એક આપણા જુગલકિશોર પંડિત. બહુ હોશિયાર. જુગલકિશોર ભાષણ આપે. ચાર દિવસ વ્યાખ્યાન કર્યા. પાંચમે દિ'એ સભામાં પત્ર વહેંચાણા, ચોપાનિયા. ... અહીંયાં આગળ કહે છે કે વ્રત ને આચાર, શ્રાવકના અને મુનિના આચાર એ ધર્મ છે એનો નાશ કરે છે, દિગંબર ધર્મનો નાશ થઈ જશે. અરે! ભગવાન!

ત્યાં .. સભામાં કોઈ .. વહેંચ્યા પાના. ખબર છે અમને. ત્યાં વિદ્યાનંદજીએ લખેલું કાંઈક. આ વિદ્યાનંદ છેને એનું લખેલું એ એમાં નાખ્યું. શ્રાવકના વ્રતો અને મુનિના વ્રતો, આચરણ વ્યવહારના આચરણ છે એનો નાશ કરે છે આ, દિગંબર ધર્મનો (નાશ થાય છે). પણ એ દિગંબર ધર્મ જ નથી. એ રાગ એ દિગંબર ધર્મ જ નથી. પોપટભાઈ! બહુ માણસ ત્યાં કોટામાં. પાંચ-પાંચ હજાર માણસ. ખીચોખીચ માણસ. જુગલકિશોર બહુ વિદ્વાન માણસ. ભાષણ આપે.. બહુ રુચિવાળો. ધારાવાહી ચાલે છે. આહાહા..! શાસ્ત્રનો આધાર આપીને ... પાના આવ્યા છે. આહાહા..!

જેને હજી આત્મા આનંદસ્વરૂપ છે એની દૃષ્ટિમાં આનંદ આવ્યો. સમ્યગ્દર્શન હોય તો આનંદ પર્યાયમાં આવે છે એ વિના આનંદ પર્યાયમાં આવતો નથી. અને આનંદની પર્યાય આવ્યા વિના એકલી તારી ક્રિયાકાંડ મરી જાને .. ધર્મ નથી એ. નિર્જરામાં આવે છેને ભાઈ! ક્લેશ કરો તો કરો એ રાગની ક્રિયા ક્લેશ છે. પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ ક્લેશ છે. ... સોનગઢનું ચાલે ભાઈ કહે છે. અહીં કોઈ સંઘ કે કોઈ વાડો નથી કે કોઈ .. સ્પષ્ટ છે. રહે તો રહે. આહાહા..! વ્યવહારથી ભ્રષ્ટ થઈને નિશ્ચયનું આરાધન કરે એ મોક્ષમાર્ગી છે. સમજાણું કાંઈ? અને નિશ્ચયને છોડીને વ્યવહારનું આરાધન કરે તે ભ્રષ્ટ છે, સમ્યગ્દૃષ્ટિ નહિ એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહાહા..! ચાહે તો પંચમહાવ્રત પાળે અને મહિના-મહિનાના અપવાસ કરે અને રસપરિત્યાગ કરે, એકલા જંગલમાં રહે એ આત્માના સમ્યગ્દર્શન વિના બધા થોથા છે, એકડા વિનાના મીંડા છે. આહાહા..! ભાઈ! માર્ગ આવો ભારે! તારા હિતને માટેની વાત છે પ્રભુ! તને ઠીક ન લાગે એમ કેમ થાય? આહાહા..! આ વસ્તુ છે. .. હિત છે, પ્રભુ! એ હિતની વાતને તું કાઢી નાખીને અહિતની વાતનો આદર કર, પ્રભુ! એ આત્માની શોભા નથી. સમજાણું કાંઈ? આચાર્યે તો પોકાર કરીને કહ્યું. ગુપ્ત નથી રાખ્યું. આહાહા..!

**'શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૧૮૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—' 'સાપરાધ આત્મા...'** એ રાગની ક્રિયાને પોતાનો ધર્મ માને છે અને રાગની ક્રિયાથી આત્માને લાભ થાય એવું માનનારા મિથ્યાદૃષ્ટિ જીવ છે, સાપરાધી જીવ છે, એ ગુનેગાર અપરાધી જીવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ રાગ છે અને એ રાગથી મને લાભ થશે એમ માનનાર પ્રાણી ગુનેગાર, મિથ્યાદૃષ્ટિ સાપરાધી છે. આહાહા..! કહો, પોપટભાઈ! આવું છે. આ દાન દેવાનો ભાવ રાગ મંદ છેને. એય..! પોપટભાઈ! પોપટભાઈએ હમણા પચાસ હજાર આપ્યા હતાને ઓલામાં. મંદિર થાય છેને. હજી બીજા માગશે ગિરધરભાઈ. .. કહે છેને એ તો .. મંદિર. પોપટભાઈનું ... પણ એમાં રાગની મંદતા હોય તો એ પુણ્ય છે, ધર્મ નથી. આહાહા..!

**શ્રોતા :-** માન થાય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માન થાય તો પાપ છે એકલું. પણ આ તો રાગ મંદ થઈને પાંચ, પચાસ હજાર, દસ લાખ દેવાનો ભાવ રાગ મંદ થઈને તો એ શુભ છે, ધર્મ નથી. દાનનો ભાવ એ શુભ પુણ્ય છે. આહાહા..! અને એનાથી મને લાભ થાય આત્માને એ માન્યતા મિથ્યાત્વની છે. એવી વાત છે, ભાઈ! આ તો ત્રણલોકના નાથની .. આવી છે. કે આ ભગવાનના .. છે આ. આહાહા..! સમજાણું કાંઈ? કન્યાના કહેણ આપે છેને કન્યા. આપણો દીકરો તો હુશિયાર છે. ભાઈ અમારી કન્યા આપે.. એમાં કરોડપતિની કન્યા આવે તો એનો બાપ ખુશી થાય. એ .. બહાર ન પડાય. ભલે કન્યા મોળી પાતળી હોય થોડી, પણ એ કરોડપતિની કન્યા છે. પચ્ચીસ લાખ લઈને આવશે. અને બહાર પડી જાશે તો ... મોટાના કહેણ એ પાછા ન વળે, એમ ત્રણલોકના નાથના કહેણ તને તારી .. કહેવા માગે છે. તું આત્માની લગની લગાડ, નાથ! તું રાગની લગની છોડી દે, પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ? એ મોટાના કહેણ પાછા ન ફરાય. એ પાછા ન કરાય, ભાઈ! આહાહા..! અંતર વાળ પ્રભુને. આહાહા..!

ત્રણલોકનો નાથ બિરાજે છે અંદરમાં. સિદ્ધ કરતાં પણ જેની અનંતી પર્યાય સિદ્ધિની જેના દ્રવ્યમાં પડી છે એવો આ ભગવાનઆત્મા છે. સિદ્ધની પર્યાય તો એક સમયની છે. એવી-એવી અનંતી પર્યાય આ દ્રવ્યમાં અંદરમાં પડી છે. એવો ભગવાનઆત્મા એને ભગવાનના કહેણ આવ્યા છે કે તું એમાં જા. આહાહા..! તારા લગન એની સાથે કર. આહાહા..! રાગની સાથે લગન કરવા છોડી દે. રાગનો સંબંધ છોડી દે, પ્રભુ! એ તો અપરાધ છે. આહાહા..!

**શ્રોતા :-** નિજઘરમાં જા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિજઘરમાં જા. આહાહા..! 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' આ પુણ્ય કર્યા, તપ કર્યા, આ દયા, મંદિર બનાવ્યા, અમે દાન કર્યા એવા નામ ધરાવ્યા એ તો પરદ્રવ્યની ક્રિયા છે. પણ નિજઘરમાં ન આવ્યો. એ રાગની ક્રિયાથી પર પોતાનું નિજઘર ભિન્ન છે અને રાગની ક્રિયાથી આત્મા ત્રણકાળમાં પ્રાપ્ત થતો નથી. સમજાણું કાંઈ? છોટાભાઈ! આવું .. જે રજકણો જ્યાં જવાન એ જવાના જવાના અને જવાના. આપનાર આપે છે માટે છે? એ પુદ્‌ગલ પરમાણુ જ્યાં જવાના છે ત્યાં જશે જ. આહાહા..! અનાજના નામ દાણે દાણે નથી કહેતા?

**શ્રોતા :-** ખાનેવાલે કા નામ દાને દાને પર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો અર્થ શું? કે જે રજકણો એની પાસ આવવાના તે આવશે. તું ના પાડ તોપણ આવશે અને તું રોક કે નહિ તો એ એને કારણે આવશે. દાણામાં ખાનારનું નામ છે એનો અર્થ એ કે જે ખાનાર છે એમાં જે રજકણ આવવાના તે આવશે જ. કોઈ દે માટે આવે એમ નથી. જે આવવાના તે આવશે જ. આહાહા..! પરમાણુનો એવો સ્વભાવ છે. તો એમાં એમ કહ્યું કે નહિ .. મેં દીધું, મેં એને આહાર આપ્યો. આહારના રજકણો

તો ત્યાં જવાના હતા જ. મેં રોટલી આપી, મેં પાણી આપ્યું, મેં કપડા આપ્યા, રોગીને ઔષધ આપ્યા. ભગવાન! સાંભળતો ખરો, પ્રભુ! એ તો ઔષધના રજકણ ત્યાં જવાના હતા એ તેં દીધા નથી. એમ પૈસા જે છે .. જવાની ત્યાં હતી. કોણ કહે છે કે મેં .. આપી .. આપ્યા. આવી વાત છે. આ તો વીતરાગનો માર્ગ ખોલીને ... પોપટભાઈ! આહાહા..!

શાહુજી આવ્યા હતાને. ફતેપુર શાહુજી. ફતેપુર ૮૪. ૮૩. તો એકલા આવ્યા. સાંજે આવ્યા અને બેઠા. નીચે બેઠા. મેં કહ્યું, શાહુજી! આ જ્યાં ત્યાં મોટા .. કહે. આહાહા..! મોટા થઈને.. સભામાં તમને એમ બોલાવે. એવી જિંદગી ચાલી જાય છે ધૂળમાંય નથી. ... આને મોટા નથી કરતા જ્યાં ત્યાં? ઓલા અન્યમતિ .. ત્યાં મોટા બનાવે એને. અન્યમતિમાં પણ ગયા હતા એ. કોઈ બાવાનું હતું, નહિ? સાંભળ્યું છે. અહીં તો વાત આવે. ત્યાં ગયા હતા કોઈ વિષ્ણુ. વાત તો સાચી છે. ત્યાં જઈને મોટપ મેળવે. આ તો શું કહે છે સાંભળતો ખરો, પ્રભુ! તારી મોટપ તો અંદરમાં પડી છે, નાથ! આહાહા..! એ મોટપમાં જાને. આ તારી ધૂળની મોટપમાં કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે '**સાપરાધ આત્મા...**' જેને રાગની ક્રિયા અને બાહ્યના નિમિત્તની ક્રિયા .. અને એનાથી મને લાભ થશે. આહાહા..! ભગવાનની પ્રતિમા અને ભગવાન સાક્ષાત્ છે. એની પાસે જઈશ તો મને ધર્મનો લાભ થશે. આહાહા..! એવું માનનારા અપરાધી જીવ '**અનંત કર્મોથી બંધાય છે;...**' સ્વદ્રવ્ય પાસે ન જતાં, પરદ્રવ્ય પાસે જાય છે. વાત એવી છે, ભગવાન! આહાહા..! ત્યાંથી આત્મા મળશે. સમવસરણમાં આત્મા મળશે, ભગવાનની વાણીમાંથી આત્મા મળશે. ભગવાન! એ અપરાધી જીવ છે, એમ કહે છે અહીંયાં. આહાહા..! આ તો પડદો ફાડીને બતાવે છે. એમાં શું છે? સમજાણું કાંઈ?

જે '**સાપરાધ આત્મા...**' પર તરફના સંગથી તને લાભ થશે, પરદ્રવ્યથી મારા આત્માનું જ્ઞાન થશે એવો સાપરાધી જીવ... ઝીણી વાત, ભાઈ! '**નિરંતર અનંત (પુદ્ગલપરમાણુરૂપ) કર્મોથી બંધાય છે;...**' આહાહા..! પરદ્રવ્યને આશ્રયે મારું કલ્યાણ થશે એ અપરાધી જીવ. નિજદ્રવ્યના આશ્રયે લાભ એ છોડી દીધું એણે. પોપટભાઈ! આવી વાત, બાપુ! પરમસત્ય તો આ છે. ઠીક લાગે, ન લાગે. એમાં વ્યવહારનો નાશ થાય છે. નાશ થાય જ છે. નિશ્ચય સ્વરૂપ ભગવાનઆત્મા એ દ્રવ્યનું આરાધન છોડીને એકલા પરદ્રવ્યના આરાધનમાં પડ્યો છે એ અપરાધી છે. સમજાણું કાંઈ? મંદિર બનાવ્યા પાંચ-પચ્ચીસ. પ્રતિષ્ઠા પ્રતિમાઓની પચ્ચીસ, પચાસ, સોની કરી તો મને એમાંથી ધર્મનો લાભ થશે... આહાહા..! જુઓ તો વીતરાગમાર્ગ! સાંભળવા મળે નહિ એ કે દિ' .. કરે. આહાહા..! એ અહીં કહે છે.

'**સાપરાધ આત્મા...**' આહાહા..! પરદ્રવ્યથી લાભ થશે એવો અપરાધી આત્મા. આહાહા..! '**નિરંતર અનંત (પુદ્ગલપરમાણુરૂપ) કર્મોથી બંધાય છે;...**' આહાહા..! '**નિરપરાધ આત્મા...**' સ્વદ્રવ્યને આશ્રયે લાભ થશે, પરદ્રવ્યથી નહિ. અરેરે! એવી વાત સાંભળતા એમ

એને લાગે કે આ તો નિશ્ચય છે-નિશ્ચય છે. પણ નિશ્ચય એ જ છે. એ જ સત્ય છે. .. ઉંધા મારીને વ્યવહારથી થાશે અને આનાથી થશે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! અહીં તો ખુલ્લી વાત છે. '**નિરપરાધ આત્મા...**' આહાહા..! ત્યાં પરદ્રવ્યથી લાભવૃત્તિ છોડીને સ્વદ્રવ્યથી લાભ થયો એવી જ્યાં માન્યતા છે એ નિરપરાધી આત્મા છે. એ '**બંધનને કદાપિ સ્પર્શતો નથી જ.**' એને બંધન નથી હોતું.

ચિદાનંદ ભગવાન પોતાનો આત્મા એને આશ્રયે લાભ છે એવા નિરપરાધી જીવ કર્મથી બંધાતા નથી. કોઈ દિ' નહિ. કદાપિ નામ કોઈ દિ' નહિ, કોઈ કાળે નહિ. '**આત્મા નિરંતર અનંત...**' અને જ્ઞાની આત્માને બંધન કદાપિ નહિ. કોઈકાળે નહિ. ભગવાન નિરપરાધી પ્રભુ આત્મા. આહાહા..! એનો આશ્રય લીધો દર્શન-જ્ઞાન-ચારિત્રે બંધન નથી. સમજાણું કાંઈ? જેમાં એને રાગ છે એ બંધનું કારણ છે. જેમાં એણે આત્માનું આરાધન કર્યું એ દર્શન-જ્ઞાન-ચારિત્ર .. અબંધ પરિણામ છે. આહાહા..! .. ભારે જગતને. સ્વચૈતન્યનું એને માહાત્મ્ય આવતું નથી અને પરના માહાત્મમાં રોકાઈ એ સ્વના માહાત્મ્યનો નાશ થઈ ગયો. આહાહા..!

'**નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ.**' સ્પર્શતો નથી 'જ' પાછું એમ. એકાંત લીધું. '**જે સાપરાધ આત્મા છે...**' હવે એની વ્યાખ્યા કરે છે કે સાપરાધ કેમ? કે '**સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...**' 'રાગવાળો છું, પુણ્યવાળો છું, પરને દેનારો છું' એમ આત્માની અશુદ્ધ સેવા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...**' હું તો .. થનાર છું. રાગની ક્રિયાની વાત.. અશુદ્ધ આત્માની સેવા કરે છે એટલે રાગની સેવા કરે છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ અશુદ્ધ છે. અજ્ઞાની એની સેવા કરે છે તો અપરાધી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો સાપરાધ છે;...**' ઓહોહો..! '**નિરપરાધ આત્મા તો ભલી રીતે શુદ્ધ આત્માને સેવનાર હોય છે.**' શુદ્ધ બુદ્ધ અવિરુદ્ધ એવો ભગવાનઆત્મા એની સન્મુખતા.. આત્માની સેવા કરે છે એ નિરપરાધી આત્મા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૦, સોમવાર, તા. ૧૫-૦૯-૧૯૭૫, ગાથા-૮૫, કળશ-૧૧૨, પ્રવચન નં. ૩૫

પરમાર્થ-પ્રતિક્રમણ (અધિકાર), નિયમસાર, ૧૧૨ કળશ છે.

(मालिनी)

अपगतपरमात्मध्यानसंभावनात्मा
नियतमिह भवार्तः सापराधः स्मृतः सः।
अनवरतमखंडाद्वैतचिद्भावयुक्तो
भवति निरपराधः कर्मसंन्यासदक्षः।।११२।।

આહાહા..! '**શ્લોકાર્થ :- આ લોકમાં જે જીવ પરમાત્મધ્યાનની સંભાવનારહિત છે...**' આહાહા..! પરમાનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ આત્મા એની એકાગ્રતા નામ ભાવના--પરિણમનરહિત છે. આહાહા..! શુદ્ધ ચૈતન્ય આનંદઘન ભગવાન દ્રવ્યસ્વભાવ એની ધ્યાનની ભાવના (અર્થાત્) અંતરમાં એકાગ્ર થઈને પરિણતિરહિત છે. આહાહા..! '**જે જીવ પરમાત્મધ્યાનની સંભાવનારહિત છે...**' પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. એની સન્મુખ થઈને પરિણમન તેના ધ્યાનની પર્યાયમાં. ..પર્યાયમાં. વસ્તુનું સ્વરૂપ ધ્રુવ ચૈતન્ય એના ધ્યાનરૂપ પર્યાયમાં પરિણમિત નથી એ ભવાર્ત પ્રાણી સંસારી છે. આહાહા..!

'**તે ભવાર્ત જીવ...**' આહાહા..! રાગ અને પુણ્યાદિના પરિણમનમાં જે રોકાયેલ છે. લ્યો, વળી આ પાછું તમારા હિન્દીમાં ગુજરાતી આવી ગયું. રોકાયેલ છે. રાગાદિ પરિણમનમાં રોકાયેલ છે. એ ભવાર્ત પ્રાણી પરિભ્રમણ કરનારો જીવ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ નિત્યાનંદ અખંડ પ્રભુ... આ આત્મા હોં! ભગવાન ભગવાન પાસે રહ્યા. આ ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન પરમસ્વભાવભાવ એનું ધ્યાન, ધ્યેય બનાવીને ધ્યાનની પરિણતિમાં પરિણમન થયું છે એ ધર્માત્મા છે. આહાહા..! ભારે! વાત એવી છે, ભાઈ!

અને પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન એના ધ્યાનની પરિણતિથી રહિત છે એ તો પુણ્ય અને પાપના રાગાદિ ભાવ ભેદભાવ પર્યાયબુદ્ધિવાળો એ રાગમાં રોકાયેલો છે તે સંસારી પ્રાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? એક ને એક બે વાત. પોતે શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ એના ધ્યેયે જે પરિણમન ધ્યાનનું, શુદ્ધ ચૈતન્યનું નિર્વિકલ્પ પરિણમન ન હોય તો એ સંસારી પ્રાણી રખડનાર છે. આહાહા..! સમજાણું કાંઈ? એનો અર્થ એ કે જેણે પોતાની પર્યાયમાં ધ્રુવનું ધ્યાન નથી કર્યું... આહાહા..! પોતાની પર્યાયમાં ધ્રુવનું પરિણમન ધ્રુવના લક્ષે ધર્મનું પરિણમન નથી કર્યું એ મોક્ષમાર્ગી નથી. આહાહા..!

એ તો '**ભવાર્ત જીવ...**' આહાહા..! ભવમાં પીડાયેલ રાગની ક્રિયા અને પુણ્યની ક્રિયા એ પર્યાયબુદ્ધિવાળો પ્રાણી. આહાહા..! આમ દ્રવ્યબુદ્ધિના પરિણમનરહિત કીધુંને? દ્રવ્યબુદ્ધિના પરિણમનસહિત એ મોક્ષમાર્ગી અને દ્રવ્યબુદ્ધિના પરિણમનરહિત પર્યાયબુદ્ધિનું પરિણમન... આહાહા..! એને '**સાપરાધ ગણવામાં આવ્યો છે;...**' તેને તો અપરાધી ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? એ ગુનેગાર છે. આહાહા..! પર્યાયને લક્ષે પરિણમન કરનારો એ ભવાર્ત પ્રાણી છે, કહે છે. આહાહા..! એ અપરાધી પ્રાણી છે. સમજાણું કાંઈ? નિયમસાર. આહાહા..! નિયમસાર નામ મોક્ષનો માર્ગ. તો મોક્ષસ્વરૂપ જે ભગવાન પોતાનો આત્મા જ મોક્ષસ્વરૂપ છે. એના ધ્યાનથી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ પરિણમન સંસારથી રહિત થવાની ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**જે જીવ નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે...**' જે જીવ નિરંતર અખંડ-અદ્વૈત ચૈતન્યભાવ. એકરૂપ ચૈતન્યભાવ. ભાષા જુઓ! ઓહો..હો..! સમજાણું કાંઈ? '**જે જીવ નિરંતર...**' ભગવાન આત્મા '**અખંડ-અદ્વૈત-**' બે પ્રકાર નહિ કે આ દ્રવ્ય અને પર્યાય એવો ભેદ પણ જ્યાં નથી. આહાહા..! એવો '**અદ્વૈત ચૈતન્યભાવ...**' જ્ઞાયકભાવ, એકરૂપભાવ, જ્ઞાયકભાવ એકરૂપભાવથી યુક્ત છે. આહાહા..! એ ચૈતન્યભાવથી યુક્ત સહિત એટલે પરિણમન સહિત છે. આહાહા..! એમ કહ્યું કે અખંડ અદ્વૈત નિરંતર ચૈતન્યની દૃષ્ટિ જેને છે એટલે ચૈતન્ય સ્વભાવના ભાવરૂપ ત્રિકાળથી પર્યાયમાં એ સહિત છે, પર્યાયમાં એ લક્ષ દૃષ્ટિમાં લીધું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ ભાઈ..!

'**જે જીવ નિરંતર...**' આહાહા..! '**અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે...**' છેને? '**अनवरतमखंडाद्वैतचिद्भावयुक्तो**' ત્રીજી લીટી છે. આહાહા..! એકરૂપ ચૈતન્ય અખંડ અદ્વૈત આત્મા આવા સ્વભાવથી યુક્ત છે. એનો અર્થ? કે અખંડ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ જેણે કરી એ જ ચૈતન્યભાવથી યુક્ત છે. રાગની દૃષ્ટિ થઈ તો ચૈતન્યભાવથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત, ભાઈ! સદા નિરંતર પરમાત્મા પોતાનું સ્વરૂપ ચૈતન્યભાવયુક્ત, ચૈતન્યભાવ તો ત્રિકાળ થયો પણ જેણે સંબંધ કર્યો, આ ત્રિકાળ આવો છે એમ સંબંધ કર્યો એનાથી યુક્ત—પર્યાયથી યુક્ત એવો આત્મા છે. આહાહા..! શેઠ! કઠણ વાત છે, અશક્ય નથી.

**શ્રોતા :-** સમજવું તો પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજવું પડશેને. સમજવું પડશે નહિ, કરવું જ પડશે. આહા..! એ વિના ચોર્યાશીના અવતાર પરિભ્રમણનું દુઃખ ભવસિંધુ ચોર્યાશીનો દરિયો પડ્યો છે રખડવા માટે. આહાહા..! એ પ્રાણી ભવાર્ત છે. આહાહા..! જેની પર્યાયમાં અખંડ અદ્વૈત ચૈતન્યભાવ યુક્ત નથી થયો, પર્યાયમાં ચૈતન્યભાવયુક્ત જે આત્મા નથી થયો (તે પ્રાણી ભવાર્ત છે). આહાહા..! સમજાણું કાંઈ?

અને (ચૈતન્યભાવ) યુક્ત થયો... આહાહા..! 'તે **કર્મસંન્યાસદક્ષ (-કર્મત્યાગમાં નિપુણ) જીવ નિરપરાધ છે.**' આહાહા..! સમજાણું કાંઈ? બે લીટીમાં તો ઘણું ભરી દીધું. આહાહા..! અને દયા, દાન ને વ્રત ને ભક્તિ ને તપ ને વિકલ્પ એમાં જે રોકાણો છે એ ચૈતન્યસ્વભાવથી યુક્ત નથી, રહિત છે. વ્યવહારુ ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિનો વિકલ્પ એનાથી સહિત છે, તે ચૈતન્યભાવથી રહિત છે. આહાહા..! અને જે ભાવ ત્રિકાળી ભગવાન આત્માના ભાવની પર્યાય પ્રગટ કરીને એના આશ્રયે યુક્ત છે તે નિરપરાધી પ્રાણી છે, એ કર્મનો નાશ કરવામાં નિપુણ છે. સમજાણું કાંઈ? વિશુદ્ધિનો ભાઈ, લેખ આવ્યો છે. ઓલા ભાઈ નથી કાંતિલાલ? વિશુદ્ધિ. એની સામેનો વિરુદ્ધનો લેખ આવ્યો હતો આજે. શું નામ છે એનું? એમ કે વિશુદ્ધિનો શુભરાગ છે, તમે શું કહેવા માગો છો? વિશુદ્ધિમાં જે રાગ એ આમ અને ફલાણો ભાગ આમ.. એ વિરોધ હતો. શું કહેવાય? ગામ કયુ હતું? આહાહા..! દક્ષિણનું ગામ નહિ મોટું? કોલ્હાપુર. કોલ્હાપુર છે કોક. નરેન્દ્રકુમાર કોલ્હાપુરમાં છે. એણે લખ્યું છે. જોકે એણે જરીક (એમ પણ લખ્યું છે કે) જ્ઞાનીને જે રાગ છે એ બંધનું કારણ છે એમ ન કહેતા પરંપરા મોક્ષનું કારણ છે, એમ જરી લખ્યું છે. પણ વિશુદ્ધિનો અભાવ ત્યાં છે એમ કહ્યું. એ કાંતિ બહુ લખે છેને. વિશુદ્ધ રાગ નથી. પણ નથી તો છે શું? અરાગ છે? વળી તારે પુણ્યબંધનું કારણ કહેવું છે. બહુ સારું લખ્યું છે. એટલું જરીક આ... બાકી તો બધું આ શાસ્ત્રમાં આવે છેને, ભાઈ! જ્ઞાની ધર્માત્માનો વ્યવહાર રાગ હોય છે એ પરંપરા (શુદ્ધિનું) કારણ છે. એટલે કે આને તોડીને આગળ વધશે. અત્યારે અશુભ છોડ્યું છે, હવે એ શુભ છોડીને સ્થિરતા કરશે, એ અપેક્ષાએ પરંપરા કહ્યું. બાકી તો રાગ કાંઈ પરંપરા મોક્ષનું કારણ નથી. જ્ઞાનીને પણ રાગ તો બંધનું જ કારણ છે. આહાહા..! કર્મધારા અને જ્ઞાનધારા બે ધારા છે જ્ઞાનીને. ધર્મી જીવને પોતાનો સ્વભાવ ચૈતન્યમૂર્તિ પ્રભુ એની દૃષ્ટિથી યુક્ત છે તેથી એને જ્ઞાનધારા પણ છે, ધર્મધારા પણ છે અને જેટલો વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિનો એટલી કર્મધારા છે. આહાહા..! સમજાણું કાંઈ? કર્મધારા બિલકુલ બંધનું કારણ છે અને જ્ઞાનધારા બિલકુલ સંવર-નિર્જરાનું કારણ છે. આમ છે, ભાઈ! એ જરી થોડું .. પરંપરા આવે છેને ક્યાંક. આહાહા..!

અહીં તો એમ કહે છે કે ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવની દૃષ્ટિથી રહિત છે, ચૈતન્ય સ્વભાવનો આદર કરીને પરિણમનથી રહિત છે, એ રાગનો આદર કરીને રાગના પરિણમનમાં સહિત છે એ મિથ્યાદૃષ્ટિ ભવાર્ત પ્રાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ ભાઈ વીતરાગનો માર્ગ બહુ સ્થૂળ કરી નાખ્યો અત્યારે. અંતર્મુખ પ્રભુ બિરાજે છે કહે છે. આહાહા..! એ આત્મા પોતે પરમાત્મસ્વરૂપે બિરાજે છે. એ આત્માને જેણે દૃષ્ટિમાં સમીપ લીધો, એ દૃષ્ટિમાં આત્માને યુક્ત બનાવ્યો, જે દૃષ્ટિથી દૂર હતો. સમજાણું કાંઈ?

એક તો વળી મગજમાં ઈ આવી ગયું. આઠ પર્યાય નાશવાન છે અને પર્યાયથી દૂર

છે. ભાઈ! આવ્યું છેને ૩૮માં? કળશ આવ્યો છે. કેવળજ્ઞાન, સંવર, નિર્જરાની પર્યાય એનાથી પણ ધ્રુવ તો દૂર છે. પહેલો જ કળશ છે શુદ્ધભાવ અધિકારનો. સમજાણું કાંઈ? પર્યાય જે છે સંવર, નિર્જરાની, આસ્રવની, બંધની અને કેવળજ્ઞાનની એ પર્યાયો જે છે એ નાશવાન છે અને એ પર્યાયથી ભિન્ન દ્રવ્ય જે છે એ પર્યાયથી દૂર છે. નિયમસાર છે એમાં ૩૮ ગાથા છે જુઓ, ૩૮-૩૮. ૩ અને ૮. નીચે શ્લોકાર્થ. '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' છે? અમરચંદજી! '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' શું કહે છે? કે સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, પુણ્ય, પાપ, બંધ એ તત્ત્વ છે પર્યાયતત્ત્વ. તો સર્વ તત્ત્વોમાં એક સાર છે ભગવાન. પર્યાય સાર નથી. આહાહા..!

'**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' એ પર્યાય જે છે કેવળજ્ઞાનની, સમ્યગ્દર્શનની, જ્ઞાનની, ચારિત્રની એની પર્યાયથી ધ્રુવ તો દૂર છે. આહાહા..! છે? '**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવ...**' એટલે પર્યાયો. એનાથી પ્રભુ ધ્રુવ દૂર છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ આત્મા જેમાં કામવાસના તો છે જ નહિ. અને એનો આશ્રય કરનારા કામવાસનાનો નાશ કરે છે. ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય કરનાર કામવાસનાનો નાશ કરે છે, એવો એનો સ્વભાવ છે. આહાહા..! '**જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' પાપની પર્યાય જેમાં છે જ નહિ અને છે તો એનો આશ્રય કરવાથી પાપની પર્યાય નાશ પામે છે. આહાહા..!

'**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' ભગવાન પૂર્ણાનંદ તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપી છે, શુદ્ધજ્ઞાન પિંડસ્વરૂપ છે. અને '**જે સુખસાગરનું પૂર છે...**' આનંદનું પૂર છે એમાં. અતીન્દ્રિય આનંદના પૂરથી ભરેલો છે '**અને જે ક્લેશોદધિનો કિનારો છે,...**' ક્લેશરૂપી દરિયાનો તો કિનારો છે. ક્લેશ તો એમાં છે જ નહિ. સંસાર અંદર દ્રવ્યમાં નથી. આહાહા..! '**તે સમયસાર જયવંત વર્તે છે.**' મુનિરાજ કહે છે કે એવો સમયસાર અમારી દૃષ્ટિમાં આવ્યો છે. આહાહા..! એ સમયસાર ધ્રુવ જયવંત વર્તે છે. અમારી પર્યાયમાં આવ્યો એ જયવંત વર્તે છે. પરિણમન કરે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પર્યાયમાં દ્રવ્યનું ભાન થયું. આવું પરમાત્મસ્વરૂપ છે તો પર્યાય જાણે છે કે આ જયવંત છે. ત્રિકાળ જયવંત વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! આ તો પરમાત્મા થવાની વાત છે. એ પરમાત્માસ્વરૂપ જ ભગવાન આત્મા છે. ભગવાન પરમાત્મસ્વરૂપ જ છે અંદર. એમાંથી પર્યાયમાં ભગવાન થવાની વાત છે અહીંયાં તો. આહાહા..!

અહીં તો એટલું લેવું હતું કે સમસ્ત નાશ પામવાયોગ્યથી દૂર છે એટલું કહેવું હતું. પર્યાયથી દ્રવ્ય દૂર છે. સમજાણું કાંઈ? પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી. દ્રવ્ય અને પર્યાય એક થતી નથી. આહાહા..! એ તો ન્યાયના ગ્રંથમાં પણ એ આવ્યું છે. આપ્તમીમાંસા છેને ગ્રંથ? આપ્તમીમાંસા. એમાં ધર્મ અને ધર્મી બે ભિન્ન છે. ધર્મી દ્રવ્ય અને ધર્મ એવા બે ભંગ પડ્યા પર્યાયમાં.

નિરપેક્ષ બન્ને ભિન્ન છે. પછી સાપેક્ષ કહેવું કે આ પર્યાય દ્રવ્યની અને આ દ્રવ્યની પર્યાય એ તો વ્યવહાર થયો. આહાહા..! અરે..! વીતરાગ સર્વજ્ઞની વાણીમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા...!

જુઓ, અહીંયાં કહ્યુંને કે **'ચૈતન્યભાવથી યુક્ત છે...'** ચૈતન્યભાવ તો ત્રિકાળ છે અને પર્યાયમાં ભાન થયું માટે પર્યાય ચૈતન્યભાવથી યુક્ત થયો. નહિતર પર્યાયમાં રાગનો આશ્રય હતો ત્યારે તો ચૈતન્યભાવથી રહિત હતો. સમજાણું કાંઈ? દયા, દાન, વિકલ્પના પ્રેમમાં પર્યાય હતી એ તો ચૈતન્યભાવથી રહિત છે, એ તો અજ્ઞાની છે. આહાહા..! પણ જેણે ચૈતન્યભાવ ધ્રુવ દૃષ્ટિમાં લઈને યુક્ત બનાવ્યું, પરિણામયુક્ત છે, ચૈતન્યભાવના પરિણામથી યુક્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યભાવથી યુક્ત છે એનો અર્થ શું? કે ત્રિકાળી જ્ઞાયકભાવ જે છે ધ્રુવ એનાથી સહિત એટલે પર્યાયમાં એનું ભાન થઈ ગયું. તો એ પરિણમનસહિત છે. આહાહા..! માર્ગ આવો છે. એને લોકો ઉડાવી દે છે. એ તો નિશ્ચયની વાત... નિશ્ચયની વાત... એમ કરીને (કાઢી નાખે છે). બાપુ! નિશ્ચયનું લક્ષ થયું તો પરિણમન થયા વિના રહે નહિ. આ છે એમ જાણ્યું કોણે? સમજાણું કાંઈ? આહાહા..!

છઠ્ઠી ગાથામાં એ કહ્યુંને? **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** આત્મામાં ચૌદ ગુણસ્થાનની કોઈ પર્યાય છે જ નહિ. **'ण वि होदि अप्पमत्तो'** સાતમાથી ચૌદ (ગુણસ્થાન) સુધીની પર્યાય પણ આત્મામાં નથી અને પહેલાથી છઠ્ઠા સુધીની પર્યાય પણ આત્મામાં નથી. પ્રમત્ત-અપ્રમત્ત બેય પર્યાય આત્મામાં નથી. આહાહા..! બહુ વાત ઝીણી, બાપુ! એવો જે જ્ઞાયકભાવ છે, જેમાં પર્યાયનો અભાવ છે એવો જ્ઞાયકભાવ જે છે એની સેવા કરવાથી પર્યાયમાં શુદ્ધતા જે પ્રગટે છે એને ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે પણ વાત તો એવી છે.

અને જેને એ ભાવ ચૈતન્યબિંબ પ્રભુના ભાવથી સહિત છે, જે પર્યાયમાં એનો સ્વીકાર થઈ ગયો તો પર્યાયમાં ચૈતન્યભાવયુક્ત છે એમ કહ્યું. આહાહા..! પર્યાય જે છે એ દ્રવ્ય તરફ વળી. ત્રિકાળી જ્ઞાયકભાવ પરમસ્વભાવભાવ નિત્યાનંદ પ્રભુ તરફ પર્યાય વળી ગઈ તો એ ચૈતન્યભાવયુક્ત છે. પર્યાયમાં ચૈતન્યભાવયુક્ત થયો—સહિત થયો. પર્યાયમાં ચૈતન્યભાવથી રહિત હતો. 'રાગ તે હું, પર્યાય જેટલો હું' (માનતો હતો એમાં) તો એ ચૈતન્યભાવથી રહિત હતો. આહાહા..! સમજાણું કાંઈ? 'હું ચૈતન્યભાવમય છું' એમ પર્યાયે સ્વીકાર કરીને એકાકાર થયો તો એ પર્યાય ચૈતન્યભાવયુક્ત છે. આહાહા..! આ વેપારમાં (ક્યાંય આવે નહિ).

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય નહિ. પર્યાય સમીપ થઈ, દ્રવ્યનો આદર કર્યો ત્યારે એ ચૈતન્યભાવસહિત એ આત્મા છે એમ કહ્યું. પણ જે પર્યાયબુદ્ધિમાં રોકાણો છે, રાગની રુચિમાં

રોકાણો છે એ જીવ ચૈતન્યભાવથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે કર્મસંન્યાસદક્ષ...**' છે. ભગવાન આત્મા ચૈતન્યભાવથી યુક્ત-સહિત પર્યાયમાં સ્વીકાર થયો. આ ચૈતન્યભાવ છે એવો સ્વીકાર થયો. એવી પર્યાય ચૈતન્યભાવથી સહિત છે એ કર્મનો નાશ કરવામાં દક્ષ છે. એના કર્મનો નાશ થઈ જશે. અપવાસ કરવા, ફલાણું કરવું, નિર્જરા થાય છે અને કર્મનો નાશ થાય છે એમ નથી એમ કહે છે. આ અપવાસ કર્યા એ તપ છે અને તપ એ નિર્જરા છે. ધૂળેય નથી સાંભળતો ખરો. જે પર્યાયમાં આત્મા સમીપમાં ન આવ્યો, જેણે આત્મા ત્રિકાળી ભગવાનનો આશ્રય ન લીધો એ બધા ઉપવાસ લાંઘણ છે. આહાહા..! એ.. શેઠ! ઉપવાસનો અર્થ શું? ચૈતન્યભાવ કહ્યુંને અહીંયા, ત્રિકાળી સ્વભાવથી યુક્ત થવું એ ઉપવાસ છે. ઉપ નામ દ્રવ્યસ્વભાવની સમીપમાં વસવું. આમ વસ્તુ છે, ભાઈ! આહાહા..!

જે પર્યાય દ્રવ્યમાં વસી નહિ, રહી નહિ અને એ પર્યાય રાગમાં રહી અને પર્યાય પર્યાયમાં રહી. એ તો બધી લાંઘણ છે. જે પર્યાય ઉપ નામ દ્રવ્ય ત્રિકાળી સમીપ વસી, અંદર ઠરી એ ઉપવાસ છે. ભારે વાતું, ભાઈ! શેઠ કહે કે આ તો દસલક્ષણી પર્વના દસ અપવાસ કરે એ તો ખરું કે નહિ? એમ કહે છે. મંદ કષાય હોય તો શુભ પુણ્ય છે. દ્રવ્યના આશ્રય વિના સાચો ઉપવાસ ત્રણકાળમાં હોતો નથી. અંદર દ્રવ્યસ્વભાવમાં ઘુસી જાય અને લીન અંદરમાં થાય એનું નામ ઉપવાસ. દ્રવ્યની સમીપમાં, ઉપ નામ સમીપમાં વાસ નામ વસવું એનું નામ ઉપવાસ છે. આહાહા..! ભારે વાત, બાપા! શુદ્ધ ઉપયોગ સ્વભાવમાં વસવું એ ઉપવાસ છે. બાકી તો અપવાસ છે, ઉપવાસ નથી. અપ નામ માઠો વાસ. પર્યાયમાં રહેવું, રાગમાં રહેવું એ અપવાસ છે. આહાહા..! લોકોને કઠણ પડે, જગતને સત્ય, બાપુ! ... માર્ગ આ છે, ભાઈ! ત્રણલોકના નાથ તીર્થંકરદેવે આવો માર્ગ જાણ્યો અને કહ્યો છે.

**શ્રોતા :-** મહિનાના અપવાસ કરે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહિનાના શું? છ મહિનાના કરીને મરી જાય તો એ મિથ્યાદૃષ્ટિ છે. શરીર સુકાઈ જાય. જેમાં ચૈતન્યસ્વભાવ દૃષ્ટિમાં લીધો નથી, જ્ઞાનમાં ચૈતન્યભાવને જ્ઞેય બનાવ્યો નથી એ જીવની ક્રિયા બધી નિરર્થક અને બંધનું કારણ છે. આવું છે.

'**અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે...**' આહાહા..! પર્યાયબુદ્ધિવાળા ચૈતન્યભાવથી રહિત છે, ભાઈ! પર્યાયબુદ્ધિ અંશ જે છે અંશ એવી બુદ્ધિવાળા દ્રવ્યસ્વભાવથી રહિત છે અને પર્યાયબુદ્ધિથી સહિત છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! કહો, શાંતિસાગર! ઈ દીક્ષા લેવાના હતા. દિગંબર મુનિ થવાના હતા. રહી ગયા વળી. હેરાન છે. હજી વસ્તુ શું છે એની સમીપમાં કેમ જાવું એની ખબરું નહિ અને થઈ ગયા મુનિ. બાર મહાવ્રત લીધા. ક્યાં મહાવ્રત હતા! આહાહા..! ભાઈ! આ તો હિતની વાત છે, પ્રભુ! તારા અનાદરની વાત નથી. આ તો હિતની વાત છે, ભાઈ! તારો ચૈતન્ય ભગવાન મહાપ્રભુ બિરાજે છે એને પર્યાયની સમીપમાં

ન લીધો અને રાગને સમીપ લીધો એ તો સંસારમાં રખડવાનો છે. આહાહા..! કહો, પુરણચંદજી! આ શું જાત્રામાં પણ પુણ્યભાવ છે, (જાત્રામાં) ગયો તો આ ચૈતન્યભાવરહિત થયો એમ કહે છે. ત્રણ મહિના સુધી. એમાં પણ પાછો જરી વિરોધ કર્યો હતો મેં. ભાઈ, તમે ત્રણ મહિના ફર્યા, પણ રાત્રે વિહાર કરીને દિવસે જાત્રા (કરી એ) વ્યવહાર પણ ખોટો છે. આ રાત્રે વિહાર કરીને દિવસે જાત્રા કરવી. પંચેન્દ્રિયનો વધ થાય છે રાત્રે. બસમાં નીકળવાથી આઠ વાગ્યાથી ચાર વાગ્યા સુધી રાત્રે ઉંદર, સર્પ, ચેલા નથી કહેતા? કાંટાવાળા બહુ નીકળે. એમાં બસ નીકળે તો ભુક્કો થઈ જાય. તો એવા પંચેન્દ્રિયનો વધ થાય છે. રાત્રે પૂજાનો નિષેધ છે તો રાત્રે જાત્રા માટે ચાલવું એ તો નિષેધ છે. શેઠ! અહીંના કોઈ પક્ષવાળા માણસ હોય તે ભૂલ કરે તો એને સાચા કહેવાય? એય..! પૂનમચંદજી! એનામાં રહીને ઈંદોર ગયા પછી વ્યાખ્યાન છોડી દીધું એણે. ઈ ભેગા હતાને, કેવા? ગીરજાલાલ.

અહીં તો બાપુ માર્ગ આવો છે. આહાહા..! જેમાં પંચેન્દ્રિય (જીવનો વધ થાય). આ જોઈએ છીએને સડક ઉપર સર્પ મરી જાય, ઉંદર મરી જાય છે. શેળા હોય છેને. સર્પને પકડે છેને કાંટાવાળા હોય છેને એ મરી જાય, ભુક્કો ઉડી જાય અને શિયાળીયા. શિયાળ હોય છેને એ બિચારા જાતા હોય તો અંજવાળુ હોયને (એટલે) ભૂલી જાય. આમ જાવું કે આમ જાવું પડેને. બસની બત્તીનું અંજવાળુ પડેને. આહાહા..! માર્ગ તો આવો છે, ભાઈ! વીતરાગના માર્ગનો વ્યવહાર પણ કોઈ જુદી જાતનો છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો નિશ્ચય વાત કહે છે અહીંયાં. આહાહા..! જ્યાં જાત્રાનો ભાવ, મહાવ્રતનો ભાવ પણ રુચે છે એ તો ભવાર્ત પ્રાણી છે. આહાહા..! ભાઈ! વાત તો એવી છે, ભાઈ! આહાહા..!

૮૪ ગાથા થઈ. ચોર્યાશીના અવતાર ટાળવાની આ ચીજ છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ... આહાહા..! પર્યાય એનાથી દૂર વર્તે છે એને સમીપ કરવી. આહાહા..! સ્વરૂપચંદભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા..! અરેરે! પ્રાણીને સાંભળવા ન મળે આવું. એ ક્યારે જાય અંદર અને શું કરે ઈ? અરે! જિંદગી ચાલી જાય છે, ભાઈ! જે જે સમય જાય તે દેહને છૂટવાની સમીપ જાય છે, મૃત્યુની સમીપ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! દેહ છૂટશે એ નિશ્ચય છે. તો જેટલો કાળ જાય છે એટલો સમીપ જાય છે. એમાં જો આત્માનું કામ ન કર્યું... આહાહા..! જગત જગતનું જાણે, જગતની સાથે તારે શું કામ છે? જગત સાચું માને, ન માને, જગત જૂઠું કહે એનાથી તારે શું કામ છે? પરના રિપોર્ટનું તારે કામ છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, જેણે એવા ભાવને (દ્રવ્યને) પર્યાયમાં સહિત બનાવ્યો, નિર્મળ પર્યાયમાં એવા આત્માને સમીપ બનાવ્યો એ ચૈતન્યભાવયુક્ત આત્મા થયો. આહાહા..! એ જ કર્મનો નાશ કરવામાં દક્ષ છે, નિપુણ છે. આમ કર્મની નિર્જરા થાય છે. ઓલું તપસા નિર્જરા આવે છેને? એ પ્રશ્ન કર્યો હતો પહેલા, (સંવત) ૨૦૦૯ની સાલમાં. બસ સ્પેશ્યલ

આવી હતીને અહીંયાં? તુલારામ, ગજરાજ ને. તુલારામ વચ્છરાજ ત્રણ ભાઈ છે. લાડનુમાં. કરોડોપતિ. અહીં આવ્યા હતા. .. માનસ્તંભ. શું કહેવાય ત્યાં? .... .. પ્રશ્ન થયો તુલારામને. મગજ સાધારણ. મોટા ભાઈ હતાને. તુલારામ વચલા વચ્છરાજજી, નાના ગજરાજજી. ત્રણ ભાઈ. તો કોઈ જુવાને પ્રશ્ન કર્યો હતો. એણે કહ્યું, જુઓ! તપસા નિર્જરા કહી છે. તુલારામ કહે. તત્ત્વાર્થસૂત્રમાં તપસ્યાને નિર્જરા કહી છે. કીધું, શેઠ! એ તપસા નિર્જરા એ તપસ્યા એ અપવાસ નહિ. અહીંયાં આવીને પૂછો, જુવાન હતો. શેઠ! પૂછો મહારાજને તપસા નિર્જરા શું છે? ભાઈ! તપસ્યા તો નિમિત્તથી કથન કર્યું છે. એ તપસ્યા નથી. અંતરમાં આનંદસ્વરૂપમાં રમવું, અમૃત સાગરનો અનુભવ કરવો એનું નામ તપ છે. આહાહા..! '**तप्यंति इति तपः**'. જેમ સોનું હોય છેને સોનું? સુવર્ણ. ગેરુ લગાવે છે ગેરુ. ગેરુ સમજો છો? તો ઓપે છે. ગેરુ લગાવે તો ચમક આવે છે ચમક. એમ આત્મામાં ચારિત્રસહિત હોય અને એમાં આનંદની ઉગ્રતા પ્રગટ કરે... ઈ આવશે. તપની વ્યાખ્યા આવશેને ઓલામાં? તપની વ્યાખ્યા આવશેને સવારે. સંયમ આજે આવ્યુંને? એ તપનું ઓલામાં આવશે ભાઈ, સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષામાં. તપની વ્યાખ્યા. છે અહીં? નથી. પુસ્તક નથી. એ તપની વ્યાખ્યા કાલે આવશે. એ તપની વ્યાખ્યામાં એમ આવ્યું કે ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થ કરવો તે તપ છે. સમજાણું કાંઈ? ...

સમ્યગ્દર્શનમાં આત્માનો અનુભવ થયો. .. લીધો, જ્ઞાન પણ એનું થયું અને એમાં લીનતા પણ ચારિત્ર થયું. હવે તપ કોને કહે છે? એ કાલે આવશે. ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થ કરીને વિશેષ રમવું એનું નામ તપ છે. આહાહા..! અરે..! જગતની દૃષ્ટિ ક્યાં અને ભગવાનની દૃષ્ટિ ક્યાં! બહુ ફેર-બહુ ફેર. આહાહા..! ૮૫.

**मोत्तूण अणायारं आयारे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८५।।**

'ટીકા :- અહીં (આ ગાથામાં)...'

**શ્રોતા** :- હરિગીત.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હરિગીત નથી, એમાં નથી. ગુજરાતી છે. હિન્દી કર્યું છે? છે.

**જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.**

લ્યો, હવે આવ્યું. ...

'**અહીં (આ ગાથામાં) નિશ્ચયચરણાત્મક...**' નિશ્ચય જે સ્વરૂપમાં રમણતા કરવી, સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત પોતાના આનંદ સ્વરૂપમાં રમણતા કરવી તે '**પરમોપેક્ષાસંયમના...**' પરની અપેક્ષા છોડીને પરમોપેક્ષા—પરની પરમ ઉપેક્ષા. પર્યાય, રાગ, નિમિત્તની પરમ ઉપેક્ષા અને ત્રિકાળ ભગવાનની અપેક્ષા. આહાહા..! સમજાણું કાંઈ? નિમિત્ત, રાગ અને પર્યાયની ઉપેક્ષા, અપેક્ષા નહિ. આહાહા..! પરથી ઉપેક્ષા કરીને... આહાહા..! '**પરમોપેક્ષાસંયમના**

**ધરનારને...**’ આહાહા..! ‘**નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે એમ કહ્યું છે.**’ ખુલાસો કરે છે. ‘**નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને...**’ પરમ ઉપેક્ષા સંયમ. જેમાં આમ ચાલવું, આમ બોલવું એવો વિકલ્પ પણ નથી એમ કહે છે. પરમ ઉપેક્ષા. દ્રવ્યસ્વભાવમાં પરથી પરમ ઉપેક્ષા કરીને સ્થિર થવું. આહાહા..! ... આનંદભક્તિ. આનંદસ્વરૂપ ભગવાન એમાં અતીન્દ્રિય આનંદની ભક્તિ-ભજન કરવું. આહાહા..! પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું ભજન કરવું. એ અતીન્દ્રિય આનંદમાં રહેવું તે પરમ ઉપેક્ષા ચારિત્ર છે. આહાહા..! સમિતિથી ચાલવું, બોલવું એ પણ એમાં નથી, એ તો વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને શુદ્ધ આત્માની આરાધના સિવાયનું બધુંય અનાચાર છે;...**’ આહાહા..! એ દયા, દાન, વ્રતનો વિકલ્પ અને તપનો વિકલ્પ એ અનાચાર છે. પોતાના સ્વરૂપમાં સ્થિરતા સિવાય જેટલો વિકલ્પ છે એ બધો અનાચાર છે, આચાર નથી. આહાહા..! અનાચાર છે. સમજાણું કાંઈ? નિયમથી, નિશ્ચયથી ‘**પરમોપેક્ષાસંયમવાળાને...**’ પરમ ઉપેક્ષા, પરની બિલકુલ અપેક્ષા નહિ. એવા અંતરમાં આનંદસ્વરૂપમાં રહેનારને ‘**શુદ્ધ આત્માની આરાધના સિવાયનું બધુંય...**’ ભગવાન શુદ્ધ આત્મા વસ્તુ, એની આરાધના સેવા પર્યાયમાં એના સિવાયનું, એનાથી ભિન્ન ‘**બધુંય અનાચાર છે;...**’ આહાહા..! એ પંચમહાવ્રતનો વિકલ્પ પણ અનાચાર છે. જો આચાર હોય તો એને છોડીને અંદર લીન કેમ થાય? આહાહા..! માર્ગ ભારે ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન સામે ભક્તિ કરતાં-કરતાં લીન થઈ જાય, પરમાં હોં. અનાચાર છે. આહાહા..! નિશ્ચય સંયમમાં નહિ રહેતા એવો વિકલ્પ આવે છે, પણ છે તો અનાચાર.

આચાર તો એને કહીએ, ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અંતરમાં નિર્વિકલ્પમાં રમે છે અને પરની અપેક્ષા છોડી દે છે એને આચાર કહેવામાં આવે છે. આહાહા..! જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર પાંચ છેને? ઈ આ. આહાહા..! બહુ વાત, બાપુ! નિશ્ચયની વાત લોકોને લક્ષમાં આવતી નથી. એ પ્રરૂપણા ઘટી ગઈ. લોકોને રાજી કરે, આમ ભેગા થાય, આમ થાય ને આમ થાય. ઠીક ભાઈ! સંસાર છે, બાપા! ચોર્યાશીના અવતાર ભવસમુદ્રમાં (ડૂબવાના પંથ છે). સંસારને છોડવાની ચીજ તો અંતર સ્વરૂપ પૂર્ણાનંદના નાથની સમીપમાં નિશ્ચય પરમ ઉપેક્ષા સંયમમાં રહે છે એને ભવનો અભાવ થાય છે. ઓહોહો..!

ભગવાન શુદ્ધ પરમાત્મા પોતાનું સ્વરૂપ એની આરાધના. એમાં એકાગ્ર થઈને આચરણ કરવું એ આરાધના એ આચાર છે. રાગની આરાધના એ અનાચાર છે. આહાહા..! વ્યવહારરત્નત્રય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રના ભણતરનો વિકલ્પ અને પંચમહાવ્રતાદિનો વિકલ્પ, જેને વ્યવહાર આચાર કહ્યો એ સ્વરૂપની સ્થિરતાવાળાને અનાચાર થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ઝેર કહ્યું છે. મોક્ષ અધિકારમાં ઝેર કહ્યું છે. પંચમહાવ્રતનો વિકલ્પ, પ્રતિમા અવલંબને શુભભાવ થવો, મિથ્યાત્વનો ત્યાગ કરું એવો વિકલ્પ, સમકિત પ્રગટ કરું

એવો વિકલ્પ, પાપની નિંદા-ગર્હણા, એ બધા પરિણામને ઝેરનો ઘડો કહ્યો છે. વિષકુંભ--ઝેરનો ઘડો છે. આહાહા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ જ ચાલે છે, તેથી તો આ વાત છે. આહાહા..! ભાઈ! હોય, નિશ્ચયસમ્યગ્દષ્ટિને પણ એવો વિકલ્પ આવે છે, પણ છે તો ઝેર અને દુઃખ. સમજાણું કાંઈ? શું કહ્યું જુઓને. જ્ઞાનીને પણ જ્યાં સુધી સ્વરૂપની દષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર છે, પણ જ્યાં સુધી અંતરમાં ઉપયોગ ઠર્યો નહિ ત્યાં સુધી એ વિકલ્પ ઉત્પન્ન થાય છે, એ રાગ છે, દુઃખ છે, ઝેર છે. આહાહા..! દુઃખનું વેદન જ્ઞાનીને છે. આહાહા..! અને પોતાના સ્વરૂપનો જેટલો આશ્રય કરીને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર થયા એ આનંદ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતે વાતે ફેર એટલે લોકોને બેસવું કઠણ પડે. બહુ ફેર. કહે છેને 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો નહિ મળે અને એક ત્રાંબાના તેર.' એમ અહીં ભગવાન કહે છે તારે ને મારે વાતે વાતે ફેર છે. ... માને છે એનાથી વિરુદ્ધ છે, ભાઈ! આહાહા..!

અહીં તો કહે છે '**પરમોપેક્ષાસંયમવાળાને...**' ત્યારે એ પાછા એમ કહે છે, ભાઈ! એ પરમોપેક્ષાસંયમ નથી અને રાગમાં આવે છે એને તો અમૃત છેને વ્યવહાર? એ અમૃત વ્યવહાર કહે છે .. નથી એને અમૃત કહ્યું છે. મોક્ષ અધિકારમાં આવે છે. પહેલા નિશ્ચયની .. વિના વ્યવહાર અમૃત છે. પણ કોને અમૃત છે? વ્યવહાર હોં. જેને અંતર આત્માનો આશ્રય લઈને આનંદની દશા પ્રગટી છે તેના વિકલ્પને વ્યવહારે અમૃત કહેવામાં આવે છે. નિશ્ચયથી ઝેર છે. આહાહા..! વ્યવહારે આનંદ એનો અર્થ એ આનંદ નથી, ભાઈ! અરેરે! ભગવાનનો માર્ગ ક્યાંનો ક્યાંય .. બાપુ! તને નુકસાન છે, ભાઈ! સમજાણું કાંઈ? જેવો માર્ગ છે એવો પહેલા સ્વીકાર કરવો પડશે. આહાહા..! જુઓ શું કહે છે?

'**પરમોપેક્ષાસંયમવાળાને...**' એટલે અહીંયાં લે છે, ભાઈ! પરમ ઉપેક્ષા સંયમવાળાને રાગ છે એ અનાચાર છે. પણ જે અંદર ઠર્યો નહિ, રાગમાં આવ્યો વ્યવહારમાં એને અનાચાર ક્યાં આવ્યો? એ અનાચાર જ છે. વ્યવહારઆચાર કહેવો એનો અર્થ જ નિશ્ચયથી અનાચાર છે. આહાહા..! પાંચ સમિતિ ને ગુપ્તિ ને પંચમહાવ્રત ને એ બધો વિકલ્પ છે, એ અનાચાર છે, એ આચાર આત્માનો નહિ. આહાહા..! નીચલી ભૂમિકામાં ઈ આવે છે, પણ છે તો અનાચાર. આહાહા..! '**તેથી જ સઘળો અનાચાર છોડીને...**' આહાહા..! શાસ્ત્ર વાંચવા, સાંભળવા એ પણ વિકલ્પ છે, અનાચાર છે. સાંભળવાનો વિકલ્પ છે એ અનાચાર છે. આહાહા..! અરે! કહેવાનો વિકલ્પ છે એ અનાચાર છે. આહાહા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ એવી છે. એ વિકલ્પથી રહિત જે શુદ્ધતા છે એ આચાર છે. વિકલ્પ છે તે અનાચાર જ છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! ઉપદેશ દેવાથી આત્માને

લાભ થાય છે અને ઉપદેશથી લોકોને લાભ થાય તો એમાં .. લાભ થાય છે. એવી ચીજ નથી, ભાઈ! વિકલ્પ આવ્યો. વાણી વાણીને કારણે નીકળી. વિકલ્પ આવ્યો તો વાણી નીકળી એમ પણ નથી. આહાહા..! અને વિકલ્પ આવ્યો એ ધર્મનું કારણ છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! સત્યની વાતનું શ્રવણ થવું એ પણ કઠણ છે. આહાહા..! આવું પરમસત્ય વીતરાગ પરમાત્માએ પ્રસિદ્ધ કર્યું છે, પ્રભુ! તું પ્રસિદ્ધ કર. આહાહા..! તારી દૃષ્ટિમાં એને લે. ત્રણલોકનો નાથ પરમાત્માં તું છો. તું પરમાત્મા છો. એની સમીપ જઈને દૃષ્ટિ જ્ઞાનની રમણતા કર એ આચાર છે. એને છોડીને જેટલો વિકલ્પ ઉઠે એ બધો અનાચાર છે. આહાહા..! કહો, એ ભક્તિભાવ અને જાત્રાનો ભાવ એ અનાચાર છે એમ કહે છે. એય..! પુનમચંદજી! બાપુ! એ તો વિકલ્પ છે અને પુણ્યબંધનું કારણ છે. એ અબંધ પરિણામ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**સઘળો અનાચાર છોડીને સહજચિદ્‌વિલાસલક્ષણ...**' જુઓ, સ્વભાવિક જ્ઞાનનું વિલાસલક્ષણ એવા '**નિરંજન નિજપરમાત્મતત્ત્વની...**' ત્રિકાળની વાત છે હોં. સહજ ચિદ્‌વિલાસ. જ્ઞાનનો વિલાસ લક્ષણ '**નિરંજન નિજપરમાત્મતત્ત્વ...**' આહાહા..! જુઓ, નિજપરમાત્મતત્ત્વ. પૂર્ણ નિજ અનાકુળ આનંદનો કંદ પ્રભુ નિજપરમાત્મતત્ત્વની '**ભાવનાસ્વરૂપ...**' એ પર્યાય. શું કહે છે સમજાણું? સહજ સ્વભાવિક ચિદ્‌વિલાસ ત્રિકાળ. એનું લક્ષણ એવું '**નિરંજન નિજપરમાત્મતત્ત્વ...**' પોતાનો દ્રવ્યસ્વભાવ. એ ત્રિકાળ, એ ત્રિકાળની વાત થઈ. એની ભાવના એ વર્તમાન પર્યાયની વાત થઈ. દ્રવ્ય તરફ સમ્યગ્દર્શન-જ્ઞાન ઢળ્યા એ ભાવના છે, એ પર્યાય થઈ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ દરબારની કથા છે, વીતરાગમાં જવાની કથા છે. આહાહા..!

'**નિરંજન નિજપરમાત્મતત્ત્વ...**' ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એની ભાવના—અંતરમાં એકાગ્રતા. વસ્તુસ્વભાવમાં એકાગ્રતા. એવા '**આચારમાં જે...**' એ આચાર. નિત્યાનંદ પ્રભુમાં આનંદ, જ્ઞાનની લીનતા એ આચાર. આહાહા..! સમજાણું કાંઈ? આચાર-વિચાર સરખા કરો. પણ એ આચાર કોને કહેવા? આ આચાર. સાચા આચરણ હતા ક્યાં? અરે..! બહુ આકરું પડે. ઓલા વિદ્યાનંદજીએ તો એવું લખ્યું, કોટામાં. ત્યાં તો શ્રાવકના વ્રત, મુનિના આચાર બધાને નિરર્થક બતાવે છે. દિગંબર ધર્મનો નાશ થાય છે. પણ એ દિગંબર ધર્મ જ નથી સાંભળને. આહાહા..! એણે ચોપાનીયું છપાવ્યું હતું. પણ ત્યાં તો પાંચ હજાર માણસ. કોઈ ગણે કોને? સાંભળતા હતા બિચારા બધા. સાંભળતા હતા. સાંભળવાની તો લોકોને હવે જિજ્ઞાસા થઈ છે. આ છે શું પણ આ? આ આખી દુનિયાથી વિરુદ્ધ! બાપુ! તારા માર્ગની રીત છે, ભાઈ! તું કોણ છો? કેવડો છો? ક્યાં છો? તને ખબર નથી. આહાહા..!

એ તો નિજ વિલાસ ચૈતન્યવિલાસ લક્ષણ નિરંજન અખંડાનંદ પ્રભુ તું છો. તું પ્રભુ છો. આહાહા..! તું ઈશ્વર છો, પરમેશ્વર છો. પરમેશ્વર સ્વભાવ પરમેશ્વર છે. ઈ કહે છે જુઓ,

'**નિરંજન નિજપરમાત્મતત્ત્વની ભાવનાસ્વરૂપ...**' આવો પરમેશ્વર આત્મા એની ભાવના. સન્મુખ થઈને એકાગ્રતા, નિર્વિકલ્પદશાથી એકાગ્રતા. આહાહા..! એ આચાર. નીચે કહ્યું છે. '**સહજચૈતન્યવિલાસાત્મક નિર્મળ નિજપરમાત્મતત્ત્વને ભાવવું...**' એ નિજપરમાત્મતત્ત્વ એ દ્રવ્યસ્વભાવ ત્રિકાળ. એને ભાવવું એ પર્યાય. '**અનુભવવું...**' એ પર્યાય. આહાહા..! '**તે જ આચારનું સ્વરૂપ છે;...**' એ આચારનું સ્વરૂપ ભગવાન કહે છે. આહાહા..! '**એવા આચારમાં જે પરમતપોધન સ્થિરતા કરે છે...**' એવા આચારમાં જે પરમતપોધન મુનિરાજ અંદરમાં સ્થિરતા કરે છે '**તે પોતે જ પ્રતિક્રમણ છે.**' તે પ્રતિક્રમણસ્વરૂપ છે.

શું કહ્યું? પ્રતિક્રમણ છેને? પ્રતિથી ખસવું. તો સર્વ અનાચાર છે એનાથી ખસવું. વિકલ્પ આદિ જો પંચમહાવ્રતાદિ છે, સમિતિ, ગુપ્તિ, ભક્તિ આદિ એ બધો અનાચાર છે. એ અનાચારથી ખસવું. પ્રતિક્રમણ છેને? અને સ્વરૂપમાં આચારમાં રહેવું. સ્વરૂપના આચારમાં રહેવું એનું નામ પ્રતિક્રમણ છે. આહાહા..! અરે..! લોકોને એ વાત લાગે એવી કે આ તો નિશ્ચય-નિશ્ચય. પણ નિશ્ચય એ જ સત્ય છે. વ્યવહાર તો ઔપચારિક વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**(પરમતપોધન) સહજવૈરાગ્ય-ભાવનારૂપે પરિણમ્યો થકો...**' જુઓ, આવા સ્વરૂપમાં સ્થિરતા. એવા પરમતપોધન મુનિ સ્વભાવિક વૈરાગ્ય-પરથી ખસવું. '**ભાવનારૂપે પરિણમ્યો થકો સ્થિરભાવ કરે છે,...**' રાગથી ખસીને, પરથી ખસીને અંતર આનંદસ્વરૂપમાં સ્થિરતા કરે છે '**તે પરમતપોધન જ પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે,...**' એ મુનિ પ્રતિક્રમણસ્વરૂપ જ થયા. આહાહા..! કહો, શેઠ! સમજાય છે કે નહિ? બહુ ઝીણું. માર્ગ આ છે, ભાઈ! પરમેશ્વરના શ્રીમુખે દિવ્યધ્વનિમાં આ માર્ગ આવ્યો છે.

શ્રીમદ્‌ના ઓલામાં જ્યારે ગયા હતાને અગાસ. વ્યાખ્યાન સાંભળ્યું બધાએ. સાંભળીને પછી એક માણસ રાતે આવ્યો. પણ મહારાજ એ વાત ખરી, પણ એનું સાધન? સાધન આ ભક્તિ કરવી અને વાંચન એ સાધન. ધૂળેય સાધન નથી. એ ભક્તિ ભગવાનની કરવી, અને શ્રીમદ્‌ને ગુરુ માનીને ભક્તિ કરવી. ભક્તિનો ભાવ તો રાગ છે, પુણ્ય છે, એ ધર્મ નહિ. આહાહા..! ત્રણલોકના નાથ વીતરાગ સર્વજ્ઞ સમવસરણમાં બિરાજતા હોય, હીરાના થાળ અને મણિરત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ (લઈને આરતી ઉતારે), જય નારાયણ. એ શુભભાવ છે, પુણ્ય નહિ, એ ધર્મ નહિ. આહાહા..! એવું તો અનંતવાર ભવોભવ જિનની પૂજા કરી. પરમાત્મપ્રકાશમાં (આવે છે). શુભભાવ છે, ધર્મ નહિ. આવે છે, અશુભથી બચવા શુભભાવ ધર્મીને પણ હોય છે. પણ છે તો એ પુણ્ય હેય છે. આહાહા..!

'**કારણ કે તે પરમસમરસીભાવનારૂપે...**' મુનિ પરમસમરસીભાવના સમતા... સમતા... નિર્વિકલ્પ શાંતિએ '**પરિણમ્યો થકો સહજ નિશ્ચય-પ્રતિક્રમણમય છે.**' એ નિશ્ચય પ્રતિક્રમણમય જ એ આત્મા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧૧, મંગળવાર, તા. ૧૬-૦૯-૧૯૭૫,**
**કળશ-૧૧૩-૧૧૪, પ્રવચન નં. ૩૬**

નિયમસાર, પરમાર્થ-પ્રતિક્રમણ (અધિકાર), ૧૧૩ કળશ.

(मालिनी)

अथ निजपरमानन्दैकपीयूषसान्द्रं
स्फुरितसहजबोधात्मानमात्मानमात्मा।
निजशममयवार्भिर्निर्भरानंदभक्त्या
स्नपयतु बहुभिः किं लौकिकालापजालैः।।११३।।

'શ્લોકાર્થ :- **આત્મા નિજપરમાનંદરૂપી અદ્વિતીય અમૃતથી** ગાઢ ભરેલા,...' આહાહા..! આ આત્મા નિજપરમાનંદ. પોતામાં પરમ આનંદસ્વરૂપ એ '**અદ્વિતીય અમૃતથી** ગાઢ ભરેલા,...' એવા અમૃતથી ભરેલી એવી ચીજ બીજે ક્યાંય નથી. આહાહા..! આત્મા ધ્રુવ આત્મા હોં. '**આત્મા નિજપરમાનંદ**...' સહજાનંદ અતીન્દ્રિય આનંદરૂપી '**અદ્વિતીય અમૃતથી** ગાઢ...' અજોડ—એના જેવું અમૃત ક્યાંય છે નહિ. આહાહા..! એવા '**અમૃતથી** '**सान्द्रं**' એટલે ભરેલા. 'ગાઢ **ભરેલા**,...' આહાહા..! ભગવાન આત્મા વસ્તુ એ અતીન્દ્રિય પરમ અમૃતથી ભરેલો પદાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? નિજ પરમ આનંદરૂપી અદ્વિતીય અજોડ અમૃતથી ગાઢ ભરેલો છે. એવી અમૃત ચીજ... આહાહા..! ક્યાંય છે નહિ. સુખાનંદ પ્રભુ અમૃત આનંદથી ભરેલો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સ્ફુરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માને**...' એ આત્મા પરમ આનંદરૂપી અજોડ અમૃતથી ગાઢ ભરેલી વસ્તુ પ્રગટ સહજ જ્ઞાનસ્વરૂપ. વસ્તુ પ્રગટ છે અંદર. આહાહા..! પર્યાયની વાત નથી. અંદર વસ્તુ. '**સ્ફુરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માને**...' આનંદથી ભરેલો છે અને એની સાથે જ્ઞાન નાખ્યું. બે નાખ્યા. અતીન્દ્રિય આનંદસ્વરૂપ અમૃતથી ભરેલો અને પ્રગટ સહજ જ્ઞાનસ્વરૂપ. જ્ઞાનસ્વરૂપ, પ્રગટ જ્ઞાનસ્વરૂપ એ આત્મા છે ત્રિકાળ જે ધ્રુવ. આહાહા..! એ '**આત્માને**...' ભરપુર. છેને નિર્ભર. '**આનંદ-ભક્તિપૂર્વક**...' આહાહા..! ભાષા તો જુઓ! આવો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમય પ્રગટ જ્ઞાનસ્વરૂપ પ્રભુ એને આનંદભક્તિ, અતીન્દ્રિય આનંદની ભક્તિ દ્વારા એને પ્રગટ કરો. આહાહા..! એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ભગવાન એની ભક્તિ, આનંદમય ભક્તિ. આહાહા..! વિકલ્પ નહિ. અતીન્દ્રિય આનંદકંદની સ્ફુરણા પ્રગટ થાય પર્યાયમાં. વસ્તુ તો પ્રગટ અંદર છે. એ તરફના લક્ષે પર્યાયમાં

આનંદની ભક્તિ દ્રવ્યની થાય. આહાહા..!

એક વાત એવી છે કે પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે. પર્યાય છેને. એમાં આ દ્રવ્ય છે એનું જ્ઞાન થાય છે. તો એ દ્રવ્ય અને પર્યાય બે આવી ગયા. પણ એમાં દ્રવ્યનો સ્પર્શ ન થયો. એટલે શું? કે પર્યાય છે એ જ્ઞાયક તરફનું જ્ઞાન કરે એ તો અનાદિથી કર્યું. આ જ્ઞાયક એવું જ્ઞાન. પર્યાય આ જ્ઞાયક એવું જ્ઞાન, બસ. પણ પર્યાયબુદ્ધિ છોડીને, જ્ઞાયકની બુદ્ધિમાં આનંદની ભક્તિ ન કરી એણે. ફરીને. ફરીને કહીએ છીએને. જે પર્યાય છેને. પર્યાય અને દ્રવ્ય, બે. બેની બુદ્ધિ જ્યાં રહે ત્યાં સુધી પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે જાણપણું, પણ પર્યાયબુદ્ધિ છોડી દ્રવ્યબુદ્ધિ કરી અંદર ન જાય ત્યાં સુધી આનંદની ભક્તિ પ્રગટ ન થાય. એમ અનાદિકાળમાં પર્યાયે દ્રવ્યનું જ્ઞાન તો કર્યું છે કે નહિ? દ્રવ્યનો અનુભવ કર્યો નથી. કારણ કે અગિયાર અંગનું જ્ઞાન થયું. અનંતવાર થયું. તો એ પર્યાયમાં આ જીવ દ્રવ્ય છે એવું જ્ઞાન આવ્યું. જ્ઞાનની પર્યાયની તાકાત છે કે એ દ્રવ્યનું જ્ઞાન થયું, પણ એ પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યબુદ્ધિમાં ન ગયો તો આનંદનો અનુભવ ન થયો. આહાહા..! અમરચંદભાઈ! ઝીણી વાત, ભાઈ! આહા..હા...!

પર્યાયમાં દ્રવ્યનું પરોક્ષ રીતે માહાત્મ્ય પણ આવ્યું. અગિયાર અંગ ભણ્યો એમાં ન આવ્યું? હિંમતભાઈ! આહાહા..! પણ એ પર્યાય અને દ્રવ્ય, બેની બુદ્ધિ જ્યાં રહે છે ત્યાં આગળ પર્યાયબુદ્ધિ છોડીને આત્માના આનંદમયની ભક્તિ ઉત્પન્ન ન થાય અને એ ભક્તિ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી આનંદનું ભાન એને છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો આનંદ ભક્તિપૂર્વક કહ્યુંને? તો આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. તો એને પર્યાયમાં આનંદની ભક્તિપૂર્વક એને અનુભવવો. આહાહા..! એ પર્યાયમાં, અવસ્થામાં અગિયાર અંગનું જ્ઞાન નથી થયું? કે આ દ્રવ્ય છે, આ પર્યાય છે એવું જ્ઞાન થયું. વસ્તુનો સ્પર્શ ન થયો. આહાહા..! સ્પર્શ નથી. આહાહા..! શું (કહ્યું)? સમજાણું કાંઈ? ફરીને. આમાં કાંઈ પુનરુક્તિ ન લાગુ પડે. આહાહા..!

ભગવાન આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ સ્વરૂપ છે. હવે ત્રણ સ્વરૂપમાં પર્યાયમાં લક્ષ દ્રવ્યનું થયું કે આ દ્રવ્ય જ્ઞાન છે, આ આત્મા જ્ઞાન છે. એવું જ્ઞાનનું જ્ઞાન પર્યાયમાં થયું. એ તો અનંતવાર થયું, પણ પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યની બુદ્ધિ ન કરી તો આનંદની ભક્તિ ન થઈ. સમજાણું કાંઈ?

એ અહીંયા કહે છે. ભાવ પરમાર્થ-પ્રતિક્રમણ કહે છેને. આહાહા..! પર્યાયમાંથી ખસીને પરમાનંદમૂર્તિ ભગવાન આત્મા એની અતીન્દ્રિય આનંદની ભક્તિપૂર્વક જે પ્રગટ થાય છે એનું નામ નિશ્ચયપરમાર્થ-પ્રતિક્રમણ કહે છે. આહાહા..! શું કહ્યું સમજાણું કાંઈ? વિકલ્પથી તો ખસ્યો, નિમિત્તથી ખસ્યો પણ પર્યાયની અંશબુદ્ધિમાં પડ્યો હતો એનાથી ખસી ગયો. ઝીણી વાત, ભાઈ! માર્ગ એવો સૂક્ષ્મ છે. લોકોને (સાંભળવા મળ્યો નથી). અને અહીં જરી કહેશેને આગળ.

લૌકિક કથન શબ્દ છેને ભાઈ! ત્યાં વ્યવહારનયને લૌકિક કરીને ઉડાડી દીધું છે. ભાઈ! દ્રવ્યસંગ્રહમાં આવે છેને, વ્યવહારનય લૌકિક? આહાહા..! દ્રવ્યસંગ્રહમાં આવે છે. લૌકિક નામ વિકલ્પ જેટલો છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ લૌકિક છે, લૌકિક. કેમકે એનું ફળ બંધ છે. એવા લૌકિકનયનો-વ્યવહારનયના વિષય સાથે તારે શું પ્રયોજન છે? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન! તારી ચીજ તો અતીન્દ્રિય આનંદથી ગાઢ ભરી છે, ગાઢ ભરી છે. આહાહા..! જેમાં પર્યાયનો પ્રવેશ ન થઈ શકે એવો ગાઢ ભરેલો છે. પર્યાય એ તરફની બુદ્ધિ કરીને આનંદની ભક્તિ પ્રગટ કરી શકે છે પર્યાયમાં. સમજાણું કાંઈ? એમાં પ્રવેશ કર્યા વિના પર્યાય આનંદની ભક્તિ કરે છે દ્રવ્યની. પરમાનંદમય જે આત્મા એની અતીન્દ્રિય ભક્તિથી... ભક્તિપૂર્વક કહ્યુંને? '**ભક્તિપૂર્વક નિજશમમય જળ વડે...**' આનંદની ભક્તિમાં વીતરાગ પર્યાય વડે. આહાહા..! શમજળ—સમતા વીતરાગ પર્યાય સાથે. વીતરાગી આનંદ અને સાથે વીતરાગી જળ-પર્યાય. આહાહા..! એ '**વડે સ્નાન કરાવો;...**' ભગવાનને રાગથી શુદ્ધિ કરાવો. આહાહા..! એ લૌકિક કથન રાગાદિનું સ્નાન કરાવવું છોડી દો. આહાહા..! શું શ્લોક છે!

'**આનંદ-ભક્તિપૂર્વક...**' આહાહા..! આનંદ ત્રિકાળ એની ભક્તિ અને વર્તમાનમાં આનંદની પર્યાયનું પરિણમન. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ અતીન્દ્રિય આનંદની પરિણતિ શમજળની સાથે શમજળ સમતા, વિકલ્પરહિત વીતરાગભાવ. આહાહા..! છ ઢાળામાં ઈ આવ્યુંને. 'રાગ દાહ દહે સદા તાતૈ...' રાગ આગ છેને? એ શુભરાગ હોય પણ એ આગ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ ઉઠે છેને, પણ એ રાગ એ આગ છે. 'રાગ આગ દહે સદા.' 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત...' આ સમામૃત. દ્રવ્યસ્વભાવ જે અતીન્દ્રિય આનંદ એની સન્મુખ થઈને અતીન્દ્રિય આનંદની ભક્તિ અને શમજળ વીતરાગ પરિણતિ થઈ. આહાહા..! એનાથી આત્માને સ્નાન કરાવો. અશુદ્ધતા ટાળવાની આ ચીજ છે. સમજાણું કાંઈ? આવી વાતું જરી... એ કરતાં બહારના પડિક્કમણા કરે, સામાયિક કરે ને અપવાસ કરે, થઈ ગયો ધર્મ લ્યો! ધૂળેય ધર્મ નથી. મરી ગયો હેરાન (થઈને). એ તો બધી વિકલ્પની જાળું છે. સમજાણું કાંઈ?

દ્રવ્યસ્વભાવ અતીન્દ્રિય આનંદથી ભરપૂર ભરેલો છે અને સાથે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા... જુઓ, જ્ઞાન અને આનંદ બે લીધા. એ એનું ત્રિકાળી સ્વરૂપ છે. એની આનંદ-ભક્તિપૂર્વ શમજળ. આહાહા..! પરમ આનંદની વ્યક્તતાની ભક્તિ અથવા ત્રિકાળ આનંદની ભક્તિમાં પર્યાયમાં આનંદ આવ્યો. આહાહા..! અને સાથે શમજળ સમતા. વીતરાગભાવસ્વરૂપ છે એ તરફના જુકાવથી સમતા—વીતરાગી પર્યાય થઈ, શમજળ. આહાહા..! એ વડે સ્નાન કરાવો. આહાહા..! એમાં તરબોળ થાવ. તરબોળ સમજો છો? આહાહા..! જેમ પૂરણપોળી આદિ રોટલી હોય છેને? પૂરણપોળી. પૂરણપોળી કહે છે? ઊની કરીને ઘીમાં નાખે. ઉપાડે

ત્યારે તરબોળ-તરબોળ થઈ જાય. ઘી ટપકે. લૂખાપણું આખું ઢંકાઈ જાય. ઘીથી તરબોળ. એમ ભગવાન આત્મા આહાહા..! અતીન્દ્રિય આનંદથી ભરેલો સરોવર દરિયો સમુદ્ર છે. એની ઉપર દૃષ્ટિ કરીને એકાગ્ર થઈને આનંદની ભક્તિ કર, પ્રગટ કર. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આનંદ પ્રગટ કરે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રગટ કરે એ જ વાત કરી છે. વાત તો એ કરવી છે. વાત તો ઈ કરવી છે. એ તો કહ્યુંને, બે-ત્રણ વાર કહ્યું.

પરમ આનંદસ્વરૂપ ભગવાન અને જ્ઞાનસ્વરૂપે બિરાજમાન એની સન્મુખ થઈને આનંદની પર્યાય પ્રગટ કર. એ આનંદની ભક્તિ આત્માએ કરી. આહાહા..! આ ભગવાનની ભક્તિ આદિમાં તો શુભરાગ છે એમ કહે છે. હોય છે, વીતરાગ ન થાય ત્યાં સુધી આવે છે, પણ એ મૂળ ચીજ નહિ. આહાહા..! આ ભક્તિ છે. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાનનું ભજન કર. પૂર્ણાનંદનો નાથ શમજળથી જ્ઞાનસ્વરૂપથી ભરેલો એનું ભજન કર. એકાગ્ર થઈને રટણ કર એનું, એની માળા ફેરવ. આહાહા..! સમજાણું કાંઈ? વાત એવી છે, ભાઈ! ઓહોહો..! મુનિરાજે શ્લોક કરીને નિશ્ચયપ્રતિક્રમણની વ્યાખ્યા કરી. હટી જા ત્યાંથી, પર્યાયબુદ્ધિથી ખસી જા અને દ્રવ્યની બુદ્ધિ કરીને દ્રવ્યમાં વ્યક્ત જે શક્તિ છે આનંદની એને વ્યક્ત કર. આહાહા..! એ આનંદભક્તિ અને એની સાથે શમજળ વીતરાગ પરિણામ એમાં સ્નાન કરવાથી અશુદ્ધતા ટળી જાય છે. એમાં તરબોળ થઈ જાય છે તો અશુદ્ધતા નાશ પામે છે. આહાહા..! સમજાણું કાંઈ? નિર્વિકલ્પ આનંદની ભક્તિથી અને શમજળ વીતરાગ પરિણામથી આત્માને સ્નાન કરાવો, ત્યાં તરબોળ કરો અંદર.

**શ્રોતા** :- આમાં પ્રતિક્રમણ ક્યાં આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પ્રતિક્રમણ. એ તો કહ્યુંને. પર્યાયબુદ્ધિથી ખસવું, રાગથી ખસવું એ પ્રતિક્રમણ. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. એ કોઈ બહારના વ્યવહારના વિકલ્પજાળથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. સમજાણું કાંઈ? એ લાખ ભક્તિ સમ્મેદશિખરની કરે. ઘણા એમ કહે છેને 'એક વાર વંદે જો કોઈ નરક-પશુ ન હોઈ' પણ એમાં શું આવ્યું નરક-પશુ ન થાય તો? એ તો પુણ્યબંધ હોય તો એક ભવમાં નરક-પશુ ન થાય. પણ મિથ્યાત્વ સાથે પડ્યું છે, પર્યાયબુદ્ધિ પડી છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિમાં રોકાઈ ગયો છે. પરિણામ પર્યાયમાં એકત્વબુદ્ધિથી રોકાઈ ગયો અનાદિથી. અગિયાર અંગ ભણ્યો તો એને ખ્યાલ ન આવ્યો કે આ આત્મા છે? ખ્યાલ જ્ઞાનમાં તો આવ્યું કે આ દ્રવ્ય છે. પણ દ્રવ્યનો સ્પર્શ ન કર્યો. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા** :- પર્યાય દ્રવ્યને સ્પર્શ કરે નહિ અને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એનો અર્થ શું? એનો અર્થ શું? કે અતીન્દ્રિય આનંદ તરફ વળીને અતીન્દ્રિય આનંદનું વેદન ન કર્યું. અતીન્દ્રિય આનંદનું વેદન થાય એ દ્રવ્યનો સ્પર્શ કર્યો

એમ કહેવામાં આવે છે. આહાહા..! એમ તો આત્મા પર્યાયને આલીંગન કરતો નથી. જે આનંદભક્તિ પર્યાય થઈ એમાં દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ એને સ્પર્શતો નથી. કારણ કે બે ભિન્ન ધર્મ છે. ઝીણી વાત, ભાઈ! એ દ્રવ્ય જે ધ્રુવસ્વભાવ છે, આનંદથી ભરેલો છે એ આનંદની ભક્તિરૂપ પર્યાયને સ્પર્શતો નથી અને આનંદની ભક્તિરૂપ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. કેમકે બે ભિન્ન ધર્મ છે. આહાહા..! ભારે આકરું કામ. સમજાણું કાંઈ? પણ એ દ્રવ્યનું પર્યાયે જ્ઞાન કર્યું એ તો સાધારણ ખ્યાલમાં આવ્યું, એટલું; પણ આત્મા આનંદ છે, અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એ તરફની એકાગ્રતા કરીને આનંદની ભક્તિ પ્રગટ કરવી એ કર્યું નથી. ઝીણી વાત. ભાઈ! અહીંયા તો અધિકાર એવો આવ્યો છે.

**શ્રોતા :-** અખંડતા બની રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અખંડતા તો બની રહે છે, પણ પર્યાય પ્રગટ થાય છે એ પર્યાયમાં દ્રવ્ય છે એ આવતું નથી. દ્રવ્ય એને અડતું નથી, સ્પર્શતું નથી. આહાહા..! પરમ આનંદની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી અને પરમાનંદની પર્યાય મોક્ષરૂપ પ્રતિક્રમણ થયું એ પર્યાય દ્રવ્યને અડતી નથી. આહાહા..! આ માર્ગ તે... વિચિત્રતા. આ તો વીતરાગમાર્ગ, બાપુ! જગતને ખ્યાલમાં આવ્યો નથી, સાંભળવામાં નથી આવ્યો. આહાહા..!

જુઓ, '**આત્મા...**' એ ત્રણ આત્મા છેને, એટલે પૂછ્યું કે ભાઈ, આ ત્રણ આત્મા ક્યાં આવ્યા? તો એક આત્મા આ આવ્યો અને એક જ્ઞાનસ્વરૂપમાં એક આત્મા આવ્યો અને જ્ઞાનસ્વરૂપ આત્મા બીજો આવ્યો. ત્રણ આવી ગયા. આ '**આત્મા નિજપરમાનંદરૂપી અદ્વિતીય અજોડ અમૃતથી ગાઢ ભરેલા,...**' છે. આહાહા..! '**સ્ફુરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માને...**' સ્વભાવિક સહજ પ્રગટ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માને એ ધ્રુવ. ભરપૂર આનંદભક્તિપૂર્વક. આહાહા..! ભરપૂર આનંદભક્તિપૂર્વક. આહાહા..! જેમાં આનંદની ભરતી આવે પર્યાયમાં. સમુદ્રમાં દરિયાનું પાણી છે એમાં ભરતી આવે છેને, એમ આનંદમય સાગર ભગવાન આત્મા એમાં એકાગ્ર થઈને પર્યાયમાં આનંદની ભરતી આવે છે. આહાહા..! શક્તિમાંથી વ્યક્તતા એટલી થાય છે. આહાહા..! છતાં એ વ્યક્ત પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહાહા..! દ્રવ્યનો આનંદ જે છે એ પર્યાયમાં આનંદની વ્યક્તતા પ્રગટ થઈ. આહાહા..! છતાં એ આનંદની પર્યાય એ નિશ્ચયપ્રતિક્રમણ (અર્થાત્) પર્યાયબુદ્ધિથી ખસી ગયો, રાગથી ખસી ગયો. આમ (પરસન્મુખ) હતીને (ત્યાંથી) પાછળ ખસીને (દ્રવ્ય સન્મુખ થઈ). પણ એ પર્યાય થઈ... આહાહા..! ભગવાનની વાણી તો જુઓ! એ પર્યાયને દ્રવ્ય આલિંગન નથી કરતું. (અલિંગગ્રહણનાં) ૨૦ બોલમાં આવે છેને? અને વ્યક્ત-અવ્યક્તનું જ્ઞાન થાય છે છતાં વ્યક્તને... આહાહા..! પર્યાયને, વ્યક્ત નામ પર્યાયને આત્મા સ્પર્શતો નથી. આહાહા..! અડતો નથી. એ ૪૯ ગાથા. સમયસાર ૪૯. એ વાત કરે છે. આચાર્યો ગમે તે દિગંબર આચાર્ય હોય, બધાની એક જ વાત અવિરોધી કથા છે. કોઈપણ શાસ્ત્રથી જુઓ તો એ સત્ય જ ઉત્પન્ન

થાય છે.

**શ્રોતા :-** વિરોધ હોય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શાસ્ત્ર કહેવાય વિરોધ હોઈ ઈ? આહાહા..!

અતીન્દ્રિય આનંદથી અમૃતથી ભરેલો અને જ્ઞાનસ્વરૂપ, ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા એ ભરપૂર '**આત્માને નિર્ભર (ભરચક) આનંદ-ભક્તિપૂર્વક...**' આહાહા..! આનંદની વ્યક્તતા પ્રગટ થાય એકાગ્ર થઈને, એવી ભક્તિપૂર્વક... આહાહા..! '**નિજશમમય જળ વડે...**' પોતાની વીતરાગ પર્યાય વડે આનંદની ભક્તિનું પરિણમન સાથે થાય (એમાં) '**સ્નાન કરાવો;...**' આહાહા..! એમાં આત્માને ડુબાડો આનંદમાં, જ્ઞાનમાં. આહાહા..! તરબોળ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! પહેલો તો સાંભળવામાં મુશ્કેલ પડે. અત્યારે બધી ગડબડ બહુ થઈ ગઈ છે. બહારની ક્રિયાકાંડે આ કર્યું... આ કર્યું... આ કર્યું... એ ધર્મ થઈ ગયો. ધર્મ ધૂળમાંય ધર્મ નથી. આહાહા..! પાંચ મહાવ્રત પાળે અને અઠ્યાવીશ મૂળગુણ સાધુના પાળે એ તો આસ્રવ છે, બંધનું કારણ છે, એ વસ્તુ ધર્મ નથી. આહાહા..! હવે એને લોકો ધર્મ માને છે, લ્યો! શ્રાવક અને મુનિના આચાર છે આ વ્રતના અને આ કરવું, છ આવશ્યક. શ્રાવકના છ આવશ્યક હોય છેને. ગુરુવંદન, દેવ પૂજા, દયા, દાન એ આદિ છ. પણ એ તો બધો વિકલ્પ છે, ભાઈ! હોય છે, પણ વિકલ્પ રાગ છે. સમજાણું કાંઈ? એમાં બધો ધર્મ માની લીધો, લ્યો.

**શ્રોતા :-** અનાદિથી શુભભાવ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ભાઈ! એ વસ્તુ નથી, બાપુ! શુભભાવ તારી ચીજ જ નથી, તારામાં એ ચીજ જ નથી. ઈ કહે છે.

અહો..! '**બહુ લૌકિક આલાપજાળોથી શું પ્રયોજન છે...** ' આહાહા..! એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, દયા ને પૂજા ને ભક્તિ ને વ્રત કર્યા ને તપ કર્યા એવો વિકલ્પ લૌકિક આલાપ છે. વ્યવહારનયનું કથન લૌકિક આલાપ છે, એમાં તારે શું પ્રયોજન છે? જ્ઞાની છે એને આવે છે, પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી, પણ એ તો વિકલ્પની જાળ છે. એનાથી તારું પ્રયોજન શું સિદ્ધ થાય છે? સમજાણું કાંઈ? આહાહા..! એનો અર્થ કે વર્તમાન પર્યાયની બુદ્ધિ જે રોકાઈ ગઈ છે એ મિથ્યાત્વ અને સંસાર છે. રાગમાં રોકાણો એ તો ઠીક પણ પર્યાય અંશ વિકાસ જે જ્ઞાનના ક્ષયોપશમનો વિકાસ છેને એક સમયની પર્યાય, એ પર્યાયમાં રોકાણો એ જ સંસાર છે. અને એ પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યબુદ્ધિ કર. અનંત આનંદથી ભરેલો ભગવાન એની રુચિ કર, દૃષ્ટિ કર તો તારી પર્યાયમાં આનંદ આવશે. એ આનંદભક્તિથી ભગવાનનું ભજન કર. આ ભગવાન હોં. આહાહા..! બાકી પરમાત્માનું ભજન અને ભક્તિ (રાગ છે). શેઠ! ઢોલક વગાડે છેને તમારે ત્યાં ઓલા. ઓલો વળી નાચતો હતો એક તો વગાડીને આમ. ઓલા .. નહિ? મુસલમાન ... કરેને, હાથમાં કપડું. પણ શું છે?

**શ્રોતા :-** ભક્તિ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેનો ભક્તો પણ? એ તો રાગમાં એકાકાર છે. આહાહા..! એ જોયું હતું નહિ આપણે? મલારગઢને? નદીને કાંઠે બહાર. ઓલા તાબુતમાં કરેને મુસલમાન. તાબુત કરેને ડોલા-ડોલા શું કહેવાય? તાજીયા. ઈ કરે એવું કરતા હતા. મેં કહ્યું આને કાંઈ વિચાર પણ નથી. શાંતિ ધીરજ (કાંઈ નહિ), એકાકાર વિકલ્પમાં. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે એ સંત કહે છે. તારી આનંદથી ભરેલી ચીજ છે, પ્રભુ! તને વિશ્વાસ નથી. તારો આનંદથી ભરેલો પદાર્થ છે. આનંદ બહાર નથી ક્યાંય. ઇન્દ્રિયના વિષયમાં આનંદ નથી, ધૂળમાં આનંદ નથી, પૈસામાં આનંદ નથી. એ રાગની પર્યાય પુણ્યની દયા, દાનની થઈ એમાં આનંદ નથી. આહાહા..! આનંદ તો પ્રભુ તારા આત્મામાં ભરચક ગાઢ ભરેલો છે. આહાહા..! જેમાં રાગનો તો પ્રવેશ ન થઈ શકે, પણ પર્યાયનો પ્રવેશ ન થઈ શકે એવો ગાઢ આનંદ ભરેલો છે. આહાહા..! પણ પર્યાય એ તરફ વળવાથી આનંદની વ્યક્તતાનો અનુભવ કરી શકે છે. આહાહા..! પોપટભાઈ! આવું પડિક્કમણું કર્યું નહોતું કોઈ દિ'. સાંભળ્યું નહોતું, ત્યાં ક્યાં હતું? આહાહા..! અરે પ્રભુ! સ્નાન કરાવો આત્માને આનંદમાં. આહાહા..! અશુદ્ધ છેને અશુદ્ધતા? તો આ રીતે કરતા અશુદ્ધતા નાશ થઈ જાય છે, બીજી રીતે અશુદ્ધતા નાશ પામતી નથી. આહાહા..!

અરે! '**બહુ લૌકિક આલાપજાળોથી...**' ઘણા પ્રકારના વ્યવહારના કથન. ઓહોહો..! વિકલ્પની જાળું અનેક પ્રકારની. એવા આલાપ શબ્દે કથન જાળથી નહિ, પણ વિકલ્પની જાળથી અહીંયાં. કથન તો શબ્દ લીધો છે. સમજાણું કાંઈ? જેમ બંધકથા. પણ બંધકથા એ કથા નહિ, પણ બંધ ભાવ. એમ આ લૌકિક આલાપજાળ, લૌકિક વિકલ્પની જાળ. આહાહા..! '**શું પ્રયોજન છે...**'

**શ્રોતા :-** બધો વ્યવહાર લૌકિક?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધો વ્યવહાર લૌકિક. એક જ પ્રકારનો. દયાનો ભાવ, દાનનો ભાવ, પૂજાનો ભાવ, ભગવાનના સ્મરણનો ભાવ, પાંચ મહાવ્રતનો ભાવ એ બધો વિકલ્પ અસદ્ભૂતવ્યવહાર છે. પુણ્ય-પુણ્ય છે, એ પુણ્ય છે. પુણ્યને વ્યવહારધર્મ કહ્યો, એ પરમાર્થધર્મ નથી. આહાહા..! અહીંયા પરમાર્થની વાત ચાલે છે. આહાહા..! પાઠમાં છેને જુઓને,

'**किं लौकिकालापजालैः**' '**बहुभिः किं लौकिकालापजालैः**' આહાહા..! મુનિરાજ કહે છે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ સંત, વીતરાગી સંત છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે. ટીકા વખતે વિકલ્પ છે. અહીં તો કહે છે કે અરે! વિકલ્પની જાળથી તને પ્રયોજન શું છે?

**શ્રોતા :-** એમાં રોકાઈ ગયો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખવાના વિકલ્પમાં રોકાણો એનાથી તને લાભ શું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન જ્ઞાતા-દૃષ્ટા અને આનંદની મૂર્તિ પ્રભુ એ તરફ

વળીને વીતરાગી પર્યાય અને વીતરાગી આનંદની ભક્તિ કર. આહાહા..! એ રાગની જાળથી તને શું લાભ છે? આહાહા..! હોય છે વીતરાગ ન થાય ત્યાં સુધી, પણ એ બંધનું કારણ છે. મુનિને પણ પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, અઠ્યાવીશ મૂળગુણ એ બધો વિકલ્પ છે, આસ્રવ છે, ભાવબંધ છે. આહાહા..! પણ એનાથી આત્માને શું લાભ છે કંઈ? એથી આત્માને શું લાભ છે? આહાહા..! આવો માર્ગ! એ ૧૧૩ થયો, ૧૧૩ કળશ. ૧૧૪.

(स्त्रग्धरा)

म्क्त्वानाचारमुच्चैर्जननमृतकरं सर्वदोषप्रसंगं
स्थित्वात्मन्यात्मनात्मा निरूपमसहजानंददृग्ज्ञप्तिशक्तौ।
बाह्याचारप्रमुक्तः शमजलनिधिवार्बिन्दुसंदोहपूतः
सोऽयं पुण्यः पुराणः क्षपितमलकलिर्भाति लोकोद्धसाक्षी।।११४।।

આહાહા..! '**શ્લોકાર્થ :- જે આત્મા જન્મ-મરણને કરનારા, સર્વ દોષોના પ્રસંગવાળા...**' આહાહા..! શુભ અને અશુભભાવ સર્વ દોષ છે. આહાહા..! એનો સંગ છોડી દે. સહવાસ (કરવાથી) શું (લાભ) છે તને? આહાહા..! ત્રણલોકના નાથ એનો સંગ કર, સહવાસ કરને. આહાહા..! નિશ્ચયધર્મ વીતરાગનો બહુ સૂક્ષ્મ. લોકોને સાંભળવા મળે નહિ. બહારથી.. બહારથી માંડીને... ત્યાં કહ્યુંને કોટામાં. માણસો બહુ, પાંચ હજાર માણસ અને સભામાં બરાબર સાંભળતા હતા. જંબુકુમાર શેઠ છે, જુવાન છે પણ શાંત ગંભીર બહુ. છેલ્લે બેસે. ભાઈ અહીં આવોને. ભાઈ આપણા જુગલકીશોર પંડિત. ચાર દિ' વ્યાખ્યાન કર્યું, પાંચમે દિવસે આવ્યા સભામાં કોઈ વહેંચવા. શું કહેવાય તમારે? પેમ્પલેટ-પત્રિકાઓ. આ શ્રાવક અને મુનિના જે આચાર આ વ્યવહાર આચાર હોં. એને ધર્મ નથી માનતા તો દિગંબર ધર્મનો નાશ થાય છે. વિદ્યાનંદજીના... અરેરે! ભગવાન! એની વાચાળ શક્તિ એટલી છે કે માણસ દસ-દસ હજાર, વીસ હજાર એકઠા થાય છે. દિલ્હીમાં એવી સભા, ઇંદોરમાં એવી રીતે, અત્યારે ..માં છે. અરેરે! ભગવાન! બાપુ! એ માણસ ભેગા થયા એમાં શું થયું? આ માર્ગ તો...

અહીં તો કહે છે કે '**જે આત્મા જન્મ-મરણને કરનારા, સર્વ દોષોના...**' એ વિકલ્પ તો જન્મ-મરણના કરનારા છે. આહાહા..! પાંચ મહાવ્રતનો વિકલ્પ પણ સંસારભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? જગતપંથ છે ઈ. આહાહા..! એ આત્માનો મોક્ષમાર્ગ પંથ નહિ. સમજાણું કાંઈ? એ '**સર્વ દોષોના પ્રસંગવાળા અનાચારને અત્યંત છોડીને,...**' આહાહા..! પંચમહાવ્રતના પરિણામ, બાર વ્રતનો વિકલ્પ એ બધો અનાચાર છે. એ દોષનો પ્રસંગ છે. એ દોષનો સહવાસ છે તને. આહાહા..! નિર્દોષ ભગવાન આનંદનો નાથ એનો સહવાસ કરને. વાત તો ભાષાએ સહેલી લાગે, પણ વસ્તુ એ આકરી છે. અંતર વસ્તુનો એણે નિર્ણય કરવો, અનુભવમાં નિર્ણય કરવો એ અલૌકિક વાત છે. આહાહા..! અને કરવાનું હોય તો

આ કરવાનું છે.

પહેલા આવ્યું છે નિયમસારમાં. '**णियमेण य जं कज्जं**' ત્રીજી ગાથામાં આવ્યું છે. નિયમથી કરવાલાયક હોય તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. નિયમથી કરવાલાયક હોય તો... પહેલા આવી ગયું. છેને અંદર? આ નિયમસાર છેને? ત્રીજી ગાથા છે. જુઓ, '**णियमेण य जं कज्जं**' ત્રીજી ગાથા છે ત્રીજી. પાનું સાત, હિન્દી. ગાથા છે? '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી જે કરવાલાયક છે. '**तं णियमं णाणदंसणचरित्तं**' મૂળ પાઠ છે. શ્લોક ન મળ્યો? ત્રીજી ગાથા છેને. ત્રીજો શ્લોક છે. કળશ નહિ, કળશ નહિ, ગાથા. '**णियमेण य जं कज्जं**' '**નિયમથી જે કરવાયોગ્ય હોય તે..**' શું? '**तं णियमं णाणदंसणचरित्तं**' સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર જે સ્વસન્મુખથી ઉત્પન્ન થાય છે તે કરવાલાયક છે. આહાહા..! વ્યવહાર વચ્ચે આવે એ કરવાલાયક નથી, પણ આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓને, પહેલાથી ઉપાડ્યું છે. '**णियमेण य जं**' કુંદકુંદાચાર્યની વાણી. નિશ્ચયથી જે કરવાલાયક છે તે નિયમ. એ નિયમ ક્યો? કે સ્વરૂપસન્મુખ થઈને સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપમાં સ્થિરતા, વીતરાગી પરિણતિ એ નિયમથી કરવાલાયક છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! એની શ્રદ્ધા તો કરે, એના જ્ઞાનમાં નક્કી તો કરે કે વાત તો આ છે. સમજાણું કાંઈ? આહાહા..! તેથી લોકોને એવું લાગે છે કે આ સોગનઢનું નિશ્ચય એકલું, નિશ્ચય એકલું, નિશ્ચય એમ કરીને કાઢી નાખે. આ વ્યવહાર તો લૌકિક છે. શાંતિભાઈ! આહાહા..!

ભાઈ! આ તો સર્વજ્ઞ જિનેન્દ્રદેવ વીતરાગ પરમાત્માએ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એની આ વાણી છે. આહાહા..! વીતરાગ તો વીતરાગભાવ કરાવવા માટે કહે છે. વીતરાગભાવ રાગ કરાવવાનું કહે? સમજાણું કાંઈ? આહાહા..! 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આવે છેને? ભગવાનનો ભાવ એકદમ ઉપશમરસથી, અકષાયભાવથી, પૂર્ણાનંદથી પરિપૂર્ણ થઈ ગયો છે. તો એમની આંખમાં અને વાણીમાં ઉપશમરસ ઝરે છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' 'વચનામૃત વીતરાગના...' વચનામૃત વીતરાગના. આહાહા..! વિકલ્પની જાળથી તને શું પ્રયોજન છે? નિર્વિકલ્પ નાથ અંદર બિરાજે છે એની દૃષ્ટિ કર અને એકાગ્ર થા. આહાહા..! એ 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ' અકષાય સ્વભાવની પરિણતિ કરાવે એ વાણીમાં છે. 'ઔષધ જે ભવરોગના...' જન્મ-મરણને ટાળવાના એ ઔષધ છે. 'પણ કાયરને...' આહાહા..! હીજડા જેવા પાવૈયા જેવા જીવને... હીજડા કહે છેને? શુભાશુભભાવ કરનારને નપુંસક કહ્યા છે. પરને તો કરી શકતો નથી. અરે! શુભ-અશુભભાવ, વીર્ય જે આત્મામાં છે બળ, અનંતબળ સ્વરૂપ એ વીર્યનું કાર્ય તો સ્વરૂપની નિર્મળ રચના કરે એ કાર્ય છે, પણ એ વીર્ય રાગની રચના કરે તે વીર્ય નપુંસક વીર્ય છે. આહાહા..! આ તો વાણી! શેઠ! એવો માર્ગ છે, ભાઈ!

જામનગરમાં એક રાજા હતા. જામનગર, વીભા જામ. વીભા જામ કરીને દરબાર (હતા).

૨૫-૫૦ લાખનો તાલુકો હશે, અત્યારે કરોડનો. પણ એની પાસે લશ્કર મોટું. મોટું લશ્કર હતું. ફોજ મોટી હતી. પાવૈયા ઘણા હતા. ફોજમાં નહિ. ફોજમાં પૈસા બહુ દેવા પડે. તો પાવૈયા હતા પાંચસો, હજાર પાવૈયા. અમારે રામજીભાઈની શેરી જે જન્મ્યા છે એ પાવૈયાની શેરી હતી.

**શ્રોતા :-** હવે તો આર્યની શેરી થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આર્ય. એ તો ફરી ગયુંને, નામ ફરી ગયું. પછી એ હીજડા-પાવૈયા આવ્યા જામ પાસે, દરબાર પાસે. સાહેબ! આ પૈસા બહુ ભરવા પડે છે. અમારે લશ્કરમાં આવીએ અને એ તો પાછા નપુંસક પાવૈયા ખરાને એટલે વીર્ય ન જાય. શરીર મજબુત હોય. લઠ જેવું શરીર. એટલે કહે જુઓ અમે કામ કરીશું. ભાઈ! તમારું કામ નહિ. પણ રાખો તો ખરા અમને ઓછા પૈસાથી. રાખ્યા હીજડાને લશ્કરમાં ભરતી (કરી). લશ્કર કહેવાયને. ફોજમાં ભરતી કર્યા. એમાં એક રાજા આવ્યો. પહેલા એવો રિવાજ હતો કે સાંજે ગાય-ગાય જંગલમાં ગઈ હોય એ ગાય જો ગામમાં આવતી હતી તો રાજાએ ફેરવી નાખી. પહેલા એવું હતું. ગાય ફરે તો સમજવાનું કે આ લડાઈ કરવા આવ્યો છે. તો દરબારને ખબર પડી. એક રાજા આવ્યા. જાવ લશ્કર. હીજડા ગયા મોટા શરીર ને ઘોડા ઉપર બેસીને. ઓલા બીજા જોવે કે ઓહોહો..! આ તો ભારે લશ્કર! જબરા, ભાગો. પણ એમાં એક નદી આવી નદી. એમાં એ ઘોડા નીચે ઢાળમાં પડેને. એ તરતા કાંઈક બોલાઈ ગયું પાવૈયાથી. એની ભાષામાં. એ જુઓ આ તો હીજડા છે. એ ભાષા બોલ્યા તો ભાગ્યા એકદમ. ભાગીને રાજા પાસે આવ્યા કહે, રાજા તારા ખીચડા ખાઈએ, અમારા ગીતડા ગાઈએ. કહ્યું નહોતું તને? હીજડાઓ! એય..! કહ્યું નહોતું તમારું કામ નહિ ફોજમાં? ઓછી કિંમતે તમે રહ્યા હીજડાઓ તમારું કામ છે એ? એમ જ્યાં રાગના રુચિવાળા નપુંસક જીવો એને આ વીતરાગની વાણી પચવી કઠણ છે. એમાં ધર્મની ભરતીમાં હીજડા કામ ન આવે. આહાહા..! સમજાણું કાંઈ? શેઠ! એ શુભભાવની રુચિવાળા એને ભગવાને નપુંસક વીર્યહિન કહ્યા છે. એવા વીર્યના હિનવાળા નપુંસકો અમારી ધર્મની ફોજમાં તમે આવી શકો નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે **'આત્મા જન્મ-મરણને કરનારા, સર્વ દોષોના પ્રસંગવાળા...'** જુઓ, શુભરાગ પણ દોષનો પ્રસંગ છે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દોષ છે, રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ ધર્મથી બંધ પડે? બંધનું કારણ તો અધર્મ છે, રાગ અધર્મ છે. આહાહા..! આ વાત. કાળજા કંપી જાય અજ્ઞાનીના તો. આવો ધર્મ ક્યાંથી? વળી એમ કેટલાક કહે છે કે આવો ધર્મ કાઢ્યો ક્યાંથી? કાઢ્યો ક્યાં પણ છે આ. તને ખબર નહોતી કે આ ધર્મ વીતરાગનો આવો છે. સમજાણું કાંઈ? કહે છે **'આત્મા જન્મ-મરણના કરનારા, સર્વ દોષોના...'** સર્વ દોષો, સર્વ વિકલ્પ કોઈપણ જાતના. એના **'પ્રસંગવાળા અનાચારને અત્યંત છોડીને,...'** એ બધો અનાચાર છે. આહાહા..! રાગ,

શુભરાગ, વ્યવહારરત્નત્રયનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રના જ્ઞાનનો રાગ અને પંચમહાવ્રતનો રાગ, એ બધો અનાચાર છે. શેઠ! વસ્તુ સ્વરૂપ એવું છે, ભગવાન! એમાં ગડબડ કરે તો ચાલે નહિ. આહાહા..! તારણસ્વામીમાં ઘણું આવે છે. આહાહા..! તારણસ્વામી તો કહે છે કે લોકરંજન કરે છે તે નરક-નિગોદમાં જશે. લોકરંજન ખુશી થાય. ભાષા એવી કરે વ્યવહારની. લોકો રાજી-રાજી થાય. એમાં શું થયું? તને શું થયું અને એને શું થયું? નિગોદગામી. લખ્યું છે લોકરંજન. લોક રાજી થાય. સેવા કરો તમને લાભ થશે, ફલાણું કરો લાભ થશે, પૂજા-ભક્તિ કરો, મંદિર બનાવો તો તમને ધર્મ થશે. ધૂળેય ધર્મ નથી સાંભળને. ઈ આવે છે. હોય છે શુભભાવ અશુભથી બચવા માટે પણ એ આચાર નથી. એની મર્યાદામાં... આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..! ત્રણલોકના નાથની વાણીમાં આ આવ્યું છે. એ મહાપુરુષોના વેણ એવા મહા કઠણ છે. આહાહા..! ભગવાન! ભગવાન તરીકે આત્માને બોલાવે છે. ભગવાન! તું આત્મા છો, ભગવાન છો. ભગવાન! તારા અનાચાર રાગાદિ છે એને છોડીને. '**અત્યંત છોડીને...**' ભાષા છે જુઓ, આહાહા..!

'**નિરૂપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં...**' આહાહા..! ભગવાન આત્મા જેની કોઈ ઉપમા આપી શકાય નહિ એવી ચીજ પ્રભુ છે. કેવો? સ્વભાવિક આનંદ. સ્વભાવિક આનંદ પડ્યો છે. એને કોની ઉપમા દે? સ્વભાવિક દર્શન છે અંદર, જોવું. સ્વભાવકિ જ્ઞાન છે, સ્વભાવિક વીર્ય બળ છે અંદરમાં અનંત. આહાહા..! એવા '**વીર્યવાળા આત્મામાં...**' '**નિરૂપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં...** ' આહાહા..! '**આત્મામાં આત્માથી સ્થિત થઈને,...**' આત્મામાં આત્માથી. નિર્વિકલ્પ વીતરાગી પર્યાયથી સ્થિત થઈને તે આત્મા. રાગાદિ છે એ તો અણાત્મા છે. વ્યવહારરત્નત્રયનો પુણ્યભાવ એ અણાત્મા છે. અને અહીંયાં ભગવાન એવો આત્મા સ્વભાવિક આનંદ-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં, આત્મામાં આત્માથી અર્થાત્ નિર્વિકલ્પ આનંદસ્વરૂપ ભગવાન છે તો પર્યાયમાં નિર્વિકલ્પ આનંદની દશા પ્રગટ કરીને સ્થિત થા. આહાહા..! '**આત્મામાં આત્માથી સ્થિત થઈને,...**' આહાહા..! શુભ વિકલ્પાદિ અનાત્મા છે, અનાચાર છે. આહાહા..! જીરવવું કઠણ ભારે. શેઠ! શેઠિયાને બિચારાને એવું લાગે છે કે આવી વાત કહો, પછી તો વ્યવહાર નહિ રહે અને વ્યવહાર નહિ રહે તો વ્યવહાર સાધુ નહિ હોય તો વ્યવહાર સંપ્રદાય નહિ રહે અને ધર્મ પામનારા નહિ રહે. અરે બાપુ! સાંભળને, ભાઈ! વ્યવહારનો અનાચારનો લોપ થાય છે તો આચાર આત્માનો આચાર પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માનો આચાર પ્રગટે છે, એ આચાર છે. આહાહા..! ઓલા પક્ષવાળા હોય તો રાડ પાડે હોં.

કહ્યુંને એકફેરી ૮૫માં. ૮૫ની સાલમાં. પોષ મહિનો, બોટાદ. એમાં પણ અમારી પ્રતિષ્ઠા ઘણી હતીને. સંપ્રદાયમાં અમારી ઘણી પ્રતિષ્ઠા હતી. અમે વ્યાખ્યાન કરવા બેસીએ તો હજારો માણસો કીડીની જેમ ભેગા થાય. તે દિ' આ થોડું (કહ્યું હતું). જુઓ ભાઈ! જે ભાવે

તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ બંધભાવ છે, એ ધર્મ નથી, અધર્મ છે. આહાહા..! સભા તો શાંતિથી સાંભળે. સભામાં તો અમારી પ્રતિષ્ઠા બહુ હતીને. આ તો ૮૫ની સાલ. મહારાજ કહે એ સાચું.

**શ્રોતા :-** મહારાજને ફરતે કેવળજ્ઞાન ફરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું વ્યાખ્યાન ચાલે, સભામાં પંદરસો માણસ. મહારાજની આસપાસ કેવળજ્ઞાન ફરે છે એમ માને લોકો બિચારા. જેમ ઓલા બાહુબલને કેવળજ્ઞાન થતું હતું અથવા રોકાણુંને માનને લઈને. એવી વાત મોટી, પાંચમું અધ્યયન ચાલતું હતું. બાપુ! કેવળજ્ઞાન બીજી ચીજ છે, પણ લોકોમાં એવું ચાલે. એ વાત કરતાં સભા ખુશી થાય. પણ એક વેશધારી સાધુ બેઠા હતા. અમારા ગુરુ ભાઈ હતા. એને રુચ્યું નહિ. બે વાત કરી હતી, ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ છે, વિકાર છે, અધર્મ છે અને પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે. શાંતિભાઈ! કેટલા વર્ષ થયા? ૮૫ (ની સાલ). ૧૫ ને ૨૧, ૪૬ વર્ષ. ૪૦ અને ૬ વર્ષ થયા ૪૬. મોટી સભા હતી. સભામાં લોકો લાખોપતિ, પાંચ-પાંચ લાખના (આસામી) સાંભળે શાંતિથી. મહારાજ કહે એમાં શંકા કરવાની વાત નથી. પણ ઓલા વેશધારીને ન ગોઠ્યું. આ વાત નહિ. વોસરે-વોસરે. વોસરે-વોસરે સમજ્યા? છોડી દો શ્રદ્ધા. આ શ્રદ્ધા ન રાખો. આહાહા..! એ તો એટલું બોલ્યા. ... ઉઠી ગયા. સભામાંથી ઉઠી ગયા એટલું કહીને. આહાહા..! અરે ભગવાન! ભાઈ! તને આ હજી આ વાત સાંભળતા તને રુચે નહિ. એ ભાવ ક્યાંથી રુચે? આહાહા..! આ તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રનો માર્ગ છે, પ્રભુ! આહાહા..! જિનેન્દ્રનો માર્ગ વીતરાગભાવથી છે. રાગભાવથી જિનેન્દ્રનો માર્ગ નથી. વીતરાગીનો માર્ગ તો વીતરાગભાવથી થાય છે. ઈ આ આચાર્ય કહે છે જુઓ, આહાહા..!

'**આત્મામાં આત્માથી સ્થિત થઈને, બાહ્ય આચારથી મુક્ત થયો થકો,...**' બાહ્ય આચાર એ વ્યવહાર આચાર વિકલ્પનો જેટલો છે. જ્ઞાનાચાર, દર્શનાચાર આવે છેને, એ બધો. ઓહોહો..! .. સાંભળવું, અક્ષર બરાબર બોલવા એવો જ્ઞાનાચાર. દર્શનાચાર બહારના.. ચારિત્ર આચાર પંચમહાવ્રતાદિ. તપના આચાર બહારના તપ. વીર્યાચાર બાહ્યનો વિકલ્પ. એ બધા આચારથી મુક્ત થયો થકો. આહાહા..! વ્યવહાર આચારથી મુક્ત થયો થકો '**શમરૂપી સમુદ્રના જલબિંદુઓના...**' સમતારૂપી સમુદ્ર. આહાહા..! જુઓ, પર્યાયને સમરૂપી સમુદ્ર (કહ્યું). '**જલબિંદુઓના સમૂહથી પવિત્ર થાય છે,...**' વીતરાગ પર્યાયથી સમભાવ જલથી. એ પણ મહાસમુદ્ર છે. આહાહા..! વીતરાગ સમુદ્રભાવ છે એમાં પર્યાય પ્રગટ થઈ એ પણ વીતરાગ સમુદ્ર છે. આહાહા..! એવા '**શમરૂપી સમુદ્રના જલબિંદુઓના...**' સમતારૂપી દરિયાના જળબિંદુથી વીતરાગ પર્યાય વડે આહાહા..! આત્મા પવિત્ર થાય છે. શુભરાગથી તો અપવિત્ર છે. આહાહા..! આ લોકોને આકરું આમ લાગે. પણ વસ્તુ આ છે, ભાઈ! શરૂઆત વીતરાગની દૃષ્ટિ દ્રવ્યને આશ્રયે શરૂઆત થાય છે. એ વ્યવહાર-ફ્યવહારથી કોઈ તારી

ધર્મની શરૂઆત થાય છે એમ છે નહિ. આહાહા..! પવિત્ર થાય છે.

**'તે આ પવિત્ર પુરાણ...'** શું કહે છે? એવો ભગવાન પૂર્ણાનંદ પવિત્ર સનાતન આત્મા. સનાતન આત્મા. અનાદિનો એ આત્મા પૂર્ણાનંદનો નાથ છે. આહાહા..! **'(-સનાતન) આત્મા મળરૂપી ક્લેશનો ક્ષય કરીને...'** આહાહા..! પુણ્ય-પાપના મળરૂપી ક્લેશ છે. આહાહા..! એ શુભભાવ પણ ક્લેશ છે, દુઃખ છે. ભાઈ! માર્ગ તો પ્રભુનો એવો છે, ભાઈ! એણે જ્ઞાનમાં નિર્ણય તો કરવો પડશે. સમજાણું કાંઈ? આહાહા..! કેવો આત્મા? **'પવિત્ર પુરાણ (-સનાતન) આત્મા...'** આહાહા..! સનાતન ધર્મ નથી કહેતા? સનાતન ધર્મ. દરબાર! આ સનાતન ધર્મ છે એમ નથી કહેતા? આ સનાતન. આ સનાતન અનાદિ-અનંત આનંદનો નાથ પ્રભુ એ સનાતન આત્મા છે. એનો આશ્રય કરે છે એને ધર્મ પર્યાય પ્રગટે એ સનાતન ધર્મ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું, ભાઈ! આમાં લોક રાજી થાય એવી વાત ન મળે. ખરેખર તો રાજી થાય એ આ વાત છે. પૈસાવાળા દાન આપે તો એને ધર્મ થઈ જાય, શેઠ! આ શરીરની શક્તિવાળા અપવાસ કરે તો ધર્મ થઈ જાય, મનની શક્તિવાળા જાણપણામાં બોલ બોલ કરે તો ધર્મ થઈ જાય એમ નથી.

**શ્રોતા :-** પૈસાવાળા પૈસા આપે તો ધર્મ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસાવાળા એ તો કહ્યું પહેલું દાનમાં. આહાહા..! કરોડ પણ આપી દે તો ધર્મ ન મળે, હરામ ધર્મ હોય તો એમાં. આહાહા..! પૈસાથી ધર્મ થાય? તો ગરીબને રોવું પડે. રાગ મંદ કરે તો પુણ્ય થાય છે. પુણ્ય છે એ અનાચાર છે. આહાહા..! શું કહે છે?

**શ્રોતા :-** ધર્મ તો શ્રદ્ધાથી મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્રદ્ધા તો પોતાની શ્રદ્ધા આત્માની. આનંદમૂર્તિ પ્રભુ આત્મા એનો વિશ્વાસ કર. રાગનો વિશ્વાસ છોડી દે. આહાહા..!

જુઓ, **'ક્લેશનો ક્ષય કરીને લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે.'** લોકમાં ઉત્કૃષ્ટ કેવળજ્ઞાની થાય છે ઈ. જગતનો સાક્ષી થાય છે. ત્રણકાળ, ત્રણલોકના .. એનો સાક્ષી આત્મા થાય છે. તેને નિશ્ચયપ્રતિક્રમણ કહેવામાં આવે છે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૨, બુધવાર, તા. ૧૭-૦૯-૧૯૭૫, ગાથા-૮૬, કળશ-૧૧૫, પ્રવચન નં. ૩૭

પરમાર્થ-પ્રતિક્રમણ. .. પ્રતિક્રમણ છેને? ....

उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं।
सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८६।।

**પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.**

'**ટીકા :- અહીં ઉન્માર્ગનો પરિત્યાગ...**' જૈન સર્વજ્ઞ પરમાત્માથી વિરુદ્ધ કહેનારો ઉન્માર્ગ છે એનો પરિત્યાગ કરવો. ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ જેમાં સર્વજ્ઞથી જાણવું થયું, નિશ્ચય અને વ્યવહાર બેય વાત છે. જિનમાર્ગમાં કહ્યો એવો વ્યવહાર અને જિનમાર્ગમાં કહ્યો એ નિશ્ચય. એનાથી અન્ય માર્ગ જે છે એને છોડીને. '**સર્વજ્ઞવીતરાગ-માર્ગનો સ્વીકાર વર્ણવવામાં આવેલ છે.**' સર્વજ્ઞ પરમેશ્વરે આત્માનો માર્ગ અંદર નિશ્ચય અને વ્યવહાર એનો સ્વીકાર કરવો અને અન્યમતના માર્ગને છોડવો એનું નામ પ્રતિક્રમણ છે.

'**જે શંકા,...**' જૈનમાર્ગમાં શંકા કરવી. વીતરાગ સર્વજ્ઞે કહેલો નિર્વિકલ્પ જે માર્ગ અંદર છે, આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણ એની દૃષ્ટિ કરીને નિર્વિકલ્પતા જે ઉત્પન્ન થાય છે એમાં શંકા કરવી કે શું છે આ માર્ગ કેવો છે? એ શંકાને છોડી દે. સમજાણું કાંઈ? નિઃશંક. ભગવાને કહેલો નિશ્ચય અને વ્યવહારમાર્ગ છે એમાં નિઃશંકપણે વર્તવું. આહાહા..! '**કાંક્ષા,...**' પુણ્યાદિની કાંક્ષા છોડવી. ઇચ્છા છોડવી. '**વિચિકિત્સા,...**' દ્વેષ છોડવો. આહાહા..! કાંક્ષા-રાગ છોડવો અને વિચિકિત્સા-દુગંછા. સત્ય માર્ગમાં દુગંછા હોય એને છોડી દે. આ ક્યાં માર્ગ આવો? નગ્ન મુનિ રહેવું, અંદર નિર્વિકલ્પ આનંદનું વેદન કરવું, પંચમહાવ્રતનો વિકલ્પ આ શું માર્ગ છે? એવો સંદેહ થાય એને છોડી દેવો. સ્વરૂપ કેવું છે એવી વિચિકિત્સા છોડી દે.

'**અન્યદૃષ્ટિપ્રશંસા...**' '**મિથ્યાદૃષ્ટિનો પરિચય;...**' એ અન્ય દૃષ્ટિપ્રશંસા. અને '**મિથ્યાદૃષ્ટિની સ્તુતિ. (મનથી મિથ્યાદૃષ્ટિનો મહિમા કરવો તે અન્યદૃષ્ટિપ્રશંસા છે...**' મિથ્યાદૃષ્ટિએ કહેલા માર્ગમાં મનથી પણ કાંઈ પ્રશંસા થાય. સમજાણું કાંઈ? બૌદ્ધાદિ માર્ગ છે એ બધાની મનથી પ્રશંસા છોડવી. સર્વજ્ઞ વીતરાગ સિવાય જેટલો માર્ગ છે એની મનથી પ્રશંસા છોડવી. એ ઠીક છે, એ અનેકાંત માર્ગ છે એમ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ વ્યવહાર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વ્યવહાર છે પહેલો. નિશ્ચયમાં તો અંતર અનુભવ કરીને રહેવું

એ છે. આહાહા..!

'**અન્યદષ્ટિપ્રશંસા અને અન્યદષ્ટિસંસ્તવરૂપ...**' છેને? '**મિથ્યાદષ્ટિના મહિમાનાં વચનો બોલવાં...**' ઓહોહો..! કેટલી એની તાકાત બોલવાની, સમજાવવાની, એની પાસે દેવ આવે છે, આમ બોલવું. છોડી દે. એ તો બધો પાખંડ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... ભગવાન સર્વજ્ઞે કહેલા સિવાય કોઈપણ માર્ગ, નિશ્ચયથી તો આ શ્વેતાંબર માર્ગ પણ જૈનદર્શન નથી. એ અન્યદર્શનમાં જાય છે. એની પણ મનથી પ્રશંસા નહિ, વચનથી મહિમા નહિ કરવી કે આહાહા..! આવો પંડિત છે. એવી વાત છે, ભાઈ! અન્યદષ્ટિ છેને? અન્યમત છેને એ? ઝીણી વાત, ભાઈ! ... વસ્તુ એવી છે... સમજાણું કાંઈ? સર્વજ્ઞના માર્ગ સિવાય જેટલા માર્ગ હોય એ શ્વેતાંબર હોય, સ્થાનકવાસી હોય, વેદાંત હોય, વૈશેષિક બધા માર્ગ અન્યમતિના છે. એની મનથી પ્રશંસા કરવી એ દોષ છે. આહાહા..! અને વચનથી મહિમા કરવી કે ઓહો..! એની સભામાં તો લાખો માણસ આવે છે, સભામાં કરોડો માણસ માને છે. એમાં શું થયું? સમજાણું કાંઈ? વચનથી મહિમા ન કરવી. આહાહા..!

એવા '**મળકલંકપંકથી વિમુક્ત...**' પાંચ દોષના મળરૂપી કલંક છે ઈ. આહાહા..! એ તો '**(મળકંલકરૂપી કાદવથી રહિત) શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ** (જીવ)...' શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ. પોતાનો પૂર્ણાનંદ અખંડ આનંદકંદ પ્રભુના આશ્રયે જેની દષ્ટિ થઈ છે એ સમ્યગ્દષ્ટિ જીવ. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા એ વ્યવહાર વિકલ્પ છે. 'નિશ્ચય શુદ્ધ સમ્યક્ ત્રિકાળ પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપ જ હું છું.' આહાહા..! એવી સત્ય દષ્ટિ પ્રગટ થવી એનું નામ શુદ્ધ સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ** (જીવ) **બુદ્ધાદિપ્રણીત મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગાભાસરૂપ...**' બુદ્ધ આદિએ કહેલા મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર માર્ગાભાસ, માર્ગ નહિ, એ માર્ગાભાસ છે. આહાહા..! ઝીણું બહુ બાપુ! અહીં તો શ્વેતાંબરને માર્ગાભાસમાં નાખ્યા છે. અન્યમત છેને. જૈનમત નથી. જૈનમતના હજારો બોલ ફેરવી નાખ્યા છે, કલંક લગાડ્યું છે. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! ...

મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર '**માર્ગાભાસરૂપ ઉન્માર્ગને પરિત્યાગને,...**' એવી ઉન્માર્ગની દષ્ટિ છોડી દે. સમજાણું કાંઈ? અને '**વ્યવહારે પાંચ મહાવ્રત,...**' નિશ્ચયની વાત પછી કહેશે. નિશ્ચયસમકિત—સમ્યગ્દર્શન, શુદ્ધ નિશ્ચય સ્વભાવ ભગવાન આત્મા એની નિશ્ચયદષ્ટિ, એનું સ્વસંવેદનજ્ઞાન અને એમાં રમણતા એ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એવી ભૂમિકામાં વ્યવહાર પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? નિશ્ચયથી તો એ અનાચાર છે. પણ એવો વ્યવહાર છઠ્ઠા ગુણસ્થાને મુનિને પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે. એ વ્યવહાર છે.

'**પાંચ સમિતિ,...**' હોય છે. આ વ્યવહારની વાત આવે છે હોં. જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર એના માટે બનાવેલો ન લેવો, એષણાસમિતિ. સમજાણું કાંઈ? આહાહા..! આ ચોકા કરીને લે છેને તો એ એષણાસમિતિ જ નથી એની પાસે, વ્યવહારના ઠેકાણા નથી. એ તો કંઈ નથી. બાકી ત્યાં કંઈ નથી. આહાહા..! ઝીણી વાત, ભાઈ! કહ્યું હતુંને. અમારે ૬૯ની સાલમાં વાત ચાલી હતી. સંવત્ ૧૯૬૯. કેટલા વર્ષ થયા? ૬૨ વર્ષ. ૬૯. (પૂછ્યું હતું કે) સાધુ માટે અપાસરા કરીને ઈ વાપરે છે તો એ શું છે? એ સાધુ સાચા સાધુ નથી. અમને ખબર નહોતી. અમે તો દુકાનેથી આવ્યા હતા, દીક્ષા લેવી હતી. આ શું? પછી અમારા ગુરુને પૂછ્યું, .. રાણપુરમાં પૂછ્યું કે મહારાજ! આ સાધુ માટે મકાન-ઉપાશ્રય બનાવે છે એમાં રહે છે, વાપરે છે તો નવ કોટીમાં કઈ કોટી તૂટે? એવો પ્રશ્ન કર્યો હતો. નવ કોટી સમજ્યા? મન, વચન અને કાયા, કરણ, કરાવણ, અનુમોદન એ નવ કોટી છે. મનથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ, વચનથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ, કાયાથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદન નહિ—એ નવ પ્રકાર છે. એ પ્રશ્ન કર્યો હતો. કીધું આ નવ કોટીમાં, અપાસરો વાપરે સાધુ એના માટે બનાવેલો, એમાં કઈ કોટી તૂટે? જવાબ બહુ સાધારણ દીધો કે તમારા ભાઈએ તમારા માટે મકાન કર્યું અને તમે વાપરો તો એમાં કઈ કોટી તૂટે? મહારાજ! આમ જવાબ કેમ આપ્યો? અનુમોદન છે. નવ કોટીમાં મન, વચન અને કાયાથી અનુમોદન થાય છે. નવ કોટી તૂટી જાય છે. સમજાણું કાંઈ? ઉપાશ્રય બનાવે અને રહે, આહાર બનાવે ને લે, એના માટે પાણી બનાવે અને લે, એના માટે આ શેઠિયા મોસંબી ને શેરડીના રસને શું કહેવાય? કેરીનો રસ આમ ઠંડા કરેને ઠંડા, એ બનાવેલો લે તો એને નવ કોટીમાં કોટી તૂટી જાય છે. અનુમોદન થાય છે. તો અનુમોદન થયું તો કરણ, કરાવન એ નવે કોટી તૂટી ગઈ. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! .... શિયાળો હોયને, શિયાળો, શું કહે છે? જાડે કે દિન. કપડું જાડું કરે અંદર. કપડા અડવા ન દે અને આ વાપરે એનો શું અર્થ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** (બીજા) કરે છે પણ વાપરે કોણ? આહાહા..! વાત તો એવી છે, ભાઈ! એ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..! એના કપડા વાપરવા, એની .. ઘાસ નાખે. શું કહેવાય? ખટારા ભરીને. ખટારા-ખટારા. એ કહ્યું હતું ... એ બધો વ્યવહાર ખોટો છે. એ વ્યવહાર પણ સાચો નથી. નિશ્ચય તો સાચો છે જ નહિ. જેનો વ્યવહાર જૂઠો છે એનો નિશ્ચય જૂઠો જ હોય. પણ વ્યવહાર કોઈનો સાચો હોય અને નિશ્ચય જૂઠો હોય. સમજાણું કાંઈ? વ્યવહાર જેનો જૂઠો છે તો નિશ્ચય જૂઠો છે જ. આહાહા..!

અહીંયાં કહ્યું, '**પાંચ સમિતિ,...**' હોવી જોઈએ. વ્યવહાર હોં. નિર્દોષ આહાર-પાણી, ચાલવામાં કોઈપણ પ્રાણીને નીચે (હિંસા ન થાય એની સાવધાની રાખે). એકેન્દ્રિય આ

લીમડાના ફૂલ છેને, લીમડાના ફૂલ એ અનંતકાય છે, અનંતકાય છે. ફૂલમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંત જીવ છે. લીંબડાનું ફૂલ હોય છેને. લીમડાનું, લીમડાના ફૂલ હોય છેને. એ ફૂલના ઢગલામાં એખ-એક ફૂલમાં અસંખ્ય શરીર અને એક-એક શરીરમાં સિદ્ધથી પણ અનંતગુણા જીવ. અને અહીંયાં જોયા વિના ચાલે પગ મૂકીને. જોયા વિના ચાલે. આહાહા..! શું કરે છે તું, ભાઈ! કંઈ ધ્યાન જ નહિ, નીચે ...એમાં અનંત જીવ છે. અસાધારણ નિગોદના જીવ છે. ... રાય જેટલો ટૂકડો લ્યો, લીંબડાના કાચા ફૂલ હોય છેને. કોર, કોર કહે છે અમારે. કોર કહે છે. રાય જેટલા ટૂકડામાં અનંત જીવ છે. એકેન્દ્રિય અનંત જીવ છે, ભાઈ! આહાહા..! અન્યમતિના બાવા હોય એ જંગલમાં રહે અને આવું જ ખાય. કંદમૂળ, શક્કરિયા અપવાસમાં ખાય છે. ફરાળ કરીને. શક્કરિયાના. કાંઈ ખબર ન મળે, ભાઈ! અનંતજીવ .. બાપુ! તને ખબર નથી, ભાઈ! તારા અનંતા મા-બાપ અને અનંતા પુત્ર પૂર્વના પડ્યા છે. અનંત ભવ કર્યા. એમાં અનંતા પિતા, અનંતા પુત્ર, અનંતી સ્ત્રી મરીને નિગોદમાં પડ્યા છે અંદર, ફૂલમાં. એની તને હિંસા .... સમજાણું કાંઈ? આહાહા..! ...

'**ત્રણ ગુપ્તિ,...**' મન, વચન અને કાયાને અશુભથી રોકીને શુભમાં આવવું. '**પાંચ ઈન્દ્રિયોનો નિરોધ,...**' પાંચ ઈન્દ્રિયનો નિરોધ મુનિને હોય છે. '**છ આવશ્યક...**' છ આવશ્યક હોય છે. વિકલ્પ છે, વ્યવહાર છેને. સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ. '**ઈત્યાદિ અઠ્યાવીશ મૂળગુણસ્વરૂપ...**' એ અઠ્યાવીશ મૂળગુણસ્વરૂપ એ વિકલ્પ અને રાગ છે, પણ મુનિને આવે છે. આવો શુભભાવ આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી અંદર નિર્વિકલ્પમાં ન જાય ત્યાં સુધી આત્મજ્ઞાન, દર્શન, ચારિત્રરહિત હોવા છતાંપણ એવો શુભભાવ વ્યવહાર આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**અઠ્યાવીશ મૂળગુણસ્વરૂપ...**' જુઓ, એ મૂળગુણના જેના ઠેકાણા નથી, એના તો કોઈ ઠેકાણા છે જ નહિ. આહાહા..! બહુ આકરું કામ.

'**મહાદેવાધિદેવ...**' દેવના દેવ એવા તીર્થંકર ભગવાન '**પરમેશ્વર-સર્વજ્ઞ-વીતરાગના માર્ગમાં...**' એવા અઠ્યાવીશ મૂળગુણના '**સ્થિર પરિણામ કરે છે,...**' અશુભને છોડીને શુભમાં આવે. એ વાત.. સમજાણું કાંઈ? હવે નિશ્ચય. એ પંચમહાવ્રતાદિ વ્યવહાર કોને હોય છે? કે જેને નિશ્ચય હોય એને હોય છે. હવે નિશ્ચય શું? '**શુદ્ધનિશ્ચયનયે...**' આહાહા..! '**સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોથી અલંકૃત,...**' ભગવાન આત્મા શુદ્ધનિશ્ચયનયે સહજસ્વભાવિક જ્ઞાન, આનંદ આદિ અનંતગુણોથી અલંકૃત. અનંત ગુણોથી શોભાયમાન ભગવાન અંદર છે. આહાહા..! શરીરને અલંકૃત કરે છેને? અલંકાર દાગીના, ઝેવર (પહેરીને). એમ ભગવાન આત્મા અનંતગુણથી અલંકૃત છે. આહાહા..!

**શ્રોતા :-** અનંતગુણ ઝેવર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંત ગુણ એના દાગીના છે. આહાહા..! જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, જીવતરશક્તિ, ચિતિ, દશિ, જ્ઞાનશક્તિ, વીર્યશક્તિ, કર્તા, કર્મ, કરણ,

સંપ્રદાન, અપાદાન, સ્વસ્વામીસંબંધ આદિ અનંતગુણથી અલંકૃત ભગવાન આત્મા છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધનિશ્ચયનયે સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોથી અલંકૃત...**' કોણ? '**સહજપરમ ચૈતન્યસામાન્ય...**' ભગવાન ચૈતન્યસામાન્ય નામ દર્શનસ્વરૂપ. અનંતગુણથી અલંકૃત છે એવો દર્શનસ્વરૂપ આત્મા છે. આહાહા..! ધ્રુવની વાત ચાલે છે હોં! સ્વભાવાકિ જ્ઞાનાદિ શુદ્ધ ગુણો ત્રિકાળથી અલંકૃત ભગવાન આત્મા '**(સહજપરમ) ચૈતન્યસામાન્ય...**' દર્શન. સ્વાભાવિક પરમ ચૈતન્ય દર્શનશક્તિ-ગુણ. '**(સહજપરમ) ચૈતન્યવિશેષરૂપ...**' વિશેષ એટલે પર્યાયની વાત નથી અહીંયાં. અંદરમાં વિશેષ જ્ઞાનગુણ છે એને અહીંયા વિશેષગુણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**(સહજપરમ) ચૈતન્યસામાન્ય અને (સહજપરમ) ચૈતન્યવિશેષરૂપ...**' એટલે દર્શન અને જ્ઞાનસ્વભાવ ધ્રુવ. સામાન્યને દર્શન કહે છે અને વિશેષને જ્ઞાન. પણ છે તો ગુણ ત્રિકાળ. એ ત્રિકાળ દર્શન અને જ્ઞાનગુણસહિત અનંતગુણથી અલંકૃત ભગવાન આત્મા છે. આહાહા..! એ દૃષ્ટિનો વિષય છે. આહાહા..! નિશ્ચયસમ્યગ્દર્શનનું એ ધ્યેય છે. સમજાણું કાંઈ? સાચા સમ્યગ્દર્શનને આશ્રય કરવાલાયક એ ચીજ છે. સમજાણું કાંઈ?

'**જેનો પ્રકાશ છે...**' આહાહા..! જે ભગવાન આત્માનો અનંત શુદ્ધગુણથી અલંકૃત અને સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાન એવા ગુણોથી પ્રકાશનમાન આત્મા. આહાહા..! '**એવા નિજપરમાત્મદ્રવ્યમાં...**' પોતાનું નિજપરમસ્વરૂપ પરમાત્મદ્રવ્ય ત્રિકાળ. આહાહા..! એ દ્રવ્યમાં '**શુદ્ધચારિત્રમય સ્થિરભાવ કરે છે,...**' આહાહા..! નિજપરમાત્મદ્રવ્યમાં એ ત્રિકાળ એમાં સ્થિર ચારિત્રમય સ્થિરભાવ કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન તો છે જ. એમાં સામાન્ય ચૈતન્યપ્રકાશ શુદ્ધ ચૈતન્યપ્રકાશ અને અનંતગુણથી અલંકૃત એવો આત્મા પોતાના સ્વરૂપમાં નિર્વિકલ્પ વીતરાગ પર્યાયથી સ્થિર થાય છે. આહાહા..! '**(અર્થાત્ જે શુદ્ધનિશ્ચય-સમ્યગ્દૃષ્ટિ જીવ વ્યવહારે અઠ્યાવીશ મૂળગુણાત્મક માર્ગમાં...**' વ્યવહારમાં '**અને નિશ્ચયે શુદ્ધ ગુણોથી શોભિત દર્શનજ્ઞાનાત્મક...**' પરમાત્મદ્રવ્ય ત્રિકાળ. આહાહા..! '**સ્થિર ભાવ કરે છે.**' એવા દ્રવ્યમાં રમે છે. અનંત ગુણાકૃત ચૈતન્ય સામાન્ય અને વિશેષસ્વરૂપ ભગવાન પ્રકાશમૂર્તિ એમાં જે રમે છે. પરમ આનંદસ્વરૂપ ભગવાનમાં આનંદથી રમે છે પર્યાય. આહાહા..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં રમે છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે મુનિ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે,...**' આહાહા..! એ સાચું પ્રતિક્રમણ પરથી ખસીને સ્વરૂપમાં ઠરે છે તેને સાચું પ્રતિક્રમણ—ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**કારણ કે તેને પરમતત્ત્વગત (-પરમાત્મતત્ત્વ સાથે સંબંધવાળું)...**' આહાહા..! પરમસ્વભાવ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, એના સંબંધવાળો. '**નિશ્ચયપ્રતિક્રમણ છે...**' તેને સાચું પ્રતિક્રમણ છે, તેને સાચું ચારિત્ર છે, તેને સાચો મોક્ષનો માર્ગ છે. આહાહા..!

સમજાણું કાંઈ? માર્ગ બહુ લૂખો લાગે. બહારમાં નગ્ન થાય છે. એ વાત લીધી નથી. કેમકે મુનિ એવા હોય જ છે અને વ્યવહારમાં અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય છે અને નિશ્ચયમાં આનંદમય ભગવાનમાં સ્થિર થાય છે. આહાહા..! તે નમો લોએ સવ્વ સાહુણંમાં આવે છે. સમજાણું કાંઈ? એ નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણંમાં આવા મુનિ આવે છે. છેને પાંચ પદ?

ખરેખર પદમાં તો એમ છે પહેલા પદમાં. 'નમો લોએ સવ્વ ત્રિકાવર્થી અરિહંતાણં' એવું પદ છે. આ તો ટૂંકું કરી નાખ્યું 'નમો અરિહંતાણં.' મૂળ પાઠમાં ધવલમાં તો એમ છે, 'નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં.' અત્યારે તો નમો અરિહંતાણં અને પછી નમો લોએ સવ્વ સાહુણં ત્યાં છેલ્લું. ત્યાં ત્રિકાળવર્તી નહિ લઈને સવ્વ સાહુણં લ્યે છે. નમો લોએ સવ્વ અરિહંતાણમાં આવી ગયું. નમો લોએ સવ્વ સિદ્ધાણંમાં પાંચેય આવી ગયા. એમાં સવ્વ કીધા તો ત્રિકાળના પણ આવી ગયા. સમજાણું કાંઈ? આહાહા..! એવા પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવા એ તો વિકલ્પ શુભભાવ છે. સાચા પરમેષ્ઠી એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેને પરમતત્ત્વગત (-પરમાત્મતત્ત્વ સાથે સંબંધવાળું)...'** અર્થાત્ પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપના સંબંધવાળું નિશ્ચયપ્રતિક્રમણ કહેવામાં આવે છે. સામાન્યથી સંબંધ છે, પર્યાયથી નહિ, નિમિત્તથી નહિ. આહાહા..! ભારે વાતું આવી. જગતને કઠણ પડે. માર્ગ તો આ છે, ભાઈ! સમજાણું કાંઈ? ન પાળી શકે તો દૃષ્ટિમાં તો શુદ્ધિ કરવી. સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે ચારિત્રનો. પોતાનો પરમ આત્મા અનંતગુણાલંકૃત, દર્શનજ્ઞાનથી પ્રકાશમાન આત્મા એના સંબંધવાળો, એની સાથે સંબંધવાળો ભાવ તેને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. રાગથી અને નિમિત્તથી સંબંધવાળો ભાવ એ નહિ. આહાહા..! આવો માર્ગ (છે).

**'તેથી તે તપોધન સદા શુદ્ધ છે.'** જુઓ, આ કારણથી તપોધન. તપરૂપી જેને ધન છે. લક્ષ્મી. કહો, શેઠ! આ તમારી ધૂળની લક્ષ્મી નહિ, એમ કહે છે. લક્ષ્મી નહિ, અંદરમાં આનંદકંદ ધન એ ધન છે. ધૂળ એ ધન નથી એનું. સમકિતીને 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા'. સમકિતીને. 'રિદ્ધિ સિદ્ધિ..' રિદ્ધિ નામ આત્મસમૃદ્ધિ રિદ્ધિ-સિદ્ધિ બધું પ્રાપ્ત છે. 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે....' પોતાની આનંદની લક્ષ્મી અંદર સમ્યગ્દર્શનમાં વૃદ્ધિ દેખાય છે. 'ઘટમેં પ્રગટ સદા...' આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિની આ વાત છે. આ તો મુનિની વાત કરી એમાં આ આવ્યું. 'અંતરકી લક્ષ્મી અજાત લક્ષપતિ હૈ' શું કહ્યું? અનંતલક્ષ્મી. અનંત આનંદ આદિ જ્ઞાનની અંતર લક્ષ્મી એ અજાતિ લક્ષપતિ છે. પોતાના લક્ષનો પતિ, પોતાના સ્વરૂપનો પતિ એ છે. આહાહા..! નિશ્ચયસમ્યગ્દર્શન સત્ય શું છે એની ખબર નથી. એકલો વ્યવહાર-વ્યવહાર કરીને...

પરમતત્ત્વ જે પૂર્ણાનંદસ્વરૂપ અનાકુળ આનંદનો કંદ પ્રભુ એની સાથે પર્યાયનો સંબંધ કરીને જે નિશ્ચયપ્રતિક્રમણ થવું અથવા એનો સંબંધ કરીને સમ્યગ્દર્શન થવું એ સમ્યગ્દષ્ટિને નિજ લક્ષ્મી ભાસે છે આત્મા. બહારમાં લક્ષ્મી ધૂળ જોવે છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ ભાગ્યોદયને વિષ્ટા સમાન માને છે. સમયસારનાટક. ... છે કે નહિ? '..યહ સંપદા હમારી વહ તો સાધન અડારી ઐસે જૈસે ...' એવી તારી લક્ષ્મી છે કહે છે. આહાહા..! '... નરકકી .. હૈ. હીરામાહે પડ્યો તું ..' ... વિષ્ટા. કેટલામું છે? ... એ છેને? ... વિષ્ટા છે. ભાગ્યોદયને વિષ્ટા માને છે સમકિતી.

**શ્રોતા :-** ચક્રવર્તીકી સંપદા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો છે. 'ચક્રવર્તીકી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' કાગની વિષ્ટા છેને? એ શું કહેવાય? ખાતર પણ નથી થતું. મનુષ્યની વિષ્ટા હોય તો ખાતર થાય, પણ કાગડાની વિષ્ટા તો સૂકી હોય છે. ધર્મી સમકિત દૃષ્ટિ જીવ. આહાહા..! 'ચક્રવર્તીકી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ' એ તો ત્યાં લખ્યું છે, ઈંદોરમાં કાચનું મંદિર છેને એમાં લખ્યું છે. જુઓ શું છે કીધું. હુકમીચંદજીનું કાચનું મંદિર છેને, એમાં લખ્યું છે. 'કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' આહાહા..! પોતાની અજાતિ લક્ષ્મી જે અંતરની લક્ષ્મી અજાતિ લક્ષપતિ. આહાહા..! આનંદનો નાથ પોતાની લક્ષ્મી પોતામાં છે. એ લક્ષ્મીનો આત્મા સમ્યગ્દષ્ટિ પતિ છે. બાહ્ય લક્ષ્મીનો પતિ આત્મા છે નહિ. પરની લક્ષ્મી (પોતાની) માને એ મિથ્યાદષ્ટિ મૂઢ છે. આહાહા..! એય..! ઝાંઝરીજી! ફૂલચંદજી! અંતરની લક્ષ્મી અજાતિ લક્ષપતિ છે. બહારની જાતિ સમકિતીને છે જ નહિ. આહાહા..! પુણ્યની પણ ઈચ્છા નથી. ભાગ્યોદય હોય તો વિષ્ટા સમાન માને છે. છે એમાં ક્યાંક છે. ... ... ૧૯. બંધ અધિકારની ૧૯. આમાં ૧૯ છે, ૧૯ છે. **'કીચસૌ કનક જાકૈ નીચસૌ નરેસ પદ, મીચસી મિતાઈ ગરુવાઈ જાકૈ ગારસી; જહરસી જોગ-જાતિ કહરસી કરામાતિ, હહરસી હૌસ પુદ્‌ગલ-છબિ છારસી; જાલસૌ જગ-વિલાસ ભાલસૌ ભુવન વાસ, કાલસૌ કુટુંબ કાજ લોક-લાજ લારસી; સીઠસૌ સુજસુ જાનૈ બીઠસૌ વખત માને,...'** ભાગ્યોદયને વિષ્ટા માને. જુઓ,

**'ઐસી જાકી રીતિ વંદત બનારસી.'** **'સોનાને કાદમ સમાન,...'** સમકિતી માને છે. **'રાજ્યપદને અત્યંત, તુચ્છ,...'** માને છે. **'લોકોની મૈત્રીને મૃત્યુ સમાન,...'** માને છે. **'પ્રશંસાને ગાળ સમાન,...'** માને છે. કોઈ પ્રશંસા કરે તો ગાળ દે છે (એમ માને છે). **'યોગની ક્રિયાને ઝેર સમાન,...'** માને છે. આહાહા..! **'મંત્રાદિક યુક્તિઓને દુઃખ સમાન, લૌકિક ઉન્નતિને અનર્થ સમાન,...'** ઉન્નતિ થઈ, દીકરો થયો, વેપાર ઘણો વધી ગયો એ ઉન્નતિને અનર્થ સમાન માને છે. **'શરીરની કાંતિને રાખ સમાન,...'** માને છે. **'સંસારની માયાને જંજાળ સમાન, ઘરના નિવાસને બાણની અણી સમાન,... '**

આહાહા..! **'કુટુંબના કામને કાળ સમાન,...'** દીકરાના લગન આવ્યા ... તમારે મારવાડમાં બહુ હોય ત્યાં. દીકરાના લગન હોય તો લાખો રૂપિયા ખર્ચે, દારૂખાના, ધમધડાકા ને ભડાકા. કાળ છે કહે છે. આહાહા..!

**'લોકલાજને લાળ સમાન,...'** દુનિયાની લાજ નાકની લાળ છે. આહાહા..! **'સુયશને નાકમાં મેલસમાન...'** પોતાનો યશ થઈ જાય, નાકનો મેલ. **'ભાગ્યોદયને વિષ્ટા સમાન જે જાણે છે, (તે ઉત્તમ પુરુષ છે) તેને બનારસીદાસ નમસ્કાર કરે છે.'** આહાહા..! બાપુ! સમ્યગ્દર્શન શું ચીજ છે! સાધારણ.. આહાહા..! પોતાનો પૂર્ણાનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો, દૃષ્ટિમાં એની દૌલત જોઈ... આહાહા..! એની આગળ બધા ચક્રવર્તીના રાજ પણ કાગની વિષ્ટા સમાન છે. આહાહા..! શરીરની સુંદરતા રાખ સમાન છે. એ તો રાખ છે, ભસ્મ છે આ તો. આહાહા..! ભસ્મ સમજો છો? રાખ. આહાહા..!

અહીં કહે છે **'તેથી જ તે તપોધન સદા શુદ્ધ છે.'** આહાહા..! પોતાનો આનંદ, અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો પ્રભુ એનું સમ્યગ્દર્શન-સત્યદર્શન, એનું સમ્યક્ સ્વસંવેદન જ્ઞાન અને એમાં આનંદમાં લીનતા, આનંદની ઉગ્રતાની ભરતી આવવી એ મુનિ સુખી છે. સમજાણું કાંઈ? આ શેઠિયા ને રાજા ને દેવ બધા દુઃખીયા છે. આહાહા..! રાગમાં .. છે રાગમાં.

**'એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—' 'શ્લોકાર્થ :- એ પ્રમાણે વિશિષ્ટ આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું.'** આહાહા..! વિશિષ્ટ ખાસ. **'આદરવાળા = કાળજી, સાવધાની; પ્રયત્ન; બહુમાન.' 'પુરાણ પુરુષોએ...'** જૂના પુરુષો વડે **'સેવેલું,...'** પોતાનો માર્ગ. બે કહ્યું હતુંને પાઠમાં તો ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગ બે લીધું. પાઠમાં બે છેને. આધારમાં બે લીધા. પ્રવચનસારની ટીકા છે. **'ઉત્સર્ગ અને અપવાદ...'** ઉત્સર્ગ કહેતા પોતાના નિર્વિકલ્પ આનંદમાં રહેવું એ ઉત્સર્ગ માર્ગ છે અને એમાં રહી શકે નહિ તો વિકલ્પ આવે છે મહાવ્રતાદિનો એ અપવાદ માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'ઉત્સર્ગ અને અપવાદ દ્વારા ઘણી પૃથક્-પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે ચરણ તેને યતિ પ્રાપ્ત કરીને,...'** આહાહા..! નિશ્ચયસ્વભાવને પ્રાપ્ત કરીને અને વ્યવહારમાં વિકલ્પમાં આવે છે, પણ ક્રમે ક્રમે એને છોડીને અંદરમાં પૂર્ણાનંદને પ્રાપ્ત કરે છે. **'એવા નિજદ્રવ્યમાં સર્વતઃ સ્થિતિ કરો.'** આહાહા..! **'ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરીને...'** છેને? ક્રમે-ક્રમે રાગની નિવૃત્તિ (કરીને), જે પંચમહાવ્રતનો વિકલ્પ છે એનાથી પણ ખસીને. આહાહા..! **'અતુલ નિવૃત્તિ કરીને...'** આહાહા..! રાગને પણ અનાચાર જાણી છોડીને પોતાના આનંદના આચારમાં રહેવું... આહાહા..! એ મુનિપણું છે. એ વાસ્તવિક ચારિત્ર છે. આહાહા..!

**'ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે...'** ભગવાન આત્મા સામાન્ય

દર્શન અને વિશેષ જ્ઞાન ત્રિકાળી, હોં! એ જેનો પ્રકાશ છે વસ્તુનો. ધ્રુવ-ધ્રુવ. **'એવા નિજદ્રવ્યમાં...'** એવા પોતાના દ્રવ્યમાં-પદાર્થમાં. આહાહા..! **'સર્વતઃ સ્થિતિ કરો.'** ચારે બાજુથી એમાં સ્થિર થાઓ. આહાહા..! આ વસ્તુ ચારિત્ર.. ચારિત્રની ખબર નહિ કાંઈ અને પંચમહાવ્રતના વિકલ્પના ઠેકાણા નહિ અને માને કે ચારિત્ર છે. નમો લોએ સવ્વ સાહુણં આવી ગયું જાવ. માર્ગ બાપુ આકરો માર્ગ છે પ્રભુનો, ભાઈ! વીતરાગમાર્ગ છે. ... સ્વભાવના આશ્રયે ત્રિકાળ દ્રવ્ય ચૈતન્ય સામાન્ય .. પ્રભુ એમાં .. કરીને, એનું જ્ઞાન કરીને એમાં સ્થિરતા કરવી, નિર્વિકલ્પ આનંદમાં રમવું એ વસ્તુસ્થિતિ છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી નિશ્ચયમાં રહી શકે નહિ, ભાન છે દર્શન-જ્ઞાન-ચારિત્રનું, તો એને પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે. પણ કહે છે એમાંથી ખસીને નિવૃત્તિ, અતુલ નિવૃત્તિ કરે. આહાહા..! જેની તુલના ન થાય એવી નિવૃત્તિ (કરે). અંતરમાં રમણતા આનંદની... આહાહા..! **'સર્વતઃ સ્થિતિ કરો.'** જુઓ, આચાર્યનો આદેશ છે અમૃતચંદ્રાચાર્યનો. એવી સ્થિતિ કરો. પોતે મુનિ છે, આચાર્ય છે. આચાર્ય છે અમૃતચંદ્રાચાર્ય. આહાહા..! કુંદકુંદાચાર્યના ગણધર જેવું કામ કર્યું છે. કુંદકુંદાચાર્યે પંચમ આરાના તીર્થંકર જેવું કામ કર્યું છે. અમૃતચંદ્રાચાર્યે ટીકા ગણધર જેવી કરી છે. ...

**'વળી, (આ ૮૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—'** પોતાનો.

(मालिनी)

**विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः**
**तपसि निरतचित्ताः शास्त्रसंघातमत्ताः।**
**गुणमणिगणयुक्ताः सर्वसंकल्पमुक्ताः**
**कथममृतवधूटीवल्लभा न स्युरेते।।११५।।**

આહાહા..! ધર્માત્મા મુનિ કેવા છે? **'વિષયસુખથી વિરક્ત છે,...'** સમ્યગ્દૃષ્ટિ પણ વિષયસુખમાં સુખ માનતા નથી. વિષયસુખમાં સુખ માને તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સુખ તો ભગવાન આત્માના આનંદમાં છે. આહાહા..! લક્ષ્મીમાં સુખ, વિષયમાં સુખ, ભોગમાં સુખ એ માનનારા તો મૂઢ છે. અહીં તો માનતા નથી, પછી વિષયની આસક્તિથી વિરક્ત છે. .. લેવું છેને. આહાહા..! વિષયસુખથી વિરક્ત છે. **'શુદ્ધતત્ત્વમાં અનુરક્ત છે,...'** શુદ્ધતત્ત્વમાં અનુરક્ત. અહીંથી નિવૃત્તિ થઈને અહીંયા અનુરક્ત છે. આહાહા..! **'તપમાં લીન જેમનું ચિત્ત છે,...'** આનંદસ્વરૂપ ભગવાન ચારિત્ર જે તપ. તપ એ આનંદસ્વરૂપ એ તપ હોં. એમાં લીન છે. આહાહા..! તપ નામ મુનિપણું, ચારિત્રપણું એમાં લીન છે.

**'શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે,...'** સિદ્ધાંતનો અભ્યાસ અને સિદ્ધાંતના પ્રવિણપણામાં મત્ત-મત્ત છે. આહાહા..! સિદ્ધાંતના જ્ઞાનમાં મત્ત છે-પાગલ છે. દુનિયા તો એમ જોવે કે પાગલ જેવા છે. આત્મા એવો ને આત્મા એવો છે. શાસ્ત્રમાં એમ કહ્યું છે, સ્વભાવનો આશ્રય

કરવો તે ધર્મ છે ને પરનો આશ્રય છોડવો. અંદર ત્રિકાળ આનંદકંદમાં રહેવું. એમ શાસ્ત્રમાં નિશ્ચયનયથી આ કહ્યું અને વ્યવહારથી આ કહ્યું. એવા શાસ્ત્રસમૂહમાં તો પાગલ છે મુનિ. શાસ્ત્રરૂપ દરિયામાં ઊંડે-ઊંડે જઈને એનું તળિયું લે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અતિશય પ્રીતિવંત;...**' છે. શાસ્ત્રના જ્ઞાનમાં સમૂહમાં ઘણી પ્રીતિ. આહાહા..! અરે! '**અતિ આનંદિત.**' છે, અહીંયા કહે છે. શાસ્ત્રના જ્ઞાનમાં અતિ આનંદમાં ઝૂલે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! આ તો હજી શાસ્ત્રનો વ્યવહાર શું અને નિશ્ચય શું એની ખબર ન મળે. આહાહા..!

એવા '**શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે, ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે...**' આનંદ, સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ અનંતગુણરૂપી મણિ, અનંતગુણરૂપી મણિરત્ન. આહાહા..! એવા સમુદાયથી યુક્ત છે. અનંતગુણની પરિણતિ જે થઈ એવા સમુદાયથી સહિત છે. અનંતગુણ તો અંદર છે, પણ એની પરિણતિમાં અનંતગુણ આવ્યા. પરિણતિ-પર્યાય એનાથી તે સહિત છે. આહાહા..! આ મણિરત્ન.

ખજાનો નીકળે છેને જુઓને. અમારે ગયા હતાને ભાઈ ગ્વાલિયર. એની રાણીને પકડી ગયા સરકાર. પછી ઝવેરાત નીકળ્યું છે. સરકાર તરફથી આ ગયા હતા ભાઈ ઝવેરી. મુંબઈના. સરકાર તરફથી. ૪૦ લાખ રૂપિયા નીકળ્યા. એક કરોડની ઊપજ. ... જયપુર ગયા હતા જયપુર. પચાસ લાખ નીકળ્યા? સાડા ચાર કરોડ રૂપિયા. સરકાર તરફથી એને બોલાવ્યા હતા. પચાસ હજાર, અડધો ટકો મળે. એક લાખે .. અમે તો સાંભળ્યું હતું, તમારો છોકરો કહેતો હતો. આપણને ક્યાં ખબર છે. .. કહેતા હતા. આહાહા..! ગ્વાલિયર અને જયપુર બેય સરકાર તરફથી. એની કિંમત કરવા માટે. એ કિંમત ધૂળની શું છે, ભાઈ! એને તો પૈસા લેવા હતાને. કેટલા બતાવ્યા એ ... જેટલા બતાવ્યા એટલા ... ખાનગી ...

તિરૂપતિ-તિરૂપતિ મંદિરમાં ઘણું સોનું ભર્યું છે. સોનું જ સોનું ભર્યું છે. એક ટન સોનું તો સરકારે લઈ લીધું. એ મંદિરમાં એટલું એને આવક છે કે કોઈ નોટ મૂકે, કોઈ સોનું મૂકે છે, કોઈ ચાંદી મૂકે, કોઈ હીરા-માણેક મૂકે અને આખી રાત માણસની લાઈન. સવારે જાય તો એક એક જણને દર્શન કરવા દે. દુનિયા પાગલ. એમાં શું છે? ચક્રવર્તીના રાજમાં અબજોની એક દિવસની પેદાશ છે. એમાં શું છે? એક રાજા છેને? પેટ્રોલ નીકળે છે. એક કલાકના દોઢ લાખની પેદાશ. એક કલાકની દોઢ લાખની પેદાશ. રાજા છે. રાજ મોટું નથી, પણ પેટ્રોલ ઘણું નીકળ્યું છે. એને મારી નાખ્યો એક જણાએ. કુટુંબમાંથી મારી નાખ્યો અને બીજો બેઠો ગાદીએ. સંસારમાં શું છે? અને પાછું મરીને જાવું હોય નરકમાં. કારણ કે માંસ ખાતા હોય અને મમતાના પાર ન મળે. આહાહા..!

એક જણો તો એમ કહેતો હતો કે એનો દીકરો નીકળે મોટર લઈને. મોટી મોટર હોયને, બે-બે, પાંચ લાખ, દસ લાખની. એમાં વચ્ચે છોકરો હોય, કૂતરું આવે તો કચરાઈ જાય, મરી જાય. .. એટલા ફાટેલ પ્યાલા. મરીને નરકે જનારા. આહાહા..! ધૂળના ધણી ચૈતન્ય

ભગવાનની તો જેને ખબર નથી. આહાહા..!

મહા નિધાન અનંત આનંદની ખાણ આત્મા છે. અનંત જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતાની તો ખાણ અને નિધાન છે. એની દૃષ્ટિ... આહાહા..! કહે છે કે ધર્મી જીવ તો '**ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે...**' ગુણરૂપી મણિઓના સમુદાયથી સહિત છે. ગુણરૂપી મણિના ઢગલા. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુમાં તો અનંતગુણ છે જ, પણ આ પર્યાયની વાત છે. અનંતગુણમાંથી અનંતગુણની પર્યાય કાઢી. નિર્મળાનંદ સહજાનંદ પ્રભુની પરિણતિ. તો કહે છે કે '**ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે...**' આહાહા..!

'**અને સર્વ સંકલ્પોથી મુક્ત છે,...**' અહીંથી યુક્ત છે, અહીંથી મુક્ત છે. સર્વ સંકલ્પ આદિ. આહાહા..! '**તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય?**' આહાહા..! એવો આત્મા પરમાત્મદશા મુક્તિ સુંદરીનો વલ્લભ કેમ ન થાય? એને મુક્તિ સુંદરી મળશે, મળશે ને મળશે જ! એમ કહે છે. આહાહા..! કહ્યું હતુંને ઈ? અમૃતવધુતિ, અમૃતવધુતિ. અમૃત એટલે મોક્ષરૂપી વધુ નામ સ્ત્રી. આહાહા..! ... એનો વલ્લભ કેમ ન થાય? એની પર્યાય સાથે રહેશે નિર્મળાનંદની. આહાહા..! એને પૂર્ણ પર્યાયની મુક્તિનો વિરહ નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

જેને અનંતગુણમણિ પર્યાયમાં પ્રગટ થયો. આહાહા..! શક્તિમાં તો નિધાન ભરેલો જ છે, પણ જેમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરીને પર્યાયમાં અનંતગુણનો મણિ સમુદાય કાઢી લીધો છે એ મુક્તિના પર્યાયનો વલ્લભ થશે. એને મુક્તિ થશે, થશે ને થશે જ. આહાહા..! વ્યવહાર કરનારને મુક્તિ નહિ થાય એમ કહે છે. વ્યવહાર ક્રિયાકાંડનું ફળ બંધ છે. આહાહા..! અને એવો વ્યવહાર તો અનંતવાર કર્યો છે. એમ આવ્યું છે નિયમસારમાં કે વ્યવહાર તો અનંતવાર કર્યો છે. એમાં છેને? ક્યાંક છે ખરું. વ્યવહાર અનંતવાર કર્યો. નહિ? આગળ આવ્યું. ૧૨૧ કળશ છે. ૧૨૧ કળશ. પાનું ૧૭૨, પાનું ૧૭૨, ૧૨૧ કળશ. આહાહા..!

'**જે મોક્ષનું કંઈક કથનમાત્ર...**' જુઓ, '**તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં સાંભળ્યું છે અને આચર્યું છે;...**' આહાહા..! ૧૨૧ કળશ. '**જે મોક્ષનું કંઈક કથનમાત્ર...**' છે, વ્યવહારરત્નત્રય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પંચમહાવ્રતના વિકલ્પ એ તો કથનમાત્ર છે, કહે છે. આહાહા..! '**જે મોક્ષનું કંઈક કથનમાત્ર કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ)...**' આહાહા..! શુભભાવ વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતનો ભાવ, શાસ્ત્રનું પરલક્ષી જ્ઞાન. આહાહા..! એવા '**ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (ઘણા ભવોમાં) સાંભળ્યું છે...**' આહાહા..! વ્યવહારની વાત અને આચર્યું પણ છે. એવા વ્યવહારનું આચરણ પણ અનંતવાર કર્યું છે, વ્યવહારરત્નત્રયનું. આહાહા..! અહીં તો હજી વ્યવહારરત્નત્રયના ઠેકાણા નથી અને માને છે કે અમે મુનિ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? કે જે વ્યવહારરત્નત્રયનું આચરણ તો અનંતવાર કર્યું છે. આહાહા..!

અરેરે! છે? **'પરંતુ અરેરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને...'** ખેદ છે. **'(અર્થાત્ જે સર્વદા એક જ્ઞાનસ્વરૂપ જ છે...'** આનંદસ્વરૂપ ભગવાન છે. આહાહા..! સદા એક જ્ઞાનસ્વરૂપી છે આત્મા તો. **'એવા પરમાત્મતત્ત્વને જીવે સાંભળ્યું-આચર્યું નથી,...'** એણે સાંભળ્યું પણ નથી, એમ કહે છે. આહાહા..! અને આચર્યું પણ નથી. પૂર્ણાનંદનો નાથ મુક્તસ્વરૂપ આનંદધામ પ્રભુ એની વાત સાંભળી નથી અને એનું આચરણ કદી કર્યું નથી. વ્યવહારરત્નત્રયનું આચરણ અનંતવાર કર્યું. આહાહા..! પરમસત્ય પ્રભુ ધ્રુવ જે નિત્ય આનંદ પ્રભુ દૃષ્ટિનો જે વિષય છે એની વાત તો કદી સાંભળી નથી, તો આચરણમાં તો કેમ લે? આહાહા..! અને વ્યવહારરત્નત્રયને.. પાઠ તો એમ લીધો છેને? ભવોભવ જુઓ, **'પૂર્વે ભવભવમાં...'** એમ. ભવભવ નામ અનંતભવમાં. દ્રવ્યલિંગી મુનિ થયો અને વ્યવહારરત્નત્રય પણ અનંતવાર (પાળ્યા). એ તો કથનમાત્ર વ્યવહારરત્નત્રય, યથાર્થ રત્નત્રય છે નહિ એને. આહાહા..!

એવા વ્યવહારરત્નત્રયનું આચરણ પણ ભવોભવ કર્યું. ભવોભવ નામ અનંતભવમાં અનંતવાર કર્યું. આહાહા..! પણ ભગવાન પૂર્ણાનંદના નાથનું સ્પર્શ—વેદન ન કર્યું. આહાહા..! એ વાત અખંડાનંદ પ્રભુ નિષ્ક્રિય, રાગની ક્રિયાથી રહિત પ્રભુ છે એવી ચીજને કદી સાંભળી નથી અને એનું આચરણ કર્યું નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું આચરણ નથી કર્યું એણે. આહાહા..! અહીં તો એકલા વ્યવહારના પણ હજી ઠેકાણા નથી એને જોર આપે કે એનાથી કલ્યાણ થશે. સમજાણું કાંઈ? એ ૮૬ ગાથા થઈ. ૮૬ને?

**'મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય?'** આહાહા..! જેમ સ્ત્રીને પ્રેમ કરે છે પુરુષ એમ મુક્તિસુંદરીનો પ્રેમ કેમ ન થાય એને? જેને આત્માની રમણતા નિર્વિકલ્પ આનંદની રમણતામાં પડ્યો છે. ઓહોહો..! **'ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે...'** શાસ્ત્ર સમુદાયમાં પાગલ થઈ ગયો છે. અંદર આનંદ .. જ્ઞાન એ મુક્તિનો વલ્લભ કેમ ન થાય? અલ્પ કાળમાં મુક્તિ પામશે. ઉન્માર્ગનો ત્યાગ અને જૈનમાર્ગનો સ્વીકાર. જૈનમાર્ગ એટલે વસ્તુનું સ્વરૂપ એ જૈનમાર્ગ છે. જૈનમાર્ગ કોઈ પક્ષ નથી. આહાહા..! પૂર્ણાનંદના નાથનો આશ્રય કરીને રાગ-દ્વેષને હણવો એ વસ્તુનો માર્ગ છે, એ જિનમાર્ગ છે. આહાહા..! વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧૩, ગુરુવાર, તા. ૧૮-૦૯-૧૯૭૫,**
**ગાથા-૮૭, કળશ-૧૧૬, પ્રવચન નં. ૩૮**

નિયમસાર, ગાથા-૮૭.

मोत्तुण सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि।
सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८७।।
જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૭.

પ્રતિક્રમણ કહો, સમતા સામાયિક કહો, મોક્ષનો માર્ગ કહો, નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ કહો, બધું એક છે. એ કેમ થાય? એમ કહે છે.

'**ટીકા :- અહીં નિઃશલ્યભાવે પરિણત...**' નિઃશલ્યભાવે પરિણત દશામાં થનાર '**મહાતપોધન...**' નિમિત્તની વાત છેને. એ '**નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.**' જરી ઝીણી વાત છે. '**પ્રથમ તો, નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્માને,...**' આ આત્મા. મિથ્યાત્વ, નિદાન અને માયા એ ત્રણ શલ્યથી તો રહિત ભગવાન આત્માનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચયથી મુખ્ય વાત એ છે કે.. પ્રથમ શબ્દ છેને? નિઃશલ્યસ્વરૂપ. જેમાં મિથ્યાત્વશલ્ય છે જ નહિ આત્મામાં. પુણ્યથી ધર્મ માનવો, રાગને મારો માનવો, દયા, દાનના વિકલ્પનો કર્તા માનવો એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ દ્રવ્યસ્વરૂપ પરમાત્મામાં છે નહિ. કોણ પરમાત્મા? આત્મા. આહાહા..! પરમસ્વરૂપ ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા સત્ ચિદાનંદ સ્વરૂપ એવો નિજપરમાત્મા—પોતાનો આત્મા ખરેખર ત્રણ શલ્યરહિત એ આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ '**વ્યવહારનયના બળે કર્મપંકથી યુક્તપણું હોવાને લીધે...**' પણ પર્યાયમાં વ્યવહારનયે '**કર્મપંકથી યુક્ત...**' '**(-વ્યવહારનયે કર્મરૂપી કાદવ સાથે સંબંધ હોવાને લીધે) તેને નિદાન, માયા અને મિથ્યાત્વરૂપી ત્રણ શલ્યો વર્તે છે...**' આહાહા..! નિશ્ચયથી પરમાત્મ નિજસ્વરૂપ એમાં શલ્ય છે નહિ, પણ પર્યાયમાં વ્યવહારથી કર્મરૂપી કાદવના સંગથી 'મિથ્યાત્વ, મન, તન, વચન, ધન આ મારા છે' એ મિથ્યાત્વશલ્ય છે. ધીરૂભાઈ! આહાહા..! 'તન, મન, વચન, ધન, સ્ત્રી, કનક, કુટુંબ એ મારા છે' એવા ભાવને મિથ્યાત્વશલ્ય કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે એના સ્વભાવમાં તો નથી અને એ મારા છે એમ માનવું (તે મિથ્યાત્વશલ્ય છે). મારા તો આનંદ અને જ્ઞાન છે એને છોડીને એ તન, મન,

વચન, ધન મારા છે એમ માનવું એ મિથ્યાત્વશલ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? વિપરીત માન્યતાનું એ શલ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? અને રાગ, પુણ્ય, દયા, દાન, વ્રતાદિના વિકલ્પ જે છે એ મારા છે, મારામાં છે એવો ભાવ મિથ્યાત્વરૂપી શલ્ય ભર્યું છે. આકરી વાત. પોપટભાઈ! એના છોકરા-બોકરા ક્યાં રહી ગયા? આહાહા..! ભાઈ! માર્ગ પ્રભુ એવો છે કોઈ. વસ્તુ કીધીને પહેલી.

પરમાત્મા પરમસ્વરૂપ દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ. પર્યાય વિનાની વસ્તુ જે વસ્તુસ્વરૂપ પરમપારિણામિકસ્વભાવભાવ ભગવાન જ્ઞાયકભાવ નિત્યાનંદભાવ એ પરમાત્મા પોતાનું સ્વરૂપ છે. '**अप्पा सो परम अप्पा**' આવે છે, તારણસ્વામીમાં બહુ આવે છે. એ આ પરમાત્મા. આહાહા..! પોતાનું સ્વરૂપ જે નિત્ય ધ્રુવ અનાદિ-અનંત, દ્રવ્ય નામ પદાર્થનો સ્વભાવ એ પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! એનાથી વિરુદ્ધ જે એમાં નથી, એનામાં તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત બળ-વીર્ય એવી વસ્તુ છે. એમાં રાગ, તન, મન, વચન, ધન એ બધું એકાક્ષરી છે. એકરૂપ ભગવાનમાં એકાક્ષરી ચીજ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એવી દૃષ્ટિ ન થાય ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એવી વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

તન, મન, ધન, પુત્ર-પુત્રી, મકાન એ તરફ઼ન દેખીને વીર્યમાં એમ આવે છે કે આ ઠીક છે, વીર્ય ત્યાં ઠીક છે એમ જાણે છે, એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આ હોંશ આવે છે. હોંશ સમજ્યાને? હરખ, ઉલ્લાસ. શરીર, વાણી, મન, તન, ધન, સ્ત્રી આદિનું શરીર, મકાનનો દેખાવ, પાંચ-પચ્ચીસ લાખનું મકાન છે, એને જોઈને વીર્યમાં એમ આવે કે ઓહો..! ઠીક છે આ. એવું વીર્ય ત્યાં ઠીકમાં કામ કરે છે એનું નામ મિથ્યાત્વશલ્ય છે. ઝીણી છે, ભગવાન! આહાહા..! આવું મનુષ્યપણું મળ્યું અને આવું ન સમજ્યો તો શું સમજ્યો? ભાઈ! સમજાણું કાંઈ?

અહીં તો પહેલા એ કહ્યું, નિશ્ચયથી-મુખ્ય વાત તો એ કહેવી છે કે. '**પ્રથમ...**' છેને? પ્રથમ વાત એ છે કે નિશ્ચય નામ ખરેખર નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા. આહાહા..! ભગવાન આત્માનો સ્વભાવ પરમસ્વરૂપ એમાં તો મિથ્યાત્વ, માયા, નિદાન, શુભભાવ કરીને કંઈક મળશે લક્ષ્મી કે સ્વર્ગ, એવા ત્રણ શલ્ય વસ્તુમાં નથી. આહાહા..! વસ્તુમાં નથી એવું પરમાત્મા પોતાનું સ્વરૂપ છે. આહાહા..! એને ત્રણ શલ્ય પર્યાયમાં જે છે, પર્યાયમાં, ઓલા દ્રવ્યમાં નહિ, વસ્તુમાં નહિ... આહાહા..! એની પર્યાય એટલે અવસ્થા, વર્તમાન હાલત, વર્તમાન દશા. વસ્તુ નિઃશલ્ય પરમાત્મસ્વરૂપ હોવા છતાં પણ પર્યાય—અવસ્થામાં કર્મકલંક, કાદવ, કીચડના સંગે... આહાહા..! છે? '**વ્યવહારનયના બળે...**' પર્યાયના વિકારની દશાના બળે. આહાહા..! '**કર્મપંકથી યુક્તપણું...**' કર્મ કાદવસહિત દેખાય છે એ કારણે '**(વ્યવહારનયે કર્મરૂપી કાદવ સાથે સંબંધ હોવાને લીધે)...**' તો સંબંધ કર્યો હોં! જે ચીજ એમાં નથી. કર્મ જડ છે,

મન જડ છે, તન જડ છે, ધન જડ છે. ભગવાન ચૈતન્યસ્વરૂપથી ભિન્ન જાત છે. એમાં કર્મ કાદવના સંગે... આહાહા..! એનાથી નિદાન (કરે કે) શુભભાવ કરીને કાંઈક સુખ મળે, સ્વર્ગ મળે, લક્ષ્મી મળે. આપણે પુણ્ય કરીએ (તો આ બધું મળે). સમજાણું કાંઈ?

એ સમયસાર નાટકમાં આવે છે. આ સંપદા તું મારી માને છે કે મારા પુણ્યને કારણે મળી. એમ એમાં આવે છે. દોઢ દિવસની વસ્તુ છે એ તારી ક્યાંથી આવી? સમજાણું કાંઈ? આહાહા..! મન પરમાણુ છે, વાણી એ પરમાણુ પુદ્ગલ છે, તન એ જડ પુદ્ગલ છે. ધન એ પુદ્ગલ જડ છે. આહાહા..! એ જડ પોતાના સ્વરૂપમાં નથી. છતાં એ કર્મકલંકનો સંગ કરવાથી પર્યાયમાં 'એ મારા છે' એવો મિથ્યાત્વભાવ વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શરીરની સુંદરતા, મકાનનો દેખાવ, એ બધું જોઈને મારા છે, આ મારી ચીજ છે. આહાહા..! જેમ કે પચાસ મકાન છે એક સાથે. શેરી શેરી કહે છેને? ગલી. ગલીમાં ૫૦ મકાન છે. જ્ઞાન તો પચાસને દેખે છે. જ્ઞેય છે એને જાણે છે. એને છોડીને જ્યાં પોતાનું મકાન જોવે કે 'આ મારું.' એ ક્યાંથી આવ્યું? એ ૫૦ મકાન તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવાલાયક હતા. જાણે કે આ છે. આ મારું. આ છ લાખનું મકાન મારું. શેઠનો દાખલો આપીએને. મોઢા આગળ હોય એનો અપાયને. લાગુ તો બધાને પડે છે. આહાહા..!

**શ્રોતા :-** ૪૯ મકાનને પોતાના નહિ માને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૪૯ મકાનને ન માને, ઓલાને પોતાનું માને. ખરેખર તો જ્ઞાનમાં પચાસેય દેખાય છે. દેખે છે એમાં 'આ મારું' એમ ક્યાંથી આવ્યું? પચાસેય મકાન જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય છે. જ્ઞેય તરીકે. એમાંથી 'આ મારું.' મિથ્યાત્વભાવ છે એમ કહે છે. આહાહા..! એમ પચાસ છોકરા ઉભા હોય. એમાં પચાસ જોવાલાયક જ્ઞેય છે. જ્ઞાન જાણનારું (અને) એ જ્ઞેય છે. તો એમાંથી 'આ મારો દીકરો' એ ક્યાંથી આવ્યું? એ તો જ્ઞેય છે, પરપદાર્થ છે. શરીર જડ છે. એનો આત્મા તો ભિન્ન છે. આહાહા..! ભારે વાત, ભાઈ! અનાદિનું એવું શલ્ય રહ્યું છે. સમજાણું કાંઈ? સાધુ થયો ત્યાગી બહારનો પણ અંદરમાં રાગ મારો છે અને રાગથી મને લાભ થશે, પુણ્યની ક્રિયા કરતાં-કરતાં મને ધર્મ થશે એવું મિથ્યાત્વ શલ્ય રહ્યું અંદરમાં. માન્યતા ઊંધી અનાદિની લોકોને .... આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મા પરમસ્વભાવસ્વરૂપ ભગવાન નિત્યાનંદ પ્રભુ એ તો નિઃશલ્ય પરમાત્મા છે. છેને? '**નિઃશલ્યસ્વરૂપ પરમાત્માને,...**' આહાહા..! જ્ઞાનનો પિંડ, આનંદનો કંદ પ્રભુ, ધ્રુવ પરમાત્મસ્વભાવ પોતાનો એ તો શલ્યરહિત નિઃશલ્યપણે આત્મા છે. આહાહા..! એમ હોવા છતાં પણ અનાદિથી કર્મનો સંગ કરવાથી, કર્મરૂપી કાદવ ઉપર લક્ષ કરવાથી, સંગ કરવાથી સંબંધ કર્યો. આત્મામાં એ કર્મનો સંબંધ છે નહિ. કેમકે કર્મના ભાવથી આત્મસ્વભાવમાં અભાવ છે. કર્મના ભાવસ્વભાવથી ભગવાન આત્મા અભાવસ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એમ હોવા છતાં કર્મનો સંગ (કર્યો કે) 'આ મારું છે, આ મારું છે' એવા સંગથી

મિથ્યાત્વ શલ્ય એની પર્યાયમાં વર્તે છે. આહાહા..! વસ્તુમાં નથી, પણ પર્યાયમાં કર્મ કાદવના સંગથી, કર્મ કાદવને કારણે નહિ, સંગથી. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ બહુ સૂક્ષ્મ! આહાહા..! લોકોને એ વાત વાસ્તવિક તત્ત્વ સાંભળવા મળ્યું નથી. એવી વાત છે. ભગવાન! આ તો પરમસત્યની વાત છે. આહાહા..!

કહે છે, નિઃશલ્ય પ્રભુ હોવા છતાં પર્યાયમાં કર્મ કાદવનો સંબંધ હોવાથી નિદાન (કરે છે). પર્યાયમાં (એમ નિદાન કરે છે કે) પુણ્યથી મને કાંઈક મળે, હું શુભભાવ કરું છું એમાં શુભ લક્ષ્મી મળે, સ્વર્ગ મળે એવો નિદાનભાવ પર્યાયમાં વર્તે છે. આહાહા..! **'માયા...'** કપટ વર્તે છે. જેવી ચીજ છે એમ ન સમજીને આડ મારીને, વક્રતા કરીને... આહાહા..! એ ચીજ મારી છે એવી માયા એની પર્યાયમાં વર્તે છે વ્યવહારનયે. પર્યાયમાં વર્તે છે તો વ્યવહારનય છેને. નિશ્ચયમાં તો છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને **'મિથ્યાત્વરૂપી ત્રણ શલ્યો...'** થયાને? મિથ્યા અભિપ્રાય. આહાહા..! તન, મન, ધન, વચન, લક્ષ્મી, પુત્ર, આબરૂ એના નામની પ્રશંસા થાય એ પ્રશંસા મારી કરે છે. એ પ્રશંસા તો જડની પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં રાજીપો હરખ કરવો એ મિથ્યાત્વશલ્ય છે. આહાહા..! શેઠ! વાત એવી છે. આ વીતરાગમાર્ગ એવો છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. એની દૃષ્ટિ કર્યા વિના, એનું અસ્તિત્વ, આવી મોજૂદગી (ધરાવતું) એવું તત્ત્વ છે એ તરફની પ્રતીતિ થયા વિના, એનો વિશ્વાસ કર્યા વિના કર્મના સંગમાં પડવાથી... આહાહા..! સ્વસંગ ન કર્યો. ભગવાન આનંદકંદ પ્રભુ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ પરમાત્મા છે આત્મા એનો સંગ ન કર્યો અને જે પોતામાં ચીજ નથી એવા કર્મનો સંગ કર્યો. એથી એની પર્યાયમાં નિદાન, માયા અને મિથ્યાત્વશલ્ય (વર્તે છે). આહાહા..! તત્ત્વાર્થસૂત્રમાં એમ નથી આવતું? નિઃશલ્યોવૃત્તિ. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે નિઃશલ્યોવૃત્તિ. વૃત્તિ એને કહીએ નિઃશલ્ય ત્રણે શલ્યથી રહિત હોય. આહાહા..! તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. દસલક્ષણી પર્વમાં ઘણા બોલે પણ અર્થ શું અને શું ચીજ છે (એની ખબર ન મળે). નિઃશલ્યોવૃત્તિ. મુનિરાજ તો ત્રણ શલ્યરહિત હોય છે. આહાહા..! જેને મિથ્યાત્વ પણ નથી, નિદાન પણ નથી અને માયા પણ નથી. આહાહા..! અહીંયા પહેલા સમ્યગ્દૃષ્ટિમાં મિથ્યાત્વશલ્ય નથી હોતું. સમજાણું કાંઈ?

પ્રથમમાં પ્રથમ... આહાહા..! પોતાની ચીજ પૂર્ણાનંદ પ્રભુ એને છોડીને એક સમયની પર્યાયને પણ પોતાની માનવી, પૂર્ણ મારું સ્વરૂપ છે એમ માનવું, રાગ એ મારો છે એમ માનવું, આ તન, મન, ધન રાગ, કુટુંબાદિ મોટા એ જ્ઞાનના જ્ઞેય છે, એમાં જ્ઞેયમાં ભાગ પાડવો કે આ મારું છે અને તારું છે (એ મિથ્યાત્વશલ્ય છે). આહાહા..! આ સ્ત્રી મારી છે. તારી ક્યાંથી આવી? એનું શરીર ભિન્ન છે, એનો આત્મા ભિન્ન છે. આહાહા..! લક્ષ્મી ભિન્ન છે. આ મારી લક્ષ્મી, આ મારા કપડા, આ મારા દાગીના. દાગીના હોય છેને. ઝેવર

કહે છેને? પરમાત્મસ્વરૂપમાં 'એ મારું છે' એવી ચીજ વસ્તુમાં નથી, પણ પર્યાયમાં અનાદિકાળથી એવું શલ્ય ઊભું કર્યું છે. સમજાણું કાંઈ? એ દોષ અલ્પ નથી, મોટો છે. આહાહા..! સાધારણ રાગ-દ્વેષ થાય છે વિષયવાસના એ તો ચારિત્રદોષ છે. પણ એને પોતાના માનવા, 'એમાં મને સુખ છે' એમ માનવું એ તો મહામિથ્યાત્વશલ્ય પાપ છે. ઝીણી વાત, ભગવાન!

તો કહે છે કે એની પર્યાયમાં—અવસ્થામાં કર્મકલંકના સંગથી સ્વભાવનો સંગ અનાદિથી છૂટ્યો છે. પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા છે એનો સંગ છૂટી ગયો. અસંગ ચીજનો સંગ છૂટી ગયો અને સંગ વસ્તુ પર છે એનો સંબંધ કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? ધીરૂભાઈ! ઝીણી વાત છે. બહારમાં થોડું આમ કરી લીધું એટલે મળી જાય એમ નથી, આ તો જુદી વસ્તુ છે. આહાહા..! ઈ મકાન એણે લીધું છે. સાંભળ્યું છેને? પરિવર્તન કર્યુંને? તમે હતા? પરિવર્તન કર્યું તે વખતે ચાર હજાર .. અત્યારે સત્તર હજાર આપ્યા. જ્યાં પરિવર્તન કર્યુંને. સ્ટાર ઓફ ઈંડિયા. ઈ મકાન. સો વર્ષનું પહેલાનું છે. સો વર્ષ જૂનું હોં. અમે ગયા હતા ૬૮માં. આ તો ૪૦ વર્ષ તો અહીંયાં થયા. કેટલા? ૧૦૮. આહાહા..! કોના મકાન અને કોની લક્ષ્મી? પ્રભુ! આહા..હા..! શરીર એનું નથી, વાણી એની નથી, મન એનું નથી. અહીં મન રજકણ છેને? આઠ પાંખડીવાળું. આઠ પાંખડીવાળું કમળને આકારે જડ મન છે. જે વિચારમાં નિમિત્ત છે, ઈ પણ એનું નથી. આહાહા..! એ તો પરમાત્મસ્વરૂપે બિરાજમાન ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! એમાં આ ચીજ મારી છે એવું વ્યવહારથી પર્યાયમાં ઉપચારથી, વસ્તુમાં નથી, પર્યાયમાં મિથ્યાત્વ, નિદાન અને માયા વર્તે છે, અંતરમાં નિશ્ચયમાં નથી. પર્યાયમાં વ્યવહારમાં મિથ્યાદર્શન, માયા અને નિદાન વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડું પણ સત્ય સમજવું જોઈએ. સત્ય શું છે અને અસત્ય શું છે? આહાહા..!

એવા '**નિદાન, માયા અને મિથ્યાત્વરૂપી ત્રણ શલ્યો વર્તે છે...**' ભાષા જુઓ, ભગવાન તો નિઃશલ્ય પરમાત્મસ્વરૂપ દ્રવ્યસ્વભાવ તો છે, પણ પર્યાયમાં આ ત્રણ શલ્ય અનાદિથી વર્તે છે. સમજાણું કાંઈ? '**એમ ઉપચારથી કહેવાય છે.**' વ્યવહાર છેને? પર્યાયમાં છે, વસ્તુમાં નથી. પર્યાયમાં ત્રણ શલ્ય છે એ વ્યવહારે, ઉપચારથી કહેવામાં આવે છે, વસ્તુમાં નથી. વસ્તુમાં હોય એ નિશ્ચય, પર્યાયમાં હોય તે વ્યવહાર થયો. આહાહા..! સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં મિથ્યાત્વ, નિદાન અને માયા જે વિપરીત માન્યતા આદિ છે એ પર્યાયમાં વર્તે છે માટે ઉપચારથી કહેવામાં આવે છે. દ્રવ્યમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવે છેને. પહેલા કહ્યું હતું. વ્યવહારનયના બળે કહ્યું હતુંને? અહીં એનો ઉપચાર કહ્યો. આહાહા..!

નિઃશલ્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ ત્રિકાળી પ્રભુ એ તો નિશ્ચય છે. એમાં કોઈ શલ્ય-બલ્ય છે નહિ. જો એમાં શલ્ય હોય તો, નિશ્ચયમાં શલ્ય હોય તો શલ્ય કદી નીકળે નહિ. પર્યાયમાં શલ્ય છે, એ બદલી શકાય છે. ધ્રુવને તો બદલી શકાતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! વ્યવહારનય નામ પર્યાયનયના બળે, પર્યાયમાં ત્રણ શલ્ય વર્તે છે. વર્તે

એમ લખ્યું છેને? લખ્યું છેને? '**ત્રણ શલ્યો વર્તે છે...**' છેને? આહાહા..! '**એમ ઉપચારથી કહેવાય છે.**' આહાહા..! ભગવાન ત્રિલોકનાથ દ્રવ્યસ્વભાવમાં ઈ નથી. પર્યાયમાં છે માટે ઉપચારથી, વ્યવહારનયે પર્યાયમાં ત્રણ શલ્ય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એની પર્યાયમાં કર્મ, શરીર, વાણી, મન નથી. એની પર્યાયમાં શરીર, તન, મન, ધન એ નથી, પણ એની પર્યાયમાં આવા ત્રણ શલ્ય વર્તે છે એવો ઉપચાર છે. આહાહા..! 'લક્ષ્મી મારી' એ તો વાત જ નથી અહીંયાં. લક્ષ્મી તો એમાં નથી. તન, મન, ધન છે નહિ, ઉપચારથી પણ નથી. આહાહા..! એ તો અસદ્ભૂત પર ચીજ છે. આહાહા..!

ભગવાન ત્રિલોકનાથ નિર્વિકલ્પ પ્રભુ પરમાત્મા એમાં તો એ છે નહિ, પર્યાયમાં અનાદિથી એ રાગ ને પુણ્ય ને તન, મન, ધન મારા છે એવી મિથ્યાત્વશલ્યની માન્યતા વ્યવહારનયે એટલે કે પર્યાયમાં ઉપચારથી કહેવાય છે. આહાહા..! ઉપચારથી કહેવાય છે તો છોડી શકે છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા .. ભાઈ! ઓલું તો અપવાસ કરવા આ દસલક્ષણી પર્વના. એય..! ધમાલ ચાલતી હશે. દસલક્ષણી પર્વમાં પંડિતો મોટા ભાષણ આપેને. આમ પ્રાપ્ત થાય છે ને આમ થાય.

**શ્રોતા :-** એનું ફળ પણ બતાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફળ પણ બતાવે. તમને લાભ થાશે. એનાથી હળવે-હળવે ધર્મ થશે. ધૂળેય નથી સાંભળતો ખરો. જે શુભભાવ છે ક્રિયાકાંડનો એ આત્મામાં નથી. એ ઉપચારથી વ્યવહારથી પર્યાયમાં છે એ તો દુઃખરૂપ છે. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ એમાં તો એ નથી. હવે પર્યાય જે વર્તમાન હાલત છે દશા, અંશ જે વર્તમાન અંશ એમાં એ મિથ્યાત્વ, નિદાન આદિ વર્તે છે એ ઉપચારથી છે. આહાહા..! ગજબ વાત કરે છે! પર્યાયમાં નિશ્ચયથી પોતાના છે, પણ આ તો ત્રિકાળની અપેક્ષાએ ઉપચાર ભાઈ કહ્યો. નહિતર આપણે ૧૮૯ ગાથામાં આવી ગયું કે રાગનો નિશ્ચય શુદ્ધનયથી કર્તા આત્મા છે. આહાહા..! કઈ શૈલી છે? એ પોતાની પર્યાયમાં પોતાથી છે એમ જ્ઞાની જાણે છે, સમ્યગ્દૃષ્ટિ જાણે છે. આહાહા..! એ રાગનું પરિણમન મારામાં છે એ દ્રવ્યનું જ્ઞાન સામાન્યનું થયું છે, ધ્રુવ સ્વભાવના લક્ષે જ્ઞાન થયું છે તે જ્ઞાન એમ જાણે છે કે મારી પર્યાયમાં રાગાદિ જે છે એ મારો ભાવ છે, હું કર્તા છું, હું ભોક્તા છું. આહાહા..! એ બીજી વાત થઈ. એ તો જ્ઞાનની અપેક્ષાએ પર્યાયને જાણી, પણ જ્યાં દૃષ્ટિનો વિષય આવ્યો... આહાહા..! એ વિકાર મારામાં છે જ નહિ, વિકારપણે હું પરિણમતો જ નથી. આહાહા..! વાત એવી છે. ભાઈ! જૈનમાર્ગ, વીતરાગમાર્ગ નયની ઈન્દ્રજાળ જેવો લાગે, પણ વસ્તુ જ એવી છે. આહાહા..!

એકકોર એમ કહે કે નિશ્ચયથી વિકાર પોતામાં છે. એ નિશ્ચય અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો નિશ્ચય. સમજાણું કાંઈ? આહાહા..! અહીંયાં કહે કે મિથ્યાત્વશલ્ય અને.. આહાહા..! જે ચીજ એમાં નથી, એ ચીજ મારામાં દ્રવ્યમાં નથી અને પર્યાયમાં મારી માને છે. આહાહા..! એ દોષ

મિથ્યાત્વ આદિ ઉપચારથી છે. આહાહા..! નિશ્ચયથી નહિ, એમ કહે છે. ત્રિકાળ નિશ્ચયથી નથી. સમજાણું કાંઈ? દ્રવ્યનો નિશ્ચય એ નિશ્ચય અહીં કહેવો છે અને પર્યાયને વ્યવહાર... આહાહા..! અરે! કઈ અપેક્ષાએ કથન છે એ ન જાણે અને એક જ ખતવણીમાં ખતવે જ્યાં ત્યાં. આહાહા..! અહીં તો પરમાત્મા કહે છે કે જે નયથી કથન કર્યું છે એ નયથી એને જાણવું જોઈએ. આહાહા..!

અહીંયાં તો કહે છે કે આત્મામાં સંસાર નથી, ઉદયભાવ નથી. ભગવાન પૂર્ણાનંદના નાથમાં ઉદયભાવ (નથી). એના બોલ છેને? ૨૧ બોલ. છેને? ક્ષયોપમના ૧૮ બોલ ને.... આહાહા..! તત્ત્વાર્થસૂત્ર. ત્યાં એમ કહ્યું કે એ જીવતત્ત્વ છે એમ કહ્યું ત્યાં. સ્વતત્ત્વ. આવે છે? બીજો અધ્યાય. તત્ત્વાર્થસૂત્રમાં બીજા અધ્યાયનું પહેલું સૂત્ર. ... ઉદય, રાગ એ જીવતત્ત્વ એમ કહ્યું. એની પર્યાયનું જ્ઞાન કરાવવા માટે કહ્યું. અહીં તો કહે છે કે એ રાગાદિ જીવતત્ત્વ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ વ્યવહારનયનું શાસ્ત્ર છે, પર્યાયથી કથન કરે છે તત્ત્વાર્થસૂત્રમાં. અને અહીં તો નિશ્ચય દ્રવ્યદષ્ટિથી કથન છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જીવમાં, પરમાત્મતત્ત્વમાં એ રાગાદિ, નિદાન આદિ છે જ નહિ, વિકારાદિ છે જ નહિ. આહાહા..! પણ જે દ્રવ્યસ્વભાવનું લક્ષ અનાદિથી છૂટ્યું હોવાથી પોતાનું અસંગ તત્ત્વ એનો આશ્રય અનાદિથી છૂટ્યો છે પર્યાયમાં હોં. એ પર્યાય કર્મના સંગમાં ગઈ છે. પોતાથી પર્યાય ગઈ છે, કાંઈ કર્મથી ઉત્પન્ન નથી થઈ. મિથ્યાશલ્ય, નિદાન અને માયા એ કાંઈ કર્મથી નથી. પોતાની પર્યાયમાં કર્મના સંગે પોતામાં થયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું વ્યાખ્યાન ધર્મનું. આવા મોટા દિવસમાં પણ આવું ઝીણું? બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! સમજાણું કાંઈ? સ્વરૂપચંદભાઈ! આહાહા..!

**શ્રોતા :-** એ વિના ઠેકાણે ન પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠેકાણે ત્રણકાળમાં નહિ પડે. જે રીતે છે એ રીતે સમ્યગ્જ્ઞાન નહિ કરે તો જન્મ-મરણ નહિ મટે. આહા..! ચોર્યાશીના અવતાર ભગવાન! તું અવતાર વિનાની ચીજ એને ચોર્યાશી ભવસિંધુના અવતાર કલંક છે, કલંક છે. સમજાણું કાંઈ? યોગસારમાં કહ્યું છે. જન્મ એ આત્માને કલંક છે. આહાહા..! ભગવાનમાં તો કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય એવી એ ચીજ છે. એમાં આ ભવ ઉત્પન્ન થાય એ શરમજનક કલંક છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા ભગવાન આત્મામાં તો એ ભવ અને ભવનો ભાવ વસ્તુમાં તો છે જ નહિ, પણ પર્યાયમાં... આહાહા..! એની દશામાં પર્યાયનયથી, વ્યવહારનયથી, ઉપચારનયથી (વર્તે છે). ત્રણે એક છે. આહાહા..! ભગવાન આ કહેવા માગે છે, પ્રભુ! ભગવાન! તું તો પરમાત્માસ્વરૂપ છોને, નાથ! આહાહા..! તું તો મારી નાતનો, જાતનો આત્મા છો. સમજાણું કાંઈ? એવી નાત, જાતમાં આ પર્યાયમાં આ શું આવ્યું? આ શું ઉભું કર્યું તેં? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'એમ ઉપચારથી કહેવાય છે.'** આહાહા..! **'આમ હોવાથી જ...'** એટલે કે પરમાત્મસ્વરૂપમાં તો નિઃશલ્યપણું છે, પણ પર્યાયમાં એવું શલ્યપણું વર્તે છે **'આમ હોવાથી જ ત્રણ શલ્યો પરિત્યાગીને...'** આહાહા..! ભગવાન પરમાત્મસ્વરૂપ એનો સંગ કરીને, આશ્રય કરીને... આહાહા..! જેમાં એ પર્યાયનો દોષ વસ્તુમાં છે નહિ એવા પરમાત્મસ્વરૂપનો આશ્રય કરીને ત્રણ શલ્યનો ત્યાગ કર. સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન ધ્રુવ એનો આશ્રય કરીને નિર્મળ પર્યાય પ્રગટ થાય છે અને અશુદ્ધતા શલ્યનો નાશ થાય છે. વ્યય, ઉત્પાદ અને ધ્રુવ ત્રણે આવી ગયા. સમજાણું કાંઈ? પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા નિઃશલ્યસ્વરૂપે ત્રિકાળ દ્રવ્ય બિરાજમાન છે. પર્યાયમાં ઉપચાર કહ્યો તો નિઃશલ્ય હોવાને લીધે જેમાં શલ્ય નથી એવી ચીજનો આશ્રય લઈને આહાહા..! ત્રણ શલ્યને છોડી દે. આ પ્રતિક્રમણ છે, આ સામાયિક છે, આ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

૧૮૯ ગાથામાં વિકાર શુદ્ધનયથી પોતાનો છે એમ કહ્યું અને કર્મનો (કહ્યો) અશુદ્ધથી. કર્મનો કહેવો એ અશુદ્ધનયથી. વ્યવહારનય અશુદ્ધનય. કર્મનો કહેવો એ અશુદ્ધનય અને પોતાનો કહેવો એ શુદ્ધનય. અહીં કહે છે કે પોતાનો કહેવો એ વ્યવહારનય અશુદ્ધનય છે, ત્રિકાળની અપેક્ષાએ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ચૈતન્યદળ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન જેમાં અતીન્દ્રિય આનંદ છલોછલ, લબાલબ ભરેલો છે. આહાહા..! અતીન્દ્રિય સુખસાગર ભગવાન આત્મામાં તો આ ત્રણ શલ્ય છે નહિ. પર્યાયમાં છે તો ત્રણ શલ્યરહિત ભગવાન આત્મા છે એનો આશ્રય લઈને છોડી દે એને. સમજાણું કાંઈ? મિથ્યાશલ્ય પણ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માનો આશ્રય લઈને છૂટે છે, કોઈ બીજો ઉપાય છે નહિ. આહાહા..! સ્વરૂપચંદભાઈ! આવો માર્ગ છે. આહાહા..! સાંભળવો મુશ્કેલ પડે એવો છે. કોઈ દિ' સાંભળ્યું નથી. ધીરજ રાખીને કોઈ દિ' સાંભળ્યું નથી. નામ ધીરૂભાઈ છે, લ્યો! આ તો અનાદિકાળનું છે. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, કહે છે કે એમાં તો એ શલ્ય છે નહિ દોષ. પર્યાયમાં દોષ છે શલ્ય મિથ્યાત્વ આદિ. તો એનો ત્યાગ કરવો. કેમ ત્યાગ થાય? તેનો વ્યય કરો. એનો વ્યય કેમ થાય? કે ભગવાન ત્રિલોકનાથનો આશ્રય કરીને નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય તો એનો વ્યય થઈ જાય છે. આહાહા..! આવો માર્ગ, ભાઈ! સાધારણ માણસને બિચારાને એમ થાય કે આ શું કહે છે આ? કાંઈ ખબર નથી, ખબર નથી. બાપુ! શું થાય? આહાહા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપે પરમાત્મા પોતે બિરાજે છે અંદર. એ પરમાત્મામાં ઉદય અને સંસાર અને ક્ષયોપશમ ભાવ પણ નથી. આહાહા..! જેમાં તો ક્ષાયિકભાવ પણ નથી. આહાહા..! એ પહેલા આવી ગયું છે શુદ્ધભાવ (અધિકારમાં). ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જીવદ્રવ્ય જે સ્વભાવ એમાં તો કેવળજ્ઞાનની પર્યાય ક્ષાયિક છે એ પણ એમાં નથી. આહાહા..! તો રાગાદિની વાત શું કરવી? આહાહા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમેશ્વરની ધર્મકથા છે, ભગવાન!

એ કાંઈ ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો મગનો દાણો. આવે છેને છોકરાને? પછી બનાવી ખીચડી. નાની ઉંમરમાં કરતા હતા. પછી ખીચડીનું આમ કર્યું. લાંબી વાત છે, ભૂલી ગયા. આ તો છોકરા નાની ઉંમરમાં કરતા. કુંભારને આપ્યું ને કુંભારે ઘડુલો આપ્યો અને ઘડુલાનો ખજૂર આપ્યો. એ છોકરાને વાર્તા કહેતા નાની ઉંમરમાં. એવી વાત વિકથા એવી વાત છે. આ તો ધર્મકથા છે, ભગવાન! આહાહા..! રાગથી ધર્મ માનવો, પુણ્યથી ધર્મ માનવો એમ કહેવું એ વિકથા છે, એ પાપકથા છે, એ ધર્મકથા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અને લક્ષ્મી ખરચવાથી મને ધર્મ થશે, તું લક્ષ્મી ખર્ચ તને ધર્મ થશે એવી કથા એ વિકથા છે. ધર્મકથા નથી, ભાઈ! ધર્મકથા તો એમ કહે કે તારી પર્યાયમાં જે ભાવ છે.. પરવસ્તુ તો તારામાં છે જ નહિ, લક્ષ્મી એ તો છે જ નહિ તો એને છોડવી, ત્યાગવી એ વાત અહીંયાં નથી. સમજાણું કાંઈ? એને છોડો કે એને વાપરો એ તો વસ્તુમાં છે નહિ. એની પર્યાયમાં જે મિથ્યાત્વના ત્રણ શલ્ય છે (તેને છોડવાની વાત છે). આહાહા..!

તો કહે છે '**ત્રણ શલ્ય પરિત્યાગીને જે પરમયોગી...**' આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ સાથે જોડાણ કર્યું. યોગ એટલે જોડાણ. એ યોગ—જોડ્યું. ત્રિકાળ પરમાત્મસ્વરૂપ હું છું એની સાથે પર્યાયને જોડી દીધી એ યોગી. સમકિતી પણ યોગી છે. આહાહા..! પોતાની પર્યાય દ્રવ્યમાં જોડી દીધી એટલું સમકિત થયું એટલો તો એ યોગી છે. આહાહા..! અને મુનિ એ પરમયોગી છે. છે? બે શબ્દ છેને? પરિત્યાગ કરીને પરમયોગી. મુનિ પરમયોગી છે. આહાહા..! ઉત્કૃષ્ટપણે ભગવાન પૂર્ણાનંદમાં પર્યાયને જોડી દીધી. આહાહા..! જે કર્મના સંગમાં હતી ત્યાંથી ગુલાંટ ખાઈને. ગુલાંટ સમજ્યા? પલટો ખાઈને પોતાની પર્યાયને દ્રવ્યમાં જોડી દીધી. આહાહા..! એ યોગ અને એ યોગનો યોગી. આહાહા..! ઓલા યોગી બાવા થતા એ યોગી નહિ આ. આહાહા..!

પરમાત્મસ્વરૂપ જે ધ્રુવસ્વરૂપ ભગવાન નિઃશલ્ય સ્વભાવ પરમાત્મા પોતે નિજ એની સાથે પર્યાયને જોડવી. જઘન્યપણે જોડવાથી સમકિત થાય છે, મધ્યમપણે જોડવાથી ચારિત્ર થાય છે, ઉત્કૃષ્ટપણે જોડવાથી કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? ઓલા કહે ધ્યાન કરો. શેના પણ ધ્યાન? વસ્તુ શું છે ઈ એના લક્ષમાં, દૃષ્ટિમાં આવ્યું નથી તો ધ્યાન કોનું? આહાહા..! ભગવાનનું ધ્યાન કરો, નોકારનું ધ્યાન કરો. એ તો વિકલ્પ છે. આહાહા..! પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ ધ્યાનની પર્યાયમાં ધ્યેય બનાવીને વર્તમાન પર્યાયમાં ધ્યાનમાં એને ધ્યેય બનાવીને જે જોડાણ થયું એ યોગી છે, એ ધર્મી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરમયોગી પરમનિઃશલ્ય સ્વરૂપમાં રહે છે...**' ભાષા જુઓ! પર્યાયમાં વર્તે છે તો વર્તતો હતોને અનાદિથી? હવે એને છોડીને પૂર્ણાનંદનો નાથ પ્રભુ વસ્તુ સ્વભાવમાં દૃષ્ટિ આદિ જ્ઞાનની પર્યાય જોડી દીધી, સ્થિરતા જોડી દીધી. આહાહા..! એવા '**પરમયોગી પરમ નિઃશલ્ય સ્વરૂપમાં રહે છે...**' આહાહા..! પર્યાયમાં. પરમયોગી પર્યાયમાં પરમનિઃશલ્યપણે

રહે છે. આહાહા..! જે પર્યાયમાં શલ્યસહિત હતો એ ભગવાન પૂર્ણાનંદના નાથની સાથે જોડાણ કર્યું તો નિઃશલ્યપણે પરિણમન થયું તો નિઃશલ્યપણે રહે છે. આહાહા..! આનું નામ પ્રતિક્રમણ છે, આનું નામ સામાયિક છે. પોપટભાઈ! આ સામાયિક આનું નામ કહેવાય. કેટલી કરી? સામાયિક કરી તો હશેને? એની સાથે કરી. પહેલા અમે પણ બધું કર્યું હતું પાલેજમાં. સામાયિક કરતાં, પડિક્કમણું કરતાં, અપવાસ કરતાં. વસ્તુ પણ ક્યાં હતી આ? રાગની ક્રિયા હતી. આહાહા..! સામાયિક તો સમતા પરિણામ, વીતરાગી પરિણામ એને સામાયિક કહીએ. વીતરાગી પરિણામ થાય ક્યાંથી? જિનસ્વરૂપ વીતરાગી ભાવપણું ત્રિકાળ પડ્યું છે એના આશ્રયે વીતરાગ પરિણામ થાય છે અને રાગ પરિણામ નષ્ટ થાય છે. રાગનો વ્યય થાય છે અને વીતરાગ પરિણામ ઉત્પન્ન થાય છે. આહાહા..! અરે! હજી એની યથાર્થતાનું જ્ઞાન પણ નથી, તો એની શ્રદ્ધા અને સ્થિરતા લાવવી ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ?

'**તેને નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે,...**' જે ભગવાન આત્મા પૂર્ણાનંદનો આશ્રય લઈને ત્રણ શલ્યનો નાશ કરીને નિઃશલ્યપણે વર્તે છે એ જ નિશ્ચયપ્રતિક્રમણ સ્વરૂપ કહેવામાં આવે છે. એ સાચા પ્રતિક્રમણસ્વરૂપમાં આવ્યો. આ મિચ્છામી દુક્કડમ... મિચ્છામી દુક્કડમ... મિચ્છામી દુક્કડમ... આહાહા..! એક યતિ હતોને જતિ હતો જતિ. આ જતિ નથી કહેતા? યતિ. તો એક માણસ હતો એને બધા ઓલા હતા વાસણ-વાસણ. કુંભારના વાસણ. લીલા સમજ્યા? લીલા વાસણ. તો એ યતિનો છોકરો હતો તે કાંકરી મારે. વાસણને ફોડે. મિચ્છામી દુક્કડમ. ઓલાએ લીધી લાકડી. લાકડી મારે અને મિચ્છામી દુક્કડમ. આહાહા..! લીલા વાસણ ભીના. હજી સુકાણા ન હોય. ઓલો નીકળ્યો, એક મારે તો વાસણ ફૂટી જાય. મિચ્છામી દુક્કડમ. ભારે! ઓલો લાકડી લઈને આવ્યો અને માર્યો. મારીને કહે મિચ્છામી દુક્કડમ લે. માળા આવા મિચ્છામી દુક્કડમ તારા કેવા? સમજાણું કાંઈ? મિચ્છામી-મારા દુષ્કૃત ક્યારે મિચ્છામી દુક્કડમ થાય છે? કે પોતાના સ્વરૂપનો આશ્રય લઈને નિર્મળ પરિણતિ ઉત્પન્ન કરે છે ત્યારે મિચ્છામી દુક્કડમ નામ એ વિકારનો નાશ થાય છે એ મિચ્છામી દુક્કડમ છે. આહાહા..! પોપટભાઈ! બધું સાંભળ્યું નહોતું. ત્યાં એ વખતે તો ક્યાં હતું કાંઈ. આહાહા..! દરિયાપરિયા અપાસરે જતા? આહાહા..!

'**કારણ કે તેને સ્વરૂપગત...**' આહાહા..! કહે છે કે એને સાચું નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કેમ કહ્યું? કે સ્વરૂપગત—સ્વરૂપ જે ભગવાન આનંદકંદમાં ગત નામ સંબંધમાં '**વાસ્તવિક પ્રતિક્રમણ છે જ.**' એને. આહાહા..! સ્વરૂપની સાથે સંબંધવાળો. જુઓ, સ્વરૂપગત છેને? જે ઓલા કર્મના સંગથી હતો, હવે આ સ્વરૂપના સંગથી થયો. ત્રિકાળી ભગવાન સ્વરૂપગત એના સંબંધથી નિર્મળ પરિણતિ થઈ. એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા..! ..લાલજી! આવું સાંભળ્યું પણ નહિ હોય ન્યાં ક્યાંય. દિલ્હી દિલ્હીને? દિલ્હી રહે છે. ... આ વાત છે. આહાહા..! એવી યથાર્થ વાત તો સાંભળવા મળવી એ પણ ભાગ્ય છે. આહાહા..!

મહાભાગ્યે મળે એવી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ, શું કહ્યું? કે જેણે ત્રણ શલ્ય છોડ્યા અને નિઃશલ્યપણે પરિણતિ પર્યાયમાં દ્રવ્યના અવલંબને થઈ તે નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ. કેમ? એ સ્વરૂપગત—નિજસ્વરૂપની સંબંધ કર્યો. ઓલો કર્મ સાથે સંગ હતો, આ નિજસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એના સંબંધે સંગ કર્યો તો નિર્મળ પરિણતિ થઈ. આહાહા..! સમજાણું કાંઈ? એને સાચું પ્રતિક્રમણ અને સાચો ધર્મ કહે છે. આહાહા..! શ્લોક-૧૧૬ છેને? ૧૧૬.

(अन्ष्टुभ्)

शल्यत्रयं परित्यज्य निःशल्ये परमात्मनि।
स्थित्वा विद्वान्सदा शुद्धमात्मानं भावयेत्स्फुटम्।।११६।।

'**શ્લોકાર્થ :- ત્રણ શલ્યને પરિત્યાગીને,...**' આહાહા..! મિથ્યાત્વ ને માયા ને નિદાન એ પર્યાયને છોડીને '**નિઃશલ્ય પરમાત્મામાં...**' જુઓ, ભાષા. ભગવાન પરમાત્મસ્વરૂપ તો નિઃશલ્ય છે આત્મા. એમાં '**સ્થિત રહી,...**' દ્રવ્યસ્વભાવ નિઃશલ્ય છે ત્રિકાળ એમાં સ્થિત રહેવું એ પ્રતિક્રમણ છે. આહાહા..! સ્થિતિ એ પર્યાય છે. નિઃશલ્ય પરમાત્મામાં એ ત્રિકાળી દ્રવ્ય છે. નિઃશલ્ય પરમાત્મા વસ્તુ સ્વભાવ ત્રિકાળ (એમાં) સ્થિત રહીને. સ્થિત એ પર્યાય છે. આહાહા..! '**વિદ્વાનને...**' આને વિદ્વાનને કહીએ છીએ. આહાહા..! આ ભણતરના મોટા પલાખા શીખી ગયો હોય શાસ્ત્રના એ વિદ્વાન નથી.

'**વિદ્વાનને સદા શુદ્ધ આત્માને...**' આહાહા..! ધ્રુવ ભગવાન પરમાત્મસ્વરૂપમાં સ્થિત રહીને. પહેલા સંબંધ કહ્યો હતો-સ્વરૂપગત. આ સ્વરૂપમાં સ્થિત થયો તે સ્વરૂપગત થયો. આહાહા..! જે રાગમાં સ્થિત હતો એનું લક્ષ છોડીને આખા દ્રવ્યમાં સ્થિત થયો. આહાહા..! '**વિદ્વાનને સદા...**' જ્ઞાનીને, ધર્માત્માને તો સદા. આ વિદ્વાન. આહાહા..! '**સદા શુદ્ધ આત્માને...**' ત્રિકાળી ધ્રુવ ભગવાન શુદ્ધ પરમાત્મસ્વરૂપને '**સ્ફુટપણે...**' પ્રગટપણે '**ભાવવો.**' પર્યાયમાં એની ભાવના કરવી જોઈએ કે પ્રગટ થાય. શક્તિરૂપે તો ભગવાન છે જ, પરમાત્મસ્વરૂપે તો છે જ, પણ એને વ્યક્ત કરીને, પ્રગટ કરીને ભાવના ભાવવી. આહાહા..! ભારે ભાઈ! અધ્યાત્મભાષા. વસ્તુસ્થિતિ આ છે. પહેલું જ્ઞાન તો નક્કી કરે કે માર્ગ આવો છે. સમજાણું કાંઈ? આ સિવાય બીજો કોઈ માર્ગ છે નહિ. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ એક જ પ્રકારનો આ છે. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આવે છેને ઈ? શ્રીમદ્‌માં આવે છે. આહાહા..!

કહે છે '**પરમાત્મામાં સ્થિત રહી,...**' સદા શુદ્ધ આત્મા. ભાષા જુઓ, ભગવાન પૂર્ણાનંદ સદા ત્રિકાળ છે એમાં જ્ઞાનીએ સદા અંદરમાં નિરંતર રહેવું. એને ધ્યેયને ન છોડવું. સમ્યગ્દર્શનમાં ધ્રુવનું ધ્યેય છે એ નિરંતર રહેવું. અને અહીંયાં તો સ્થિરતા નિરંતર કરવી. આહાહા..! ચારિત્ર છેને. મુનિમાર્ગ છે આ દસ લક્ષણ (ધર્મ તો). દિગંબરમાં જ છે. શ્વેતાંબરમાં તો પાંચમ..

એક દિવસ ... પર્યુષણમાં. સાત દિવસ તો જેના લગન હોયને લગન. લગનમાં મંડપ નાખે છેને. એ ચાર, પાંચ આ બાજુ. લગન હોય પાંચમના ત્યારે બીજ, ત્રીજે મંડપ નાખે. એવો વ્યવહાર છે એમાં.

**શ્રોતા :-** પહેલા આઠ દિવસ નાખતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પહેલા આઠ-આઠ દિવસ કરતાં. બહુ પૈસાવાળા હોય અને મોટો છોકરો એક જ હોય. બહુ ખર્ચ કરવો હોય તો આઠ દિવસ પહેલા મંડપ નાખે. લગન હોય પાંચમના. નાખે તેરશનો મંડપ. મંડપ કહે છે? શ્વેતાંબરમાં એવું છે. પાંચમના પર્યુષણ હોય તો સાત દિવસ પહેલા.. અહીં તો મુનિપણાની આરાધનાના દસ બોલ છે. સમજાણું કાંઈ? એમાં પહેલા મંડપ નાખવા અને પછી લગન-બગન છે નહિ. અહીં તો પહેલા સમયથી, પહેલા પર્યુષણથી આત્માના લગન શરૂ થાય છે. ઉત્તમક્ષમા. આહાહા..! ઉત્તમક્ષમાનો અર્થ જ સમ્યગ્દર્શનસહિત ક્ષમા થવી એ ઉત્તમ ક્ષમા છે. આમ ક્ષમા રાખે એ નહિ.

ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું છે, એ ક્રોધ ન કરે, ક્ષમા રાખે એ ઉત્તમક્ષમા છે. અજ્ઞાની ક્ષમા રાખે, આ લડાઈ માટે નથી કરતા? દેશ માટે શહીદ થાય છેને? શું કહે છે? મરે છે. એ ક્ષમા નથી. અહીં તો સમ્યગ્દર્શનના ભાનપૂર્વક ક્રોધનો અભાવ થઈને શાંતિ પ્રગટ કરવી એનું નામ ઉત્તમ ક્ષમા છે. એવા દસ બોલ મુનિ, આચાર્યના ધર્મના આરાધનાના છે. એમાંથી આ વાત કરી.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા સુદ-૧૪, શુક્રવાર, તા. ૧૯-૦૯-૧૯૭૫, ગાથા-૮૮, કળશ-૧૧૭-૧૧૮, પ્રવચન નં. ૩૯

શું અધિકાર ચાલે છે? પરમાર્થ-પ્રતિક્રમણ. પરમાર્થ-પ્રતિક્રમણ તે ચારિત્ર છે. જેમ ચારિત્રના દસ ભાગ છેને અહીંયાં? અત્યારે આ દસલક્ષણી પર્વ (ચાલે છે) એ ચારિત્રના દસ પ્રકાર છે. એમાં પ્રતિક્રમણ પણ ચારિત્રનો ભાગ છે. પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના, સમાધિ એ બધા સ્વરૂપની દૃષ્ટિ થયા ઉપરાંત, ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટા થવા ઉપરાંત પરની આસક્તિ છોડીને સ્વરૂપમાં રમવું એ ચારિત્ર છે, એ પ્રતિક્રમણ છે, એ ધર્મ છે. ચરિતં ખલુ ધમ્મો આવે છેને? શુકલચંદજી! ચારિત્ર ખલુ ધમ્મો. ચારિત્ર એ ધર્મ. પ્રતિક્રમણ એ ચારિત્રનો એક ભાગ છે. પ્રતિક્રમણ એ ચારિત્ર એ જ ધર્મ. સમજાણું કાંઈ? આહાહા..! દસલક્ષણી પર્વ તો ઘણા ગયા અને ઘણા તત્ત્વાર્થસૂત્રની વ્યાખ્યા કરે છે, પણ મૂળ નિશ્ચયને

ભૂલીને.

(પૃથ્વી)

कषायकलिरंजितं त्यजतु चित्तमुच्चैर्भवान्
भवभ्रमणकारणं स्मरशराग्निदग्धं मुहुः।
स्वभावनियतं सुखं विधिवशादनासादितं
भज त्वमलिनं यते प्रबलसंसृतेर्भीतितः।।१९७।।

અહીં કહે છે કે 'હે **યતિ!**' મુનિની વ્યાખ્યા છેને? પ્રતિક્રમણ છેને? ચારિત્ર છેને? તો પહેલાં સમ્યગ્દર્શનમાં પરથી ખસીને નિમિત્તથી, રાગથી અને પર્યાયથી ખસીને શુદ્ધ દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ કરી છે તો સુખ મારામાં છે એવું અનુભવમાં પ્રતીત તો થઈ છે, એ ઉપરાંત અહીંયાં આનંદની દશામાં રમવું, અતીન્દ્રિય આનંદનો જે અનુભવ થયો છે એમાં રમવું, લીન થવું, ચરવું, આનંદની મોજ ઉડાવવી એનું નામ પ્રતિક્રમણ છે. રાગનું દુઃખ દૂર કરી, રાગ અને પુણ્ય-પાપનો વિકલ્પ તે દુઃખ છે, એ દુઃખથી ખસીને પોતાના સ્વભાવમાં સુખ છે એવી દૃષ્ટિ તો થઈ છે, પણ હવે એ પુણ્ય-પાપના આસક્તિની વૃત્તિ હતી એનાથી ખસીને સ્વરૂપના આનંદમાં રહેવું એનું નામ પ્રતિક્રમણ અને ધર્મ કહેવામાં આવે છે. કહો, પોપટભાઈ! આહાહા..!

'**હે યતિ! જે (ચિત્ત)...**' (અર્થાત્) મન '**ભવભ્રમણનું કારણ છે...**' આહાહા..! સમકિતીને પણ જેટલો શુભરાગ આવે છે એ સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ? તો '**જે (ચિત્ત)...**' શુભરાગમાં (અર્થાત્) ભવભ્રમણના કારણમાં રહેતું હતું. આહાહા..! સમજાણું કાંઈ? '**જે (ચિત્ત) ભવભ્રમણનું કારણ છે...**' આહાહા..! શુભભાવમાં જે ચિત્ત રોકાય છે એ ભવભ્રમણનું કારણ છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને પણ હોં! શુભરાગ છેને? તો કહે છે... '**અને વારંવાર કામબાણના અગ્નિથી દગ્ધ છે—**' આહાહા..! અસ્થિરતામાં જે વિષયોની અનુકૂળતામાં ... થઈ જવું, ઉલ્લસિત પર્યાય થવી, શરીર સુંદર, પૈસા, લક્ષ્મી, આબરૂ, ભોગ એમાં .. હરખ થવો એ ચિત્ત કામબાણથી દગ્ધ છે. આહાહા..! જ્ઞાનીને પણ અસ્થિરતા છેને. આહાહા..! દૃષ્ટિમાં આનંદસ્વરૂપનું ભાન તો થયું છે એ ઉપરાંત જે રાગથી ચિત્ત દગ્ધ થઈ જાય છે. આહાહા..!

ચિત્તમાં શુભ-અશુભ (રાગ ઉત્પન્ન થાય છે). એ કહ્યુંને 'રાગ આગ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' છ ઢાળામાં આવે છે. રાગ દાહ દહે સદા, રાગ આગ દહે સદા. આહાહા..! એ શુભરાગ એ પણ દાહ અગ્નિ છે. આહાહા..! ચિત્ત રાગની અગ્નિથી દગ્ધ થાય છે. આહાહા..! પોતાના આનંદની શાંતિ એમાં બળે છે. સમજાણું કાંઈ? આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ અને રાગ એ પણ ચિત્તમાં શાંતિને બાળે છે. આહાહા..! પોપટભાઈ! તો પછી આ છોકરા અને બાયડીનો જે રાગ ઉઠે એની તો શું વાત કરવી? એમ કહે છે. આહાહા..! ધંધા ને... આહાહા..! અગ્નિ, કષાયની અગ્નિ ઉઠે છે. અહીં તો મુનિને તો શુભરાગ થાય છે. આહાહા..!

અશુભ તો મુનિને હોતો જ નથી. સમજાણું કાંઈ? એ શુભરાગથી તારું ચિત્ત દગ્ધ થાય છે. આહાહા..! એ ચિત્તમાં શુભભાવ (થાય) એ ભવભ્રમણનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**હે યતિ!**' મુનિ, સ્વરૂપની યતના કરનાર. ભગવાન આનંદસ્વરૂપ એની યતિ નામ યતના, જતના કરનારા, પોતાના આનંદની રક્ષા કરનારા. આહાહા..! એવા '**હે યતિ! જે (ચિત્ત) ભવભ્રમણનું કારણ છે...**' આહાહા..! એ શુભ વિકલ્પ ઉઠે છે... આહાહા..! એ ભવભ્રમણનું સંસારનું કારણ છે. આહાહા..! છઠ્ઠે ગુણસ્થાને... સમયસાર નાટકમાં આવ્યું છે, જે કાંઈ શુભરાગ છે એ જગપંથ છે. જગપંથ મોક્ષ અધિકારમાં આવ્યું છેને? નહિ? મોક્ષ અધિકારમાં. આમાં છે ક્યાંક. કેટલામું છે? મોક્ષ અધિકાર. ૪૦ છેને. 'તા કારણ જગપંથ ઈત' આહાહા..! જે કાંઈ શુભરાગ છે એ જગપંથ છે. 'ઉત શિવમારગ જોર' અંતરમાં શિવમાર્ગનું બળ છે, અંતરમાં જાવું. રાગ છે એ સમકિતીને પણ, અહીં તો મુનિને લીધા છે, મુનિને પણ જે રાગ આવે છે એ સંસાર ભ્રમણનો ઉપાય જગપંથ છેને? એ અહીં આવ્યું છે. અહીં પણ એ લીધું છે. 'તા કારણ જગપંથ ઈત' 'એટલે પ્રમાદ સંસારનું કારણ છે.' મુનિને પણ જે છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદ આવે છે જરી રાગ પંચમહાવ્રતાદિ એ બધું પ્રમાદ શલ્ય છે. આહાહા..! એ સંસારનું કારણ છે. અને અનુભવ મોક્ષનું કારણ છે. આત્માની અનુભૂતિ અંદર કરવી. આહાહા..! 'અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ હૈ રસકૂંપ. અનુભવ રત્નચિંતામણિ અનુભવ હૈ રસકૂંપ, અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.' આહાહા..! કેટલી વાત કરે છે જુઓને. આ મુનિને (કહે છે). 'સંસાર તરફ દેખે છે.' પ્રમાદી જીવ સંસાર તરફ દેખે છે. ઓહોહો..! અપ્રમાદી જીવ મોક્ષ તરફ અંદર જોવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ, એ શબ્દ અહીંયાં છે.

'**હે યતિ!**' તને જે શુભરાગ આદિ આવે છે એ ભવભ્રમણનું કારણ છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ મુનિને કહે છે અહીંયાં. (એમને) અશુભ તો છે નહિ. આહાહા..! એ ચિત્ત છે મન શુભરાગવાળું એ જગપંથ છે. સંસારમાં ભ્રમણ કરનારું ભવનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! તો કહે છે '**અને વારંવાર કામબાણની અગ્નિથી દગ્ધ છે—**' આહાહા..! કાંઈપણ એવા વિકલ્પ ઉઠે છે અનુકૂળ બાહ્ય સ્ત્રીનું શરીર દેખીને, લક્ષ્મીની અનુકૂળતા દેખીને ચિત્તમાં કાંઈ વિકલ્પ આવે છે એ કામબાણથી ચિત્ત દગ્ધ-બળી ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? મુનિરાજ કહે છે હોં! અમારા ચિત્તમાં પર તરફની .. આવી જાય, ઉલ્લાસ આવે એ ચિત્તનું દગ્ધ, ચિત્તનું બળવું થાય છે. આહાહા..! આનંદમૂર્તિ ભગવાન એની શાંતિ શુભથી દાઝે છે.

એમાં આવ્યું હતુંને દાન અધિકારમાં. દાન અધિકાર છેને, પદ્મનંદિ પંચવિંશતિ. દાન અધિકાર. ... દાન છે. આપણે વાંચ્યું છે. એમાં આવ્યું છે કે તારા પુણ્યથી તને જે લક્ષ્મી મળી એ તારી શાંતિ પૂર્વે શુભભાવમાં દાઝી હતી. દાઝી સમજ્યા? જલી થી. જેમ વાસણમાં

ખીચડી કે ચોખા હોય છેને વાસણમાં? બળી જાય છે. શું કહે છે? ખુરજન. એને ખુરજન કહે છે. એમ ત્યાં લીધું છે. પ્રભુ! તને જે લક્ષ્મી મળી છે એ તારા શુભભાવથી પુણ્ય બંધાણું. શુભભાવ તો ખુરજન છે. આહાહા..! એય..! શેઠ! પૈસા-બૈસા મળ્યા એ ખુરજન-પાપ બળી ગયા એના મળ્યા છે એમ કહે છે.

**શ્રોતા :-** અમારે માટે કે બધાને માટે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ મોટા હોય એને કહેવાય. લક્ષ્મીમાં વધારે તો તમે છો અત્યારે. પોપટભાઈ! બીજા બેઠા ત્યાં. પહેલા મોટાનું નામ લેવાયને. લાગુ તો બધાને પડે છે. આહાહા..!

અહીંયાં તો આચાર્ય મહારાજ મુનિરાજ પોતે પદ્મપ્રભમલધારિ મુનિ છે આ. એ કહે છે,.. પોતાને કહે છે અને યતિને કહે છે. આહાહા..! લખવાનો વિકલ્પ ઉઠે છેને? લખવાનો વિકલ્પ છેને? ચિત્તમાં શાંતિ બળે છે. આહાહા..! લખવાનો વિકલ્પ છે એ રાગ છે. 'રાગ આગ દહે સદા' શાંતિને બાળે છે રાગ. આહાહા..!

**'એવા કષાયક્લેશથી રંગાયેલા ચિત્તને...'** આહાહા..! એ કષાયનો રંગ જે ચિત્ત ઉપર લાગ્યો છે એને **'તું અત્યંત છોડ;...'** આહાહા..! પ્રતિક્રમણ છેને? અંતર આનંદમાં આવી જા. આહાહા..! જુઓ, આ મુનિપણું, આ ચારિત્ર ધર્મ. બાપુ! એ તો અલૌકિક વાત છે! સમ્યગ્દર્શન જ કોઈ અલૌકિક ચીજ છે, એમાં ચારિત્રની વાત શું કરવી! એ તો મહા અનંત પુરુષાર્થ છે. અંતર આનંદસહિતમાં રમવું. તો કહે છે કે હે જીવ! તું એ મલિન ચિત્તને અત્યંત છોડ. આહાહા..! શું કહે છે? **'જે વિધિવશાત્...'** રાગને વશ થઈને **'અપ્રાપ્ત છે એવા નિર્મળ સ્વભાવનિયત સુખને તું પ્રબળ સંસારની ભીતિથી ડરીને ભજ.'** આહાહા..! શું કહે છે? રાગને તાબે થઈને અપ્રાપ્ત જે સ્વભાવનું સુખ છે એ અપ્રાપ્ત છે એમાં. રાગને તાબે થઈ જાય છે તો સ્વભાવની શાંતિ એમાં પ્રાપ્ત નથી. તો સ્વભાવની શાંતિ છેને? સ્વભાવમાં નિશ્ચિત રહ્યો થકો, સ્વભાવમાં નિયમથી રહ્યો થકો એ સુખને તું (ભજ). આહાહા..! રાગને તાબે થવાથી નિર્મળ સ્વભાવ નિયત સુખને તું પામતો નથી. આહાહા..! જેટલો રાગ છે એને તાબે થઈને વિધિવશાત્. વિધિ નામ કર્મ-રાગ એને વશ થઈને અપ્રાપ્ત છે, જે આત્માના આનંદની પ્રાપ્તિ નથી. દર્શન અને જ્ઞાન એટલી પ્રાપ્તિ છે, પણ જેટલો રાગને તાબે થાય છે એટલી શાંતિની અપ્રાપ્તિ છે. **'એવા નિર્મળ સ્વભાવનિયત...'** આહાહા..! સ્વભાવમાં નિયત ત્રિકાળ સ્વભાવ જે છે એમાં નિયત રહ્યા થકા સુખ આનંદ. આહાહા..! એને પ્રબળ સંસારની ભીતીથી. સંસારના ભયથી શુભરાગ સંસાર છે એનો ડર લાગે. એનાથી ડરીને ભજ-ભગવાનને આનંદને ભજ. આહાહા..! લ્યો, આ મોટા દિવસે (આ વિષય આવ્યો). આજે તો ચૌદશ છે-અનંત ચતુર્દશી. આહાહા..!

અનંત સુખસ્વરૂપ ભગવાન દૃષ્ટિમાં, જ્ઞાનમાં, સ્થિરતામાં થોડો આનંદ આવ્યો છે, પણ જેટલો રાગને તાબે થઈ જાય છે એમાં સ્વભાવમાં નિયત સુખ છે એનાથી દૂર છે. આહાહા..!

સમજાણું કાંઈ? તો કહે છે, એને છોડ અને રાગવશે જે અપ્રાપ્ત છે એને પ્રાપ્ત કર. આહાહા..! સમજાણું કાંઈ? શુભરાગમાં આનંદ અપ્રાપ્ત છે. તો એ અપ્રાપ્ત છે એને છોડી દે. આહાહા..! અને નિર્મળ સ્વભાવ નિયત. ભગવાન આત્મામાં સુખ જે પૂર્ણાનંદ રહ્યું છે, નીચે છે, સ્વભાવમાં નિશ્ચિત રહ્યું થકું, સ્વભાવમાં નિયમથી રહ્યું થકું, ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ નિશ્ચયથી રહ્યો છે. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ છે. આત્મા સત્ શાશ્વત ચિદ્ અને આનંદથી ભરપૂર ભરેલો છે અંદરમાં. આહાહા..! સમજાણું કાંઈ? એ નિશ્ચયથી રહ્યો છે. ત્રિકાળ આનંદ અંદરમાં રહેલો છે. આહાહા..!

'**સંસારની ભીતિથી ડરીને...**' ભાવ આવે છે શુભરાગ એ સંસાર છે. અરે..! એનાથી ભવ થશે. તો એનાથી ડરીને સ્વભાવમાં નિયત સુખને ભજ. અંદર આનંદસ્વરૂપ છે એની ભક્તિ કર, એમાં એકાગ્ર થા. આહાહા..! વાત ભારે ભાઈ! વીતરાગની વાત એવી સૂક્ષ્મ છે (કે) સાધારણ પ્રાણીને તો એવું લાગે આ શું કહે છે? આહાહા..! અજ્ઞાનીને તો એવું લાગે, પાગલ જેવું લાગે.

**શ્રોતા :-** મુનિરાજનાં આ સિદ્ધાંત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રણકાળમાં ફરે નહિ. આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી ચીજ છે. આહાહા..! એ સર્વજ્ઞથી સિદ્ધ થઈ એ આત્માના આનંદમાં સિદ્ધ થવા માટે રમે છે. આહાહા..! આ પ્રતિક્રમણ. રાગને તાબે થઈને જે આનંદની પ્રાપ્તિ નથી એને છોડીને આનંદને ભજ, અતીન્દ્રિય આનંદને ભજ. આહાહા..! અતીન્દ્રિય આનંદનો અનુભવ કર. સમજાણું કાંઈ? આનું નામ પ્રતિક્રમણ અને આનું નામ ધર્મ છે. આહાહા..! ભારે વાત આ! એ ૧૧૭ કળશ થયો. હવે ૮૮ ગાથા.

**चत्ता अगुत्तिभावं तिगुत्तिगुत्तो हवेइ जो साहू।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८८।।**

**જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૮.**

'**ટીકા :- ત્રિગુપ્તિગુપ્તપણું...**' આહાહા..! મન, વચન અને કાયાના શુભભાવથી પણ રહિત થઈને. આહાહા..! એ ગુપ્તપણું. વ્યવહારગુપ્તિ તો અશુભથી છોડીને શુભમાં આવવું એ વ્યવહારગુપ્તિ અને નિશ્ચયગુપ્તિ શુભ-અશુભભાવને છોડીને સ્વરૂપમાં રહેવું એ નિશ્ચયગુપ્તિ. આહાહા..! સમજાણું કાંઈ? '**ત્રિગુપ્તિગુપ્તપણું (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું)...**' અંદરમાં ઘુસી જા. મન, વચન અને કાયાનું શુભભાવનું વલણ છે એને છોડીને સ્વરૂપમાં આનંદની ત્રણ ગુપ્તિમાં જા. આહાહા..! એમાં રહે. '**જેનું લક્ષણ છે.**' '**(-ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું) જેનું લક્ષણ છે એવા પરમતપોધનને...**' પરમતપોધન-તપ જેનું ધન છે. આહાહા..! અતીન્દ્રિય આનંદની તપસ્યારૂપી જેને લક્ષ્મી છે. આ લક્ષ્મી છે. આ ધૂળની લક્ષ્મી તો દુઃખનું નિમિત્ત

છે, દુઃખનું નિમિત્ત છે.

**શ્રોતા :-** તો શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રુચિ-દૃષ્ટિ છોડવી. એની રુચિ છોડવી કે આ મારી ચીજ નથી. લક્ષ્મી મારી નથી, શરીર મારું નથી, કર્મ મારા નથી. આહાહા..! એ સમ્યગ્દર્શન પામવા માટે પહેલા એની દૃષ્ટિ છોડવી. આહાહા..! પોતાના દ્રવ્ય, ગુણ અને એની નિર્મળ પર્યાય સિવાય જે પરદ્રવ્ય છે એ બધા મારા છે, કોઈપણ રજકણ (મારો છે એમ માને છે) એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? તો પહેલા એ પર મારું એવી દૃષ્ટિ છોડ અને હું આનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિ કર. આહાહા..! સમજાણું કાંઈ? પછી જે શુભભાવ આદિ થાય છે એને છોડીને, મન, વચન, કાયાનો વિકલ્પ છોડીને અંદરમાં ગુપ્ત થઈ જા. એ પ્રતિક્રમણ અને નિશ્ચયચારિત્ર છે. આહાહા..! પણ હજી જેને ખબર નથી કે શું છે? એ ક્યાં જાય અને ક્યાં રહે? શેમાંથી ખસે અને શેમાં રહે? આહાહા..! પરથી ખસ, અંદરમાં વસ, એ ટૂંકુ ટચ. સમજાણું કાંઈ? ત્રણ શબ્દ. વિકલ્પથી ખસ. ખસ કહે છેને? ખસ એટલે હટવું. વિકલ્પથી ખસવું, નિર્વિકલ્પમાં વસ. એમાં વસ. એ ટૂંકું ટચ. આહાહા..!

એક હતા ક્ષુલ્લક, આવતા બિચારા ભોળા હતા. શું નામ હતું? એક ક્ષુલ્લક નહોતા? આદિસાગર. આવતા બિચારા અહીંયાં. પછી આ સાંભળે. એને પ્રેમ. વસ્તુ તો ... તો એણે આ શબ્દ ટૂંકોટચ કર્યો હતો. એણે આ કર્યું હતું. સાધારણ ગામડામાં જાયને તો વ્યાખ્યાન અહીંના આપે. અહીંનું વાંચીને. પછી ટૂંકું કહે એને કે જો ભાઈ! પરથી ખસ, અંદરમાં વસ, ટૂંકું ટચ. વિકલ્પ આદિથી ખસ. ખસ નામ હટ. એ પ્રતિક્રમણ થયું. અને અંદરમાં વસ. આનંદમાં વસ એ ટૂંકું ટચ ભગવાનનું કહેવું છે. શેઠ! આહાહા..! ત્રણ શબ્દમાં કહ્યું સ્વરૂપચંદજી! એય..! ધીરૂભાઈ! આ પરની ઉપાધિ બધી તમારા ધંધામાં કરે છેને. રાગથી ખસ, અંતરમાં વસ, ટૂંકુ ટચ. આહાહા..! કહો, આ તો સમજાય એવી ભાષા છે.

એ અહીં કહે છે કે '**ત્રિગુપ્તિગુપ્તપણું જેનું લક્ષણ છે એવા પરમતપોધનને નિશ્ચયચારિત્ર હોવાનું આ કથન છે.**' સાચું ચારિત્ર-સ્વરૂપમાં રમણતા કરવી એ ચારિત્રનું અહીંયાં કથન છે. એ ચારિત્ર એ ધર્મ છે અને ચારિત્ર એ પરથી ખસવું એ પ્રતિક્રમણ છે. આહાહા..! શુભ-અશુભભાવ બેયથી ખસવું હોં! આહાહા..! '**પરમતપશ્ચરણરૂપી...**' હવે કહે છે જુઓ. બહુ અલૌકિક વાત છે. મુનિરાજ કેવા છે? ચારિત્રવંત ધર્માત્મા રાગથી ખસીને સ્વરૂપમાં રમનારા '**પરમતપશ્ચરણરૂપી સરોવરના કમળસમૂહ માટે...** ' આહાહા..! પરમતપશ્ચરણ નામ મુનિપણાની દશા, દીક્ષાની દશા. દીક્ષાને તપ કહે છેને? તપકલ્યાણક કહે છેને? દીક્ષાને તપકલ્યાણક કહે છે. એ તપકલ્યાણક ચારિત્રની રમણતા એવી જે તપકલ્યાણક વસ્તુ. આહાહા..!

'**પરમતપશ્ચરણરૂપી સરોવરના કમળસમૂહ માટે પ્રચંડ સૂર્ય સમાન...**' જેમ સૂર્ય ઉગે અને કમળ ખીલે છે. આહાહા..! સૂર્ય સવારે ઉગે છેને? તો કમળ ખીલે છે. એમ

મુનિરાજ પરમતપશ્ચરણ આનંદરૂપી દશાના સરોવરમાં કમળસમૂહ-કમળનો પૂંજ એના પ્રચંડ સૂર્ય સમાન મુનિરાજ છે. આહાહા..! વીતરાગી પર્યાયમાં લીન (છે) તપસ્યારૂપી સરોવરમાં. જેમ સૂર્ય સાથે કમળસમૂહ ખીલે છે, એમ પોતાની પર્યાય ખીલે છે. આહાહા..! કળી હોય છેને કળી? આ કળી નહિ? શું કહેવાય આ? કમળની કળી. એ કળી ખીલે છે. પાંખડી આમ-આમ. એ સૂર્યના નિમિત્તથી ખીલે છે. એમ મુનિરાજ પોતાનું આનંદરૂપી સરોવર આહાહા..! એનું કમળ એને ખીલવામાં પ્રચંડ સૂર્ય સમાન છે. આહાહા..! આનંદની મોજ અંદર ખીલે છે. કમળ જેમ ખીલે છે એમ મુનિરાજની આનંદદશા ખીલી જાય છે. સંકોચમાં જે આનંદ પડ્યો છે આહાહા..! એમ અંતર રમણતાથી એ આનંદની કળી ખીલી જાય છે. આહાહા..! જુઓ, પર્યાય ખીલે છે એમ કહે છે. દ્રવ્યમાં તો (આનંદ) પડ્યો છે, પણ દ્રવ્યમાં એકાકાર થઈને પર્યાય ખીલે છે. એનું નામ ચારિત્ર અને એનું નામ ધર્મ અને એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

'**પરમતપશ્ચરણરૂપી સરોવરના કમળસમૂહ માટે પ્રચંડ સૂર્ય સમાન...**' આહાહા..! '**એવા જે અતિ-આસન્નભવ્ય મુનીશ્વર...**' ઓહોહો..! જેનો મોક્ષ નજીક છે, જેના સંસારનો અંત હવે નજીક છે. આહાહા..! છે? '**એવા જે અતિ-આસન્નભવ્ય...**' ભવ્યતાની નિકટતા, મોક્ષ થવાની નિકટતા જેને છે. આહાહા..! જુઓ, આ પંચમ આરાના મુનિ કહે છે. એવા '**મુનિશ્વર બાહ્ય પ્રપંચરૂપ અગુપ્તિભાવને તજીને,...**' આહાહા..! એ વિકલ્પમાત્ર છે પંચમહાવ્રતનો કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો એ બધો પ્રપંચ (છે). આહાહા..! બાહ્યપ્રપંચ, બાહ્યનો વિસ્તાર તે અગુપ્તિરૂપ છે. એ અગુપ્તિ છે એને છોડ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! સમ્યગ્દર્શનપૂર્વક આનંદનો અનુભવ થયો એ ઉપરાંત જે શુભરાગ અગુપ્તભાવ છે, પરમાં લક્ષ જાય છે એને છોડ. આહાહા..!

'**બાહ્યપ્રપંચરૂપ અગુપ્તિભાવ...**' ઓહોહો..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય, વાંચન, શ્રવણ, મનન એ બધો વિકલ્પ બાહ્યપ્રપંચ છે. બાહ્યનો વિસ્તાર છે એમ કહે છે. એ બાહ્ય વિસ્તાર છે. એને છોડીને સૂર્ય (નિમિત્તે) જેમ કમળ ખીલે છે એમ અંદર આનંદની ખીલવટ થઈને વિસ્તાર થઈ જવો. આહાહા..! એ (રાગના) વિસ્તારને સંકોચીને સ્વભાવનો વિકાસ થવો. આહાહા..! એવી વાત છે. સમજાણું કાંઈ? આસન્નભવ્ય—નિકટ જેનો હવે સંસારનો અંત આવી ગયો છે. આહાહા..! એક, બે ભવમાં જેને મુક્તિ થવાની છે. આહાહા..! '**અતિ-આસન્નભવ્ય...**' આહાહા..! '**મુનીશ્વર...**' કહ્યું હતુંને એકવાર કે જે આત્મા છે એ ત્રિકાળ સંતોને વંદન કરે છે. ત્રિકાળ સાધુને. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. તો ભવિષ્યમાં સાધુ થવાના છે અને આત્મા કેવળજ્ઞાની થવાનો છે એને પણ નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પોતાને કેવળજ્ઞાન રુચે છે એટલે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રુચ્યું છે અને કેવળજ્ઞાન થવાનું છે એને. સમજાણું કાંઈ? આ તો કેવળજ્ઞાન થવાનું જ છે. સમજાણું કાંઈ? અને સાધુપણું ભાવલિંગ જે સાધુ છે એ પણ થવાનું જ છે.

**શ્રોતા :-** એના આનંદની આ રીત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ રીત છે. આહાહા..! એવા ત્રિકાળ સંતો અને ત્રિકાળ સર્વજ્ઞ પરમાત્મા તો એમાં આ પણ આત્મા આવી જાય છે. ભવિષ્યમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનું છે તો એને પણ વંદન (કરે છે). વંદન કરવાનો વિકલ્પ એ પણ અગુપ્તિભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એને પણ છોડ કહે છે. આહાહા..! તારો ભગવાન અંદર પડ્યો છે એમાં જા. સમજાણું કાંઈ? પરમેશ્વરનો ભેટો કર અંદર. સાક્ષાત્ ભગવાન છે એનો સાક્ષાત્કાર કર. આહાહા..! સમજાણું કાંઈ? એનું નામ '**ત્રિગુપ્તિગુપ્ત-નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણથી લક્ષિત...**' જુઓ, આહાહા..! વિકલ્પના ભાવને અગુપ્તિભાવ કહીને છોડ અને ત્રિગુપ્તિગુપ્ત (અર્થાત્) મન-વચન-કાયાના કોઈપણ વિકલ્પથી ખસીને. ત્રિગુપ્તિગુપ્ત નિર્વિકલ્પ પરમસમાધિ. આહાહા..! નિર્વિકલ્પ પરમસમાધિ આનંદની શાંતિ લક્ષણથી લક્ષિત '**અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...**' આહાહા..! આવી પરમ નિર્વિકલ્પ સમાધિથી આત્માને ધ્યાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગથી રહિત અને નિર્વિકલ્પ સમાધિ શાંતિ એનાથી આત્માને ધ્યાવે છે. આહાહા..! ભારે! વ્યવહારના રસીકને તો એવું લાગે કે આ શું? આ વ્યવહાર આચરણ, વ્યવહાર આચરણ... પણ વ્યવહાર આચરણ બધો અગુપ્તિભાવ છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. એને છોડ. આહાહા..!

અને '**નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણથી લક્ષિત...**' જુઓ, ભગવાન આત્મા વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ સમાધિમાં લીન છે એ આત્માને ધ્યાવે છે. નિર્વિકલ્પ સમાધિથી આત્માને ધ્યાવે છે. આહાહા..! બહુ ઊંચી વાત છે. શ્રીમદ્દે કહ્યું છેને, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. શ્વેતાંબરની મોળાશ, ઢીલાપણું બહુ એમાં. આહાહા..! તો એમાં પરમરસ રહ્યો નહિ. વિપરીત થઈ ગયું. દિગંબરના વચનો તીવ્ર. ઓહોહો..! જેમાં શુભભાવ પણ અગુપ્તિભાવ (કહ્યો). અગુપ્તિભાવ છોડીને અંદરમાં ગુપ્ત થઈ જા. આહાહા..! નિર્વિકલ્પ સમાધિથી આત્માનું ધ્યાન કર. સમજાણું કાંઈ? આવી વાતું ભારે, ભાઈ! આ બધા અપવાસ કરે એની હોંશુ ઉડી જાય.

**શ્રોતા :-** ધ્યાન-ધ્યાતા-ધ્યેયનો વિકલ્પ નહીં!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. આહાહા..! પૂર્ણાનંદ પ્રભુ એ મારું ધ્યેય છે, હું ધ્યાતા-ધ્યાન કરનાર છું અને આ ધ્યાન છે એવો પણ ભેદ જ્યાં નથી. એ છ ઢાળામાં આવે છે.

**શ્રોતા :-** ધ્યાન-ધ્યાતા-ધ્યેય ન વિકલ્પ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન વિકલ્પ.. આહાહા..!

કહે છે કે '**ત્રિગુપ્તિગુપ્ત...**' એટલે રાગનું હોવું. એનાથી રહિત. આહાહા..! '**પરમસમાધિલક્ષણથી લક્ષિત...**' પરમસમાધિ. સમાધિ ઓલા બાવા લગાવે એ નહિ હોં! આ તો નિર્વિકલ્પ શાંતિ. આહાહા..! નિર્વિકલ્પ શાંતિ દ્વારા આત્માને ધ્યાવ. એનું નામ ચારિત્ર અને એનું નામ ધર્મ અને એનું નામ પ્રતિક્રમણ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અપૂર્વ આત્માને ધ્યાવે છે,...**' ભાષા શું છે જુઓ, '**પરમસમાધિલક્ષણથી લક્ષિત અતિ-અપૂર્વ આત્માને...**' કદી ધ્યેય બનાવ્યું નહિ અનંતકાળમાં. એવો અપૂર્વ ભગવાન આત્મા. આહાહા..! છેને? '**અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...**' પૂર્વે કદી સ્થિરતાથી આત્માનું ધ્યાન નથી કર્યું. આહાહા..!

'**તે મુનીશ્વર પ્રતિક્રમણમય પરમસંયમી હોવાથી...**' એ વાસ્તવિક પ્રતિક્રમણમય દશા થઈ ગઈ એની. આહાહા..! નિર્વિકલ્પ સમ્યગ્દર્શન તો છે એ ઉપરાંત નિર્વિકલ્પ સ્થિરતા સમાધિ થઈ ગઈ એમ કહે છે. આહાહા..! પ્રતિક્રમણની વ્યાખ્યા છેને? અને આ દસ ધર્મ પણ ચારિત્રના ભેદ છેને? ઉત્તમ ક્ષમા, ઉત્તમ નિર્માનપણું, સરળપણું, શૌચપણું, સત્યપણું એ બધા દસ ચારિત્રના ભેદ છે. સ્વરૂપની રમણતાના એ બધા ભેદ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને આચાર્યોએ દસલક્ષણી પર્વમાં દસ આરાધનનો આ દિવસ સિદ્ધ કર્યો છે. આહાહા..! એમ કેમ ન કહ્યું દસ વચ્ચે? કે સમકિતનું આરાધન .. સમકિત તો છે જ હવે, એને ચારિત્રની આરાધનાની વાત કરે છે. સમજાણું કાંઈ? જેને ભગવાન આત્માની... આહાહા..! શુદ્ધચૈતન્યસ્વભાવની દૃષ્ટિ તો થઈ છે, અનુભવમાં એનું ભાન થયું છે કે આ આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, એ ઉપરાંત ચારિત્રની આરાધનાના દસ દિવસ ગણવામાં આવ્યા છે. આહાહા..! પહેલા એ દસ પ્રકારે ચારિત્ર ભલે ન હોય, પણ દસ પ્રકારની આરાધના આ પ્રકારની છે એનો તો એણે નિર્ણય કરવો પડશે કે નહિ? સમજાણું કાંઈ? આહાહા..!

ભાષા જુઓને, '**પરમસમાધિલક્ષણ...**' ત્રિગુપ્તગુપ્તિ એટલે? નિર્વિકલ્પ પરમસમાધિલક્ષણથી લક્ષિત-જાણવાલાયક એવા '**અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...**' આવા લક્ષણથી એમ. પરમસમાધિ શાંતિ... શાંતિ... શાંતિ... રાગનો વિકલ્પ અશાંતિને છોડીને શાંતિ... શાંતિ... સમાધિથી અતિ-અપૂર્વ. આહાહા..! કદી આવી સમાધિથી આત્માનું ધ્યાન કર્યું નથી, કહે છે. આહાહા..! એવા '**અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...**' આહાહા..! '**તે મુનીશ્વર પ્રતિક્રમણમય પરમસંયમી હોવાથી જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે.**' એ તો ચારિત્રસ્વરૂપ થયા, પર્યાયમાં ચારિત્રમય થઈ ગયા, નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ થઈ ગયા એ તો. આહાહા..! સમજાણું કાંઈ?

'**(હવે, આ ૮૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**' આહાહા..! વસ્તુ છે (અર્થાત્) રાગ છે, મન છે, વાણી છે, દેહ છે એ સિદ્ધ કરે છે, પણ એ ત્રિગુપ્તિથી તો અગુપ્તભાવ છે. આહાહા..! એનાથી ખસીને નિર્વિકલ્પ શાંતિ દ્વારા અતિ અપૂર્વ આત્મા, આવી શાંતિ દ્વારા કદી આત્માનું ધ્યાન કર્યું નથી. આહાહા..!

સમજાણું કાંઈ? એના ધ્યાનથી આત્માનું સેવન કર. નિર્વિકલ્પ સમાધિથી આત્માનું સેવન કર. આહાહા..! આ પડિક્કમણું હવે લ્યો, પોપટભાઈ! અહીં તો સાંજ-સવાર પડિક્કમણા ઘણા કરે સ્થાનકવાસી, દેરાવાસી. ખોટા. આહાહા..! અહીં તો આવ્યું હતુંને કે અન્યદૃષ્ટિની પ્રશંસા અને અન્યદૃષ્ટિનું સ્તવન એ સમકિતી છોડે છે. જે આત્માના સ્વભાવથી વિરુદ્ધ માર્ગ છે એ અન્યદૃષ્ટિ છે. એની વચનથી પ્રશંસા નહિ, મનથી પ્રશંસા નહિ, વચનથી સ્તુતિ નહિ. આહાહા..! આકરું કામ. સમજાણું કાંઈ? આ વીતરાગદર્શન, દિગંબરદર્શનસ્વરૂપ આત્મા એનાથી વિરુદ્ધ માનનારા એ અન્યદૃષ્ટિ છે. મોક્ષમાર્ગમાં આવ્યુંને પાંચમા અધ્યાયમાં કે શ્વેતાંબર, સ્થાનકવાસી એ બધા અન્યમત છે. આહાહા..! દરબાર! શ્વેતાંબરના સાધુ .. સાધુ બોલાવતા હતા એને. બોલાવતા. તમે સાધુ નથીને. દૃષ્ટિ મિથ્યાત્વ છે અને સાધુ ક્યાંથી થયા? આહાહા..! એને કેદિ ખબર છે. ચશ્મા વિના જાણે નહિ, લ્યો એની સાથે ચર્ચા થઈ. લીંબડી આવ્યા અમારી પાસે. ચંદ્રશેખર છે. જીવાભાઈ છેને? કેવા? જીવા પ્રતાપ કરોડપતિ મુંબઈ છે. જીવા પ્રતાપ છે એનો ભત્રીજો છે. દીક્ષા લીધી તો એને એમ થઈ ગયું કે ઓહોહો..! હું સાધુ થયો. અરે! ચર્ચા કરવા આવ્યા હતા. એટલે આમ બોલ્યા કે આપણે વિચાર કરીએ. મેં કીધું ભાઈ અમે કોઈની સાથે વિચાર કરતા નથી. કારણ કે ક્યાં વિચાર મેળ? ઉગમણો-આથમણો ભેદ એની સાથે ચર્ચા શું કરવી? પછી બોલ્યા. એના સંઘના માણસ હતા. જુઓ, આ ચશ્મા હોય તો દેખાય, ચશ્મા વિના દેખાય? મેં કીધું, થઈ ગઈ ચર્ચા. આંખથી જોતો નથી. આત્મા તો પોતાની જ્ઞાનની પર્યાયથી જોવે છે. અરે! શું કરે?

**શ્રોતા :-** એના પેમ્પલેટ બહાર પડ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પડ્યા હતા. પાડે છેને. પુસ્તક મૂક્યું છે. પુસ્તક છાપ્યું છે અહીંથી વિરૂદ્ધનું. મને એમ કહ્યું હતું. મેં વિચારની ના પાડી. અરે..! તમારું આટલું નામ, તમે ના પાડો તો તમારી હીનતા થશે. અમારી હીનતા થવાની નથી કીધું. એને એમ કે અમારી સાથે વાત-ચીત તો કરો તત્ત્વની ચર્ચા (કરો).

**શ્રોતા :-** ચર્ચાથી બી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીને ચર્ચાની ના પાડી તો તમારી હીનતા થશે. આહાહા..! એ છેલ્લે પછી એમ બોલ્યા કે આ ચશ્મા વિના દેખાય? મેં કહ્યું, આવી ગઈ ચર્ચા બધી તારી. જડ જડ છે એનાથી દેખાય! આહાહા..! આંખથી નહિ. આ તો જડ, માટી, ધૂળ છે આ. જ્ઞાનપર્યાય જ્ઞાન છે એનાથી દેખાય છે. આ તો જોડે બીજી ચીજ છે એમાં ક્યાં જ્ઞાન જાણવાની ચીજ છે! ભાઈ! ચાલે છે બધે, અત્યારે નિમિત્તની દૃષ્ટિ એવી ઘુસી ગઈ છે કે પોતાથી થાય છે એ ભૂલીને પરથી થાય છે (એમ માનવા લાગ્યા). આહાહા..!

**શ્રોતા :-** આ માર્ગ સાથે ખોટો માર્ગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; ક્યાંય મળે એવો નથી. આહાહા..!

અહીંયાં કહે છે ૮૮મી ગાથાનો (કળશ).

(हरिणी)

अथ तनुमनोवाचां त्यक्त्वा सदा विकृतिं मुनिः
सहजपरमां गुप्तिं संज्ञानपुंजमयीमिमाम्।
भजतु परमां भव्यः शुद्धात्मभावनया समं
भवति विशदं शीलं तस्य त्रिगुप्तिमयस्य तत्।।११८।।

આહાહા..! '**શ્લોકાર્થ :- મન-વચન-કાયની વિકૃતિને સદા તજીને,...**' આહાહા..! મન સંબંધી વિકલ્પ, કાયા સંબંધી વિકલ્પ કે વચન સંબંધી વિકલ્પ એ વિકૃતિ છે. પરના લક્ષે મન-વાણી-દેહનું લક્ષ કરીને જે રાગ થાય છે એ તો વિકૃતિ છે. આહાહા..! એ '**મન-વચન-કાયની વિકૃતિને સદા તજીને,...**' પરનું લક્ષ છોડી દે. '**ભવ્ય મુનિ સમ્યગ્જ્ઞાનના પુંજમયી...**' આહાહા..! લાયક મુનિ કેવા છે? કે સમ્યગ્જ્ઞાનના પુંજમયી પ્રભુ આત્મા છે. આહાહા..! છે? '**સમ્યગ્જ્ઞાનના પુંજમયી આ સહજ પરમગુપ્તિને શુદ્ધાત્માની ભાવના સહિત...**' આહાહા..! એ પરમગુપ્તિને જ્ઞાનપુંજ કહ્યું. આહાહા..! અંતર જ્ઞાનસ્વરૂપ પુંજ તો છે જ. એ તરફના વલણથી જે જ્ઞાન થયું એ પણ પુંજ છે. આહાહા..! સમ્યગ્જ્ઞાનરૂપી પુંજ છે પર્યાયમાં. આહાહા..! સમજાણું કાંઈ? એ ચારિત્રમાં આવ્યુંને, નહિ? અષ્ટપાહુડમાં. અક્ષય, અમેય એવો શબ્દ છે. પોતાના સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર થયા એ ચારિત્ર અક્ષય છે અને અમેય છે એવો પાઠ છે. અમેય નામ મર્યાદિત દશા નહિ. અમાપ દશા. આહાહા..! ચારિત્રપાહુડમાં છે. એ અહીંયા કહે છે.

કહે છે એ '**સમ્યગ્જ્ઞાનના પુંજમયી આ સહજ પરમગુપ્તિને...**' આહાહા..! સમજાણું કાંઈ? રાગથી ખસીને ભગવાન આત્માનું લક્ષ કરીને જે સમ્યગ્જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ કેવી છે? કે સમ્યગ્જ્ઞાનના પુંજમયી પ્રભુ. આહાહા..! પર્યાય હોં એ. આહાહા..! સમ્યગ્જ્ઞાનનો પુંજ પ્રભુ છે. એના આશ્રયે સમ્યગ્જ્ઞાનની પર્યાય પુંજ જ્ઞાન પ્રગટ થયું. સમ્યગ્જ્ઞાનરૂપી પુંજ પ્રગટ થયો. આહાહા..! એ પર્યાય અક્ષય છે અને અમેય છે, જેની મર્યાદા નથી. આહાહા..! અમર્યાદિત જ્ઞાન, આનંદ આદિનો સ્વભાવ જે વસ્તુ છે એના આશ્રયે અમેય અને અક્ષય આનંદ અને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! એ પર્યાય ક્ષય નથી થતી અને એ પર્યાયનું માપ નથી હોતું. અમેય પર્યાય છે. આહાહા..! કેમકે ભગવાન આત્મા અમેય અને અક્ષય છે. મર્યાદારહિત અમેય સ્વરૂપ (છે) એનું. અમાપ જ્ઞાન, અમાપ દર્શન જેનું માપ નહિ. અનંત-અનંત અમાપ આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવો જે ભગવાન, એ અપ્પા સો પરમ અપ્પા ભગવાન... આહાહા..! એનો આશ્રય લઈને, ધ્યેય બનાવીને જે પર્યાય ઉત્પન્ન થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ અક્ષય અને અમેય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'સમ્યગ્જ્ઞાનના પુંજમયી...'** આહાહા..! રાગનો વિકલ્પ હતો એને છોડીને સમ્યગ્જ્ઞાન પુંજમયી સમાધિ (પ્રગટ થઈ). આહાહા..! જ્ઞાનનું કિરણ ફૂટ્યું. સ્વરૂપ જ્ઞાનમય છે એમાંથી કિરણ નીકળ્યું, પણ એ કિરણ પુંજ છે જ્ઞાનનો. આહાહા..! પુંજ છે. સમ્યગ્જ્ઞાન છેને. જ્ઞાન પર્યાય છે. ઓહોહો..! શું વચનો! સંતોની વાણી તો જુઓ, રાણબાણ છે!! આહાહા..! કદી એણે સાંભળ્યું નથી. ત્રણ—મન, વચન અને કાયા એ તરફનો વિકલ્પ જે છે એને સદા છોડીને, નિરંતર છોડીને. સદા છોડીને. અહીંયાં **'ભવ્ય મુનિ...'** આહાહા..! જે ભવ્ય લાયક મુનિ છે એ **'સમ્યગ્જ્ઞાનના પુંજમયી...'** ત્રિકાળી જ્ઞાયકનો આશ્રય લઈને જે સમ્યગ્જ્ઞાન થયું એ સમ્યગ્જ્ઞાનનો પુંજ છે પર્યાય. એ **'સહજ પરમગુપ્તિને...'** સ્વાભાવિક પરમગુપ્તિને, વીતરાગી પર્યાય નિર્વિકલ્પ. **'સહજ પરમગુપ્તિને શુદ્ધાત્માની ભાવનાસહિત...'** આહાહા..! ત્રિકાળ શુદ્ધાત્મા ભગવાન પરમપારિણામિકભાવ એની ભાવના નામ એની એકાગ્રતા. પરમપારિણામિકસ્વભાવ ધ્રુવસ્વભાવ એની ભાવના નામ પર્યાય. આહાહા..! ભાવની ભાવના. ત્રિકાળ ભાવ ભગવાન એની ભાવના. આહાહા..! શું વાણી! આહાહા..!

**'સહજ પરમગુપ્તિને...'** પર્યાયની વાત છે હોં ઈ. સ્વભાવિક પરમગુપ્તિને **'શુદ્ધાત્માની ભાવનાસહિત...'** આહાહા..! ત્રિકાળ શુદ્ધાત્માની એકાગ્રતાસહિત **'ઉત્કૃષ્ટપણે ભજો.'** આહાહા..! ચારિત્રની વાત છેને. નિશ્ચયપ્રતિક્રમણ ઉત્કૃષ્ટ થયું. સમ્યગ્દર્શનમાં આત્માનું ભજન છે, પણ આ તો ચારિત્રસહિતનું ભજન ઉત્કૃષ્ટ ભજન છે. હુકમ કર્યો કે આમ કરો. ભગવાન! તારે આમ કરવું પડશે, એ વિના કામ નહિ ચાલે. આહાહા..! બહારથી તારે વિકલ્પને સંકેલવા પડશે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર આચારણના, ફાચરણના જેટલા વિકલ્પ છે એ બાહ્ય અગુપ્તિ-પ્રપંચ છે. આહાહા..! છોડ એને. આહાહા..!

શુદ્ધાત્મા જે ધ્રુવ સવારે કહ્યું હતુંને? એ શુદ્ધાત્મા ધ્રુવ એની ભાવના, એની એકાગ્રતાસહિત પરમગુપ્તિનો ભાવ ઉત્કૃષ્ટપણે ભજો. આહાહા..! સમ્યગ્દર્શનમાં આત્માનું ભજન-સેવન તો છે પણ ચારિત્રમાં તો ઉત્કૃષ્ટ ભજન છે. સમજાણું કાંઈ? ભક્તિ અધિકાર છેને એમાં નિયમસારમાં. ત્યાં તો શ્રાવક અને મુનિ બેયને નિશ્ચયભક્તિ કહી છે. આગળ છે ભક્તિ અધિકારમાં. શ્રાવક અને મુનિ બેયને ત્રિગુપ્તિ નિશ્ચયભજન-ભક્તિ કહી છે. બેયને હોં. વ્યવહારની વાત ત્યાં નથી. ભક્તિ છેને ભક્તિ? **'सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो।'** છે? ૧૩૪ ગાથા. એ આ સાધુને માટે એક નહિ, પણ શ્રાવકને માટે પણ આ છે. જુઓ, **'सम्मत्तणाणचरणे'** સમ્યગ્જ્ઞાન ચરણને વિષે **'जो भत्तिं कुणइ'** અંદર એકાગ્રતા ભક્તિ, ભજન કરે છે શ્રાવક અને શ્રમણો. શ્રાવક પણ કરે છે પંચમ ગુણસ્થાનવાળા અને મુનિ પણ કરે છે. આહાહા..! છે? શ્રાવક અને શ્રમણ જુઓ, અન્વયાર્થ છેને એનો? નીચે અન્વયાર્થ છે. **'જે શ્રાવક અથવા શ્રમણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ભક્તિ કરે છે,...'** ભજન કરે છે, ભગવાનનું ભજન કરે છે એ ત્રિલોકનાથનું. શ્રાવક હોય કે મુનિ હોય. કેટલાક કહે

છેને શ્રાવકને આવું ન હોય, નિર્વિકલ્પદશા ન હોય, ફલાણું ન હોય. એ મુનિને જ હોય. અરે! સાંભળતો ખરો, ભાઈ! એ તો મુનિની જે નિર્વિકલ્પ સાતમા ગુણસ્થાનની દશા (હોય) એવી શ્રાવકને ન હોય. એવું ઘણે ઠેકાણે આવેને, શ્રાવકના શુદ્ધોપયોગનું ક્યાં ઠેકાણું છે? એ તો મુનિપણાનો જે શુદ્ધોપયોગ એની વાત છે. પણ અહીં તો કહ્યું કે શ્રાવક હોય પંચમ ગુણસ્થાનવાળા કે મુનિ હોય છઠ્ઠાવાળા, એ બેયને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રની ભક્તિ કરો. કરે છે. આહાહા..! પંચમ ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિ શ્રાવક એ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ, ભજન કરે છે. છે?

**'તેને નિર્વૃત્તિભક્તિ (નિર્વાણની ભક્તિ) છે...'** જુઓ, એ મોક્ષની ભક્તિ છે. નિર્વાણની ભક્તિ છે. આહાહા..! એ ભક્તિ નિર્વાણનું કારણ છે. શ્રાવકને પણ પોતાના આનંદસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની ભક્તિ કરો. આહાહા..! મુનિને વિશેષ સ્થિરતા હોય છે. અહીંયા થોડી છે, પણ છે તો ત્રણેની ભક્તિ. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણેની શ્રાવક અને મુનિ ભક્તિ કરે છે. એટલે કે ત્રણેમાં એકાગ્ર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? શ્રાવક પણ ચારિત્રમાં એકાગ્ર થાય છે એમ કહે છે. એટલી દશા પ્રમાણે. સ્વરૂપાચરણ ચારિત્રનો અંશ તો ચોથેથી છે. સમ્યગ્દૃષ્ટિને પણ સ્વરૂપ આચરણનું ચારિત્ર તો ચોથેથી છે. પાંચમામાં વિશેષ બે કષાયનો અભાવ થયો છે. સ્વરૂપના ચારિત્ર ઉપરાંત શાંતિ, સ્થિરતા વિશેષ છે. મુનિ જેટલી સ્થિરતા-શાંતિ નથી, પણ છે શાંતિ ત્યાં. આહાહા..! આવા શાંતિ, દર્શન, જ્ઞાન અને શાંતિનું ભજન-ભક્તિ કરો. આહાહા..! અરે પ્રભુ! શ્રાવકને ત્રણ તો પૂરા ન હોય. તમે તો કહો છો મોક્ષનો માર્ગ ત્રણ તો છઠ્ઠે ગુણસ્થાને પૂરો થાય છે. સાંભળતો ખરો. એનો અંશ ચારિત્રનો તો પાંચમું ગુણસ્થાનમાં હોય છે. એકદેશ. આહાહા..!

અરે! શ્રાવક કોને કહીએ, બાપુ! એ કાંઈ આ વાડામાં પડ્યા એ શ્રાવક છે? અંતર ભગવાનઆત્મા પૂર્ણાનંદનું શ્રવણ કર્યું, વિવેક પરથી ભિન્ન કર્યો અને સ્થિરતા કરી એનું નામ શ્રાવક છે. શ્રાવક છેને? વસ્તુનું શ્રવણ યથાર્થ કર્યું રુચિથી અને વિવેક કર્યો, રાગથી ભિન્ન કર્યો, પછી ક-સ્વરૂપમાં સ્થિરતાની ક્રિયા કરી એ શ્રાવક છે. સમજાણું કાંઈ? આહાહા..! લોકો એવું કહે કે આ તો બધું નિશ્ચય (છે), પણ એ નિશ્ચય જ વસ્તુ છે. વસ્તુ-બસ્તુ કોઈ સાધન વ્યવહાર છે નહિ. વ્યવહાર સાધન છે જ નહિ. તો સાધન કહ્યું છેને? એ તો એ વખતે રાગની મંદતા શું હોય છે એનું જ્ઞાન કરાવવા માટે સાધન કહ્યું છે. સાધન-ફાધન છે નહિ. જે જે જ્યાં સાધન (કહ્યું) તે તે ત્યાં બાધક છે. સમયસારમાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એમ જિનોએ કહ્યું છે.'** જોયું, એવું **'जिनैः प्रज्ञप्तम्' 'जिणेही पण्णत्तं'** સર્વજ્ઞ ભગવાને આમ કહ્યું છે કે શ્રાવક અને મુનિ બેયને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની ભક્તિ બેયને હોય છે, એમ જિનેશ્વર ભગવાને કહ્યું છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. ઉત્કૃષ્ટપણે

'ત્રિગુપ્તિમય એવા તે મુનિનું તે ચારિત્ર નિર્મળ છે.' આહાહા..! વિકલ્પથી ખસીને નિર્વિકલ્પ સમાધિથી સમ્યગ્જ્ઞાનના પુંજથી આત્માને ધ્યાવે છે એ મુનિ ચારિત્ર એનું નિર્મળ છે. વીતરાગતા જેની પ્રગટ નિર્મળ છે એને નિશ્ચયપ્રતિક્રમણ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**ભાદરવા સુદ-૧૫, શનિવાર, તા. ૨૦-૦૯-૧૯૭૫,**
**ગાથા-૮૯, કળશ-૧૧૯, પ્રવચન નં. ૪૦**

૮૯ ગાથા, નિયમસાર, પરમાર્થ-પ્રતિક્રમણ (અધિકાર).

मोत्तुण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा।
सो पडिकमणं उच्चइ जिणवरणिद्दिट्ठसुत्तेसु।।८९।।

**તજી આર્ત તેમજ રૌદ્રને, ધ્યાવે, ધરમને, શુક્લને,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯.**

'**ટીકા :- આ, ધ્યાનના ભેદોના સ્વરૂપનું કથન છે.**' આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. એ ચાર ભેદનું કથન છે. '(૧) **સ્વદેશના ત્યાગથી,...**' પોતાનો દેશ છૂટે અને બીજે જાવું પડે ત્યારે ઉપજતું આર્તધ્યાન. પોતાનો દેશ હોય એમાંથી જાવું પડે .. આદિ. બીજે ક્યાંય આધાર મળે, ન મળે એથી એને આર્તધ્યાન થાય એ છોડવા જેવું છે, એમ કહે છે. આર્તધ્યાન છેને? મિત્રજનના અથવા '**દ્રવ્યના નાશથી,...**' લક્ષ્મી આદિ પદાર્થ હોય એનો નાશ થાય તોપણ આર્તધ્યાન નામ વિપરીત બંધનું કારણ એવું ધ્યાન થાય. એને છોડવું એમ કહેવું છે. '**મિત્રજનના વિદેશગમનથી,...**' વ્હાલા મિત્રો હોય એ વિદેશ જાય એના ગમનથી એને આર્તધ્યાન થાય એના વિરહને લઈને. '**કમનીય (ઇષ્ટ, સુંદર) કામિનીના વિયોગથી...**' સુંદર અને ઇષ્ટ એવી સ્ત્રી એના વિયોગથી આર્તધ્યાન થાય. '**અથવા અનિષ્ટના સંયોગથી...**' પ્રતિકૂળ સંયોગથી જે આર્તધ્યાન થાય તે છોડવા લાયક છે. તે બંધનું કારણ છે. એ આર્તધ્યાન દુઃખરૂપ છે. આહાહા..!

રૌદ્રધ્યાન. '(૨) **ચોર...**' આવે તો બાંધે, મારે. '**જાર...**' લંપટી પુરુષો આવે અને પોતાને બાંધે અને મારે. '**શત્રુજનોનાં વધ-બંધન સંબંધી...**' આહાહા..! '**મહા દ્વેષથી ઉપજતું જે રૌદ્રધ્યાન,...**' એના પ્રત્યે દ્વેષ થાય. લ્યો, આ ચોર આવે, ખાટલે બાંધે, પલંગ સાથે બાંધે પગ ને હાથ અને લૂંટી લે. મારે, ઘરમાં બાંધીને સ્ત્રીની સાથે વિષય લે. એ વખતે દ્વેષ થાય અંદર. આહાહા..! એ રૌદ્રધ્યાન છોડવાલાયક છે. પાપબંધનું કારણ છે.

આહાહા..! '**તે બન્ને ધ્યાનો સ્વર્ગ અને મોક્ષના અપરિમિત સુખથી પ્રતિપક્ષ સંસારદુઃખનાં મૂળ હોવાને લીધે...**' આહાહા..! એ સંસારના દુઃખનું મૂળ છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બેય. '**તે બન્નેને નિરવશેષપણે (સર્વથા) છોડીને,...**' હવે ધર્મધ્યાન અને શુક્લધ્યાનની વાત કરે છે.

ધર્મધ્યાન એવું છે કે '**(૩) સ્વર્ગ અને મોક્ષના નિઃસીમ (બેહદ) સુખનું મૂળ...**' ધર્મધ્યાન એટલે આત્માના આનંદસ્વરૂપને આશ્રયે જે ધર્મ થાય તે નિશ્ચયધર્મધ્યાન. આનંદસ્વરૂપમાં આનંદની દશા પ્રગટ થાય એ સાચું ધર્મધ્યાન. આહાહા..! એની સાથે વિકલ્પ થોડો રહે એનું ફળ સ્વર્ગનું સુખ. મુનિ છેને પંચમ આરાના? એટલે એને તો સ્વર્ગમાં જાવું છે. મુનિ છે (અને) કેવળજ્ઞાન નથી. એટલે ધર્મધ્યાનના આત્માના ધ્યાનના આનંદના બળે શુદ્ધતા પ્રગટે અને કાંઈક વિકલ્પ બાકી રહે એનાથી સ્વર્ગમાં (જાય), સ્વર્ગનું બંધન થાય. પંચમ આરાના સાધુ મોક્ષ ન જાય. માટે આ બે વાત લીધી.

'**સ્વર્ગ અને મોક્ષનું નિઃસીમ (બેહદ) સુખ...**' સ્વર્ગમાં પણ મુનિ આરાધક થઈને વૈમાનિકમાં જાય. વૈમાનિકમાં જાય. એ પણ પુરુષવેદે દેવપણે થાય, સ્ત્રીવેદે ન થાય. એનું સુખ ત્યાં અનુકૂળ છેને પુણ્યની સામગ્રી. છે તો દુઃખ, પણ વ્યવહારે એને પશુ અને નરકના દુઃખ કરતા જરી સગવડતા છે એથી એને જરી સુખ કહેવામાં આવે છે. બાકી સુખ છે નહિ, દુઃખ છે. આહાહા..! પણ આત્મા આનંદમૂર્તિ પ્રભુ એના ધ્યાનમાં, એને ધ્યાનમાં લઈને, જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞેય બનાવીને જે નિર્મળદશા પ્રગટ થાય, નિર્વિકારી વીતરાગી પર્યાય એ નિશ્ચયધર્મધ્યાન. આહાહા..! સાથે જરી વિકલ્પ બાકી રહે છે ધર્મધ્યાનનો એનાથી પુણ્ય બંધન થાય, સ્વર્ગમાં જાય. ઓલામાં આવે છેને 'ૐકાર બિંદુ સંયુક્ત નિત્યં ધ્યાયંતિ યોગીનં કામદં મોક્ષદં ચૈવ.' બે આવ્યું છેને? આત્મા ૐ સ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ એનું ધ્યાન કરવાથી મોક્ષસુખ પણ મળે અને કાંઈક વિકલ્પ બાકી રહે તો 'કામદં' સ્વર્ગના સુખ પણ (મળે). 'કામદં મોક્ષં' છેને? બેય મળે એમ કહે છે ૐકારમાં. સમજાય છે કાંઈ? આહાહા..!

'**એવું જે સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન...**' આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એને આશ્રયે થતું ધર્મધ્યાન એ સાચું ધર્મધ્યાન છે. આહાહા..! પરમ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ વસ્તુના સ્વભાવમાં લીનતા થઈને જે આનંદ અને શાંતિ ઉત્પન્ન થાય તે નિજ આત્માને આશ્રયે થાય છે. સમજાય છે કાંઈ? '**સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન...**' લ્યો! સ્વાત્માશ્રિત છેને? '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' એનો અર્થ પણ એવો કર્યો છે અષ્ટપાહુડમાં, ભાઈ! '**परदव्वादो दुग्गइ**' જે આત્મા આત્મા સિવાય પરદ્રવ્યનું લક્ષ કરે અને જે ભાવ થાય એ ચૈતન્યની જાતથી વિરુદ્ધ દુર્ગતિ છે. '**परदव्वादो दुग्गइ**' ચાહે તો ત્રિલોકના નાથ હોય સર્વજ્ઞ અને એની વાણી (હોય), એના લક્ષે તો દુર્ગતિ થાય. દુર્ગતિ એટલે રાગ થાય એ આત્માની જાત નહિ. આહાહા..! સમજાય છે?

અહીં બીજું મારે કહેવું છે. આ કીધું છેને, **'सदव्वा हु सुगइ होइ'** સ્વદ્રવ્યને આશ્રયે સુગતિ. સુગતિના બે અર્થ કર્યા છે—મોક્ષ અને સ્વર્ગ. ત્યાં અષ્ટપાહુડમાં ૧૬મી ગાથા મોક્ષ અધિકારની. મોક્ષપાહુડ. મોક્ષપાહુડ ૧૬મી ગાથા. **'परदव्वादो दुग्गइ'** આત્માના સ્વભાવ સિવાય જેટલા પરદ્રવ્યો છે,... એ સવારે આવ્યું હતું કે અશુદ્ધતાનું કારણ છે. આહાહા..! પરદ્રવ્ય શરીર, વાણી, મન પરદ્રવ્ય બધા અશુદ્ધતાનું કારણ છે. ત્યાં એમ કહ્યું કે પરદ્રવ્ય દુર્ગતિનું કારણ છે. આહાહા..! એટલે? કે જે ભાવ દેવ-ગુરુ-શાસ્ત્રની આસક્તિ થાય એ શુભભાવ અને એનું ફળ મળે એ સ્વર્ગ. તો સ્વર્ગ એ દુર્ગતિ છે, એ આત્માની ગતિ નથી. આહાહા..! આ શુભભાવથી આ શેઠાઈ મળે ધર્મીને પણ સમકિતીને એ પણ દુર્ગતિ છે. સમજાય છે કાંઈ? ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ આત્માના સ્વભાવનું આરાધન કરીને જે સ્વર્ગમાં જાય એને સ્વના આશ્રયે જેટલી દશા (પ્રગટ થઈ છે) એ ધર્મધ્યાન, એ સંવર અને નિર્જરા અને બાકી કાંઈ વિકલ્પ રહે એનું ફળ સ્વર્ગ મળે અને આરાધક જીવ પણ સ્વર્ગમાંથી નીકળીને કોઈ રાજકુમાર, રાજા, ચક્રવર્તી, બળદેવ થાય તો એ પુણ્યના ફળ તરીકેની ગતિ દુર્ગતિ છે. આહાહા..! લ્યો! પોપટભાઈ! ધર્મી જીવ હોં સમ્યગ્દૃષ્ટિ. આત્માના સ્વભાવના આરાધનમાં બાકી કાંઈ રહ્યું એથી થોડો વિકલ્પ રહ્યો શુભભાવ પરદ્રવ્યના આશ્રયનો (એનાથી દુર્ગતિ મળે).

અહીં તો એ કીધું કે સ્વદ્રવ્યને આશ્રયે સ્વર્ગ અને મોક્ષ મળે એમ કહ્યું છે. એ અહીં કહ્યું તે. આત્માને આશ્રયે જેટલી શુદ્ધતા પ્રગટ થાય એટલા તો સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ. આનંદની દશા પ્રગટ થાય એ. પણ સાથમાં જરી વિકલ્પ રહે છે, પૂર્ણ શુક્લધ્યાન નથી એટલે સાથમાં થોડો રાગ રહે છે એનાથી સ્વર્ગ સુખ (મળે છે). **'सदव्वा हु सुग्गइ होइ'** ના અર્થમાં બે અર્થ કર્યા છે. સ્વદ્રવ્યને આશ્રયે સ્વર્ગ પણ મળે અને મોક્ષ પણ મળે. એટલે કે સ્વચૈતન્ય પ્રભુ એનો આશ્રય લઈને જે નિર્મળાનંદ પ્રગટ થયો એટલું તો મોક્ષનું કારણ. સાથમાં જે અપૂર્ણ છે અને વીતરાગતા નથી એટલે શુભરાગ સાથે હોય છે. મુનિને પણ હોય છે. કુંદકુંદાચાર્યને પણ શુભરાગ હતો પંચમહાવ્રત આદિનો. આહાહા..! તો એનાથી વૈમાનિકમાં ગયા છે અત્યારે. કુંદકુંદાચાર્ય. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ એમ ચાર પ્રકારના દેવ છે એમાં વૈમાનિકમાં દેવ (થયા છે). સમકિતી કે સાધુ, આરાધક વૈમાનિકમાં જ જાય. ભવન, વ્યંતર, જ્યોતિષમાં ન જાય. સ્ત્રી, પુરુષ કે મનુષ્ય મરીને મનુષ્ય ન થાય એ. સમજાય છે કાંઈ? આહાહા..! સમકિતી મનુષ્ય મરીને મનુષ્ય ન થાય. મિથ્યાદૃષ્ટિ મનુષ્ય મરીને મનુષ્ય થાય. આહાહા..! અહીંથી મરીને મહાવિદેહમાં મનુષ્યપણે જન્મે તોપણ એ મિથ્યાદૃષ્ટિ હોય. મનુષ્ય મરી મનુષ્ય થાયને.

**શ્રોતા :-** મુનિ મિથ્યાત્વમાં આવી જાય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, મિથ્યાત્વમાં આવે તો ગમે ત્યાં જાય. એ તો સ્વર્ગમાં પણ જાય કોઈ. એથી શું? મનુષ્ય મરીને મનુષ્ય ન થાય એ. મિથ્યાત્વી હોય પણ મુનિપણું ચારિત્ર

વ્યવહાર આચારનો હોય તો એ મનુષ્ય મરીને મનુષ્ય ન થાય. વ્યવહાર આચરણ શુભ હોય, ભલે મિથ્યાદૃષ્ટિ (હોવાથી) ભવ ન ઘટે, ભવ નાશ ન થાય, પણ એ શુભભાવના ફળમાં એ સ્વર્ગમાં જ જાય. અને એકલો મિથ્યાદૃષ્ટિ જેને શુભભાવ આદિ નથી એવો મધ્યમ શુભભાવ હોય અને મિથ્યાદૃષ્ટિ હોય એ મનુષ્ય મરીને મનુષ્ય થાય. ભરતક્ષેત્રનો મનુષ્ય પણ મહાવિદેહમાં જાય, પણ એ મિથ્યાદૃષ્ટિ મધ્યમ પુણ્યવાળો. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે '**સ્વર્ગ અને મોક્ષના નિઃસીમ સુખનું મૂળ એવું જે સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન,...**' એ ધર્મધ્યાનમાં જરી સ્વર્ગ પણ લીધું, મોક્ષ પણ લીધો. ઓલો વિકલ્પ બાકી છે એટલે (એના ફળ તરીકે સ્વર્ગ લીધું). '**તથા (૪) ધ્યાન અને ધ્યેયના વિવિધ વિકલ્પો રહિત,...**' હવે શુક્લધ્યાન. '**અંતર્મુખાકાર,...**' '**અંતર્મુખ જેનો આકાર છે અર્થાત્ સ્વરૂપ છે એવું.**' આનંદમૂર્તિ પ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા તેમાં નિર્વિકલ્પપણે રહેવું તે શુક્લધ્યાન છે. આહાહા..! જુઓને! આચાર્યે, વર્તમાન શુક્લધ્યાન નથી પણ એ નાખ્યું. ભાવના છેને આગળ જવાની! આહાહા..! કહે છે કે '**ધ્યાન અને ધ્યેયના વિવિધ વિકલ્પો રહિત, અંતર્મુખાકાર...**' ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ એનો અંતર્મુખાકાર. અંતર્મુખના સ્વરૂપમાં જેની દૃષ્ટિ છે. આહાહા..! જેનું ધ્યાન અંતર્મુખમાં છે એકલું હોં. ધર્મધ્યાનમાં તો જરી સ્વાશ્રિતમાં જરી વિકલ્પ પણ લીધો હતો. આ તો એકલું '**સકળ ઇન્દ્રિયોના સમૂહથી અતીત...**' આહાહા..! પાંચેય ઇન્દ્રિયોના વિષયથી અતીત '**નિર્ભેદ પરમકળા સહિત...**' અભેદ ભગવાન આત્મા એનું અભેદ ધ્યાન. આહાહા..! '**નિર્ભેદ પરમકળા સહિત...**' પરમ શાંતિ અને આનંદની કળાસહિત. આહાહા..! '**એવું જે નિશ્ચય-શુક્લધ્યાન, તેમને ધ્યાઈને,...**' તેનું ધ્યાન કરીને '**જે ભવ્યવરપુંડરીક (-ભવ્યોત્તમ)...**' ભવ્યમાં ઊંચો જીવ. ભવ્યમાં પણ ઉત્તમ. '**પરમભાવની ભાવનારૂપે પરિણમ્યો છે,...**' આહાહા..! પરમભાવ જે ધ્રુવ ચૈતન્યસ્વભાવ પરમાનંદ મૂર્તિ પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવ એ ભાવે જે પરિણમ્યો છે, થયો છે. આહાહા..! પરમભાવની ભાવના. પરમપારિણામિક ધ્રુવસ્વભાવ એની ભાવના એ એકાગ્રતા, એ પર્યાય. આહાહા..! વર્તમાન પર્યાયમાં ધ્રુવમાં એકાગ્રતા જેની પૂર્ણ છે. આહાહા..! ભારે!

એવો પરમપારિણામિકભાવ આહાહા..! '**પરમભાવની...**' એમ છેને? પારિણામિકભાવની ભાવના. નિત્ય ધ્રુવ આનંદકંદ પ્રભુ એને પારિણામિકભાવ કહેવાય. એની એકાગ્રતા એ ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ કહેવાય. એ ભાવનાને. '**પરમભાવની ભાવનારૂપે પરિણમ્યો છે,...**' થયો છે અંદર. એ દશારૂપે થયો છે. વીતરાગભાવરૂપે થયો છે. થયો છે એટલે પરિણમ્યો છે. આહાહા..! જિનસ્વરૂપી આત્મા જે વીતરાગ મૂર્તિ પ્રભુ એના સ્વરૂપે પરિણમ્યો છે, અવસ્થામાં તે સ્વરૂપે દશા થઈ છે. આહાહા..! જેને રાગ પણ રહ્યો નથી. અંદર પરમાનંદ પ્રભુ એને ધ્યેયમાં લઈને જેનું પરમભાવના સાધનથી જેને નિર્મળ પર્યાય પ્રગટી છે એ એની

ભાવના કહેવાય. ભાવની ભાવના, ત્રિકાળ સ્વભાવની એકાગ્રતા, ત્રિકાળ સ્વભાવની પરિણતિ એને અહીંયાં પારિણામિકની ભાવના કહેવામાં આવે છે. આહાહા..! ભારે લાગે આકરું. આવા પાંચમા આરામાં આવી વાત કહેવી! આહાહા..! બાપુ! પાંચમો આરો ક્યાં છે? આત્મામાં આરો પણ નથી ને નાત પણ નથી ને જાત પણ નથી. આહાહા..! પરમાનંદની ખાણ પ્રભુ, પરમાનંદનું નિધાન ભગવાન આત્મા આહાહા..! એવો જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ સ્વભાવ એને ભાવે જે પરિણમ્યો છે ભાવનામાં. આહાહા..! એને ધ્યાનના ધ્યેયમાં લઈને જેનું પરિણમન નિર્વિકલ્પ દશારૂપે થયું છે. આહાહા..! '**તે નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે...**' તે સાચો ધર્મ છે અને સાચું ચારિત્ર છે. આહાહા..! એ સાચું પ્રતિક્રમણ છે. એટલે? ખરેખર પરથી ખસીને પોતાના આનંદસ્વભાવમાં પરિણમ્યો છે તે ખરું પ્રતિક્રમણ છે. આહાહા..! અમરચંદભાઈ! આવી વાતું ભારે લોકોને. આહાહા..!

**શ્રોતા :-** ધર્મધ્યાનમાં અબુદ્ધિપૂર્વકના વિકલ્પો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બુદ્ધિપૂર્વક વિકલ્પ છેને ધર્મધ્યાનમાં. હું ધ્યાન કરું, સ્વરૂપનું ધ્યાન કરું એવો પણ એક વિકલ્પ છે, એ પુણ્યબંધનું કારણ છે. નિશ્ચયધ્યાનના બે પ્રકાર લીધા છેને? એક સવિકલ્પ, એક નિર્વિકલ્પ. બે લીધા છે. પરમાત્મપ્રકાશમાં બેય લીધા છે. આહાહા..! એકલો પ્રભુ પૂર્ણ આનંદનું ધામ ધ્રુવ તેમાં એકાગ્રતા, તદ્દન એકાગ્રતા (થાય) જેમાં ભેદનો વિકલ્પ અને રાગ પણ નહિ, એનું નામ શુક્લધ્યાન અને નિર્ભેદ પરમકળા કહેવામાં આવે છે. આહાહા..! એનાથી મુક્તિ થાય છે. એમાં જરી થોડો રાગ રહી જાય, તદ્દન અભેદ ધ્યાન ન થાય, એકલો ભગવાન આત્મા ઉપર જામી ન જાય (અને) કંઈક વચ્ચે થોડો વિકલ્પ રહી જાય તો એ સ્વર્ગમાં જાય. શુદ્ધ આત્માના આશ્રયની દૃષ્ટિ અને જ્ઞાનસહિત. આહાહા..! ત્યાંથી પણ રાજકુમાર આદિ થઈને મોક્ષ જાય. કારણ કે ધર્માત્મા સાધારણ કુળે ન જન્મે. એ તો ઉત્તમ કુળ કોઈ રાજા કે કરોડો, અબજોપતિ શેઠિયા (એના ઘરે અવતરે). સમજાણું?

પાંડવો પાંચ. શેત્રુંજય, પાલિતાણા. પાંચ પાંડવો ધ્યાનમાં હતા. આત્માનું આનંદસ્વરૂપનું ધ્યાન હોં. પાંચેય મહાત્મા હતા, ધર્માત્મા હતા. છઠ્ઠે ગુણસ્થાને ઝૂલતા હતા. એમાં ઓલો દુર્યોધનનો ભાણેજ આવ્યોને. લોઢાના દાગીના કરીને અહીં નાખ્યા. મુગટ પહેરાવ્યો લોઢાનો. ધગધગતા પહેરાવ્યા. આપણે ઓલામાં છે પ્રવચન મંડપમાં. લોઢાના ધગધગતા લોઢાના. પાતળા લોઢાના. ભીમ, અર્જૂન અને ધર્મરાજા એ પોતે આનંદના સ્વરૂપમાં લીન થઈને કેવળજ્ઞાન પામ્યા. ત્રણ મોક્ષ ગયા ત્યાંથી.

શેત્રુંજયે જાત્રાની વ્યાખ્યા એટલી છે કે જે સ્થાનમાંથી મોક્ષ ગયા છેને ત્યાં આગળ જતાં એનું સ્મરણ થાય. ત્રણ—ધર્મરાજા, ભીમ અને અર્જૂન ત્રણ ત્યાં શેત્રુંજય મોક્ષ પધાર્યા છે. ત્યાંથી સીધા સમશ્રેણીએ ગયા છેને? તો ત્યાં જઈને આ આગળ ભગવાન પધાર્યા છે. છે વિકલ્પ શુભ, પણ એ જાત્રાનો અર્થ આટલો છે. સમજાય છે કાંઈ? એ કોઈ આપી

દેતું નથી. ફક્ત એના સ્મરણ (માટે જાય છે).

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિર્મળનો અર્થ શુભ વિકલ્પ. એ તો કહે છેને કે ધર્મધ્યાનમાં ત્રણ મુનિઓ તો આત્માના ધ્યાનમાં રહ્યા, કેવળજ્ઞાન પામીને મોક્ષ ગયા. ત્યાંથી બે મુનિઓ સહદેવ અને નકુળને જરી વિકલ્પ આવ્યો કે બે ભાઈઓને કેમ હશે? છતાં કેવળજ્ઞાન અટકી ગયું. સર્વાર્થસિદ્ધનો બંધ પડ્યો. ૩૩ સાગર દૂર થઈ ગયું કેવળજ્ઞાન. બે સ્વર્ગમાં ગયા, સર્વાર્થસિદ્ધ. સર્વાર્થસિદ્ધ ૩૩ સાગર. કેવળજ્ઞાન એટલું દૂર થઈ ગયું. આહાહા..! એટલો વિકલ્પ આવ્યો થોડો એ શુભભાવ. એ સંતો સાધર્મી હતા અને પોતાના ભાઈ હતા. આહાહા..!

**શ્રોતા :-** દૂર થયા તો અક્રમ થઈ ગયો કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્રમ તો ક્રમે છે. ત્યાં અક્રમ કેદિ હતું? પણ ક્રમમાં દૂર થઈ ગયા. એવું વિકલ્પનું કારણ છે. ક્રમમાં તો ક્રમસર એમ જ હતું. આહાહા..! પણ અહીંયાં તો એમ લેવું છે કે એ વિકલ્પ આવ્યો તો ફળ શું? એટલું લેવું છે. મુનિ હતા એ. પાંચેય મુનિ હતા. આનંદમાં લીન હતા, પણ હજી પૂર્ણ નહોતા તો ત્રણે તો પૂર્ણ કરીને મોક્ષ ગયા. બેને વિચાર આવ્યો, જરી વિકલ્પ આવ્યો. ત્રણે મોટા ભાઈ છેને? ધર્મ, ભીમ, અર્જૂન મોટા ભાઈ છે. એને કેમ હશે? એટલો શુભ વિકલ્પ. સ્વર્ગનું આયુષ્ય બંધાઈ ગયું.

**શ્રોતા :-** પોતાને માટે નહિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરને માટે વિચાર આવ્યો. પોતાના માટે નહિ. આહાહા..! પોતામાં આવ્યોને. પોતા સંબંધી પણ આવે ઈ કેમ સહન થશે? એ અહીં નથી લીધું. પરસંબંધી આવ્યો. મોટા ભાઈ છેને. ઓહોહો..! મુનિ નગ્ન દિગંબર. હાથમાં કડા લોઢાના અગ્નિથી તપેલા. લે આ તારે રાજ જોતું હતુંને. ઓલો દુર્યોધનનો ભાણેજ બોલ્યો. આ રાજ આપીએ છીએ. આહાહા..! ક્રુર પરિણામ. પણ આને જરી એવો વિકલ્પ આવ્યો મુનિરાજને કેમ હશે? પોતે મુનિરાજ છે. કેવળજ્ઞાન રોકાઈ ગયું. ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું અને ત્યાંથી નીકળીને પણ કોઈ રાજકુમાર કે કોઈ અબજોપતિમાં અવતાર લેશે. ગરીબ ઘરે અવતાર ન લે. આરાધક છે અને મહાપુણ્યવંત છેને, તો એટલો પણ બહારનો સંયોગ મળે એમાં વર્ષ જશે એટલો રાગ થશે. આહાહા..! એ બધું છોડીને જ્યારે સ્વરૂપમાં-ધ્યાનમાં લીન થશે ત્યારે કેવળજ્ઞાન પામશે. આહાહા..!

અહીં તો એના ક્રમમાં તો એ જ હતું, પણ ક્રમમાં કેમ આમ થયું? કે વિકલ્પ આવ્યો એટલામાં. આહાહા..! મુનિનો વિકલ્પ આવ્યો. કોઈ બીજો વિકલ્પ નહિ. આર્તધ્યાન, રૌદ્રધ્યાન નહિ. પણ એ વિકલ્પ આવ્યો એટલું આર્તધ્યાન થયું. વિકલ્પ દુઃખ છેને. આત્મશાંતિ પીડાય છે એટલી. આહાહા..! સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાઈ ગયું તો ગયા (સ્વર્ગમાં).

અહીંયા કહે છે કે ધર્મધ્યાનમાં પોતાના સ્વભાવનો જેટલો આશ્રય લીધો એટલી સંવર-

નિર્જરા. જેટલું પર ઉપર લક્ષ ગયું એટલું પુણ્યબંધ. એ સ્વર્ગ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ પરદ્રવ્ય આશ્રયે વિકલ્પ આવ્યોને? એટલી અશુદ્ધતા. આહાહા..! અને એટલી દુર્ગતિ. આહાહા..! એનાથી સિદ્ધગતિ ન થઈ. શેઠ! આવી વાતું છે આ.

તારણસ્વામીમાં તો ઘણી વાત આવી આવે છે. ... વાત ઘણી આવે છે. એકદમ જિન... જિન... જિન... જિન... જિન... એકદમ વીતરાગ... એકદમ વીતરાગ... એવો વીતરાગ છું એટલો વિકલ્પ એ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ બાપુ બહુ (સૂક્ષ્મ). સ્વ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનું નિધાન પરમભાવસ્વભાવથી ભરપૂર ભરેલ આત્મા એનો આશ્રય લેતા જેટલી શુદ્ધતા પ્રગટ થાય એટલો ધર્મ. એમાં જેટલું પરલક્ષ જાય, ચાહે તો તીર્થંકરનું જાય કે વાણીનું જાય કે આ મુનિરાજનું ગયું એ વિકલ્પ (છે), એટલો બંધ થઈ ગયો. આવો માર્ગ છે, બાપુ! આહાહા..!

જુઓ, એ કહે છે. કહે છે કે એ '**પરિણમ્યો છે, તે નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે- એમ પરમજિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલાં દ્રવ્યશ્રુતમાં કહ્યું છે.**' જોયું! છે? ત્રિલોકના નાથ જિનેન્દ્ર, પરમજિનેન્દ્ર એના મુખારવિંદ-મુખરૂપી કમળ આહાહા..! એમાંથી નીકળેલું દ્રવ્યશ્રુત, એનાથી નીકળેલું પરમ આગમ શાસ્ત્ર, એ શાસ્ત્રમાં એમ કહ્યું છે. આહાહા..! કુંદકુંદાચાર્યને એમ કહેવું પડ્યું. જુઓ, છેને પાઠ? '**जिणवरणिद्दिट्ठसुत्तेसु**' પાઠમાં છે ચોથી લીટી. ત્રિલોકનાથ જિનવરદેવ સર્વજ્ઞ પરમાત્મા એની વાણીમાં એવું આવ્યું. એ વાણી દ્રવ્યશ્રુતમાં એવું આવ્યું છે કે ભગવાન આત્માને આશ્રયે જેટલો જાય એટલી શુદ્ધતા પ્રગટશે અને એને આશ્રયે થાય એટલું નિશ્ચયપ્રતિક્રમણ અને સાચું ચારિત્ર છે. બાકી જેટલો પર ઉપર જશે એટલો વિકલ્પ છે, એમ જિનવરના સૂત્રમાં કહ્યું છે. કુંદકુંદાચાર્ય કહે છે કે હું કહું છું એમ નહિ, જિનવરદેવે પોતાના સૂત્રમાં એમ કહ્યું છે. આહાહા..!

**શ્રોતા :-** ભગવાનની વાણીમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાનની વાણીમાં એ આવ્યું છે. જિનસૂત્રમાં. વીતરાગની વાણી જે પરમ આગમ. વાણીને સાંભળીને ગણધરોએ શાસ્ત્ર રચ્યા. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગધણર વિચારે.' ભગવાનની વાણી તો ૐ નીકળે છે. ૐ ધ્વનિ. વિકલ્પ વિના. પૂર્વની પ્રકૃતિનો બંધ થયો એને કારણે ધ્વનિ ઉઠી આખા શરીરમાંથી. હોઠ બંધ, કંઠ ધ્રુજે નહિ. ૐ એવી ધ્વનિ (ઉઠે). સમજાણું કાંઈ? એ 'ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' એમાં અર્થ આવે છેને? અર્થ આવે છેને સૂત્ર રચે ગણધર. ગણધરે જે સૂત્ર રચ્યા, મુખારવિંદથી ભગવાનની વાણીમાં એવું આવ્યું છે... આહાહા..! કે પરમસ્વભાવભાવ ધ્રુવ એ રૂપે પરિણમન જેનું નિર્મળ વીતરાગી થયું તે સાચું ચારિત્ર છે, તે સાચું પ્રતિક્રમણ છે, એ સાચો ધર્મ છે. આહાહા..! આ થયા વિના એની મુક્તિ નથી કોઈ દિ'. આહાહા..! જન્મ-મરણના ભવસિંધુ, ભવનો સિંધુ-દરિયો. ચોર્યાશીના અવતાર આહાહા..! એનો અંત તો આ રીતે આવે છે, બીજી રીતે

અંત આવે એવું નથી. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા એ ભાવ બધું પુણ્યબંધનું કારણ છે, એ મુક્તિનું કારણ નથી. આહાહા..!

આચાર્યને એમ કહેવું પડ્યું જુઓ, કે આર્તધ્યાન-રૌદ્રધ્યાન. '**मोत्तुण अट्टरुद्दं झाणं**' આર્ત અને રૌદ્રધ્યાનને છોડીને '**जो झादि धम्मसुक्कं वा**' જે ધર્મ અને શુક્લધ્યાન કરે છે એ '**सो पडिकमणं उच्चइ**' એને સાચું પ્રતિક્રમણ, સાચો ધર્મ, સાચું ચારિત્ર એને ભગવાને મુખારવિંદથી નીકળેલી વાણીમાં એમ કહ્યું છે. આહાહા..! જિનવરદેવની વાણીમાં મુખારવિંદ-મુખરૂપી કમળમાંથી વાણી નીકળી એ વાણીમાં એવું કહ્યું છે. આહાહા..! શું કહ્યું છે? કે આત્મા જે ધ્રુવ પરમસ્વભાવભાવ એનું ધ્યાન કરીને જે નિર્મળ વીતરાગ અવસ્થા થાય તે પ્રતિક્રમણ, તે ચારિત્ર, તે ધર્મ, એમ જિનવરના મુખથી નીકળેલા દ્રવ્યસૂત્રમાં એમ કહ્યું છે. આહાહા..! એથી વિરુદ્ધ કહે તે ભગવાનની વાણી નથી. સમજાય છે કાંઈ?

અહીં આવ્યા હતાને? કેવા? કેવા સાધુ? મહાવીરકીર્તિ. મહાવીરકીર્તિ છેને દિગંબર સાધુ હતા. એ આવ્યા. પદ્માવતી દેવી રાખે અને એવું રાખતા. કાંઈ ઠેકાણા નહિ. પછી એની સાથે વાત થઈ. અહીં રહ્યા હતા બે-ત્રણ દિવસ. હું આહાર કરીને ફરતો હતો ત્યાં આમાં હતા ઓલામાં પ્રવચન હોલમાં. તો એણે કહ્યું કે મારી પાસે એક સમ્મેદશિખરની મહિમા, જેમ આ શેત્રુંજયની મહિમા મૂકે છેને શ્વેતાંબરમાં, એમ સમ્મેદશિખરની મહિમાનું એક શાસ્ત્ર છે મારી પાસે. શું છે? કીધું. એમાં એમ કહ્યું છે કે સમ્મેદશિખરની જાત્રા કરે એને ૪૯ ભવે મુક્તિ થાય. કીધું, એ વીતરાગની વાણી નહિ. પરદ્રવ્યને આશ્રયે ધર્મ અને મુક્તિ થાય એ વીતરાગની વાણી નહિ, કીધું એ વાણી નથી. એ કોઈએ કલ્પિત બનાવ્યું છે. કાંઈ ખબર ન મળે બિચારાને. બે-ત્રણ દિવસ રહ્યા હતા. સાથે માણસ હતા. માણસ બનાવે પછી ખાતા ત્યાં. આહાહા..! મહાવીરકીર્તિ સાંભળ્યું છેને? એ કહે સમ્મેદશિખરના માહાત્મ્યમાં એવી વાણી છે કે એના દર્શન કરે, જાત્રા કરે એની ૪૯ ભવે મુક્તિ પામે. કીધું ૪૯ શું, અનંતે ભવે પણ એની જાત્રાથી મુક્તિ ન થાય.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એનો અર્થ શું? એ રાગ છે, વિકલ્પ છે. હોય છે એ જુદી વાત છે. પાપથી બચવા માટે ભાવ હોય છે, પણ એનાથી ભવનો અભાવ થાય એ વાત ત્રણકાળમાં સાચી નથી. સંસાર ઘટે એ તો આત્માના આશ્રયે સંસાર ઘટે. પરના આશ્રયે વિકલ્પમાં (સંસાર ન ઘટે), એ તો પોતે સંસાર છે. આહાહા..! વાત એવી છે, બાપુ! આ તો વીતરાગમાર્ગ ભાઈ! આહાહા..! પરમેશ્વર સીમંધર ભગવાન એના મુખારવિંદથી આ નીકળે છે ત્યાં. બિરાજે છે પ્રભુ. પાંચસો ધનુષનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય. પાંચસો ધનુષ. બે હજાર હાથ ઉંચા અને કરોડ પૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એટલું આયુષ્ય. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ એક પૂર્વમાં વર્ષ જાય એટલા. એવા કરોડ

પૂર્વ. ભગવાન બિરાજે છે સમવસરણમાં મહાવિદેહમાં. એના મુખારવિંદથી નીકળેલી વાણી છે. ત્યાંથી સાંભળીને આવ્યાને અહીંયાં!! આહાહા..!

તો કહે છે કે જિનેન્દ્રદેવના મુખમાંથી એ વાણી આવી આહાહા..! કે ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ પ્રભુ એનો જેટલો આશ્રય લે તેટલો ધર્મ થાય. એમ જિનવરના સૂત્રમાં વાણીમાં જિનવાણીમાં એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! ઘરનું એમ કહે કે કોઈ એની જાત્રાથી સંવર-નિર્જરા થાય અને ધર્મ ઘટે, ભવ ઘટે, ઈ સ્વચ્છંદીઓની વાણી છે. ભગવાનના દર્શન કરે તો શુભભાવ છે.

**શ્રોતા** :- એવું કથન આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું?

**શ્રોતા** :- કે ભગવાનના દર્શન કરે તો ભવ ઘટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો દર્શન આ ભગવાનના. વાત તો એવી છે.

**શ્રોતા** :- ફેર પડી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ફેર પડી ગયો. ભગવાનના દર્શન જિનના. એ તો આવે છેને ઓલું ધવલમાં. જિનબિંબના દર્શન કરવાથી નિદ્ધતકર્મ નાશ થઈ જાય. એવું આવે છે. એમ કહે છે આ લોકો બધા. પંડિત નાખે. પણ એનો અર્થ એમ છે નહિ. જિનબિંબ જે આમ વીતરાગમૂર્તિ પડી છે એવું મારું જિનબિંબ મારું સ્વરૂપ છે. એવી વાત છે, બાપુ! એવી વાત છે. એમાં અર્થ કરે છે એવો એ. જિનબિંબના દર્શનથી નિદ્ધતકર્મનો નાશ થાય. અરે બાપુ! કઈ અપેક્ષા, ભાઈ! અહીં એકકોર ભગવાન એમ કહે કે સ્વને આશ્રયે ધર્મ થાય, સ્વને આશ્રયે કલ્યાણ થાય, સ્વને આશ્રયે મોક્ષનું કારણ થાય. એ પરને આશ્રયે થાય એ વીતરાગની વાણી છે નહિ. આહાહા..! માર્ગ આવો છે, ભાઈ! એની શ્રદ્ધામાં ગડબડ કરશે તો દૃષ્ટિ વિપરીત થશે. આ તો નાખે એને એવું લાગે. આહાહા..!

જુઓને આચાર્યે કેટલું જોર આપ્યું! કે '**सो पडिकमणं उच्चइ**' પોતાનો આત્મા આનંદસ્વરૂપ પૂર્ણ એનું જે ધ્યાન કરે તેને પ્રતિક્રમણ સ્વના આશ્રયે દશા થાય એને પ્રતિક્રમણ જિનવરની વાણીમાં કહેવામાં આવ્યું છે. આચાર્ય પોતે ન કહેતા જિનવરનું દૃષ્ટાંત આપ્યું. કોકને એમ લાગે કે આવું હોય? આવું હોય? મુનિ આવું શું કહે છે? પણ એ '**जिणवरणिद्दिट्ठसुत्तेसु**' જિનવરના કથનના શાસ્ત્રમાં દ્રવ્યશ્રુતમાં એ કહેવામાં આવ્યું છે. પરમાગમમાં આ કહેવામાં આવ્યું છે. આ બધા જે પરમાગમ લખ્યા છે (આ કહ્યું છે).

**શ્રોતા** :- પરંપરા ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ વાત એવી છે. પરંપરા શું? વસ્તુનો માર્ગ એવો છે. ભગવાન ત્રિલોકનાથની વાણીમાં એમ કહ્યું છે કે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને આશ્રયે જે ધ્યાન થાય તે પ્રતિક્રમણ યથાર્થ અને યથાર્થ ચારિત્ર છે. પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે એ પણ ચારિત્ર નહિ,

એ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણસ્વરૂપ પ્રભુ મોજૂદ ચીજ છે, બહુ મોટી ચીજ છે. આહાહા..! એ ચીજને આશ્રયે અને એને લક્ષે અને એને ધ્યાને જે દશા પ્રગટ થાય તે દશા વાસ્તવિક ચારિત્ર ને વાસ્તવિક ધર્મ અને વાસ્તવિક પ્રતિક્રમણ છે. બાકી જેટલો વિકલ્પ ઉઠે પડિક્કમણાનો પણ કે આમ પડિક્કમણું કરવું મિચ્છામી દુક્કડમ એ બધું પુણ્યબંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'એમ પરમજિનેન્દ્ર...'** પરમજિનેન્દ્ર તીર્થંકરદેવ એના **'મુખારવિંદથી...'** મુખરૂપી કમળ. વાત તો લોકોની દૃષ્ટિએ કહી છે, બાકી વાણી મુખથી નીકળતી નથી એની. પણ લોકો એમ કહેને કે ભાષા મુખથી નીકળે છે, એ અપેક્ષાએ કથન કર્યું છે. **'મુખારવિંદથી નીકળેલાં...'** નીકળે છે તો આખા શરીરમાંથી ૐ ધ્વનિ. સમજાય છે કાંઈ? ઈચ્છા વિના પૂર્વની પ્રકૃતિબંધ પડી જ્યારે મુનિપણું હતું, મુનિપણું અંતરની દશા, ત્યારે એને વિકલ્પ હતો કે હું પૂર્ણ થાઉં, પૂર્ણ થાઉં. એવો જે વિકલ્પ એમાં તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. એ પ્રકૃતિ બંધાણી એનો ઉદય આવ્યો જ્યારે ત્યારે એમાં એ આવ્યું. કારણ કે મારો આત્મા પૂર્ણ થાવ. હું મારા સ્વના આશ્રયે પૂર્ણ થાઉં એવો વિકલ્પ હતો તેમાં એ વાણી નીકળી એવી કે તારા આશ્રયમાં જાય ત્યાં ધર્મ છે, બાકી પરાશ્રય ધર્મ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! સત્ય વાતને ગોપવીને બીજી રીતે કહે. આ વ્યવહાર આચરણો માનીને શ્રાવકના બાર વ્રત અને મુનિના પાંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ એ કોઈ ધર્મ છે જ નહિ. સમજાણું કાંઈ?

આ તીર્થની રક્ષા કરવી. આ જાંજરીનું યાદ આવ્યું. એ તીર્થના મંત્રી છે મક્ષીના. એ બધો ભાવ શુભભાવ છે. સમજાય છે કાંઈ? એનું ધ્યાન રાખવું, રક્ષણ કરવું. આ અત્યારે જુઓને તીર્થ ભેગો થાય છેને. ચંદુલાલ... પૈસા ભેગા કરે તીર્થમાં. ઓલા શ્વેતાંબરની સામે તીર્થરક્ષા કરવી. એ બધા ભાવમાં શુભભાવ છે. એની મર્યાદા આઘી લઈ જાય કે આનાથી ધર્મ થાશે (તો) એમ નથી.

**શ્રોતા :-** કરવા જેવું ખરું...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવા જેવું નહિ, પણ આવે. પણ આવે એ બંધનું કારણ છે. એ તમારે ઓલું થાય છેને મંદિર. મંદિર બનાવે. ઊંચું કર્યું છે. સાધારણ મકાન હતું. હવે તો ઊંચું. પણ એ બધો એનો ભાવ છે એ શુભ છે, પુણ્ય છે. પણ એનો આશ્રય પરનો લેવો એ જ રાગ છે. એ તો આવી ગયુંને. પરદ્રવ્ય અશુદ્ધતાનું જ કારણ છે. આહાહા..! ગજબ વાત વીતરાગની! કહો, પોપટભાઈ! આ પોપટભાઈએ પચાસ હજાર આપ્યા છે અને હજી દેવું પડશે ત્યાં. એનું છે એટલે. પણ એમાં રાગની મંદતા હોય એ શુભભાવ છે. પોપટભાઈ! અહીં તો ઉઘાડી વાત છે. કોઈ કહે કે અહીં બધું થઈ રહ્યું એટલે વાંધો નહિ તમારે. આહાહા..! અહીં તો કહીએ છીએને, આ બધું આ ચાંદીમાં આવા બધા આવે છે. હવે કોઈ કરશો

નહિ, બાપુ! થવા કાળે થઈ ગયા. આ ચાંદીમાં આવ્યું છેને સમવસરણ. ૧૭ હજારનું. એ ૧૧ હજારનું આનું મોડલ છે. એ ભાઈએ નહિ જોયું હોય. આ મકાન બનાવ્યુંને એના પહેલા એનું મોડલ ચાંદીનું બનાવ્યું છે ૧૧ હજારનું. એ પડ્યું છે પાંચ હજારનું. આ બહેનના ભવનું કર્યું એ પાંચ હજારનું. લ્યો, હવે અહીં કેટલા ભેગા કરવા? કોઈએ ચાંદીનું લઈને બનાવવું એનો નકાર છે. ત્યારે સોનાનું બનાવવું? એ તો વિપરીત (અર્થ થયો). આહાહા..! ભાવ હોય તો એણે રાગ ઘટાડવા શાસ્ત્રની કિંમત ઘટાડવા માટે લક્ષ્મી આપે. સમજાય છે કાંઈ? એ ભાવ પણ શુભ અને પુણ્ય છે. આહાહા..! વાતું બાપુ! વીતરાગનો માર્ગ! જિનવરના નીકળેલી વાણીમાંથી દ્રવ્યશ્રુત એ ધ્વનિ એની રચના થઈ ગણધરોએ કરી એમાં આ કહ્યું છે. આહાહા..!

'**ચાર ધ્યાનોમાં પહેલાં બે ધ્યાન હેય છે,...**' આર્ત અને રૌદ્ર. '**ત્રીજું પ્રથમ તો ઉપાદેય...**' ધર્મધ્યાન. શરૂઆતમાં ઉપાદેય છે. '**અને ચોથું સર્વદા ઉપાદેય છે.**' શુક્લધ્યાન. અંતરમાં પૂર્ણ રમણતા. આહાહા..! શુક્લ નામ ઉજળું ધ્યાન. ઉજળું નિર્મળ ધ્યાન. આનંદમાં અંદર મશગુલ. એ સર્વથા ઉપાદેય છે, એ આદરણીય છે પ્રગટ કરવાની અપેક્ષાએ.

'**એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**'

(अन्ष्टुभ्)

''निष्क्रियं करणातीतं ध्यानध्येयविवर्जितम्।
अन्तर्मुखं तु यद्धयानं तच्छुल्लकं योगिनो विदुः।।''

'**શ્લોકાર્થ :- જે ધ્યાન નિષ્ક્રિય છે,...**' અર્થાત્ રાગની પરિણતિ ક્રિયા વિનાનું છે. આહાહા..! વિકલ્પ જે રાગ એ અવસ્થા વિનાનું છે એ નિષ્ક્રિય. '**ઇન્દ્રિયાતીત છે,...**' ઇન્દ્રિયથી દૂર છે, અતીત છે. '**ધ્યાનધ્યેયવિવર્જિત છે...**' આ ધ્યાન છે અને ધ્યેય છે એવા ભેદનો વિકલ્પ પણ જ્યાં નથી. આહાહા..! છ ઢાળામાં આવે છે, નહિ?

**શ્રોતા :-** ધ્યાન ધ્યાતા ધ્યેયનો વિકલ્પ નહિ જ્યાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ નહિ ત્યાં. છ ઢાળામાં આવે છે. ધ્યાન ધ્યાતા ધ્યેયનો વિકલ્પ પણ જ્યાં નથી. આહાહા..! એવું પરમાનંદ પ્રભુનું ધ્યાન, શુક્લધ્યાન, નિર્મળ ધ્યાન, આનંદનું ધ્યાન અને આનંદની પરિણતિરૂપ ધ્યાન. આહાહા..! એ અંતર્મુખ છે. છે? અંતરમાં પડેલો ભગવાન એના સન્મુખ થઈને થયેલું ધ્યાન તે અંતર્મુખ છે. આહાહા..! '**તે ધ્યાનને યોગીઓ શુક્લધ્યાન કહે છે.**' આહાહા..!

'**(હવે, ૮૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :—)**'

(वसंततिलका)

ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति
व्यक्तं सदाशिवमये परमात्मतत्वे।
सास्तीत्युवाच सततं व्यवहारमार्ग–
स्तत्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम्।।११९।।

ભગવાન! તારા નયનું કથન કોઈ ઈન્દ્રજાળ (જેવું છે). કેમ ઈન્દ્રજાળ? આહાહા..! '**શ્લોકાર્થ :- પ્રગટપણે સદાશિવમય...**' ભગવાન આત્મા સદા કલ્યાણમૂર્તિ પ્રભુ '**એવા પરમાત્મતત્ત્વને...**' પોતાનો પરમાત્મા ધ્રુવ. આહાહા..! '**એવા પરમાત્મતત્ત્વને વિષે...**' આહાહા..! સદા નિત્યાનંદ પ્રભુ, સદા શિવમય કલ્યાણમૂર્તિ પ્રભુ એવો જે પરમાત્મા. '**એના વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' આહાહા..! શુદ્ધનય જે છે એ તો ત્રિકાળને જ કહે છે. એની પર્યાયમાં ધ્યાન થાય એ પણ ધ્રુવમાં એ ધ્યાન નથી. આહાહા..! ધર્મધ્યાન અને શુક્લધ્યાનની નિર્મળ દશા એ પણ સદાશિવ પ્રભુ એમાં એ નથી. ધ્યાનની પર્યાય એમાં નથી. આહાહા..!

જુઓ, શુક્લધ્યાનની પર્યાય પણ દ્રવ્યમાં નથી. વસ્તુમાં શું હોય? વસ્તુમાં પર્યાય ક્યાંથી? આહાહા..! એવું જે પરમતત્ત્વ ભગવાન આત્મા એને ધ્યાનની પંક્તિઓ, ધ્યાનની પરંપરા '**હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' ત્રિકાળને બતાવનાર જે નય છે તે ધ્યાનાવલી આત્મામાં છે એમ કહેતો નથી, એ તો પર્યાયમાં છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! '**તે છે એમ વ્યવહારમાર્ગમાં સતત કહ્યું છે.**' આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ધ્રુવ એમાં ધ્યાનાવલીની પર્યાયનો ભગવાને અભાવ કહ્યો છે. વસ્તુમાં ક્યાં છે? એ ધ્યાનાવલી વ્યવહારમાર્ગ એટલે પર્યાયમાર્ગ. પર્યાયમાર્ગ એ વ્યવહારમાર્ગ. આહાહા..! ધર્મધ્યાન, શુક્લધ્યાનની જે પર્યાય છે એ વ્યવહારમાર્ગ છે. રાગાદિની તો વાત જ ક્યાં. આહાહા..! ભગવાન ત્રિકાળ વસ્તુ તે નિશ્ચયસ્વરૂપ છે. શુદ્ધનય એમ કહે છે એ વસ્તુમાં ધ્યાનની પર્યાયનો પણ અભાવ છે. ધ્યાનની પર્યાયનો એમાં ભાવ છે જ નહિ. આહાહા..! ત્યારે કહે ધ્યાનની પર્યાય છે, અવસ્થા છે એ કોણ કહે છે? એ તો વ્યવહારમાર્ગ (કહે છે). આહાહા..! એ ધ્યાનની આનંદની દશાનું પ્રતિક્રમણ અને ચારિત્ર એ વ્યવહારમાર્ગમાં કહ્યો છે કે આ ચારિત્ર હોય. એવી ચારિત્રની દશા ધ્રુવમાં નથી. પર્યાય છે, દ્રવ્યમાં પર્યાય કેવી? આહાહા..!

**શ્રોતા :-** નિશ્ચયચારિત્રની દશા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચયચારિત્રની દશા પણ ધ્રુવમાં નથી. નિશ્ચયચારિત્રની દશા એ વ્યવહારમાર્ગે કહેવામાં આવ્યું છે. કારણ કે પર્યાય છે તે વ્યવહાર છે. ધ્રુવ તે નિશ્ચય છે. શુકલચંદજી! આવો માર્ગ છે પ્રભુ તારો માર્ગ.

**શ્રોતા :-** સાચો વ્યવહાર...?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ સાચો વ્યવહાર એ પર્યાયનયને જ કહે છે. પર્યાય નિર્મળ વીતરાગી પરિણતિને વ્યવહારમાર્ગ કહે છે. રાગને તો અસદ્‌ભૂતવ્યવહાર (કહે છે), એ જૂઠો વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓને. મુનિરાજે ટીકા કરી છે આમાં. ધ્યાનની ગાથા છે. પદ્મપ્રભમલધારિદેવ. આ ન રુચે આ પંડિતોને. રતનચંદજીને આ ટીકા નથી ગોઠતી. આહાહા..! પરમાર્થ વચનિકા છે બનારસીદાસની. એમાં એમ કહ્યું છે કે નિશ્ચય વસ્તુ છે એ નિશ્ચય છે એ તો નિષ્ક્રિય છે અને મોક્ષનો માર્ગ છે એ તો વ્યવહાર છે. વ્યવહાર એટલે સાચો મોક્ષનો માર્ગ. જે નિશ્ચય નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને વીતરાગતા એ વ્યવહાર છે. પર્યાય એ વ્યવહાર છે અને દ્રવ્ય તે નિશ્ચય છે. અરે..! નિશ્ચય જે ત્રિકાળ રહેનારી ચીજ છે એમાં પર્યાયનો અભાવ છે. ત્યારે ધ્યાનાવલિની દશાનું કહ્યુંને? એ વ્યવહારમાર્ગમાં નિરંતર કહેવામાં આવ્યું છે. પર્યાયમાર્ગની જ્યારે કથન શૈલી આવે એમાં એ કહેવામાં આવ્યું છે. આહાહા..! માર્ગ એવો, બાપુ!

ત્રણલોકનો નાથ આનંદનો પ્રભુ સાગર ધ્રુવ વસ્તુ જે છે એમાં કહે છે કે ઉત્પાદ-વ્યય, આનંદની પર્યાયના ઉત્પાદ-વ્યય એમાં નથી. આહાહા..! પરમાત્મપ્રકાશમાં તો ત્યાં સુધી કહ્યું છે કે જીવ, મોક્ષ અને મોક્ષના માર્ગની પર્યાયને જીવ કરતો નથી. કેમકે એ પર્યાય છે. બંધ-મોક્ષની પર્યાયથી રહિત ભગવાન જીવ છે. આહાહા..! બાપુ! તત્ત્વ એવું છે એ તત્ત્વ ત્રિકાળી, એ તો મોક્ષની પર્યાયને અને મોક્ષના માર્ગની પર્યાયને કરતું નથી. કારણ કે એમાં એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ, બાપુ! આહાહા..! હજી એને સાંભળવા મળે નહિ સત્ય એ ક્યારે એને કબુલે અને ક્યારે જાય અંદર! આહાહા..!

હે પ્રભુ! શુદ્ધનય જે પરમશુદ્ધનય ધ્રુવને બતાવે છે એ શુદ્ધનય તો ધ્યાનાવલી છે એમ કહેતો નથી. ત્રિકાળીમાં, દ્રવ્યમાં જે સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ત્રિકાળી જે વિષય એમાં શુદ્ધનય અંદરમાં ધ્યાનની પર્યાય છે એમ કહેતો નથી. સમજાણું કાંઈ? કેમકે પર્યાયથી દ્રવ્યનું લક્ષ થાય છે, પણ પર્યાય દ્રવ્યમાં છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! શાંતિસાગરજી! આહાહા..! શરીર એમાં નથી, વાણી એમાં નથી, પરદ્રવ્ય એમાં નથી, રાગ એમાં નથી પણ ધ્યાનની વીતરાગી મોક્ષના માર્ગની પર્યાય દ્રવ્યમાં નથી. આહાહા..! બહુ ગંભીર છે. વસ્તુ એવી છે. એમાં દૃષ્ટિ કરાવવી છે. જેમાં પર્યાય નથી એવા દ્રવ્યમાં દૃષ્ટિ કરાવવી છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૩, મંગળવાર, તા. ૨૩-૦૯-૧૯૭૫, કળશ-૧૧૯, પ્રવચન નં. ૪૧

૧૧૯ કળશ. પરમાર્થ-પ્રતિક્રમણ (અધિકાર). જરી ઝીણો વિષય છે. જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વરે એમ કહ્યું છે કે '**પ્રગટપણે સદાશિવમય...**' આ આત્મા જે દ્રવ્ય વસ્તુ છે એ શરીરરહિત, કર્મરહિત પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત અને એક સમયની પર્યાયથી રહિત (છે). ઝીણી વાત, ભગવાન! કોઈ દિ' અનંતકાળમાં એ વાત એને બેઠી નથી, સાંભળી નથી. આહાહા..! શું થાય? એવો જે ભગવાન આત્મા જે પ્રગટ સદાશિવમય (છે). વસ્તુ જે છે ધ્રુવ, ચૈતન્ય ધ્રુવ એ કર્મ, શરીર આદિ પરચીજથી તો રહિત છે, પણ એનામાં એ પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ વિકલ્પ અને મેલ છે એથી પણ પ્રભુ રહિત છે. આહાહા..! આવું તત્ત્વ એને.. એથી તો રહિત છે, પણ વર્તમાનમાં એ વસ્તુનું ધ્યાન કરે નિર્વિકલ્પ અનુભવ (કરે), ચૈતન્ય વસ્તુનું ધ્યાન નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્યને અવલંબને થતી દશા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન એટલે વિકલ્પ વિનાની ચીજની પ્રતીતિ અનુભવ, એનું સ્વસંવેદન જ્ઞાન અને નિશ્ચય સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર, એ ત્રણ નિર્વિકલ્પ પર્યાય છે. આહાહા..! શેઠ! એ પર્યાય પણ, ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે કે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ જે પ્રગટ શિવમય વસ્તુ એમાં એ પર્યાય નથી. આહાહા..! ભારે માર્ગ! સમજાય છે કાંઈ? આ દેહ, વાણી, મન આ તો જડ છે, એ તો આત્મામાં છે નહિ. એની ક્રિયા થાય એ આત્મામાં છે જ નહિ. અંદરમાં દયા, દાન, વ્રત, તપનો ભાવ થાય એ પણ એક શુભરાગ છે, વિકલ્પ છે. આહાહા..! એ આત્મામાં નથી. એમ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના પાપની વૃત્તિઓ થાય એ પણ વસ્તુમાં નથી.

અહીં તો એ ઉપરાંત પરમાત્મા એમ ફરમાવે છે.. આહાહા..! છેને? અહો..! જિનેન્દ્ર પ્રભુ! તારું નયનું કથન કોઈ ઈન્દ્રજાળ જેવું છે. આહાહા..! એક બાજુ એમ કહેવું કે પુણ્ય એન પાપના, દયા, દાન, વ્રત, તપનો ભાવ એ શુભરાગ છે, એ ધર્મ નથી. અને શુદ્ધ દ્રવ્ય મારું છે એ શુદ્ધ દ્રવ્યનું કથન છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા નિર્મળાનંદ પ્રભુ છે એ તો. સચ્ચિદાનંદ સ્વરૂપ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એની ચીજ જે વસ્તુ છે ધ્રુવ જે સમ્યગ્દર્શનનો વિષય (એ સિદ્ધ સમાન છે). ઝીણી વાત, ભગવાન! અત્યારે તો આ ચાલતું નથી એટલે એવું લાગે કે આ તે શું છે? આહાહા..! જિનેન્દ્ર દેવને ભક્ત એમ કહે છે, હે પ્રભુ! તું એક બાજુ એમ કહે કે આત્માની પર્યાયમાં શુભ-અશુભભાવ થાય એ મારા છે એમ શુદ્ધ દ્રવ્યનું કથન છે. પ્રવચનસાર-૧૮૯. આહાહા..!

એક બાજુ એમ કહે, પ્રભુ! આ આત્મા પર્યાયરહિત ન હોય અને પર્યાય દ્રવ્યરહિત ન હોય. એક બાજુ પ્રભુ એમ તું કહે. બીજી બાજુ તું એમ કહે, પ્રભુ! કે શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ ધ્રુવ એમાં જે મોક્ષનો માર્ગ અંતર દ્રવ્યને અવલંબે, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય દ્રવ્યને આશ્રયે થાય, દ્રવ્યને અવલંબે સ્વસંવેદન આત્માના આનંદનું વેદન થાય એ જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા, આનંદમૂર્તિ પ્રભુ એમાં રમણતા એ ચારિત્ર. પંચમહાવ્રતના વિકલ્પ-ફિકલ્પ એ ચારિત્ર નહિ. આહાહા..! એક બાજુ એમ કહે, પ્રભુ! તું પંચમહાવ્રતના વિકલ્પનો કર્તા જીવ છે. આહાહા..! નયમાં આવે છેને? ૪૭ નય. કર્તાનય. આહાહા..! શુભ-અશુભ રાગ, પુણ્ય-પાપના ભાવ જે બંધના કરનાર છે એ ભાવનો કર્તા જીવ છે. કેમકે એની પર્યાયમાં થાય છે. આહાહા..! એક બાજુ એમ કહે પ્રભુ તું કે રાગ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનું ભોક્તા દુઃખનું વેદન એ મારામાં છે, જ્ઞાનનો નય એમ જાણે છે. એક બાજુ પ્રભુ તું એમ કહે કે '**પ્રગટપણે સદાશિવમય...**' વસ્તુ જે ભગવાન આત્મા ધ્રુવ જે છે એ પ્રગટ છે, વ્યક્ત છે આહાહા..! અને સદાશિવમય છે. ત્રિકાળ કલ્યાણમય, આનંદમય પ્રભુ આત્મા ધ્રુવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ શ્લોક તો છેલ્લામાં છેલ્લું સત્ય છે એ આવ્યું છે. આહાહા..!

પ્રભુ! તું એમ કહે છો નાથ! કે પ્રગટ સદાશિવમય ધ્રુવ આત્મા ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપ આત્માનું ધ્રુવ, પ્રગટ શિવમય નિરંતર કલ્યાણમય, એ તો નિરંતર કલ્યાણમૂર્તિ જ પ્રભુ છે ધ્રુવસ્વરૂપ. આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે અને એ સમ્યગ્દર્શનનો વિષય હોવા છતાં, પ્રભુ! તું એમ કહે છો કે એ સમ્યગ્દર્શનની પર્યાયમાં નથી. આહાહા..! શેઠ! આ તમારી હાજરીમાં આવ્યું સારું બધું આ. વાત સાચી. આહાહા..! પ્રભુ! તું શું છો? ભાઈ! આહાહા..! તું ત્રિકાળ આનંદની મૂર્તિ પ્રભુ, કલ્યાણની મૂર્તિ, કલ્યાણસ્વરૂપ ત્રિકાળ તારું નિરંતર અંદર પડ્યું છે. આહાહા..! એ વસ્તુમાં એનું સમ્યગ્જ્ઞાન થાય સ્વરૂપ સન્મુખનું. શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નથી કાંઈ. આહાહા..! એનું સમ્યગ્દર્શન થાય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નથી. સમજાય છે કાંઈ?

પ્રગટ વ્યક્તપણે સદા કલ્યાણમય પ્રભુ ધ્રુવસ્વરૂપ એમાં '**એવા પરમાત્મતત્ત્વને વિષે...**' આહાહા..! એવું પરમાત્મતત્ત્વ એટલે આ આત્મા હોં! પરમાત્મા ભગવાન થયા એ એની પાસે રહ્યા. પરમ આત્મતત્ત્વ નામ પરમસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ એવું જે પરમાત્મતત્ત્વ એને '**વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' આહાહા..! પરમ શુદ્ધનય જે ધ્રુવ ચૈતન્યને કહેનાર એ શુદ્ધનય ભગવાને કહી કે ત્રિકાળી જે ધ્રુવસ્વરૂપ છે એ શુદ્ધનય આહાહા..! એમાં આનંદની દશા મોક્ષમાર્ગની દશા, સાચો મોક્ષમાર્ગ હોં! (તે એને વિષે નથી). વિકલ્પ રાગની ક્રિયા એ મોક્ષમાર્ગ છે જ નહિ. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ છે એ રાગ, એ તો રાગ છે. એ મોક્ષમાર્ગ ધર્મમાં નથી, એ તો બંધમાર્ગમાં છે.

આહાહા..! પ્રભુ! માર્ગ ઝીણો બહુ, બાપુ! તારો જે આત્મા આનંદ સદા નિરંતર કલ્યાણમય પ્રભુ એને જેણે વર્તમાન પર્યાયમાં પ્રાપ્ત કર્યો. અનાદિથી પર્યાયમાં રાગની પ્રાપ્તિ છે એ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચાહે તો દયા, દાન, વ્રતનો, તપનો વિકલ્પ હોય અપવાસ કરું, એ બધો રાગ વિકલ્પ રાગ છે. એ રાગ પર્યાયમાં માને છે મારો, એ મિથ્યાદૃષ્ટિ જીવ છે, એ જૈન નથી, એને જૈનની તત્ત્વની ખબર નથી. આહાહા..! પણ પ્રભુ તું તો એમ કહે છો... આહાહા..! જે એ રાગથી રહિત અને પર્યાય જે છે ધર્મની એનાથી રહિત એવું તત્ત્વ છે તેના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષનો માર્ગ જિનેન્દ્રએ કહ્યો એવો સાચો પ્રગટ થાય... આહાહા..! એ પણ પ્રભુ તું ધ્રુવમાં છે એમ ના પાડે છે. આહાહા..! જે પર્યાય મોક્ષમાર્ગની સાચી હોં.. અત્યારે તો એ બધો ગોટો ચાલે છે. શું થાય? અરેરે! અનાદિથી લૂંટાણો છે ઈ. એને ખબર નથી કે હું કોણ છું? ત્રિકાળ શું ચીજ છે? એની એને દૃષ્ટિની અંતરના અનુભવની રુચિની ખબર નથી. એને કહે છે કે ભાઈ! તું એકવાર સાંભળતો ખરો, પ્રભુ!

જિનેન્દ્રદેવનું એમ કથન છે... આહાહા..! કે પ્રગટ સદાશિવમય. શબ્દ એમ પડ્યો છેને? વ્યક્ત છેને? વ્યક્ત શબ્દ છે. આહાહા..! '**व्यक्तं सदाशिवमये**' એમ શબ્દ પડ્યો છે. બીજું પદ છે. શરીર, વાણી નહિ, દયા, દાનના વિકલ્પ નહિ. એ બધા પુણ્યબંધના કારણ, એ ધર્મ નહિ; પણ જે ધર્મી એવો ભગવાન નિત્યાનંદ પ્રભુ એને આશ્રયે થયેલું, એને અવલંબે થયેલું જે નિશ્ચયસમ્યગ્દર્શન-આનંદના વેદનસહિત. આહાહા..! એને સ્વસંવેદનજ્ઞાન થયું અતીન્દ્રિય આનંદના વેદનવાળું, એ જ્ઞાન અને એ જ્ઞાન (સહિત) સ્વરૂપમાં સ્થિરતા, રમણતા, આનંદસ્વરૂપ કલ્યાણમયમાં રમણતા એટલે આનંદની રમણતાની દશા એ ચારિત્ર. આહાહા..! પ્રભુ! તું એમ કહે છો કે એ ત્રણે પરમાત્મતત્ત્વમાં નથી. આહાહા..!

જેણે જેને જાણ્યું, જેણે જેને માન્યું, જે જેમાં સ્થિર થયો એ ચીજ અંદરમાં નથી, કહે છે. પોપટભાઈ! આહાહા..! આતમરામની જિનેન્દ્રની કથની કોઈ જુદી છે. આખી દુનિયામાં એનાથી ફેર છે. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. ત્યાં મુનિરાજ ગયા હતા. આહાહા..! સંવત ૪૯. કુંદકુંદાચાર્ય દિગંબર સંત ત્યાં ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા. આહાહા..! સમવસરણમાં દિવ્યધ્વનિ સાંભળી અને કેટલાક ખુલાસા શ્રુતકેવળી મુનિઓ હતા એની પાસે થયા. સાચા મુનિ હતા અનુભવી. સમ્યગ્દૃષ્ટિ આનંદના વેદનારા અને એ આનંદના વેદનસહિત જેને ચારિત્રદશા હતી. બાપુ! ચારિત્ર કોઈ અલૌકિક વાતું છે. અત્યારે જે આ માની બેઠા છે કે આ પાંચ મહાવ્રતની ક્રિયા કરીએ એ ચારિત્ર એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, પ્રભુ! ભક્ત કહે છે પ્રભુને. સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રભુને કહે છે, પ્રભુ! તારી આ નયની કથની ઈન્દ્રજાળ જેવી છે. આ ઈન્દ્રજાળ અહીં ફેલાવે છેને. બહુ વિસ્તાર

કરે અને પાછા સંકેલી લે, એમ પ્રભુ તું નયના વિસ્તારની વ્યાખ્યા જ્યાં કરવા જા છો ત્યાં (એમ કહે છે કે) એકકોર પર્યાય આત્માની છે, એ રાગ આત્માનો છે, પુણ્ય પરિણામ દયા, દાન આત્માના પરિણામ છે. ભલે એ અધર્મ છે, પણ છે આત્માના. આહાહા..! આત્મામાં. સમજાય છે કાંઈ? બીજી રીતે વળી કહેવા જા તો કહે છે કે પર્યાયમાં રાગ-દ્વેષ નથી. રાગ-દ્વેષ વિકાર ભિન્ન ચીજ છે, એ પર્યાય નિર્મળ પર્યાયમાં એ છે નહિ. ત્રીજી રીતે કહેવા જાય ત્યાં પ્રભુ નિર્મળ પર્યાય દ્રવ્યમાં નથી. આહાહા..! આ શ્લોક ઊંચામાં ઊંચો આવ્યો શેઠ! તમારી હાજરીમાં આવ્યું. આહાહા..!

જે સદા પ્રગટ શિવમય, આનંદમય પ્રભુ (છે) એવું જેણે સમ્યગ્જ્ઞાનથી જાણ્યું અને એવું જેણે સમ્યગ્દર્શનથી શ્રદ્ધામાં લીધું... આહાહા..! અને એ સમ્યગ્દર્શન અને જ્ઞાનસહિત ભગવાન આનંદમય સદા કલ્યાણમયમાં જેણે રમઝટ રમણતા જેણે પ્રગટ કરી, આહાહા..! આનંદની છોળું જેણે ઉછાળી અંદરથી એવી જે ચારિત્રદશા આહાહા..! પ્રભુ તું એમ કહે છો કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પર્યાય એ પર્યાય છે, એ અવસ્થા છે, ત્રિકાળીમાં એ નથી. આહાહા..! શેઠ! આ બધું સાંભળવાનું પહેલું વહેલું આવ્યું હશે. આહાહા..! શું થાય? માણસને લૂંટી નાખ્યો છે. અરેરે! અને માને છે કે અમે ધર્મ કરીએ છીએ. આહાહા..!

બાપુ! અહીં તો પ્રભુ એમ કહે છે, વ્યક્ત પ્રગટ ધ્રુવતત્ત્વ પ્રભુ જે ઉત્પાદ-વ્યયની પર્યાય મોક્ષમાર્ગની છે, એ પ્રગટ શિવમય, કલ્યાણમય પ્રભુ આત્મા પરમાત્મા એ પોતે પરમાત્મા એમાં આ ધ્યાનની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય એમાં આપ કહેતા નથી અંદરમાં. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ પ્રભુનો, બાપુ! અત્યારે તો બધું એવું કરી મૂક્યું છે. મિથ્યાત્વ માર્ગમાં બધો ધર્મ માની બેઠા છે. સમજાણું કાંઈ? આ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, અપવાસ-બપવાસ કરવા એ ધર્મ. અરે બાપુ! એ તો વિકલ્પ રાગ છે તને ખબર નથી. આહાહા..!

**શ્રોતા :-** ભગવાને તો કર્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાને કર્યા જ નથી એવા. ભગવાને તપ કર્યા તો એ આત્માના આનંદમાં રમતા એ તપ હતું. લોકોને ખબર નથી, શું કરે? ભગવાને બાર વર્ષ તપ કર્યા ત્યારે કર્મ ખપ્યા. એવી વાતું કરે બધી, અમે પણ કરતાને પહેલા. સંપ્રદાયમાં પહેલા શરૂઆતમાં. આહાહા..! બાપુ! એ માર્ગ એમ નથી, ભાઈ! ભગવાને તપ એ કર્યો હતો કે ભગવાન સદા આનંદ કલ્યાણમય પ્રભુ આત્મા એમાં લીન થયા અને ઈચ્છાની ઉત્પત્તિ ન થઈ અને જેમ સોનું ગેરુથી શોભે, સોનું ગેરુ (લગાવવાથી) ચમક આવે ચમક; એમ ધ્રુવ પ્રભુ આત્મા સદા કલ્યાણમયમૂર્તિ પ્રભુ આત્મા નિત્યાનંદ એમાં રમણતા કરતાં એમાં આત્માની પર્યાયમાં તપતા ચમક આવે, આનંદની ચમક આવે એને તપસ્યા કહેવામાં આવે છે. એવી તપસ્યા ભગવાને કરી હતી. આહાહા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગેરુ નથી લગાવતા? ગેરુ કહે છેને? સુવર્ણ ઉપર. તો સુવર્ણમાં ચમક આવે. ગેરુ લગાડતા ચમક આવે. એમ ભગવાન આત્મા સદાશિવમય આનંદનો નાથ પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો છે. છલોછલ-લબાલબ અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલું તત્ત્વ નિત્ય છે. એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન કર્યું અને એમાં લીનતા, આનંદની લીનતા એવી ચમક આવી કે જેમાં ઈચ્છાની ઉત્પત્તિ ન થઈ. એને પરમાત્માએ તપ કહ્યો અને એ તપ પરમાત્માએ કર્યો હતો. આ તો બધી લાંઘણું છે. તપ કે દિ' હતા?

**શ્રોતા** :- કરતાં-કરતાં થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું ધૂળ કરતાં-કરતાં થાય? લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે? ભાઈ! ઝીણી વાત, બાપા! પ્રભુ! શું કહીએ! આહાહા..! માર્ગને લજવ્યો છે જીવોએ. શું થાય? આખી વાત ફેરફાર કરી નાખ્યો.. એ ક્રિયાનો રાગ કરતાં-કરતાં શ્રદ્ધા-જ્ઞાન થાય. મહા મોટું મિથ્યાત્વશલ્ય છે. આહાહા..!

અહીં તો પ્રભુ આગળ જઈને હવે વાત કરે છે. આહાહા..! રાગથી તો નિશ્ચય પર્યાય થાય નહિ... આહાહા..! પણ દ્રવ્યથી પર્યાય ન થાય. બાપા! પ્રભુ! માર્ગ આ તો વીતરાગ છે. જિનેન્દ્ર ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર. આહાહા..! અરે..! એવી વાત જગતમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ? આ શાસ્ત્રમાં છે કે નહિ? શેઠ! ભાઈ એમ કહે છે કે એમાં છે કે નહિ? આહાહા..!

પ્રભુ! તારા ધ્રુવની બલિહારી છે. એ શું ધ્રુવ છે એની તને ખબર નથી. અંતર '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એમ કહેવાય છેને? '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. તો ઉત્પાદ-વ્યય એ પર્યાય છે અને એ વિનાની ત્રિકાળી ચીજ તે ધ્રુવ છે. હવે અહીંયાં પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તારું જે પરમાત્મતત્ત્વ ધ્રુવ છેને એ પ્રગટ શિવમય કલ્યાણમય નિરંતર કલ્યાણમય સદા એ છે. નિરંતર કલ્યાણમય. એવા નિરંતર કલ્યાણમય ભગવાન આત્મા એને જેણે જ્ઞાનની પર્યાયમાં પ્રાપ્ત કર્યો, શ્રદ્ધાની પર્યાયમાં એનો સ્વીકાર થઈને શ્રદ્ધા કરી અને એ સ્વરૂપમાં રમણતા કરતાં, આનંદમાં રમતા અતીન્દ્રિય આનંદના સ્વાદની ઉગ્રતા પ્રગટ કરતાં જેણે ચારિત્ર પ્રગટ કર્યું. આહાહા..! આ ચારિત્ર. આ લૂગડા ફેરવ્યા અને નાગા થયા માટે ચારિત્ર થઈ ગયું, પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર-ફારિત્ર નહિ. એ તો અચારિત્ર વિકલ્પ અને રાગ છે. શાંતિભાઈ! અમારે શાંતિભાઈ દિગંબર સાધુ થવાના હતા. ગૃહસ્થ છે દિલ્હીના. પણ રહી ગયા. અહીંનું સાંભળ્યું કે અરે! માર્ગ બાપા જુદી જાતનો છે. તારા સાધુપણા ક્યાં આવ્યા? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી ત્યાં સાધુપણું ક્યાંથી આવી ગયું? આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે, પ્રભુ! પ્રગટપણે વ્યક્ત. લ્યો, ઓલામાં અવ્યક્ત કીધું છ બોલમાં. એ તો પર્યાયની અપેક્ષાએ બહાર નથી એટલે વ્યક્ત કીધું. વસ્તુની અપેક્ષાએ પ્રગટ છે. વસ્તુ છે. આહાહા..!

શ્રોતા :- અનુભવમાં આવે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનુભવમાં આવતું નથી, એ તો વસ્તુ પ્રગટ છે. અનુભવમાં આવે તો પર્યાયમાં આવે છે. વસ્તુ પ્રગટ છે તો પર્યાયમાં-અનુભવમાં આવે છે. અવ્યક્ત છે વસ્તુ એમ નહિ, એમ કહે છે. આહાહા..! વસ્તુ પોતે પ્રગટ છે, શિવમય છે, નિરંતર પ્રગટ કલ્યાણમય છે. એનું જે સમ્યગ્દર્શન... આહાહા..! ભાઈ! વીતરાગે કહ્યું સમ્યગ્દર્શન એ બહુ અલૌકિક વાત છે! અત્યારે તો બહુ મુશ્કેલ થઈ પડ્યું જગતને. બહારમાં ઘૂંચીને પડ્યા બિચારા. અરેરે! ભવને હારી જવાના રસ્તા છે બધા. અહીં તો ભવનો અભાવ કરવાનો પંથ એમ છે, કહે છે.

જેમાં ભવ અને ભવનો ભાવ નથી. પ્રગટ સદા શિવમય, કલ્યાણમય પ્રભુ એમાં ભવ અને ભવનો ભાવ નથી, પણ ભવના અભાવની પર્યાય જે મોક્ષમાર્ગની એ પણ એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! માર્ગ વીતરાગનો (કોઈ અલૌકિક છે)! જિનેન્દ્રદેવ પરમાત્મા ત્રિલોકનાથ એની દિવ્યધ્વનિમાં ઇન્દ્રો અને ગણધરોની સાક્ષીમાં સભામાં બેઠેલા. સીમંધર ભગવાન પાસે ઇન્દ્રો અને ગણધરો છે. સભામાં વર્તમાન દિવ્યધ્વનિ છૂટે છે ત્યાં. ભગવાન બિરાજે છે. વિહરમાન જીવંતસ્વામી જીવતા સ્વામી. તીર્થંકરો જે ચોવીસ એ તો મોક્ષમાં પધાર્યા. એ તો નમો સિદ્ધાણંમાં આવ્યા. આ નમો અરિહંતાણંમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એની દિવ્યધ્વનિ ૐ ધ્વનિ ઉઠે છે એમાં આ માર્ગ આવ્યો. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાતું!

એક કોર પંચાસ્તિકાયમાં એમ કહે ભાઈ! પર્યાય દ્રવ્ય વિના ન હોય અને દ્રવ્ય પર્યાય વિના ન હોય. આહાહા..! એ તો પરથી (ભિન્ન) બેને સિદ્ધ કરવા (એમ કહ્યું છે). પ્રભુ! તારા નયની શૈલી તે કોઈ ઇન્દ્રજાળ જેવી છે. પંચાસ્તિકાયમાં આવે છે, શરૂઆતમાં આવે છે. પર્યાય વિહુણ દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિહુણ પર્યાય ન હોય. આહાહા..! એ તો બેને પરથી ભિન્ન સિદ્ધ કરવું છે. અહીં તો હવે કહે છે કે દ્રવ્યમાં પર્યાય નથી. આ બેની અંદર વાત છે. હવે છેલ્લામાં છેલ્લું ભેદજ્ઞાન. સમજાણું કાંઈ? આહાહા..!

'**પ્રગટપણે સદાશિવમય...**' વ્યક્તપણે નિરંતર કલ્યાણમય પ્રભુ. એવું જે પરમાત્મતત્ત્વ, એવું જે ધ્રુવતત્ત્વ, એવો જે સહજાત્મસ્વરૂપ ભગવાન આત્માનો સ્વભાવ, પારિણામિક સ્વભાવભાવ પરમપારિણામિક સ્વભાવભાવ એવા તત્ત્વને '**વિષે ધ્યાનાવલી...**' નીચે છે, ધ્યાન-આવલી. આવલી એટલે પંક્તિ. '**ધ્યાનપરંપરા.**' આનંદનું ધ્યાન હોં અંદર. આનંદની ધ્યાનની અવસ્થા શુદ્ધ થોડી, પછી વિશેષ શુદ્ધ, પછી વિશેષ શુદ્ધ આનંદની ધારા. એવી ધ્યાનની પંક્તિઓની પરંપરાની ધારા. આહાહા..! પણ શુદ્ધનય પરમાત્મતત્ત્વમાં કહેતો નથી. આહાહા..! શાંતિભાઈ! શાંતિભાઈ! આહાહા..! આવો માર્ગ પ્રભુ! અરે..! એને સાંભળવા મળે નહિ. અરે! કે દિ' સમજે અને કે દિ' રુચિ કરે અને કે દિ' અંતરમાં જાય? આહાહા..!

શું થાય? જગત લૂંટાણું છે બાહ્યદૃષ્ટિથી અને પ્રરૂપકો પણ એવા મળ્યા.

ઓલામાં આવે છેને 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા' દ્રવ્યક્રિયા એ દયા, દાન, વ્રત, તપના પરિણામ એ દ્રવ્યક્રિયા છે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવધર્મ રુચિ હીણ અને ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન?' બિચારા શું કરે? આવે છેને? એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ, આ જાત્રાના ભાવ અને એ બધો શુભરાગ છે, બાપુ! તને ખબર નથી, ભાઈ! એવું તો અનંતવાર કર્યું છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારણ કર્યા, નગ્નપણે રહ્યો, દિગંબર મુનિ થયો, 'પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ એ વિકલ્પથી રહિત ભગવાન પૂર્ણાનંદ પ્રગટ શિવમય સદા છે એનો એને શ્રદ્ધાનો સ્વાદ ન આવ્યો. કેમકે એ તરફનું વલણ નહિ. વલણ આ ક્રિયા કરવી ને આ કરવું ને આ કરવું. આહાહા..! સમજાય છે કાંઈ? પોપટભાઈ! આહાહા..!

સત્ તો આવું છે. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથની વાણીમાં સત્ તો આ આવ્યું છે. ગણધરોએ ઝીલ્યું છે, ઈન્દ્રોએ કબુલ્યું છે. ઈન્દ્રો સભામાં (સાંભળવા આવે છે). એકાવતારી શક્રેન્દ્ર છે અત્યારે સુધર્મદેવલોક છેને? ૩૨ લાખ વિમાન છે. એક-એક વિમાનમાં ઘણામાં તો અસંખ્ય દેવ છે. ૩૨ લાખ (વિમાન)નો સ્વામી છે ઈન્દ્ર અત્યારે. અને એની એક રાણી છે શક્રેન્દ્રની. બેય એકભવતારી છે, એવો સિદ્ધાંતમાં લેખ છે. બેય જણા મનુષ્યનો એક ભવ કરીને મોક્ષ જવાના છે. પોપટભાઈ! એ ૩૨ લાખ વિમાન મારા માનતો નથી. એમાં હિંસાના ભાવ થાય કોઈ વિષયના એને મારા માનતો નથી. એને ભગવાનની પૂજાનો (ભાવ આવે તેને મારા માનતો નથી). ત્યાં શાશ્વત મંદિર છે. સ્વર્ગમાં શાશ્વત દેવાલય છે, જિનપ્રતિમાઓ છે. શેઠ! શાશ્વત જિનપ્રતિમાઓ છે એની પૂજા કરે છે. નંદીશ્વરદ્વીપમાં બાવન જિનાલય છે. એક-એક જિનાલયમાં રત્નની ૧૦૮ પ્રતિમાઓ વીતરાગની છે. ઈન્દ્રો કારતક સુદ આઠમથી પૂનમ, ફાગણ સુદ આઠમથી પુનમ, અષાઢ સુદ (આઠમથી) પૂનમ નંદીશ્વર પૂજા કરવા જાય છે. એ ધર્મ પુણ્યભાવ છે, એ ધર્મ નથી. એ તો અશુભથી બચવા માટેનો ભાવ છે, ધર્મ નહિ.

અહીં તો કહેવું છે કે એવા જે ઈન્દ્રો એ જ્યારે સભામાં, ભગવાનની સભામાં બેઠા હોય છે, જેને એક ભવે તો મોક્ષ જાવું છે, દેવનો દેહ છેલ્લો, મનુષ્ય છેલ્લો પામી ત્યાં ચરમશરીરી મોક્ષ જવાના છે, એ ઈન્દ્રની વચ્ચે અને ગણધરની વચ્ચે ભગવાનની આ વાણી હતી. સમજાય છે કાંઈ? અરે આત્મા! પ્રગટ સદાશિવમય પ્રભુ તું છો અંદર આનંદનો નાથ. ઈશ્વરતા, પ્રભુતા પૂર્ણ પડી છે તારામાં. એવા પરમાત્મતત્ત્વ, ધ્રુવતત્ત્વ એમાં એનું ધ્યાન કરવું અને મોક્ષનો માર્ગ પ્રગટ કરવો એ પર્યાય શુદ્ધનયના વિષયમાં ભગવાન ના પાડે છે (કે) એ પર્યાય એમાં નથી. આહાહા..! સંસાર તો એમાં નથી, સંસાર એટલે રાગ ઉદયભાવ, પણ આ જે ક્ષયોપશમ-ક્ષાયિકભાવની પર્યાય નિર્મળ... આહાહા..! એ શુદ્ધનય કહેતો નથી. ત્રિકાળને બતાવનાર દૃષ્ટિનો વિષય એને એ શુદ્ધનય એમ કહેતો નથી કે તારામાં એ ધ્યાનની

દશાઓ છે. આહાહા..! બહુ આકરી વાત.

**શ્રોતા :-** પરમસત્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમસત્ય છે. પ્રભુ! શું થાય? સાંભળવા મળે નહિ અને બહારમાં કડાકૂટામાં પડ્યા. આહાહા..! ભગવાનની પૂજાઓ સમવસરણમાં અનંતવાર કરી છે. સાક્ષાત્ ભગવાન હોં. ત્રિલોકનાથ તીર્થંકરદેવ જ્યાં જ્યાં બિરાજે છે. મહાવિદેહમાં તો સદા તીર્થંકર હોય છે અને ત્યાં જન્મ અનંતવાર લીધો છે. ભગવાન મહાવિદેહમાં તો તીર્થંકર સદાય હોય છે. એના જન્મ વખતે ભગવાનના સમવસરણમાં ત્યાં મનુષ્ય થઈને અનંતવાર ગયો છે અને ભગવાનની પૂજાઓ ત્યાં કરી છે. હીરાના થાળ, મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલ (થી પૂજાઓ કરી) એ બધો શુભભાવ છે, ધર્મ નથી. એવું તો અનંતવાર કર્યું છે ત્યાં મહાવિદેહમાં. ધર્મ હોય તો જન્મ-મરણનો અંત આવવો જોઈએ. શુભભાવ હોય તો પુણ્ય બંધાય. આ ધૂળ મળે કાંઈક આ શેઠાઈ જે કહેવાય છે ધૂળના. સુકનલાલજી! આ ધૂળના શેઠ કહેવાયને આ પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ, અબજપતિ. સ્થાનકવાસીમાં બે અબજપતિ અત્યારે છે. વિષ્ણુમાં હશે કોક મોટો, ઓલો કોણ નથી કહેતા? બિરલા. સ્થાનકવાસીમાં બે અપજપતિ અત્યારે છે. એક ઘેલશંકર જયપુરમાં આઠ કરોડ અને બીજા ભાઈ નાનાભાઈ પાસે ચાલીસ કરોડ એક અબજ અને એક સ્થાનકવાસી ગોવા, શાંતિલાલ ખુશાલ ગુજરી ગયા બિચારા હમણા. એની પાસે બે અબજ અને ચાલીસ કરોડ. બે અબજ અને ચાલીસ કરોડની ધૂળ. ૪૦-૪૦ લાખના બંગલા છે ત્યાં. વાણિયો છે જૈન સ્થાનકવાસી. ગુજરી ગયો હમણા. એની વહુ સવા વર્ષથી અસાધ્ય છે. આહાહા..! કાંઈક શું કહે છે એ? હેમરેજ થયું છે. અસાધ્ય છે. ૪૦ લાખનો મોટો બંગલો છે અને એક ૧૦-૧૦ લાખના બે બંગલા બીજા છે. બે અબજ અને ચાલીસ કરોડ રૂપિયાની જમીન ને બધું સલવાઈ ગયું છે. આહાહા..! મરતાં છેલ્લે, સાંભળ્યું છે, ૨૦ લાખ રૂપિયા ટકાને વ્યાજે લીધા. ૨૦ લાખ વાપરવા જોઈએ. મરી ગયા બિચારા બાર મહિના પહેલા, પાંચ મિનિટમાં હાર્ટ ફેઈલ થયું. મને દુઃખે છે. બૈરાને લઈને આવેલા મુંબઈ ગોવાથી. શું કહેવાય? હેમરેજ થયું હતું. એમાં પોતે દોઢ વાગે ઉઠ્યા, મને દુઃખે છે. ડોક્ટરને બોલાવો. ડોક્ટર આવ્યા પહેલા. શું કરે એના ધૂળના પૈસા? ચાલ્યા ગયા. આહાહા..! અને એ મમતાવાળા જીવ હોય. શેઠ! અવતાર એના ઢોરમાં થાય, બાપા! શું કહીએ? અરેરે! એ ૪૦ લાખના બંગલે સુનારા એ ઢોરમાં અવતરે.

**શ્રોતા :-** ગુનેગાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુનેગારી એની છે. આહાહા..! આકરી વાત છે.

પરમાત્મપ્રકાશમાં એક લેખ છે કે આ પાંચમા આરાના જીવો પૈસાવાળા જે કરોડપતિ અને અબજોપતિ થાય છે એ પુણ્યને લઈને વૈભવ મળે છે. એ કાંઈ હુશિયારીને લઈને મળે છે એમ છે નહિ. એ પુણ્યને લઈને મળેલા વૈભવનું અભિમાન એને થાય છે. અમે પૈસાવાળા

છીએ, અમે બહુ ડાહ્યા છીએ, અમને કમાતા આવડે છે. તમને શું કમાતા આવડે? સાંભળ-સાંભળ! એવા અભિમાનમાં મતિ ભ્રષ્ટ થઈ જાય છે. એવો પાઠ છે અને મતિ ભ્રષ્ટ થઈને જાય દુર્ગતિએ ચાલ્યા જાય છે. પરમાત્મપ્રકાશમાં છે, શેઠ! આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તું જો તો ખરો એકવાર. આહાહા..! તારું જે પરમાત્મ ધ્રુવતત્ત્વ જે છે ઉત્પાદ-વ્યય એટલે પર્યાય વિનાનું એને અહીંયાં પરમાત્મતત્ત્વ, પરમસ્વરૂપ તત્ત્વ કહે છે. એવા પરતત્ત્વ સ્વરૂપમાં એનું જે ધર્મધ્યાન અને શુક્લધ્યાન જે નિર્મળ નિર્વિકારીદશા, આ ધર્મધ્યાન નહિ કે આ વિકલ્પથી વ્રત પાળ્યા અને ભક્તિ કરી અને પૂજા કરી એ ધર્મધ્યાન છે જ નહિ, એ તો રાગનું ધ્યાન છે. આહાહા..! આ તો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન સદા નિરંતર આનંદ કલ્યાણમય એને પ્રાપ્ત કરીને પર્યાયમાં નિર્મળદશા થઈ, એ અનંતકાળમાં થઈ નહોતી એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ધ્યાનની એ પર્યાય છે બધી, સ્વરૂપમાં એકાગ્રતાની, આહાહા..! હે નાથ! તારા નયના કથનો ઇન્દ્રજાળ જેવા લાગે અમને તો. એકકોર વિસ્તાર કરે અને એકકોર સંકેલી લે પાછો. આહાહા..! એકકોર નયને .. પર્યાય એની છે, નિશ્ચયથી એની છે, રાગ નિશ્ચયથી એનો છે. રાગ ભલે પુણ્ય અને પાપનો હોય, પણ એનો એનામાં છે, માટે એનો છે. એ શુદ્ધદ્રવ્ય એમ કહે છે. એ રાગ કર્મનો છે એ અશુદ્ધદ્રવ્ય વ્યવહારનય કહે છે. આહાહા..! એને સંકેલીને હવે લાવ્યો નાથ તું... આહાહા..!

૪૭ શક્તિ છેને, ભાઈ! ૪૭ શક્તિનું જ્યાં વર્ણન કર્યું છે ગુણનું ત્યારે એને વિકારની પર્યાય લીધી જ નથી. વસ્તુ જે છે એમાં આવી ૪૭ શક્તિઓ તો અનંત શક્તિ છે. નામ ૪૭ આપ્યા કેટલાક વાણીમાં આવે વીતરાગની. એ ભગવાન આત્મા એક સમયમાં ધ્રુવતત્ત્વ છે એમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, પ્રભુતા એવી એવી શક્તિઓ અનંત છે. તો ત્યાં એવું લીધું છે કે એ અનંત શક્તિનો ધરનાર દ્રવ્ય પરમાત્મા એની જેને અનુભવની દૃષ્ટિ થાય એને નિર્મળતા હોય. એ પર્યાયમાં નિર્મળતા એની ગણી છે, રાગ થાય એને એનો ગણ્યો નથી. આહાહા..! ત્યાં તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણને નિર્મળ ગણ્યા છે. વ્યવહારનયનો વિષય નિર્મળ પર્યાય ગણી છે. નિશ્ચયનો વિષય ત્રિકાળ દ્રવ્ય ગણ્યું છે. ત્યાં તો રાગને વ્યવહારનયનો વિષય ગણ્યો નથી, એ અસદ્ભૂત છે. આહાહા..! અહીં હવે ઉડાડે છે બધું.

બાપુ! આ તો પરમસત્ય બતાવવું છે. મહાસત્ય પ્રભુ મહા ચૈતન્યઘન ભગવાન નિત્યાનંદ પ્રભુ એમાં એના ધ્યાનની દશાઓ એ એમાં છે એમ શુદ્ધનય કહેતું નથી. આહાહા..! શુદ્ધનય તો, ધ્રુવ એકાકાર છે એમાં પર્યાય નથી એમ કહે છે. આહાહા..! કહો, આવું તો સાંભળવું મુશ્કેલ કોક દિવસ (મળે), શિવલાભાઈ! આ તમારા બાપ તો કહેતા હતા કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર બધું પર? હવે અહીં તો પર્યાય પર (કહે છે). એના પિતાશ્રી હતાને તો અગાસમાં

જાય. શ્રીમદ્‌નું ત્યાં છેને ત્યાં જાય અગાસમાં. પછી ભક્તિથી થાય, ભક્તિથી થાય એમ માને. એ તો (સંવત) ૨૦૧૦ની સાલની વાત છે. ૨૦૧૦-૧૦. ૨૧ વર્ષ થયા. મ્યુનિસિપાલિટીનું મકાન છે ત્યાં વ્યાખ્યાન ચાલતું. હવે મંદિર થયું. ત્યાં ચાલતું એમાં પ્રશ્ન કર્યો કે દેવ-ગુરુ-શાસ્ત્ર પર? શુદ્ધ દેવ-ગુરુ છેને? અરે! દેવ અરિહંત ને સિદ્ધ પણ આત્માથી પર ચીજ છે. અને પરનું લક્ષ કરવા જાશે તો રાગ થયા વિના રહેશે નહિ એને. આહાહા..! પરદ્રવ્યના કારણે ઉત્પન્ન થયેલો અશુદ્ધભાવ, પોતાથી અશુદ્ધભાવ થાય. આહાહા..! છે કે નહિ? ભાઈ! આહાહા..! આ કાંઈ અહીંનું કરેલું છે? આ તો કુંદકુંદાચાર્યનું અને ટીકા છે તે પદ્મપ્રભમલધારી મુનિ બેઠા છે સામે. પદ્મપ્રભમુનિ છે એની ટીકા છે અને આ કુંદકુંદાચાર્ય વચમાં છે એનો પાઠ છે. આહાહા..! સમજાણું કાંઈ? સમયાસર અને પ્રવચનસારની ટીકા એ અમૃતચંદ્રાચાર્યની છે, આ ટીકા પદ્મપ્રભમલધારિદેવની છે. આ શ્લોક એમનો કરેલો છે.

મુનિરાજ છે ભાવલિંગી સંત નગ્નદિગંબર વનવાસી. મુનિ હોય એ વનમાં રહેતા હોય છે. આ બધી ગડબડ પછી થઈ ગઈ. મુનિપણું જેને અંદર પ્રગટ થાય (એને) આનંદની લહેર ઉછળતી હોય જ્યાં. આહાહા..! જેને મનુષ્યનો પગરવ પણ જેને ઠીક ન પડે. એકાંત જંગલમાં વસે નગ્ન. સમજાય છે કાંઈ? એને ચારિત્રવંત કહીએ. બાકી ચારિત્રવંત બીજા હોઈ શકે નહિ. એ ચારિત્રવંતની પર્યાય પણ દ્રવ્યમાં નથી એમ શુદ્ધનય કહે છે. આહાહા..! છે? પુસ્તક છેને સામે? નામા મેળવે છે કે નહિ દશેરામાં વાણિયા? દિવાળીનું નામું લખે તો દશેરાએ નથી મેળવતા? તારામાં લેણું કેટલું? દેણું કેટલું? જુઓ, ઓલો કહે મારા દસ હજાર નીકળે, ઓલો કહે પણ પાંચ હજાર નીકળે છે તમારા. મેળવો ત્યારે. આહાહા..! એમ આ ભગવાનની વાણી છે. મેળવો તો ખરા પ્રભુ! તમે આત્મા છોને, નાથ! આહાહા..! અને તારી વાત તો ચાલે છે આ. આહાહા..!

હવે, એ (ધ્યાનાવલી) છે (એમ) **'શુદ્ધનય કહેતો નથી.'** આનંદની દશાની મોક્ષમાર્ગની દશા, સાચા મોક્ષમાર્ગની હોં! જે આનંદની દશા દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ દ્રવ્યમાં, ધ્રુવમાં નથી એમ શુદ્ધનય કહે છે. ત્યારે હવે કહે છે કોણ એને? છે તો ખરું. મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકારી દશા છે તો ખરી. એ ધ્રુવમાં નથી એમ કહ્યું. હવે છે શેમાં? **'એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે.'** આહાહા..! પર્યાયનો માર્ગ એ વ્યવહારમાર્ગ છે. મોક્ષમાર્ગ સાચો એ વ્યવહાર હોં! રાગ ને ક્રિયા ને એ વ્યવહાર-ફ્યવહાર નહિ, એ તો અસદ્‌ભૂત જૂઠ છે. આહાહા..! મુનિ જંગલમાં રહીને આ જ્યારે શ્લોક બનાવતા હશે કેટલી ધૂન હશે! આહાહા..! કહે છે કે વિકલ્પ તો મારામાં નથી, પણ વિકલ્પરહિત જે દશા પ્રગટી તે ધ્રુવમાં નથી. ત્યારે છે શેમાં? છે તો ખરો. કે વ્યવહારમાર્ગમાં સતત (કહ્યું છે). પર્યાયનો માર્ગ એ વ્યવહારમાર્ગ. દ્રવ્યમાર્ગ એ નિશ્ચયમાર્ગ ધ્રુવ. અને પર્યાયમાં મોક્ષમાર્ગ સાચો પ્રગટ્યો સાચું સમકિત. શુદ્ધ નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ એ સમકિત. આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ શ્રદ્ધા

સમકિત નથી, એ તો રાગ છે. આહાહા..! નવ તત્ત્વની પણ ભેદવાળી શ્રદ્ધા એ સમકિત નથી. એ પણ રાગ છે. આહાહા..!

અહીંયાં કહે છે '**વ્યવહારમાર્ગે સતત કહ્યું છે.**' ઓહોહો..! સતત એટલે નિરંતર જ્યારે કહેવામાં આવ્યું ત્યારે પર્યાયમાર્ગમાં કીધું છે ઈ. સમજાણું કાંઈ? આહાહા..! ત્રિકાળી દ્રવ્ય છે તે નિશ્ચય છે અને મોક્ષમાર્ગ સાચો પ્રગટ્યો જે આનંદની દશાસહિત એ પર્યાયમાં છે અને પર્યાય તે વ્યવહાર છે. એ સદ્ભૂતવ્યવહારમાર્ગમાં તે કહેવામાં આવ્યું છે. આહાહા..! અહીં તો હજી વ્યવહારના, પંચમહાવ્રતના પરિણામ જે છે એના પણ ઠેકાણા ન મળે. અસદ્ભૂત વ્યવહારના ઠેકાણા ન મળે. એને માટે આહાર કરે, પાણી કરે અને લે. ત્યાં ઠેકાણા ક્યાં છે તારા? વ્યવહારના અસદ્ભૂતવ્યવહારના પણ ઠેકાણા નથી. એના માટે આહાર-પાણી કર્યા હોય, વેચાતા મોસંબી લાવે, કેરીના રસ બનાવે, લે અરે! એ તો ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? એ તો વ્યવહારનો અસદ્ભૂતવ્યવહાર એમાં પણ ઠેકાણા નથી. એ તો બધી ખબર છેને. બધું જોયું છેને ત્યાં. રસોડું ચાલે છે ત્યાં. આ બાજુ રસોડું છે. લેવા જાય છે. અરે..! હતું કે દિ'. આહાહા..! આ દિગંબર સાધુ માટે ચોકા નથી કરતા? શેઠે કર્યા હશે. મોટપ હોય એ બધું સાચવવા માટે બધા કરે તો કરવું પડે કે નહિ? શું કીધું?

**શ્રોતા :-** શહેરમાંથી ભૂખ્યા જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે! ભગવાન! માર્ગ બાપા! શું કહે? એને ઉદ્દેશીને જે કાંઈ વેચાતું લાવે, બનાવે એ બધું લેવાને લાયક નથી, એને લે તો પાપના પરિણામ છે. આહાહા..! જાંજરીજી! પરમસત્ય છે. તમે કર્યું હતું કે નહિ કોઈ દિ' એવું? કર્યું હતું. અમરચંદજી! આહાહા..!

અહીં તો એ વાત પણ નથી. એને માટે કરેલો આહાર-પાણી લે તો સાધુ છે જ નહિ અને સાધુપણું માને છે તો મિથ્યાદૃષ્ટિ જીવ છે, જૈન નથી. આવું આકરું પડે જગતને. અહીં તો પરમાત્મા એમ કહે છે કે તારો જે નિત્યાનંદ પ્રભુ ધ્રુવ તેમાં આ પર્યાયો નથી. મોક્ષમાર્ગની દશા નિર્મળ છે એ એમાં નથી. ત્યારે એનામાં છેને નિર્મળદશા? રાગની વાત નથી. સદ્ભૂત શુદ્ધ વ્યવહાર આનંદનો નાથ પ્રભુ આનંદની પર્યાયમાં પરિણમનમાં, પ્રવાહમાં આવ્યો. દ્રવ્ય નથી આવ્યું. એની પર્યાયના પ્રવાહમાં પર્યાય આવી છે. આહાહા..!

કહે છે એ '**વ્યવહારમાર્ગે સતત કહ્યું છે.**' ભાષા પાછી જુઓ! '**सास्तीत्व्वाच सततं व्यवहारमार्ग-**' આહાહા..! બહુ કહેવામાં આવ્યું હોય અને વારંવાર કહેવામાં આવ્યું હોય તોપણ એ વ્યવહારમાર્ગ છે, કહે છે. આહાહા..! આ વ્યવહાર એટલે? જે વસ્તુ શુદ્ધ ધ્રુવ એનો અનુભવ થઈને વીતરાગી નિર્મળ પર્યાય થાય એ સમ્યગ્દર્શન વીતરાગ પર્યાય, જ્ઞાન વીતરાગ પર્યાય, ચારિત્ર વીતરાગદશા એને 'વ્યવહારમાર્ગ છે' એમ કહેવામાં આવ્યું છે. કારણ કે પર્યાયમાં છે માટે વ્યવહારમાં છે. નિશ્ચયમાં છે એમાં એ વ્યવહારમાર્ગ છે નહિ. આહાહા..! ભારે વાતું, ભાઈ! વિમલચંદજી! આવી વાતું છે આ. ગયા હતાને બે ઠેકાણે. ફતેહપુર અને

હિંમતનગરમાં. સામે એક મુનિ-ભક્તો મંદિર બનાવે છે. મહાવીરનગરની સામે. ગામમાં તો છે પણ બીજું બનાવે છે. મુનિ-ભક્તો કહેવાય. અરે પ્રભુ! ભાઈ! મુનિ-ભક્ત કોને કહીએ? બાપા! તને ખબર નથી. હજી મુનિપણું કોને કહીએ એની તને ખબર નથી અને એમાં ભક્ત ક્યાંથી આવ્યો તું? આહાહા..! પંચપરમેષ્ઠીનો ભક્ત તો સમકિતી હોય છે. સાચા સંત કોને કહીએ એની હજી ખબર ન મળે.

**શ્રોતા :-** દિગંબરમાં જન્મે એને સૌને ભેદજ્ઞાન તો છે જ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. દિગંબરમાં જન્મે એટલે શું થઈ ગયું? ઓલો કહેતો હતો જયપુરમાં. ઈન્દ્ર-ઈન્દ્ર કોણ? ઈન્દ્રલાલ શાસ્ત્રી એમ કહેતા હતા કે દિગંબરમાં જન્મ્યા એ તો બધા ભેદજ્ઞાની છે. આ શેઠ દિગંબરમાં જન્મ્યા છે લ્યોને. કાંઈ ભાન નહોતું ત્યાં એને. શેઠ છે. લે તમાકુ. સાયકલમાં જાય. એ એમ કહેતા હતા, જયુપર નહિ ઈન્દ્રલાલજી? કે ભેદજ્ઞાની તો છે હવે એને ચારિત્ર કરવું બાકી છે. અરે ભાઈ! માટે આ વ્રત લઈ લેવા એ ચારિત્ર. ધૂળેય નથી ચારિત્ર અને ભેદજ્ઞાન પણ નથી ત્યાં. આહાહા..!

જુઓ તો ટીકાકારે ગજબ કામ કર્યું છેને! પરમસત્યને પ્રસિદ્ધ કરવા પરમાત્મા પૂર્ણ સ્વરૂપ ભગવાન પોતે છે અંદર એને પ્રસિદ્ધ કરવા પ્રસિદ્ધિની પર્યાય પણ એમાં નથી (એમ કહે છે). આહાહા..! જેનાથી જણાણો, જેનાથી મનાણો, જેનાથી એમાં રમણતા થઈ (એ પણ એમાં નથી). આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નહિ. મોક્ષમાર્ગની પર્યાય એ વ્યવહાર એ સમ્યગ્દર્શનનો વિષય નહિ, સમ્યગ્દર્શનનું ધ્યેય નહિ. આહાહા..! સમ્યગ્દર્શનનો વિષય તો સમ્યગ્દર્શન આ જે મોક્ષમાર્ગની પર્યાય વિનાનો તે સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! વિષય શું અને ધ્યેય શું? અરેરે..! શું થાય? મનુષ્યપણું ચાલ્યું જાય છે, આયુષ્ય સમયે સમયે ઘટતું જાય છે. જે મૃત્યુનો સમય છે એ તો નક્કી છે. એ સમયમાં કોઈ વધવાપણું છે નહિ. જે જે સમય જાય છે એ દેહ છૂટવાની નજીક આવે છે. એમાં જો આ ભવના અભાવની વાત અને પર્યાયના અભાવવાળું દ્રવ્ય એની દૃષ્ટિ અને શ્રદ્ધા અને જ્ઞાન ન કર્યું (તો) મનુષ્યપણું અફળ થયું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શું પણ વાત! શું કળશ! અમૃતથી ભર્યો છે!! આહાહા..!

એ માત્ર.. માત્ર તો ફક્ત .... પાઠમાં નથી. પણ એમકે આમાં નથી કહ્યું તો કહ્યું છે શેમાં? કે વ્યવહારમાં કહ્યું છે. નિશ્ચયમાં નથી એટલે માત્ર વ્યવહાર એમ. એકલો વ્યવહાર પર્યાયનો જે નિર્મળ સાચો મોક્ષનો માર્ગ સત્ નિર્મળ ધ્યાનમાં આનંદ જે દશા પ્રગટ થઈ એ વ્યવહારમાર્ગે કહેવામાં આવ્યું છે, પણ પર્યાય પોતે જ વ્યવહાર છે. દ્રવ્ય પોતે નિશ્ચયનો વિષય છે. આહાહા..! પર્યાય પોતે વ્યવહારનો વિષય છે. આહાહા..! જેને નિશ્ચયમોક્ષમાર્ગ કહીએ, જે અનંતકાળમાં થયો નથી એવો મોક્ષમાર્ગ પ્રગટે એને પણ અહીંયાં વ્યવહાર કહેવામાં આવે છે. પર્યાય માટે વ્યવહાર, ભેદ માટે વ્યવહાર. અભેદ તે વસ્તુમાં નથી એ નિશ્ચય.

બે થઈને પ્રમાણજ્ઞાન થાય છે. આહાહા..! ભારે વાતું, બાપુ! આવું તો કોઈવાર આવે ત્યારે નીકળે. પાઠમાં હોય ત્યારે ખુલાસા થાયને. આહાહા..!

'**હે જિનેન્દ્ર!**' સમકિતી કહે છે ભગવાનને '**હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ (-તેં નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ), અહો! મહા ઈન્દ્રજાળ છે.**' આહાહા..! તારી નયની કથની અનેક પ્રકારે કરીને સંકેલી દીધી પાછી. શેઠ! આહાહા..! પ્રભુ! તારું કથન ઈન્દ્રજાળ જેવું છે, કહે છે. ઈન્દ્રજાળીયાએ બધો વિસ્તાર કર્યો અને વળી સંકેલી દે. બધી વાતું તેં કરી નિશ્ચયથી સમકિતમાં. નિશ્ચયસમકિત એને કહીએ અને નિશ્ચયજ્ઞાન એને કહીએ અને નિશ્ચય ચારિત્ર (આને કહીએ)... આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊડાવી દીધું એ. એ નિશ્ચય વસ્તુના ત્રિકાળમાં નથી લે. પર્યાયમાં છે. પર્યાયમાં છે એ વ્યવહાર છે. એ સદ્ભૂતવ્યવહારને વ્યવહાર કહેવામાં આવે છે. રાગાદિની ક્રિયાનો કાંડ એને તો અસદ્ભૂતવ્યવહાર, એ વ્યવહાર પણ નથી. આહાહા..! વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૪, બુધવાર, તા. ૨૪-૦૯-૧૯૭૫, ગાથા-૯૦, કળશ-૧૨૦, પ્રવચન નં. ૪૨

આ નિયમસાર, પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર. ૧૨૦ છેને? ૧૨૦ કળશ છે. ગુજરાતી ચાલે છેને, શાંતિભાઈ! ગુજરાતી સમજાય છેને? રતલામથી આવ્યા છે. ૧૨૦ કળશ.

(वसंततिलका)

सब्दोधमंडनमिदं परमात्मतत्वं
मुक्तं विकल्पनिकरैरखिलैः समन्तात्।
नास्त्येष सर्वनयजातगतप्रपंचो
ध्यानावली कथय सा कथमत्र जाता।।१२०।।

આહાહા..! આ આત્મા જે ધ્રુવ નિત્ય પરમાત્મસ્વરૂપ છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો આત્મામાં પર્યાયમાં—અવસ્થામાં ઉત્પાદ-વ્યય છે અને એ ધ્રુવ છે એ એકરૂપ પરમાત્મતત્ત્વ (છે). અહીં તો કહ્યું કે સમ્યગ્જ્ઞાનનું આભુષણ છે એ તો. એ વસ્તુ જે ત્રિકાળ છે એ તો સમ્યગ્જ્ઞાનથી શોભા પામે છે. આત્મા ત્રિકાળ જે વસ્તુ છે એ તો સમ્યગ્જ્ઞાનથી શોભિત

છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પસમૂહોથી...**' કોઈપણ વિકલ્પ જે વૃત્તિ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે વ્યવહારનયથી આ હું આવો ને આ તેવો એવા જે વિકલ્પની લાગણી રાગની છે એનાથી '**સર્વતઃ મુક્ત છે.**' આહાહા..! '**સમ્યગ્જ્ઞાનનું આભૂષણ...**' એવું જે નિજપરમતત્ત્વ, પરમાત્મતત્ત્વ ઉત્પાદ-વ્યય વિનાનું. આહાહા..! બહુ માર્ગ...! એ '**સમસ્ત વિકલ્પ સમૂહોથી મુક્ત...**' '(**આમ**) **સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ...**' આહાહા..! એ '**પરમાત્મતત્ત્વમાં નથી...**' ધ્રુવ જે સમ્યગ્દર્શનનો વિષય. સમ્યગ્દર્શન પર્યાય, તેનો વિષય ત્રિકાળી ધ્રુવ એ ચીજમાં નય સંબંધીના વિકલ્પની વૃત્તિઓ એમાં નથી. આહાહા..! 'હું શુદ્ધ છું' એવો પણ વિકલ્પ-લાગણી એમાં નથી. 'પર્યાયમાં અશુદ્ધ છે' એવો જે રાગનો વિકલ્પ પણ વસ્તુમાં નથી. આહાહા..! ભારે માર્ગ. ભાઈ!

'**સર્વનયસમૂહ સંબંધી...**' અનેક નયના પક્ષના વિકલ્પો જે છે તેનો વિસ્તાર પરમાત્મતત્ત્વમાં નથી. જે આત્મા પરમાત્મસ્વરૂપ છે, જે પોતે જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ ધ્રુવસ્વરૂપ પરમાત્મતત્ત્વ એમાં એ વિકલ્પની જાળ વિકલ્પ છે જ નહિ. આહાહા..! એ વસ્તુ છે સત્ ચિદ્ પ્રભુ એમાં શરીર, વાણી, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર કે સ્ત્રી એ તો એમાં છે નહિ, પરદ્રવ્યો તો એમાં છે નહિ. આહાહા..! હવે અહીંયાં તો કહે છે કે દયા, દાનના, વ્રતના વિકલ્પ અને તપનો રાગ, તપ આમ કરું એ પણ એના સ્વરૂપમાં નથી. હવે એ વસ્તુ છે એ સંબંધીના જે વિકલ્પો, વૃત્તિઓ રાગ (અર્થાત્) 'હું શુદ્ધ છું અને પર્યાયમાં અશુદ્ધ છે, દ્રવ્યે ત્રિકાળ છે, પર્યાય ક્ષણિક છે' એવા જે વિકલ્પ નામ રાગની લાગણીઓ એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! આવી વાત માણસે સાંભળી ન હોય એટલે મુશ્કેલ એવું લાગે કે આ શું કહે છે?

વસ્તુ ત્રિકાળ છે એ પ્રાપ્તિ કેમ થાય? સમ્યગ્દર્શન હજી તો પહેલી ધર્મની સીઢી. ધર્મનું પહેલું પગથિયું જે સમ્યગ્દર્શન, પછી ચારિત્ર ને પછી તપ ને એ તો ચારિત્રની ઉગ્રતાની શોભા એ તપ એ પછી હોય પણ પહેલું સમ્યગ્દર્શન જે નથી ત્યાં કોઈ સાચું જ્ઞાન કે ચારિત્ર હોઈ શકે નહિ. તો અહીં કહે છે કે સમ્યગ્દર્શન જે સત્‌દર્શન સત્‌દર્શન જે ત્રિકાળી પરમાત્મતત્ત્વ જે જ્ઞાનસ્વરૂપે જેની જ્ઞાનની શોભા છે. એમાં રાગ ને પુણ્ય ને સંસારનો ભાવ એમાં છે નહિ. આહાહા..!

**શ્રોતા :-** .. રાગ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. એ જ્ઞાનની શોભાથી જ એ પરમાત્મતત્ત્વ છે, એમ કહે છે. આહાહા..! જ્ઞાન, સમ્યગ્જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા. જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો ભગવાન. આહાહા..! આ આત્માની વાત છે હોં! ભગવાન નહિ, ઈ એકકોર (રહ્યા). આહાહા..! આવો જે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી શોભિત છે પ્રભુ. રાગ ને પુણ્ય ને એ કાંઈ એનામાં

છે નહિ. એવો જે આત્મા એ સર્વ વિકલ્પની લાગણીઓથી તો સર્વથી રહિત છે.

ત્યારે '(આમ) **સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી...**' આહાહા..! પરમાત્મા એટલે આ ધ્રુવતત્ત્વ એ. પરમસ્વરૂપ તત્ત્વ. પરમ આત્મા પરમસ્વરૂપતત્ત્વ. પરમભાવ તત્ત્વ. ત્રિકાળી પરમસ્વભાવભાવ જ્ઞાયકભાવતત્ત્વ તેને અહીં પરમાત્મતત્ત્વ કહેવામાં આવ્યું છે. આહાહા..! એમાં નયસમૂહના વિસ્તાર પરમાત્મતત્ત્વ વસ્તુમાં ક્યાં છે? '**તો પછી આ ધ્યાનાવલી આમાં કઈ રીતે ઉપજી...**' સ્વરૂપ ચિદાનંદ મૂર્તિ એનું ધ્યાન. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ એનું ધ્યાન. આહાહા..! તો કહે છે કે એ ધ્યાનની દશા વસ્તુમાં ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? પર્યાય ધ્યાન કરે ધ્રુવનું. પણ કહે છે કે એ પર્યાય ધ્યાન કરે એ પર્યાય વસ્તુમાં ક્યાં છે? આહાહા..! જેમાં પુણ્ય-પાપના વિકલ્પો તો નથી, પણ જેમાં નયના વિસ્તારના વિકલ્પો અનેક નયોથી છે એક-એક ધર્મને, એક-એક ગુણને બતાવનાર નય. સામાન્યને બતાવનારી નિશ્ચય, વિશેષને બતાવનારી વ્યવહાર પણ એ બધો પક્ષ છે કે આવો છે ને તેવો એવી જે વિકલ્પ લાગણી એ વસ્તુમાં નથી. આહાહા..! તો પછી આ આત્મામાં પરમાત્મતત્ત્વ નિત્યાનંદ પ્રભુ આત્મા એમાં એનું ધ્યાન પર્યાયે કર્યું. આહાહા..! એ પર્યાય એમાં ક્યાંથી આવી? એમાં ક્યાં છે? કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો પરમસત્યની ઉત્કૃષ્ટ વાત છે! આહાહા..! એ વ્યવહાર છે. એ પર્યાય જે ધ્યાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય હોં. વ્યવહારસમ્યગ્દર્શન એ વસ્તુ નથી. પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને સમ્યગ્દર્શનથી જાણવો, દેખવો, શ્રદ્ધવો, સમ્યગ્જ્ઞાનથી જાણવો અને સમ્યક્ચારિત્રથી રમવું એમાં એવી જે મોક્ષમાર્ગની દશા એ પર્યાય છે. તો કહે છે કે ભગવાન પરમાત્મતત્ત્વમાં એ પર્યાય ઉપજી ક્યાંથી? ત્યાં ક્યાં છે એમાં? આહાહા..! ભાષા છે, જોઈ! '**ધ્યાનાવલી આમાં કઈ રીતે ઉપજી...**' આહાહા..! એટલે? ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ત્રિકાળ.. શેઠ! આવો માર્ગ છે ઝીણો. આહા..!

**શ્રોતા :-** આત્માથી .. થવાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યાર સુધી માન્યું એના ઉપર ધોઈ નાખવાની વાત છે આ. આહાહા..! ધ્યાનનું ધ્યેય દ્રવ્ય છે, પણ એ દ્રવ્યમાં આ ધ્યાનાવલી ઉપજી ક્યાંથી એમાં? એમ કહે છે. એમાં ક્યાં છે? આહાહા..! મોક્ષનો માર્ગ જે નિશ્ચય, વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ ભગવાન એને અવલંબીને થતું સમ્યગ્દર્શન, એને અવલંબીને થતું સ્વસંવેદનજ્ઞાન, આનંદના વેદનવાળું જ્ઞાન અને ઉગ્ર આનંદના વેદનવાળું ચારિત્ર... આહાહા..! એવી જે મોક્ષમાર્ગની અવસ્થા એ ત્રિકાળી વસ્તુમાં આવી ક્યાંથી? ત્યાં ક્યાં હતી એમાં? આહાહા..! એ તો પર્યાયમાં એ ઉપજી. એ તો .. છે કહે છે. આહાહા..! એ નિશ્ચય જે મોક્ષમાર્ગ છે એ પર્યાય છે. માટે, એ તો વ્યવહારમાર્ગે કીધું છે ભગવાને. આહાહા..! માથે આવી કહ્યું છેને. '**વ્યવહારમાર્ગે**

સતત કહ્યું છે.' એ પર્યાય તો વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ રાગ એ તો અસદ્ભૂત છે, એ તો એની પર્યાયમાં દ્રવ્ય-ગુણ ત્રણેમાં નથી. આહાહા..!

અહીં તો કહે છે ભગવાનને અવલંબીને, પરમાત્મતત્ત્વને અવલંબીને, એનો આશ્રય લઈને જે પર્યાય થઈ એ એમાં ક્યાં છે? ઉપદેશકો પણ કાંઈક માનીને બેઠા છે જેની ખબર નથી એને તત્ત્વની. 'ઉપદેશ પણ તેહવા, શું કરે જીવ નવીન?' બિચારા શું કરે? સંભળાવનારા એ સંભળાવે. આમ કરો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો, વ્રત લ્યો, બાર વ્રત લ્યો, પંચમહાવ્રત લ્યો. એ બધી તો રાગની ક્રિયા છે. આહાહા..! જે રાગ એના નિર્મળ પર્યાયમાં પણ નથી, એમ કહે છે. અને અહીંયાં તો કહે છે કે જે આત્મા ધ્રુવ ચિદાનંદ પ્રભુ જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દર્શનનું ધ્યેય એ સમ્યગ્દર્શનની પર્યાય ધ્રુવમાં ક્યાંથી આવી? આહાહા..! સમજાય છે કાંઈ? આ તો વીતરાગ જિનેન્દ્રનો માર્ગ બાપુ કોઈ અપૂર્વ છે! એને અત્યારે તો વીંખીને પીંખી નાખ્યો છે. અજૈનને જૈનધર્મ મનાવ્યો છે. રાગની ક્રિયા અને આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધી રાગની ક્રિયા છે, એ તો અજૈનપણું છે, એ જૈન ક્યાં છે? આહાહા..! ..લાલજી! એનાથી નિશ્ચય થશે. આ કરતાં-કરતાં નિશ્ચય (થશે). લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ડકાર આવશે. આવે કોઈ દિ'? અરે..! ભાઈ! એ રાગ છે એ તો બંધનું કારણ છે.

અહીં તો ભગવાન આત્મા અબંધસ્વરૂપી પ્રભુ નિત્યાનંદ અબદ્ધસ્વરૂપ એને દેખનારી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા... આહાહા..! એ પણ આનંદવાળી સમકિત, જ્ઞાન અને ચારિત્રની અતીન્દ્રિય આનંદના સ્વાદવાળી જે દશા... આહાહા..! એ દશા પરમાત્મતત્ત્વમાં ક્યાંથી આવી? કહે છે. કહો, પોપટભાઈ! આ બાયડી, છોકરા ક્યાંથી આવ્યા એમાં? પૈસા ક્યાંથી આવ્યા? એ તો ક્યાંય પર છે. એમાં ક્યાં તારું છે? આહાહા..! રાગ અને રજકણ, આસ્રવ અને અજીવ. રજકણ એટલે અજીવ અને રાગ એટલે આસ્રવ એ મારા આત્માના છે એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની (છે), જૈનની નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો ત્યાં સુધી લઈ ગયા કે જે ધ્રુવને અવલંબે નિત્યાનંદ પ્રભુ જ્ઞાયકભાવ નિત્ય સ્વભાવભાવ... એ તો છઠ્ઠી ગાથામાં એ કહ્યુંને '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' જે ત્રિકાળ ભાવ છે એ તો પ્રમાદ અને અપ્રમાદ પર્યાય છે જ નહિ એમાં. આહાહા..! સમજાય છે કાંઈ? જે જ્ઞાયકભાવ જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ ધ્રુવ એવો જે એકરૂપ પરમાત્મ પ્રભુ આત્મા એમાં, કહે છે કે આ ધ્યાનાવલી ક્યાંથી આવી? આ તે ઇન્દ્રજાળ શું છે? આહાહા..! સમજાણું કાંઈ? મુનિરાજે તો દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ છે એ તો હેય તરીકે, મશ્કરી તરીકે ઉડાવી દીધા છે. એની તો મશ્કરી કરી કે આ શું વળી આ મારામાં? મારી ચીજ ક્યાં છે? સમજાણું કાંઈ? પણ આ કહે છે કે પ્રભુ નિત્યાનંદનો નાથ સદૃશ

સ્વરૂપ એમાં પર્યાયની વિસદશ્યતા આવી ક્યાંથી એમાં? આહાહા..! સમજાણું કાંઈ? આવું તો સાંભળ્યું પણ નહિ હોય પોપટભાઈ કોઈ દિ'. આ તો શેઠિયા માણસ ઓલામાં ઘુંચાઈ ગયા પૈસા ને આ ને તે. આહાહા..!

અહીં તો પ્રભુ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એમ કહે છે કે એ રજકણથી માંડીને જગતની ચીજો જડ એ તારી નથી. તારામાં નથી માટે તારી નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર તારામાં નથી માટે તારા નથી. આહાહા..! પછી? કે શુભ-અશુભરાગ દયા, દાન, વ્રતનો, ભક્તિનો એ રાગ તારામાં નથી માટે તારો નથી. પછી? જે સ્વદ્રવ્યને અવલંબે પર્યાય થઈ એ તારામાં નથી માટે તારી નથી. આહાહા..! કેટલી વાત છે, કેવી વાત છે! આહાહા..! મીઠી અમૃત જેવી છે. આહાહા..!

આ મુનિરાજ કહે છે. પહેલામાં તો કહી દીધું હતું કે એ ધ્યાનાવલી અંદરમાં ક્યાં છે? એ તો વ્યવહારમાર્ગે કહ્યું છે. પર્યાયના લક્ષે, પર્યાયની દૃષ્ટિએ મોક્ષમાર્ગ છે, ધ્યાન છે આત્મામાં એમ કહ્યું છે. આહાહા..! મોક્ષનો માર્ગ જે નિશ્ચય સાચો એ પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો હજી બહારના ઓલા વ્યવહાર દેહની ક્રિયા કરીએ, મંદિર બનાવીએ, પછી એમાં ભાવ જે શુભ થાય એ ધર્મ છે એમ માને. આહાહા..! કોણ બનાવે? કોઈ બનાવતું નથી. ચૈતાલય કોણે બનાવ્યું છે? ભગવાનલાલ શોભાલાલ. અગ્રેસર છે. આ તો દાખલો. બીજા એમ કરે છેને. અમારા ગિરધરભાઈ કરે છેને. બધા શેઠિયાનો એમાં હાથ છે. પચાસ હજાર આપ્યા છે, કોઈ બીજાએ પચાસ હજાર આપ્યા છે. લેશે એ ગિરધરભાઈ. ઈ તો જેની પાસે હોય એમાંથી આવે, ન હોય એમાંથી ક્યાંથી આવે? આહાહા..! 'મારા છે અને દઉં છું' એ વાત ભ્રમ છે. લક્ષ્મી કે... આહાહા..! લક્ષ્મી જડ છે એ તો. એ તો અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વ જીવનું ક્યાંથી આવ્યું? એ તો ઠીક, પણ રાગની ક્રિયાને ઉઠાવી કે આ તો મશ્કરી કરી મુનિએ તો. આ વળી શું? દયા ને દાન ને વ્રત ને ભક્તિ રાગ એ તો વિકલ્પ મેલ છે. એને તો અમે પહેલેથી હેય કરતા આવ્યા છીએ. આહાહા..! સમજાણું? હવે? આહાહા..! ત્રિકાળી પરમાત્મતત્ત્વને દૃષ્ટિમાં લેતા, એ દૃષ્ટિ છે, સમ્યગ્જ્ઞાન છે એ પર્યાય છે, પણ એ ક્યાં આવી છે એમાંથી. એ તો પર્યાય પર્યાયથી ઉત્પન્ન થઈ છે. આહાહા..! આ વાત. નહિ દ્રવ્ય-ગુણ ને પર્યાયનું જ્ઞાન કે ભગવાન શું કહે છે. દ્રવ્ય કોને કહેવું અને ગુણ કોને કહેવા અને પર્યાય (કોને કહેવી). આહાહા..!

અહીં તો કહે છે.. એમ કરીને પર્યાય, ધર્મની પર્યાય, સાચી પર્યાય.. વાડામાં પડ્યા જૈનને નામે, પણ જૈનનું શું સ્વરૂપ છે એની ખબર ન મળે. આહાહા..! કહે છે એમ કહીને વ્યવહારે પર્યાય છે એ વ્યવહાર છે. મોક્ષમાર્ગની પર્યાય છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાનની નિર્મળદશા છે. એ વ્યવહાર કહેવામાં આવે છે. કેમકે એ પર્યાય છે. નિશ્ચય તો ત્રિકાળ પરમાત્મતત્ત્વ ધ્રુવ તે નિશ્ચય છે. એથી એમ કહીને વ્યવહારમાર્ગે કહ્યું એમ કહીને એનો આશ્રય કરવાલાયક

નથી, એ હેય છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! એ દિગંબર સંતો આવું સ્પષ્ટ કરે છે. બીજે એવું કાંઈ છે નહિ. આહાહા..! એને ક્યાં પડી છે જગતની કે જગત આ માનશે કે નહિ? સમાજ એકરૂપ રહેશે કે નહિ? તૂટી જશે કે નહિ? આહાહા..!

અહીં તો વાસ્તવિક તત્ત્વ જે જ્ઞાનઘન, આનંદઘન પ્રભુ એવો જે ત્રિકાળી સ્વભાવ પરમાત્મતત્ત્વ એમાં, કહે છે કે નિશ્ચય સત્ય મોક્ષમાર્ગ... સત્યાર્થ કહ્યો છેને ત્યાં. છ ઢાળામાં નહિ? નિશ્ચય તે સત્ય છે. એ સત્યાર્થરૂપ નિશ્ચય એ પણ અંદરમાં ક્યાં છે? કહે છે. આહાહા..! જેમાં દૃષ્ટિ દેવી છે અને જેમાં દૃષ્ટિને સ્વીકારવું છે કે આ ધ્રુવ, એમાં દૃષ્ટિની પર્યાય એમાં ક્યાં છે, કહે છે. આહાહા..! બહુ માર્ગ અલૌકિક માર્ગ છે, ભાઈ! જેના જન્મ-મરણના અંત આવે એને આ વાત બેસે એવું છે. આહાહા..! નહિતર તો એને ..

પરમાર્થ વચનિકામાં કહ્યું છેને, આત્મા તો નિષ્ક્રિય છે તે નિશ્ચય અને મોક્ષનો માર્ગ છે એ વ્યવહાર છે. પરમાર્થવચનિકા. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પંચમહાવ્રતના પરિણામ એ નહિ, એ તો રાગ છે. સમજાણું કાંઈ? એ તો અસદ્‌ભૂતવ્યવહાર એટલે આત્મામાં છે નહિ. અસદ્‌ભૂતવ્યવહાર. આહાહા..! પણ આ દ્રવ્યસ્વભાવ મહા નિધાનને દૃષ્ટિમાં લેતા જે ધ્યાનની અને સમકિતની પર્યાય પ્રગટ થઈ કહે છે કે ધ્રુવમાં ક્યાં છે? એ તો પર્યાયમાં ઉત્પન્ન થઈ છે. આહાહા..! પરમાત્મપ્રકાશમાં કહ્યું છે, આવી સત્યના સ્વરૂપની વાત કહેતા જગત એને પાગલ માને કે આ તે પાગલ થઈને વાત કરે છે કે શું કરે છે? આખો દિ' આ લક્ષ્મી લઈએ, દઈએ, ખાઈએ, પીએ અને કહે કે એ ખાવા-પીવાની ક્રિયા જડની, આત્માની નહિ. આહાહા..! પૈસા દેવા-લેવાની ક્રિયા એ જડની, એ આત્માની નહિ.

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને કારણે જાય બહાર. રહેવું હોય તો એને કારણે રહે. ઓલું નથી આવ્યું? કીધું હતું નહિ? ખાવા-પીવાનું નામ છે. દાણે દાણે ખાનેવાલેકા નામ હૈ દાને દાને. એનો અર્થ શું? જે પરમાણુ ત્યાં આવવાના તે આવવાના, નહિ આવવાના તે નહિ આવવાના. એના પ્રયત્નથી પરમાણુ આવે અને પ્રયત્નથી જાય (એમ નથી). આહાહા..! આવો માર્ગ! આહાહા..!

અહીં તો એમ કહે છે કે પ્રભુ આત્મા જે છે એમાં પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગરહિત એનું સ્વરૂપ છે. ત્યાગોપાદાનશૂન્યત્વ. આહારને છોડું અને આહાર લઉં એ ત્યાગ-ગ્રહણરહિત ભગવાન છે. પરદ્રવ્યને ગ્રહે અને ત્યાગે એ એના સ્વરૂપમાં નથી એ તો ત્રણકાળમાં. અને આ કહે કે આજે મેં આહાર છોડ્યો છે, પાણી મેં છોડ્યા છે, મેં રસનો ત્યાગ કર્યો છે, પણ ત્યાગ છે જ ક્યાં? રસ કે દિ' ગ્રહ્યો તો તે રસને ત્યાગ્યો તેં? આહાહા..! ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ. આત્મા સિવાય પરવસ્તુનો ત્યાગ અને ઉપાદાન-ગ્રહવું, એનાથી ભગવાન આત્માનો સ્વભાવ

શૂન્ય છે. આહાહા..! આ બધી ધમાલ સંસારની ક્રિયા ને બધી... સમજાય છે કાંઈ? એનાથી પ્રભુ શૂન્ય છે આત્મા અત્યારે. અત્યારે! એથી અહીં તો આગળ જઈને હવે કહે છે કે રાગથી પ્રભુ શૂન્ય છે. હવે તેથી (આગળ જઈને) કહે છે કે મોક્ષમાર્ગની પર્યાયથી તે ધ્રુવ શૂન્ય છે. આહાહા..! શાંતિભાઈ! આવો માર્ગ છે. શું થાય? લોકોને બહારથી બિચારાને અટકાવીને ત્યાં ને ત્યાં પડ્યા. આહાહા..!

આવો જ્યારે વિસ્તાર નયના સમૂહનો વિકલ્પનો વિસ્તાર ભેદ જે વિકલ્પ એ વસ્તુમાં નથી. ધ્યાનની ધારા શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... વધી ત્યારે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંશે થયું, પછી વિશેષ સ્થિરતા થઈ, શુદ્ધિ વધી એ બધી ધારા, શુદ્ધની ધારા, પવિત્ર ધારા જે મોક્ષની પર્યાયનું કારણ એવી જે મોક્ષમાર્ગની પર્યાય એ અંદર ક્યાંથી આવી? આહાહા..! આવું તો સાંભળ્યું ન હોય એવું લાગે કે આવો શું આ માર્ગ? ભગવાનનો આ હશે? બાપુ! તને ખબર નથી, ભગવાન! ભગવાન શું કહે છે એની ખબરું વિના તું ભગવાનને નામે માન. આહાહા..!

આ ધ્યાનાવલી એટલે ધ્યાનની પંક્તિ. શું કીધું? ધ્યાનમાં શુદ્ધિ વધતી જાય છેને? ધ્યાનના પાંચ પ્રકાર પાડ્યા છેને જયસેન આચાર્યે. ચાર પાડ્યા છેને. ધ્યાન, ધ્યાન સંતતિ, ધ્યાન ચિંતા અને ધ્યાન સમન્વય—એમ છે ચાર કાંઈક. આ ગુજરાતી છે? એ તો પ્રવચનસાર. ચાર લીધા છે ચાર. જયસેનાચાર્યની ટીકામાં ચાર (લીધા છે). આપણે આવે છેને એ કેટલામી? જુઓ, ૧૯૬માં છે એ. આપણે તો ૯૬ ચાલી ગઈને? સવારમાં ચાલે છે ઈ. એમાં છે એ. '**ध्यान चतुर्विधं**' ચાર પ્રકાર. એક ધ્યાન, ધ્યાન સંતાન, ધ્યાન ચિંતા, ધ્યાન અન્વય. આહાહા..! એ ચારેય બોલ ધ્રુવમાં ક્યાં છે કહે છે. ધ્યાન એટલે? જુઓ, 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં.' ધ્યાન સંતાન. યત્ર અંતર્મુહૂર્ત ધ્યાન અને અંતર્મુહૂર્ત .. તત્ત્વ ચિંતા, છઠ્ઠું અને સાતમું. છઠ્ઠે-સાતમે છેને? છઠ્ઠે વિકલ્પ આવો છું.. આવો છું.. સાતમા ચિંતા રહિત એ ધ્યાન સંતતિ કહેવાય છે. એ પણ વસ્તુમાં ક્યાં છે, કહે છે. આહાહા..! છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની પર્યાય... આહાહા..! એ વસ્તુમાં ક્યાં છે? એ તો પર્યાયમાં છે. આહાહા..! એ તો આવી ગયુંને, ચૌદ ગુણસ્થાન આત્મામાં નથી. આહાહા..! શું કીધું? એ પર્યાય નથી દ્રવ્યમાં એમ કીધું ઈ. આહાહા..! છઠ્ઠામાં એ કીધું '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' છઠ્ઠું પ્રમત્ત અને સાતમેથી ચૌદ વસ્તુમાં નથી. આહાહા..!

મહાપ્રભુ ચૈતન્યતત્ત્વ જે વસ્તુ પરમસ્વરૂપ એમાં એ ગુણસ્થાનભેદ ક્યાં છે એનો? સમજાણું કાંઈ? એમાં તો મોક્ષનો માર્ગ પણ નથી. એ તો પહેલું આવી ગયું ક્ષાયિકભાવની પર્યાય પણ નથી. એ શુદ્ધભાવમાં આવી ગયું છે નિયમસારમાં. નિયમસારમાં. કેવળજ્ઞાનની પર્યાય, ક્ષાયિકભાવની પર્યાય ધ્રુવમાં નથી. આહાહા..! એ કેવળજ્ઞાનની પર્યાય છે. પર્યાયમાત્ર વ્યવહાર છે. આહાહા..!

પૂર્ણ આનંદસ્વરૂપ સદૃશ ધ્રુવતત્ત્વ એમાં કહે છે કે આ ક્યાં છે? જોયું? સંતાન. એ પછી કહેશે ધર્મધ્યાન સંબંધી શુક્લધ્યાન. ઉગ્ર શ્રેણી ક્ષપકમાં આવે છે એ. 'चाल्पकालत्वात्परावर्तनरूपध्यानसन्तानो न घटते। इदानीं ध्यानचिन्ता कथ्यते–यत्र ध्यानसन्तानवद्ध्यानपरावर्तो नास्ति, ध्यानसंबन्धिनी चिन्तानास्ति, तत्र यद्यपि क्वापि काले ध्यानं करोति तथापि सा ध्यानचिन्ता भण्यते।' એને ધ્યાન ચિંતા કહેવાય છે. અને 'अथ ध्यानान्वयसूचनं कथ्यते—यत्र ध्यानसामग्रीभूता द्वादशानुप्रेक्षा अन्यद्वा ध्यानसंबन्धि...' આહાહા..! 'ध्यानसामग्रीभूता द्वादशानुप्रेक्षा' બાર અનુપ્રેક્ષા. 'अन्यद्वा ध्यानसंबन्धि संवेगवैराग्यवचनं...' એ ધ્યાન અન્વય કહેવામાં આવે છે ધ્યાનની સાથે હોય છે. આહાહા..! એ આત્મામાં ધ્રુવમાં ક્યાં છે કહે છે આ ચારેય! ભારે ભાઈ! કહો, શેઠ! આ પરમસત્ય છે. આહાહા..!

પરમસત્ય જે પર્યાય સિવાયનું એમાં પર્યાય ક્યાં છે કહે છે. ધ્યાનના ચાર પ્રકાર કહ્યાને? એ ચાર પ્રકાર ધ્રુવમાં ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? એ ક્યાંથી ઉપજી તે કહો. એમ કહે છે. એમ જવાબ તો દે મને એમ કહે છે. આહાહા..! ચિદાનંદનો નાથ ભગવાન એમાં પર્યાય ક્યાંથી ઉપજી? એમાં ક્યાં પર્યાય હતી? આહાહા..! કહો, શિવલાલભાઈ! આ બધું સાંભળવા રોકાણા છેને અમારા બેન! નહિતર તો વાંચનાર હતા બોટાદ. બીજું કોણ વાંચતુ હશે. એ કહે અત્યારે સાંભળવું છે. નહિ? આવો માર્ગ બાપા, પ્રભુ! શું કહીએ તને? આહાહા..! વીતરાગ જિનેન્દ્રનો માર્ગ એને સાંભળવા મળે નહિ બિચારાને એટલે શું કરે? વાડામાં પડ્યા. ઓલા કહે અમે સ્થાનકવાસી, ઓલા કહે અમે શ્વેતાંબર, ઓલા કહે અમે દિગંબર. તત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ સાંભળવા ન મળે એ ક્યાં જશે, ભાઈ? આહાહા..! અરે..! દેહ છૂટીને ચાલ્યા જાય છે. ત્યાં ક્યાં ઉતારા...?

જેને દ્રવ્યસ્વભાવમાં પર્યાય નથી એવી પણ જેને દૃષ્ટિ થઈ નથી. આહાહા..! અને દૃષ્ટિ તે દ્રવ્યમાં નથી. આહાહા..! એવી જેને ખબર પણ નથી. પ્રગટ તો પછી. વિકલ્પથી આવા નિર્ણયની પણ જેને દરકાર નથી. વિકલ્પથી નિર્ણય. દ્રવ્યમાં પર્યાય નથી, પર્યાયમાં પર્યાય છે. બે થઈને પ્રમાણ ત્યારે કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! ટીકા તે ટીકા છેને. ટીકાનો અર્થ સ્પષ્ટીકરણ. માણસ નથી કહેતા કે મારી ટીકા કરે છે તું? ટીકા એટલે વિસ્તાર કરીને મારી નિંદા કરે છે. પોલ ખોલે છે? એમ અહીં પોલ ખોલે છે ટીકા કરીને. આહાહા..! એ ૮૯ ગાથા થઈ. કાલે એક કલાક ચાલ્યું હતું. આ પણ લગભગ ૪૦ મિનિટ થઈ. આ કળશ છેને જુદો? કાલે ૧૧૯ કળશ ચાલ્યો હતો. એ એક કલાક ચાલ્યો હતો. આહાહા..!

આનંદનું ઢીમ, જ્ઞાનનું ઢીમ ભગવાન એમાં હલચલ પર્યાય ક્યાંથી આવી કહે છે. હલચલ. જ્યાં એકરૂપ તત્ત્વ છે ત્રિકાળી એમાં આ શું હલ ને ચલ ને પર્યાય ને આ ગઈ ને આવી?

આહાહા..! એ તો પર્યાયમાં એ બધું છે. દેવીલાલજી! આવી વાત છે. બહુ ઝીણી, બાપા! અરેરે! જૈનધર્મ .. વાડામાં .. આ વસ્તુ આવી છે એનો પક્ષ પણ વિકલ્પથી નહિ કરે એના ઉતારા ક્યાં થાશે? સમજાણું કાંઈ? ત્યાં કોઈ એની સિફારશ કામ નહિ આવે. અમને ઘણા માનતા હતા, અમને ઘણા ધર્મી કહેતા હતા. કામ આવે ત્યાં?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ આ તો હોય એટલું કહે તો એ ક્યાં એને કામ આવે એવું છે? એ તો પરવસ્તુ છે. આહાહા..! તારા કામને માટે તો ધ્રુવતત્ત્વ કામ આવે એવું છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમાત્મ ત્રિકાળ પ્રભુ છો, ભાઈ! તું ત્રિકાળ છો, બાપુ! આહાહા..! તારું સ્વરૂપ ભગવાનસ્વરૂપ છે. ભાઈ! તને ખબર નથી. તું પરમેશ્વરસ્વરૂપ છો ધ્રુવ. આહાહા..! એ પરમેશ્વરને જેણે કબુલ્યું જે દશાએ એ દશા પરમેશ્વરમાં ક્યાં છે કહે છે. આહાહા..!

**શ્રોતા** :- કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કરવું. શું કહ્યું આ? શેઠાઈ કરીને મોઢા આગળ બેસવું છે બધે? ચાલો લઈ જાવ ભગવાન શેઠને. અહીં પૈસા આટલા આપે, આ કર્યું ને તે કર્યું. શેઠ! કરવાનું આ છે. પરસન્મુખની દશા... ચીમનભાઈ! આવું કરવાનું. એણે સત્ય સમજવાનું કરવાનું નથી? એ જ કરવાનું છે. કરવાનું શું બીજું કરે? આહાહા..! અરેરે! આવા અવસર કે દિ' મળે બાપુ? ભાઈ! નિગોદમાંથી નીકળી અરેરે! જેના એક શ્વાસમાં અઢાર ભવ કરે નિગોદ, બટાટા, શક્કરકંદ, આલુ, લસણ, ડુંગળી. ભાઈ! ભગવાન એમ કહે છે કે એક શ્વાસમાં તો અઢાર ભવ કરે નિગોદના. પ્રભુ! તને આવા અનંતા થયા, ભાઈ! આહાહા..! ભૂલી ગયો બાપુ તું. એ ભૂલી ગયાને યાદ કરીને યાદ કરવું છે એને ભૂલી જા હવે. એ વસ્તુમાં એ યાદ કરવું અને ભૂલવું એ અંદરમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! વાડામાં જો આવું કહેવા જઈએ તો વાડા બહાર કરી દે. પણ અહીં તો વાડો ન મળે. માર્ગ આ છે, બાપા! માનવું હોય તો માન અને ન માનવું હોય તો સ્વતંત્ર છો. કેમ? આહાહા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ નથી. વાત તો સાચી છે.

૯૦. ૯૦ ગાથા. ૮૯ થઈ.

मिच्छत्तपहुदिभावा पुव्वं जीवेण भाविया सुइरं।
सम्मत्तपहुदिभावा अभाविया होंति जीवेण।।९०।।
**મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;**
**સમ્યક્ત્વ-આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.**

'**ટીકા :- આ, આસન્નભવ્ય...**' મિથ્યાત્વ, વિપરીત માન્યતા (અર્થાત્) 'એ દયા,

દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ધર્મ છે' એવી જે મિથ્યાશ્રદ્ધા એને ભાવ્યા છે. આહાહા..! અહીં તો તેર ગુણસ્થાન કહેશે. '**કષાય અને યોગરૂપ પરિણામો...**' ચાર પ્રકારના પરિણામ. '**સામાન્ય પ્રત્યયો (આસ્રવો) છે; તેમના ભેદ તેર છે, કારણ કે...**' '**मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं**' છેને સમયસારમાં. આહાહા..! નીચે અર્થ છે. '**(પ્રત્યોયોનો,...**' પ્રત્યય એટલે આસ્રવ. એના '**તેર પ્રકારનો ભેદ કહેવામાં આવ્યો છે-) મિથ્યાદૃષ્ટિગુણસ્થાનથી માંડીને સયોગકેવળીગુણસ્થાનના ચરમ સમય સુધીનો.**' એ બધા આસ્રવો છે. આહાહા..! કહે છે, એવા આસ્રવો અનંતવાર ભાવ્યા. આહાહા..! શું કહે છે? મિથ્યાશ્રદ્ધા, અવ્રત ભાવ, કષાય નામ પુણ્ય-પાપના ભાવ અને યોગ એના પેટા ભેદ તેર, એને તેં અનંતવાર ભાવ્યા. સ્વરૂપને ભૂલીને એની ભાવના તેં અનંતવાર કરી છે.

'**નિરંજન નિજપરમાત્મતત્ત્વના શ્રદ્ધાનરહિત...**' આહાહા..! નિરંજન-અંજન વિનાનો પ્રભુ ભગવાન નિજપરમાત્મતત્ત્વ પોતાનું પરમસ્વરૂપ ધ્રુવ પરમાત્મતત્ત્વ એની શ્રદ્ધાનરહિત. એની શ્રદ્ધારહિત. શ્રદ્ધાએ એને કબજે ન લીધો ભગવાનને. એ શ્રદ્ધારહિત જીવો અનાદિના. સાધુ થયો અનંતવાર, પંચમહાવ્રત પાળ્યા, રાજકુટુંબ છોડ્યા, રાણીઓ હજારો છોડી, અબજો રૂપિયાની પેદાશ છોડીને સાધુ થયો, પણ ભાવના ઓલી રાગની છે. રાગની ભાવના ભાવી 'આ કરું ને આ કરું ને આ કરવા જેવું છે.' આહાહા..! સમજાણું કાંઈ? કાલે એક જુવાનને પૂછ્યું હતું ભાઈ. આ જુવાન ભાઈ બેઠા છેને કચ્છી. ઓલીકોર છે. મેં બહાર પૂછ્યું, ભાઈ! સમજાય છે કીધું. ત્યારે કહે, આત્મા છે એ તો. વાહ! કીધું વાહ! જુવાન બાળક છે. એ અવાજ પણ ક્યાં છે? આત્મા છે અને આત્માને ન સમજાય? આહાહા..! ત્રણલોકનો નાથ પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે એને કેમ ન સમજાય? ભાઈ! સમજાણું કાંઈ? એને કેવળજ્ઞાન થવાને અંતર્મુહૂર્ત જોઈએ એને આ ન સમજાય? આહાહા..!

કહે છે આ '**નિરંજન નિજપરમાત્મતત્ત્વના...**' મેલ-અંજન વિનાનું તત્ત્વ. એના '**શ્રદ્ધાન રહિત...**' એવા ભગવાન પૂર્ણાનંદના નાથની એણે શ્રદ્ધા ન કરી. પોતાની હોં. આહાહા..! નિજપરમાત્મતત્ત્વ. ભગવાન વીતરાગને માન્યા અનંતવાર, કેવળીઓને માન્યા, પંચપરમેષ્ઠીને માન્યા એ બધો તો વિકલ્પ રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, બાબુભાઈ! આવું ક્યાં ત્યાં છે તમારે? નથી. આહાહા..! નિરંજન (તત્ત્વ) જેમાં પર્યાય નથી, રાગ નથી, સંસાર નથી એવું જે નિજપરમાત્મતત્ત્વ. આહાહા..! એની શ્રદ્ધાનરહિત. એની શ્રદ્ધા નહિ. બાકી બધી શ્રદ્ધા કરી. દેવ-ગુરુ-શાસ્ત્રની એ બધી રાગની એ તો આસ્રવની શ્રદ્ધા થઈ. આહાહા..! સમજાણું કાંઈ?

'**અનાસન્નભવ્ય જીવે...**' જે નજીક નથી જેને ભવ્યતા-યોગ્યતા એવો જે આત્મા. આહાહા..! '**ખરેખર સામાન્ય પ્રત્યયોને પૂર્વે સુચિર કાળ ભાવ્યા છે;...**' મિથ્યાશ્રદ્ધા, રાગનો ભાવ, અવ્રતનો ભાવ, જોગનો ભાવ તે '**ખરેખર સામાન્ય પ્રત્યયો...**' એટલે ચાર

સામાન્ય થયાને? પેટાભેદ તેર. એવા સુચિર કાળ અનંત-અનંતકાળમાં ભાવ્યા છે ભાઈ તેં. આહાહા..! રાગની ભાવના, પુણ્યની ભાવના તો અનંતવાર કરી છે તેં. આહાહા..! અમારે પુણ્ય કરવું જોઈએ, અમારે રાગ કરવો જોઈએ, શુભભાવ અમારે કરવો જોઈએ એવી ભાવના તો પ્રભુ તેં અનંતકાળથી ભાવી છે. આહાહા..! એ કાંઈ નવી ચીજ નથી. આહાહા..! એમ કે દાન દેવું હોય તો પહેલેથી વિકલ્પ કરવો કે મારે પુણ્યભાવ કરવો જ છે, એવો સંકલ્પ કરો. એવી પણ ભાવના અનંતવાર કરી છે, કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! આ પાઠશાળા માટે પૈસા જોઈશે. એવો તમે પહેલેથી વિકલ્પ નિર્ણય કરો. મારે તો એમાં દેવા છે. એવી ભાવના પણ અનંતવાર કરી છે, પ્રભુ! એ કાંઈ નવી નથી. પોપટભાઈ! આ તો માર્ગ જુદી જાતનો છે, ભાઈ! આહાહા..!

'**અન્નાસન્નભવ્ય...**' જેને મુક્તિ નજીક નથી, દૂર છે જેને મોક્ષ. આહાહા..! એવા '**જીવે ખરેખર સામાન્ય પ્રત્યયોને...**' સામાન્ય આસ્રવોને. મિથ્યાશ્રદ્ધા, રાગ .. જોગનું કંપન્ન એની ભાવના હો, આ હો. એવી '**સુચિર કાળ ભાવ્યા છે;...**' અનંતકાળથી તેં એની ભાવના કરી છે. આહાહા..! '**જેણે પરમનૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી...**' આહાહા..! જેને આત્મદર્શન કર્યું નથી અને પછી નૈષ્કર્મ્યરૂપ ચારિત્ર, રાગ વિનાની ક્રિયાવાળું આત્મચારિત્ર. આહાહા..! આત્મદર્શન કર્યું નથી એમ પહેલું કીધું. કહ્યુંને ત્યાં? '**નિજપરમશ્રદ્ધાનરહિત...**' થયું. હવે અહીં '**પરમનૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી...**' બેય વાત લીધી. આહાહા..! અને આત્મામાં આત્મદર્શનસહિત સ્વરૂપની સ્થિરતા વીતરાગી પર્યાય પ્રાપ્ત કરી નથી એણે. આહાહા..!

'**એવા તે સ્વરૂપશૂન્ય બહિરાત્મજીવે...**' એવા એ સ્વરૂપથી શૂન્ય છે, એ ખાલી જીવ છે. આહાહા..! જેણે દૃષ્ટિમાં સ્વરૂપ લીધું નથી, જેણે નૈષ્કર્મ્ય ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**એવા તે સ્વરૂપશૂન્ય બહિરાત્મ જીવે...**' એટલે? કે મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ એ પોતાનો સ્વભાવ નથી, એ બહિર્ છે, બાહ્ય ચીજ છે, એને પોતાની માનીને ભાવના કરી. આહાહા..! સમજાણું કાંઈ? બહિરાત્મા. અંતર પરમાત્મતત્ત્વમાં એ પુણ્ય-પાપ, મિથ્યાત્વ (છે નહિ). આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ એના સ્વરૂપથી શૂન્ય અને બહિરવસ્તુ જે છે એને માનનારો. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ આસ્રવ છે. એ આસ્રવ મારા છે એમ ભાવના કરી એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અરેરે! આવો માર્ગ વીતરાગ. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પરમાત્મા દિવ્યધ્વનિ દ્વારા કહેતા હતા. એ સંતો અહીંયાં આડતિયા થઈને એ માલ આપે છે. સમજાય છે કાંઈ?

આ ધમાલ-ધમાલ. કહે છેને અમારે ચેતનજી. ધમાધમ. 'ધામ ધુમે ધમાધમ ચલી જ્ઞાનમાર્ગ રહી ગયો દૂર' અંતર જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની તો દૃષ્ટિ કરી નહિ અને આ વ્રત

પાળ્યા, અપવાસ કર્યા, ઉજવણા કર્યા, રથ કાઢ્યા, વરઘોડા કાઢ્યા. 'ધામધુમે ધમા ધમ ચલી જ્ઞાનમાર્ગ પ્રભુનો અંતર માર્ગ રહી ગયો દૂર.' આહાહા..! સમજાણું કાંઈ? શ્વેતાંબર તો ત્યાં સુધી કહે છે કે અત્યારે પંચમકાળમાં આગમ અને મૂર્તિનું... શું કીધું? ભવ્યને આધાર છે. જિનાગમ અને મૂર્તિ ભગવાનની એ આત્માને આધાર છે. જિનાગમ શાસ્ત્ર પર છે, મૂર્તિ પર છે. આહાહા..! એવું શીખવે છે જગતને. બિચારા... આહાહા..!

કહે છે એવી આ કરું ને આ કરું ને આ કરું, રાગ કરું, પુણ્ય કરું એવી ભાવના તો બહિરાત્મ જીવે (ભાવી છે). જે રાગ પોતાનો નથી, તેને પોતાનો માનીને ભાવના કરે છે એ બહિરાત્મા મિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે. એણે શું નથી કર્યું? એ કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૫, ગુરુવાર, તા. ૨૫-૦૯-૧૯૭૫, ગાથા-૯૦, પ્રવચન નં. ૪૩

૯૦ ગાથા એનો બીજો પેરેગ્રાફ ફરીને (લઈએ). આ આત્મા છે આત્મા એ નિરંજન. પોતાનું અંતર સ્વરૂપ નિરંજન-અંજન પુણ્ય-પાપના ભાવ જે મેલ છે એનાથી રહિત છે. આત્મા અંદર શુદ્ધ ચિદ્‌ઘન. એમાં જે શરીર, વાણી, મન આ છે એ તો એમાં છે નહિ, પણ આ દયા, દાન, ભક્તિ, પૂજાનો ભાવ એ શુભરાગ છે એ પણ એમાં નથી. એવો નિરંજન. અંજન નામ મેલરહિત ભગવાન આત્મા અંદર... આહાહા..! કદી ભાવના કરી નથીને તો શું ચીજ છે એની ખબર નથી. આહાહા..! '**નિરંજન નિજપરમાત્મતત્ત્વના...**' પોતાનું પરમસ્વરૂપ અંદર ચિદાનંદ ઘન. નિરંજન નિરાકાર આનંદઘન, જ્ઞાનઘન સ્વરૂપ આત્માનું છે. આહાહા..! એવા '**પરમાત્મતત્ત્વના શ્રદ્ધાનરહિત...**' એની શ્રદ્ધા કદી અનંતકાળમાં કરી નથી. એ વિના-એ સિવાય શુભ-અશુભભાવ દયા, ભક્તિ, પૂજા, શાસ્ત્રશ્રવણ એ બધો શુભભાવ પુણ્ય છે, એ ધર્મ નથી. એ પુણ્યની ભાવના અનંતવાર કરી, પણ આત્મા પુણ્ય-પાપરહિત શુદ્ધ ચિદાનંદ મૂર્તિ આનંદકંદ છે એવી શ્રદ્ધા કદી કરી નથી.

નાળીયેરનું દૃષ્ટાંત આપે છેને. હમણા આપ્યું હતું... શ્રીફળ લઈને આવ્યા હતા. નાળીયેર છેને શ્રીફળ? એના છાલા છે છાલા ઉપરના, એમ આ શરીર છાલા છે. અને એમાં કાચલી છે કાચલીને શું કહે છે? હિન્દીમાં શું કહે છે? કાચલી કઠણ હોય છેને કઠણ. નરેટી. એ નરેટી કઠણ હોય છેને. એ નાળિયેરમાં એ વસ્તુ અંદરમાં છે નહિ. અંદર શ્રીફળ જેને કહે

એ તો ધોળું, સફેદ અને મીઠા સ્વરૂપે શ્રીફળ છે અંદર. એમાં છાલા પણ નથી, આ કાચલી–નરેટી પણ નથી અને નરેટી તરફની લાલ છાલ. લાલ છાલ હોય છેને એમાં? ટોપરાપાક કરે તો કાઢી નાખે છે. ટોપરાપાક કરે છેને ઘસીને. તો એ લાલ છાલ. એ કાચલી કોરની વસ્તુ છે, અંતરની ચીજ નથી. આહાહા..!

એમ આ આત્મા આ શરીરરૂપી છાલાથી રહિત છે. કર્મની કાચલી અંદર કર્મ છે. આ પુણ્ય-પાપને લઈને પૈસા મળે છેને. આ પુણ્યવંત પ્રાણી હોય પૂર્વના, બુદ્ધિ ભલે થોડી હોય (પણ એને) પૈસા મળે છે. એ પૂર્વના પુણ્ય અંદર પડ્યા છે. શુભભાવથી કોઈ પુણ્ય કર્યા હોય રજકણ કાચલી જેવા રજકણ છે ઈ, ... હોય તો સંયોગ દેખાય આ પાંચ-પચાસ લાખ ધૂળ. એનું કારણ એ પુણ્ય છે. એ પુણ્ય એ પરમાણુ છે જડ અજીવ એ કાચલી સમાન છે. આહાહા..! અને એ લાલ છાલ દયા, દાન, ભક્તિ, પૂજા, નામસ્મરણ એ બધો વિકલ્પ છે, રાગ છે. રાગ છે એ લાલ છાલ જેવો છે. લાલ છાલ ટોપરામાં છે? જે ટોપરું છે એ તો ધોળું અને મીઠું છે. એક શેર, દોઢ શેરનો ગોળો છે. એ ધોળો સફેદ અને મીઠો છે.

એમ ભગવાન આત્મા, એ શુભ-અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, ક્રોધ, માન એવો જે ભાવ પાપ એનાથી પણ રહિત છે ભગવાન તો અંદર. જેમ ઓલો છાલથી રહિત નાળીયેરનો ગોળો છે. સમજાણું કાંઈ? શક્કરિયાનું દૃષ્ટાંત નથી દેતા? શક્કરિયા નથી હોતા? ઉપરની છાલ છે એ છાલથી રહિત અંદરની મીઠાશ છે. શક્કરિયાની મીઠાશ છે એ ઉપરની લાલ છાલથી રહિત છે. એમ આ આત્મા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, સ્મરણ આદિ જે વિકલ્પ છે એ રાગ છે. રાગની છાલથી (રહિત છે). આહાહા..! એ લાલ છાલ જેવી ચીજ છે. ઝીણી વાત છે, એણે કદી સાંભળી નથી. સમજાણું કાંઈ? એવું નિજ પરમાત્મતત્ત્વ છે. પોતાનું સ્વરૂપ હોં અંદર. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પ જે વૃત્તિઓ છે એ લાલ છાલ જેવી ચીજ છે. આહાહા..! એનાથી રહિત અંદર ટોપરું છે. એમ (રાગાદિથી) રહિત આત્મા નિજપરમાત્મતત્ત્વ છે અંદર. કદી સાંભળ્યું નથી, કદી રુચિ કરી નથી, કદી મહિમા આવી નથી. તો કહે છે કે શ્રદ્ધાનરહિત, એની મહિમા રહિત એવું નિજપરમાત્મતત્ત્વ જે શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ. શુદ્ધ નામ સફેદ. જેમ ઓલું નાળિયેર સફેદ હોય છે અને મીઠું હોય છે એમ આત્મા અંદર વસ્તુ પવિત્ર શુદ્ધ અને આનંદ છે. મીઠો છે. આહાહા..!

એવા '**નિજપરમાત્મતત્ત્વના શ્રદ્ધાનરહિત...**' શ્રદ્ધા નથી એની. 'દેહ હું છું, દયા, દાનનો વિકલ્પ રાગ છે એ હું છું' એવી શ્રદ્ધા કરીને પોતાના સ્વરૂપની શ્રદ્ધારહિત છે. સમજાણું કાંઈ? આહાહા..! '**શ્રદ્ધાન રહિત અનાસન્નભવ્ય જીવે...**' જેની મુક્તિ નજીક નથી, જેનો મોક્ષ નજીક નથી. અલાયક જીવ છે. આહાહા..! એ '**જીવે ખરેખર સામાન્ય પ્રત્યયોને પૂર્વે સુચિર કાળ ભાવ્યા છે;...**' અનાદિ કાળથી... આહાહા..! શરીર મારું છે, પુણ્ય-

પાપના ભાવ મારા છે એવી ભાવના એ તરફના વલણથી સ્વભાવના ઝુકાવરહિત છે. આહાહા..! કહો, રજનીભાઈ! આવી વાત છે.

આત્મા આનંદસ્વરૂપ અંદર છે. વસ્તુ છેને? પદાર્થ છેને? તત્ત્વ છેને આત્મા? તત્ત્વ છે. તો એની અંદર ભાવ જ્ઞાન અને આનંદ આદિ ભાવ એમાં પડ્યા છે. આહાહા..! એવું જ્ઞાન અને આનંદ. જ્ઞાન નામ આ જાણવું એ નહિ. અંદર છે એ જાણવું. ચૈતન્ય નિરંજન, નિરાકાર જ્ઞાનસ્વરૂપી ભગવાન એની વિદ્યમાનતાના શ્રદ્ધાના અભાવને કારણે. આહાહા..! એને આ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ જે આસ્રવ છે એ મેલ છે. લાલ છાલ જેવો મેલ છે ઈ. આહાહા..!

એને **'પૂર્વે સુચિર કાળ ભાવ્યા છે,...'** અનંતકાળથી એની ભાવના કરી. એમાં નથી એવી ચીજ રાગ એ વિકલ્પ છે વૃત્તિ ઉઠે છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પૂજા, શાસ્ત્ર શ્રવણ, શાસ્ત્રને પગે લાગવું એ બધી વૃત્તિ છે, શુભરાગ છે. એ શુભરાગ એ મેલ છે. એ મેલની ભાવના ભાવી છે, પણ નિર્મળાનંદની દૃષ્ટિ તો થઈ નથી. આહાહા..! જે છે ચીજ એવી એ ચીજ તો દૃષ્ટિમાં આવી નથી. એની સન્મુખ તો કદી થયો નથી. તો એનાથી વિમુખ જે આ ભાવ શુભ-અશુભ લાગણી, વ્રત, અવ્રતભાવ, ત્યાગ કર્યો, આવો મેં ત્યાગ કર્યો, મેં આમ ગ્રહણ કર્યું, અપવાસ ગ્રહણ કર્યો અને આ ત્યાગ કર્યો એ બધી વૃત્તિ રાગ છે. ભારે વાત! એવા રાગના ભાવની ભાવના ભાવી. તો જે ચીજ છે એ તો દૃષ્ટિમાં આવી નથી. તો ક્યાંક પોતાનું અસ્તિત્વ માનીને ભાવના તો થવી જોઈએને? આહાહા..!

પોતાનું નિજ સ્વરૂપ અંદર ચૈતન્યનૂર, ચૈતન્યના તેજનું પૂર ભર્યું છે. આહાહા..! અરે! કેમ બેસે? સમજાણું કાંઈ? એવા નિજ ચૈતન્યનું સ્વરૂપ એની શ્રદ્ધા, આ ચીજ છે એવી શ્રદ્ધા કદી કરી નથી. તો એ શ્રદ્ધા કર્યા વિના... કોની? જીવે ખરેખર સામાન્ય પ્રત્યય એટલે મિથ્યા ભ્રાંતિ (સેવી છે). એ શુભભાવ ધર્મ છે, એ દયા, દાન, ભક્તિ, વ્રતાદિનો વિકલ્પ છે એ ધર્મ છે એવી અજ્ઞાનીએ ભાવના કરી. આહાહા..! સમજાણું કાંઈ? જેને પોતાનું માન્યું એની ભાવના કરી. જે ચીજ છે અંદર આનંદકંદ પ્રભુ એની તો ભાવના છે નહિ, શ્રદ્ધા છે નહિ. આહાહા..! અગમ્ય વાત, બાપુ! અનંતકાળ-અનંતકાળ ગયો પરિભ્રમણ કરતાં-કરતાં. આ આત્મા તો અનાદિનો છે. એ કાંઈ નવો થાય છે? છે એ સત્ છે, સત્ છે. અનંતકાળથી છે, અનંતકાળ રહેશે. તો એ ચીજ રહી ક્યાં અત્યાર સુધી? પોતાના સ્વરૂપના ભાન વિના પરિભ્રમણ કર્યું. મનુષ્યનો દેહ, ઢોરનો-પશુનો દેહ, આ શેઠિયાનો દેહ અને ધૂળના દેહ આ દેવના દેહ એવા ભવ કર્યા ભવ. આહાહા..! સમજાણું કાંઈ? ઈ કહે છે.

અહો..! 'સુચિર કાળ...' અનંતકાળમાં... ઓહોહો..! પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ ભાવના તો અલ્પકાળ હોય છે અને અલ્પકાળમાં મુક્તિ થાય છે. અલ્પકાળમાં પરમાત્મદશા, મોક્ષ આનંદની દશા પૂર્ણ થાય છે અને આ તો અનંતકાળ

સુચિરકાળ અનંત (વાર) ભાવી છે, એનાથી ભરિભ્રમણ થયું. મનુષ્ય દેહ, પશુ દેહ, કીડા ને કાગડા એવા ભવ અનંત કર્યા. આહાહા..! એવા '**સામાન્ય પ્રત્યયોને...**' સામાન્ય એટલે બહુ સંક્ષિપ્તમાં મિથ્યાશ્રદ્ધા અને પુણ્ય-પાપના ભાવ એને '**સુચિર કાળ ભાવ્યા છે;...**' ઓહોહો..!

'**જેણે પરમનૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી...**' પહેલા શ્રદ્ધાનરહિત છે એમ કહ્યું. પછી સ્વરૂપ જે આનંદસ્વરૂપ ભગવાન એમાં રમણતા ચારિત્ર એટલે ચરવું, રમવું. જેમ પશુ ઘાસ ચરે છેને? ઘાસ ચરે છેને ઘાસ? એમ આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. અતીન્દ્રિય આનંદ, ઇન્દ્રિયનો આનંદ એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા અંદર વસ્તુ છે. આહાહા..! એ આનંદની લીનતા થવી, અતીન્દ્રિય આનંદમાં લીન થવું એ ચારિત્ર છે. એવું '**નૈષ્કર્મ્યરૂપ ચારિત્ર...**' નૈષ્કર્મ્ય કેમ કહ્યું? જે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે છે એ રાગ કર્મ છે, રાગ વિકાર છે. આ નૈષ્કર્મ્ય ચારિત્ર છે. આહાહા..! ભારે વાતું, બાપુ! ઝીણી બહુ, ભાઈ!

'**પરમનૈષ્કર્મ્યરૂપ ચારિત્ર...**' આહાહા..! પોતાના નિજસ્વરૂપની શ્રદ્ધારહિત અને પરમ સ્થિરતા અંદરમાં રમણતા એવી નૈષ્કર્મ્ય ચારિત્ર પ્રાપ્ત ન કર્યું. '**એવા તે સ્વરૂપશૂન્ય...**' પોતાનું સ્વરૂપ જે છે ચૈતન્યમૂર્તિ ભગવાન એની દૃષ્ટિ નથી એ સ્વરૂપશૂન્ય છે. પોતાનું સ્વરૂપ—આનંદ અને જ્ઞાન જેનું રૂપ એવી ચીજનું ભાન નથી અને રાગની ક્રિયાને પોતાની માને છે એ સ્વરૂપશૂન્ય છે. આહાહા..! એ કાચલી—નરેટી અને છાલ અને લાલ છાલ એ ટોપરું છે એમ માન્યું. અંદર ટોપરું ધોળું સફેદ ગોળો છે એ વાત રહી ગઈ. સમજાણું કાંઈ? એ વાત રહી ગઈ, અનાદિકાળથી રહી ગઈ. એના ઉપદેશકો પણ એવા મળ્યા એને. સમજાણું કાંઈ? આહાહા..!

'**સ્વરૂપશૂન્ય બહિરાત્મ-જીવે...**' બહિરાત્મા એટલે? જેમ નાળિયેરનો સફેદ ગોળો મીઠો છે. એનાથી રહિત છાલ, કાચલી અને છાલા એ જ ટોપરું છે એમ માનનારા બહિર્ ચીજને પોતાની માને છે. એમ આત્મામાં પુણ્ય અને પાપના ભાવ, કર્મ અને શરીર એ બહિર્ ચીજ છે-બાહ્ય ચીજ છે, એ મારી છે એમ માનનારા બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાણું કાંઈ? આ મારો દીકરો, મારી દીકરી, મારી બાયડી, મારી સ્ત્રી એમ માનનારો બહિરાત્મા (છે). જે વસ્તુ અંદર નથી અને બહિર છે-બાહ્ય છે (એને પોતાની માનનારો બહિરાત્મા છે). આહાહા..!

**શ્રોતા :-** કાળલબ્ધિ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાળલબ્ધિ શું? પુરુષાર્થ કરે તો કાળલબ્ધિ થાય છે. કાળલબ્ધિ થશે ત્યારે થશે. કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય છે? પોતાના શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ કરનારને કાળલબ્ધિનું સાચું જ્ઞાન થાય છે. કાળલબ્ધિનો અર્થ શું? જે કાળે પોતાના આનંદનો અનુભવ થવાનો

છે એ કાળનું જ્ઞાન કોને થાય છે? કે જેને આત્મા આનંદમૂર્તિ પ્રભુ અંદરમાં ઘૂસીને ઊંડે-ઊંડે અંદર ચૈતન્ય ભગવાન એમાં ઘૂસીને આનંદનું વેદન જેને પુરુષાર્થથી થયું એને કાળલબ્ધિ અને આ કાળે પાકતી ચીજ એનું એને યથાર્થ જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ તો અમારે સંપ્રદાયમાં આ વાત બહુ ચાલતી હતી. ૭૨ સાલ ૭૨. ૭૦ અને ૨. કેટલા વર્ષ થયા? ૨૮ ને ૩૧. ૬૦માં ૧ ઓછો. એ વખતે ચર્ચા બહુ ચાલી હતી સંપ્રદાયમાં. મોટી ચર્ચા થઈ હતી કે પુરુષાર્થ આત્મા શું કરે? કેવળી સર્વજ્ઞે જ્યારે દીઠું ત્યારે પુરુષાર્થ થશે. એવો મોટો પ્રશ્ન ચાલ્યો હતો. ૬૦માં એક વર્ષ ઓછું. ૫૯ વર્ષ થયા. ૬૦માં એક ઓછો. ૭૨, સંવત્ ૧૯૭૨. ગુરુભાઈ હતા એમણે ... સર્વજ્ઞ પરમાત્મા ત્રિકાળ જ્ઞાની છે. તો એણે જે પોતાનો પુરુષાર્થ આ કાળે થશે, ધર્મ આ કાળે થશે. એણે દીઠું ત્યારે થશે. એ વિના આત્મા પુરુષાર્થ કરી શકતો નથી. શેઠ! મોટી ચર્ચા થઈ. ૭૨ની વાત છે.

સર્વજ્ઞે દીઠું એમ થશે. ત્રિકાળ પરમાત્મા છે એ સર્વજ્ઞ ત્રણકાળ-ત્રણલોકને જાણનારા ભગવાન છે. તો આત્માની શક્તિ છે સર્વજ્ઞની એણે પ્રગટ કરી પરમાત્માએ તો આત્મા પરમાત્મા થઈ શકે છે. તો એ પરમાત્માએ દીઠું, તો એ પરમાત્મા પૂર્ણ જ્ઞાની એવો આત્મા જગતમાં છે એનો સ્વીકાર છે એને? સ્વીકાર છે કે આ સર્વજ્ઞ છે? પછી એણે દીઠું એમ થાશે. પણ જ્યારે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક દેખે છે એવી આત્માની પર્યાય દશામાં શક્તિ પ્રગટ થઈ તો આ જગતમાં એવા પરમાત્મા સર્વજ્ઞ ઉદાત, પરથી ભિન્ન અને પોતાની શક્તિના વિકાસમાં પૂર્ણતા એવા પરમાત્મા છે એની શ્રદ્ધા વિના પરમાત્માએ જોયું એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? તો એની શ્રદ્ધા કરવા જાય તો સ્વભાવ તરફ જાય છે. હું આનંદ સર્વજ્ઞસ્વરૂપી હું આત્મા છું. કેમકે સર્વજ્ઞ થયા એ (થયા ક્યાંથી)?

આ પૂનમ થાય છેને પૂનમ. પૂર્ણિમા નહિ? પૂર્ણિમા. પૂર્ણ ચંદ્ર સોળ કળાએ ખીલે છે. અમાસ થાય છેને અમાસ? અમાસનો અર્થ અર્ધમાસ છે. અમાસ થાય છેને? જે એકમ, બીજ, ત્રીજ આ ચાલે છેને આજે પાંચમ છે. પછી અમાસ આવશે. તો અમાસનો અર્થ શું છે? અર્ધમાસ-અધમાસ. અને પછી પૂનમ થશે. પૂનમનો અર્થ શું પૂર્ણમાસ. સમજાણું કાંઈ? તો જ્યારે બીજ ઉગે છે...

પોતાનું સ્વરૂપ સર્વજ્ઞ જેવું છે એવું જેને સર્વજ્ઞ જગતમાં છે એવો હું છું. એ સર્વજ્ઞ થયો ક્યાંથી? અંદરમાંથી થયા છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંદરમાં શક્તિ છે એમાંથી આવે છે. જો કૂવામાં પાણી હોય તો બહાર અવેડામાં આવે. અવેડા કહે છેને? લોકો પીવે એ. અંદરમાં ન હોય તો ક્યાંથી આવે? એમ અંદરમાં સર્વજ્ઞશક્તિ, સર્વજ્ઞસ્વભાવ ભરેલો છે. અરે! એને વિશ્વાસ ક્યાં છે કે આત્મા કેવડો છે. આવી જેને શ્રદ્ધા થાય છે એ પુરુષાર્થ થયો અને સર્વજ્ઞની જેને અંદર શ્રદ્ધા થઈ એને ભવ છે નહિ. ભગવાનને ભવ હોય તો એને ભવ હોય. એક-બે ભવ હોય એની ગણતરી નથી. આહાહા..! બહુ ચર્ચા ચાલી હતી. ભાઈ!

આ વાત અમને માન્ય નથી. એ ગુરુની વાણી નહિ, એ શાસ્ત્રની નહિ, વીતરાગની વાણી એ નહિ. બહુ નાની ઉંમર હતી. તે દિ' ૨૫ વર્ષની ઉંમર. બે અને પાંચ પચ્ચીસ. આ તો ૮૬ થયા. સમજાણું કાંઈ?

આ જગતમાં સર્વજ્ઞ પૂર્ણિમા—પૂર્ણ માસ જેની પૂર્ણ શક્તિ વિકાસ થઈ. બીજ થાય છે બીજ. એનું નામ દૂજ. બીજનો પ્રકાશ હોય છે અને બીજનો પ્રકાશ થયો એમાંથી પૂનમનો પ્રકાશ તેર દિવસે થશે, થશે અને થશે જ. એમ જેને... આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો અંતરની વાતું છે, ભાઈ! સર્વજ્ઞ જગતમાં છે, પરમાત્મા છે અને પરમાત્મ થવાની શક્તિ મારામાં પણ છે. આત્મા સો પરમઅપ્પા. શેઠ! બહુ આવે છે પણ કે દિ' વિચાર કર્યો છે અંદર. પુસ્તક લઈને મૂકે ઓલા મલ્હારગઢમાં ... જય નારાયણ. જરી પુસ્તકનું વાંચન કરવું જોઈએ, એનો વિચાર કરવો જોઈએ, નિદાન કરવું જોઈએ શાસ્ત્રનું. આહાહા..!

જેને આ જગતમાં જેને સમ્યગ્દર્શન (થયું), પોતાની શુદ્ધ શક્તિ સંપન્ન હું છું, અંદરમાં નિજ પરમાત્મ સ્વરૂપે આનંદકંદ છું એની જેની દૃષ્ટિ થઈ એ બીજ થઈ. બીજ કહે છેને? આ એકમ ને બીજ નથી કહેતા? સુદ-સુદ. સુદ એકમ, બીજ. તો બીજ થઈ એની પૂનમ થશે, થશે ને થશે જ. એમ જેને સર્વજ્ઞ પરમાત્મા જગતમાં છે એવો મારો આત્મા પણ સર્વજ્ઞ સ્વરૂપી છે એવી જેને શ્રદ્ધા, દૃષ્ટિ થઈ એને થોડા અલ્પકાળમાં પૂર્ણિમા નામ પૂનમ સર્વજ્ઞ થશે, થશે ને થશે. આહાહા..! અરે! આ તો...

**શ્રોતા** :- આપની જયંતિ બીજની જ છેને!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કરે છેને. એ વખતે આમ જરી બીજ બનાવીને રાખે છે, ચંદ્ર બનાવે છે. આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાન આત્મા, જેમ એ શ્રીફળનો પિંડ અંદર ધોળો, સફેદ અને મીઠો છે, એવો આત્મા શુદ્ધ અને આનંદસ્વરૂપ એવું સ્વરૂપ એનું છે. એની દૃષ્ટિની ખબર નથી અને રાગને પોતાનો માને છે, શરીરને પોતાનું માને છે, દેશ પોતાનો માને છે... ધૂળેય તારું નથી સાંભળને. એ સ્વરૂપશૂન્ય જીવ છે. બહિર્ ચીજને પોતાની માને. પોતાના સ્વરૂપથી એ શૂન્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો બહિરાત્મા '**બહિરાત્મ-જીવે...**' એટલે બાહ્ય ચીજ જે અંતરમાં છે નહિ એને પોતાની છે એમ માનનારો પ્રાણીએ '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ભાવ્યાં નથી.**' આહાહા..! પોતાનું શુદ્ધ ચૈતન્યઘન નિર્મળ આનંદકંદ પ્રભુ એની શ્રદ્ધા સમ્યગ્દર્શન, સત્યદર્શન શ્રદ્ધાની ભાવના કોઈ દિ' કરી નથી એણે. કેમકે સ્વરૂપશૂન્ય છે દૃષ્ટિમાં. રાગ ને પુણ્ય ને આ ને આ. તે ધૂળધાણી. આ પૈસા મારા, આ બાયડી મારી, દેશ મારો છે, કુટુંબ મારું છે. ધૂળેય નથી તારું સાંભળને. તારી ચીજ તારાથી જુદી હોય? સમજાણું કાંઈ? જુદી ચીજ તારી નથી અને તારી હોય એ જુદી રહે નહિ. આહાહા..!

શ્રોતા :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે જ જુદી છે. આ શું કહે છે? અત્યારે જુદી જ અંદર છે. આહાહા..! માને છે મૂઢ. આહાહા..! બધી સગવડતા હોય અને દેહ છૂટી જાય છે. અને કાં પોતે રહે છે અને વસ્તુ ચાલી જાય છે. નિર્ધન થઈ જાય છેને? એ ચીજ તારી ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? જુઓને મુંબઈમાં એક ગૃહસ્થ માણસ હતો. ગૃહસ્થ ધનાઢ્ય. એના દીકરાના લગ્ન હતા તો એની નાતમાં.. નાત-નાત સમજ્યા? એની જાત હોયને નાતીલા. તો એણે બેડાનું... લગનમાં બેડા સમજ્યા? ત્રાંબાના ઘડા. માટલા નહી, ઘડો ત્રાંબાનો. એવા આખી નાતને, મોટી નાતમાં વહેંચ્યા હતા. દીકરાના લગનમાં. સમજાણું કાંઈ? નાત હોય છેને એમાં દશાશ્રીમાળી. જેમ તમારા .. એને નાત કહે છેને. એવી એની નાત હતી. બહુ ગૃહસ્થ હતા મુંબઈમાં. તો એના લગન વખતે એના પિતાજીએ પોતાની નાતમાં પાણી ભરવાના બેડા—ઘડા ઘરદીઠ વેચ્યા. બધાને વેચ્યા. પણ જ્યારે એ દીકરાની વહુને ગર્ભ રહ્યો તો જન્મ કરાવવાના સગવડતાના પૈસા નહિ, બધું ખલાસ થઈ ગયું. સમજાણું કાંઈ? એ જેઠાભાઈ કહેતા. જેઠાલાલ સંઘવી. જેઠાલાલ સંઘવી સોનાના વેપારી. એ કહે મારી પાસે આવ્યો હતો. ભાઈ! છોકરાની વહુની સુવાવડ કરવી છે. દવાખાને .. થોડા પૈસા આપો. જેના લગનમાં (બેડા વેંચ્યા) એની વહુને આ! આહાહા..! પુણ્ય ચાલ્યા જાય પછી પૈસા ક્યાંથી રહે ધૂળમાં? સમજાણું કાંઈ? તો એ પર ચીજ છે તો ચાલી જાય. પોતાની ચીજ જાય? અંદર આનંદસ્વરૂપ ભગવાન આત્મા આહાહા..! સમજાણું કાંઈ?

તો એવા જીવને સમ્યગ્દર્શન—સત્યદર્શન પૂર્ણ સ્વરૂપ હું આનંદ છું એવી ચીજની શ્રદ્ધા, એની ભાવના એને નથી. '**સમ્યગ્જ્ઞાન...**' હું જ્ઞાનમૂર્તિ નિરંજન ચિદાનંદસ્વરૂપ છું એનું સમ્યગ્જ્ઞાન તો એને છે નહિ. આહાહા..! '**અને સમ્યક્ચારિત્ર...**' એ સ્વરૂપ આનંદસ્વરૂપ છે, પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે એમાં રમવું, લીન થવું તે ચારિત્ર છે. એ ચારિત્ર તો છે નહિ. કેમકે સ્વરૂપશૂન્ય છે. આહાહા..! '**ભાવ્યા નથી.**' કદી પોતાનું દર્શન, પોતાનું જ્ઞાન, પોતાના ચારિત્રની ભાવના કરી નથી. પરની ભાવના કરી. રાગ કરવો, પુણ્ય કરવા, આ કરવું ને આ કરવું. આહાહા..!

'**આ મિથ્યાદષ્ટિ જીવથી...**' ભાવના કરનારો એ મિથ્યાદષ્ટિ જીવ એનાથી '**વિપરીત ગુણસમુદાયવાળો અતિ-આસન્નભવ્ય જીવ હોય છે.**' આહાહા..! હું તો આનંદ અને જ્ઞાન અનંતગુણસંપન્ન પ્રભુ છું. મારી શક્તિઓ અંદર અનંત છે. આનંદ, જ્ઞાન, શ્રદ્ધા, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંતગુણ સમુદાયવાળો હું આત્મા છું. આહાહા..! હું રાગ પણ નહિ, પુણ્ય પણ નહિ, પાપ પણ નહિ, એનું ફળ એ હું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**આ મિથ્યાદષ્ટિ જીવથી વિપરીત...**' અર્થાત્ શુદ્ધ ચૈતન્ય વસ્તુ પૂર્ણાનંદની સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ લીનતા એવા '**ગુણસમુદાયવાળા...**' આહાહા..! અનંતગુણ તો છે, પણ પર્યાયમાં અનંતગુણ

સમુદાયની પર્યાય પ્રગટ થઈ. આહાહા..! એવો **'અતિ-આસન્નભવ્ય જીવ હોય છે.'** અલ્પકાળમાં સંસાર છૂટી જશે અને આત્માનો આનંદ પ્રાપ્ત થશે. આહાહા..! ભારે આકરું. એ આસન્નભવ્ય જીવ હોય છે.

**'આ (અતિનિકટભવ્ય) જીવને...'** ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ આનંદનો નાથ, આનંદની મીઠાશની શક્તિથી ભરેલો પ્રભુ છે. આહાહા..! એ કેમ બેસે? બહારમાં જ્યાં રાગ અને પુણ્યમાં સુખ માન્યું. માન્યું કે અહીંયા સુખ છે, ઇન્દ્રિયના વિષયમાં સુખ છે, સ્ત્રીના ભોગમાં સુખ છે. મૂઢ છો. આહાહા..! આનંદ તો અંદર છે. સમજાણું કાંઈ? અરે! વાત સાંભળી નથી. આહાહા..! કહે છે કે એવા **'(અતિનિકટભવ્ય) જીવને સમ્યગ્જ્ઞાનની ભાવના...'** અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણ વિકારથી રહિત, શરીરથી રહિત, કર્મથી રહિત, કુટુંબથી રહિત, દેશથી રહિત એવો જે આત્મા એની ક્યા પ્રકારે ભાવના કરે છે? **'એમ પ્રશ્ન કરવામાં આવે તો (આચાર્યવર) શ્રી ગુણભદ્રાસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૩૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** જુઓ, ભાષા! નવ ભ-ભા છે.

(अन्ष्टुभ्)

'भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः।
भावये भाविता नेति भवाभावाय भावनाः।।'

છેને? ભ-ભા નવ છે. **'भावयामि भवावर्ते'** બે **'भावनाः'** ત્રણ. **'भाविताः'** ચાર, **'भावये'** પાંચ **'भाविता'** છ **'भवाभावाय'** આઠ અને **'भावनाः'** નવ. નવ ભ-ભ છે. આહાહા..! આચાર્યે પણ કેવી રીતે ભાષા લીધી છે! કહે છે અનંતકાળ પરિભ્રમણ કર્યું ચોર્યાશીના અવતાર ભ્રમણ કરતાં-કરતાં.

**'શ્લોકાર્થ :- ભવાવર્તમાં પૂર્વે નહિ ભાવેલી...'** એવા ભવનું ચક્ર ફર્યો, અનંત ભવ. અનંત ભવ કર્યા, મનુષ્યના અનંત, પશુના અનંત, નરકના અનંત, અનંત સ્વર્ગના, અનંત શેઠાઈના અને અનંત ગરીબાઈના. આહાહા..! એવા અનંતભવ થયા અનંતકાળમાં. સમજાણું કાંઈ? એવા **'ભવાવર્તમાં...'** ભવના ચક્રમાં. આહાહા..! **'ભવાવર્ત = ભવ-આવર્ત; ભવનો ચકરાવો;...'** રેંટ હોયને કૂવામાં રેંટ. દોરડું. ઉપરથી પાણી નીકળે અને નીચેથી ભરે. રેંટ નથી હોતું કૂવામાં? એમાં ડોલથી નીચેથી પાણી ભરાય, ઉપરથી નીકળે. એમ એક ભવ જાય અને બીજો ભવ આવે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો અનાદિ સત્ છે. તો રહ્યો ક્યાં? મુક્તિ થઈ હોય તો ફરીને અવતાર થાય નહિ. ચણો જે શેકાઈ જાય તો એ ઉગે નહિ. એને ઉગાડે તો ઉગે નહિ. આ ચણા નથી હોતા? દાળીયા નથી હોતા દાળીયા? શું કહે છે? ચણા શેકે છેને? તો કાચો હોય ત્યારે ઉગે છે, પણ જ્યારે એને અગ્નિથી શેકી નાખ્યો તો દાળીયો થઈ ગયો, પાક્કો ચણો થઈ ગયો ઈ નહિ ઉગે. વાવે તો ક્યાંથી ઉગે? એમ જેના અજ્ઞાન અને રાગ-દ્વેષ નાશ થયા એને આત્માની અનુભવદશા, પૂર્ણ દશા થઈ

એને ભવ હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરેરે! જે કાંઈ કરવાનું હતું એ કર્યું નહિ અને બીજું કર્યું. આહાહા..!

કહે છે કે **'ભવાવર્તમાં પૂર્વે નહિ ભાવેલી...'** કદી આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્માની રમણતા એવી ભાવના કદી ભાવી નથી. આહાહા..! ગુણભદ્રાચાર્ય કહે છે આત્માનુશાસનમાં. ગ્રંથ છે.

**શ્રોતા :-** ચરણાનુયોગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, આ આત્માનુશાસન, ચરણાનુયોગ નહિ. દ્રવ્યાનુયોગ. આત્માનુશાસન. ગ્રંથ છે આત્માનુશાસન. બધા જોયા છે. દ્રવ્યાનુયોગનું શાસ્ત્ર છે. આત્માનું અનુશાસન-આત્માની શિખામણ, ભગવાન આત્માના જ્ઞાનની શિખામણ. શિખામણને શું કહે છે? શિખામણ કહે છેને? શિક્ષા. જેમાં છે એ આત્માનું અનુશાસન. આહાહા..! એમ કહ્યું કે **'ભાવાવર્તમાં પૂર્વ નહિ ભાવેલી...'** આહાહા..! **'ભાવનાઓ (હવે) હું ભાવું છું.'** હવે આચાર્ય કહે છે કે હું આત્મા આનંદ છું, હું જ્ઞાનનો પૂંજ છું. જ્ઞાન શબ્દે નૂર—જ્ઞાનનું તેજ, સમ્યગ્જ્ઞાનના તેજનું હું પૂર છું એવી હું શ્રદ્ધા-જ્ઞાનમાં ભાવના કરું છું. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભવાવર્તમાં પૂર્વે નહિ ભાવેલી...'** અનંતકાળમાં કદી (નહિ ભાવેલી). હું પૂર્ણાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છું એવી ભાવના કદી ન ભાવી અનંતકાળના પરિભ્રમણમાં. આહાહા..! **'(હવે) હું ભાવું છું.'** હવે હું ગુંલાટ ખાઉં છું, પલટો મારું છું. રાગ અને પુણ્ય એ મારા નહિ, હું તો આનંદકંદ છું. આહાહા..! સમજાણું કાંઈ? બહુ વાત કઠણ છે, ભાઈ! સંપ્રદાયમાં તો બધી ગડબડ થઈ ગઈ છે. બહારની ક્રિયાકાંડમાં ધર્મ મનાવ્યો. આ વસ્તુ રહી ગઈ. જેમાં અનંતગુણ વસેલા છે, રહેલા છે એવો ભગવાન આત્મા એની હું અનંતકાળમાં.. આચાર્ય કહે છે, પૂર્વે મેં કદી એની ભાવના, એ ભાવની ભાવના, નિજ પરમાત્મતત્ત્વભાવ એની ભાવના એકાગ્રતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતા મેં કદી નથી કરી, હવે હું કરું છું. આહાહા..! હવે હું પલટો મારું છું, ગુલાંટ ખાઉં છું. ગુલાંટ કહે છેને? પલટો. આહાહા..!

એ નટ નાચતો હોયને, નટ. આમ નાચે, બે હાથે... પગ આમ. ગુલાંટ ખાય. બે હાથ અને પછી પગ આમ એક રસ્સીએ. નટ નાચે છેને? એમ હું પરતરફની દૃષ્ટિવાળી ભાવના અનંતવાર કરી. હવે હું પલટો મારું છું. 'નટ નાગરકી બાજી ક્યા જાણે ભામણ કાજી એ નટ નાગરકી બાજી.' નટ એવો ચૈતન્ય ભગવાન એણે ગુલાંટ અનાદિથી ઊંધો પડીને બહારની બાજુ ભમ્યો. પુણ્ય ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને હિંસા ને જૂઠું ને ચોરી એવા ભાવમાં રમ્યો અને નાચ્યો. આહાહા..! પણ મારી સ્વરૂપ દૃષ્ટિ શું છે એની મેં ભાવના કરી નહિ. આહાહા..! ઓલો નટ છે ઈ આમ હોય છેને. આમ ઉંધું કરે છે, આ તો સવળો થાય છે. આહાહા..!

કહે છે કે '(હવે) **હું ભાવું છું.**' શું? એ ઉપર કહ્યુંને? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પોતાના શુદ્ધસ્વરૂપની શ્રદ્ધા, શુદ્ધસ્વરૂપનું જ્ઞાન, શુદ્ધસ્વરૂપની રમણતા એવી ભાવના શુદ્ધભાવની હું ભાવના કરું છું. આહાહા..! લ્યો, આનું નામ પ્રતિક્રમણ. આ પડિક્કમણા કરે છેને સાંજ-સવાર? મિચ્છામિ.. ત્યાં શું આવ્યું? રાગ અને પુણ્યના વિકલ્પની વૃત્તિથી ખસીને પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ નિરંજન નિરાકાર આનંદ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ આત્માની ભાવના છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રતિક્રમણ અધિકાર છેને. એમાં આધાર આપે છે.

'**તે ભાવનાઓ (પૂર્વે) નહિ ભાવી હોવાથી...**' આહાહા..! મારું શુદ્ધસ્વરૂપ, મારું સ્વ-રૂપ, પોતાનું રૂપ, આનંદરૂપ, જ્ઞાનરૂપ એવું સ્વરૂપ એની ભાવના પૂર્વ કાળમાં કદી કરી નથી, હવે હું ભાવું છું. '**તે ભાવનાઓ નહિ ભાવી હોવાથી...**' અંતરના સ્વરૂપની ભાવના નહિ ભાવી હોવાથી '**હું ભવના અભાવ માટે તેમને ભાવું છું...**' ભવના અભાવને માટે ભાવું છું. આહાહા..! ભવનો અભાવ. જે ચાર ગતિના ભવ છે, ગતિ કરવાનો જે ભાવ છે પુણ્ય-પાપના વિકાર એ ભવનો અભાવ કરવા માટે હું મારા સ્વરૂપની ભાવના ભાવું છું. આહાહા..! મારો ત્રિકાળ શુદ્ધભાવ એની ભાવના કરવાથી ભવનો અભાવ થઈ જાય છે. આહાહા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છૂટી જાય છે. આત્મા એકલો આનંદસ્વરૂપ રહે છે નિર્મળાનંદ. આહા..હા..! જેમ છાશમાંથી, મઠ્ઠામાંથી માખણ નીકળે છેને? છાશ-મઠ્ઠો નથી કહેતા? આમ-આમ કરે છે ... માખણ ઉપર રહે છે અને છાશ નીચે રહી જાય છે. ઉપર માખણ રહે છે. એમ હું મારા સ્વરૂપની ભાવના કરવાથી રાગાદિ જે છાશ છે તે નીકળી જાય છે. એ ભવનો અભાવ કરવા માટે હું ભાવના કરું છું. આહાહા..! કહો, પોપટભાઈ! ક્યાં આમાં પડી હોય? આહાહા..!

અરે..! એની એને દયા ન આવી પોતાની. પોતાની દયા શું છે? હું જેવો છું એવું ન માનું તો દયા ક્યાં રહી? પોતાનું છે એવું ન માન્યું, તો એનું જીવન ચિદાનંદમૂર્તિ ભગવાન પૂર્ણાનંદનો નાથ એનું જીવન—ટકવું આ રીતે છે એમ નહિ માનીને હું રાગથી ટકું છું, પુણ્યથી ટકું છું, તો સ્વરૂપની હિંસા કરી એણે. પરની હિંસા કોણ કરી શકે? પોતાની હિંસા કરી એણે. જેવો (પોતે) છે એવી મોજુદગીની ચીજનો નકાર કરીને, જેમાં (પોતે) છે નહિ એવા રાગાદિને પોતાના માન્યા એ સ્વરૂપની તો હિંસા કરી. હું એવો નથી. હું નહિ... હું નહિ... હું નહિ... હું તો આ છું. આહાહા..! સમજાણું કાંઈ? ભારે આવું. ઉપદેશ કેવો આ! ઓલા તો કહે કરો આ, કરો આ. જાત્રા કરો, સિદ્ધચક્રની પૂજા કરો, પરની દયા પાળો, અરે..! કોણ પણ (કરે)? સેવા કરો પરની. કોણ સેવા કરે? શરીરની ક્રિયા કરી શકતો નથી, સેવા કોની કરે? આહાહા..! પક્ષઘાત થાય ત્યારે શરીરને હલાવી શકે છે? પક્ષઘાત—લકવો. જડની

ક્રિયા છે એ તો. આત્માથી નથી થતી. આહાહા..!

એ જડની ક્રિયા હું કરું છું, શરીરને હલાવું છું અને પરની સેવા કરું છું એ વાત તદ્દન ભ્રમ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ? જૈન ગેજેટમાં આવ્યું છે. કોકે નથી લખ્યું? મોરબીવાળા છે કોઈ. એણે આ બધા પંચાસ્તિકાયના અર્થ કર્યા છેને શ્રીમદ્‌માં? એ ભર્યું છે. પંચાસ્તિકાય આપણું. ... ભાઈ, પંચાસ્તિકાય તો દિગંબર જૈનશાસ્ત્ર છે. એનો અર્થ શ્રીમદ્ કર્યો છે. તમારામાં છે ક્યાં ઈ? સમજાણું કાંઈ? જૈન ગેજેટમાં આવ્યું છે. આહાહા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ બધું આવે છેને એમાં? એમાં લીધું છે. અને પાછું ત્યાં સુધી લીધું છે કે પોતાના સ્વરૂપની અનુભૂતિ થાય છે વાસ્તવિક દ્રવ્ય-ગુણની પર્યાય કરે એને. સમજાણું કાંઈ? હું ચૈતન્યઘન દ્રવ્ય છું. દ્રવ્ય નામ પદાર્થ. મારી શક્તિ આનંદ અને જ્ઞાન છે. એવી દૃષ્ટિ થતાં પર્યાય-દશામાં આનંદનું વેદન આવવું એ દ્રવ્ય-ગુણ-પર્યાયનું એને સાચું જ્ઞાન છે. આહાહા..! આ (શરીર) તો અજીવ છે. પરમાણુનો પિંડ છે રજકણ. એનાથી મારી ચીજ ભિન્ન છે, એમ શાસ્ત્ર કહે છે. એને શાસ્ત્ર કહીએ. આહાહા..!

ભગવાન! તું પૂર્ણાનંદ પ્રભુ! આહાહા..! એવી ભાવના કદી કરી નથી. અને '**તે ભાવનાઓ નહિ ભાવી હોવાથી હું ભવના અભાવ માટે તેમને ભાવું છું...**' આહાહા..! પહેલા તો એમ કહ્યું કે '**પૂર્વે નહિ ભાવેલી ભાવનાઓ** (હવે) **હું ભાવું છું.**' એટલી વાત લીધી. હવે કેમ ભાવું છું? કે '**તે ભાવનાઓ નહિ ભાવી હોવાથી હું ભવના અભાવ માટે તેમને ભાવું છું...**' ભવભ્રમણ કલંક છે. ભવ થવો (કલંક છે). ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદકંદ આહાહા..! ગધેડો મરી ગયો હોય અને એનું શરીર-ચામડી હોયને, ગંધ મારે. એમાં મૈસુબ રાખવો મૈસુબ. મૈસુબ-મૈસુબ, મૈસુબ પાક. ઈ શોભા છે? એમ આ ચામડા, હાડકા, માંસના છે. એમાં ચૈતન્ય આનંદનો નાથ અતીન્દ્રિય એમાં રહે એ કલંક છે. આહાહા..! શરમજનક ભવ. આ તો હાડકા, માંસ, ચામડા, લોહી, વીર્ય એ તો જડ માટી, ધૂળ છે. આહાહા..! ભગવાન અંદર જાણનારો, જ્ઞાનસ્વરૂપ ભગવાન ભિન્ન છે. એ તો આનંદસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

તો આચાર્ય કહે છે... દિગંબર મુનિ છે, જંગલમાં વસતા હતા. ગુણભદ્રસ્વામી કહે છે કે '**હું ભવના અભાવ માટે તેમને ભાવું છું...**' પહેલી તો સામાન્ય વાત કરી. ભવચક્રમાં અનાદિકાળથી મેં મારી વસ્તુની ભાવના કરી નથી તો હવે હું ભાવું છું. કેમ ભાવું છું? આહાહા..! '**તે ભાવનાઓ** (પૂર્વે) **નહિ ભાવી હોવાથી હું ભવના અભાવ માટે ભાવું છું...**' મેં અંતરની ભાવના કરી નથી માટે ભવ થયા. માટે હું અંતરની ભાવના ભવના અભાવ માટે કરું છું. ભવ નહિ. હું તો આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ (છું). આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે? ભાષા ગુજરાતી (આવી જાય છે). આહાહા..! ઓહો..! ભાષા જુઓને. આહાહા..!

भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः।
भावये भाविता नेति भवाभावाय भावनाः।।

આહાહા..! હું ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાનનો પુંજ એ તરફની મેં ભાવના ભવચક્રમાં કદી કરી નથી. તો હવે હું એને છોડીને પોતાની ભાવના ભાવું છું. હું આનંદ શુદ્ધ છું એવી દૃષ્ટિમાં, જ્ઞાનમાં રમણતાની ભાવના હું કરું છું. કેમ? પહેલા એ નહિ ભાવી હોવાથી. પોતાની ચીજ જે આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને પ્રતીતમાં લીધો નથી, જ્ઞાનમાં આવ્યો નથી, રમણતામાં લીધો નથી. આહાહા..! આવો માર્ગ! એ ન ભાવી હોવાથી. આ ભાવના પહેલા નહિ ભાવી હોવાથી, એમ. '**હું ભવના અભાવ માટે તેમને ભાવું છું...**' આહાહા..! મારી ચીજમાં ભવ નથી અને ભવનો ભાવ મારી ચીજમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયાની સાથે કોઈ સંબંધ નથી આત્માને, ભિન્ન ચીજ છે. આહાહા..! દયા, દાન, વ્રતના રાગ સાથે સંબંધ નથી. ગુણ સાથે સંબંધ છે. ગુણી એવો ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ એની શક્તિની સાથે સંબંધ છે, પરની સાથે સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

સહવર્તી, ગુણને સહવર્તી કહ્યુંને. ક્રમવર્તી પર્યાય, સહવર્તી ગુણ. બહુ સૂક્ષ્મ, બાપુ! અધ્યાત્મની વાત. આત્મા વસ્તુ છે એની શક્તિ જ્ઞાન, દર્શન, આનંદ સાથે રહે છે. એટલે કે આત્મા સાથે રહે છે એમ નહિ, પણ અનંતા ગુણ-શક્તિ ગુણની સાથે રહે છે. આહાહા..! પર્યાય સાથે નહિ. પર્યાય ત્રિકાળ નથી રહેતી. પર્યાય અવસ્થા ક્રમસર થાય છે. અજ્ઞાન ટળે અને જ્ઞાન થાય છે. જ્ઞાનની શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આહાહા..! આ તો અભ્યાસ થોડો હોય એને જરી (સમજાય એવું છે). આ તો આખા સંસારના અભાવની વાત (છે). મોક્ષમાર્ગ. આહાહા..! મેં આ ભાવના પહેલા. કઈ? હું ભાવું છું ઈ. એમ આવ્યુંને? હવે હું ભાવું છું એ. આહાહા..! જે ભાવના અંતર સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન અને રમણતા એ ભાવનાઓ ભાવું છું. એ ભાવનાઓ નહિ ભાવી હોવાથી. પૂર્વે કદી એ ભાવના કરી નથી. '**હું ભવના અભાવ માટે તેમને ભાવું છું...**' ભાવું છું એટલે? ભાવના કરું છું.

'**(કારણ કે ભવનો અભાવ તો ભવભ્રમણના...**' ભવનો અભાવ, '**ભવભ્રમણના કારણભૂત ભાવનાઓથી વિરુદ્ધ પ્રકારની,...**' આહાહા..! ભવનો અભાવ, જન્મ-મરણ શરીરનો અભાવ એ '**ભવભ્રમણના કારણભૂત ભાવનાઓથી વિરુદ્ધ પ્રકારની,...**' હોય છે. ભવભ્રમણનું કારણ એવી ભાવના. રાગ અને પુણ્યની ભાવના એ ભવભ્રમણના કારણની ભાવના છે, એનાથી '**વિરુદ્ધ પ્રકારની,...**' પોતાના શુદ્ધ ચૈતન્યની ભાવના-અંદર એકાગ્રતા. આહાહા..! '**પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ ભાવનાઓથી જ થાય.)**' આહાહા..! કદી ભાવી નથી એમ થયોને એનો અર્થ? આહાહા..! બહુ થોડી વાત. માણસ નથી કહેતા? થોડું લખ્યું ઘણું કરીને જાણજો. પત્રમાં લખે. શું લખે? જાજું સમજજો. એમ અહીં કહે

છે કે થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આહાહા..! એવી અપૂર્વ ભાવના. પૂર્વે જે પોતાના શુદ્ધ પૂર્ણ આનંદસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનની ભાવના કદી કરી નથી. એ ભાવનામાં એનાથી વિરુદ્ધ જે ભવભ્રમણની ભાવના છે એનાથી વિરુદ્ધ આ ભાવના છે. એ ભવભ્રમણના અભાવને લીધે... આહાહા..! જેમાં સ્વર્ગ મળે એ પણ પુણ્યભાવ છે, ભવ મળે સ્વર્ગના, દેવના અને આ શેઠાઈના. આ કરોડોપતિ અને અબજોપતિ ધૂળના શેઠિયા હોય છે કે નહિ? ધૂળના શેઠ, ધૂળ છેને ઈ. આહાહા..!

**શ્રોતા :-** સોનગઢમાં ધૂળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોનગઢમાં ધૂળ છે. તમારે ઘરે ત્યાં છેને. સાગરના છે. કહ્યું હતુંને. મોટા છે. આ નાના છે તમારી પાસે બેઠા ઈ. સાગર. ધૂળ છે એમ કહે છે આ તમારી મોટરને.

**શ્રોતા :-** ધૂળ પણ કામ આવેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય કામ આવતી નથી. પાપને માટે આવે છે કામ. મારી છે એમ માનવા માટે કામમાં આવે છે. મિથ્યાત્વ. આહાહા..!

મેં તો મારી ભાવના કદી (ભાવી નથી). આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનપુંજ નિરંજન નિરાકાર જેનો સ્વભાવ એના સ્વરૂપસન્મુખ થઈને અનંતકાળમાં કદી ભાવના કરી નથી, કદી એ દશા પ્રગટ કરી નથી એમ કહે છે. હવે હું ભવના અભાવને માટે, જન્મ-મરણથી છૂટવા માટે મારી ચીજ જે શુદ્ધ આનંદકંદ છે એને હું શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિથી ભાવું છું. આહાહા..! જુઓ, આચાર્ય પોતે પોકારની વાત સિદ્ધ કરે છે. કોઈ કહે કે ખબર પડે કે નહિ આ ભવના અભાવની, પોતાની શ્રદ્ધાની, જ્ઞાનની? કહે છે, ખબર પડે. આહાહા..! એ ૯૦ ગાથા થઈ.

હવે કહે છે, જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વિકલ્પ રાગ છે. શાસ્ત્રનું જ્ઞાન પરવસ્તુ છે શાસ્ત્ર એ પણ એક વિકલ્પ રાગ છે. અને પંચમહાવ્રત વ્રત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ મહાવ્રત એ પણ એક વિકલ્પ રાગ છે. આહાહા..! એવા વ્યવહારરત્નત્રય કહેવામાત્ર છે, એવું તો અનંતવાર કર્યું છે. એ કંઈ મારી ચીજ નથી. આહાહા..! કહેવામાત્ર વ્યવહાર મેં કર્યો, પણ મારી ચીજમાં કર્યો નથી. એ વિશેષ વાત કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ-૬, શુક્રવાર, તા. ૨૬-૦૯-૧૯૭૫,**
**ગાથા-૯૧, કળશ-૧૨૧, પ્રવચન નં. ૪૪**

(मालिनी)

अथ भवजलराशौ मग्नजीवेन पूर्वं
किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्।
तदपि भवभवेषु श्रूयते वाह्यते वा
न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्।।१२१।।

૯૦ ગાથાનો ૧૨૧ કળશ. 'જે **મોક્ષનું કથનમાત્ર** કારણ છે...' બહુ સરસ વાત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રતાદિના પરિણામ એ મોક્ષને માટે વ્યવહાર કથનમાત્ર છે, કહે છે. આહાહા..! કેવી શૈલી! ઓલા કહે છે કે વ્યવહાર સાધન છે. અહીં હે છે કે વ્યવહાર તો કથનમાત્ર છે, વચનમાત્ર છે. નિવૃત્તિનું વચનમાત્ર કારણ છે, મોક્ષનું કથનમાત્ર કારણ છે, વાસ્તવિક એ કારણ છે નહિ. અહીં તો કારણ ઉડાવ્યું. સમજાણું કાંઈ? ... ઓલા કારણ કહે છેને કે નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ. એમાં વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચય વિનાનો કથનમાત્ર એવું તો અનંતવાર કહે છે કે સાંભળ્યું અને કર્યું છે. આહાહા..! જે નિવૃત્તિ કારણ વચનમાત્ર છે, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે શુભભાવ એ મોક્ષનું કારણ કથનમાત્ર છે. આહાહા..! કહેવામાત્ર છે. આ ઉંદરને મામો કહે છેને. ઉંદર-ઉંદર સમજો છો? ચૂહા એને મામો કહે છે. કેમકે ઓલા કપડા-બપડા કાપે નહિ ... એ કહેવામાત્ર મામો છે. એ મામો કાંઈ મોસાળુ ન પૂરે. મોસાળું શું કહેવાય? માયરા. એમ વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ... આહાહા..! નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધાનો રાગ અને પંચમહાવ્રત કે બાર વ્રત એવો જે વિકલ્પ એને વ્યવહારમોક્ષનું કારણ કહ્યું એ તો કહેવામાત્ર છે, વસ્તુ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ઉદયભાવ છે. આહાહા..! ઉદયભાવ મોક્ષનું કારણ કઈ રીતે હોય? કહો, શેઠ! મોડા આવ્યા. યાદ કર્યા હતા, ક્યાં ગયા. એ પુસ્તકની ભક્તિ કરવી, ભગવાનની ભક્તિ કરવી, ભગવાનને માનવા, શાસ્ત્ર છે એને માનવા એવો જે શુભરાગ એ મોક્ષને માટે વચનમાત્ર-કથનમાત્ર છે, વસ્તુ નહિ. આહાહા..! જુઓને, મુનિરાજે કેટલું સ્પષ્ટ કરી નાખ્યું! આહાહા..! 'मिच्छत्तपहुदिभावा' એનો કળશ છે.

શુભભાવની ક્રિયા નિશ્ચયસ્વરૂપ જે ભગવાન આત્મા તેનો આશ્રય લીધા વિના, નિશ્ચય

તત્ત્વ જે ચૈતન્યબિંબ આનંદકંદ પ્રભુ એને દૃષ્ટિમાં લીધા વિના અને એનો આશ્રય લઈને સમ્યગ્જ્ઞાન થયા વિના અને એના સ્વરૂપમાં સ્થિરતા કર્યા વિના જે કાંઈ વ્યવહારમાત્ર છે એ તો અનંતવાર કર્યું છે, કહે છે. આહાહા..! આ કહે છેને? ક્યાં ગયા શુકનલાલજી? કહે છેને, વ્યવહાર (કરતાં) હળવે-હળવે થાશે. અહીં કહે છે, એ તો વ્યવહારના પણ ઠેકાણા નથી, પણ આ તો વ્યવહાર જેનો દેવ, ગુરુ અને શાસ્ત્ર સાચા મળ્યા છે જેને... આહાહા..! એની શ્રદ્ધા અને દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન પરદ્રવ્ય છેને? અને પરદ્રવ્ય તરફના રાગની મંદતાનું આચરણ વ્રતાદિ, એ તો મોક્ષનું કારણ કહેવામાત્ર કારણ અહીં ભાષા એમ મૂકી છે, કારણ શબ્દ મૂક્યો છે. છે? કેમકે કાંઈપણ કથનમાત્ર, વચનમાત્ર નિવૃત્તિ કારણગત. આહાહા..! સમજાણું કાંઈ? માખણ આપ્યું છે. પ્રભુ આત્મા આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ એનો આશ્રય લીધા વિના જે કાંઈ વ્યવહારની ક્રિયાકાંડ કરવામાં આવે એ તો કથનમાં મોક્ષનું કારણ છે એ કથન કહેવામાત્ર છે, ઉંદરને મામો કહેવો એમ. અથવા પાડોશી હોય એને મામા કહેને, ભાઈ! અમારે મુસલમાન પાડોશી હતા, પાડોશી હતા. આ મકાન છેને, જન્મ (ગામમાં એમાં) જોડે પાડોશી ગીજુભાઈ હતા.

અમારા (બાપના) બાપનું નામ ગીગાભાઈ હતું. આ ગીજા, ગીજામામા કહેતા એને. એના બૈરાને માસી કહેતા. ગામના ખરાને. અમારા ઉમરાળા ગામના. અમારી બા ત્યાંના. ગીજામામા કહેતા અને એની વહુને સકુબાઈમાસી કહેતા. એ મકાન લઈ લીધુંને આમાં. આપણે આમાં લઈ લીધું. કેટલા? ૨૭ રૂપિયાની પાઈ નીકળી હતી એમ કહેતા હતા. એ પાઈ-પાઈનો ધંધો કરતાને. પહેલા પાઈ-પાઈનો ધંધો. અડધી પાઈનું શાક અને અડધી પાઈનો ગોળ ને એવી રીતે. તે દિ' તો સોંઘુ હતુંને, અત્યારે ક્યાં... અને ગરીબ માણસો. એક પાઈમાંથી બે લેતા અને એમાં એને પેદા થાતું. મકાન લીધું હતુંને આ ભેળવવા. એમાંથી પૈસા નીકળ્યા હતા. પાઈઓ નીકળી. આહાહા..! તો એના ગીજામામા-ગીજામામા કહેતા. ... ત્યારે કાંઈ આપતા નહોતા, પણ કહેવામાત્ર (મામા).

એમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ મોક્ષનું કારણ કહેવામાત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, શુકનલાલજી! આવો માર્ગ છે. આમ અપવાસ કરીએ. સમ્યગ્દર્શન આત્માના ભાન વિના આ કરીએ, અપવાસ કર્યા, તપસ્યાઓ કરી મહિના-મહિનાની અને બાર વ્રત લીધા, બ્રહ્મચર્ય પાળ્યા શરીરથી એ બધો વ્યવહારનો વિકલ્પ શુભરાગ છે. આહાહા..! એને મોક્ષનું કારણ કહેવું. શબ્દ શું છે જુઓ, '**निर्वृत्तेः वचनमात्रं कारणं यत्**' આહાહા..! નિવૃત્તિનું એટલે મોક્ષનું વ્યવહાર કથનમાત્ર કારણ છે, વસ્તુતઃ કારણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જેમાં ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા એનો આશ્રય નથી, એના સ્વઘરનો આશ્રય નથી અને પરઘરના આશ્રયમાં પડ્યો, એનાથી મુક્તિ થાય એ તો કહેવામાત્ર છે, કહે છે. આહાહા..! એટલે કે એ કહેવામાત્ર ધર્મ છે, એમ. ધર્મ છે નહિ. આહાહા..!

પાછો શબ્દ કેવો વાપર્યો છે? '**कारणं**' એ કહેવામાત્ર કારણ છે. આહાહા..!

મોક્ષના બે કારણ—એક નિશ્ચયમોક્ષમાર્ગ. ભગવાન આનંદપ્રભુ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ મોક્ષનું નિશ્ચયકારણ, યથાર્થ કારણ, વ્યાજબી કારણ અને વ્યવહાર એ કથનમાત્ર કારણ છે કહે છે. આહાહા..! પ્રભુ આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ આત્મા તો છે. સત્ છે અને જ્ઞાન અને આનંદનું પૂર અંદર ભર્યું છે. આહાહા..! ક્યાં બેસે એને? સમજાણું કાંઈ? જેનાં નિધાનમાં આત્માના સ્વભાવમાં (આનંદ ભર્યો છે). વસ્તુ છેને? તો વસ્તુનો કોઈ સ્વભાવ હોય કે નહિ? તો એનો સ્વભાવ તો અનંત આનંદ અને અનંત જ્ઞાન એવો એનો સ્વભાવ છે ભગવાન આત્માનો તો. આહાહા..! સમજાય છે કાંઈ? દેહદેવળમાં બિરાજતો પ્રભુ આ આત્મા હોં અંદર. ખબર ન મળેને. કેવડો છે? ક્યાં છે? કેમ છે? ખબરું ન મળે. આ બહારની... એ બિચારો ઓલો કહેતો હતો હોં કાલે. શીખ આવ્યો હતોને સરદાર. ઈ કહે, મહારાજ! અમે આ શરીર જે પોતાનું નથી એને પોતાનું માન્યું છે. એટલું એ શીખી ગયો અને પોતે કોણ છે એની ખબર નથી. એ સરદાર નહોતો આવ્યો? એ કહેતો હતો. રજનીભાઈનો ભાગીદાર છે. શેરડીનો, શેરડીને શું કહે? ગન્ના. યુ.પી.માં મોટા કારખાના છે. યુ.પી.માં બહુ શેરડી થાય છેને. તો એના કારખાના ત્યાં હતા વેરાવળ, માંગરોળની પાસે. પણ ત્યાં બહુ ચાલ્યું નહિ. ... એ ભાગીદાર હતા. રાજકોટ ગયા હતા ત્યારે એણે એકાવન રૂપિયા મૂક્યા હતા. અહીં પણ આવ્યા હતા ત્યારે નાળિયેર મૂક્યું હતું. આહાહા..! બાપુ! માર્ગ તો એવો છે.

આ ચૈતન્ય અંદર વસ્તુ છે એ શું ચીજ છે? જેમ ગોળ છે, સાકર છે, પેંડા છે, દાણા છે મગ આદિ એ જેમ ચીજ છે એમ આ ચીજ શું છે અંદર? અંદર આત્મા વસ્તુ છે એમાં તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન ભર્યું છે. આહાહા..! કોઈ દિ' ખબર ન મળે. આહાહા..! એની પાત્રતા હોય તો મળ્યા વિના રહે નહિ. શેઠ! એવી વાત છે. આહાહા..! ભારે કામ આકરું!

વ્યવહારને તો કહેવામાત્ર કહીને ઉડાડી દીધો. આવે છે તો પણ કહેવામાત્ર છે, વસ્તુ નહિ. ધર્મ નહિ અને મોક્ષને માટે કારણ નહિ. આહાહા..! આવે તો ખરા જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી નિશ્ચયસ્વરૂપના ભાનસહિતમાં અશુભથી બચવા એ કાળે શુભભાવ હોય છે. પણ એ હોય છે તે શું છે? મોક્ષના કારણને કહેવામાત્ર કારણ છે, કહે છે. આહાહા..!

**શ્રોતા :-** વ્યવહાર કારણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કારણ જ નથી. ઉપચારિક કારણ, આરોપિત કારણ... આહાહા..! શબ્દ કેવો વાપર્યો છે, જુઓ ત્રીજું પદ,

**अथ भवजलराशौ मग्नजीवेन पूर्वं**
**किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्।**

આહાહા..! ભગવાન! તું કોણ છો અંદર? કોણ છો? એ પ્રભુ આનંદનો નાથ આત્મા

છે અંદર. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ આત્મા છે. એની ખબરું ક્યાં છે? અહીં બહારમાં ધૂળમાં આનંદ, પૈસામાં આનંદ, બાયડીમાં આનંદ, આબરૂમાં આનંદ. ધૂળમાંય આનંદ નથી કહે છે, સાંભળતો ખરો. આહાહા..! આનંદ તો તારું નિધાન અંદરમાં પડ્યું છે. એવા આનંદનો આશ્રય લીધા વિના દેવ, ગુરુ અને શાસ્ત્રની શ્રદ્ધાનો, પરદ્રવ્યના આશ્રયથી જે કાંઈ વિકલ્પ વ્યવહાર ઉઠે એને મોક્ષનું કારણ કહેવું એ તો કહેવામાત્ર છે, વસ્તુ નથી. ઓલામાં કહ્યુંને, કથનમાત્ર વ્યવહાર છે. આહાહા..! કળશટીકા પાંચમી. વ્યવહારનય ... કથનમાત્ર છે. ત્યાં પણ કથનમાત્ર કહ્યું વ્યવહારને. આહાહા..! વ્યવહારને તો તુચ્છ કરીને ઉડાડી દીધો છે. આહાહા..!

ભાઈ! તું કોણ છો, પ્રભુ? અંતર આનંદનો નાથ (છો). ઈ કહે છે કે '**મોક્ષનું કાંઈક કથનમાત્ર...**' કાંઈક કથન. '**किमपि**' શબ્દ છેને. કાંઈક કથનમાત્ર કારણ છે. આહાહા..! '**તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ...**' દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાય નવ તત્ત્વની પણ શ્રદ્ધા વિકલ્પ અને પંચમહાવ્રત અહિંસા, સત્ય, દત્ત આદિના આચરણ એ વ્યવહાર છે. એ વ્યવહાર ધર્મ છે એ કથનમાત્ર છે. આહાહા..! ધર્મ જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોએ... શ્રીમદ્ કહે છેને, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. .. જુઓ તો ખરા. આ નવસો, હજાર વર્ષ પહેલા મુનિ થયા છે. અમૃતચંદ્રાચાર્ય પછી હોં! ... ઓલી કોર છેને, અમૃતચંદ્રાચાર્ય આ. કુંદકુંદાચાર્યની ટીકા કરનારા એ ટીકા કરનારા. નિયમસારની ટીકા એ કરનારા અને સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયની (ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય). આહાહા..!

વ્યવહાર કથનમાત્ર છે. ઓહોહો..! પાડોશીને મામો કહેવો એ તો કહેવામાત્ર છે. મામો છે? દીકરો પરણે કે દીકરી પરણે ત્યારે આપે મોસાળું? મોસાળું સમજાય છે? માયરા. રૂપિયો આપે કદાચ, વ્યવહાર હોય, વરઘોડે ચડતો હોય છોકરો તો રૂપિયો આપે અને નાળિયેર (આપે). આહાહા..! કહે છે કે એ વ્યવહાર તો કથનમાત્ર (છે). આહાહા..! એ પાછું કારણ શબ્દ વાપર્યો. એને મોક્ષનું કારણ કહેવું એ કહેવામાત્ર છે. આહા..હા..! હવે આ બે કારણ છે એનાથી કાર્ય થાય એમ માને છે એ વાત ઊડાવી દીધી. આહાહા..! પર્યાય બેથી ઉત્પન્ન થાય એમ આવે છેને, નિશ્ચય અને વ્યવહાર. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એવું આવે છે. કહે છે કે એ નિમિત્ત કીધું કારણ એ તો વ્યવહારનું કથનમાત્ર કારણ છે. આહાહા..!

એવા '**ભવસાગરમાં ડૂબેલા જીવે...**' અનાદિનો. આહાહા..! ચોર્યાશી લાખના અવતાર. એક-એક યોનિમાં અનંત અવતાર કર્યા. એવા ભવસાગરમાં ડૂબેલો. આહાહા..! રાગને ધર્મ માનનારો ભવસાગરમાં ડૂબેલો છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ '**ભવસાગરમાં ડૂબેલા જીવે...**' ડૂબેલા જીવે '**પૂર્વે ભવભવમાં સાંભળ્યું છે...**' એ વ્યવહારરત્નત્રયનો ભાવ સાંભળ્યો છે કે આ દેવ-ગુરુની શ્રદ્ધા કરવી, દેવ-ગુરુની ભક્તિ કરવી,

દેવ-ગુરુની સન્મુખ જવું, દેવ-ગુરુનું આચરણ કરવું, વિનય કરવો. એય..! ચૈત્યાલયમાં તમારે કાંઈક છેને વેદી એની ભક્તિ કરવી. એવું તો અનંતવાર કર્યું એમ કહે છે. શેઠ! આ તમારા ઘરની વાત કરી. ચૈતાલય છેને. આહાહા..! એમાં શાસ્ત્ર ... એની ભક્તિ અને એનું બહુમાન એ તો રાગ છે, એને ધર્મ કહેવો એ તો કહેવામાત્ર છે. આહાહા..! અને એની શ્રદ્ધા અને એ તરફનું જ્ઞાન અને એ તરફના આચરણનો શુભભાવ એને મોક્ષનું કારણ કહેવું એ તો કહેવામાત્ર છે. આહાહા..! મશ્કરી કરીને ઉડાવી દીધો છે. છેલ્લામાં કહ્યું હતુંને? છેલ્લે નહિ? વચમાં કહ્યું, છેલ્લે કહ્યું. છેલ્લું છેને?

જુઓ, પહેલું. '**જેણે હેયવૃતિઓનો નિરસ્ત કરી છે...**' ૩૭૪ પાનું છે. નીચેથી ત્રીજી લીટી. '**જેણે હેયવૃત્તિઓને નિરસ્ત કરી છે...**' આ ટીકા. '**(અર્થાત્ જેણે છોડવાયોગ્ય સમસ્ત વિભાવવૃત્તિઓને દૂર ફેંકી દીધી છે)...**' આહાહા..! છે? ૩૧૧ શ્લોક. ૩૧૧. આહાહા..! બીજામાં પહેલા ક્યાંક હતું. આ તો નવું છેને. ઓલામાં લખાણ છે. બીજું છે અંદર. ... આ તો નવું છે. ઓલામાં લખ્યું હશે. આ? આમાં નથીને? આ તો નવું છે. પાનું ૨૧૫, પાનું ૨૧૫. ૧૫૫ કળશની હેઠે. '**આમ આ પદ્ય વડે પરમ જિનયોગીશ્વરે ખરેખર વ્યવહાર-આલોચનાના પ્રપંચનો ઉપહાસ કર્યો છે.**' છેને? વ્યવહાર આલોચના. સાધુ પાસે ... આલોચના કરવી એ તો વિકલ્પ છે, કહે છે. એની તો મશ્કરી કરી છે, કહે છે. આહાહા..! છે? આહાહા..! આ પરમપુરુષમાં વિધિ શું અને નિષેધ શો એમ કહે છે. આ કરવા જેવું અને આ છોડવા જેવું ને આ આલોચન એ છે જ ક્યાં અંદર? આહાહા..! સમજાણું કાંઈ?

'**આમ આ પદ્ય વડે પરમજિનયોગીશ્વરે ખરેખર વ્યવહાર-આલોચનાના પ્રપંચનો ઉપહાસ કર્યો છે.**' આહાહા..! ૧૦૯ છે. એટલે કે જે કોઈ આત્માને સંભાવે વીતરાગભાવે જાણીને આત્માના વીતરાગ ભાવના પરિણામ કરે એ આલોયણ જાણ—એને આલોચના જાણ. પરમજિનના ઉપદેશમાં આલોચના સ્વરૂપમાં આનંદમાં રમતા જે દશા પ્રગટ થાય તે આલોચના છે. એમ જિનવરના ઉપદેશમાં આ છે એમ કહે છે. જિનવરના ઉપદેશમાં વ્યવહાર કે આલોચના યથાર્થ છે એમ જિનવરના ઉપદેશમાં છે નહિ. આહાહા..! ભારે ઝીણું! છે? આગમ.. જાણો. એમાંથી કાઢ્યું. આલોચના એને જાણ કે જે આત્માના આનંદનો અનુભવ કરે, અંતર દેખે. ભગવાન પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપને '**पस्सइ**'. છેને? ... અને વીતરાગ પરિણામમાં સ્થાપે જીવને. એ વીતરાગ પરિણામ તે આલોચના યથાર્થ છે. આહાહા..! પાપ લાગ્યું હોય અને ગુરુ પાસે આલોચવું એ બધા વ્યવહાર આલોચનાની તો મશ્કરી કરી છે. આ શું પણ? આહાહા..! છે? દેવીલાલજી! ઉડાવી દીધું મશ્કરી કરીને. ... આહાહા..!

ત્રણલોકનો નાથ એની પાસે અંદર જઈને વીતરાગભાવ પ્રગટ કરને. એ આલોચના છે. આવો વિકલ્પ (કરે) કે આ કરું, આ છોડું, આનું પાપ લાગ્યું તો પ્રાયશ્ચિત લીધું... એ

મશ્કરી કરી છે. આહાહા..! ૧૦૮ ગાથા છેને. આવી ગઈ. ૧૦૯ ગાથા. એ શ્લોક છે ૧૫૫. '**જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપતિમિરના પુંજનો નાશ કર્યો છે...**' ચૈતન્યના તેજને વિકાસ કરીને. આહાહા..! જેણે ચૈતન્યના તેજ શક્તિરૂપે છે એને ચૈતન્યના તેજનો વિકાસ પર્યાયમાં પ્રગટ કરીને પાપપુંજનો જેણે નાશ કર્યો છે. આહાહા..! '**અને જે પુરાણ (-સનાતન) છે એવો આત્મા...**' સનાતન આત્મા છે, છે અને છે અનાદિથી. '**એવો આત્મા પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે.**' પરમસંયમીઓના જ્ઞાનકમળમાં હૃદયની અંદર સ્પષ્ટ છે. '**તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત છે. આ નિકટ પરમપુરુષમાં વિધિ શો અને નિષેધ શો?**' આ પાપ લાગ્યું અને આ પાપ છોડું છું એ વાત એમાં ક્યાં છે? કહે છે. આહાહા..! એ તો નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ છેને. એમાં જેણે વીતરાગતા પ્રગટ કરી છે એવા સત્પુરુષને, જેના જ્ઞાનકમળમાં ભગવાન વર્તે છે, પૂર્ણાનંદનો નાથ વસ્યો છે... આહાહા..! એને વિધિ શું અને એને નિષેધ શો? આ એને પાપ લાગ્યું, એની આલોચના કરી, પ્રાયશ્ચિત લીધું. અરે! એને શું છે? પોપટભાઈ! આવી વાતું છે, બાપા! આહાહા..!

એમાંથી કાઢ્યું ઈ. ... વિધિ શું અને નિષેધ શો? એટલે શું કહ્યું? એમ કાઢ્યુંને કે જિનવરના ઉપદેશમાં આને આલોચના કીધી નિશ્ચયને. એમાંથી કાઢ્યું કે વ્યવહાર આલોચનાની મશ્કરી (કરીને) ઉડાવી દીધી. આહાહા..! ભારે વાત, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? કેમકે અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન જેની રમતમાં જ્યાં આવ્યો, એની રમતમાં આવ્યો.. આહાહા..! આતમરામ આત્માની રમતમાં ચડ્યો અંદર.. આહાહા..! એની રમતું જે આનંદની તેનું નામ આલોચના છે. આહાહા..! એથી કહ્યું કે એવા સંતને, આવી જેની દશા છે એને આ પાપ લાગ્યું એને છોડવું એ વિધિ-નિષેધ એમાં ક્યાં હતો? આહાહા..! એ એમાંથી કાઢ્યું. '**आलोयणमिदि जाणह**' જિનવરના ઉપદેશમાં. એટલે વ્યવહારનો ઉપદેશ ત્યાં ઉડાડી દીધો. આહાહા..! સમજાણું કાંઈ? લોકોને આ નિશ્ચય એકલું લાગે છેને. એ સત્ પણ એકલું નિશ્ચય સમ્યક્ એકાંત નિશ્ચય છે ઈ. આહાહા..! ઈ કહેશે હમણાં. આમાં આપણે કેટલામાં આવ્યું? ૧૭૨ (પાનું).

ભાષા એવી વાપરી છે કે આત્મા આનંદસ્વરૂપ ભગવાન એની સન્મુખ થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે એ નિશ્ચયઆલોચના એનું નામ છે. એવા જિનવરના ઉપદેશમાં આમ આવ્યું છે એમ કહે છે. આહાહા..! ત્યારે ઓલું આવ્યું નથી? એ કથનમાત્ર આવ્યું છે વ્યવહાર. આહાહા..! લૌકિક કથનમાત્ર, વ્યવહાર કથનમાત્ર. આહાહા..! કેટલું નિશ્ચયનું જોર છે! સમજાય છે કાંઈ? આહાહા..! એવું તો '**ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં સાંભળ્યું છે...**' એવા તો અનંતા ભવે વ્યવહારરત્નત્રયનું સાંભળેલું છે. આહાહા..! સમજાણું કાંઈ? ભવભવમાં અનંત ભવમાં કહે છે. આહાહા..!

**'સાંભળ્યું છે અને આચર્યું (-અમલમાં મૂક્યું) છે;...'** બરાબર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, બહુમાન ને વિનય ને એવો શુભરાગ અમલમાં મૂક્યો છે એણે. આહાહા..! **'પરંતુ અરેરે! ખેદ છે...'** છેને? **'न च न च बत कष्टं' 'कष्टं'** એટલે ખેદ. આહાહા..! **'અરેરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે...'** ભગવાન તો સર્વદા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે. એમાં વિકલ્પ ને આ ને આ એવું સ્વરૂપમાં ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? **'જે સર્વદા એક જ્ઞાન છે...'** એમ ભાષા છે. ત્રિકાળ એક જ્ઞાનસ્વરૂપ જ છે. ભેદ પણ નથી જેમાં. આહાહા..! જે ભગવાન આત્મા ત્રિકાળ એક જ્ઞાન છે, જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવથી ભરેલું એવું એક જ્ઞાનસ્વરૂપ **'(અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી.'** આહાહા..! એ પરમાત્મતત્ત્વ એકલું જ્ઞાનસ્વરૂપ જ ચૈતન્યબિંબ, ચૈતન્યસૂર્ય એની વાત એણે સાંભળી નથી. આહાહા..! છે? અમે આચર્યું નથી. પાછું કહે છે કે સાંભળ્યું અને આચર્યું નથી, નથી. આહાહા..!

એકલો જ્ઞાયકસ્વભાવ, જ્ઞાનસ્વભાવ એ આત્મા. એને અનંતકાળના પરિભ્રમણના ભવસાગરમાં ડૂબેલા જીવોએ એ વાત સાંભળી નથી. આહાહા..! તો આચરી તો ક્યાંથી હોય? સમજાણું કાંઈ? પાછું એમાં પણ **'न च न च'** છેને શબ્દ? બે વાર છે અંદર ચોથે પદે. નહિ, નહિ. એણે ભગવાન આનંદનો નાથ નિષ્ક્રિય રાગરહિત એ વાત એણે સાંભળી નથી, સાંભળી નથી. આચરી નથી, આચરી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! બહુ શ્લોક. પરમાર્થને સિદ્ધ કરવાનો શ્લોક બહુ (ઊંચો છે) વ્યવહારને ઉડાડી દેવાનો. કારણ જ નથી. એ તો કારણ કહેવામાત્ર છે વ્યવહારનું. આહાહા..! ઓલા કહે છે કે બેય યથાર્થ કારણ છે. ટોડરમલજી કહે છે કે બે માને તે ભ્રમમાં પડ્યા છે. ત્યારે ઓલો એક જણો કહે છે કે બે ન માને એ ભ્રમમાં પડ્યા છે, એમ કહે છે. તમારા રતનલાલજી. વર્ણીજીને વંચાવતા હતા એ. રતનચંદજી મુખત્યાર છેને. એ કહે છે કે બે મોક્ષમાર્ગ ન માને તે ભ્રમમાં પડ્યા છે. આહાહા..! ત્યારે ટોડરમલ કહે છે કે બે માને એ ભ્રમમાં પડ્યા છે. આહાહા..!

**શ્રોતા :-** ટોડરમલ ભ્રમમાં પડ્યા છે એમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ કહે છે. અહીં ભગવાન કહે છે કે વ્યવહારથી માનનારા ભ્રમમાં પડ્યા છે. એક નિશ્ચય સ્વભાવનો (આશ્રય) એ જ મોક્ષમાર્ગ છે. બે માનનારા ભ્રમમાં પડ્યા છે આમ કીધુંને. જિનવરના ઉપદેશમાં આ આલોચના કીધી. આહાહા..! અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદને નિહાળવો, એને જોવો અને એમાં ઠરવું એ આલોચના છે. એવું ભગવાનના ઉપદેશમાં તો આ આવ્યું છે. વ્યવહારનો ઉપદેશ એ કથનમાત્ર કારણ તરીકે આવ્યો છે, કહે છે. આહાહા..! ભારે ભાઈ! આકરું લાગે. મણિલાલજી! આહાહા..! ભગવાનની પ્રતિમા, મંદિરની જાત્રા કરવી, મંદિર કરવા, એના મોટા વરઘોડા કાઢવા એ તો એને કારણે છે, પણ એમાં જે શુભભાવ છે એને કહે છે કે ધર્મ કહેવો એ વ્યવહાર કથનમાત્ર છે અને એને મોક્ષનું કારણ કહેવું એ

કથનમાત્ર છે. આહાહા..! આખો અનંત આનંદનો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે, કહે છે.

જે સર્વદા એક જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. એમાં વળી રાગ કેવો અને આ કરું, ન કરવું વિધિ-નિષેધ કેવો એમાં? આહાહા..! એવું પરમાત્મતત્ત્વ એક સર્વદા રહેનારું એને એણે સાંભળ્યું નથી. આહાહા..! સાંભળ્યું તો છે, પણ એને બેઠું નથી એટલે સાંભળ્યું નથી. ભગવાન પાસે ગયો હતો ત્યાં એવી વાત એણે નથી સાંભળી? પણ એણે સાંભળી ત્યારે કહેવાય કે એને રુચે અને ગોઠે તો. એ સાંભળ્યું રુચ્યું નહિ.

**શ્રોતા :-** બરાબર મૂકતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂકતા નથી શું? ઊંધાઈ છે એ. ઊંધાઈ છે એની. આહાહા..! એ તો .. આહાહા..! ઓહોહો..! ભારે ભાઈ! શાસ્ત્ર બનાવવા, મંદિરો કરવા એવો જે વિકલ્પ હોં! કરી શકે નહિ, પણ એવો જે વિકલ્પ એને ધર્મ કહેવો કે એને મોક્ષનું કારણ કહેવું એ તો કથનમાત્ર કારણ છે. વસ્તુ ક્યાં છે? આહાહા..! આ સંતોની વાણીની જુઓ ઉગ્રતા! તેથી શ્રીમદ્દે કહ્યુંને દિગંબરના તીવ્ર વચનોને લઈને. મારફાડ જેણે વ્યવહાર અને નિશ્ચય બેને જુદાં કરી નાખ્યા છે. સમજાણું કાંઈ? વ્યવહાર પરાશ્રિત છે એને ધર્મ કહેવો કે મોક્ષનું કારણ (કહેવું) એ તો કથનમાત્ર ભાષામાં આવ્યું. આહાહા..! વસ્તુમાં એમ નથી, કહે છે. અમરચંદભાઈ! આહાહા..! અરે..! એને સાંભળવા મળે નહિ આવી વાત વ્યવહારે પણ, કે આ નિશ્ચય વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ (છે) એનો આશ્રય કરતાં જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ જ મોક્ષનું કારણ છે અને તે જ ધર્મ છે. બાકી વ્રતના વિકલ્પો આવે વ્યવહારના એ ધર્મ પણ નથી, તેથી તે મોક્ષનું કારણ કહેવામાત્ર છે, કારણ નથી. આહાહા..! આવું ભર્યું છે શાસ્ત્રમાં પણ એના અર્થ ઊંધા કરે છે. કરવું શું? ભર્યું છે બધું. અહીંનું છે આ? આ તો પહેલાનું શાસ્ત્ર છે. ટીકા પણ પહેલાની છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**न च न च बत**' ખેદ છે કે નહિ, નહિ. સર્વદા એક જ્ઞાનરૂપ ભગવાન (છે). રાગ તો શેનો પણ જેમાં ગુણગુણીનો ભેદ નથી. ઓહોહો..! એવો એકરૂપ જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યસૂર્ય એની વાત એણે સાંભળી નથી. એને સાંભળી નથી તેથી તેનું આચરણ કર્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? સાંભળી તો એને કહીએ, ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એમ જ્યાં કહ્યું ત્યાં એને રુચિ એની ત્યાં જવી જોઈએ... આહાહા..! એમ કહે છે. એ તો જ્ઞાનસ્વરૂપ જ છે. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર. કરનાર... કરનાર-ફરનાર એ તો એમાં છે નહિ. આહાહા..! રાગનું કરવું અને રાગનું ટાળવું (એ એમાં નથી). આહાહા..! આવો માર્ગ. આવી વિધિનું સ્વરૂપ એ દિગંબર સંતોમાં જ છે. અરે! બીજાને એમ લાગે.. શું થાય?

એક વાર ત્યાં પાલિતાણા... એ સાધુને આહાર વહોરાવે. એ સાધુ જ ક્યાં હતા પણ? એમ કે જાત્રા કરીને જાત્રાના ફળમાં સાધુને આહાર વહોરાવે તો મોટો લાભ થાય. આહાહા..!

આ તો હતા જ ક્યાં, પણ સાચા સાધુ દિગંબર સંત હોય, શેત્રુંજય ચડ્યા હતાને પાંચ સાધુ? પાંચ પાંડવો સાચા ભાવલિંગી સંત. તોપણ એની જાત્રા કરીને એ ભાવ કરે એ શુભભાવ છે અને એને આહાર દેવાનો ભાવ એ શુભ છે, એમાં ધર્મ-બર્મ નથી. આહાહા..! શેત્રુંજયની જાત્રા કરીને સાચા સંતને પણ આહાર દેવો એ શુભભાવ છે, ધર્મ નથી. આહાહા..! શેત્રુંજય માહાત્મ્યમાં... તમારે તો ઘરમાં બે છે. બૈરા છે દેરાવાસી, ભાઈ સ્થાકનવાસી. પોતે દિગંબર. આ તો વસ્તુસ્થિતિ આવી છે. કહો, ધારશીભાઈ! આહાહા..! શું પણ સ્પષ્ટતા! આહાહા..!

મુનિરાજ કહે છે, ભાઈ! ભવસાગરમાં ડૂબેલો નવમી ગ્રૈવેયકે ગયો સાધુ, દિગંબર થઈને. વસ્ત્રવાળા તો વ્યવહારે સાધુ દ્રવ્યલિંગી પણ નથી. આહાહા..! જેણે દ્રવ્યલિંગ નગ્નપણું ધારણ કરી અને જેણે વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન અને વ્યવહાર આચરણ કર્યા એ ધર્મ નહિ, એ મોક્ષનું કારણ નહિ. પરંપરા થાશે કહે છે લ્યો. આહાહા..! શુકનલાલજી હતાને. બિચારાને ખબર ન મળે. એ વાત આખી.. અન્યમતમાં તો છે જ નહિ. એ બધા અન્યમત છે. એઈ..! વીતરાગ તો એ કહે કે સ્વના આશ્રયે વીતરાગતા થાય એ ધર્મ અને એ મોક્ષનું કારણ. પરને આશ્રયે રાગ થાય એ વ્યવહાર ધર્મ અને એને મોક્ષનું કારણ કહેવામાત્ર કારણ છે. ભાષાથી બોલવામાત્ર છે એમ કહે છે. આહાહા..! બાબુભાઈ! આ તમારું ઉડાડી દીધું બધું. શ્વેતાંબર છે કે નહિ ઈ? આહા..હા..! કહો, .. કહો, સમજાણું આ? ઉડાવી દીધું બધું, તારા વાડાની વાત. આહાહા..!

**શ્રોતા :-** બધા સંસારવાદી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસારવાદી છે. રાગને માનનારા, વ્યવહારને માનનારા સંસારમાં ડૂબેલા પ્રાણી છે. આહાહા..! આવી વાત છે. આ શેઠિયા મોટા-મોટા કહેવાય બહારમાં એણે ક્યાં સાંભળવાની દરકાર કરી છે? વાત તો સાચી છે. ...ધરમચંદજી છેને ખંડવાવાળા. ધર્મચંદના ભાઈ મોટા ભાઈ. શેઠ ગયા હતા ત્યાં. સર હુકમીચંદજી. એને ઘરે ઉતર્યા હતા. પછી કહે શેઠ! આ પંડિતોએ ઊંધું માર્યું અને અમને ઊંધે રસ્તે ચડાવ્યા. બહુ રુચિવાળો માણસ છે. ધર્મચંદજીના મોટા ભાઈ. એવી વસ્તુ છે. શેઠ ત્યાં ઉતર્યા હતા. આ અમારા જતીષના મામા થાય ઈ. પ્રેમચંદ. આ એમના સાળા થાય. આપણે જતીષ નથી? એના મામા થાય છે પ્રેમચંદજી, ધર્મચંદજી. એ શેઠ એને ઘરે ઉતારો હતો હુકમીચંદજીનો. એય..! તારા મામાને ત્યાં. આ પંડિતોએ અમને ઊંધે રસ્તે ચડાવ્યા નિમિત્તને રસ્તે. એમ કહ્યું હતું. સાંભળતા હતા. આહાહા..! નિમિત્તને રસ્તે કહો કે વ્યવહારને રસ્તે ચડાવી દીધા બધાને. સંસારમાં ડૂબેલાના રસ્તે ચડાવ્યા, ડૂબવાના. આહાહા..!

એ સાંભળ્યું નથી. આ નથી. એમ બે વાર કહ્યું. ત્રણલોક નાથ આનંદનો સાગર પ્રભુ રાગની ક્રિયા વિનાનો પ્રભુ આત્મા એની વાત એણે પ્રભુ તેં સાંભળી નથી. તેની સન્મુખ

થઈને તેં જાણ્યું નથી, રુચિ કરી નથી. આહાહા..! આચરણ તો ક્યાંથી કર્યું હોય? લ્યો, ૯૦નો એક કળશ ચાલ્યો. પોણો કલાક. વસ્તુસ્થિતિ એવી છે. આહાહા..! ૯૧.

**मिच्छादंसणणाणचरित्तं चइऊण णिरवसेसेण।**
**सम्मत्तणाणचरणं जो भावइ सो पडिक्कमणं।।९१।।**

**નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને,**
**સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.**

આહાહા..! 'ટીકા :- **અહીં (આ ગાથામાં) સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ (-સંપૂર્ણ) સ્વીકાર કરવાથી...**' ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની દૃષ્ટિ કરીને, એનું જ્ઞાન કરીને. એમાં ત્રણ બોલ લીધાને સાથે? સંપૂર્ણપણે જેનો સ્વીકાર છે. આહાહા..! અને... છે? '**સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ (-સંપૂર્ણ) સ્વીકાર કરવાથી...**' કોનો? એ મોક્ષના માર્ગનો, એમ કહે છે અહીં. એનો આશ્રય દ્રવ્ય છે પણ સંપૂર્ણપણે જેની પરિણતિનો સ્વીકાર કર્યો છે જેણે. આહાહા..! મોક્ષનો માર્ગ. શુદ્ધ આનંદઘન પ્રભુ એનું સમ્યગ્દર્શન અને એનું જ્ઞાન અને એનું ચારિત્ર જેણે ત્રણનો પૂર્ણપણે સ્વીકાર કર્યો. આહાહા..! આહા..હા..!

'**અને મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ...**' એમ છેને? એ પછી બેય ઠેકાણે નાખ્યું. જેણે '**મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ ત્યાગ કરવાથી...**' સમસ્ત પ્રકારે છોડી દઈને અને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રને નિરવશેષપણે સર્વ પ્રકારે સંપૂર્ણ સ્વીકાર કરીને. આહાહા..! એ બેય ઠેકાણે લાગુ પાડ્યું? છેને? '**मिच्छादंसणणाणचरित्तं चइऊण णिरवसेसेण।**' બેયને નિરવશેષ લાગુ પાડવું. મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર નિરવશેષ. બેયમાં નિરવશેષ લાગુ પાડવું. આહાહા..! એના પણ બે અર્થ છે. '**સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ...**' છેને? કાંઈ બાકી રાખ્યા વિના સંપૂર્ણ સ્વીકાર. આહાહા..! ત્રણનો સંપૂર્ણ સ્વીકાર. એને ત્રણનો આશ્રય ભગવાન એનો સ્વીકાર ત્યાં આવી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો વીતરાગ ધર્મકથા છે, ભાઈ! આ કાંઈ સાધારણ વાત નથી. આહાહા..! ત્રણલોકના નાથની વાણી નીકળે, ઈન્દ્રો જેને સાંભળે છે. આહા..! ગણધરો જેને ઝીલે છે. આહાહા..! જેને ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના કરવાની અંતર્મૂહુર્તમાં તાકાત! એવા ગણધરો પણ જેની વાણી સાંભળે એ વાણી કેવી હોય? બાપુ! આહાહા..! સમજાણું? જિનવરનો ઉપદેશ આ છે, એમ કીધુંને? વાણીમાં એનું નિશ્ચયનું જોર આવ્યું છે, કહે છે. વ્યવહાર વાણીમાં આવ્યો એ તો કથનમાત્ર આવ્યું એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, વિમલચંદજી! આવું આવ્યું, બાપુ! આહાહા..! ... બાપુ! આ કરવા જેવું છે, ભાઈ! આહાહા..!

શુદ્ધ આનંદઘન નાથ પ્રભુ પૂર્ણ નિધાન એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને સંપૂર્ણપણે સ્વીકાર કરીને. માર્ગનો સ્વીકાર છે એમ કીધું. આહાહા..! '**અને મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો...**' એના ત્રણ પ્રકાર. બે પ્રકાર પાડશે. સમસ્ત પ્રકારે '**ત્યાગ કરવાથી...**' '**चइऊण**' છેને?

આહાહા..! ઓલાને '**चइऊण**' અને આને '**भावइ**' (કહ્યું છે). છેને પાઠમાં? '**પરમમુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે...**' પરમ મોક્ષના અભિલાષી પ્રાણીને આહાહા..! ભગવાન પૂર્ણાનંદ ધ્રુવસ્વરૂપ તેનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પૂર્ણ સ્વીકાર જેણે કર્યો. આહાહા..! અને જેણે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને પૂર્ણ જે કાંઈ બાકી રાખ્યા વિના, અંશ પણ બાકી રાખ્યા વિના, મિથ્યાત્વનો અંશ કે મિથ્યાજ્ઞાનનો અંશ બાકી રાખ્યા વિના. આહાહા..! સાતમા અધ્યાયમાં કહ્યું છેને. સાતમા અધ્યાયમાં, મિથ્યાત્વનો એક અંશ પણ બુરો છે, બાપુ! દિગંબરમાં રહીને મિથ્યાત્વ(માં રહે) એની વાત છે. સાતમા અધ્યાયમાં છે. વિપરીત માન્યતાનો એક અંશ પણ મહાસંસારનું કારણ છે. દિગંબરમાં રહીને પણ જેની શ્રદ્ધા સાચી નથી અને વ્યવહારથી ધર્મ થાય એમ માને છે એ બધા મિથ્યાદષ્ટિ સંસારમાં ડૂબેલા છે. દિગંબરમાં જન્મ્યા હોય તોપણ, એમ કહે છે. શેઠ!

**શ્રોતા :-** પરંપરા તો કારણ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી પરંપરા. આહાહા..! જેને અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણ રીતે સ્વીકારીને દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા પ્રગટ કરી છે કે અધૂરી હોય ભલે, એને જે શુભરાગ હોય છે એ અત્યારે શુભરાગથી અશુદ્ધ ટળ્યો છે અને પછી શુભરાગ ટાળશે અને શુદ્ધતા પ્રગટ કરશે એથી એના શુભરાગને પરંપરા કારણ કહ્યું છે, પણ એ કારણ કથનમાત્ર છે. વ્યવહારથી કહ્યું છેને ઈ. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચયથી પરંપરા કારણ નથી. આહાહા..! પરંપરા કારણ પણ વ્યવહારનયથી કથન છે. વ્યવહારનયથી કહેવામાત્ર છે કે પરંપરા કારણ છે એમ કહે છે. આહા..હા..! કારણ કે પરંપરા કારણ કહેવું એ તો કથનમાત્ર તે પરંપરા કારણ વ્યવહાર એમને કહે છે. આહાહા..!

અહીં કહે છે, જેને સમસ્ત પ્રકારે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છૂટી ગયા છે એવા '**પરમ મુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે એમ કહ્યું છે.**' એને સાચું પરથી હઠ્યો અને સ્વરૂપમાં સ્થિર થયો દર્શન-જ્ઞાનસહિત એને સાચું પ્રતિક્રમણ હોય છે. આહાહા..! આ સાંજ-સવાર પડિક્કમણા કરે મિચ્છામી દુક્કડમ... મિચ્છામી દુક્કડમ. એય..! જાધવજીભાઈ! કર્યા છે કે નહિ? એ અગ્રેસર મોઢા આગળ હતા એટલે ત્યાં જઈને મોઢા આગળ બેસે. જય મહારાજ. ધારશીભાઈ! આહાહા..! એ પડિક્કમણા નહિ. આહાહા..! જેને સમસ્ત પ્રકારે મિથ્યાદર્શનનો અંશ ટળી ગયો છે, સમસ્ત પ્રકારે અજ્ઞાન ગયું છે, સમસ્ત પ્રકારે અચારિત્ર ગયું છે અને જેને સમસ્ત પ્રકારે ભગવાન ત્રિલોકના નાથનો સમ્યગ્દર્શન અનુભવ અને જ્ઞાન અને ચારિત્રનો પૂર્ણપણે જેને સ્વીકાર થયો છે એવા મુમુક્ષુને સાચું પ્રતિક્રમણ હોય છે. આહાહા..! એય..! કાંતિભાઈ! આ વાતનો સ્વીકાર અંદરમાંથી થતાં પહેલું ભલે સમ્યગ્દર્શન ન હોય, પણ એનો .. થતાં એને મિથ્યાત્વ ગળતું જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાઈએ પ્રશ્ન કર્યો હતો કાંતિભાઈએ. આહાહા..!

**'ભગવાન અર્હત્ પરમેશ્વરના માર્ગથી પ્રતિકૂળ...'** ઓહોહો..! ભગવાન—ભગ-આનંદની લક્ષ્મી અને જ્ઞાનવાન એવા અર્હંત પરમેશ્વર એના માર્ગથી પ્રતિકૂળ. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વરે જે માર્ગ કહ્યો એનાથી વિરુદ્ધ. આહાહા..! **'માર્ગાભાસમાં...'** માર્ગ કહેવાય પણ એ માર્ગ આભાસ છે, માર્ગ નથી. શાહુકારનો લિબાસ હોય તો એને શાહુકાર આભાસ કહેવાય. એમ આ માર્ગાભાસ છે બીજા. આહાહા..! એક વીતરાગ સર્વજ્ઞે કહેલો માર્ગ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૭, શનિવાર, તા. ૨૭-૦૯-૧૯૭૫, ગાથા-૯૧, પ્રવચન નં. ૪૫

... જે માર્ગ કહ્યો એનાથી પ્રતિકૂળ—માર્ગાભાસ. આહા..હા..! વેદાંત, વૈશેષિક, સાંખ્ય માર્ગભાસ છે એ. આહા..હા..! નિશ્ચયમાં તો શ્વેતાંબર પણ માર્ગાભાસમાં જાય છે. સર્વજ્ઞ વીતરાગે જે આત્માનો માર્ગ મોક્ષનો કહ્યો પ્રભુએ એથી વિરુદ્ધ બધા માર્ગભાસ છે. આહા..હા..! એવા **'માર્ગનું શ્રદ્ધાન તે મિથ્યાદર્શન છે, તેમાં જ કહેલી અવસ્તુમાં વસ્તુબુદ્ધિ...'** તેમાં કહેલી અવસ્તુ છે. માર્ગભાસ જેટલા છે એ બધી અવસ્તુ છે માર્ગ, વાસ્તવિક વસ્તુ એમાં છે નહિ. આહા..હા..! **'અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે અને તે માર્ગનું આચરણ...'** સર્વજ્ઞ પરમાત્માના માર્ગથી વિરુદ્ધ માર્ગ જેટલા **'તે માર્ગનું આચરણ તે મિથ્યાચારિત્ર છે;...'** આહા..હા..! **'આ ત્રણેને...'** પાઠ છેને? **'चइऊण णिरवसेसेण'** ત્રણેને નિરવશેષપણે છોડીને. કંઈ પણ અંશ એનો રાખ્યા વિના. આહા..હા..! આટલું તો એનું ઠીક છેને. કાંઈ નહિ, બધું છોડી દીધું. આહા..હા..! નિર-અવશેષ—કાંઈપણ બાકી રાખ્યા વિના બધો એ માર્ગને છોડી દઈને. એક વાત. હવે પોતાનું આવ્યું. આહા..હા..!

કહે છે આ **'નિજ આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું...'** ભગવાન આત્મા નિજ આત્મા-પોતાનો આત્મા એનું જે શ્રદ્ધાન. સ્વરૂપ પૂર્ણાનંદ સ્વરૂપ સર્વજ્ઞે કહ્યું તેવું સ્વરૂપ પ્રભુ આત્માનું, એવો નિજ આત્મા એનું શ્રદ્ધાન, એનું જ્ઞાન, એનું અનુષ્ઠાન આચરણ. એના રૂપથી વિમુખ. આહા..હા..! જેટલો વ્યવહારમાર્ગ છે એ બધો નિજ આત્માના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણથી વિરુદ્ધ છે, એમ કહેવું છે અહીં તો. **'તે જ મિથ્યાદર્શન...'** છે. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ નિજ આત્મસ્વરૂપ એની શ્રદ્ધાથી વિરુદ્ધ. આહા..હા..! વ્યવહારની શ્રદ્ધા એ શ્રદ્ધા સાચી છે એ મિથ્યાદર્શન છે, એમ કહે છે અહીં. નિજસ્વરૂપના શ્રદ્ધાન સિવાય પરસ્વરૂપનું શ્રદ્ધાન. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાગ એ પણ નિશ્ચય-

યથાર્થ માર્ગ છે એ મિથ્યાદર્શન છે. આહા..હા..! એમ કહે છે.

**શ્રોતા :-** કેટલા ટકા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સો ટકા. પહેલી વાત ભગવાને કહેલા માર્ગથી વિરુદ્ધની. હવે બીજામાં નિજસ્વરૂપની શ્રદ્ધા સિવાય વિરુદ્ધની. આહા..હા..! ભગવાને કહ્યો એવો વ્યવહાર. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ આચરણ મહાવ્રતાદિ, 'આ પણ ધર્મ છે' એવી માન્યતા તે નિજસ્વરૂપથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ નિશ્ચયનું કહ્યું ત્યાં ભાઈ એવો... એને એમ કે, અરર..ર..! આવું? ભાઈ! આવું અનંતવાર થયું, બાપુ! એને આ બીજામાં સુખ ભાસે છેને. શરીર સારું, પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ એમાં સુખ ભાસે છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! શરીરની અનુકૂળતા હોય, લક્ષ્મીની અનુકૂળતા હોય, સ્ત્રી-કુટુંબની અનુકૂળતા, દીકરા-દીકરીની અનુકૂળતા (હોય), એમાં આ ઠીક છે, નિજસ્વરૂપની શ્રદ્ધાથી આ ઠીક છે એવો જે ભાવ એ મિથ્યાદર્શન છે. કહો, સમજાણું કાંઈ?

એક જણો કહેતો કે આપણા સાળાની વહુ સારી હોય તોપણ પોરો તો ચડેને. એ રામજીભાઈને ખબર છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! ભગવાન! શું છે તને? આહા..હા..! એ ચીજ તારી ક્યાં હતી? સાળાનો સાળો હોય અને કાંઈક પૈસાવાળો થાય તો પોરો ચડે. આહા..હા..! પોરો સમજાય છે? હરખ આવી જાય. અમારા સગા, સગાના સગા પણ છે પૈસાવાળાને! આહા..હા..! 'એ સુખી છે' એમ જે હરખ આવવો એ મિથ્યાદર્શન છે. આ તો માર્ગાભાસની વાત હતી. હવે આ પોતાના સ્વરૂપથી વિરુદ્ધ. આહા..હા..! દેવીલાલજી!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. વિરુદ્ધ પકડ્યું છેને. આહા..હા..! નિજ આત્મા આનંદપ્રભુ જેમાં દૃષ્ટિ આપતા આનંદની ધારા વહે. આહા..હા..! એવા ભગવાન નિજસ્વરૂપની શ્રદ્ધાથી વિરુદ્ધ (અર્થાત્) પુણ્યભાવમાં મને ઠીક પડે છે એ નિજસ્વરૂપથી વિરુદ્ધ શ્રદ્ધા છે.

**શ્રોતા :-** અનુકૂળ પદાર્થમાં સુખ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુકૂળ પદાર્થમાંથી તો હવે અહીં લીધું અંદર પછી. પહેલા અનુકૂળ લીધા બહારના. સ્ત્રી, કુટુંબ, સગાવ્હાલા, જમાઈ પૈસાવાળા હોય કે દીકરી સારે ઠેકાણે ..., સુખી છે. એ શ્રદ્ધા મિથ્યાત્વ છે. આહા..હા..! ત્યાં ક્યાં પૈસામાં સુખ હતું? પાંચ કરોડ ને દસ કરોડવાળો હોય ભલે. આહા..હા..! અને કુટુંબ કબીલે વિસ્તારવાળો હોય. પણ એ તો પરચીજ છે. પરચીજને અંદરમાં ઠીક છે. અમારા સગા, અમારા વ્હાલા, અમારા દીકરા એવા પાક્યા છે આમ. આહા..હા..! શું છે પણ તને આ? કહે છે કે એ નિજસ્વરૂપની શ્રદ્ધા સિવાય 'પરમાં કાંઈક ઠીક છે, એમાંથી મને ઠીક પડે છે' એ માન્યતા મિથ્યાદર્શન છે. પોપટભાઈ! આવી વાતું છે, બાપા! આહા..હા..! અરેરે! ચોર્યાસીના અવતારમાં એવો

એ દુઃખી થયો છે. એને જરીક બહારની સગવડતા મળી ત્યાં ભૂલી ગયો. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ આનંદનો નાથ ભગવાન અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો, આગળ કહેશે હમણા, આ તો હજી છોડીને કહે છેને? પછી કોની શ્રદ્ધા કરવી? આહા..હા..! નિજ આત્માની શ્રદ્ધા પૂર્ણાનંદ પ્રભુ આત્મા એકલો જ્ઞાનનો સાગર, આનંદનો સાગર પ્રભુ એની શ્રદ્ધા, એનાથી વિરુદ્ધ (અર્થાત્) બહારની અનુકૂળતાથી મને સુખ છે, બીજાની અનુકૂળતાથી એને સુખી છે (એમ જોવું), સમજાણું કાંઈ? અમારા સગા સુખી છે. એ કહેતો હતોને ઓલો. વઢવાણવાળા. આ નાનાલાલભાઈના.. અમારા સગા સુખી છે. સુખની વ્યાખ્યા શું? ધૂળ. મૂર્ખાઈ છે મોટી. આહા..હા..! અનંત આનંદનો નાથ ભગવાન એવા નિજસ્વરૂપની શ્રદ્ધાથી (વિરુદ્ધ) પરપદાર્થ અને પરપદાર્થને લક્ષે થતા ભાવ 'એમાં ઠીક છે, એ પણ ઠીક છે' એ મિથ્યાદર્શન છે. આમ છે, ભાઈ! આહા..હા..! એને નિજસ્વરૂપનું શું સ્વરૂપ છે એનું માહાત્મ્ય નથી અને એનાથી વિરુદ્ધનું જેને માહાત્મ્ય છે એ મિથ્યાદર્શન છે. આહા..હા..! 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' એમાં નથી આવતું?

**શ્રોતા :-** પહેલું સુખ તે જાતે નર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લ્યો, એ પહેલું સુખ તે જાતે નર્યા. આ તો શરીરે સુખી તે સુખી સર્વ વાતે. પોપટભાઈ! ભણતરમાં આવતું ભણતરમાં નિશાળમાં. ધૂળેય નથી સાંભળને. શરીરે સુખી એટલે શું? નિરોગતા થવી એ સુખ છે? આહા..હા..! એ તો જ્ઞેય પદાર્થ પર છે. એ તો જાણવામાં નિમિત્તપણે જ્ઞાનમાં જ્ઞેય થાય, જાણવામાં નિમિત્તપણે પરજ્ઞેય થાય. ઉપાદાન તો પોતાનું છે. આહા..હા..! દીકરા-દીકરીયું જંજાળ બહુ .. તો સુખી કહેવાય. અને વાંઢા અને વાંઝીયા એને કાંઈક દીકરાનું સુખ નથી (તો એ દુઃખી છે) .... સમજાય છે કાંઈ? આહા..હા..! ટીકાકાર કેટલી વાત કરે છે!

ભગવાન! તું પૂર્ણાનંદ પ્રભુ આહા..હા..! તારામાં પ્રભુ આનંદ, અતીન્દ્રિય આનંદ ઉછળી રહ્યો છે, છલોછલ ભર્યો (છે). આહા..હા..! એની શ્રદ્ધાથી વિરુદ્ધ. એ પરિણામમાં સુખ અને પુણ્ય પરિણામ (ઠીક) છે.. આહા..હા..! બહારની અનુકૂળતાવાળું તે મને ઠીક છે, બીજાને અનુકૂળતા હોય એ પણ એને સુખી કે ઠીક છે. આહા..હા..! એ શ્રદ્ધા નિજ આત્માના સ્વરૂપથી વિરુદ્ધ શ્રદ્ધા છે. આહા..હા..!

'**નિજ આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન...**' એને છોડીને પરનું જ્ઞાન પણ મને લાભદાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શાસ્ત્રનું જ્ઞાન મને લાભદાયક છે, એમ કહે છે. એ નિજસ્વરૂપના જ્ઞાનથી વિરુદ્ધ શ્રદ્ધા છે, એ વિરુદ્ધ જ્ઞાન છે. આહા..હા..! આકરી વાત છે, ભાઈ! ઓહોહો..! ટીકા તે પણ ટીકા છેને! દિગંબર સંતોએ આનંદના સાગરને ખોલીને મૂક્યો છે. આહા..હા..! આ તમારું સાગર.

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાજ્ઞાન છે. 'પરનું જ્ઞાન મારું છે' એ મિથ્યાજ્ઞાન છે. એકલું શાસ્ત્રનું જ્ઞાન અને પરનું જ્ઞાન એ આત્માના જ્ઞાનથી વિરુદ્ધ છે. આહા..હા..! એ વસ્તુનું સ્વરૂપ એમ કહેવા માગે છે. નિજ આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનું જે જ્ઞાન એના તરફનું ઝુકાવવાળું સ્વસંવેદનજ્ઞાન એનાથી વિરુદ્ધ પરસંબંધીનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન છે (એમ માનવું, જાણવું) એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! આવું છે. ભગવાન આત્મા...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહાર .. એમાં માને છે ક્યાં.. જ્ઞાન તો આ જ્ઞાન છે. એ તો પર બંધનું કારણ છે એમ માને છે. આહા..હા..! પરસત્તાવલંબીજ્ઞાન તે બંધનું કારણ છે, નથી આવતું? પરમાર્થ વચનિકામાં. દિગંબર મુનિઓ અને દિગંબર સંતોની વાતું કોઈ આખી દુનિયાથી જુદી, બાપુ! આહા..હા..! અનંતવાર અગિયાર અંગનું જ્ઞાન કર્યું. નવ પૂર્વની લબ્ધિ પ્રગટી એ નિજસ્વરૂપના જ્ઞાનથી વિરુદ્ધ જ્ઞાન છે. જો વિરુદ્ધ ન હોય તો એનાથી આત્માનું કલ્યાણ થાય. આહા..હા..! ભગવાન! તારું સ્વરૂપ તો પૂર્ણાનંદ અને જ્ઞાનનો સાગર નાથ એનું જ્ઞાન તે જ્ઞાન કહેવાય. આહા..હા..! એ સિવાય પરના જ્ઞાનમાં જ્ઞાન સમ્યક્ છે એમ માનવું એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ રામજીભાઈનું પહેલું લઈએ. એ વકીલાતનું જ્ઞાન, આ શેઠનું જ્ઞાન તમાકુનું જ્ઞાન. તમાકુની બહુ પરીક્ષા (કરતા આવડે). આવી તમાકુ હોય તો આવી અને આવી તમાકુ હોય તો આવી. આવી તમાકુ સૂંઘે તો એને આમ થઈ જાય. આહા..હા..! કહે છે કે એ જ્ઞાન જ નથી, એ તો અજ્ઞાન છે. આહા..હા..! ભગવાન ત્રિલોકનો નાથ એનું જે જ્ઞાન, સ્વનું જ્ઞાન એની અપેક્ષાએ પરના જ્ઞાનને જ્ઞાન માનવું એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! ક્યાં ગયા? ત્યાં બેઠા છે. ઓલા માણેકલાલ છે. ત્યાં બેઠા છે. મેં કીધું ક્યાં બેઠા છે એમ. તમારા ભાઈ. આ નિજસ્વરૂપ ભગવાન આહા..હા..! એની સન્મુખનું એનું જે જ્ઞાન. એનાથી વિમુખ શબ્દ છેને? આત્માના જ્ઞાનથી '**રૂપથી વિમુખપણું...**' ભાષા જુઓ, આહા..હા..! સમજાણું કાંઈ? આ શાસ્ત્રના કાંઈક જાણપણા થાય, ઉઘાડ થાય એટલે આ સમ્યગ્જ્ઞાન છે. એ ખોટી વાત છે, એમ કહે છે. ત્રણલોકનો નાથ અંદર ચિદાનંદ ભગવાન એના નિજજ્ઞાનથી એ તો વિમુખ છે. આહા..હા..!

ભગવાન આત્મા નિજસ્વરૂપના સન્મુખથી થતું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન. આહા..હા..! એનાથી સ્વસન્મુખતાને છોડીને પરસન્મુખનું એટલે કે સ્વભાવથી વિમુખનું (કોઈ પણ જ્ઞાન) એ મિથ્યાજ્ઞાન છે. એને સમ્યગ્જ્ઞાન માનવું એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગમાર્ગ તો જુઓ. ત્રણલોકના નાથ પરમાત્મસ્વરૂપ પ્રભુ એનું જે જ્ઞાન એ સ્વસન્મુખનું જ્ઞાન છે અને એના જ્ઞાન વિના પરસન્મુખનું, સ્વભાવથી વિમુખનું (જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે). આહા..હા..! લોકોને આકરું લાગે હોં માણસને બિચારાને. ભાઈ! પરમસત્ય

તો આ છે હોં! આહા..હા..! અને એવું માર્ગનું સ્પષ્ટીકરણ સંતો જગતને જાહેર કરે છે. આહા..હા..!

કહે છે કે સ્વસન્મુખના જ્ઞાન વિના સ્વથી વિમુખ થઈને પરનું જ્ઞાન થવું તે 'જ્ઞાન છે' એમ માનવું તે મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! આ તો જરીક થોડું-ઘણું આવડ્યું તો એમાં એને પોરો ચડી જાય. પોરો સમજો છોને? હરખ. અરે! ભગવાન! ભાઈ! તું ઠર-ઠર ભાઈ! એમ બહાર ન આવ તું. આહા..હા..! શાસ્ત્ર વાંચતા આવડ્યા, કહેતા આવડ્યા, બોલતા આવડ્યા. અરેરે! ભગવાન! તારું ... આહા..હા..! જેના જ્ઞાનમાં આનંદ આવે, નિજસ્વરૂપના જ્ઞાનમાં આનંદ આવે. અને નિજસ્વરૂપથી વિમુખના જ્ઞાનમાં દુઃખ થાય એને જ્ઞાન માનવું એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..! શું સંતોએ સત્યને રેલમછેલ કર્યું છે! આહા..હા..! ટીકા કરવાનો અંદર હૃદયનો ઉત્સાહ આટલો છે. એક નિજસ્વરૂપ ભગવાન આહા..હા..! એના જે જ્ઞાનથી વિમુખ જ્ઞાન. ભાષા તો જુઓ ટીકા! આહા..હા..! ઓલા કરતા આ જરી સૂક્ષ્મ મિથ્યા.....ની ગાથા છે. ઓલા માર્ગાભાસ છે એ સ્થૂળ છે. છેતરાઈ જાય છે અહીં. આહા..હા..!

**શ્રોતા :-** જેણે ન સાંભળી હોય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન સાંભળી હોય અને સમજ્યો પણ નથી. ઊંધું છે. આહા..હા..! એ તો કહે છે, ભાઈ! આહા..હા..! એવા પાપ કર્યા તો એ પાપથી હટતો નથી અને એના ફળ આવે જ્યારે ત્યારે સહ્યું જાતું નથી. એ વાત કરતા ... આહા..હા..! આમ... વાત તો એ કે પાપ કર્તૃત્વ કરીને આવા પ્રકાર આવે છે અને એ દુઃખ વેદે છે. આહા..હા..! ત્યાં ક્યાં સુખ હતું? આહા..હા..! અને અનુકૂળ ચીજ છે સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી એને દેખીને અથવા સંગમાં એને ઉત્સાહ આવે ત્યાં ક્યાં સુખ હતું? એનું જ્ઞાન એમાં ક્યાં સુખ હતું? આહા..હા..! નિજસ્વરૂપનું જ્ઞાન ત્યાં સુખ છે. આહા..હા..! ઓહોહો..! આવું ...

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર... તેથી પહેલેથી કહ્યું કે ભગવાન અર્હંત પરમેશ્વરના માર્ગથી પ્રતિકૂળ. એ વાત એકકોર રાખી. હવે તો આત્માના સ્વરૂપથી પ્રતિકૂળ. આહા..હા..! સમજાય છે કાંઈ? બાપુ! એ અંતરની પરીક્ષાઓ બહુ ઝીણી છે, ભાઈ! આહા..હા..! ઓહોહો..! સ્વ ભગવાન શુદ્ધ આત્મતત્ત્વપ્રવૃત્તિ લક્ષણ આવ્યું હતુંને સવારમાં? એ શુદ્ધ આત્માતત્ત્વની પરિણતિરૂપી જે મોક્ષમાર્ગ એનાથી જે વિમુખ. સ્વજ્ઞાનથી, સ્વ-ચૈતન્યના જ્ઞાનથી પરનું જ્ઞાન એટલે સ્વસન્મુખથી વિપરીત-વિમુખ... આહા..હા..! પરલક્ષીજ્ઞાન જે થયું એ કંઈ જ્ઞાન નથી, એમ કહે છે. આહા..હા..! જેમાં સ્વસ્વભાવને ભૂલી અને પરનું જ્ઞાન છે એ જ્ઞાન નથી કંઈ. આહા..હા..! કારણ કે એવા અગિયાર અંગ અને નવ પૂર્વની પ્રાપ્તિ તો અનંતવાર થઈ, એ સમ્યગ્જ્ઞાન નહોતું. આહા..હા..! સમ્યગ્જ્ઞાન હોય તો મુક્તિ થયા વિના રહે નહિ. આહા..હા..! માર્ગ બાપુ! વીતરાગ માર્ગ એટલે ચૈતન્યનો માર્ગ...

ભગવાન આત્મા જ્ઞાનનો સાગર અને સુખનો સાગર ભરેલો પ્રભુ (છે). એવા સુખની

શ્રદ્ધા અને એ સ્વસુખનું જ્ઞાન એનાથી પરમાં કાંઈ ઠીક છે એવું જે જ્ઞાન એ સ્વરૂપથી વિમુખ જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! જ્ઞાનીને સ્વસન્મુખના જ્ઞાનની સાથે એટલું પરસન્મુખનું જ્ઞાન હોય છે, પણ એ હેય તરીકે છે. એથી એ મિથ્યાજ્ઞાનમાં ન જાય; અને અજ્ઞાનીને સ્વસન્મુખની ગંધ નથી. આહા..હા..! અને પોતાના સ્વરૂપથી વિમુખ એ જાતનું જે જ્ઞાન (તે મિથ્યાજ્ઞાન વર્તે છે). આહા..હા..!

**શ્રોતા :-** તેને ઉપાદેય માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હેય છે એને માનવું કે ઉપાદેય ઠીક છે, અને લાભદાયક છે. આહા..હા..! ભાઈ! વીતરાગના મારગડા દુનિયાથી જુદાં છે. જન્મ-મરણના અંતના માર્ગ કોઈ જુદાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને જે શાસ્ત્ર શીખે અને ભણવાના આશયમાં 'મને કાંઈક આવડે તો હું જુદો દુનિયાને આપી શકું જવાબ અને મને આવડે છે એવું બહાર પડે' એ ભાવ તદ્દન મિથ્યાજ્ઞાન છે. અત્યારે આ જોયું ને.. ઓહો..! વાત તો શું કરે? પહેલા કરતાં બીજા બોલમાં અજબગજબ વાત કરી છે. એમાં નિજસ્વરૂપ પોતે પડ્યું રહ્યું, એના જ્ઞાનની આત્માની સન્મુખ ન થયો અને એકલું પરસન્મુખ (જ્ઞાન થયું)... આહા..હા..! એ તો વિમુખ છે. કાંતિભાઈ! આવો માર્ગ છે. ક્ષયોપશમ વધ્યો કાંઈક, બીજાને સમજાવવાની તાકાત આવી, બીજા રંજન થઈ જાય એવું જ્ઞાન (થયું)... બાપુ! એ તારું ક્યાં છે? આહા..હા..! સુરેન્દ્રજી! આવી વાતું છે. આહા..હા..! શું સત્‌ને જાહેર કર્યું છે!

પ્રભુ પરમસત્ય આત્મા... એ કહેશે નીચે. ત્રિકાળ નિરાવરણ નિત્ય આનંદ જેનું લક્ષણ છે. આહા..હા..! એનું જ્ઞાન તે જ્ઞાન છે. આહા..હા..! એના જ્ઞાન વિનાનું વિમુખનું જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે. જ્ઞાનીને સ્વસન્મુખના જ્ઞાન ઉપરાંત પરસન્મુખનું જ્ઞાન હોય છે, પણ એ માને છે કે આ કાંઈ વાસ્તવિક નથી. વાસ્તવિક તો જેટલું સ્વસન્મુખ થયું તે વાસ્તવિક જ્ઞાન છે. આહા..હા..! માણસને શલ્ય ક્યાં રહી જાય છે એની ચોખવટ કરી છે. આહા..હા..! આ તો અંતર્મુખ સમાવાનો માર્ગ છે. બહાર પડવાનો માર્ગ આ નથી. બહાર પડ્યો એ તો બહિરાત્મા પડવું છે બહારમાં જાય છે. કાંતિભાઈ! .. આવે છે કાંતિભાઈ. એના ભાણેજ છેને. આહા..હા..! બાપા! આ મારગડા જુદાં છે, ભાઈ! ઓહોહો..! માર્ગાભાસ એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર છોડવું, પણ નિજસ્વરૂપના શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનથી, અનુષ્ઠાનના રૂપથી, અનુષ્ઠાનના સ્વરૂપથી... આહા..હા..! વિમુખપણું જેનું રૂપ છે. આહા..હા..! 'તે જ **મિથ્યાદર્શન-જ્ઞાન...**' છે. આહા..હા..! અને નિજસ્વરૂપનું અનુષ્ઠાન આચરણ, નિજ આત્માનું અનુષ્ઠાન, નિજસ્વરૂપ ભગવાનનું આચરણ અનુષ્ઠાન એનાથી વિમુખપણું. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ એ ચારિત્ર છે, એ વિપરીત છે. આહા..હા..! એ મિથ્યાચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? છેને ભાઈ એમાં? આહા..હા..! આ બીજો બોલ જ્યારે જોયો હતોને ત્યારે કહ્યું, ઓહો..! ગજબ કરે છે વાત! લોકને ખ્યાલમાં ન આવે અને બીજા ખ્યાલે

ચાલ્યો જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજ આત્માનાં અનુષ્ઠાનના રૂપથી...**' પરના લક્ષે થતાં શુભભાવનું આચરણ એ મિથ્યારત્નત્રય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા ... રત્નત્રય ખોટા. આહા..હા..! '**નિજ આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું તે જ મિથ્યાદર્શન...**' નિજ આત્માના જ્ઞાનથી વિમુખપણું તે મિથ્યાજ્ઞાન, નિજ આત્માના આચરણથી રાગાદિનું આચરણ તે મિથ્યાઆચરણ છે. સમ્યગ્દષ્ટિને રાગનું આચરણ આવે છે, પણ એને હેય તરીકે માને માટે એ મિથ્યા નહિ, જાણવાલાયક છે. આ તો શુભ આચરણને જ ધર્મ માને છે. સ્વસન્મુખતાની ચારિત્રદશાથી વિમુખ. આહા..હા..! એ વ્યવહારના આચરણો જેટલા વ્રત ને નિયમ ને શ્રાવક અને મુનિના આચરણ કહ્યાને વ્યવહાર? એ સ્વસ્વરૂપથી વિમુખ આચરણ છે, કહે છે. આહા..હા..! વીતરાગમાર્ગ તે કંઈ માર્ગ છે! આહા..હા..! ક્યાંય સાંભળવા મળે નહિ એવી વાત છે આ તો. એમાં લક્ષ ઉપર તો ક્યાંથી આવે?

આ જે બીજો બોલ છે એ બહુ ઉંડો અને ગંભીર છે. પહેલા બોલમાં તો ફક્ત ભગવાનના માર્ગથી માર્ગાભાસ બીજા એની વાત હતી. હવે પણ અહીં તો તારું જે નિજસ્વરૂપ. આહા..હા..! સ્વથી વિરુદ્ધ ભાવ. આહા..હા..! અરે! ભાઈ! તારે કાંઈક કામ લેવું છે કે નહિ? કામ લેવું છે એ શેનાથી લેવાશે? સ્વની સન્મુખતાથી કામ લેવાશે. એ કામ એટલે કાર્ય-પર્યાય. આહા..હા..! સ્વસન્મુખની વિરુદ્ધના કાર્ય અને પર્યાય એનાથી મને ચારિત્ર છે, એ મિથ્યાચારિત્ર છે. આહા..હા..! આકરું લાગે માણસને. વસ્તુની સન્મુખતાની દૃષ્ટિ નથી, સન્મુખતાનું જ્ઞાન નથી, સન્મુખ થઈને ઠર્યો નથી અને સ્વરૂપના નિજસ્વરૂપથી વિરુદ્ધ (એમાં ઠર્યો છે). આહા..હા..! શુકનલાલજી! આવો માર્ગ છે, ભાઈ! માનો ન માનો, પ્રભુ! પણ તારા સ્વરૂપથી નિજસ્વરૂપની સન્મુખતાથી, શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી પરસન્મુખતાના ભાવમાં એ જ્ઞાન ને દર્શન ને ચારિત્ર માનવું, પ્રભુ! એ બધું મિથ્યાત્વ છે. આહા..હા..! કહો, અમરચંદભાઈ! આહા..હા..!

આવી ટીકા હવે એને માન્ય નથી લ્યો, રતનચંદજીને. અરે! ભગવાન! બાપુ! તું શું કરે છે? ભાઈ! હવે એ રતનચંદજી વર્ણીજી પાસે વાંચતા અને વર્ણીજી એને માનતા. આગમ વાંચે. અરે ભગવાન! ભાઈ! એ અત્યારે ચાલશે, ભાઈ! પણ અંદરમાં શલ્યમાં નહિ ઊતરી શક. આહા..હા..! ષટ્ખંડાગમ આગમનું જ્ઞાન વાંચી લે પણ ઈ સ્વસન્મુખ વિનાનું જ્ઞાન તે જ્ઞાન જ નથી, એમ કહે છે. આહા..હા..!

'**નિજ આત્માનાં...**' આહા..હા..! શુદ્ધાત્મતત્ત્વ ભગવાન એનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એના આચરણથી વિમુખપણું. ઓહો..હો..! પરસન્મુખતા અને સ્વની વિમુખતાની જે શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ એ બધું મિથ્યારત્નત્રય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિજ આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન...**' અને આચરણ. સ્વના આશ્રયવાળી શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ એનાથી પરના આશ્રયવાળું જ્ઞાન અને પરના આશ્રયવાળી શ્રદ્ધા, પરના લક્ષે થયેલું આચરણ એ બધું

મિથ્યાદર્શન, મિથ્યજ્ઞાન અને મિથ્યારત્નત્રય છે. આહા..હા..! એ પણ રતન છે સંસાર મળવા માટે! સંસાર ફળવામાં એ રતન છે અને આ નિશ્ચય આત્માના રત્ન એ મોક્ષ થવાના રતન છે. આહા..હા..!

'**આને પણ (નિરવશેષપણે) છોડીને.**' જોયું! આને પણ.. પાઠમાં છેને. '**चइऊण णिरवसेसेण**' કોઈપણ અંશ એનો ઠીક છે એ છોડી દઈને. આહા..હા..! આને 'પણ' કેમ કહ્યું? માથે કહ્યું હતુંને? આ ત્રણેને નિરવશેષપણે છોડીને. આને પણ નિરવશેષપણે છોડીને. આહા..હા..! ભગવાન નિજસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાન એનાથી વિમુખ અને પરની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ છોડી દે. આહા..હા..! સમજાણું કાંઈ? એ છોડીને એ તો નાસ્તિથી વાત કરી. હવે નિજ સ્વરૂપનું શ્રદ્ધા, જ્ઞાન શી રીતે થાય? સમજાણું કાંઈ?

'**ત્રિકાળ-નિરાવરણ,...**' ભગવાન આત્મા છે અંદર. એમ કહીને નિરાવરણ જ્ઞાન આદિ પડ્યા છે એમાં. વસ્તુ જે છે આત્મા દ્રવ્ય, પદાર્થ એ નિરાવરણ વસ્તુ છે. આવરણનું નિમિત્ત તો પર્યાયની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. પર્યાયમાં આવરણ એનું પરનું નથી, પણ આવરણ પોતે ભાવઆવરણ પર્યાયમાં કરે છે એને ઓલું નિમિત્ત આવરણ છે. નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પર્યાય સાથે છે. જ્ઞાયકભાવ સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે નહિ. આહા..હા..! '**ત્રિકાળ-નિરાવરણ,...**' વસ્તુ છે એ તો ત્રિકાળ-નિરાવરણ છે. એમ કહીને જ્ઞાન, વીર્ય એ નિરાવરણ છે અંદર. આત્માનું જે જ્ઞાન, વીર્ય, દર્શન ત્રિકાળ, ચારિત્ર, સુખ. એ સુખથી જુદું પાડ્યું, ... આહા..હા..! ત્રિકાળ નિરાવરણ વસ્તુ, વસ્તુસ્વભાવ દ્રવ્ય એ ત્રિકાળ નિરાવરણ છે.

અને '**નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે,...**' આ વધારે જુદું પાડવું છે. નિરાવરણમાં શુદ્ધસ્વરૂપ છે એને આવરણ નથી. ધ્રુવ શુદ્ધ છે એને આવરણ નથી એ એમાં આવી જાય છે. પણ એ આવરણમાં જ્ઞાન, દર્શન અને વીર્યનું આવરણ છે. સમજાય છે? આહા..હા..! એ વસ્તુમાં એને નથી આવરણ કહે છે. જ્ઞાનને, દર્શનને અને ચારિત્રને અને વીર્યને આવરણ છે જ નહિ વસ્તુને, વસ્તુમાં એ છે નહિ. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આવો ઉપદેશ. માણસ બિચારા બહારથી થોડાઘણા પૈસા કાંઈક ખરચે, જરીક કાંઈક ક્રિયા કરે ત્યાં માને કે ધર્મ થઈ ગયો.

અરે! ભગવાન! તારી ચીજ કોઈ અલૌકિક છે અંદર. આહા..હા..! લૌકિકના વિકલ્પથી હાથ આવે એવી નથી. સમજાણું કાંઈ? લૌકિક જ્ઞાનથી હાથ આવે એવી નથી. લૌકિક એટલે વ્યવહાર. વ્યવહાર લૌકિક કહે છેને? દ્રવ્યસંગ્રહમાં કીધું છે લૌકિક. આપણે આવી ગયું છે. વ્યવહાર કથનમાત્ર છે. આહા..હા..! સ્વસન્મુખ વિના અગિયાર અંગ ભણે એ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન હોય તો એને લાભ થવો જોઈએ આનંદનો. આનંદનો લાભ થાય એને તો

અલ્પ કાળમાં મુક્તિ થાય. એવા તો અનંતવાર અગિયાર અંગ અને નવ પૂર્વના જ્ઞાન કર્યા. એવી વાત છે, બાપા! આહા..હા..! .... એને બિચારાને ન સંભળાય એમાં... આહા..હા..!

ધ્યાન રાખો. કોને આત્મા કહે છે? કોને આત્મા કહે છે? આહા..હા..! જેના નિજસ્વરૂપમાં આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ એ નિજસ્વરૂપ પૂર્ણ આત્મા કોને કહે છે? ત્રિકાળ નિરાવરણ અને નિત્ય આનંદ જેનું એક લક્ષણ. નિત્ય આનંદ જેનું લક્ષણ. અંદરમાં હોં. આહા..હા..! આનંદને જુદું પાડ્યું. જગતને હેતુ આનંદનો છેને? સુખી થવાનો છેને? નહિતર ત્રિકાળ નિરાવરણમાં એ વાત આવી જાય છે. એના સ્વરૂપમાં સુખને પણ આવરણ નથી. ધ્રુવ સુખને આવરણ નથી. સમજાણું કાંઈ? થોડું પણ સત્ય હોવું જોઈએ. સત્ય આત્મા એનો આશ્રય હોવો જોઈએ કહે છે. આહા..હા..!

કેવો આત્મા? કે '**ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવો, નિરંજન નિજપરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા...**' આહા..હા..! ત્રિકાળ નિરાવરણ તો કહ્યો હતો એને ચોખ્ખું કર્યું નિરંજન. નિરંજન-અંજન જરીએ નથી જેને. આહા..હા..! મેલ જરીએ નથી જેમાં એવો ભગવાન આત્મા. એવો '**નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ...**' પારિણામિકભાવસ્વરૂપ તો બીજા (દ્રવ્યો) પણ છે, પરમાણુ છે. '**નિજપરમપારિણામિકભાવસ્વરૂપ...**' નિજપરમપારિણામિકભાવસ્વરૂપ. ધ્રુવ લેવો છેને? એવો જે '**કારણપરમાત્મા તે આત્મા છે;...**' આહા..હા..! ૩૮ ગાથામાં નાખ્યું હતુંને તે આત્મા. શુદ્ધભાવમાં નાખ્યું છે. ખરેખર આ આત્મા છે. આહા..હા..! પર્યાય વિનાની ચીજ છે એ ખરેખર આત્મા છે. આહા..હા..! અરે! આવી ચીજ સાંભળવા ન મળે એ ક્યારે લક્ષ ફેરવે? અને ક્યારે આત્મામાં લક્ષને જોડે? આહા..હા..! સમજાણું કાંઈ? પરલક્ષમાં જ એકલી જિંદગી જાય. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... ત્રિકાળ નિરાવરણ છે એને આત્મા કહીએ. પર્યાય તો વ્યવહાર આત્મા છે, નિશ્ચય આત્મા આ છે. આહા..હા..! એમાં આવ્યું હતુંને ૩૮માં નહિ? ખરેખર એ આત્મા છે. આવ્યું છેને? ૩૮. '**તે ખરેખર આત્મા છે.**' એમ છેને જુઓ, '**અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે—એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.**' ૩૮ ગાથા. ચારેકોરથી જુઓ તો એક જ વાત, સત્યુ ઊભું થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં ત્રિકાળ નિરાવરણ કહ્યું ૩૮માં. '**અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે...**' જુઓ, જેનો સ્વભાવ એ આત્મા એમ. આહા..હા..! સ્વભાવવાન આ. '**જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.**' પર્યાય-બર્યાય વિનાનો છે એ આત્મા છે એમ કહે છે અહીં. તેથી પછી કહ્યું છેને, ક્ષાયિકભાવ

એમાં નથી. આહા..હા..! આ વાત શ્વેતાંબરમાં ક્યાંય નથી. ... .. શું કહે છે? આહા..હા..! આ તો સત્યની જાહેરાત છે. બાપુ! આહા..હા..! શું લઈ ગયા છે વાતને ક્યાં.

એ બધા શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નથી. એના શાસ્ત્ર પણ સાચા નથી. લખેલા નથી. અરે ભગવાન! જેમાં એક વસ્ત્રનો ધાગો રાખે અને મુનિ માનવું તે નિગોદમાં જાય એવા વિરૂદ્ધ લખાણ વસ્ત્ર આટલા રાખે અને આટલા પાત્રને. અરેરે! એ કાંઈ શાસ્ત્ર છે? આહા..હા..! .. લાલજી! અને મુખ્ય તો વાત એવી છે. સતિ, મહાસતિ, દ્રૌપદી અરેરે! એને પાંચ પતિ ઠરાવે ભગવાનને નામે. ૧૯મું અધ્યયન જ્ઞાતાસૂત્રનું. (એમાં) સુધર્મસ્વામી કહે, હે બંધુ! મને ભગવાન આમ કહેતા એ હું તને કહું છું. અરેરે! દ્રૌપદી સતિ એને પાંચ પતિ. એ પાંચેય મહાત્મા, ધર્માત્મા. અરેરે! એને પાંચ પતિ! અરેરે! ભીમ અને અર્જુન અને ધર્મરાજા. સમજાણું કાંઈ? અર્જુનને ભીમ ને ધર્મરાજા પિતાતુલ્ય છે. આહા..હા..! એને દ્રૌપદીના ધણી ઠરાવ્યા. બહુ ગજબ કર્યો છે. એક તેરાપંથી આવ્યો હતો. પાક્કો તેરાપંથ હતો, તુલસીનો. એને કહ્યું, ભાઈ! આ વાત. આહા..હા..! સાચી વાત, મહારાજ! ભાઈ! સર્વજ્ઞને નામે જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદીને એના પાંચ પતિઓ દરરોજ વારાફરતી ભોગવે. અરે પ્રભુ! આ શોભે નહિ વાત. અરે..! એ તે કાંઈ કૂતરી છે? આહા..હા..! સમજાણું કાંઈ? આજે ધર્મરાજા ભોગવે તો કાલે ભીમ, પરમ દિ' અર્જુન, પછી સહદેવ, નકુલ. અરરર! દિન-દિન પ્રત્યે ભોગવે એવો પાઠ છે. અને મેં તો નાની ઉંમરમાં સાંભળેલું, ભાઈ! ઉમરાળા. ઓલા માણભટ્ટ આવે છેને. અમે સાંભળવા જતા નાની ઉંમરમાં.

**શ્રોતા :-** કથા વાંચે એ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કથામાં. એને ત્યાં એમ આવ્યું હતું અન્યમતમાં કે દ્રૌપદીને પાંચ પતિ. એ ૭૨ દિ' ધર્મરાજા પાસે રહે. તે અગ્નિમાં સોંસરવટ નીકળે જ્વાળા. પછી બીજા પતિ પાસે જાય. ૭૨ દિ' પછી એવો પાઠ છે એ લોકોમાં. આ તો નાની ઉંમરમાં સાંભળેલું ઉમરાળામાં, દસ-બાર વર્ષની ઉંમરે. હવે અહીં કહે છે કે એક-એક દિ'એ દરરોજ. અર..ર.. આ તે! અરે ભગવાન! બહુ બાપુ! આ દુનિયા ગાંડી ચાલે પાગલ એને માને, બાપા! આ પાગલના માનવા જેવા નથી. આહા..હા..! શુકનલાલજી! ફૂલચંદજી! ગજબ કરે છે, ભાઈ! માર્ગ છે ભાઈ? માર્ગ નથી. આહાહા..! જુઓ તો એક વાત, ત્યાંનું અને અહીંનું મેળ ખાઈ ગયું બેય.

'**ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું લક્ષણ છે એવો, નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે;...** ' આહા..હા..! એવા આત્માને આશ્રયથી થતું સમ્યગ્દર્શન, એને આશ્રયે થતું જ્ઞાન, એનું જ્ઞાન, એનું ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે જુઓ, '**તે આત્મા છે; તેના સ્વરૂપનાં...**' તે આત્મા છે તેના સ્વરૂપના. સ્વ-રૂપ. એનું '**શ્રદ્ધાન...**' એના સ્વરૂપનું '**જ્ઞાન...**'

આહા..હા..! ગજબ કર્યો છેને! આવો આત્મા તેના સ્વરૂપનું શ્રદ્ધાન, તેના સ્વરૂપનું જ્ઞાન, તેના સ્વરૂપના '**આચરણ રૂપ તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે;...**' સમજાણું કાંઈ? એ સાચા રત્નત્રય તેને કહેવામાં આવે છે. આહા..હા..! થોડું છે પણ હવે .. એકદમ ન વંચાય. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૮, રવિવાર, તા. ૨૮-૦૯-૧૯૭૫, ગાથા-૯૧-૯૨, કળશ-૧૨૨, પ્રવચન નં. ૪૬

.. આ આત્મા શાશ્વત ત્રિકાળ નિરાવરણ છે. વસ્તુ જે આત્મા છે ધ્રુવ ધ્રુવ એ તો ત્રિકાળ નિરાવરણ છે. '**નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...**' નિત્ય આનંદ, નિત્યાનંદી. અતીન્દ્રિય આનંદથી ભરેલું જેનું સ્વરૂપ છે. આહા..હા..! એવો નિરંજન-મેલ-મલિનતા રહિત પ્રભુ ત્રિકાળ '**નિજપરમપારિણામિકભાવસ્વરૂપ...**' સહજ પારિણામિકભાવ એટલે સહજ ભાવ એવો ત્રિકાળી ભાવ. પારિણામિક એટલે કારણપરમાત્મા. આહા..હા..! એ ત્રિકાળી ધ્રુવ છે. આનંદ લક્ષણથી ભરેલો ત્રિકાળ નિરાવરણ પ્રભુ એની દૃષ્ટિ પહેલી કરવી સન્મુખ (થઈને). એનું નામ મિથ્યાત્વનું પ્રતિક્રમણ છે. ભગવાન આ શાશ્વત છે, ત્રિકાળ નિરાવરણ છે. નિજ નિરંજન, '**નિજ નિરંજન પરમપારિણામકભાવસ્વરૂપ...**' આહા..હા..! એવો જે '**કારણપરમાત્મા...**' એટલે કે ત્રિકાળી નિત્ય વસ્તુ, પર્યાય વિનાની જે ત્રિકાળી શુદ્ધ ધ્રુવ વસ્તુ. આહા..હા..! '**તે આત્મા છે;...**' એ આવો આત્મા છે એનો નિર્ણય અને જ્ઞાન તો પર્યાય કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ પર્યાયમાં ધ્યેયની ચીજ છે એ તો ત્રિકાળ શુદ્ધ આનંદકંદ પ્રભુ કારણપરમાત્મા. અંતર્મુખ જે ચીજ ત્રિકાળ છે એને સમ્યગ્દર્શન દ્વારા પકડતાં.. એ છે સમ્યગ્દર્શન પર્યાય, પણ એને ધ્યેયમાં એ વસ્તુ કારણપરમાત્મા આત્મા ત્રિકાળ. આહા..હા..! એવો ભગવાન આનંદનું દળ. અરેરે! ક્યાં વાત! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ તું છો, કહે છે.

સમ્યક્ કેવળજ્ઞાનાદિ કાર્યનું કારણસ્વરૂપ તું ત્રિકાળ છો. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એ કેમ બેસે? બધી વાત એણે ઉડાવી, પર્યાયબુદ્ધિ ઉડાવી, દ્રવ્યબુદ્ધિ કરવી એમ કહે છે. સમજાય છે કાંઈ? એને ત્રિકાળી નિજ પરમાત્મા, પોતાનો પરમાત્મા હોં. ભગવાનનો એ નહિ. આહા..હા..! એ પરમપારિણામિકસ્વભાવ કારણપ્રભુ તે આત્મા છે. આહા..હા..! એ આત્માનો આદર કરવાનો છે, એમ કહે છે. એ આત્મા '**તેના સ્વરૂપનાં...**' એવો જે

ભગવાન આત્મા.. આહા..હા..! '**તેના સ્વરૂપના...**' તેનું સ્વરૂપ જે આનંદ અને શાંતિ અને વીતરાગી મૂર્તિ એનું સ્વરૂપ છે. '**તેના સ્વરૂપના શ્રદ્ધાન...**' એના સ્વરૂપનું શ્રદ્ધાન. એવો નિરાવરણ ત્રિકાળી નિજ કારણપ્રભુ એના સ્વરૂપનું શ્રદ્ધાન. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા આવો તેના સ્વરૂપનું શ્રદ્ધાન એમ કહે છે. શુદ્ધ ચૈતન્યઘન એનો સ્વભાવ, પરમાત્મા એનો સ્વભાવ.

'**તેના સ્વરૂપના શ્રદ્ધાન...**' એમ કહે છે. આહા..હા..! જ્ઞાયકભાવ સહિત આત્મા એમ કહ્યું છેને છઠ્ઠી ગાથામાં. આત્મા જ્ઞાયકભાવ છે, જ્ઞાયકસ્વરૂપ છે. જાણકસ્વરૂપ એનું ત્રિકાળ છે. એ સ્વરૂપની શ્રદ્ધા. આહા..હા..! સ્વસન્મુખ થયા વિના એની શ્રદ્ધા યથાર્થ થાય નહિ. એનો અર્થ એ કે જે ચીજ છે પૂર્ણ આનંદ, નિત્યાનંદ કારણપ્રભુ છે એનો સ્વીકાર ક્યારે થાય? કે જે પરસન્મુખ પર્યાય છે એ પર્યાય સ્વસન્મુખ થાય ત્યારે એનો સ્વીકાર થયો કહેવાય. આહા..હા..! બહુ માર્ગ (સૂક્ષ્મ). મૂળ વાત વિના અત્યારે બધું ચાલ્યું છે. જે પરમાત્મા કહ્યુંને પરમાત્મા? અને હજી કહેશે. આહા..હા..!

નિયમસાર તે નિયમસાર છે! મોક્ષના માર્ગનો અધિકાર છેને. નિયમસાર એટલે નિયમથી જે કર્તવ્ય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે નિયમથી કર્તવ્ય અને એ નિયમથી કર્તવ્ય કોનું? કોની શ્રદ્ધા? કોનું કર્તવ્ય? કર્તવ્ય તો પર્યાય થઈ. સમજાણું કાંઈ? પણ ત્રિકાળી ભગવાન પૂર્ણ આનંદદળ એવા સ્વરૂપની શ્રદ્ધા, એવા સ્વરૂપનું જ્ઞાન... આહા..હા..! અને એ સ્વરૂપનું આચરણ, એ સ્વરૂપનું આચરણ, આનંદકંદ પ્રભુ એવું એનું સ્વરૂપ એનું આચરણ. આહા..હા..! એ ચારિત્ર.

'**તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે;...**' નિજ કારણપરમાત્મા એવો આત્મા એનું જે સ્વરૂપ. આહા..હા..! એનો જે ત્રિકાળી ભાવ. ભાવવાન ભગવાન પોતે. ભાવવાન એનો જે ભાવ. આહા..હા..! જ્ઞાયકભાવ એ એનું સ્વરૂપ. એવા જ્ઞાયકભાવની શ્રદ્ધા. દેવ-ગુરુની શ્રદ્ધા એ સમકિત એમ ન કહ્યું. આહા..હા..! તેમ નવ તત્ત્વની શ્રદ્ધા એ (સમકિત એમ) ન કહ્યું. ભગવાન નિત્યાનંદ પ્રભુ તેનું સ્વરૂપ જે ધ્રુવ અનંત આનંદ, જ્ઞાયકભાવ, ધ્રુવ એવું એનું સ્વરૂપ, એનું શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન. એ સ્વરૂપનું જ્ઞાન, ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ, પરમ આનંદ સ્વરૂપ એવા જે સ્વરૂપનું જ્ઞાન આહા..હા..! એ સમ્યગ્જ્ઞાન. અને એ સ્વરૂપમાં આચરણ.. એ સ્વરૂપનું આચરણ. એ અનુષ્ઠાન છેને? ... '**તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે;...**' તે સાચા રત્નત્રય. સુખના પંથે જનારા એ સાચા રત્નત્રય છે. આહા..હા..! બહુ માર્ગ, ભાઈ! આ લોકો વ્યવહાર-વ્યવહાર કરે છે. એ આવી ગયું છે પહેલા. હવે આવશે, પણ પહેલા આવી ગયું છે, હવે તરત આવશે.

ભાઈ! પ્રભુ! તારા પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ છે. આહા..હા..! તારું દ્રવ્ય સ્વરૂપ, વસ્તુ સ્વરૂપ, નિત્ય સ્વરૂપ, શાશ્વત સ્વરૂપ એ તો નિરાલંબ છે. એ આનંદ જેનું સ્વરૂપ છે. એ

આનંદ જેનું સ્વરૂપ છે એ સ્વરૂપની શ્રદ્ધા. આહા..હા..! આનંદ જેનું એક લક્ષણ છે એવું.. આનંદ જેનું સ્વરૂપ છે એવો આત્મા. એવો ભગવાન આનંદ જેનું સ્વરૂપ છે. અતીન્દ્રિય અનાકુળ આનંદ જેનો સ્વભાવ છે. આમ નિરાવરણ કહીને અહીં નાખ્યું પહેલું. આહા..હા..! સુખ જોઈએ છેને? કહેશે હમણાં, સુખનો અભિલાષી. આહા..હા..! અતીન્દ્રિય આનંદના સુખનો અભિલાષી. આહા..હા..! છે?

**'આમ ભગવાન પરમાત્માના...'** આહા..હા..! આમ ભગવાન પરમાત્મા, પોતે પરમાત્મા પોતે હોં. શેઠ! તારણસ્વામીમાં બહુ આવે છે. 'અપ્પા સો પરમ અપ્પા.' ખબર છે? કે દિ' ખબર હતી?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પરમાત્મા આત્માની. અપ્પા આત્મા પોતે પરમાત્મસ્વરૂપ છે. આહા..હા..! પણ એ પરમાત્મસ્વરૂપ ભાઈ તને ખબર નથી. પર્યાયબુદ્ધિમાં રમ્યો છોને અનાદિકાળથી. એક સમયની વિકાસ પ્રગટ પર્યાય એમાં એની રમતું બધી. એટલે ત્રિકાળ શાશ્વત મારો પ્રભુ કોણ છે એની એને ખબર નથી. કહે આત્મા. ... આહા..હા..! ભાઈ! તારા દર્શન તું કર. આહા..હા..! તારો નાથ બિરાજે છે પ્રભુ અંદર. જેના અતીન્દ્રિય આનંદની આગળ સર્વજ્ઞ પણ જેનું પૂર્ણ સ્વરૂપ વાણીમાં નથી આવ્યું. સર્વજ્ઞની વાણીમાં એ જોયું એનાથી અનંતમે ભાગે વાત આવી છે. આહા..હા..! અને અનંતમે ભાગે આવી એમાં ગણધરોએ પણ એને અનંતમે ભાગે રચના કરી છે. આહા..હા..! બાર અંગની રચના પણ અનંતમા ભાગની આવી છે, કહે છે. આહા..હા..! જે વાણીનો વિલાસ નથી, વચનથી જણાય એવો નથી, વિકલ્પથી અનુભવાય એવો નથી. આહા..હા..! ભાઈ! તું પરમાત્મા છો તને ખબર નથી. બાળ-ગોપાળ શરીરને ન જો, રાગને ન જો, કર્મને ન જો, કર્મના ફળમાં મળેલી સંયોગી ચીજને ન જો. આહા..હા..! તારો નાથ અતીન્દ્રિય આનંદના લક્ષણસ્વરૂપે (બિરાજે છે). આહા..હા..! લક્ષણ એનું અને લક્ષ આત્મા. સમજાણું કાંઈ? અરે!

**'આમ ભગવાન પરમાત્માના...'** ભગ નામ અનંત આનંદ અને અનંત જ્ઞાનનો વાન એવો પ્રભુ આત્મા છે. ભગ એની લક્ષ્મી છે. ચૈતન્ય અને આનંદ એનું લક્ષણ, એનું સ્વરૂપ છે. આહા..હા..! એવો જે ભગવાન... અરે..! એક પોદળો મળે છાણનો ત્યાં રાજી થઈ જાય. આ છોડીયું-છોડીયું. જોયુંને, જંગલ જતાં. પોદળો સમજો છો? ગાય-ભેંસનું ગોબર. અહીં ગાયો બેસતી. એમાં બે-ચાર પોદળા થઈ જાય ગાયો બેઠી હોય તો. રાજી-રાજી થઈ જાય. ટોપલો ભરાઈ (જાય). બા! .. તું કોણ છો? આહા..હા..! આવો પરમાત્મા એક ગોબરને લઈને ખુશી થાય એની પામરતા કેટલી છે પર્યાયમાં? એક પાંચ-પચાસ લાખ પૈસા થાય ત્યાં રાજી-રાજી થઈ જાય. એ પોદળા છે, એ ગોબર છે. આહા..હા..! ભગવાન! તારી નજરુંના નિધાન તો પરમાત્મસ્વરૂપ છે. આહા..હા..! એવો ભગવાન પરમાત્માના સુખનો

અભિલાષી. ભાષા જુઓ. જેને આનંદસ્વરૂપ મારું એવું જેને અનુભવમાં આવ્યું છે. અહીં તો નિશ્ચય-પ્રતિક્રમણની વાત છેને? આહા..હા..! એ પરમાત્મા ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી. વ્યવહારરત્નત્રયનો અભિલાષી નહિ. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રને મળું એનો અભિલાષી નહિ. આહા..હા..! આનંદનો નાથ સહજાત્મસ્વરૂપ ભગવાન પોતે એના સુખનો અભિલાષી સમકિતી. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ માર્ગ (સૂક્ષ્મ). આ બહારના ઝઘડામાં ચડાવી નાખ્યો.

ગાયકવાડ સરકારનો પાટવી કુમાર હતો. વડોદરા. ત્રણ કરોડની ઉપજ, ત્રણ કરોડ. દુકાન ઉપર હતા અમે તે દિ' પાલેજ. એમાં બે વર્ષનો છોકરો .. મરી ગયો. પાટવી છે. ગાયકવાડ સરકાર પછી ગાદી મળે ઈ. પછી એના જોડે બધા શું કહેવાય એ? મરસિયા. આહા..! ચોપડી આવી હતી ત્યાં અમારે પાલેજ. એમાં એ આવ્યું હતું. 'રતન રોળાયું સ્મશાનમાં'. સ્મશાનમાં રતન રોળાયું. પાટવી રાજકુમાર. એના પછી ગાદી એને મળવાની હતી. એ નાની ઉંમરમાં મરી ગયો. બહુ નાની ઉંમર. છોકરો અત્યારે જે છે ગાદીએ. એ વખતે .. હતો. અને એ ચોપડી આવી હતી મરશિયાની. 'રતન રોળાયું સ્મશાને.' પણ ધૂળેય રતન નથી. આહા..હા..!

આ ચૈતન્યરત્ન એ સ્મશાનમાં રોળાયું રાગના પ્રેમમાં. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન એને સ્મશાન નામ રાગમાં રોળી નાખ્યો. રાગના સુખના પ્રેમમાં એને મારી નાખ્યો. રતન રોળાયું સ્મશાને. સમજાણું કાંઈ? જે સ્વરૂપની ગાદીએ બેસનારો એવો ભગવાન આત્મા. સમજાણું કાંઈ? બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! એ દયા ને દાન ને વ્રત ને ભક્તિ એ બધા ભાવ શુભવિકલ્પ રાગ છે. એ રાગ છે એ આત્માને લાભનું કારણ નથી. આહા..હા..! નુકસાન છે, નુકસાન છે. આહા..હા..! એ શુભભાવની ક્રિયાઓને ભગવાન તો કહે છે કે એ ઝેરનો ઘડો છે, ભાઈ! એ ઝેર ખીલ્યું છે. આહા..હા..! અમૃતનો સાગર ભગવાન એને ન ખીલવ્યો તેં અને રાગ કરીને ઝેરનો ભાવ ઊભો કર્યો. આહા..હા..!

**શ્રોતા :-** વિષકુંભ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિષકુંભ કહ્યો, ઝેરનો ઘડો, ભાઈ! પ્રભુ તો અમૃતનો ઘડો. અરે! એનું ધ્યાન અને જ્ઞાન છે એ પર્યાયને અમૃતનો ઘડો કહે છે.

આ કીધુંને '**ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી એવો જે...**' પર્યાયમાં આનંદનું ભાન છે. એ આનંદની પર્યાયને ભાનને અમૃતનો ઘડો કીધો. વસ્તુ તો અમૃતનું પૂર છે. આહા..હા..! પણ એ અમૃતના પૂરનો સ્વીકાર થતાં જે અતીન્દ્રિય આનંદ પર્યાયમાં આવ્યો... આહા..હા..! અષ્ટપાહુડમાં તો કહે છે કે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય જે થઈ એ અક્ષય અને અમેય છે. આહા..હા..! જે પર્યાયનો ક્ષય નથી અને એ પર્યાયનું માપ શું કહેવું? આહા..હા..! આનંદના પૂરમાંથી એક પ્રવાહ ચાલ્યો બહાર. આહા..હા..! સમજાણું કાંઈ? આનંદના પૂરમાં દૃષ્ટિ આપતા, ફુવારાને જેમ દાબતા પાણી નીકળે છે અંદરથી, એમ

આત્મસ્વરૂપમાં એકાગ્રતાનું દબાણ થતાં ફુવારો ફાટે છે અંદરથી. આહા..હા..! આવો માર્ગ છે.

એવા '**ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી...**' આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ પરમાત્માના સુખનો અભિલાષી છે. મિથ્યાદૃષ્ટિ તો પુણ્યના પરિણામ અને એના ફળનો અભિલાષી અજ્ઞાની છે. આહા..હા..! એ સંસારના સુખ એટલે કે દુઃખ એનો એ અભિલાષી છે. આહા..હા..! ભારે કામ, ભાઈ! આહા..હા..! એક રાજા હતો નહિ? આવ્યું હતું છાપામાં. મોટો .. રાતે લગન કર્યા જે રાતે એ... એ પહેલી રાત કહેવાયને? શું કહેવાય એ? સુહાગરાત. ધૂળની. એક રાતમાં કરોડ રૂપિયા ખર્ચ્યા. રાજા છે કોઈ. રાજ નાનું છે પણ કૂવા... શું કહેવાય આ? પેટ્રોલના કૂવા નીકળ્યા છે બહુ. બહુ પેદાશ. એક કલાકની દોઢ લાખની પેદાશ. એક કલાકની. રાજા. પરણ્યો ત્યારે એક રાતના એક કરોડ રૂપિયા ખર્ચ્યા. આહા..હા..! હરખના-હરખના (રસ) ચડ્યા હતા. અને જ્યારે ભગવાન પોતાના લગન કરે છે... આહા..હા..! આનંદના નાથની સાથે એકાગ્રતાનું સગપણ કરે છે ત્યારે એના આનંદના પર્યાયની શું કિંમત? કહે છે. અક્ષય અને અમેય છે. અરે! એની વાત સાંભળી નથી. બહારની પ્રવૃત્તિની ક્રિયાકાંડ આગળ ભગવાન આખો ભૂલાઈ ગયો છે. ભાષા શું છે?

'**આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી...**' આત્માના આનંદનો અભિલાષી ધર્મી જીવ. આહા..હા..! '**એવો જે પરમપુરુષાર્થપરાયણ...**' મુનિ લેવો છેને? '**પરમપુરુષાર્થ પરાયણ...**' પરમપુરુષાર્થનો તત્પર એવો તપોધન મુનિ. આહા..હા..! દુનિયા મોટા વિદ્વાન અને પંડિતો. એ તો આ ... બાપુ! સાંભળ, ભાઈ! તારે તો આવવું પડશે સુખી થવું હોય તો. મશ્કરી કરે કે આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... વ્યવહારને તો .. વ્યવહારનું... વ્યવહાર નુકસાનનું કારણ. આહા..હા..! ઓલા કહે કે વ્યવહાર કરીએ તો નિશ્ચય થશે. શુભ ઉપયોગ કરીએ તો પછી શુદ્ધ થશે. આહા..હા..! ઝેરના પ્યાલા ચડ્યા શ્રદ્ધામાં. માર્ગ બાપા.. આહા..હા..!

'**ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી એવો જે પરમપુરુષાર્થપરાયણ...** ' પરમપ્રયત્ન. સ્વસંવેદનમાં પરમપ્રયત્ન છે. આહા..હા..! એવો '**(પરમતપોધન)...**' જેને આનંદરૂપી તપનું ધન છે. તપ નામ ચારિત્રમાં જે સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનું ચારિત્ર એ ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થ કરવો એ તપ. તપ આ અનશન અને ફનશન બહારના એ તો બધી નિમિત્તની વાતું છે. જે આત્માના આનંદની પ્રતીતિ અનુભવ થઈને થઈ એનું જે જ્ઞાન થાય અને એમાં જે રમણતા તે ચારિત્ર. હવે તપ કોને કહેવું? એ ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થથી પરમપુરુષાર્થ પરાયણ (રહેવું તે તપ). આહા..હા..! પરમપુરુષાર્થમાં જે તત્પર છે. જોયું! પરાયણ છેને? આહા..હા..! એવો પરમતપોધન. જેને અતીન્દ્રિય આનંદની ઈચ્છા વિનાની દશા પ્રગટ થઈ છે એવું જેને તપનું ધન છે. આહા..હા..! આ ધૂળના ધણીને તો અહીં કાઢી નાખ્યા છે. ધૂળના ધણી થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. ધૂળ જડ છે અને એનો હું

ધણી. આહા..હા..! સહજાનંદ ભગવાનનો જે ધણી થાય છે એ તપોધન છે. આહા..હા..! દિગંબર મુનિઓની શૈલી તો જુઓ, આહા..હા..! એક એક ગાથાએ બહુ વાત! ગજબ વાત! ધર્મ આ જ ધર્મ છે, બીજો કોઈ ધર્મ છે નહિ.

એવો '(**પરમતપોધન**) **શુદ્ધરત્નત્રયાત્મક...**' ભગવાન આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એવા જે નિશ્ચયરત્નત્રય. શુદ્ધરત્નત્રય કહ્યું જોયું? ઓલો વ્યવહાર છે એ અશુદ્ધરત્નત્રય છે. આહા..હા..! એને રત્ન તો કીધા, પથરા. આ તો શુદ્ધરત્નત્રયસ્વરૂપ. પૂર્ણ શુદ્ધ જે છે. પરંપરા–ફરંપરા ... એ તો સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન અને આત્માના આનંદનો આશ્રય છે એને વિકલ્પ જે શુભ આવ્યો છે એમાં અશુભ ઓલો આશ્રય છે તે અશુભ ટળ્યો છે. એટલે વિશેષ આશ્રય લઈને શુભ ટાળશે એથી એને પરંપરાનો આરોપ કહીને વ્યવહારનયના એ કથન છે. અરેરે! શાસ્ત્રના અર્થ કરવામાં પણ ફેરફાર કરી પોતાની વાતનો કક્કો સાચો કરવો.. ભાઈ! એમ ન ચાલે. માર્ગ આ તો ભગવાનનો માર્ગ. એટલે તું પરમાત્મા એનો આ માર્ગ, ભાઈ! એ આહા..હા..! પામર પ્રાણીઓ શાસ્ત્રોના અર્થો કરે એમ ન ચાલે, ભાઈ! આહા..હા..! એક–એક કડી, એક એક શબ્દમાં..

'**શુદ્ધરત્નત્રયાત્મક...**' પરમપુરુષાર્થપરાયણ એવો ધર્મી, મુનિ તપોધન જેને આનંદની ઉગ્ર દશાનું તપરૂપી ધન છે. આહા..હા..! એવો '**શુદ્ધરત્નત્રયાત્મક આત્માને ભાવે છે,...**' આવું સ્વરૂપ એ આત્માને ભાવે છે. ત્રિકાળ ભગવાન પૂર્ણાનંદની એ રત્નત્રયમાં ભાવના છે. રત્નત્રયમાં એની ભાવના છે એમ કહે છે. આહા..હા..! રત્નત્રય એ જ ભાવના છે અને વસ્તુ તેનું ધ્યેય છે ત્રિકાળી ભગવાન આત્મા. આહા..હા..! જોયું! '**તે પરમતપોધનને...**' ઉગ્ર જેને સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્ર (છે), એમાં ઉગ્ર જેને આનંદની દશા પ્રગટ થઈ છે પુરુષાર્થપરાયણથી. આહા..હા..! એ જંગલમાં મોટી પત્થરની .. હોય, ધારું હોય એની વચમાં .. બેઠા હોય છે. એવો પરમતપોધન કહે છે. આહા..હા..! એવા આત્માને ભાવે છે. શુદ્ધરત્નત્રયસ્વરૂપ આત્માને ભાવે છે એમ કીધું. પરિણતિ લેવી છેને સાથે. '**તે પરમતપોધનને જ (શાસ્ત્રમાં) નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહ્યો છે.**' તે જ તપોધનને શાસ્ત્રમાં સાચું ધર્મસ્વરૂપ કહ્યું છે. આહા..હા..!

કળશ. '(**હવે, આ ૯૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**)'

(वसंततिलका)

त्यक्त्वा विभावमखिलं व्यवहारमार्ग–
रत्नत्रयं च मतिमान्निजतत्त्ववेदी।
शुद्धात्मतत्त्वनियतं निजबोधमेकं
श्रद्धानमन्यदपरं चरणं प्रपेदे।।१२२।।

આહા..હા..! '**प्रपेदे**' શબ્દ પહેલા આવી ગયો છે. '**प्रपेदे**' એટલે આદર. અહીં છે.

'**શ્લોકાર્થ :- સમસ્ત વિભાવને...**' આહા..હા..! માર્ગાભાસ જે છે એ બધાની માન્યતા વિભાવવાળી છે, એ બધાને છોડી દઈને. '**તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને...**' લ્યો! આહા..હા..! સમસ્ત વિભાવને અને સમસ્ત.. એ કલંક લાગે છે, બાપુ! આહા..હા..! આનંદના નાથને આનંદની દશા પ્રગટ કરવામાં વ્યવહારરત્નત્રયની પણ અપેક્ષા નથી, ઉપેક્ષા છે એમ કહે છે. છોડ એને. આહા..હા..! લોકો એમ કહે છે, આ નિશ્ચય-નિશ્ચય. બાપુ! પણ નિશ્ચય એટલે પરમસત્ય. આહા..હા..! ભાઈ! અરેરે! આવો કાળ આવ્યો, બાપુ! એમાં આ પ્રમાણે જો સત્યના શરણ ન લીધા... ભાઈ! ક્યાં જઈશ તું? ક્યાં જઈશ? બાપુ! ચોર્યાશીના અવતાર. આહા..હા..! તારા મરણ એવા કર્યા, દ્રવ્યલિંગ ધારણ કરીને પણ કહે છે. તારી માતાએ રુદન કર્યા. દ્રવ્યલિંગ ધારણ કરવા ગયો સાધુના ત્યારે માતા રોઈ. એવી માતાના આંસુથી અનંતા સમુદ્ર ભરાય એટલા કાળ ગાળ્યા છે પ્રભુ તેં, દ્રવ્યલિંગમાં. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારની ક્રિયા કરવી એ દ્રવ્યલિંગ છે. એને ભાવનું ભાન નથી. આહા..હા..!

મોક્ષપાહુડમાં કહ્યું છે. દ્રવ્યલિંગ ધારણ કરીને પણ કોઈ એક ક્ષેત્ર બાકી નથી રાખ્યું કે જ્યાં તું જન્મ્યો અને મર્યો ન હોય. એ વ્યવહારરત્નત્ર તો રાગ અને પુણ્ય છે, એ સંસાર છે. આહા..હા..! ભગવાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ એને પડખેથી ખસી જઈને, રાગને પડખે ગયો ત્યાં ઝેરના પ્યાલા છે ત્યાં તો. આહા..હા..! સમજાણું કાંઈ? પડખે સમજો છો? આ બાજુ. આહા..હા..! તો કહે છે કે '**વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને...**' આહા..હા..! આવું સંતો તો જાહેર કરે છે, ભાઈ! હવે એ લોકોને ગળે વળગે છે વ્યવહાર-વ્યવહાર. બાપુ! વ્યવહાર એટલે સંસાર, વ્યવહાર એટલે ઝેરના પ્યાલા. આહા..હા..! છે કે નહિ અંદર? આહા..હા..! ... આહા..હા..!

મુનિને કહે છે એમ સમ્યગ્દષ્ટિને પણ કહે છે કે જે વ્યવહારરત્નત્રય છે એને છોડી દે. આહા..હા..! અને વિભાવને છોડી દે. વિભાવ છે પણ વિશેષ તેને લઈને અન્યમતિના માર્ગો જેટલા જૈન સિવાય બધા વિભાવની પ્રાપ્તિની પુષ્ટિના કરનારા છે. વીતરાગભાવની પુષ્ટિ કરવામાં જૈન ધર્મ સિવાય કોઈ છે નહિ. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં નથી લીધું? શ્વેતાંબરનું લીધું છે કે તમે તો શુદ્ધભાવને મોક્ષનો માર્ગ કહો અને પુણ્યબંધનું કારણ કહો. આવે છે એમાં. આહા..હા..! વાત સાચી. આહા..હા..! ભાઈ! આ માર્ગ એમ ન હોય. શુભરાગ કરતાં-કરતાં શુદ્ધ થશે એવી માન્યતા મહામિથ્યાત્વ છે. અરેરે! એ તો હજી વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. અહીંયાં તો વ્યવહારમાર્ગમાં રત્નત્રય ભલે રત્નત્રય નામ આપ્યું, પણ આ શુદ્ધ રત્નત્રય છે એ રત્નત્રય છે, એની સાથે રાગ છે એને આરોપથી વ્યવહારરત્નત્રય કહેવાય, પણ એ વ્યવહારરત્નત્રને છોડ. આહા..હા..!

'**નિજ-તત્ત્વવેદી...**' વિભાવ અને વ્યવહારરત્નત્રય. ઓહોહો..! દેવ-ગુરુની શ્રદ્ધાનો ભાવ

એ વ્યવહાર. શાસ્ત્રનું જ્ઞાન, એના લક્ષે જ્ઞાન એ વ્યવહાર. વ્રત, નિયમના ભાવ એ બધો વિકલ્પ અને વ્યવહાર છે. એને છોડી દે. આહા..હા..! '**નિજ-તત્ત્વવેદી...**' એ વ્યવહાર એ નિજતત્ત્વ નહોતું, પરતત્ત્વ હતું. આહા..હા..! એ આસ્રવતત્ત્વ હતું, એ ભાવબંધ તત્ત્વ હતું. સમજાણું કાંઈ? એને છોડીને. બાપુ! માર્ગ આવો છે હોં! જિનેન્દ્રનો માર્ગ એટલે જિનસ્વરૂપી ભગવાન આત્મા એનો માર્ગ આવો છે. એણે ન સાંભળ્યો હોય એથી કાંઈ માર્ગ બીજો થાય છે? આહા..હા..! પછી એને ભલે એમ કહે કે આ તો નિશ્ચયાભાસી છે. વ્યવહારથી લાભ માનતા નથી. કહો. માર્ગ તો વીતરાગ જિનેન્દ્ર આ કહે છે. આહા..હા..!

'**નિજ-તત્ત્વવેદી (નિજ આત્મતત્ત્વને જાણનાર-અનુભવનાર)...**' વેદીનો અર્થ બે કર્યોને. નિજ આત્મતત્ત્વને જાણનાર અને નિજ આત્મતત્ત્વને વેદનાર એટલે અનુભવનાર. આહા..હા..! વસ્તુ જે આનંદસ્વરૂપ છે તેને અનુસરીને થનારી દશા એટલે કે નિજતત્ત્વનો અનુભવ કરનાર આત્મા. આહા..હા..! '**મતિમાન પુરુષ...**' એને મતિમાન પુરુષ કીધો. આહા..હા..! તું બુદ્ધિવાળો, ભાઈ! સમજાણું કાંઈ? સંસારની મતિઓમાં પરથી લાભ થાય એ બધો મતિવાન નથી, કુમતિવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આકરું કામ. ભગવાનની પૂજા ને ભગવાનની ભક્તિ, એનાથી હળવે-હળવે લાભ થશે. ..લાલજી! એના સગા-વ્હાલા કહેતા હતા. આ તો .. આપી છે. આહા..હા..! આવો માર્ગ કોઈ.. સ્વસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એને પરસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ભાવ રાગનો છોડી દે. એનાથી કિંચિત્ લાભ નહિ થાય. આહા..હા..! પરતરફની દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવમી ગ્રૈવેયક ગયો ત્યારે આ નથી કર્યું એણે? અનંતવાર કર્યું છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કપટથી કર્યું નથી. કપટથી થાય તો નરકમાં જાય. આહા..હા..! એણે નિજતત્ત્વના જ્ઞાન અને અનુભવ વિના... કીધુંને ઓલામાં 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો...' ભગવાન! તેં મુનિવ્રત ધારણ કર્યા, પંચમહાવ્રત લીધા, હજારો રાણીને છોડી બ્રહ્મચર્ય શરીરના ધારણ કર્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ નિજ આતમ વિના.. આત્મજ્ઞાન વિના 'લેશ સુખ ન પાયો.' આહા..હા..! એનો અર્થ એ પંચમહાવ્રત ને બાર વ્રત ને તપનો વિકલ્પ છે એ બધો દુઃખરૂપ છે. આહા..હા..! તપસ્યા તે નિર્જરા. આવે છેને. જુઓ, આ તપસ્યા આવી. અરે બાપુ! એ તો નિમિત્તના કથન છે. તપસ્યા તો અંદર આનંદસ્વરૂપનું ભાન થઈને, આનંદમાં ઉગ્ર પુરુષાર્થ કરવો એ તપસ્યા, એને તપસ્યા તે નિર્જરા કીધી છે.

એ તો કહ્યું હતુંને, (સંવત) ૨૦૦૯ની સાલમાં. ભાઈ આવ્યા હતા. વચ્છરાજજીના મોટા (ભાઈ) તોલારામજી. તોલારામ, તોલારામ. અને ગજરાજજી બન્ને હતા. ભાઈ વચ્છરાજજી. એક સ્પેશ્યલ આવ્યું હતું ... એમને ચર્ચા થઈ હશે રસ્તામાં. એક છોકરો કહે કે ભાઈ એ

તપસ્યા તે નિર્જરા તમે કહો કે આ વ્રત એ નહિ. તુલારામ કહે તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છેને કે તપસ્યા તે નિર્જરા. પણ કઈ તપસ્યા? તારા અનશન, ઉણોદરી, વૃત્તિસંયમ એ બધી બાહ્ય તપસ્યા એ નહિ. એ તો નિમિત્તપણાનું કથન છે. અંદરમાં એ વિકલ્પને છોડી અને નિર્વિકલ્પપણે આનંદમાં જે રમે છે અંદર એ ચારિત્રને પણ ચમક કરે છે, ચારિત્રને ચમક આપે છે પુરુષાર્થથી. એનું નામ તપસ્યા છે અને એ નિર્જરાનું કારણ છે. ભારે વાતમાં ફેર. સમજાણું કાંઈ?

વર્ષીતપ કરે છેને જુઓને આ શ્વેતાંબર અને સ્થાનકવાસી. ૯૦માં થઈ .. આ બધી લાંઘણ છે. .. બિચારા આવા લાખોપતિની વહુ વર્ષીતપ કરે એને લાંઘણ કહે છે. અરે ભાઈ! જેમાંથી વિષય કષાયના પરતરફના વિકલ્પ છૂટી જાય. વિષય કષાય આહારો ત્યાગો.. એ ભગવાન આનંદસ્વરૂપના સમીપમાં વાસ કરે છે એનું નામ ઉપવાસ છે. જેને આત્માનો આશ્રય જ નથી અને એ અપવાસ કરે એ બધી લાંઘણ છે. લાંઘણ-લંઘન. આહા..હા..! આ પર્યુષણમાં ચારેકોર સ્થાનકવાસી અને દેરાવાસીમાં એ ચાલે. આટલા માસખમણ થયા, આટલા આ થયા, અરે ભાઈ! તને ખબર નથી, બાપુ! અમે આત્માના અધ્યાત્મ માટે અપવાસ કરીએ છીએ. હવે વળી એવું આવ્યું છે. ભાઈ! હજી સમ્યગ્દર્શન જ નથી તને ત્યાં વળી અધ્યાત્મ ક્યાં આવ્યું? આહા..હા..! આ પર્યુષણમાં આવ્યા છેને મોટા લેખ. બહુ લેખ આવ્યા છે. અરેરે! ક્યાં મુંઝાણા છે.

અહીં તો આચાર્ય મહારાજ કહે છે કે '**નિજ-તત્ત્વવેદી (નિજ આત્મતત્ત્વને જાણનાર-અનુભવનાર) મતિમાન પુરુષ...**' આહા..હા..! એને અમે મતિમાન, બુદ્ધિમાન કહીએ છીએ કે જેણે વ્યવહારરત્નત્રયને છોડી નિજતત્ત્વનું વેદન જેણે કર્યું છે, અનુભવ કર્યો છે. આહા..હા..! એ '**મતિમાન પુરુષ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત...**' શુદ્ધ નિર્મળ ભગવાન પરમાત્મા એના તત્ત્વમાં નિયત એટલે શુદ્ધાત્મતત્ત્વમાં પરાયણ. અશુદ્ધતાના, વ્યવહારરત્નત્રયના વિકલ્પોને છોડી અને શુદ્ધતત્ત્વમાં પરાયણ. શુદ્ધ ભગવાન નિર્મળ જ્ઞાયકભાવરૂપી આત્મતત્ત્વ તેમાં પરાયણ. આહા..હા..!

'**એવું જે એક નિજજ્ઞાન,...**' આહા..હા..! શુદ્ધ આત્મતત્ત્વમાં પરાયણ એવું જે એક નિજજ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. '**મતિમાન પુરુષ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત એવું જે એક નિજજ્ઞાન, બીજું શ્રદ્ધાન...**' એક નિજજ્ઞાન અને બીજું શ્રદ્ધાન. આહા..હા..! નિજ આત્મતત્ત્વમાં પરાયણ એવી જે શ્રદ્ધા. એની શ્રદ્ધા આત્માની. આહા..હા..! '**અને વળી બીજું ચારિત્ર...**' આહા..હા..! ભગવાન આત્મામાં શુદ્ધતત્ત્વમાં પરાયણ થઈને જે ચારિત્ર થાય તે '**તેનો આશ્રય કરે છે.**' એ રૂપે પરિણમે છે એમ કહે છે. રાગનો આશ્રય છોડીને આ આશ્રય કરે એમ કહેવું છે. આશ્રય તો દ્રવ્યનો છે, પણ ઓલો પરનો આશ્રય છોડ્યો એટલે આનો નિર્મળ પર્યાયનો આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું

કાંઈ? આવી વાત હવે. સભામાં આવું મૂકવું છે. સભામાં તો કાંઈક લોકો રાજી થાય (એવું કહેવું જોઈએ). લોકો રાજી થાય એ અત્યારે .. રાજી થાય એ રાજી થાય? આ તો રાજીપો આનંદમાંથી આવે એ રાજી છે.

**શ્રોતા :-** લોકરંજન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકરંજન. લોકરંજનથી.. આમ થાય.. આમ થાય... 'જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય' ગમે તે જાતિ અને ગમે તે વેશમાં માર્ગ હોઈ શકે. લોકો તો આહા..હા..! છેને ભગવાનદાસ. બહુ બોલકો છે. ... એના બાપ હતા. ... એનો દીકરો. એ આવ્યો હતોને પહેલા જ્યારે મુંબઈ ગયાને. ૨૦૧૩ની સાલમાં મુંબઈમાં ગયા (ત્યારે) મારવાડી આવ્યા હતા .. લઈને. કાંઈ ઠેકાણા નહિ પ્રભુ શું કરે છે? એને એટલું અભિમાન એનું કે .. અમે જાણીએ છીએ. બાપુ! .. કરો ભાઈ! તમે. ... વડવા. 'જાતિ વેશનો ભેદ નહિ.' ગમે તે જાતિ અને ગમે તે વેશ હો. 'કહ્યો માર્ગ જો હોય' એ જાતિ વેશનો ભેદ નહિ એ માર્ગ.. એ જાતિનો ભેદ નહિ. ગમે તે જાતિ અને ગમે તે વેશમાં મોક્ષમાર્ગ થાય છે. અહીં કહે છે કે ના. કહ્યો માર્ગ... એ અર્થ કર્યો હતોને, ૯૧માં. ૯૧ શું ૯૫. 'કહ્યો માર્ગ જો હોય તો જાતિ વેશનો ભેદ નહિ.' જે જાતિ અને જે વેશ હોય તે જ હોય. ગમે તે વેશ ગૃહસ્થનો હોય અને મોક્ષમાર્ગ થાય, અન્યમતિનો વેશ હોય અને મોક્ષમાર્ગ થાય. ત્રણ કાળમાં નહિ. ..લાલજી! આવી વાત છે. આહા..હા..!

એ ઓલામાં ... સ્ત્રીનો મોક્ષ થાય, ચંડાળનો મોક્ષ થાય. લોકો રાજી થાય. તીર્થંકર સ્ત્રી હતા. મલ્લિનાથ સ્ત્રી હતા. બાપુ! સ્ત્રી પણ મોક્ષ જાય છે. એ રાજી-રાજી થઈ જાય. ભગવાનની માતા મોક્ષ ગઈ, હાથીને હોદે મોક્ષ ગયા. ઓહો..! બાપુ! ... ભાઈ! એ વસ્તુ બધી ગપગોળા છે. સમજાય છે કાંઈ? સ્ત્રીના વેશે કે સ્ત્રીના લિંગે કોઈ દિ' સાધુપણું ન આવે. કેવળજ્ઞાન તો ક્યાંય રહ્યું, ભાઈ! તને ખબર નથી, બાપુ! આહા..હા..! અને હાથીને હોદે મરુદેવી માતાને કેવળ થયા. આહા..હા..! કેટલું નાખ્યું!

**શ્રોતા :-** શાસ્ત્રમાં પાઠ છે તો ના કેમ પડાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્રમાં પાઠ છે એમ બોલે. પણ શાસ્ત્રનો કરનારે જ ઉંધું વાળ્યું બધું. કલ્પનાથી શાસ્ત્ર બનાવ્યા, બાપુ! સમજાણું કાંઈ? ભાઈએ બહુ લખ્યુ છે, નહિ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. કાળના કારણે કષાયી જીવો એવા પાક્યા કે કલ્પિત બનાવ્યું બધું. ભાઈએ નહિ? ટોડરમલજીએ. આહા..હા..! અરેરે! સત્ય વાત સાંભળવા ન મળે એને સાંભળીને કરવું શું એ તો ક્યાંથી કરી શકે? આહા..હા..! બિચારા ઊંધે માર્ગે દોરાઈ ગયા.

અહીં તો ભગવાન સંત મુનિ એમ કહે છે, જે કોઈ આત્મામાં તત્પર છે, આત્માની શ્રદ્ધા-જ્ઞાનમાં તત્પર છે તે જ તેનું જ્ઞાન અને દર્શન, શ્રદ્ધાન અને ચારિત્ર છે. તેનો એ આશ્રય છે, તેને એ પરિણતિ હોય છે. આહા..હા..! એ ૧૨૨ કલશ થયો. કળશ થયોને

ઈ? ૯૧ ગાથા થઈ. હવે ૯૨. ઓહોહો..! જુઓને વાત કરે છે.

**उत्तमअट्ठं आदा तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं।**
**तम्हा दु झाणमेव हि उत्तमअट्ठस्स पडिकमणं।।९२।।**

આહા..હા..! આત્મા આનંદસ્વરૂપનું ધ્યાન, લીનતા એ પ્રતિક્રમણ છે કહે છે. સમજાણું કાંઈ? આત્માના આનંદસ્વરૂપમાં ધ્યાન કરવું, ત્રિકાળી ધ્યેય બવાનીને એનું ધ્યાન, નિર્વિકલ્પદશા (થવી) તે પ્રતિક્રમણ અને તેને ધર્મ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૯, સોમવાર, તા. ૨૯-૦૯-૧૯૭૫, ગાથા-૯૨, પ્રવચન નં. ૪૭

**उत्तमअट्ठं आदा तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं।**
**तम्हा दु झाणमेव हि उत्तमअट्ठस्स पडिकमणं।।९२।।**
**આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;**
**તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.**

'**ટીકા :- અહીં (આ ગાથામાં), નિશ્ચય-ઉત્તમાર્થ...**' નિશ્ચય ઉત્તમ '**પ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે.**' એમાં પહેલો વ્યવહાર કહેશે થોડો. '**જિનેશ્વરના માર્ગમાં મુનિઓની સલ્લેખના વખતે,...**' જ્યારે મુનિ હતા હાજર ત્યારે આચાર્યો અને મુનિ પણ સાચા હતા ઘણા. એથી કહે છે. '**બેતાલીસ આચાર્યો વડે,...**' બેતાલીસ આચાર્યો પાસે જાય અને કહે કે હવે સલ્લેખના કરો. ૪૨. ૪૦ અને ૨. એવા આચાર્ય હતા તે દિ'. એવું આવે છે. ભગવતી આરાધનામાં એ આવે છે. વ્યવહાર. કેમકે પોતાને દેહનો ત્યાગ કરવો છે એની સ્થિતિ બરાબર છે કે નહિ? એટલે એ આચાર્ય પાસે જાય. એક પાસે, બે પાસે તેમ ૪૨ સુધી જાય ત્યારે એ ટકી રહે કે ઠીક આને સલ્લેખનાની ભાવના બરાબર છે. એટલે પછી સલ્લેખના કરે. '**આપવામાં આવતું હોવાને લીધે, દેહત્યાગ વ્યવહારથી ધર્મ છે.**' દેહનો ત્યાગ એ તો વ્યવહારધર્મ છે, કાંઈ પરમાર્થ ધર્મ એ નથી. આહા..હા..! આ ઉત્તમાર્થ સલ્લેખનાનું કીધું વ્યવહાર.

હવે નિશ્ચય. '**નિશ્ચયથી—નવ અર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે;...**' જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ છેને નવ? નવમાં ઉત્તમ અર્થ

આત્મા છે. આહા..હા..! સંવર, નિર્જરા એ પણ ઉત્તમ નહિ, એ તો પર્યાય છે. આહા..હા..! એ આશ્રય કરવાલાયક નહિ. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, પર્યાય સિવાયનું જે દ્રવ્ય ત્રિકાળ છે એને નવ પદાર્થોમાં ઉત્તમ પદાર્થ કહેવામાં આવે છે. આહા..હા..! આ લોકોને આકરું પડે છે. વ્યવહાર પણ હોય છેને, એમ કહે છે. વ્યવહાર હોય છે. પણ હોય છે એટલે શું? એનું ફળ શું અને એનો આશ્રય શું? અહીં તો હજી નવ પદાર્થમાં જીવ એકલો ત્રિકાળી વસ્તુ તે જ આશ્રય કરવાલાયક છે અને તે ઉત્તમ પદાર્થ છે. અહીં તો સંવર, નિર્જરા અને મોક્ષને ઉત્તમ પદાર્થ ન કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

આજ આવ્યું છે વિરુદ્ધનું અહીંનું. જૈનસંદેશમાં કૈલાસચંદજીએ અહીંનું વિરુદ્ધ લખ્યું છે. જૈનસંદેશમાં છે. શું કરે? એને જે બેઠું હોય એથી તો વાત વિરુદ્ધ છે. વાત સાચી. એકલો નિશ્ચયથી થાય, વ્યવહારથી થાય નહિ, ઉપાદાનથી થાય, છતાં નિમિત્ત હોય, પણ નિમિત્તથી થાય નહિ અને દરેક દ્રવ્યની પર્યાય પોતાને કાળે, સ્વકાળે ઉત્પન્ન થાય એથી એ ક્રમ થઈ ગયું. હવે આ વાત ન બેસે એટલે. અને એ વાત હતી જ નહિ એમાં.

**શ્રોતા :–** સોનગઢથી આ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જ્ઞાન થઈને આવ્યુંને. આહા..હા..! આકરું પડે એટલે માણસને એવું લાગે. વર્ણીજી જેવાની શ્રદ્ધા ફેર એમ કહેવું આકરું પડે લોકોને. અને એના બધા એ ભક્તો, પંડિતો. અને એ તો પ્રત્યક્ષ જોયા છે અમે. અને એની વાત જ્યારે ભાઈએ સ્પષ્ટ કરી ફૂલચંદજીએ જૈનતત્ત્વ મીમાંસામાં. જૈનતત્ત્વ આપવા મંડ્યા તો ન લીધું. કારણ કે મારાથી વિરુદ્ધ છે એમાં. ટાળી દીધું. ટાળી દીધું કે? ટાળી દીધું. દેવા ગયા તો ન લીધું. ભાઈ! આ કોઈ પક્ષની વાત નથી, ભાઈ! આ આત્મા મહાપદાર્થ ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ... જુઓ છે?

**'એ સચ્ચિદાનંદમય...'** ભાષા જુઓ, સચ્ચિદાનંદમય. સત્, જ્ઞાન અને આનંદમય આત્મા છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદમય. આહા..હા..! બે વાત કરી—**'નવ પદાર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે;...'** છે શેઠ? એય..! શેઠ! શું છે? હા ઈ. વાંચે છે. **'નવ પદાર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે;...'** લ્યો, આ તમારે હિન્દી. કીધુંને. આ નવ પદાર્થ જે છે––જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ નવમાં આત્મા જ ઉત્તમ છે. એ આસ્રવ ને પુણ્ય-પાપ ને દયા, દાન, વ્રતના વિકલ્પ, સંવર અને નિર્જરા, ધર્મદશા, નિશ્ચયમોક્ષમાર્ગ પણ ઉત્તમ નહિ.

**શ્રોતા :–** એનું ફળ મોક્ષ એ ઉત્તમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનું ફળ ભલે આવે પણ એ ઉત્તમ નહિ. ઉત્તમ તો આ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! અત્યારે એ ન ચાલતું હોય એટલે એને કહે છે. અભિનવ સાધર્મી વાત છે. એમાં એ વાત છે. અભિનવ સાધર્મીઓ આમ કહે છે. અમે જ્યારે નિવેદન

કરીએ છીએ ત્યારે અભિનવ સાધર્મીઓ એમ કહે છે કે તમે મિથ્યાત્વના પોષક છો અને ગુરુને-સદ્ગુરુને તમે જાણતા નથી એમ કરીને અમારી વાત ઉડાડી દે છે. એની વાત સાચી છે.

**શ્રોતા :-** ઉડાડી દે એટલી વાત સાચી છે. .. એટલી વાત ખોટી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને એમ બેઠું છે. એને અહીં કહ્યું હતુંને કે કુંદકુંદાચાર્યનું એકલું માનવા જાશો તો બીજા આચાર્યનું બલિદાન થશે. તો બીજા આચાર્ય કુંદકુંદાચાર્યથી વિરુદ્ધ કહે છે? અને બીજા આચાર્યોથી કુંદકુંદાચાર્યનું વિરુદ્ધ છે? અરે! શું થાય? અત્યારે લૂંટાણું છે આખું જગત. અરેરે!

**શ્રોતા :-** બીજા આચાર્યોનું ... થશે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બલિદાન થશે એમનું. બીજા આચાર્યનું બલિદાન થશે એટલે એનું સાચું નહિ રહે એમ. પણ એમ છે જ નહિ. બધા દિગંબર આચાર્યો, દિગંબર જે આચાર્યો છે એ બધાનું એક જ કથન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મંગલાચરણમાં કુંદકુંદાચાર્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુખ્ય તો ઈ છે. મુખ્ય તો એનું નામ દીધું. અને ભાઈએ તો ત્યાં સુધી કહ્યું, દર્શનસાર પુસ્તક છેને. દેવચંદજી દર્શનસાર. દેવચંદ આચાર્ય. અરે! કુંદકુંદાચાર્ય સીમંધર ભગવાન પાસે ન ગયા હોત અને ત્યાંથી જો તત્ત્વ ન લાવ્યા હોત તો અમે ધર્મ કેમ પામત? એટલી તો વાત કરી છે. સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં એની પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા અને ત્યાંથી જો આવો માર્ગ ન લાવ્યા હોત તો અમે મુનિઓ ધર્મ કેમ પામત? એમ કહે છે. તો બીજા આચાર્યનું બલિદાન (થઈ ગયું)? આહા..હા..! અરે! શું થાય ભગવાન! છે, પેલામાં છે. આમાં હશે. '**जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण**' શરૂઆતમાં છે પહેલા. વિષયાનુક્રમણિકા પહેલા. '**(મહાવિદેહ ક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્યજ્ઞાન** વડે...' છે? '**પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન** વડે...' આહા..હા..! '**શ્રી પદ્મનંદીનાથે...**' એટલે પદ્મનંદી નામ હતુંને પાંચ નામ? '**બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?**' આહા..હા..!

**શ્રોતા :-** આચાર્યો તો આમ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આચાર્યો આમ કહે છે તો તમારે હવે બીજા આચાર્યોના... અરેરે! શું થાય? ભાઈ!

**શ્રોતા :-** મહા આચાર્યે ભોગ આપ્યો બીજા આચાર્યોનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભોગ આપ્યો? બીજા આચાર્યને ખોટા ઠરાવે છે? આમની જે વસ્તુની સ્પષ્ટતા... સાક્ષાત્ ભગવાન પાસે ગયા આહા..હા..! અને કુંદકુંદાચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. ભગવાન બિરાજે છે સીમંધર ભગવાન. આટલી તો વાત એની ટીકા કરી છે. એ પછી રાતે વાત. આની ટીકા કરી છે. બહારમાં આવી ગયું ખરુંને કે બહેનને જાતિસ્મરણ

છે. એ બધી વાતું આવી છે. રાતે વાત. અત્યારે આમાં નહિ. આમાં ઉતરી જાયને પાછું. અરે..! ભગવાન! ભાઈ! આહા..હા..!

કહે છે, મુનિજનો સાચા માર્ગને કેમ જાણત? શેઠ! છે? શોભાલાલજી! ક્યાં છે? હા ઈ. મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે સીમંધર સ્વામી. એમની પાસે કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં ગયા હતા. આઠ દિન રહ્યા હતા ત્યાં ભગવાન પાસે. આવીને આ શાસ્ત્ર બનાવ્યા સીમંધર સ્વામી પાસેથી. સમજાય છે કાંઈ? એ પહેલા સો વર્ષ પહેલાં શ્વેતાંબર પંથ નીકળી ગયેલો એથી એમ સ્પષ્ટ કથન આ શાસ્ત્રમાં આવ્યું બધું. સમજાય છે કાંઈ? આહા..હા..! અરેરે! શું થાય? જુઓને, દેવચંદ આચાર્ય કહે છે કે ભગવાન પાસે જો ન ગયા હોત અને ત્યાંથી આ ન લાવ્યા હોત તો અમે ધર્મ કેમ પામત? આહા..હા..! એવી કુંદકુંદાચાર્યની મહત્તા તો વર્ણવે છે.

અહીં કહે છે '**નવ અર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે;...**' આહા..હા..! કેવો? '**સચ્ચિદાનંદમય...**' સચ્ચિદાનંદમય. એમ પાછો ઉત્તમ અર્થ છે પણ છે કેવો ઈ? સત્ ચિદાનંદમય—છે ચિદ્-જ્ઞાન અને આનંદમય આત્મા છે. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદમય છે. સત્ અને જ્ઞાન અને આનંદ એ આત્મા છે. આહા..હા..! આત્મામાં સંસાર નથી, ઉદયભાવ નથી, અરે! ક્ષાયિકભાવ નથી. સંવર, નિર્જરાને ઉત્તમ ન કીધું જુઓને. મોક્ષપદાર્થ ક્ષાયિકભાવની પર્યાય એને ઉત્તમ ન કીધું. આહા..હા..! આ વસ્તુની દૃષ્ટિ વિના એને સમ્યગ્દર્શન કદી ત્રણકાળમાં ન થાય. ગમે એટલી ક્રિયા કરે અને રાગ કરે, વ્રત પાળે, તપસ્યાઓ કરે અને મરી જાય, જાત્રા કરે ને જાત્રાઓ કરી,... બધી પુણ્યની ક્રિયા રાગની છે. આહા..હા..!

અહીં તો કહે છે કે '**નવ અર્થોમાં...**' અર્થો છેને ઈ? દ્રવ્યને પણ અર્થ કહેવાય, ગુણને પણ અર્થ કહેવાય, પર્યાયને પણ અર્થ કહેવાય. તત્ત્વાર્થશ્રદ્ધાનમાં આવે છેને? અર્થ એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય અને તત્ત્વ એટલે એનો ભાવ. દ્રવ્ય-ગુણ-પર્યાય તે અર્થ, વસ્તુ અને એનો ભાવ એ તત્ત્વ. તત્ત્વાર્થ છેને? '**तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनं**' એ ઉમાસ્વામીનું પહેલું સૂત્ર. તો અર્થ એટલે દ્રવ્ય, ગુણ અને પર્યાય. હવે એની ખબર ન મળે કે દ્રવ્ય, ગુણ અને પર્યાય કોને કહેવા? એને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જે સ્વરૂપ-ભાવ એને તત્ત્વ કહીએ. તત્ત્વાર્થ. અહીં કહે છે કે '**નવ અર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે;...**' આહા..હા..! આ એકાંત લાગે છે.

**શ્રોતા :–** એકાંત એટલે આ છે અને બીજું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજું નથી. આશ્રય કરવા જેવું બીજું નથી. આશ્રય કરનાર પર્યાય છે, પણ આશ્રય કરવાયોગ્ય ઉત્તમ અર્થ ત્રિકાળ છે. આહા..હા..! શું થાય?

બે સિદ્ધાંત કહેવો છે કે નવ તત્ત્વો છે એટલે કે નવ અર્થો છે. એમાં ઉત્તમ અર્થ હોય તો ભગવાન આ દ્રવ્યસ્વરૂપ ત્રિકાળી વસ્તુ નિત્યાનંદ પ્રભુ એ ઉત્તમ પદાર્થ છે. આહા..હા..!

એવો '**ઉત્તમ અર્થ આત્મા છે;...**' કેવો છે?

'**સચ્ચિદાનંદમય...**' સત્ કાયમની ચીજ મોજૂદગી એ તો ઠીક, પણ છે કાયમની મોજૂદગી છે કેવો? કે સત્ ચિદ્‌મય. સત્ તો પરમાણુ પણ સત્ છે. છએ દ્રવ્ય સત્ છે, પણ આ આત્મા સચ્ચિદાનંદમય. જુદો પાડ્યો એને. સત્, ચિદ્ જ્ઞાન અને આનંદમય આત્મા છે. આહા..હા..! આ તો ત્રિકાળીની વાત કરી હોં. એમાં પર્યાય છે કે રાગ છે એ વાત નહિ. આહા..હા..! આકરું પડે છે માણસને. એને સાંભળતા એવું લાગે કે આ થઈ શકે નહિ. ભાઈ! ન થઈ શકે એમ નથી, થઈ શકે એવી ચીજ છે. આહા..હા..! તું એના માહાત્મ્યને સાંભળ તો ખરો. તને માહાત્મ્ય તારા ખ્યાલમાં તો આવે જ્ઞાનમાં. એક મહાપદાર્થ સચ્ચિદાનંદમય... આહા..હા..! જેમાં પુણ્ય અને પાપના વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ નથી, પણ જેમાં નિશ્ચયધર્મની, સંવર-નિર્જરાની પર્યાય પણ નથી. અને એને ઉત્તમ કીધો નથી. સંવર, નિર્જરા, મોક્ષનો માર્ગ તે ઉત્તમ નહિ. આહા..હા..! આવું સ્વરૂપ છે, ભાઈ! આહા..હા..!

એ '**સચ્ચિદાનંદમય...**' હવે કીધું કે '**કારણસમયસારસ્વરૂપ...**' પણ ઓલું એના ગુણોનું વર્ણન કરીને આત્મા ઉત્તમ અર્થ તે સચ્ચિદાનંદમય એ '**કારણસમયસારસ્વરૂપ...**' આહા..હા..! કેવી ટીકા છે જુઓને. ઓહોહો..! સંતોએ જગતને કેવું સહેલું કરીને મૂક્યું છે. ભાઈ! એ ઉત્કૃષ્ટ લાગે વાત પણ બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! એ તો સંતોએ બહાર પાડ્યું હતુંને. બહાર કર્યું છેને એમાંથી આ આવ્યું છેને. આહા..હા..! છે એમાં જુઓને. હવે આ ચોપડો તો જુઓ. ઓલા ચોપડા બધા જોયા છે બહુ તે. તમાકુના ને ફલાણાના, ઢીંકણાના પૈસાના.

**શ્રોતા :-** દાદાનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... એ કરે છેને બધાને. કાકાસાહેબ કહે. નહિ? આ દાદા છેને મોટા છે. દાદા કહે. અરે.. ભાઈ! આહા..હા..! ક્યાંક આવ્યું છે. ભાઈમાં આવ્યું છે. આ રજનીશનો વિરોધ બહુ આવ્યો છે. પુનામાં બહુ વિરોધ કર્યો છે લોકોએ. એમાં એની પાસે દાદાઓ ઘણા છે એમ લખ્યું છે. દાદાગીરી લખ્યું છે. બહુ વિરોધ ઘણો. મોટું કાગળીયું આવ્યું છે. અહીં કોક લાવ્યું છે. એને ક્યાં ધર્મ હતો. નાગા નચાવવા ને ગમે તે ઈચ્છા હોય તે કરવું, એના માણસોને એમ કહે કે દારૂ પણ પીવો, અફીણ પણ પીવો, આ પણ કરવું, કાંઈક ઈચ્છા થાય તે કરી લેવું. અરે! હાલ હાલ! વિષયની વાસના આવે તો એ રોકવી નહિ, એમ કહે. અરે! પ્રભુ! શું કરે છે તું આ? આ જગતના પ્રાણી એવા હોય બિચારા મૂઢ જેવા ત્યાં પડે. બહુ વિરોધ છે, પૂનામાં ઘણો વિરોધ. વિરોધનો વંટોળ મોટો થયો છે. ભાઈ કહેતા હતાને, ક્યાં ગયા? તમે કહેતા હતાને રજનીશનું? તો આજે ઘણો વિરોધ આવ્યો છે. રજનીશજી સામે પૂનામાં ઉગ્ર બનતો વિરોધ વંટોળ.

અરે! ભગવાન! માર્ગ બાપા! ઓલો એક કેવો? સાંઈબાબો. જુઓને અમારે ભાઈ આપણે

ખુશાલ. ખુશાલ નહિ? જીવનલાલજીનો ભત્રીજો. અરેરે! ભણ્યો છે ક્યાં ને.. ત્યાં ગરી ગયો. પંડિત કે મૂર્ખો છે મોટો. ત્રણલોકના નાથ તીર્થંકરદેવને મૂકીને ક્યાં તારે જાવું છે? આહા..હા..! અને આવો માર્ગ ક્યાંય છે નહિ બીજે. આહા..હા..! ઘણી દીકરીયું અને એક છોકરો થયો હશે તો એમ કે એને પ્રતાપે થયો. તે દિ' આવ્યો હતો છેલ્લો એક ફેરી. છેલ્લો ઓલી ફેરે આવ્યો હતો. આ ફેરી તો આવ્યો જ નથી. સામું જોયું નથી. અરર! આવો વીતરાગ ત્રણલોકનો નાથ જિનેન્દ્રદેવ એના સિવાય ક્યાંય માર્ગ ગોતવા જાય અને તે પણ દિગંબર જૈનધર્મ સિવાય બીજે ગોતવા જાય તો ક્યાંય મળે એવું નથી. શેઠ!

**શ્રોતા :-** સોનગઢમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સોનગઢ પણ સનાતન જૈનદર્શન. આહા..હા..! સનાતન જૈનદર્શન એ દિગંબરદર્શન છે. વિશ્વદર્શન, જિનદર્શન. આહા..હા..! આત્મદર્શન. આહા..હા..! જેની જ્ઞાનની પર્યાયમાં કહે છે આશ્રય લેવાયોગ્ય હોય તો ભગવાન સચ્ચિદાનંદમય કારણસમયસાર પ્રભુ છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આહા..હા..!

'**સચ્ચિદાનંદમય કારણસયમસારસ્વરૂપ...**' જોયું! એ ત્રિકાળી વસ્તુ એ કારણસમયસાર સ્વરૂપ છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાની ચીજ. આહા..હા..! કેમકે એ સંવર, નિર્જરા, આસ્રવ, મોક્ષ આદિ એ ઉત્પાદ-વ્યયની પર્યાય છે. અને '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એ તત્ત્વાર્થસૂત્ર. તો કહે છે કે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં ઉત્તમ પદાર્થ હોય તો તે ધ્રુવ તત્ત્વ ઉત્તમ છે. આહા..હા..! જે કાયમ ટકેલું કારણસમયસારસ્વરૂપ કારણપરમાત્મા. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! અરે ભગવાન! તું લક્ષમાં તો લે એને. હા તો પાડ. આહા..હા..! અંદરથી હા તો પાડ કે માર્ગ તો પ્રભુ ત્રણલોકનો નાથ એનો આશ્રય કરતાં માર્ગ થાય એવો છે. આહા..હા..! હા પાડ. કોક વાત શીખી છે. પણ અમારે શોભાલાલજી જેવું એટલું બધું નથી. એને તો વધારે છે. એને ગરજ વધારે છે. આ તો ઉપરટપકે આવે પાછળથી. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભાગીદાર થયાને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાગીદારીમાં એને કાંઈ મળે એવું નથી. એ તો કહેતા નહિ. ભાઈઓ છેને. અહીં કોઈ દ્રવ્ય કોઈનું નથી. ભાઈ કેવા ને બાયડી કેવી ને છોકરા કેવા? એક દ્રવ્યની બીજી ચીજ હોય? આહા..હા..! અહીં તો સ્વદ્રવ્યને સંવર-નિર્જરાની પર્યાય નથી. બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય પરદ્રવ્ય રહી ગયા, એ તો પરમાં રહ્યા. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન! એકવાર ધ્યાન તો આપ પ્રભુના કહેણને. પ્રભુ ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ એમણે માર્ગ કહ્યો એ કુંદકુંદાચાર્ય જગતને જાહેર કરે છે. આહા..હા..! અને ઓલામાં પણ નથી આવતું? ભાઈએ ન કીધું શેઠે? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં

કુંદકુંદાર્યો' એમ લીધું. ભલે કુંદકુંદ આદિ આર્યો લ્યો. એમાં બધા આવી ગયાને. આહા..હા..! કુંદકુંદાચાર્ય એટલે શું? આહા..હા..! ભગવાનના શ્રીમુખે. સીમંધર ભગવાનના શ્રીમુખે ત્યાં નીકળ્યું છે કે ભરતક્ષેત્રના ધુરંધર આચાર્ય છે એ. આહા..હા..! સમજાય છે કાંઈ? અરે..! ન બેસે. કાંઈક કાંઈક કાઢે ભાઈ! શું થાય?

**'સચ્ચિદાનંદમય કારણસમયસારસ્વરૂપ...'** ભગવાન **'એવા તે આત્મામાં...'** એમ પાછું. કેવો આત્મા? કે આવો. આહા..હા..! પહેલો નવ અર્થમાં ઉત્તમ અર્થ આત્મા એમ કહ્યું. હવે એ વળી આત્મા કેવો? આહા..હા..! સત્ જ્ઞાન આનંદમય કારણસયસારસ્વરૂપ એવો તે આત્મા. આહા..હા..! સમજાય છે કાંઈ? એમાં મોક્ષના માર્ગની પર્યાય પણ ન આવે. આહા..હા..! સંવર, નિર્જરા છેને નવ તત્ત્વમાં? સંવર, નિર્જરા મોક્ષનો માર્ગ છે અને મોક્ષ એનું પૂર્ણ ફળ છે. ફળ અને કારણ પર્યાય બેય એમાં ન આવે. આહા..હા..! એવો કારણસમયસારસ્વરૂપ આત્મા જે નવ તત્ત્વો અને નવ અર્થોમાં ઉત્તમ પદાર્થ, એ ઉત્તમ પદાર્થનું સ્વરૂપ સચ્ચિદાનંદમય સમયસાર કારણસ્વરૂપ, કારણસમયસારસ્વરૂપ. આહા..હા..! **'એવા તે આત્મામાં જે તપોધન સ્થિત રહે છે,...'** આહા..હા..! એવા આત્મામાં જે સ્થિત રહે છે. **'તે તપોધનો નિત્ય મરણભીરૂ છે;...'** ભાષા જુઓ! આહા..હા..! મરણનો ભીરૂ. ત્રાસ છે મરણનો. મરણભીરૂ, નિત્ય મરણથી ખસી ગયો છે. આહા..હા..!

કીધુંને ઓલી વહુ બિચારી મરી ગઈ નહિ ભાઈની. કોણ જાણે એને બિચારાને ખબર નહિ. પાપ કરેલા હોયને એટલે વાત કીધી ત્યાં તો રોવે. ધનજીભાઈ. અરે! પાપ ખટકેને. અરેરે! આ પાપ કરીને પાછો વળતો નથી. એમ બિચારા (બોલે). અને આવા ફળ આવે ત્યારે પછી... આહા..હા..! ત્રાસ પામે છે. આહા..હા..! એ કાલે સાંભળ્યું નહિ? ગરાસિયા ગુજરી ગયા. આપઘાત કર્યો લ્યો. ભાઈ કહેતા હતા. રાજાભાઈ છેને. ગામના.. આઠસોનો પગાર હતો બેંકમાં. બીજી બેંક હોં ભાવનગરની. આ બેંક નહિ. હુશિયાર હતો. આઠસોનો પગાર બેંકનો બહુ હુશિયાર. કોણ જાણે શું થયું કહે છે. પરમ દિ' તો એને સાસરે ગયો હતો. બાઈને નવ વર્ષથી બોલાવતો નહોતો. નવ વર્ષ નહિ? અહીં નહોતો બોલાવતો. ગયો હતો ત્યાં. આવીને પછી શું થયું કાંઈ ખબર ન પડી. બહારની વાત અમુક ઉડી છે. હોય એ ખરું સત્ય અંદર. સમજાણું કાંઈ? પણ આહા..હા..! એ માણસ... કાંઈક પીધું હશે આ ઝેર-બેર આવે છેને. ઉંદરનું શું કહેવાય?

**શ્રોતા :-** માકડની દવા. માકડ મારવાની દવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કાંઈક હશે કોણ જાણે શું. આહા..હા..! કહે સૂતા છે. એની મા એમ કે નવ વાગ્યા સુધી આજે રવિવાર છે તો સૂતો છે. કોક બીજો આવ્યો એનો ઓળખીતો. કે ભાઈ કેમ ઉઠતા નથી આ દસ-દસ વાગ્યાને. જોવે ત્યાં કાંઈ ન મળે. આહા..હા..! અરેરે! આ જગત! બહુ માણસ બેઠું હતું. બહુ માણસ ઓલો હતો કહે છે. બેંકમાં જાય

અને ઘરે બસ. બીજી કાંઈ ગડબડ નહિ. અમારે રાજાભાઈ કહેતા. રાજાભાઈ છેને. કોક કહે એ સાંભળ્યું હોય. આપણે તો ક્યાં જોવા ગયા હતા. આહા..હા..! બાળવા ગયા. નાના બે ભાઈઓ અમેરિકામાં છે. અહીંયાં બિચારા પરણ્યો નવ વર્ષથી. આહા..હા..! હવે એને કેટલું થતું હશે મરણ વખતે. આહા..હા..! આવો જુવાન માણસ. જે જાણપણાવાળો આ સંસારમાં. આઠસોનો પગાર, બેંકનો નોકર. ઘરે એકદમ આઘાત થઈ ગયો. આહા..હા..! અરે સંસાર... અરે સંસાર... એ સંસારરહિત ભગવાન છે તેને જાણવો, તેને આદરવો પડશે. એ કહેશે હમણા.

બે વાત કરી પહેલી કે જે નવ પદાર્થમાં આત્મા ઉત્તમ એક. એ આત્મા કેવો? કે સચ્ચિદાનંદમય એ એની ગુણની વ્યાખ્યા કરી. પછી કહ્યું કે એ કારણસમયસારસ્વરૂપ, એમ. **'એવા તે આત્મામાં જે તપોધનો...'** જેને ઈચ્છા નિરોધ થઈને અમૃતના સાગર ઉછળ્યા છે જ્યાં અંદરથી. આહા..હા..! એને અહીં મુનિ (કહે છે). તપોધનો જે સ્થિત રહે છે આવા આત્મામાં અંદર આનંદની લહેર કરતા હોય છે. આહા..હા..! **'તે તપોધનો નિત્ય મરણભીરૂ છે;...'** આહા..હા..! ચોર્યાશીનો અવતાર કોઈ થાય એનાથી ડરે છે. ભવનો અવતાર થાય (એનાથી ડરે છે). આહા..હા..! **'નિત્ય મરણભીરૂ છે; તેથી જ તેઓ કર્મનો વિનાશ કરે છે.'** છેને? આહા..હા..! આમાં સ્થિત રહે છે, મરણનો નિત્ય ભય છે, તેથી તે કર્મનો વિનાશ કરે છે. આવા ઉત્તમ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એમાં રમતાં સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત રમતાં સ્થિર થતાં તે કર્મનો નાશ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે આ માણસને એમ કે આ વ્યવહાર કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, દાન, દયા, વ્રત, અપવાસ કરીએ તો કાંઈક કર્મ ખપે. પણ એ તો બધો વિકલ્પ, રાગ છે સાંભળને. એ તો પુણ્યબંધનું કારણ છે. બંધાય એનાથી કર્મ ખપે? આ અપવાસ કરે. આત્મામાં આ વસ્તુની તો ખબર નથી. આત્માનો આશ્રય તો છે નહિ અને અપવાસ કરે મહિનાના અને બે મહિનાના. ધૂળેય એમાં ધર્મ નથી. રાગની મંદતા હોય તો મિથ્યાત્વસહિત પુણ્ય બાંધે. આહા..હા..! આકરી વાત, બાપુ! જિનેન્દ્રનો માર્ગ દુનિયાથી તદ્દન નિરાળો! આહા..હા..! અને દુનિયાને લાગે આવું હોય? આવું હોય? અરે..! સાંભળ, ભાઈ! તારી દયાનો માર્ગ છે, ભાઈ! દયાનો એટલે? તારું જીવન સચ્ચિદાનંદમય ત્રિકાળ છે તેને જીવ તત્ત્વ છે એને તું માન તો તેં જીવને માન્યો કહેવાય. જીવને જીવ્યો છે એમ માન્યો કહેવાય. આહા..હા..! આ બધે આ જ આવે છેને. આ એક લખાણ આજે આવ્યું છે. ભગવાનનો આ હતો સંદેશ, જીવો અને જીવવા દો. ધૂળેય નથી સાંભળને. ભગવાન એમ કહેતા જ નહોતા. આ જીવો અને જીવવા દ્યો. બધા ઓલા રથ નીકળેને. એય..! ધર્મદાસજી! જીવો અને જીવવા દ્યો. ધૂળેય એમ નથી કહ્યું ભગવાને. ભગવાને તો આનંદનો નાથ ભગવાન એને જીવતો છે તેવો જીવતો રાખ (એમ કહ્યું છે). આહા..હા..!

આવું જીવન જેનું ત્રિકાળી સચ્ચિદાનંદમય કારણપ્રભુ એ હું નહિ અને રાગ અને પુણ્ય એ હું. પ્રભુ! તેં તારા આત્માને મારી નાખ્યો.. આહા..હા..! તારા જીવના જીવનનો તેં નકાર કરી નાખ્યો. આહા..હા..! ચૈતન્ય સચ્ચિદાનંદમય પ્રભુ જ્ઞાન અને આનંદપણે હોવારૂપ વસ્તુ. એવી જે ત્રિકાળી ચીજ કારણસમયસાર. આહા..હા..! એનો જેણે આશ્રય લીધો નથી અને રાગ અને પુણ્ય અને દયા, દાનના વિકલ્પનો આશ્રય લીધો છે એણે આખા આવા તત્ત્વને હણી નાખ્યો છે. આ છે નહિ, આ છે, આ છે નહિ, આ છે. આહા..હા..! એવી વાત, બાપુ! આહા..હા..!

અહીં તો કહે છે કે એ પર્યાય પણ નહિ. હું તો ત્રિકાળી દ્રવ્ય સચ્ચિદાનંદમય જીવતો છું તે હું જીવ છું. જીવતો એટલે ટકતું. સત્ શબ્દ કહ્યોને? આહા..હા..! ઓહો..! જે વસ્તુ ભગવાન આત્મા પર્યાયની દશા વિનાનો આત્મા એ ઉત્તમ આત્મા છે. આ ઉત્તમાર્થ પ્રતિક્રમણ કહેવું છેને? પહેલું સલ્લેખનાનું કીધું, પછી ઉત્તમાર્થ આ છે એની અંદર ઠરવું, મરણભયે ડરીને અંદરથી ખસી જઈને. આહા..હા..! દુનિયા માને, ન માને, દુનિયા દેખે, ન દેખે એથી આત્માને શું સંબંધ છે? સમજાય છે કાંઈ? બહારનો દેખાવ જગત દેખે તો આ ધર્મી છે એવી આ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આવી વાત નિશ્ચયની. એ કાંઈક મૂકી તો છે એણે. નિશ્ચય અને ઉપાદાનનો ઘોર વ્યવહાર અને નિમિત્તનો પ્રચાર એ અમે કાંઈ માનતા નથી, કરતા નથી. ઘોર વ્યવહાર એમ કીધું. શબ્દ એમાં પડ્યા છે. આહા..હા..!

ભાઈ! નિશ્ચય અને વ્યવહાર અથવા ઉપાદાન અને નિશ્ચય. સમજાણું કાંઈ? નિશ્ચય અને ઉપાદાન. નિશ્ચય વસ્તુ ત્રિકાળી એ જ ઉપાદાન છે, નિર્મળ પર્યાયનું કારણ. સમજાણું કાંઈ? આહા..હા..! પણ ઓલા વ્યવહારથી આ થાય અને વ્યવહારથી આ થાય એ જગતને ખટકે છે. શાસ્ત્રમાં એમ છેને. પણ કઈ અપેક્ષા છે? ભાઈ! તો પૂર્વાપર વિરોધ થઈ જશે. અહીં કહે છે કે અંદર ઠરવું ઉત્તમ અર્થમાં એ વાસ્તવિક તત્ત્વ છે અને ત્યાં બીજે ઠેકાણે કહે કે આ રાગની ક્રિયા કરવી અને એનાથી આત્મા (પ્રાપ્ત) થાય, એ તો વિરોધ થઈ જશે. પૂર્વાપર સિદ્ધાંતનો વિરોધ એ સિદ્ધાંત કહેવાય? ત્રિલોકનાથની વાણી એવી હોય કાંઈ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'એવો તે આત્મામાં...'** એમ. એમાં **'જે તપોધનો...'** સાચા સંત. જેને આત્માનો અનુભવ છે, સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના સાધુપણું કોઈ દિ' હોઈ શકે નહિ. એ ગમે તેટલા વ્રત પાળે અને તપ કરે ને મરી જાય તોપણ. અહીં તો સમ્યગ્દર્શનમાં આવો આત્મા છે એનું પ્રતીતનું જ્ઞાન, ભાન થઈ ગયું છે. પ્રતીતનું જ્ઞાન થયું છે. હવે એ સ્વરૂપમાં ઠરે છે. જે જોયું છે કે આ તત્ત્વ એમાં ઠરે છે, રમે છે, એ ચારિત્ર છે અને એ ચારિત્રનો ઉગ્ર પુરુષાર્થ તે તપ છે. આહા..હા..! આ અપવાસ કરવા અને રસત્યાગ કરવો ને ફલાણું, ઢીંકણું એ તો બધી બહારની વાતું. એ બધી લાંઘણું છે. આહા..હા..! આકરી વાત ભારે.

માર્ગ તો એવો છે, ભાઈ!

ભગવાને તપ કર્યો હતોને. એમ કહે છેને, પૂછ્યું હતું હમણા. કેવો? બાપુ! ભાઈ! ભાઈએ પૂછ્યું હતું શુકનલાલે એના મહેમાન માટે. ભાઈ! ભગવાને તપ ક્યો કર્યો હતો, બાપુ! તને ખબર નથી. ભગવાને તો આનંદનો નાથ ભગવાન એમાં સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક રમતા અંદર આનંદમાં એવો તપ કર્યો હતો ભગવાને તો. પછી બહારથી એ વખતે આહાર ન હોય તો લોકો એમ કહે કે આહાર છોડ્યો એ તપ છે. એ તો કથન વ્યવહારના છે. આહા..હા..! અરે..! ભાઈ! તારા ઘરમાં જવાની વાત છેને અને એ તને ઠીક ન પડે અને નિશ્ચય-નિશ્ચય લાગે. વ્યવહાર તો ઘરમાંથી નીકળીને બહારમાં જાવું એ વ્યવહાર છે. આહા..હા..! એ કહેશે. હમણાં જ કહેશે, આમાં જ કહેશે. આહા..હા..! અરે..! પ્રભુ! જુઓને આવા મરણ સાંભળીએ છીએ ત્યાં વૈરાગ્ય થઈ જાય લોકોને. આહા..હા..! એ પરમેશ્વરની ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, તપના વિકલ્પ એ બધો શુભરાગ છે. ભાઈ! એ તો ઝેર છે કહેશે હમણાં. આહા..હા..! અને એ ઝેર કરતા તને ઉલ્લાસ આવે છે અને સ્વભાવ તરફ જતાં તને આકરું લાગે છે. ભાઈ! માર્ગ તો આ છે હોં. એ દુનિયા ગમે તે માને અને મનાવે. આહા..હા..! એ કેટલી વાત લીધી જોઈ!

'**નવ અર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે; સચ્ચિદાનંદમય કારણસમયસારસ્વરૂપ એવો તે આત્મામાં જે તપોધન સ્થિત રહે છે,...**' આહા..હા..! આનંદનો નાથ ભગવાન એમાં જે સ્થિર રહેવું એનું નામ ચારિત્ર અને એનું નામ તપ છે. એનું નામ મુનિપણું છે. ..લાલજી! આહા..હા..! '**તેથી જ તેઓ કર્મનો વિનાશ કરે છે.**' કરે છે એ થઈ જાય છે. એને સમજાવવું શી રીતે? ભાવકર્મનો નાશ કરે છે એ પણ વ્યવહારની સમજણ છે. આ ભાવકર્મ ટાળું એમ છે? અહીં આનંદમાં રહે છે એટલે ભાવકર્મ ઉત્પન્ન થતો નથી એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. શું થાય? આહા..હા..!

૩૫-૩૫ વર્ષના જુવાન માણસ બળીને મરે. કેટલો વૈરાગ્ય! આહા..હા..! અરે! ક્યાંય એની નજર નહિ પહોંચી કે એને છોડી દઉં. આહા..હા..! શું પ્રભુ તું ક્યાં જઈશ? આહા..હા..! દેહ છોડીને જાવું છે ક્યાં? ભાઈ! આત્મા તો જે દૃષ્ટિ છે ત્યાં આત્મા રહેશે. આહા..હા..! સંસારમાંથી... સંસાર એટલે ઉદયભાવ. બાયડી, છોકરા, કુટુંબ એ સંસાર નહિ, એ તો પરદ્રવ્ય છે. એ સંસાર નહિ. સંસાર તો અંદર મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ, ઉદયભાવ એ સંસાર. આહા..હા..! એ સંસાર આત્માની ભૂલ એ આત્મામાં રહે કે બહાર રહે? બાયડી, છોકરા ને કુટુંબ ને ધંધો એ સંસાર ધૂળેય નથી સાંભળને. એ તો પરદ્રવ્ય છે. તારો સંસાર ભૂલ તારામાં રહે કે એ તારી ભૂલ પરમાં રહે? આહા..હા..! મરી ગયો આમ ને આમ કરીને અનાદિથી. આહા..હા..! અરેરે! આ તો સ્ત્રી છે એ તો એ જીવ નથી તો એ અપેક્ષાએ તો અજીવ છે એનો આત્મા પણ. આ જીવની અપેક્ષાએ આ જીવ છે અને એ અપેક્ષાએ

આ જીવ એ નથી. એટલે એ અજીવ છે એ હિસાબે. તારી સ્ત્રી ક્યાંથી થઈ ગઈ? આહા..હા..! ભ્રમમાં પડ્યો, ભગવાન! તું ક્યાં ગયો? આહા..હા..! અહીં તો આસ્રવ તો કાઢી નાખ્યો, સંવર, નિર્જરા, મોક્ષ પણ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! ભાઈ! તારી દૃષ્ટિમાં પોષાણ તો કર. આહા..હા..!

એ ત્રિલોકનાથ સચ્ચિદાનંદ પ્રભુ એમાં જે સ્થિર રહે આનંદમાં... આહા..હા..! તે '**નિત્ય મરણભીરૂ છે;...**' નિત્યમાં રહેનારો નિત્ય મરણભીરૂ. આહા..હા..! '**તેથી જ તેઓ કર્મનો વિનાશ કરે છે.**' આહા..હા..! ટીકા તો જુઓ, સંતોની ટીકા. દિગંબર મુનિઓ આહા..હા..! કેવળીના કેડાયતો. આહા..હા..! એક-એક, બબ્બે, ત્રણ લીટીમાં તો કેટલું ભર્યું છે! આહા..હા..! ભાઈ! તારો આત્મા આવો છે. આહા..હા..! અહીંયાં તો કર્મથી વિકાર થાય... કર્મથી વિકાર થાય. અરેરે! ભાઈ! આ શું તેં કર્યું? એના વિકારનો સમય છે તે નિજસમય એટલે નિજકાળે તે થાય છે. એને એમ થઈ જાય કે વિકાર પોતાની મેળાએ થાય તો તો સ્વભાવ થઈ જાય. એમ થઈ જાય છે. એટલે આખા સંપ્રદાયમાં ગોટો ઉઠ્યો પહેલેથી. જેઠાભાઈ! જેઠાભાઈને તો મોટો ગોટો (હતો). પણ એ બધે હતું ત્યાં એની પાસે નહિ. આહા..હા..!

ભાઈ! તારો પર્યાય આસ્રવનો એ તો તે કાળનો, તે ગુણની પર્યાયનો કાળ હોય તે થાય છે. એ કર્મને લઈને વિકાર થાય છે? પરદ્રવ્યને લઈને વિકાર થાય? ત્રણે કાળે નથી. એ પણ આવ્યું છેને. જયસેનાચાર્યમાં આવ્યું છે કે ભાઈ કર્મ હોય અને (એને લીધે) થાય તો કર્મ તો સદા રહેશે. તારે કે દિ' કરવું છે હવે? સમજાણું કાંઈ? આહા..હા..! મરણભીરૂ કહીને પરથી ઉદાસ થઈ ગયો છે, એમ કહેવું છે. સ્વનો આશ્રય લેવામાં પરથી ઉદાસ થઈ ગયો છે. આહા..હા..! ચાહે તો ભગવાનની ભક્તિનો વિકલ્પ હો કે દયાનો હોય એનાથી ઉદાસ થઈ ગયો છે. આહા..હા..! એમાં એને રસ રહ્યો નથી. આહા..હા..! એટલે? એમાં એકાકાર થવું એ રહ્યું નથી. આમાં એકાકાર થવું એ રહ્યું છે. આહા..હા..! બહુ થોડી ટૂંકી વાત, પણ મોટી મહત્ત્વની વાત છે. સમજાણું કાંઈ? દુનિયા માને, ન માને, એનો પક્ષ ઝાઝો હોય, ન હોય એની સાથે સત્યને સંબંધ નથી. આહા..હા..!

અરે! કહે છે કે આવો આ જીવંતસ્વામી. એ તકરાર કાંઈક થઈ છાપામાં. જીવંતસ્વામી ઉપર કાંઈક કર્યું હતું. જીવંતસ્વામી તો આ ભગવાન છે સીમંધર ભગવાન. એ કાંઈક તકરાર થઈ છે. જીવંતસ્વામી આની સાથે મેળવ્યું છે. હોય એ ખરું. ઓલી મૂર્તિ હોય અને ભગવાનની નહિ કાંઈક? એ જીવંતસ્વામી નથી. કાંઈક લખ્યું છે. ભગવાનની મૂર્તિ નહિ ઓલી સંસારી? મહાવીર મૂર્તિ સંસારી અને રાગવાળી. એવું આવ્યું છે. એ હોય કે આવ્યું છે ખરું. આહા..હા..! જીવંતસ્વામી તો આ ભગવાન પોતે છે. આહા..હા..! જ્ઞાન અને આનંદથી જેનું ટકવું છે. સત્ કીધુંને? જ્ઞાન અને આનંદથી જેનું ટકવું છે એટલે સચ્ચિદાનંદમય, એમ. જ્ઞાન અને આનંદથી જેનું સત્ છે, ટકવું છે. આહા..હા..! એવો આત્મા, સ્વરૂપ આવું જે પરમાત્મા

પોતે એમાં જે સ્થિત રહે છે. સ્થિત તો પહેલો જોયો, જાણ્યો છે એમાં સ્થિત રહેને? આહા..હા..! જ્ઞાનમાં એ વસ્તુ છે એ જણાણી છે, શ્રદ્ધામાં એ વાત આવી ગઈ છે, હવે એને ઠરવું છે એ વાત લીધી છે. આહા..હા..! આમ કરીને સોનગઢનું આવું છે ને તેવું છે, એમ કર્યું બિચારા. અરે! સોનગઢનું છે? ભગવાન! આ ક્યાં સોનગઢનું છે? આ તો સ્વરૂપની વાત છે. તેં સાંભળી ન હોય અને ન બેઠી હોય માટે સોનગઢની થઈ ગઈ? આ તો ભગવાનની વાત છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે કહ્યું એ કુંદકુંદાચાર્ય જાહેર કરે છે. આ મુનિ પદ્મપ્રભમલધારિદેવ એ જાહેર કરે છે. ભાઈ! તું આવો છો એની તને ખબર નથી. તેં એની સામું જોયું નથી. જેવડો અને જેવો છે એની સામું તેં જોયું નથી. જેવડો અને જેવો નથી એવી રાગ અને પર્યાયની સામું તેં જોયું છે. આહા..હા..!

'**માટે અધ્યાત્મભાષાએ,...**' જોયું? ભાષા અધ્યાત્મ. શુક્લધ્યાન લેવું છેને હવે. '**પૂર્વોક્ત ભેદકરણ વિનાનું,...**' જેમાં ભેદ નહિ. આ ધ્યાતા છું, આ ધ્યાન છે, આ ધ્યેય છે (એવા) ભેદ જેમાં નથી એવું ઉત્તમ શુક્લધ્યાન તે ઉત્તમ પ્રતિક્રમણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ભેદકરણ વિનાનું, ધ્યાન અને ધ્યેયના વિકલ્પો રહિત,...**' હું ધ્યાન કરું છું અને ધ્યેય દ્રવ્ય છે. ધ્યાન, ધ્યાતા અને ધ્યેય. ધ્યાતા આત્મા છે, ધ્યેય પણ આત્મા છે અને ધ્યાન પર્યાય છે—એવા ભેદ વિનાનું, વિકલ્પરહિત. આહા..હા..! આકરી વાત! પંચમ આરાના સંત પણ આવો અર્થ કરે છે. જે અત્યારે શુક્લધ્યાન નથી. તો કહે ભાઈ શુક્લધ્યાન આવું હોય એને શુક્લધ્યાન કહીએ અને એ મુક્તિનું કારણ છે, તેને ઉત્તમ પ્રતિક્રમણ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિરવશેષપણે અંતર્મુખ જેનો આકાર છે...**' ભાષા દેખો! નિરવશેષપણે અંતર્મુખ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એના ઉપર જેનું સ્વરૂપ છે. આકાર એટલે સ્વરૂપ. નિરવશેષપણે અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવું. વસ્તુ સચ્ચિદાનંદમય પ્રભુ કારણસમયસાર એ અંતર્મુખ જેનું સ્વરૂપ છે. '**એવું અને સકળ ઈન્દ્રિયોથી અગોચર...**' ઈન્દ્રિયથી અગમ્ય, વિકલ્પથી અગમ્ય અને ઈન્દ્રિયોથી અગમ્ય એ અતીન્દ્રિય વસ્તુ ભગવાન છે. આહા..હા..! આ બહારની મીઠાશ જગતને મારી નાખે છે. એમાં પણ પુણ્યની દયા, દાન અને વિકલ્પની મીઠાશ અંદરથી ખસતી નથી એને. ઘર કરીને બેઠું છેને અંદર. જાણે કે મારી ચીજ હોય એમ. તેથી કહે છે, એ નિરવશેષ-કાંઈ બાકી રાખ્યા વિના અંતર્મુખ જેનું સ્વરૂપ છે અંતર. આહા..હા..! અને '**સકળ ઈન્દ્રિયોથી અગોચર નિશ્ચય-પરમશુક્લધ્યાન જ નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ છે એમ જાણવું.**' લ્યો! આહા..હા..! દેહને છૂટવા કાળે આ જોશે, કહે છે. ઉત્તમ ધ્યાનમાં રહેવું. આહા..હા..!

'**વળી,...**' ત્યાં શુક્લધ્યાન કીધુંને એટલે પાછું ધર્મધ્યાન ભેળવવું છેને. '**વળી, નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ...**' સાચું ઉત્તમ અર્થનું પ્રતિક્રમણ. '**સ્વાત્માશ્રિત...**' લ્યો! લાવ્યા હવે આશ્રિત પાછું. વસ્તુ દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, નિત્યાનંદ પ્રભુ એનો આશ્રય. આશ્રય શબ્દ

બહુ આવે છે આમાં. કેમકે '**भूदत्थमस्सिदो**' છેને ત્યાં ૧૧મી ગાથા. '**સ્વાત્માશ્રિત એવાં નિશ્ચયધર્મધ્યાન...**' જુઓ, આ સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન. આહા..હા..! દયા, દાન, વ્રત અને તપનો વિકલ્પ છે એ ધર્મધ્યાન નહિ. આહા..હા..! '**સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...**' સ્વ તો વાત થઈ ગઈ. સચ્ચિદાનંદમય અને નિજકારણસમયસારસ્વરૂપ. આહા..હા..! એવો '**સ્વાત્માશ્રિત...**' સ્વ આત્મા એટલે પાછો બીજાનો આત્મા આવો છે ભગવાનનો એ નહિ. આ સ્વાત્માશ્રિત. '**એવાં નિશ્ચયધર્મધ્યાન...**' જુઓ, ઓલા ધર્મધ્યાન એટલે કે વિકલ્પ તે ધર્મધ્યાન એમ કહે છે જ્યાં-ત્યાં. એ તો વ્યવહારથી કથન છે. સમજાણું કાંઈ? આ સ્વાત્માશ્રિત તે ધર્મધ્યાન છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એનો આશ્રય કરવો તે નિશ્ચયધર્મધ્યાન-સાચું ધર્મધ્યાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સાધારણ પ્રાણીને તો એવું લાગે કે આ તો બધી ઊંચી વાતું છે. એ ઊંચી બાપુ સત્ય જ આ છે. સમજાણું કાંઈ? ધર્મધ્યાનની શરૂઆત સ્વના આશ્રયે થાય છે. આહા..હા..!

'**અને નિશ્ચય-શુક્લધ્યાનમય હોવાથી અમૃતકુંભસ્વરૂપ છે;...**' સ્વ આત્માને આશ્રયે જે સ્થિરતા અને ધ્યાન થાય એ અમૃતમય છે. '**અમૃતકુંભસ્વરૂપ છે;...**' એ પર્યાય હોં '**અમૃતકુંભસ્વરૂપ છે;...**' આહા..હા..! અમૃતસ્વરૂપ ભગવાન આત્મા ત્રિકાળી એમાં જે એકાગ્રતા થઈને કાઢ્યું એ પણ અમૃતસ્વરૂપ છે, કહે છે. અરે! એ વાત ઘણો પુરુષાર્થ માગે છે ત્યાં. સાધારણ થઈ જાય એ વાત નથી ત્યાં. આહા..હા..! કહે છે એ સ્વ આત્મા ભગવાન પૂર્ણ સચ્ચિદાનંદમય એને આશ્રયે થાય તે નિશ્ચય ધર્મધ્યાન અને શુક્લધ્યાન તે અમૃતકુંભ છે. '**વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ...**' જે કાંઈ મિચ્છામી દુક્કડમ આ પાપ લાગ્યું (એની ક્ષમા માંગવી) એવો જે વિકલ્પ '**વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ વ્યવહારધર્મધ્યાનમય...**' જોયું! '**વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ વ્યવહારધર્મધ્યાનમય હોવાથી વિષકુંભસ્વરૂપ છે.**' ઝેર છે. આહા..હા..! એ તો ઝેરનો ઘડો છે. આટલું તો સ્પષ્ટ કરે છે. ક્યાં ગયા શાંતિભાઈ? દિલ્હીવાળા. ગયા? ઠીક. બહુ રુચિવાળો જીવ છે. નગ્ન દિગંબર થતો હતો સાધુ. લાખોપતિ માણસ છે. ઘરના મકાન, મા-બાપ છે, બૈરા છે. એમાં આ સાંભળ્યું. અરે! હજી મુનિપણું ક્યાં? સમકિતના ઠેકાણા નથી મુનિપણા ક્યાંથી આવ્યા તારા? એ પછી અટકી ગયો બિચારો.

હવે કહે છે, એ વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ... ભાષા ભલે કીધી ઉત્તમાર્થપ્રતિક્રમણ. '**વ્યવહારધર્મધ્યાનમય હોવાથી વિષકુંભસ્વરૂપ છે.**' આ નિશ્ચય છેને ઉત્તમાર્થ ત્યારે વ્યવહારને પણ ઉત્તમાર્થ કીધું. આહા..હા..! વિકલ્પ જે શુભરાગ. ઈ કહે છે.

'**એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૬મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—**'

पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो।।

'ગાથાર્થ :- **પ્રતિક્રમણ,...'** નીચે છે. **'કરેલા દોષોનું નિરાકરણ કરવું તે.'** એ શુભભાવ ઝેરનો ઘડો છે કહે છે. આહા..હા..! અરે! આચાર્યને આવું કહેતા અટકતી નથી જીભ? એ તો વસ્તુનું સ્વરૂપ છે તેવું પ્રવાહે આવ્યું છે. એ '**પ્રતિક્રમણ,...' 'કરેલા દોષોનું નિરાકરણ...'** તે ઝેર છે. '**પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.'** આ સમકિત આમ છે અને આનું આમ છે એ બધો વિકલ્પ ઝેર છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૧૦, મંગળવાર, તા. ૩૦-૦૯-૧૯૭૫, કળશ-૧૨૩, પ્રવચન નં. ૪૮

નિયમસાર, પરમાર્થ-પ્રતિક્રમણ (અધિકાર). ૯૨ ગાથાનું છેલ્લું. સમયસારની ૩૦૬મી ગાથા દ્વારા કહ્યું છે, **'વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ વ્યવહારધર્મધ્યાન હોવાથી વિષકુંભસ્વરૂપ** છે.' આહા..હા..! આકરી વાત, ભાઈ! કોને? મિથ્યાદૃષ્ટિને નહિ. જેની દૃષ્ટિ શુભભાવથી ધર્મ થાય અને આગળ વધાય એવી મિથ્યાદૃષ્ટિની તો અહીં વાત છે જ નહિ. એની તો દૃષ્ટિ ઝેરકુંભ છે અને એનો ભાવ પણ ઝેરકુંભ છે. અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ જેને શુભભાવથી રહિત ચૈતન્ય શુદ્ધાત્મ ભગવાન એનું જેને અંતર પરિણમનનું સમ્યગ્દર્શન થયું છે એ દશા અમૃતકુંભ છે. એની સાથે જે શુભરાગ આવે એ ઝેરનો ઘડો છે. આકરી વાતું છે.

જુઓ! '**પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકણ કરવું તે.'** નીચે છે. એ પણ શુભભાવ ઝેરનો ઘડો છે. આહા..હા..! આવી વાત પ્રભુની. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! '**કરેલા દોષોનું નિરાકરણ કરવું.'** પાપ લાગ્યું હોય એનું પ્રાયશ્ચિત લે. ધર્મી સમકિતી હોં! આહા..હા..! એની ભૂમિકા પ્રમાણમાંથી કાંઈક અતિક્રમ્યો જો હોય એનું પ્રાયશ્ચિત લે એ બધો શુભભાવ છે. આહા..હા..! એ ઝેરનું સ્વરૂપ છે. આત્મા અમૃતસ્વરૂપ એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા અમૃતસ્વરૂપ. સમજાય છે કાંઈ? આત્મા પોતે આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ. એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા ત્રણે મોક્ષમાર્ગ એ આનંદસ્વાદસ્વરૂપ છે, આનંદના સ્વાદસ્વરૂપ છે. આહા..હા..! માટે તેને અમૃતનો ઘડો કહ્યો છે. પર્યાયને હોં અહીંયાં. આહા..હા..!

અને એને જેટલું શાસ્ત્રમાં કહ્યું, આચાર્યે બાંધેલું પ્રતિક્રમણનું સ્વરૂપ એ જે પ્રતિક્રમણસ્વરૂપમાં વાણી દ્વારા બોલે છે અને એને જે શુભનો વિકલ્પ આવે છે એ ઝેર છે. આહા..હા..! આવી વાત છે. આ લોકોને એવું લાગે છેને તેથી. ભાઈ! માર્ગ આ છે. તારા જ્ઞાન ઉપર

તો એ વાતને લે. જ્ઞાનમાં તો એ વાતને ઝીલ કે સ્વરૂપના અનુભવની દૃષ્ટિ સિવાય કે સ્વરૂપના આનંદની ચારિત્રદશા સિવાય જેટલો જ્ઞાનીને શુભભાવ આવે એ બધું સ્વરૂપના અમૃતથી વિરુદ્ધ ઝેર છે. આહા..હા..! આવું બધું... આ બધું સાંભળ્યું હતું ક્યાં તમે?

**શ્રોતા** :- સંભળાવનાર કોઈ નહોતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાત સાચી. એવી વાત છે. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા** :- મહાવ્રત ઉપર તેનું ધ્યાન નહીં જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એને ઝેર જાણે છે. ભૂમિકામાં ભાવ તો આવે છે પણ છે ઝેર, છોડવાલાયક છે. આહા..હા..! એમ છે.

'પ્રતિસરણ,...' બીજો બોલ છેને. '**સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.**' સમ્યગ્દર્શન આદિનો વિકલ્પ ઉઠે કે આ સમ્યગ્દર્શન નિર્મળ છે, આ જ્ઞાન નિર્મળ છે, ચારિત્ર નિર્મળ છે. નિર્મળ હોય તે એનું સ્વરૂપ છે. એવો જે વિકલ્પ. એ સમ્યક્ તરફની સન્મુખતાનો આ જાતનો વિકલ્પ એ પણ શુભરાગ અને ઝેર છે. આ તો સમયસારની ૩૦૬ ગાથા છે. સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એમાં જે વ્યવહાર વિકલ્પ ઉઠે વ્યવહારસમકિતનો, વ્યવહાર શાસ્ત્રના જ્ઞાનનો એની બધી પ્રેરણા કે આવું હોય શાસ્ત્રજ્ઞાન આમ જોઈએ અને ફલાણું એવો જે વિકલ્પ છે એ પણ એક, સમ્યગ્દૃષ્ટિને અનુભવી જીવને આવો જે વિકલ્પ આવે એ એને ઝેર છે. ..લાલજી! આવો માર્ગ! અરે! જન્મ-મરણને મટાડવાનો માર્ગ, ભાઈ! એ આલી-દુઆલીને કહે અને માને એ વસ્તુ નથી. આહા..હા..! ત્રણલોકના નાથ તીર્થંકરદેવે ઇન્દ્રો અને ગણધરોની સભા વચ્ચે આ વાત કરી હતી. આહા..હા..!

કહે છે કે એ સમકિત અને સમ્યક્જ્ઞાન આદિમાં પ્રેરણા (અર્થાત્) વિકલ્પ ઉઠવો કે આનું આમ છે અને આનું આમ છે (એ પણ ઝેર છે). એ પંચાસ્તિકાયમાં લીધું છેને, પાછળ લીધું છે. આ શ્રદ્ધવાયોગ્ય છે, આ શ્રદ્ધા છે એવા ભેદ વિકલ્પ ઉઠે. આહા..હા..! એવો એ (વિકલ્પ) પણ એક ઝેર છે. સમ્યગ્દૃષ્ટિ જીવને એ પણ છોડવાલાયક છે. એનાથી નિશ્ચય થાય (એમ નથી). આહા..! આકરી વાત બહુ જગતને. ઝેરથી અમૃત થાય? આ તો ઝેર છે, શુભભાવ તો. વ્યવહારથી નિશ્ચય થાય? નિશ્ચય તો અમૃત છે. આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયે જે દશા થાય તે આનંદમય છે અને જેટલો પરલક્ષે આવો ભાવ થાય, મોક્ષમાર્ગની નિર્મળદશાને માટે પણ વિકલ્પ ઉઠે એ પણ ઝેર છે. આહા..હા..!

'**પરિહાર = મિથ્યાત્વરાગાદિ દોષોનું નિવારણ.**' વિકલ્પથી કે આ અજ્ઞાનીનું કથન છે, આ મિથ્યાત્વ છે માટે છોડવા જેવું છે એવો જે વિકલ્પ એ પણ શુભરાગ એક ઝેર છે. આહા..હા..! અરે! કહો ..લાલજી! આવું ક્યારેય સાંભળ્યું હતું? સાંભળ્યું હતું દિલ્હીમાં? નથી સાંભળ્યું?

**શ્રોતા** :- શુભરાગને લોકો ધર્મ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ કહે છે. સાચી વાત છે. આહા..હા..! તે પણ મિથ્યાદષ્ટિના શુભરાગને. આહા..હા..! આ તો ધર્મીના શુભરાગને ઝેર કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** મિથ્યાદષ્ટિના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની તો વાત જ ક્યાં. એ તો વ્યવહારમાં પણ નથી અને નિશ્ચયમાં પણ નથી. એકેયમાં નથી એ તો. ભાઈ! આ મારગડા જુદાં છે, બાપા! આહા..હા..!

'શુદ્ધતા વિચારે ધ્યાવે શુદ્ધતામાં કેલી કરે, શુદ્ધતામાં મગન રહે, અમૃત ધારા વરસે.' આહા..હા..! ભગવાન આત્મા આનંદ શુદ્ધસ્વરૂપ, એનું ધ્યાન, એની એકાગ્રતા, એના વલણની દશા એમાં તો અમૃતસ્વરૂપ ભગવાન આત્માના અમૃતમાંથી અમૃત ઝરણા આવે. આહા..હા..! એ પર્યાયને અમૃત કહે છે. અરે! અમૃતનો ઘડો કહે છે. આહા..હા..! અને એને જેટલો શુભરાગ આવે, મિથ્યાત્વનો ત્યાગ અને આ ગૃહીતમિથ્યાત્વ છે એ છોડવા જેવું છે અને અગૃહીત છે એ છોડવા જેવું છે એ જે વિકલ્પ એ ઝેર છે કહે છે.

'ધારણા = **પંચનમસ્કારાદિ મંત્ર,...**' નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં એવા પાંચ નવકાર ગણવા. આહા..હા..! આદિ મંત્રો ૐ હ્રીં શ્રીં. મંત્ર આવે છેને? 'ૐકાર બિંદુ સંયુક્તં નિત્યં ધ્યાયંતિ યોગીનઃ.' એવો જે '**પંચનમસ્કારાદિ...**' પંચ નમોકારાદિ '**મંત્ર,...**' એ પણ એક શુભભાવ ઝેર છે. આહા..હા..!

**શ્રોતા :-** (સંકટ દૂર કરે છેને?)

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય થતું નથી... એ વાત આવે છેને. એ કહે છે, લોકો કહે છે. બાપા! કોણ કરે, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ પોતે જ સંકટ છે શુભભાવ એ. મહામંત્ર જેને કહીએ, જૈનદર્શનનું પંચપરમેષ્ઠીનું મહામંત્ર ૐકાર મંત્ર. ૐ હ્રીં શ્રીં બોલે છેને કાંઈક? આવે છેને જ્ઞાનાર્ણવમાં? ઘણા મંત્રો આવે છે જ્ઞાનાર્ણવમાં. એ બધો ભાવ શુભ છે, ઝેરનો ઘડો છે. આહા..હા..! અરે! એણે કર્યું છે કે દિ', ભાઈ! અમૃતનો સાગર ભગવાન એની સામું જોયું છે કે દિ'? અને અહીં તો કહે છે કે જોયેલાને પણ... આહા..હા..! જ્યાં સુધી વીતરાગભાવ નથી અને આનંદનો અનુભવ છે એને પણ જ્યાં સુધી અંદરમાં રમતો નથી અને શુભભાવમાં આવે છે એ સંસાર છે, ઝેર છે, એ દુઃખ છે, આહા..હા..! આત્માની શાંતિમાં એ પ્રતિકૂળતા છે. આવી વાત ભારે આકરી પડે. કોઈ દિ' એને.. આ બધા શેઠિયાઓ જ્યાં ત્યાં જાય અને પછી પૈસા ખર્ચે અને હો-હા. ધર્મ થાશે, ધર્મ થાશે. જાવ થઈ રહ્યું ખીશી થઈ જાય. આ તો દાખલો હોં. એ નહિ બધા, આ પોપટભાઈ લ્યોને. આહા..હા..!

ભાઈ! સર્વજ્ઞ વીતરાગ પરમ અમૃતના સ્વાદિયા પૂર્ણાનંદ નાથ પૂર્ણ અમૃતના સુખના સ્વાદમાં પડ્યા છે, પ્રભુ! એની વાણીમાં, દિવ્યધ્વનિમાં આ આવ્યું કે અમને સ્મરશે એને શુભભાવ થશે અને એ ઝેર છે. આહા..હા..! અમને યાદ કરશે... આહા..હા..! સ્ત્રી, કુટુંબને

યાદ કરે તો પાપભાવ છે, વેપાર-ધંધાને યાદ કરે તો પાપભાવ છે, ભગવાન કહે છે કે અમને અને અમારા સાધુ સંતને અને સિદ્ધપદને પણ જો યાદ કરશે તો શુભભાવ થશે. આહા..હા..! એટલે લોકોને...

**શ્રોતા** :- વેપાર તરફ લક્ષ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ વેપારનું લક્ષ પાપ છે, વેપારનું લક્ષ એ પાપ છે. અશુભભાવ છે, ઝેરનો તીવ્ર ઘડો છે. ..લાલજી! એવી વાત છે. આહા..હા..! ભાઈ! તારા જન્મ-મરણને મૂકવાના પંથ, એમાં આવો ભાવ આવે પણ કહે છે કે ઝેર છે એમ જાણજે હોં. આહા..હા..!

'ધારણા = **પંચનમસ્કારાદિ...**' એમ છેને? એટલે આ બધા મંત્રો. જેટલા ૐ હ્રીં શ્રી અને ફલાણા મંત્રો, બધા મંત્રો જપવા એ શુભભાવ ઝેર છે. આહા..હા..!

**શ્રોતા** :- તો શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સ્વરૂપમાં દૃષ્ટિ કરીને ઠરવું એ કરવું એમ કહે છે. જ્યાં ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે અંદર ત્યાં દૃષ્ટિ કરીને ઠરવું ઈ માર્ગ છે. આહા..હા..! આખા સમયસારનો છેલ્લો સરવાળો લીધો તો આ લીધો છે. અલમ-અલમ શું કહીએ? બહુ વિશેષે બસ થાઓ... બસ થાઓ. આહા..હા..! શુદ્ધાત્માનો અનુભવ કરવો એ એક જ મોક્ષમાર્ગ છે—આ વાત આખા સમયસાર અને આખા જૈનશાસનના સારની છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ સોનગઢનું છે એમ કહે છે માણસ. એય..! શેઠ! પણ આ કોનું છે? આ ૩૦૬ સમયસારની ગાથા છે. અહીંથી એનું સ્પષ્ટીકરણ થયું.

**શ્રોતા** :- એ આગળ નહોતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આગળ નહોતું, એ સાચી વાત ભાઈની. આવો માર્ગ છે, ભાઈ! પહેલેથી આ તો કહેતા આવીએ છીએને. આહા..હા..! અને એ વાણી પણ પર છે, જડ છે. આહા..હા..!

**શ્રોતા** :- પહેલા તો હાથ અડાડતા ન હતા... મુનિઓના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાત સાચી છે. મુનિઓનું છે તો મુનિપણું તારે થાવું છે કે નહિ? તો તારે એનું જ્ઞાન તો કરવું પડશે કે નહિ? આહા..હા..! સમયસારમાં તો એમ કહ્યું છે કે અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને અમે કહીએ છીએ એમ લખ્યું છે. સમયસાર. અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને અમે સમયસાર કહીએ છીએ, બતાવીએ છીએ. આહા..હા..! પૂર્વે નથી સાંભળ્યું એને સંભળાવીએ છીએ. આહા..હા..! માણસને બહારની વાતું મળી છેને, એટલે આ વાત એવી લાગે કે અરે..! એ તો નિશ્ચય છેને. અરે! એ એકાંત છેને... એકાંત છેને. પ્રભુ! તું રહેવા દે બાપુ! એમ રહેવા દે, ભાઈ! એના ફળ બાપા! અત્યારે તને ઠીક લાગશે, લોકો પણ માનશે, પણ બાપા તને ફળ આકરા આવશે. સમજાય છે કાંઈ? આહા..હા..! બહારમાં શોભા દેખાશે અને શોભાથી બહાર લોકો પણ આ વ્રત પાળે છે અને આ તપસ્યા કરે છે અને

આ અપવાસ કરે છે એ બધા વિકલ્પની જાતની તને શોભા લાગતી હશે અને બીજા શોભા માનતા હશે. ભાઈ! એ ઝેર છે. આહા..હા..! આવી વાત છે.

છેલ્લામાં દ્રવ્યલિંગમાં નથી લીધું? બધું ઘણું લીધું છે સમયસારમાં. દ્રવ્યલિંગ જે પંચમહાવ્રતાદિની ક્રિયા એ સમ્યગ્દર્શન અને આત્માના આશ્રયના અનુભવ વિના એમાં લીન થયેલા છે એ બધા મૂઢ જીવો અજ્ઞાની મૂઢ છે. આહા..હા..! કહો, શેઠ! આવી વાત છે, બાપુ! આહા..હા..! આ તો વીતરાગના દરબારમાં પેસવાની વાત છે. આહા..હા..! કોની સાથે ચર્ચા અને વાદવિવાદ ક્યાં કરે આમાં, ભાઈ! '**પંચનમસ્કારાદિ મંત્ર,...**' એક વાત. '**પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે.**' ભગવાનના દર્શન કરીને ચિત્તને સ્થિર શુભભાવમાં કરવું એ પણ ઝેર છે. છે કે નહિ અંદર?

**શ્રોતા :-** સમ્યગ્દષ્ટિની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યગ્દષ્ટિની વાત છે. અજ્ઞાનીની અહીં વાત ક્યાં છે. અજ્ઞાનીને છે જ ક્યાં કાંઈ ભાન. એ તો મિથ્યાદષ્ટિ, (એને તો) બધું ઝેર છે. આહા..હા..! આ તો વ્યવહારશાસ્ત્રમાં કહેલો જે સમકિતીનો વ્યવહાર, મુનિઓનો સાચો વ્યવહાર એને અહીંયાં ઝેર કીધું છે. આહા..હા..! ત્યારે કેટલાક એમ કહે છે કે એ ઝેર તો જેને અંદરમાં અમૃતમાં ઠર્યો છે એને માટે ઝેર, પણ એને છે ક્યાં ઝેર? એમ કહે છે. બાકી જ્યાં અંદર ગયો નથી એવા જીવને માટે તો તે અમૃત છે એમ કહે છે. અરેરે! શું કરે? જે અંદરમાં લીન થઈ ગયો છે અને શુભભાવ નથી એને તો ઝેર પણ ક્યાં છે? એ તો અમૃતનો અનુભવ છે. એ તો કાંઈ છે નહિ. મસ્ત અંદર ધ્યાનમાં મસ્ત થઈ ગયો છે. આહા..હા..! ધ્યાતા, ધ્યેય અને ધ્યાનના વિકલ્પો પણ ઝેર છે. કહેશે. આહા..હા..! '**પ્રતિમા વગેરે...**' આહા..હા..! જાત્રાનો ભાવ વગેરે. સમ્મેદશિખરની જાત્રાના આલંબને શુભભાવમાં આવવું એ પણ એક શુભભાવ ઝેર છે. આહા..હા..!

'**નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઈચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.**' અશુભમાંથી પાછું વાળવું એ પણ એક શુભભાવ છે. આહા..હા..! અરેરે! આવું જેને હજી ભાન પણ નથી એની શાસ્ત્રની વિદ્વતા અને શાસ્ત્રની પંડીતાઈ, બાપુ! ભાઈ! તને નુકસાન કરશે, બાપુ! ભાઈ! આ તો હિતની વાતું છે. આહા..હા..! અનાદરની વાતું નથી, ભાઈ! સમજાણું કાંઈ? બાહ્ય વિષયકષાય. આ બ્રહ્મચર્ય લેવું બાહ્યનું. વ્રતાદિ લે છેને આ બ્રહ્મચર્ય આદિ. એવો શુભભાવ હોય છે. પંચમહાવ્રત. '**વિષયકષાયાદિ ઈચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.**' સમકિતીની વાત છે હોં! એવો શુભભાવ એ પણ (ઝેર) છે. તારી શાંતિને લૂંટે છે. આહા..હા..! કહો, ..દાસજી! હળવે-હળવે ક્યાં આમાં આવ્યું? ઈ ઓલામાં લખ્યું છે. પરંપરા માનવું એમ લખ્યું છે હોં. આમાં છે સમયસાર નાટકમાં નહિ? એમ કે પરંપરા માને અમારે થાશે. એવું કાંઈક છે ખરું. એ દ્રવ્યલિંગ છે. ... એમાં લખ્યું છે જુઓ.

'**જે વિવહારી મૂઢ નર, પરજૈ બુદ્ધિ જીવ,**' જેની પર્યાય ઉપર દૃષ્ટિ છે, દ્રવ્યની તો ખબર પણ નથી. આહા..હા..! '**તિન્હૈકૌં બાહિજ ક્રિયા વિષૈ, હૈ અવલંબ સદીવ.**' એને તો બાહ્ય ક્રિયાનું સદા અવલંબન, ભગવાનનું અવલંબન પડ્યું રહ્યું છે અંદર. '**કુમતિ બાહિજ દૃષ્ટિસૌં, બાહિજ ક્રિયા કરંત, કુમતિ બાહિજ દૃષ્ટિસૌં, બાહિજ ક્રિયા કરંત, માનૈ મોખ પરંપરા, મનમૈં હરષ ધરંત.**' સર્વવિશુદ્ધ (અધિકાર) છે. દ્રવ્યલિંગ મમકાર. બનારસીદાસે પણ ચોખવટ કરી નાખી છે બહુ. આહા..હા..! '**માનૈ મોખ પરંપરા,**' ઈ ક્રિયા કરશું વ્યવહાર વ્રત, નિયમ, તપ તો પરંપરા મોક્ષ થશે. મૂઢ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, જાંજરી! આવું છે આ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર ઝેર છે. જેને નિશ્ચય નથી એની તો વાત જ નથી. એ તો એકલું ઝેર છે. નિશ્ચય જેની દૃષ્ટિ પ્રગટી છે, સ્વનું આલંબન થયું છે એને હજી આવો ભાવ જે આવે છે એ ઝેર છે. અજ્ઞાનીની વાત અહીં છે જ નહિ. અજ્ઞાનીને તો બધું ઝેર, ઝેર ને ઝેર છે. એ વ્રત કરે મિથ્યાદૃષ્ટિ ક્રિયા... કીધુંને અહીંયાં. .. અહીંયાં મિથ્યાદૃષ્ટિની વાત લીધી કે ક્રિયા અવલંબન લે છે આમાં ક્રિયા, આ વ્રત ને તપ ને આ કરીએ ને આ કરીએ ને આ કરીએ. એને માને કે પરંપરા મોક્ષ આમાંથી કાંઈક થાશે. મૂઢ છે કહે છે. આહા..હા..! એય..! વિમલચંદજી! આહા..હા..! લોકોને એવું લાગે છે કે આ જાણે ઘરનું કાઢ્યું, સોનગઢે કાઢ્યું. એમ કહે છે. ભાઈ! એમ નથી, બાપુ! આ શાસ્ત્ર પહેલાના પડ્યા છે કે આ અત્યારને છે આ? આ કહે છે જુઓને. '**કુમતિ બાહિજ દૃષ્ટિસૌં, બાહિજ ક્રિયા કરંત**' દયા પાળે ને વ્રત પાળે ને અપવાસ કરે... શું કહેવાય? સમ્મેદશિખરની જાત્રા કરે. '**માનૈ મોખ પરંપરા,**' આમાંથી નિશ્ચયસમ્યગ્દર્શન પરંપરાએ થશે. અહીં તો મોક્ષની વાત કરી છે, પણ મોક્ષમાર્ગ થશે એમ માને. 'મનમેં હરખ ધરન.' હરખ થાય. આહા..હા..! અમે બીજા નથી કરતા એવું કરીએ છીએ કે નહિ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .. ૯૯ જાત્રા કરે છે. એમ વ્રત પાળ્યા. અમે આટલા વર્ષ સુધી વ્રત પાળ્યા, આ હવે એની ઉજવણી કરો, આટલા વર્ષ સુધી તપસ્યા કરી, એકાંતરા કર્યા ને ફલાણું કર્યું ને ઢીંકણું કર્યું. '**સુદ્ધાતમ અનુભૌ કથા, કહૈ સમકિતી કોઈ,**' જો એને શુદ્ધાત્મ અનુભવ કથા. એ રાગ વિનાની આત્માની અનુભવની ક્રિયા એ જ મોક્ષનો માર્ગ છે એમ સમકિતી કોઈ કહે '**સો સુનિકૈં તાસૌં કહૈ, યહ સિવપંથ ન હોઈ.**' નહિ... નહિ... નહિ... સમજાણું કાંઈ? તમારી પ્રરૂપણા મિથ્યાત્વની પોષક છે. તમારી આ છે એમ બિચારા કરે. આહા..હા..! એ નાખ્યું છે. ૫૦મો કળશ છે સર્વવિશુદ્ધિનો. '**જિન્હકે દેહબુદ્ધિ ઘટ અંતર,...**' દેહની ક્રિયા હું કરું અને રાગની ક્રિયા મારી.

'**મુનિ-મુદ્રા ધરિ ક્રિયા પ્રવાંહનહિ. તે હિય અંધ બંધકે કરતા,...**' એ આંધળા બંધના કરનારા છે. '**પરમ તત્તકૌ ભેદ ન જાનહિ.**' આત્મા આનંદમૂર્તિ છે, વિકલ્પની ક્રિયા વિનાની ચીજ છે એની આંધળાને ખબર નથી. આહા..હા..! આંધળા છે કહે છે. '**ભેદ ન જાનહિ.**' આહા..હા..! '**જિન્હકે હિએ સુમતિકી કનિકા, બાહિજ ક્રિયા ભેષ પરમાનહિ.**' એને ભૂમિકા પ્રમાણમાં વિકલ્પ આવે, પણ એ જાણે છે કે આ ઝેર છે, હેય છે. આહા..હા..! '**તે સમકિતી મોખ મારગ મુખ, કરિ પ્રસ્થાન ભવસ્થિતિ ભાનહિ.**' ભવના સંસારની સ્થિતિને તોડી નાખે છે. આહા..હા..! આનંદમૂર્તિ પ્રભુ એનો જેણે આશ્રય લીધો અને જેને અતીન્દ્રિય આનંદના સ્વાદ આવ્યા સમગ્જ્ઞાન અને ચારિત્રમાં એની ભવસ્થિતિ ઘટી ગઈ, કહે છે. એને ભવ હવે રહેશે નહિ. આહા..હા..! એ છેલ્લું આવ્યું છેને.

'**આચારજ કહૈ જિન વચનકૌ વિસતાર, અગમ અપાર કહૈ કહૈંગે હમ કિતનૌ. બહુત બોલિબેસૌં ન મકસૂદ ચુપ્પ ભલી,**' મકસૂદ-મકસૂદ એટલે શું? ઈષ્ટ? ઈષ્ટ કર્યું છે. ઈષ્ટ. ઈષ્ટ-ભલું-ચુપ એમ. ચુપ રહેવું એ ઈષ્ટ છે, કહે છે. કેવી વાતું કેટલી કરવી? '**બોલિયે સુવચન પ્રયોજન હૈ જિતનૌ. નાનારૂપ જલપસૌં નાના વિકલપ ઉઠૈં, તાતૈં જેતૌ કારજ કથન ભલૌ તિતનૌ. સુદ્ધ પરમાતમકૌ અનુભૌ અભ્યાસ કીજૈ, યહૈ મોખ-પંથ પરમારથ હૈ ઈતનૌ.**' આખા સમયસાર અને બાર અંગનો આ પરમાર્થ છે. આહા..હા..! અરેરે! યોગ્ય વાત જ્યારે પકડી ન હોય અને અયોગ્ય પકડી હોય એનો નિર્વાહ કરવા માટે પછી મરી જાય બિચારા. આહા..હા..! શાસ્ત્રને ગોતે અને આ ગોતે, આમાં આમ છે અને આમાં આમ છે. આહા..હા..! પોતાની વાત પોષવા માટે વ્યવહારનું વર્ણન ક્યાંક કહ્યું હોય શાસ્ત્રમાં સમકિતીને એની વાત ગોતે. જુઓ એમાં છે, જુઓ એમાં આ રહ્યું. આહા..હા..! ફૂલચંદજી! આ તો શું કહેવાય છે? ફૂલ. ફૂલજરણીના ફૂલ કાંઈક કહે છેને. ઊંચી વસ્તુ. ઊંચી વસ્તુ નથી કહેતા? આહા..હા..!

જુઓને, '**નિવૃત્તિ,...**' આહા..હા..! રાગથી ઘટવું. પરને છોડું, દુકાન છોડું, આ છોડું... આ છોડું... એ તો છોડી દેશે એનું કાંઈ નહિ. આ તો રાગને ઘટાડવું. રાગથી નિવૃત્ત થવું એવો જે વિકલ્પ એ ઝેર છે, કહે છે. '**નિંદા,...**' છેને નીચે? '**આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.**' આત્માની સાક્ષીએ દોષનું પ્રગટ કરવું. આહા..હા..! એ પણ એક શુભભાવ છે, એ પણ એક ઝેર છે. આહા..હા..! કાંતિભાઈ! આવું ઝીણું. આહા..હા..! '**ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.**' ગુરુને કહે, આ મને પાપ લાગ્યું, આ મને આમ થયું, મારી વાત.. એ બધો શુભભાવ ઝેર છે, કહે છે. આહા..હા..! '**અને શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ કરવી તે.**' જુઓ, ભાઈ! અહીંયાં વિશુદ્ધિ શબ્દ પડ્યો છે. એઈ..! એ તો એમાં છેને. સમયસારમાં છેને. પહેલાના અર્થમાં છે. એ તો પહેલામાં હશે એ ભર્યું હશે. .. અર્થ લઈને વિશુદ્ધિ કર્યું છે આનું. એ ઓલામાં હશે. જયસેનાચાર્યમાં.

જયચંદ્ર પંડિત. વિશુદ્ધિ શબ્દમાં અહીંયાં એ શુભભાવ થયો છે. એ શુભભાવ તે ઝેર છે. સમયસાર છેને. એ શબ્દનો અર્થ... આહા..હા..!

આ તો શાંતિથી સત્યને શરણ કરવા જેવું છે. આહા..હા..! એમાં એને થઈ જાય કે કંટાળો આવી જાય કે હાય..હાય.. આવું! અરર! કરવું શું ત્યારે? એમ કહે. કરવું કીધુંને. ભગવાન શુદ્ધ ચૈતન્ય છે એનો અનુભવ કરવો અને એ અનુભવમાં ન રહી શકે ત્યારે આવો ભાવ એવે એ ઝેર છે. આહા..હા..! અરે! તું લક્ષમાં તો લે, ભાઈ! આવા માર્ગનું આ સ્વરૂપ છે. આહા..હા..! એ બહારથી નહિ મળે અને બહારના માણસો તને રાજી થશે. તું બીજાથી રાજી થા અને બીજા તને આવું સાંભળીને રાજી થાય, એથી શું? આહા..હા..! જગતને રૂડું દેખાડવા... આવે છેને શ્રીમદ્‌માં? અનંતવાર (પ્રયત્ન) કર્યો... આહા..હા..! પણ એથી રૂડું થયું નહિ. આહા..હા..!

'શુદ્ધિ...' એ શુદ્ધિ એટલે આ શુદ્ધિનો અર્થ. દોષ થતાં પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ એનું નામ શુદ્ધિ. **'એ આઠ પ્રકારનો વિષકુંભ છે.'** છે શેઠ ત્યાં? **'એ આઠ પ્રકારનો...'** એ શબ્દ છે? જુઓ, ઉપર-ઉપર. **'એ આઠ પ્રકારનો વિષકુંભ છે.'** એ આઠ પ્રકારના ઝેરનો કુંભ. કુંભનો અર્થ તો પાણી થાય છે. કુંભ પાણીનો ભરેલો હોય એને કુંભ કહેવાય, આ ઝેરના ભરેલાને કુંભ કહેવાય છે. આહા..હા..! કુંભનો અર્થ કુંભ છેને? કુંભ. કું-પાણી, ભ એટલે ભરેલું. આહા..હા..! અહીં તો ઝેરના ઘડાને કુંભ કહ્યો. આહા..હા..! કુંભ-ઝેર જેમાં ભર્યું છે. આહા..હા..! માર્ગની ભાઈ આ પ્રથા હતી નહિ એટલે લોકોને એવું લાગ્યું કે આ બધું નવું કાઢ્યું છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ. .. કરે છે. આહા..હા..! શું થાય? ભાઈ! તને સત્યના શરણે જવું કઠણ પડે અને અસત્યને શરણે જતાં તને લાભ થાય?

**'વળી, એવી રીતે શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં (૧૮૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

(वसंततिलका)

''यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।''

અમૃતચંદ્રાચાર્ય કહે છે કે '(અરે! ભાઈ,) **જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે,...'** આહા..હા..! જેને નિશ્ચય વસ્તુ પ્રગટી છે એને પણ જ્યાં શુભભાવને ઝેર કહ્યું, **'ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?'** એ અશુભભાવને તું માન કે આમાં ઉતરીને અમૃત

(થશે), એ અમૃત ક્યાંથી હોય? ભાઈ! સમજાણું કાંઈ? અમે તો શુભભાવને ઝેર કહીને, છોડાવીને અંદર જવા માટે કહીએ છીએ અને તું એને છોડીને નીચે ઉતરી જા અશુભભાવમાં. બાપુ! તને ન આવડ્યું લેતા. આહા..હા..! એમ કે શુભને ઝેર કહ્યું, તો હવે આપણે અશુભ કરો. અરે! એમ ક્યાં છે? બાપુ! એ તો શુભને ઝેર કહ્યું, એને છોડીને ઠરવામાં જા એમ કહ્યું છે. અને એને છોડીને તું અશુભમાં જા.. સમ્યગ્દષ્ટિની આ તો એક ઉપદેશની શૈલી તો એવી હોય કે અશુભમાં જા, વિષય-કષાય સેવીએ, ગમે તે કરીએ આપણે, શુભભાવ ઝેર છે ત્યારે પછી હવે આ કરીએ (એમાં) શું? આહા..હા..! ઓલા ચોપાનીયા છે. ભાઈ આવ્યા છે? હોલકર. નથી આવ્યા? રજનીશનું ચોપાનીયું આપ્યુંને તમને? કબાટમાં મૂક્યું. એમાં બહુ (આવ્યું છે) એમ કે ખૂબ હસો અને ખૂબ રોવો, પછી સમાધિ થઈ જશે. આવો માર્ગ તે ક્યાં...?

**શ્રોતા :-** કોક રોતું હોય મરી ગયું ત્યારે કહે છેને રોવા દ્યો... રોવા દ્યો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જુદી વાત છે. એ રોવા દે એને ભરાઈ ગયું બહુ એટલે મૂંઝવણ ટળે એ અપેક્ષાએ. ઓલી તીવ્ર મૂંઝવણની વાત. અહીં એમ કહે કે બસ ખૂબ હસો અને પછી પડો સમાધિ. ધૂળેય નહિ થાય. અહીં તો આવા શુભભાવ જ્ઞાનીના ઝેરમાં ઝેર કહ્યા એનાથી તને અમૃત થાશે? આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અન્યમતમાં તો સત્ય જ ક્યાં છે? વીતરાગ જૈનદર્શન સિવાય ક્યાંય સત્યનો અંશ ગંધ પણ નથી. બધા ગપેગપ માર્યા છે. આ તો જિનેન્દ્ર પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ (દ્વારા નિરૂપિત સત્ય છે). આહા..હા..! પામરના ત્યાં ગજા નથી. આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહા..હા..! અમે શુભ કરીએ છીએ કે નહિ? કાંઈક છે કે નહિ સારું? આહા..હા..! ભાઈ! જે ભાવ સંસારમાં પ્રવેશ કરાવે એને સારો કેમ કહેવો? આહા..હા..! એ પુણ્ય-પાપના અધિકારમાં છે સમયસારમાં. આહા..હા..! એ તો કુશીલ છે. શુભભાવ પણ કુશીલ છે. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને મુનિને જે વિકલ્પ આવે છે પંચમહાવ્રતનો એ સંસાર પંથ છે. એટલો પણ સંસાર તરફ જુકે છે. આહા..હા..! જેને અનુભવ છે, આત્મજ્ઞાન છે, ત્રણ કષાયના અભાવની ચારિત્રદશાના અમૃતના સ્વાદમાં પડ્યો છે. આહા..હા..! એને પણ એ મહાવ્રતનો વિકલ્પ ઉઠે એ જગપંથ છે, સંસારપંથ છે. આહા..હા..! ગજબ વાતું. અમરચંદભાઈ! આહા..હા..! ભાઈ! એટલો શુભરાગથી પુણ્ય બંધશે અને ભવ મળશે. એ ભવ કલંક છે. આહા..હા..! શુભભાવ સંયોગીભાવ છે, સંયોગીભાવથી સંયોગ મળશે. સ્વભાવ મળશે? આહા..હા..!

અરે! જ્યાં શુભભાવને ઝેર કહ્યું, વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહાર સ્મરણ એને ઝેર કહ્યું, **'ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?'** આહા..હા..! હજી અજ્ઞાનીને એમ થઈ જાય

કે શુભ તો ઝેર છે. હવે પડિક્કમણા ટાણે ફરવા જાવ. એ તો ઝેર કહે છે, આપણે ફરો. એ તો મોટું ઝેર છે. પોપટભાઈ! સાંજ-સવાર ફરેને જરી, માઈલ ફરે તો હવા આવે, હવા ખાય. હવા ખાવા નથી જતા? હવા ખાવા જાય છે.

**શ્રોતા** :- હિન્દીમાં સેર કરવા જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, હવા ખાવા જાય છે બહાર. ફલાણે ઠેકાણે એવા હોય છેને હવાના સ્થાન. આપણને બહુ ખબર નથી. શું એક ગામ છે ઓલું કાંઈક કીધું ડુંગર ઉપરનું.

**શ્રોતા** :- માથેરાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માથેરાનમાં કહે છે બહુ હાવા-પાણી (ચોખ્ખા). માથેરાન છેને માથેરાન. ધૂળેય નથી ત્યાં હવે. હવા ખાવી છેને તારે? આહા..હા..! અહીં કહે છે કે અમે તને જ્યારે શુભભાવને પણ ઝેર કહીને આગળ જવા માટે (ત્યાંથી) છોડાવીએ છીએ. અંદરમાં જવા માટે કહીએ એને ઠેકાણે તું એ મૂકીને પાપના ભાવમાં આવ એ શું કર્યું તેં આ? સમજાણું કાંઈ? અહીં તો બધાની નાડી પકડી છે.

'**ક્યાંથી હોય? તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?**' અરેરે! જીવો નીચે ઉતરતા-ઉતરતા પ્રમાદમાં કેમ વયા જાય છે? આ શું થયું? '**નિષ્પ્રમાદી થયા થકા...**' અરે..! શુભભાવને છોડીને નિષ્પ્રમાદી અંતર અપ્રમત્તદશા પ્રગટ કરીને '**ઊંચે ઊંચે કાં ચડતા નથી?**' આહા..હા..! એ શ્લોક.

'**વળી, (આ ૯૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**'

(मदाक्रांता)

आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं
ध्यानध्येयप्रमुखसुतपःकल्पनामात्ररम्यम्।
बुध्वा धीमान् सहजपरमानन्दपीयूषपूरे
निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे।।१२३।।

'**શ્લોકાર્થ :- આત્મધ્યાન સિવાયનું...**' આહા..હા..! આનંદકંદના નાથના ધ્યાન સિવાયનું, અંદર નિર્વિકલ્પપણે ધ્યાન સિવાયનું '**બીજું બધું ઘોર સંસારનું મૂળ છે,...**' એ પંચપરમેષ્ઠીનું સ્મરણ વગેરે કહે છે કે ઘોર સંસારનું મૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો દિગંબર મુનિઓ હતા. નાગા બાદશાહથી આઘા કહે છેને. એને કાંઈ જગતની પડી નહોતી કે આવું કહેશું તો આમાં સમાજને કેમ રુચશે અને કેમ થાશે? સમાજમાં ભાગ પડી જશે, ભાગલા પડી જશે. આહા..હા..! આ માર્ગ છે, ભાઈ! આહા..હા..!

**શ્રોતા** :- વધારે જગતની શું પરવાહ!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતે પોતાના સ્વભાવની જ વાત કરે છે એમાં પછી જગત

માને કે ન માને એની સાથે સંબંધ નથી. શાંતિનાથના સ્તવનમાં એ આવે છેને કે ભગવાને ઉપદેશ કર્યો મુનિસુવ્રત ભગવાને, પણ એનું ફળ આવ્યું કે નહિ એ બીજાને જણાણું નહિ. એ ન જોયું ભગવાને. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને, મુનિરાજ પણ કેટલું સ્પષ્ટ કરે છે! આત્મધ્યાન આનંદ પ્રભુ એને ધ્યેયમાં લઈને ધ્યાનમાં અંદર નિર્વિકલ્પ આનંદમાં રહેવું એ ધ્યાન સિવાયનું જેટલું શાસ્ત્રમાં વ્યવહારનું કથન આવે ચરણાનુયોગમાં એ બધો ભાવ સંસારનું મૂળ છે કહે છે. પાછું સંસાર ઘોર સંસારનું મૂળ. આહા..હા..! .. સમયસાર જગતમાં પ્રસિદ્ધ ... એવું આવે છે. પાછળ આવે છેને સમયસાર નાટકમાં. અને પાછળ .. આ સમયસાર નાટક ઘરે ઘરે આવ્યું છે. આહા..હા..! પ્રખ્યાત થઈ ગયું એમ કહે છે. રાજમલની કળશટીકા છેને એમાંથી આ સમયસાર નાટક બનાવ્યું છે. કળશટીકા છેને? 'પાંડે રાજમલ જિનધર્મી સમયસાર નાટક કે મર્મી, ઈન ગ્રંથકી ટીકા કીની બાલબોધ સુગમ કર દીની. ઈ વિધિ બોધ વચનિકા ફેલી સમય પાયા અધ્યાત્મ શૈલી, પ્રગટી જગમાંહી જિનવાણી ઘર ઘર નાટક કથા વખાણી.' લ્યો! ઘર ઘર પહોંચી ... કીધું જુઓ, વાણી, પુસ્તકો. સમજાણું? આહા..હા..! જગત વિખ્યાતા એમ આવે છેને કાંઈક? એ આવે છે. આહા..હા..! કહો, સમયસાર નાટક ઘરે ઘરે અધ્યાત્મ નાટક.

**શ્રોતા :-** રાજકોટમાં એક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ પ્રચાર થયો. સાદી ભાષા. 'ઘર ઘર કથા વખાણી.' હવે અહીં સમયસારનું જ્યાં દેવા જાય કે અરે! એ સમયસાર! અમારું કામ નથી. અરે! બાપુ! સત્ય વાતનું તારે કામ નથી શું છે? આહા..હા..! સમયસાર તો અનુભવની વાત કરે છે. આહા..હા..! આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એને અનુસરી થા, અનુભવ કર, ભાઈ! આહા..હા..! એ જ એક મોક્ષનો પંથ છે, બાકી બીજો પંથ છે નહિ. આહા..હા..! છે?

'**આત્મધ્યાન સિવાયનું...**' આહા..હા..! '**બીજું બધું...**' જેટલો શુભ વિકલ્પ ચરણાનુયોગમાં કહેવામાં આવ્યો છે, આ વ્રત અને આ વ્રતનો અતિચાર ને આ આમ કરવું ને આ આમ કરવું, એ બધા ભાવ સંસારનું મૂળ છે. આહા..હા..! '**(અને) ધ્યાન-ધ્યેયાદિ સુતપ...**' છે? આ ધ્યાન છે અને આ ધ્યેય આત્મા છે એવા વિકલ્પવાળું શુભ તપ એવો પણ શુભ વિકલ્પ એ '**કલ્પનામાત્ર રમ્ય છે;...**' આહા..હા..! આ ધ્યાન છે, પર્યાય ધ્યાન કરે છે, ધ્યેય આત્મા છે, ધ્યાતા આત્મા છે એવો જે વિકલ્પ છે એ પણ વ્યવહાર જે સુતપ કહ્યો એ '**કલ્પનામાત્ર રમ્ય છે;...**' આહા..હા..! ગજબ કથન છેને! સમજાણું કાંઈ? અંતરમાં જવા પહેલા જે આવું આવે કે આ તો ધ્યાન, આ ધ્યેય, આ ધ્યાતા.. છ ઢાળામાં આવે છેને. 'ધ્યાન ધ્યાતા ધ્યેયનું...' આહા..હા..! ત્યાં વળી એમ કહે કે એ તો સાતમા ગુણસ્થાનની વાત છે. અરે! શું કરે છે જીવ? પોતાની વાતને દૃઢ કરવા.

અહીં કહે છે '**ધ્યાન-ધ્યેયાદિક સુતપ...**' ભાષા જુઓ મુનિ. મુનિ હોય એને ધ્યાન-

ધ્યેયાદિનો વિકલ્પ ઉઠે એવો જે વ્યવહાર તપ. આહા..હા..! એ પણ વિકલ્પવાળું શુભ પણ કલ્પનામાત્ર રમ્ય છે. એ રમ્ય નથી, ઝેર છે. આહા..હા..! **'આવું જાણીને ધીમાન (બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા... '** આહા..હા..! સ્વભાવિક પરમાનંદરૂપી અમૃત. પીયૂષ એટલે અમૃત. પરમાનંદરૂપી અમૃતના પૂર એમાં ડૂબતા-લીન થતાં. આહા..હા..! ભાઈ! આ તો ઊંચી વાત છેને એમ કરીને કાઢી નાખે છે. એમ કરીને બચાવ કરે છે. ભાઈ! એમ ન કર, ભાઈ! તારી સ્થિતિ અંતરમાં ન જાય અને અનુભવ ન થાય ત્યાં સુધી ધર્મ નથી. આહા..હા..!

**'આવું જાણીને...'** એટલે? કે આત્માના ધ્યાન સિવાયનું જે બધું ઘોર સંસારનું મૂળ અને ધ્યાન-ધ્યેયાદિકના વિકલ્પો પણ એ કલ્પનામાત્ર રમ્ય (છે), એ રમવાલાયક નથી. આહા..હા..! **'આવું જાણીને ધીમાન...'** ધી એટલે બુદ્ધિવાળો **'સહજ પરમાનંદરૂપી પીયૂષ...'** પરમાનંદરૂપી અમૃતનો સાગર પ્રભુ. આહા..હા..! એના **'પૂરમાં ડૂબતા...'** એ આનંદના પૂરમાં લીન થતાં. આહા..હા..! ભાષા તો જુઓ! એનું વાચ્ય શું પાછળ છે જોયું! આહા..હા..! ભાઈ! શુભરાગ અને શુભવિકલ્પ એ તો ઝેરના ઘડા કીધા. એટલે કે એને છોડીને .. આહા..હા..! **'પરમાનંદરૂપી પીયૂષ...'** પરમાનંદરૂપી અમૃત એનું પૂર. પરમાનંદનું પૂર અંદર એકાગ્ર (થાય) તે પૂર આવ્યું કહે છે. આહા..હા..! પાણીનું પૂર આવે છેને જેમ? બાઢ-પૂર.

**'એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે.'** આહા..હા..! સહજાત્મસ્વરૂપ ભગવાન આત્મા ધીમાન પુરુષો-બુદ્ધિવાળા આત્માઓ એમ કહે છે. આહા..હા..! સ્વભાવિક પરમાનંદરૂપી અમૃતના પૂરમાં લીન થતા એવા સહજ પરમાત્માનો એકનો જ આશ્રય કરે છે, વ્યવહારનો આશ્રય કરતા નથી. આહા..હા..! કેવી કળશટીકા! જુઓ તો ખરા! આહા..હા..! શુભભાવ અને શુભ તપ જે વ્યવહારનું જે શુભ તપ એ પણ ઝેર છે. ભગવાન આત્મા અમૃતનો પૂર છે ઈ એમાં ડૂબી જાય છે. આહા..હા..! એટલે લીન થાય છે. આહા..હા..! **'એવા સહજ પરમાત્માનો...'** એવો જે સહજ પરમાત્મા અમૃતથી ભરેલો ભગવાન. આહા..હા..! એ **'એકનો જ આશ્રય કરે છે.'** ધર્મી તો એકનો જ આશ્રય કરે છે અંદરથી. આહા..હા..! વ્યવહારનો આશ્રય આવે પણ એ તો ઝેર છે. આહા..હા..! અને એનું ફળ સંસાર છે. એને પણ ભવમાં લઈ જાય ખેંચીને એ ભાવ. આહા..હા..! સંયોગીભાવ સંયોગી સંસારની દશાને ઉત્પન્ન કરશે. આહા..હા..! હવે એ કહે છે કે વ્યવહાર કરે છે તો એ વ્યવહાર કરતા એટલો સાધુ નવરો થઈને માળા જ ગણે બસ. આ નથી ઉત્તમ? પણ શેની માળા એને? દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. આ ક્રિયાકર્મથી ધર્મ છે (એમ માને છે). આહા..હા..! માણસની સાથે મેળ ખાવો, સંપ્રદાયનો પ્રવાહ જે છે એની સાથે મેળ ખાવો કઠણ પડે, ભાઈ!

એકનો જ આશ્રય કરે. જોયું! સહજ પરમાત્મસ્વરૂપ ધ્રુવસ્વરૂપ એવા ભગવાન આત્માનો

એકનો જ બુદ્ધિમાન આશ્રય કરે છે. એને બુદ્ધિમાન કહીએ. આહા..હા..! ભલે જાણપણું ઓછું-વત્તું હોય એની સાથે સંબંધ નથી. એને ધીમાન કહીએ, બુદ્ધિમાન કહીએ કે એક સહજ પરમાત્માના સ્વરૂપનો જ આશ્રય લે છે બસ. આહા..હા..! જેમાં દેવ, ગુરુ અને શાસ્ત્રનો પણ આશ્રય નહિ. આહા..હા..! પરદ્રવ્યનો આશ્રય નહિ. એ બુદ્ધિમાન કહેવામાં આવે છે, કહે છે. આહા..હા..! એને જાણ્યું ને એને ઓળખ્યું અને એ ઠર્યો. આહા..હા..! વિશેષ કહેશે લ્યો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૧૧, બુધવાર, તા. ૦૧-૧૦-૧૯૭૫, કળશ-૧૨૪, ગાથા-૯૩, પ્રવચન નં. ૪૯

... ખરેખર પરથી ખસી અને સ્વરૂપમાં સ્થિર થવું એનું નામ પ્રતિક્રમણ. સાચું પ્રતિક્રમણ એ છે. ૯૩.

झाणणिलीणो साहू परिचागं कुणइ सव्वदोसाणं
तम्हा दु जाणमेव हि सव्वदिचारस्स पडिकमणं।।९३।।

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને,**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.**

‘**ટીકા :- અહીં (આ ગાથામાં), ધ્યાન એક ઉપાદેય છે એમ કહ્યું છે.**’ ઉપાદેય નામ ધ્યાન કરવાલાયક છે. આહા..હા..! વિકલ્પ આદિ છોડી અને સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ આહા..હા..! અતીન્દ્રિય આનંદનો રસકંદ એનું ધ્યાન કરવા જેવું છે. ચારેકોરથી વૃત્તિને સમેટીને પરિણતિને દ્રવ્ય ઉપર જોડાવાની છે. આહા..હા..! એમ કહે છે. ‘**જે કોઈ પરમજિનયોગીશ્વર...**’ કાલે તો આવી ગયું હતું બધું (કે) શુભભાવ ઝેર છે વિષકુંભ. આવ્યું હતુંને. બધું ઝેર છે ઝેર. આહા..હા..! ભાઈ! આ તો આત્માનું જેને કલ્યાણ કરવાનું છે એની વાત છેને. પ્રભુ આત્મા આનંદનો, અતીન્દ્રિય આનંદનું ધામ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું સ્થાન છે. આહા..હા..! એનું ધ્યાન એને ધ્યેય બનાવી એમાં લીન થવું. વિકલ્પો આદિ બધા છે એ વ્યવહારને છોડી દઈને. આહા..હા..! આવી વસ્તુ છે.

‘**જે કોઈ પરમજિનયોગીશ્વર...**’ ચારિત્રસહિતનું કથન અહીં કહેવું છેને. પરમજિનયોગીશ્વર, પરમજિનયોગીશ્વર. યોગ ઈશ્વર. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ પણ જિનયોગી છે. આહા..હા..! જેણે વર્તમાન પરિણતિ-દશાને ધ્રુવ તરફ ઢાળી છે, ધ્રુવ તરફ વાળી છે. આહા..હા..! કેમકે પર્યાયનું જ્ઞાન તો અનાદિથી (કરે છે), ભેદનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન તો અનાદિથી છે. સ્વામી

કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યુંને? સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં ન કહ્યું? ઓલો મોટો લેખ છે ધર્મનો. એમ કે પર્યાય છે, રાગ છે, આ ભેદ છે. મતિ આદિ, શ્રુત આદિ એવી પર્યાયો છે. એવા ભેદ તો અનાદિથી માન્યા છે. એમાં એકરૂપ ત્રિકાળ વસ્તુ ક્યાં માની? કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોજૂદ છે. જોતો નથી, ... નથી. આહા..હા..!

એકરૂપ ત્રિકાળ. પર્યાયબુદ્ધિ છોડાવીને પર્યાયને ત્રિકાળમાં વાળવાની વાત કરી છે. આહા..હા..! આવી ઝીણી વાતું બહુ. માણસને તેથી એમ લાગે કે આ બધું એકાંત છે. પણ બાપુ! સમ્યક્ એકાંત જ છે આ. સમજાણું કાંઈ? પહેલું શ્રદ્ધામાં તો લે. આહા..હા..! જ્ઞાનમાં તેનો વાસ્તવિક નિર્ણય તો કર. આહા..હા..! ભલે વિકલ્પસહિત નિર્ણય, પણ એ ત્રિકાળી જ્ઞાયકભાવનું ધ્યાન તે જ મોક્ષનો માર્ગ અને ઉપાય છે બીજો નહિ. આહા..હા..! આ ક્રિયાકાંડ આ કરું ને આ કરું, વ્રત ને તપ એ બધા વિકલ્પો છે. આહા..હા..! એ તો આર્તધ્યાન છે. આહા..હા..! જ્યાં ઢિંગ ધણી ધ્રુવ પડ્યો છે આખો અંદર એની પાસે જાને, ભાઈ! એને સમીપ કર. એને દૂર તેં કર્યો છે અનાદિથી તે હવે સમીપ કર. આ એમ કહે છે. આહા..હા..!

પર્યાયના અંશમાં બુદ્ધિ હોવાથી અને રાગના પુણ્યાદિના વિકલ્પમાં બુદ્ધિ હોવાથી, ભગવાન ધ્યાનનો વિષય એવી જે દ્રવ્ય ચીજ તેને તેં દૂર કરી દીધી છે. આહા..હા..! અને જે ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એને દૃષ્ટિમાં સમીપ લાવવો જોઈએ એ લાવ્યો નથી તું. દૃષ્ટિ પણ આત્માનું એક ધ્યાન છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' આવ્યુંને ૪૭ ગાથા, દ્રવ્યસંગ્રહ. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' ધ્યાનમાં મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે, એમ કહ્યું છે. આહા..હા..! ભગવાન આત્મા,.. કહે છે કે '**પરમજિનયોગીશ્વર...**' મુનિ લેવો છેને. પરમ વીતરાગરૂપી યોગમાં ઈશ્વર છે. આહા..હા..! મુનિ. અરે! મુનિ કોને કહેવા, બાપુ! મુનિપણું અલૌકિક વાત છે. આહા..હા..! અત્યારે આ મનાઈ ગયું છે બહારમાં. બહારની ક્રિયાકાંડ અને આ નગ્નપણા અને આ વ્રત ને... ભાઈ! એ તો અનંતવાર કર્યું, બાપુ! એ કાંઈ ચીજ નવી નથી. આહા..હા..!

'**પરમજિનયોગીશ્વર...**' એટલા શબ્દ વાપર્યા છેને? પરમ જિનનો યોગ, જેણે પૂર્ણાનંદનો યોગ કર્યો છે. એમાં પણ ઈશ્વર છે. સમજાય છે કાંઈ? વસ્તુ ધ્રુવ ચૈતન્ય ભગવાન એનો યોગ—જોડાણ કર્યું છે સમ્યગ્દૃષ્ટિએ પણ, પણ એ જઘન્ય કર્યું છે, પરમ નહિ. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! અરે..!

આ જગતની વાતું સાંભળીએ ત્યાં તો એમ થાય કે આ શું થયું બિચારાને? ઓલો બિચારો ગરાસિયો મરી ગયોને. એ તો બધું .. ગોળીયું ખાધી. ઉંઘની-ઉંઘની લેતા હશેને. એ વધારે ખાધી. દસ વાગ્યા સુધી જીવતો હતો અસાધ્ય. જગાડ્યો તો ફીણ. મોઢે ફીણ

વળી ગયેલા. ૩૫ વર્ષનો જુવાન ગરાસીયો. કોક તો કહે બારસોનો પગાર હતો. ભાવનગર જાતો. ભાવનગર બેંક હો. ભાઈ કહે, અમે સાથે જતા એનો નાનો ભાઈ. અહીં રહેતો હશે. ... અરે! આ સંસાર આવો. કોની સામું જોવું ભાઈ તારે? ૩૫ વર્ષનો જુવાન નરમ માણસ હતો. મોટરમાં જાય અને ઘરે આવે બસ. બીજે ક્યાંય જાવું નહિ. આહા..હા..! એ આ ગોળીયું ખાઈને સૂતો. ક્યારે ખાધી હશે? ૧૦ વાગે ઉઠાડ્યો ત્યાં અસાધ્ય. મોઢામાં ફીણ. આહા..હા..! અરે! ભાઈ! તેં આવું અનંતવાર કર્યું, બાપુ! આહા..હા..! પછી ત્યાં મરી ગયો ભાવનગર હોસ્પિટલમાં. આહા..હા..! અરે..! તેં ગળા ફાંસો. અહીં એકવાર અહીં ગળા ફાંસો ખાને. વિકલ્પ અને નિર્વિકલ્પદશા વચ્ચે માર.. આહા..હા..! પ્રજ્ઞાછીણી. આહા..હા..! રાગનો ભાગ અને પર્યાય ઉપરનું લક્ષ છોડી દે, એમ કહે છે અહીં તો. એ લક્ષ પર્યાયનું દ્રવ્ય ઉપર ઢાળી દે. જે પર્યાય પર ઉપર લક્ષ છે એ તો એમ જ રહેશે. આહા..હા..! ભાઈ! તારું કર્તવ્ય તો આ છે. જન્મ-મરણને મૂકાવાનો રસ્તો તો આ છે. અરે! ક્યાંય શરણ નથી, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે.. ભાષા તો જુઓ! સંત-સાધુ કેવા હોય? આહા..હા..! જેણે પરમ વીતરાગમાં યોગ જોડી દીધો છે એમાં પણ ઈશ્વર હોય. આહા..હા..!

**શ્રોતા :-** (થોડો યોગી તો છેને?)

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થોડા યોગી છે, પણ આ પરમજિનયોગીશ્વર નહિ. સ્વરૂપમાં એકાગ્રતા છે એટલો તો યોગી સમકિતી છે. આહા..હા..! અહીં તો સાધુની ઉત્કૃષ્ટ દશાનું વર્ણન કરવું છેને.

'**પરમજિનયોગીશ્વર...**' કેટલા શબ્દો વાપર્યા છે. એવો '**સાધુ...**' આહા..હા..! '**અતિ-આસન્નભવ્ય જીવ,...**' અલ્પકાળમાં જેને મુક્તિ છે, સંસારના અંત છે. આહા..હા..! અલ્પકાળમાં જે સંસારનો દરિયો ઓળંગી જશે. ઉદયભાવને. ઉદયભાવ એ સંસાર છેને. આહા..હા..! '**અધ્યાત્મભાષાએ...**' અધ્યાત્મભાષાએ '**પૂર્વોક્ત સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો...**' આહા..હા..! પૂર્વે કહ્યો એવો સહજ પરમાત્મા. આહા..હા..! આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે એમ કહ્યું હતુંને. આહા..હા..! તારો ભગવાન પરમાત્મ નિજસ્વરૂપ, સહજ પરમાત્મસ્વરૂપ છે. ત્યાં છેલ્લું આ આવ્યું હતું. એનો એકનો આશ્રય કર એમ આવ્યું હતુંને કળશમાં? એકનો જ આશ્રય કર. પૂર્ણાનંદ પ્રભુ. આહા..હા..! એ જ્ઞાયકભાવ, આનંદભાવ, શાંતભાવ, વીતરાગભાવ, સ્વચ્છભાવ. આહા..હા..! પ્રભુત્વભાવ, ઈશ્વરભાવ. પોતે ઈશ્વર સ્વરૂપે ભગવાન છે. આહા..હા..! એવા ઈશ્વરસ્વરૂપમાં એનો જ આશ્રય કર એકનો. આહા..હા..! પર્યાયનો આશ્રય છોડાવ્યો છે, પર્યાય નથી એમ નહિ. સમજાય છે કાંઈ?

પર્યાયને અસત્યાર્થ કીધી. ૧૧મી ગાથા '**भूदत्थमस्सिदो खलु**' ઓહો..! ભૂતાર્થ જે

ભગવાન ત્રિકાળ એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! પંચપરમેષ્ઠીનો આશ્રય કરવાથી નહિ, વ્યવહારનયનો વિકલ્પ એનો આશ્રય કરવાથી નહિ. એક સમયની પર્યાયનો આશ્રય કરવાથી પણ નહિ. આહા..હા..! આકરું. કો'ક છે શિવ.. ઘણું લખ્યું છે. આ શું પણ આવું અધ્યાત્મ ભાષામાં. નહિતર શાસ્ત્ર તો કહે દ્રવ્ય, ગુણ અને પર્યાય થઈને આત્મા છે. તો એ આત્મા એને ત્રણને માનવો તો સમ્યક્ કહેવાય કે એકમાં દ્રવ્યને માનો તો...? આહા..હા..! ભાઈ! એ પર્યાયને ગૌણ કરીને પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો છે. આહા..હા..! પર્યાય આવી ગઈ એમાં, પણ એના વિષયમાં ન આવી. વિષય તો દ્રવ્ય રહે ધ્રુવ. આહા..હા..! એ ધ્રુવ જેણે જાણ્યું એ પર્યાય તો આવી ગઈ એમાં. એના વિષયમાં ન આવે, પણ વિષય કરનારી પર્યાય આવી. જેને અસત્યાર્થ કીધી હતી એ અસત્યાર્થ પર્યાયે સત્યનો આશ્રય લીધો. એટલે કે છે પર્યાય. ગૌણ કરીને અસત્યાર્થ કીધી હતી. આહા..હા..! બહુ માર્ગ (સૂક્ષ્મ).

હમણા ઓલા બિચારા ગયાને, ..વાળા નહિ? ડોસા હતા. ..વાળા નહોતા? સ્થાનકવાસી છે. આવે છે ઘણી વખતે. સાંભળીએ છીએ પણ હજી પકડાતું નથી. પકડાતું નથી એટલે ઓલો અનુભવ.. એમ. આ વાત તો બરાબર છે. ભાઈ! એનો પ્રયત્ન જોઈએને. આહા..હા..! કાલે ગયા ..નથી? સ્થાનકવાસી છે. અહીં બેસતા.

પહેલું આ, આ વસ્તુ આમ છે એ જણાતી નથી એવો નિર્ણય કોણે કર્યો? એ જડે નિર્ણય કર્યો? વિકલ્પે નિર્ણય કર્યો? એ તો જ્ઞાને નિર્ણય કર્યો કે હું જણાતો નથી. એ જ જણાણો એમાં. સમજાય છે કાંઈ? આહા..હા..! આ બધા હાડકા ને ચામડા ને આ બધા તો ધૂળ છે સ્મશાનની રાખ. આહા..હા..! એનો તો આશ્રય કરવા જેવો નથી, પણ અંદરમાં દયા, દાનનો વિકલ્પ ઉઠે એનો પણ આશ્રય કરવા જેવો નથી. આહા..હા..! અરે! એક સમયની પર્યાય પણ વર્તે છે, છે. એકકોર દ્રવ્ય છે અને એકકોર પર્યાય, બેય છે, પણ પર્યાયને અંદરમાં દ્રવ્ય તરફમાં ઢાળવી એ ધ્યાન તે કરવા જેવું છે. આહા..હા..!

નિહાલભાઈ કહે છેને કેટલીક વાતુ, બહુ આઘે જાય છે એટલે. પર્યાય મેરા ધ્યાન કરે તો કરો, મૈં કિસકા ધ્યાન કરું? આહા..હા..! એ જાણે છે કોણ? પર્યાય મેરા ધ્યાન કરે તો કરો. એ કોણ જાણે? ધ્રુવ જાણે છે? આહા..હા..! એ પર્યાય છે તે મારું ધ્યાન કરો તો કરો મૈં કિસકા કરું? આહા..હા..! હું તો ધ્રુવ છું. એ અહીં (કહે છે). વાત એવી છે. દીધું છેને પુસ્તક તમને? નિહાલભાઈનું. ઓહો..હો..!

'**પૂર્વોક્ત...**' પૂર્વે કહ્યો એવો પરમાત્મસ્વભાવ ત્રિકાળ કારણપરમાત્મા, કારણજીવ, ધ્રુવજીવ એ '**સ્વાત્માશ્રિત...**' એ સ્વ એવો જે આત્મા એને આશ્રિત '**નિશ્ચયધર્મધ્યાનમાં...**' આહા..હા..! સ્વ-આશ્રિત ધર્મધ્યાન જુઓ, સ્વ. સ્વ જે શુદ્ધ ચૈતન્યઘન કારણપ્રભુ. અરે..! વાત કઠણ પડે માણસને. એટલે આ લોકોને એવું થઈ ગયું છેને કે આવું કાઢે તો પછી વ્યવહાર નહિ રહે. પણ સાંભળને હવે વ્યવહાર ન રહે તો જાશે અંદર. આહા..હા..! પર્યાય

પોતે વ્યવહાર છે. આ ધર્મધ્યાનની પર્યાય પોતે વ્યવહાર છે. ઓલો રાગ તો ક્યાંય ગયો આઘો. તારા વ્યવહારના આચરણ વ્રતના અને તપના. અરે ભગવાન! બહુ આકરું લાગે ભાઈ તને. આહા..હા..! બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! તારે આ પ્રમાણે શરણ કરવું પડશે. આહા..હા..!

**'સ્વાત્માશ્રિત...'** દેવ, ગુરુનું નહિ, પ્રતિમાનું નહિ, બીજું ધ્યાન નહિ, કહે છે. આહા..હા..! **'સ્વાત્માશ્રિત...'** સ્વ આત્મા એટલે કારણપરમાત્મા ત્રિકાળ... આહા..હા..! એને આશ્રિત એ પર્યાય થઈ. **'નિશ્ચયધર્મધ્યાનમાં...'** છે? આહા..હા..! બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ. આહા..હા..! આહા..હા..! બોધપાહુડ નહિ? ૬૧મી ગાથા, બોધપાહુડ. એમ કે આ શબ્દ પુદ્ગલનો વિકાર છે. આવે છેને ભાઈ? દિવ્યધ્વનિ.. ૬૧મી. છેલ્લી ૬૨મી છે. પણ ૬૧મી ગાથામાં... બોધપાહુડ છેને? (અષ્ટપાહુડ). આહા..હા..! **'सद्दविचारो हूओ'** એવો શબ્દ છે. શબ્દ એ પુદ્ગલનો વિકાર છે પર્યાય. એવી દિવ્યધ્વનિ તે શબ્દનો વિકાર છે, કહે છે. સમજાણું કાંઈ? એ શબ્દનો વિકાર પુદ્ગલ જિનવાણી તે. શેઠ! આ નિયમસાર છેને? અષ્ટપાહુડ. **'सद्दविचारो हूओ'** આહા..હા..! **'શબ્દના વિકારથી ઉપજેલા આ પ્રકારે અક્ષરરૂપે પરિણમેલ ભાષાસૂત્રોમાં જિનદેવે કહ્યું...'** નિમિત્તથી. જિનદેવની વાણી પુદ્ગલનો વિકાર છે, એમ કહે છે. શેઠ! આ તમારા... માં છેને પુસ્તકો સાગરમાં, નહિ?

અહીં તો ભગવાનની વાણી દિવ્યધ્વનિ તે **'શબ્દના વિકારથી ઉપજેલા આ પ્રકારે અક્ષરરૂપે પરિણમેલ ભાષાસૂત્રોમાં જિનદેવે કહ્યું...'** આહા..હા..! **'તે શ્રવણમાં અક્ષરરૂપ આવ્યું અને જેવું જિનદેવે કહ્યું તેવું જ પરંપરાથી ભદ્રબાહુ નામના પાંચમા શ્રુતકેવળીએ જાણ્યું...'** એમ હું કહું છું, એમ કહે છે. આહા..હા..! અને ઓલામાં આવ્યુંને, પ્રવચનસાર ૩૪ ગાથા નહિ? 'सुत्तं' 'सुत्तं' શબ્દો એ શ્રુત છે, એ ઉપાધિ છે શ્રુતજ્ઞાનમાં. 'सुत्तं' શબ્દ છેને? ૩૪મી ગાથા પ્રવચનસાર. એ 'सुत्तं' જે છે શબ્દો એનું જે જ્ઞાન અહીં થાય એનું નામ શ્રુતજ્ઞાન કહેવાય. એ શબ્દો તો ઉપાધિ છે જ્ઞાનમાં. આહા..હા..! એય..! આ વાત ક્યાં લોકોને.. સમજાણું? **'सुत्तं जिणोवदिट्ठं'** સૂત્ર તે જિનેશ્વરે કહ્યું. **'पोग्गलदव्वप्पगेहिं वयणेहिं'** પુદ્ગલદ્રવ્યની પર્યાય દ્વારા એ છે. ૩૪ છે.

**પુદ્ગલસ્વરૂપ વચનોથી જિન-ઉપદિષ્ટ જે તે સૂત્ર છે;**
**છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.**

એ સૂત્ર તો જડ છે, પુદ્ગલની પર્યાય છે. આહા..હા..! એ ઉપાધિ કાઢી નાખીને જ્ઞાન કર તું કે આ શું કહેવા માગે છે. આહા..હા..!

**શ્રોતા :-** કોઈ અવલંબન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ અવલંબન છે નહિ. એ માટે તો.. શોભાલાલજી! આ શબ્દ

એમ .. સૂત્રનું આલંબન હતું એ કાઢી નાખ્યું, એમ કહે છે. મૂર્તિનું અવલંબન ક્યાંય ગયું, પણ હવે શાસ્ત્રનું અવલંબન પણ નહિ, એમ કહે છે. એ જડ છે પુદ્ગલની પર્યાય. દિવ્યધ્વનિ પુદ્ગલની પર્યાય, શબ્દનો વિકાર. પુદ્ગલની પર્યાય શબ્દ વિકાર. આહા..હા..! એમાં જે કહેવા માગે છે તે ભાવનું જ્ઞાન કર. એ શબ્દ નહિ, જડ છે એ તો. આહા..હા..!

આમાં એ કહ્યું જુઓ, '**પ્રથમ તો શ્રુત એટલે સૂત્ર; અને સૂત્ર એટલે ભગવાન અર્હત્-સર્વજ્ઞે સ્વયં જાણીને ઉપદેશેલું, સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું, પૌદ્ગલિક શબ્દબ્રહ્મ.**' એ તો પૌદ્ગલિક શબ્દબ્રહ્મ છે વીતરાગની વાણી. આહા..હા..! '**તેની જ્ઞપ્તિ તે જ્ઞાન છે;...**' તે જે કહેવા માગે છે એનું અહીં જ્ઞાન કરે પોતામાં તે જ્ઞાન છે. એ પુદ્ગલની પર્યાય તો ઉપાધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તમારે ત્યાં કહે છે ઓલા ચંપાલાલજી કે શબ્દમાં તો જ્ઞાન ભર્યું છે. મૂર્તિમાં ક્યાં જ્ઞાન છે? બેય ખોટી વાત છે. એ તો પુદ્ગલની પર્યાય, પુદ્ગલના ભાવ ભર્યા છે એમાં. આહા..હા..! પણ જો એ પુદ્ગલમાં સ્વપર કહેવાની શક્તિ પુદ્ગલમાં-જડમાં છે એનું અહીંયા જ્ઞાન કરે, પોતાથી જ્ઞાન કરે તો એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે. બહુ લાંબુ છે. જુઓ, '**શ્રુત (સૂત્ર) તો તેનું કારણ હોવાથી...**' શબ્દો તો. '**જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે...**' શાસ્ત્રને. '**(જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ). આમ હોવાથી એમ ફલિત થાય છે કે સૂત્રની જ્ઞપ્તિ તે શ્રુતજ્ઞાન છે. હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે...**' એ શબ્દો તો ઉપાધિ છે, એ તો જડની પર્યાય છે. આહા..હા..! આવી ચોખવટ એ દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. બધે ગડબડ... ગડબડ... ગડબડ... કરી નાખી છે. આહા..હા..! વસ્તુની સ્થિતિ છે, ભાઈ! તારું શરણ... આહા..હા..!

ત્રિલોકનો નાથ ધ્રુવ આનંદકંદ પ્રભુ એના આશ્રિતથી જે ધ્યાન થાય તેને નિશ્ચયધર્મધ્યાન અને પ્રતિક્રમણ કહે છે. આહા..હા..! પૌદ્ગલિક શબ્દબ્રહ્મ ભાષા કરી. ત્યાં એમ કહ્યું કે શબ્દ વિકાર. ૬૧ ગાથામાં. શબ્દ વિકાર. આહા..હા..! અરે! ભગવાનની વાણી છેને? એ ભગવાનની વાણી નથી, એ પુદ્ગલની વાણી છે. એ તો ભગવાન નિમિત્તથી કહેવામાં આવે છે. આહા..હા..! એ ઘણો લાંબો અધિકાર છે. '**નિશ્ચયથી જ્ઞપ્તિ કાંઈ પૌદ્ગલિક સૂત્રની નથી, આત્માની છે;...**' એ આત્મા ત્રિકાળ છે તેનું જ્ઞાન કર્યું એ સૂત્રજ્ઞાન પોતાનું છે. એમાંથી નથી આવ્યું. વાણીમાંથી જ્ઞાન કર્યું એમાં નથી આવ્યું, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! ઝોલા ખાય છે વખતે. ઘણા વખતે. અત્યારે અહીં.. રાતે જાય અને અહીં ઝોલા (ખાય). ઘરે સાંભળવામાં ઝોલા. મોટી અશાતના કરે છે શાસ્ત્રની. દરવખતે ઝોલા ખાય. અમારે જીવરાજજી બહુ કહે. ત્યાં બેસીને ઝોલા જ ખાય છે. તો પછી અહીં ન બેસવું સાંભળવા. આવું સાંભળવા ટાણે આવા ઝોલા! મોટો અવિનય (થાય છે અને) શાસ્ત્રનું પાપ બાંધે છે. સમજાણું કાંઈ? ઓલા ઘી લેવા જાય ત્યાં જાગૃત રહે. ઘીનો વેપાર કરે

છે હમણા. એ જાય છે ગામડામાં ઘી દેવા. પછી અહીં ઘી ડબા લાવીને મોકલે બીજે. કર્યા કરે છે હમણા. કીધું આ લપ ક્યાં ખોસ્યું તમે અત્યારે? ૭૧ વર્ષે? અહીં ઝોલા ખાય છે. અરે! જગત શું કરે છે જીવ અનાદિથી? આમ ને આમ કાળ ગાળ્યો છે અનંતકાળ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'માટે જો સૂત્રને ન ગણીએ તો જ્ઞપ્તિ બાકી રહી જાય છે;...'** એથી એટલે કે જ્ઞાયકસ્વરૂપ છે તેને આશ્રયે જે જ્ઞાન થયું તે જ્ઞાન છે. સૂત્રને આશ્રયે જ્ઞાન થયું એ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞપ્તિ રહી જાય એ જ્ઞાન. આ બે દાખલા આપ્યા. ૩૪મી ગાથા પ્રવચનસારની અને બોધપાહુડની ૬૧મી ગાથા. વીતરાગની વાણી એ પુદ્ગલનો વિકાર છે. આહા..હા..! મૂર્તિ જેમ પુદ્ગલની છે, પુદ્ગલના વિકારની મૂર્તિ છે, એમ વાણી પુદ્ગલનો વિકાર છે. આહા..હા..! એક પરમાણુ છે એ વિકાર વિનાની ચીજ છે, પણ વાણી છે એ તો પુદ્ગલનો વિકાર થયો, વિભાવપર્યાય થઈ. અરેરે! એને આત્મા શું છે? ભાઈ! એમ કહીને એમ કહે છે કે એને ઉપાધિ કાઢીને અહીંથી એનું લક્ષ છોડી દે. આહા..હા..! સૂત્ર છે એ પુદ્ગલની પર્યાય છે એનું લક્ષ છોડી દે તો તને જ્ઞાયકની જ્ઞપ્તિ પર્યાય થશે. આહા..હા..! ગજબ વાત! સમજાણું કાંઈ? શું શૈલી! સત્‌ને પહોંચાડી દેવાની શૈલી! આહા..હા..! અરેરે! આવા બાળમરણો અનંત કર્યા એણે, ભાઈ! સાધુ થયો દ્રવ્યલિંગી, પંચમહાવ્રત લીધા, પાળ્યા, પણ એ બાળમરણે મર્યા. મિથ્યાભ્રાંતિ, જેને આત્માનું દર્શન શું છે એની ખબર નથી. જેમાંથી જ્ઞાનનો પ્રવાહ વહે છે એ કોણ છે? એ સૂત્રમાંથી નથી જ્ઞાન આવતું એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધારણ માણસને તો એવું લાગે કે આ બધું વ્યવહાર ઉથાપાઈ જાય છે, પાગલ જેવી વાતું લાગે. લાગે પણ શું થાય? અરેરે! એકકોર ત્યાં કીધું કે સર્વજ્ઞની વાણી છે માટે પૂજ્ય છે. કળશ બીજો. કળશ બીજામાં અર્થ કર્યો. પણ વ્યવહારથી કહ્યું. વિકલ્પ આવે એટલે બહુમાન થાય, એમ. પણ વસ્તુસ્થિતિ... આહા..હા..!

**'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનમાં...'** આ આશ્રિત શબ્દ વાપર્યો છે જુઓ, જેમ ત્યાં **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** પણ ત્યાં તો એમ કહ્યું કે ભૂતાર્થ તે જ શુદ્ધનય છે. નય અને નયનો વિષય જ્યાં ભેદ નથી. આહા..હા..! ત્રિકાળી સત્યાર્થ વસ્તુ છે એ જ શુદ્ધનય છે. **'भूदत्थो देसिदो दु सुद्धणओ।'** બીજું પદ છે. વ્યવહાર તે અભૂતાર્થ. અભૂતાર્થનો અર્થ પર્યાયને ગૌણ કરીને તેને નથી એમ કહેવામાં આવ્યું. પર્યાય નથી એમ નહિ, પણ આશ્રય કરવા માટે એ છે નહિ એની. એથી જેનો આશ્રય કરવાથી પ્રયોજન સિદ્ધ થાય છે.. સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ એ ચારિત્ર એ પ્રયોજન દ્રવ્યને આશ્રયે સિદ્ધ થાય છે. એ માટે પ્રયોજન સિદ્ધ થવાની ચીજને મુખ્ય ગણીને તેને નિશ્ચય કહ્યો. આહા..હા..! અને પર્યાયાદિને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો. આહા..હા..! અરે! આવું શીખવું પડે ભારે, ભાઈ! સંસારનું અમારું ઝટ દઈને શીખે અને એય.. ચાલ્યો જાય વેપાર કર્યા,

નામા લખ્યા ને આ કર્યા ને તે કર્યા. અરે..!

**શ્રોતા :–** અનાદિની માન્યતાને પોતા ફેરવી દેવાના છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતા ફેરવી દેવાની છે. ઠીક કહે છે. વાત તો એમ છે, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :–** એ તો અનાદિની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનાદિની એ તો માન્યતા, બાપુ! આહા..હા..!

અહીં તો કહે છે કે એક સમય-સમયની પર્યાય છે એની શ્રદ્ધા એ તો અનાદિથી કરી છે, પણ અનાદિ-અનંત એકરૂપ વસ્તુ ત્રિકાળ જે છે, ભેદ વિનાની ચીજ, પર્યાય ભેદ છે અને આ અભેદ ચીજ છે, એનો આશ્રય કદી કર્યો નથી. આહા..હા..! આ તો મુદ્દાના રકમની (વાત છે). અમરચંદભાઈ! આવી વાત છે, બાપુ! આહા..હા..! ઝેરની ગોળીઓ પીતો હશે ... આહા..હા..! હાય.. હાય.. ક્યાંય રહેવાય નહિ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો એ પીવે નહિ, પણ આ તો ઝાઝી પીધી મરવા માટે. મરવા માટેને. આમ તો કેટલાક લેતા હશે. ભાઈ કહેતા હતા. છોકરો કહે છે. આપણને ક્યાં ખબર હોય. ગામમાં ચાલતું હોય એ વાત કહેતા હોય. આ છોકરાઓ આવેને. આ તો વૈરાગ્યની વાત છે, બાપા! આહા..હા..! જેને અહીં સંસારમાં રહેવું ગોઠ્યું ન હોય, આવા સંયોગમાં આ હું ન જીવી શકું. આહા..હા..! કહે છે કે આ રાગના જીવને ન જીવી શકું. હું તો ચેતનના જીવને જીવું એવો હું છું. સમજાણું કાંઈ?

'**સ્વાત્માશ્રિત...**' ભાષા જુઓને ટીકાકારની પણ. કુંદકુંદાચાર્યનો ભાવ છે એ ભાવ રાખીને વાત કરે છે. આહા..હા..! '**भूदत्थमस्सिदो खलु**' ૧૧મી ગાથા જૈનશાસનનો પ્રાણ. સત્યાર્થ વસ્તુ, ત્રિકાળ વસ્તુ, ધ્રુવ વસ્તુ એનો આશ્રય કરતા સમ્યગ્દર્શન થાય છે. બાકી ત્રણકાળમાં કોઈ પ્રતિમા અને ભગવાનને આશ્રયે, સમવસરણને આશ્રયે, એની વાણીને આશ્રયે સમ્યગ્દર્શન ત્રણકાળમાં થાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ લક્ષમાં તો લે, ભાઈ! તારા લક્ષમાં તો એ વાતને ગોઠવ. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ કારણપરમાત્મા તે સ્વ આત્મા. આહા..હા..! એ સ્વ આત્મા. એમ કીધું છેને. ૩૮માં કીધું, ખરેખર એ આત્મા. આમાં પણ આવ્યું. એ આત્મા. આહા..હા..!

એવા આત્માને આશ્રિત '**નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો...**' આહા..હા..! નિર્વિકલ્પ પર્યાય દ્વારા લીન થયો છે, કહે છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ એને પકડીને લીન થયો છે. આહા..હા..! એ પર્યાય છે. '**લીન થયો થકો અભેદરૂપે સ્થિત રહે છે,...**' આહા..હા..! એ દ્રવ્યસ્વભાવ જે અભેદ છે તેમાં એ સ્થિત રહે છે. આહા..હા..! એવો '**લીન થયો થકો અભેદરૂપે સ્થિત રહે છે,...**' પર્યાયના ભેદનું પણ જેણે લક્ષ છોડી દીધા છે અને

અભેદ સ્વરૂપમાં સ્થિત રહે છે **'અથવા સકળ ક્રિયાકાંડના...'** ધર્મધ્યાનની એક વાત કરી આ. હવે શુક્લધ્યાનની વાત કરે છે. સમજાણું કાંઈ? પાઠ છે ખરોને. **'झाणणिलीणो'** એના બે અર્થ કર્યા. એક સ્વદ્રવ્ય આશ્રિત ધર્મધ્યાન અને સ્વદ્રવ્ય આશ્રિત તદ્દન અભેદ નિશ્ચય શુક્લધ્યાન. આહા..હા..! એ અત્યારે નથી તોપણ એને યાદ કરીને આમ શુક્લધ્યાન હોય એમ કહે છે. આહા..હા..!

**'સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું...'** વ્યવહારપ્રતિક્રમણ અને વ્યવહારપ્રતિસરણ એ બધા વિકલ્પનો આડંબર, એ આડંબર છે મોટો, કહે છે. આહા..હા..! આ મિચ્છામી દુક્કડમ અને આ કરું.. આ કરું, એ બધા રાગની ક્રિયાનો આડંબર છે. આહા..હા..! **'આડંબર વિનાનું અને વ્યવહારનયાત્મક ભેદકરણ...'** વ્યવહારનયનો જે ભેદ. છેને? **'ભેદકરણ--ધ્યાન-ધ્યેયના વિકલ્પ સુદ્ધાં—વ્યવહારનયસ્વરૂપ છે.'** આહા..હા..! 'ધ્યાન કરવાલાયક આ ધ્યેય છે અને ધ્યાન કરનારો હું ધ્યાતા છું' એવો જે વિકલ્પ છે તે વ્યવહારનયસ્વરૂપ છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ ભાવ એ તો શુભરાગરૂપી વ્યવહાર વિકલ્પ છે, પણ આ એકરૂપ ધ્યાનમાં ત્રણ પ્રકારના વિકલ્પ ઉઠાવવા, ત્રણ પ્રકારનો ભેદ કરવો એ પણ વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! એ છોડવા જેવું છે. ભારે કામ! શું કહે છે?

**શ્રોતા :-** અસદ્દ્ભૂતવ્યવહારનય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ અસદ્દ્ભૂતવ્યવહાર એ તો છોડવા જેવો છે જ, પણ આ પણ અસદ્દ્ભૂતવ્યવહાર છે. ધ્યાન, ધ્યાતા અને ધ્યેયનો વિકલ્પ ઉઠાવવો એ રાગ છે. આહા..હા..! આવો માર્ગ ભારે, ભાઈ! માણસ સાધારણ બિચારા ગામડાના માણસ હોય એને (એમ થાય), આ શું કહે છે આ!

**શ્રોતા :-** ઝેર કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝેર કહે. લ્યો, ભાઈ અમારા શેઠ કહે છે. શહેરના માણસને એવું લાગે કહે છે. વાત સાચી. આ વસ્તુ, બાપુ! આહા..હા..! અગમ્યને ગમ્ય કરવો છે. આહા..હા..! એવી શક્તિ બાપુ આમાં છે. આહા..હા..!

**'સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું અને વ્યવહારનયાત્મક ભેદકરણ તથા ધ્યાન-ધ્યેયના વિકલ્પ વિનાનું,...'** એ બધો વ્યવહાર. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ .. એ તો ભેદથી એક વિકલ્પ છે એટલું. શુક્લધ્યાનમાં પણ જેટલો વિકલ્પ છેને એથી એના ૪૨ ભેદ પડી જાય છે. એ છોડવા જેવા છે. શુક્લધ્યાનના ભેદ ૪૨ લીધા છે. એ તો ઓલો રાગ છેને માટે ભેદ લીધા છે. ધ્યાનના વિષયમાં એ ભેદ આવતા નથી. આહા..હા..! એ શુક્લધ્યાન એ નહિ, ભેદ પડ્યો એ નહિ. આહા..હા..!

'**સમસ્ત ઈન્દ્રિયસમૂહથી અગોચર...**' ભગવાન આત્મા ઈન્દ્રિયના સમૂહથી, વિકલ્પથી પણ અગમ્ય છે. .. ભાઈ! '**એવું જે પરમતત્ત્વ...**' આહા..હા..! '**સમસ્ત ઈન્દ્રિયસમૂહથી અગોચર એવું જે પરમતત્ત્વ...**' ભગવાન '**શુદ્ધ અંતઃતત્ત્વ,...**' પરમતત્ત્વની વ્યાખ્યા કરી. '**શુદ્ધ અંતઃતત્ત્વ,...**' આહા..હા..! '**તે સંબંધી ભેદકલ્પનાથી નિરપેક્ષ...**' એવા શુદ્ધ અંતઃતત્ત્વના પણ '**તે સંબંધી ભેદકલ્પનાથી નિરપેક્ષ...**' આ દ્રવ્ય અને આ પર્યાય એવી ભેદકલ્પના નથી. આહા..હા..! એવું '**નિરપેક્ષ...**' નીચે અર્થ કર્યો છે. '**ઉદાસીન; નિઃસ્પૃહ; અપેક્ષા વિનાનું. (નિશ્ચયશુક્લધ્યાન શુદ્ધ અંતઃતત્ત્વ સંબંધી ભેદોની કલ્પનાથી પણ નિરપેક્ષ છે.**' અંતઃતત્ત્વ આ દ્રવ્ય છે અને આ ગુણ છે અને આ પર્યાય એ પણ ભેદ નથી ત્યાં શુક્લધ્યાનમાં, એમ કહે છે. આહા..હા..! એ આવશ્યકમાં આવી ગયુંને. આવશ્યક. આ દ્રવ્ય છે પૂર્ણ, આ ગુણ છે અને આ પર્યાય એ પણ ભેદ અને વિકલ્પ છે. આહા..હા..! પરનું લક્ષ જાય એ તો વિકલ્પ છે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ, પણ એક ચીજમાં ત્રણ ભેદના લક્ષ કરવા, ભેદ પાડવા એ પણ એક રાગ, વિકલ્પ છે. એ પરાધીન જીવ છે. એ ખરા સ્વભાવ સત્‌માં આવ્યો નથી. આહા..હા..! માર્ગ આકરો, ભાઈ! એના ફળ પણ ઊંચા છેને. અનંત આનંદ, અનંત મોક્ષ દશા. આ દુઃખી... દુઃખી... દુઃખી... આહા..હા..! ચાર ગતિમાં પરાધીન દુઃખી છે, રાજા, મહારાજા, શેઠીયાઓ બિચારા દુઃખી બધા છે. આહા..હા..! પરના આશ્રયભાવમાં પડ્યા છે એ બધા પરાધીન છે. એ ભિખારી, રાંક છે, રાંકા-ગરીબ છે. નિજ ચીજની કિંમત નથી થઈ અને પર ચીજની મહત્તા જેને લક્ષમાં આવે છે એ બધા ભિખારી અને રાંકા કહેવામાં આવે છે. શુકનલાલજી! આહા..હા..!

નાથ! તારું નિધાન અંદર પડ્યું છે મોટું. જેના આનંદ અને જ્ઞાનની ખાણમાં ખૂટે નહિ એટલું જ્ઞાન છે અને આનંદ છે અંદર. આહા..હા..! જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય નીકળ્યા કરે અને અનંત-અનંત ચતુષ્ટયની આનંદની પર્યાય પ્રગટ થાય છતાં એ તો નીકળ્યા જ કરે એવી ખાણ છે. એવું એનો સત્ત્વનો સ્વભાવ એવડો છે. એને.. આહા..હા..! એનામાં ભેદ પાડવાનો પણ જ્યાં નિરપેક્ષ છે. એ નહિ. આહા..હા..!

એવા '**શુક્લધ્યાનસ્વરૂપે સ્થિત રહે છે, તે (સાધુ) નિરવશેષપણે અંતર્મુખ હોવાથી...**' કાંઈપણ બાકી રાખ્યા વિના અંતર્મુખ દૃષ્ટિ અને અંતર્મુખ ધ્યાન થઈ ગયું છે એને. આહા..હા..! ઊંડે ઊંડે અંદરમાં ગયો છે, કહે છે. દરિયાના તળિયા તપાસ્યા ત્યારે મોતી મળે છે જ્યાં. તળમાં જાય ત્યારે. એમ આ ઊંડે ઊંડે તળ સ્પર્શ કરે છે. આહા..હા..! એ '**અંતર્મુખ હોવાથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહરાગદ્વેષનો પરિત્યાગ કરે છે;...**' ત્યાં તો શુભરાગ અને શુભમોહનો પણ ત્યાગ કરે છે. આહા..હા..! આવી વાત એવી લાગે માણસને. પરમસત્ય તો આ છે. ...લાલજી! આહા..હા..!

'**તેથી (એમ સિદ્ધ થયું કે) સ્વાત્માશ્રિત એવા જે નિશ્ચયધર્મધ્યાન અને**

**નિશ્ચયશુક્લધ્યાન...**' સ્વાત્માશ્રિત. જુઓ, ભાષા પાછી આવી. આહા..હા..! સ્વ આત્મા જે કારણપરમાત્મા ધ્રુવ ભગવાન, જે વાસ્તવિક આત્મા જેને નિશ્ચયથી કહીએ, કારણપરમાત્મા પર્યાય વિનાનો. આહા..હા..! આ તો જિનેન્દ્રનો માર્ગ છે, ભાઈ! જિનેન્દ્રમાં જિનનું જોડાણ જેણે કર્યું, વીતરાગમૂર્તિ ભગવાન ધ્રુવસ્વરૂપ એમાં જેણે જોડાણ કર્યું તે જિન. બાકી રાગમાં જોડાણવાળા એ જિન નહિ, જિનમતિ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનના વાડામાં રહ્યા છતાં જેણે રાગની સાથે એકતા અને પુણ્યના પરિણામથી ધર્મ માન્યો છે એ તો જિનમતિ નથી, એ તો રાગમતિ છે. આહા..હા..! આવી વાતને પંડિતો તોડી નાખે. એ તો નિશ્ચયથી અહીં વાત છે, પણ વ્યવહારથી બીજું છે કે નહિ? એટલે શું પણ ભાઈ તારે કહેવું છે? વ્યવહારથી કહ્યું છે એનો તો અહીં નિષેધ કરે છે. એમ કે અહીં તો નિશ્ચયનયનો વિષય છે, પણ વ્યવહારનય બીજી છેને. પણ છે એને તો ઉડાવે છે અહીં.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો છે. નથી? વ્યવહાર નથી? પર્યાય નથી? રાગ નથી? અરે! અહીં તો અભેદમાં ભેદ કરવો એ પણ વ્યવહારનય છે. આહા..હા..! આકરું કામ બહુ જગતને. મળ્યું નથી એટલે ફેરવવું પડે. પાટિયે જેટલું લખ્યું છે એ બધું ભુંસાડવું પડે એણે. ... છે. ભગવાન! તારી ચીજ એવી છે, બાપુ! તારું રૂપ અને તારું સ્વરૂપ આહા..હા..!

ભગવાનના શરીરને હજાર આંખ કરીને જોવા માગે છે ઈન્દ્ર. આ તો આત્માનું રૂપ અને સ્વરૂપ. આહા..હા..! એણે તો પરને જોવાની આંખો બંધ કરવી પડશે. સ્વ જોવાને એણે હજાર નેત્ર પ્રગટ કરવા પડશે. આ તો હજાર કહે. હજાર (નેત્ર કરીને) ઈન્દ્ર જોવે છેને. ભગવાનને બાળક જ્યારે દેખે આત્મા ત્યારે ઈન્દ્ર જોવે છે ત્યાં એને થઈ જાય. આહા..હા..! બે આંખે પૂરું પડતું નથી આનું રૂપ. એક-એક અવયવ સુંદર અને કુદરતે ઘડેલા શાંત રજકણના પરમાણુ ત્યાં બધા પરિણમીને પડ્યા છે. ભગવાન અંદર શાંતરસનો કંદ છે. પરમાણુ શાંતપણે (પરિણમ્યા છે). ભક્તામરમાં આવે છે. ભક્તામરમાં. 'શાંત રાગ રુચિભી પરમાણુમાત્ર' આહા..હા..! પ્રભુ! જેટલા શાંતપણે પરિણમનારા પરમાણુ (હતા એ) બધા તારી પાસે આવીને શરીરપણે પરિણમ્યા છે. આહા..હા..! સમજાણું? એવા રૂપને જોવાને ઈન્દ્રો હજાર નેત્ર કરે, તો આ આત્માના રૂપને જોવા માટે એણે અનંતા અસંખ્ય પ્રદેશે નેત્ર ખોલી દેવા પડશે. આવી વાત છે, ભાઈ! આહા..હા..! અરે! તેથી લોકો એમ કહે છેને બિચારા. નહિ-નહિ તમારો મત જ જૈનમત નથી. જૈનમત તો બે નયને માનનારો. બીજા નયથી પણ લાભ થાય એમ માનનારો એમ કહે છે. ભગવાન! અમારી અહીં ક્યાં વાત છે? આ તો શાસ્ત્ર કહે છે. આહા..હા..! વ્યવહારના પક્ષે ચડેલાને લાભ નથી, નુકસાન છે અને સ્વને આશ્રયે ચડેલાને લાભ છે, એ વાત બેસતી નથી જગતને. ઓ..હો..હો..!

'**સ્વાત્માશ્રિત એવાં જે નિશ્ચયધર્મધ્યાન...**' આહા..હા..! ઓલા તો વિકલ્પને ધર્મધ્યાન

માને છે. શુભરાગ છેને એ ધર્મધ્યાન અને રાગરહિત થઈ જાય તે નિશ્ચયશુક્લધ્યાન. અરે! ભગવાન! એમ નથી ભાઈ! અહીં જઘન્યદશાએ નિશ્ચય સ્વાત્માનો આશ્રય લીધો એ ધર્મધ્યાન અને ઉત્કૃષ્ટ આશ્રય લીધો એ શુક્લધ્યાન. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આહા..હા..! ક્યારે દેહ પડશે? ક્યારે દેહમાં શું થાશે? બાપુ! તને ખબર નથી. આ તો જડ છે, માટી છે. આહા..હા..! ક્યારે તું આત્માને પકડીશ એ લેને. આહા..હા..! તે સમયને ધન્ય માન, ધન્ય ગણ! આહા..હા..!

જેણે ભગવાન આત્મા નિશ્ચયધર્મધ્યાન-શુક્લધ્યાન '**તે બે ધ્યાન જ સર્વ અતિચારોનું પ્રતિક્રમણ છે.**' એટલે દોષોનું. પાઠ છેને એ? પાછમાં એ છે. '**परिचागं कुणइ सव्वदोसाणं**' '**हि सव्वदिचारस्स पडिकमणं।**' આહા..હા..! મિચ્છામી દુક્કડમ આમ કહે એ તો વિકલ્પ છે. આહા..હા..! જેણે સ્વ આત્માના આશ્રયે અભેદમાં લીનતા કરી એ બધા દોષોના નાશનો એ ઉપાય છે. એ ધ્યાન જ બીજા દોષને નાશ કરવાનો ઉપાય છે. આહા..હા..! આ કહે કે ગૃહસ્થાશ્રમમાં એવું ન થાય. અરે! એમ ન થાય, ભાઈ! એમ ન થાય કેમ? આગળ કહેશે ભક્તિના અધિકારમાં. શ્રાવક હો કે સાધુ હો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ બેય જણા કરે છે, શ્રાવક અને મુનિ. ભક્તિનો અધિકાર છેને. બેય. એ તો કોઈ ઠેકાણે એમ કહ્યું છે કે ભાઈ! શ્રાવકને આવો ઉપયોગ ક્યાંથી (હોય)? એ તો સાધુને જે ઉપયોગ જોઈએ તે ઉપયોગની અપેક્ષાની વાત કરી. બહુ જ ... છે. આહા..હા..! પણ એને શુદ્ધ ઉપયોગ ધ્યાનમાં સામાયિક કાળે પણ આવે એમ પાઠમાં છે. સમ્યગ્દૃષ્ટિ છે અને જ્યારે સામાયિકમાં બેઠો છે ધ્યાનમાં ત્યારે એને પણ શુદ્ધ ઉપયોગ આવી જાય છે. આહા..હા..! જયસેનાચાર્યની ટીકામાં છે. ઓલામાં છેને યોગસારમાં. શ્રાવક પણ આમ ધ્યાન કરે છે. એવી બે ગાથા છે. યોગસાર નથી? એમાં છે. ગૃહસ્થ પણ પોતાનું ધ્યાન કરે છે આત્માનું. 'ગૃહકાર્ય કરતા થકા હેયાહેયનું જ્ઞાન' તે આત્માને ધ્યાવે છે. આહા..હા..! આચાર્યે તો ગજબ કામ કર્યા છે! ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં એક વાતને સિદ્ધ કરવા માટે... આહા..હા..!

આવા '**તે બે ધ્યાન જ સર્વ...**' દોષોને ટાળવાનું '**પ્રતિક્રમણ છે.**' એ પ્રતિક્રમણ છે. સ્વ આત્મામાં લીનતા, એવી જે અલ્પ લીનતા તે ધર્મધ્યાન, વિશેષ લીનતા તે શુક્લધ્યાન. એ જ દોષોને નાશ કરવાનું પ્રતિક્રમણ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે ઓલા કહે બહુ રોવો અને પછી સમાધિ થશે. એય..! તમારા રજનીશ. પુના. બહુ રોવો પછી (સમાધિ થઈ જશે). રોઈને થાકી જાયને.

**શ્રોતા :-** નિર્વિકલ્પ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નહિ થાય હવે સાંભળને. મરી જઈશ. બહુ હસવું. એવું હસવું કે પેટ ફાડીને હસવું પછી સમાધિ. ભોગમાં આનંદ આવે પછી ભોગ પાછળ થાકી ગયો હોયને એટલે આમ સમાધિ (લાગી જશે). મરી જઈશ. અરર! અરે! શું કર્યું? ભાઈ!

અહીં તો કહે છે કે જેને આત્મદર્શન થયું સ્વઆત્મા આશ્રયે, એ સમાધિ સમ્યગ્દર્શન સમાધિ છે. દસ બોલ આવે છે સમાધિના. ૭૮માં બોટાદ શરૂ કર્યા હતા. 'ચિત સમાધિ હોવે દસ બોલે.' ૭૮ની વાત છે. સમ્યગ્દર્શન સમાધિ, સમ્યગ્જ્ઞાન સમાધિ, સમ્યક્ચારિત્ર સમાધિ એવા દસ બોલ છે. અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન, સમાધિમરણ વગેરે. અંતર સમાધિ નામ ભગવાન આત્મા પૂર્ણનો આશ્રય લઈને જે સ્થિરતા થઈ એનું નામ સમાધિ કહેવામાં આવે છે. ઓલા બાવા ચડાવી દે આમ એ સમાધો નથી. આહા..હા..! આવા અતિચારનું આ પ્રતિક્રમણ છે, કહે છે, લ્યો.

'(હવે, ૯૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'

(अन्ष्टुभ्)

शुक्लध्यानप्रदीपोऽयं यस्य चित्तालये बभौ।
स योगी तस्य शुद्धात्मा प्रत्यक्षो भवति स्वयम्।।१२४।।

'**શ્લોકાર્થ :- આ શુક્લધ્યાનરૂપી દીપક જેના મનોમંદિરમાં પ્રકાશ્યો, તે યોગી છે;...**' આ શુક્લધ્યાનરૂપી દીવો જેના મંદિરમાં પ્રકાશ્યો અંદર તે યોગી '**તેને શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે.**' એને સ્વયં આત્મા પ્રત્યક્ષ કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ જાય છે. એ વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૧૨, ગુરુવાર, તા. ૦૨-૧૦-૧૯૭૫, કળશ-૧૨૫-૧૨૬, ગાથા-૯૪, પ્રવચન નં. ૫૦

આ નિયમસાર. નિયમસારનો અર્થ એ છે—નિશ્ચયમોક્ષમાર્ગ. આત્મા આનંદ અને જ્ઞાયકસ્વરૂપ છે. ચૈતન્ય શુદ્ધ આત્મા પવિત્ર એની પ્રતીતિ, સ્વસન્મુખ થઈને તેની અનુભવમાં પ્રતીતિ તે સમ્યગ્દર્શન અને એ અનુભવમાં સ્વસંવેદન જ્ઞાન થવું એ જ્ઞાન અને સ્વરૂપમાં દર્શન અને જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં લીનતા, રમણતા, આનંદમાં લીનતા કરવી એ ચારિત્ર. એ નિયમસારનો અર્થ આ કે ત્રણ પ્રકારના જે દર્શન-જ્ઞાન-ચારિત્ર માર્ગ છે તેને અહીંયા નિયમ કહે છે. એને નિયમનો સાર કહે છે. સાર એટલે કે જેમાં વ્યવહારના વિકલ્પ જે વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર શુભભાવ એનાથી રહિત (પરિણામને) અહીંયાં નિયમસાર કહે છે. બહુ ઝીણી વાત છે. એ આ નિયમસારની ૯૪મી ગાથા. પ્રતિક્રમણનો અધિકાર છે. પરમાર્થ-પ્રતિક્રમણ. આ સાંજ-

સવાર પડિક્કમણા કરે છેને બધા, એ નહિ.

પરમાર્થ-પ્રતિક્રમણ. જ્યાં આત્મા આનંદસ્વરૂપ વિકલ્પથી, રાગથી, નિમિત્તથી ખસીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરે તેનું નામ સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. કહો, ભોગીભાઈ! આ પડિક્કમણું છે. આ બધા ખમાવાના આવેને. આત્મા શુદ્ધ ચૈતન્યઘન અતીન્દ્રિય આનંદપિંડ આત્મા છે એમાં, પરથી ખસીને, નિમિત્ત, સંયોગથી ખસીને, રાગથી ખસીને અને પર્યાયથી પણ ખસીને. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જે આનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં દર્શન-જ્ઞાનસહિતની રમણતા કરવી એનું નામ સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, જયંતિભાઈ! આ તો પડિક્કમણાની વ્યાખ્યા છે. આહા..હા..! ૯૪.

**पडिकमणणामधेये सुत्ते जह वण्णिदं पडिक्कमणं।**
**तह णच्चा जो भावइ तस्स तदा होदि पडिक्कमणं।।९४।।**

તેને જાણીને વીતરાગભાવે એમ કહ્યું. નીચે હરિગીત.

**પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને,**
**ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.**

આહા..હા..! '**ટીકા :- અહીં, વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું કહ્યું છે...**' શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન! એમ કહે છે. '**(અર્થાત્ દ્રવ્યશ્રુતાત્મક પ્રતિક્રમણસૂત્રમાં વર્ણવેલા પ્રતિક્રમણને સાંભળીને—**' વ્યવહારપ્રતિક્રમણ જે વિકલ્પ શુભભાવ છે એવી વચનમાં જે રચના છે એને સાંભળીને '**જાણીને,...**' આવ્યો છે વિકલ્પ અને સાંભળ્યું અને જાણ્યું. એ જાણીને '**સકળ સંયમની ભાવના કરવી...**' આહા..હા..! આત્માની અંદરમાં શુદ્ધ રમણતા, આનંદની રમણતા કરવી એ સંયમ છે, એ ચારિત્ર છે અને એ નિશ્ચય સાચું પ્રતિક્રમણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે જ વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું-સાર્થકપણું છે...**' કહે છે કે વ્યવહારપ્રતિક્રમણ જે શાસ્ત્રે કહ્યું એને સાંભળીને એનો વિકલ્પ આવ્યો, પણ એની સાર્થકતા શું? કે એને છોડીને સ્વરૂપ આનંદમૂર્તિમાં રમણતા કરવી એ વ્યવહારનું સફળપણું છે. તો વ્યવહાર કહેવાય, નહિતર તો વ્યવહાર છે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ!

'**સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય...**' આચાર્ય. આ સૂત્ર પ્રતિક્રમણ રચના કરનારા દ્રવ્યશ્રુતની રચના કરનારા કેવા હોય એની પહેલા વાત કરે છે. એ '**સમસ્ત આગમના...**' સમસ્ત આગમ. '**સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય...**' આહા..હા..! '**તેમ જ ગુણસમૂહના ધરનાર...**' અનંત જ્ઞાન, અનંત દર્શન, આનંદ આદિ પર્યાયને ધરનારા. અક્ષય-અમેય છેને? આહા..હા..! ઝીણી વાત, ભાઈ! માર્ગ વીતરાગનો જિનેન્દ્રનો માર્ગ કોઈ અપૂર્વ છે! લોકોને બહારના વ્યવહાર એટલે અસદ્ભૂત વ્યવહારની વાતું સાંભળી છે. સત્ય શું છે? વીતરાગ જિનેન્દ્ર કેવા છે? એ તો ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન આનંદનો સાગર એની પ્રતીતિ કરવી અને એનું જ્ઞાન કરવું,

એમાં રમણતા કરવી એ સાચું પ્રતિક્રમણ છે. એ અનંતકાળમાં કદી કર્યું નથી. બહારથી મિચ્છામી દુક્કડમ... મિચ્છામી દુક્કડમ (કરી લીધા). આહા..હા..! માર્ગ બાપુ બીજો છે, ભાઈ!

જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગનો માર્ગ તો કોઈ જુદી જાતનો છે. અહીંયાં કહે છે કે પરમ આચાર્યો દિગંબર સંત મુનિઓ જેનો જંગલમાં વાસ હતો એ '**સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવમાં સુંદર ચાતુર્ય તેમજ ગુણસમૂહના ધરનાર નિર્યાપક આચાર્યોએ...**' આહા..હા..! '**જે પ્રમાણે દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણનામક સૂત્રમાં...**' દ્રવ્ય શાસ્ત્ર છેને? એમાં '**દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણનામક સૂત્રમાં પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે, તે પ્રમાણે જાણીને...**' આહા..હા..! દ્રવ્ય પ્રતિક્રમણની વાત વાણી દ્વારા સાંભળીને અંદર વિકલ્પ આવ્યો. હવે એ વિકલ્પમાં રહેવું છે કે અંદરમાં જાવું છે? એમ કહે છે. આહા..હા..! બહુ ઝીણો માર્ગ! આ છેલ્લી ગાથા છેને? પ્રતિક્રમણની છેલ્લી ગાથા છે. આહા..હા..!

પ્રથમ તો જેને મિથ્યાદર્શનનું પ્રતિક્રમણ કરવું હોય એણે તો આનંદમૂર્તિ ભગવાન એનું સમ્યગ્દર્શન કરે તો મિથ્યાત્વનું પ્રતિક્રમણ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા શાંત અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એમાં પુણ્ય-પાપનો વિકલ્પ પણ નથી. આ દ્રવ્ય પ્રતિક્રમણનો વિકલ્પ છે એ વસ્તુમાં નથી. એવી વસ્તુમાં, પૂર્ણ વસ્તુનો દૃષ્ટિમાં સ્વીકાર કરીને અંદર સન્મુખ થઈને મિથ્યાત્વથી ખસે છે એને તો પહેલા સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વનું પ્રતિક્રમણ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! આ તમારા પડિક્કમણા-બડિકમણા કર્યા એ બધામાં...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંડિતજી સાથે હતાને. અમે પણ કર્યા હતા બધા એવા. પાલેજમાં દુકાન ઉપર પડિક્કમણા કરીએ કાયમ. પર્યુષણમાં હોં પર્યુષણમાં. પાલેજ. પર્યુષણમાં આઠેય દિ' પડિક્કમણા અને આઠેય દિ'માં ચાર અપવાસ ચોવિહારા. તે દિ' નાની ઉંમરમાં હોં ૨૦-૨૧ વર્ષે. પણ એ બધી ભાન વિનાની (ક્રિયાઓ). આહા..હા..!

**શ્રોતા :-** ભાન નહોતું ત્યાં સુધી તો પ્રતિક્રમણ હતુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; પ્રતિક્રમણ ક્યાં હતું? આહા..હા..! 'એ આહાર મેં છોડ્યો, આહાર મેં છોડ્યો અને મેં અનાહાર ગ્રહણ કર્યો' એ વાતમાં જ મિથ્યાત્વ છે. 'પરનો હું ત્યાગ કરું છું, પરને ગ્રહણ કરું છું' એ વાત જ મિથ્યાત્વની વાત છે. આત્મામાં પરનો ગ્રહણ-ત્યાગ છે જ નહિ. બહુ ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ જગતને ફરમાવે છે એ સંત દ્વારા એનો ઉપદેશ આવ્યો છે. આહા..હા..! કહે છે કે જે આચાર્યોએ પ્રતિક્રમણ રચ્યા, સાચા સમકિતી મુનિ સાચા આત્મજ્ઞાની અનુભવી, આત્માના આનંદના સ્વાદી એ આચાર્યો હતા. સમ્યગ્દૃષ્ટિ છે એ પણ આત્માના આનંદના સ્વાદવાળા પણ થોડો આસ્વાદ (આવ્યો છે). આહા..હા..!

મુનિ છે એને અતીન્દ્રિય આનંદનો પ્રચુર સ્વાદ, પ્રચુર આનંદ આવે છે. આહા..હા..! આ વાત. એ મુનિઓએ રચ્યા જે પ્રતિક્રમણ વ્યવહારદ્રવ્યશ્રુત એ સાંભળે, એને જાણે કે આ છે, પણ જાણીને ફળ શું હવે? '**તે પ્રમાણે જાણીને...**' એ વ્યવહારપ્રતિક્રમણને વિકલ્પથી અને પરથી જાણીને. આહા..હા..! '**જિનનીતિને અણઉલ્લંઘતો...**' જૈનનીતિ એટલે... આહા..હા..! ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ એમાં વીતરાગ પર્યાયનું પરિણમન કરવું એ જિનનીતિનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ વ્યવહારપ્રતિક્રમણ સાંભળવામાં આવે છે, હોય છે, શુભભાવ પણ હોય છે, પણ એનું વાસ્તવિક ફળ શું? એને છોડીને... આહા..હા..! '**જિનનીતિ...**' જિનમાર્ગ. વીતરાગ પરમાત્માએ કહેલો શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા અને જ્ઞાનમાં રમણતા એ જિનનીતિ છે, એ વીતરાગનો માર્ગ છે. આહા..હા..! વચમાં દ્રવ્ય પ્રતિક્રમણને સાંભળવાનો વિકલ્પ આવે એ જિનનીતિ નથી, એ માર્ગ નથી, કહે છે. એ આવે છે વચમાં. આહા..હા..! ભારે કામ! શુદ્ધ ચૈતન્ય આત્મા આનંદઘન એમાં દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વક રમણતા સંયમ. સંયમ છેને?

'**જિનનીતિને અણઉલ્લંઘતો થકો...**' વીતરાગ સ્વભાવી માર્ગ જે આત્માનો છે એને નહિ ઓળંગતો થકો '**જે સુંદરચારિત્રમૂર્તિ મહામુનિ...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદની રમણતામાં જે અંદર મશગુલ છે. વીતરાગના આનંદના સ્વાદ લેવામાં મશગુલ છે. એ સુંદર ચારિત્રની મૂર્તિ છે. આહા..હા..! દ્રવ્યશ્રુતને સાંભળવું એ વિકલ્પ અને દુઃખરૂપ છે. આહા..હા..! કહો, ચંપકભાઈ! આ બધા સાંજ-સવાર પડિક્કમણા કરે પર્યુષણમાં, સંવત્સરીમાં બધા ભેગા થાયને. ભાઈ પણ જાતા હશેને ત્યાં ભેગા? બધા સાથે જાયને. શેઠિયા મોઢા આગળ છે તો જાવું પડે કે નહિ? આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે હે આત્મા! તારે જો સાચું પ્રતિક્રમણ કરવું હોય તો તારે પહેલા, દ્રવ્યશ્રુતને સંતોએ રચ્યા મહામુનિ દિગંબર મુનિઓએ એમની જે શ્રુતની રચના દ્રવ્ય પ્રતિક્રમણની સાંભળવી, વિકલ્પ હોય છે... આહા..હા..! એને જાણીને. હવે જાણીને (કહે છે). આહા..હા..! અમરચંદભાઈ! માર્ગ બાપા.. આહા..હા..! એને વિકલ્પ આવે શુભરાગ દ્રવ્ય પ્રતિક્રમણ સાંભળવામાં અથવા બોલવામાં, કહેવામાં. હવે એ છે એમ જાણીને બસ એટલું.

અંદરમાં '**જિનનીતિને અણઉલ્લંઘતો થકો...**' આહા..હા..! કહે છે કે જે આત્મા વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા એની પર્યાયમાં જે વીતરાગમાર્ગ છે... આહા..હા..! અકષાય જે પરિણતિ દશા વીતરાગરૂપી પરિણતિ જે દશા છે એને '**અણઉલ્લંઘતો થકો જે સુંદરાચારિત્રમૂર્તિ...**' સ્વરૂપમાં ચરિત્ર નામ રમણતા આનંદમાં. અતીન્દ્રિય આનંદમાં લીનતારૂપી શુદ્ધ ચારિત્રની મૂર્તિ મુનિ છે. આહા..હા..! ભાષા પણ... '**મહામુનિ સકળ સંયમની ભાવના કરે છે,...**' આહા..હા..! વ્યવહારપ્રતિક્રમણ સાંભળે, જાણે, બોલે એનો વિકલ્પ હોય, પણ એને જાણીને

અંતરની નિર્વિકલ્પ સંયમ ચારિત્રની મૂર્તિ એની ભાવના કરે. આહા..હા..! એ રાગની ભવના નહિ. આવો માર્ગ છે ભારે!

'**તે પ્રમાણે જાણીને...**' આહા..હા..! એ જિનનીતિ અનુસાર વીતરાગ માર્ગ છે જિનનો. એ આપણે આવી ગયું છેને સમયસારમાં. જિનનીતિ અણઉલ્લંઘતા. કળશમાં છે. આહા..હા..! જિન વીતરાગની નીતિ શું? જિનનીતિ લૌકિકનીતિ બીજી વાત છે. સજ્જનતા, રાગની મંદતા, બ્રહ્મચારી હોય, પરસ્ત્રીનો ત્યાગ હોય એ તો લૌકિકનીતિ. આહા..હા..! એ તો પુણ્યબંધનું કારણ. લોકોત્તર જૈનનીતિ શું? વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા ગણધરો અને ઇન્દ્રોની સભાની વચમાં પ્રભુની દિવ્યધ્વનિ આવતી હતી એ દિવ્યધ્વનિમાં જિનનીતિ શું? આહા..હા..! કે આત્મા આનંદમૂર્તિ પ્રભુ નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપી આત્મા એની દૃષ્ટિ અને જ્ઞાન કરીને એમાં રમણતા-રમણતા આનંદમાં રમવું, વિકલ્પથી શૂન્ય થઈ જવું. આહા..હા..! અને નિર્વિકલ્પથી પુષ્ટ થવું. સમજાણું કાંઈ?

ઓલો રજનીશ કહે કે વિકલ્પથી શૂન્ય (થઈ જાઓ). એ બધું નહિ હોં. એ તો બધો નાસ્તિક મત છે. રજનીશ થયો છેને એક? એ અમારા શેઠના ઓલાના હતા. શેઠને પણ કોક એવું ભરાવે. તારણસ્વામીનો દિવસ હોય તો એને બોલાવે કોઈ વખતે અને ભાષણ-બાષણ કરે. આને પણ ક્યાં ભાન હતું શેઠને કે આવાને ન બોલાવવા જોઈએ. એય..! શેઠ! ખબર છે. એવો નાસ્તિક માણસ. હમણા પુનામાં બહુ ઉગ્ર વિરોધ થયો છે એની સામે. નાગા નચાવે ને રોવરાવે ને હસાવે. પછી કહે સમાધિ કરો. શું ધૂળ સમાધો હતો ત્યાં? ભોગને ભોગવવો એમાં તમને આનંદ આવે પછી થાકી જાવ એટલે સમાધિ થાય. આહા..હા..! અરેરે! આ તે માર્ગ! ભ્રષ્ટોના માર્ગ. બહુ વિરોધ થયો છે. અમારે આ શેઠિયાના તારણસ્વામીના પંથમાં હતા એ. નહિ શેઠ? એના પંથમાં હતા. એના પ્રોફેસર. અરેરે! આવો વીતરાગ માર્ગ એમાં જન્મ થયો એને પણ ખબર ન મળે અને ક્યાંનો ક્યાં ચલાવે માર્ગ.

અહીં તો જિનનીતિ વીતરાગ ત્રિલોકનાથ એણે જે જિનનો માર્ગ જે અંતર આત્માનો વીતરાગી માર્ગ. આહા..હા..! કહે છે કે એ તો વિકલ્પ પહેલા આવે છે. દ્રવ્યશ્રુત સાંજ-સવાર પ્રતિક્રમણમાં એવો વિકલ્પ આવે છે, પણ વિકલ્પનું વાસ્તવિક ફળ શું? એ વિકલ્પને છોડી, જાણે છે (કે વિકલ્પ છે, એને) છોડી અંદર આનંદસ્વરૂપમાં રમણતા, ચારિત્રમાં રમણતા એ શુદ્ધ ચારિત્રની મૂર્તિ. આહા..હા..! '**સકળ સંયમની ભાવના કરે છે,...**' પૂર્ણ વિરતી, રાગથી પૂર્ણ વિરતી. આહા..હા..! ભારે કઠણ માર્ગ. કહો, દેવીલાલજી! આવી વાતું છે. આહા..હા..! એનું જ્ઞાન તો કરે, એના ખ્યાલમાં તો વાત લે કે વસ્તુ આવી છે, આવી વસ્તુ છે. આહા..હા..!

ભગવાન જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે જે આચાર્યો સંતો, સાચા સંત થયા ભાવલિંગી, આત્મજ્ઞાની, આત્માના પ્રચુર સ્વાદિયા.. આહા..હા..! એમણે જે આ શાસ્ત્ર દ્રવ્યશ્રુત રચ્યું,

દ્રવ્ય પ્રતિક્રમણ એ સાંભળે, વાણીથી બોલાય પણ, વિકલ્પ પણ હો, પણ એને જાણીને જાવું છે ક્યાં? એ માર્ગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ તો અંદર ભગવાન વીતરાગ નિર્વિકલ્પ સમાધિ આનંદસ્વરૂપ પ્રભુ... આહા..હા..! એની સન્મુખની દૃષ્ટિ, સન્મુખનું જ્ઞાન અને એના આશ્રયથી થતી સ્થિરતા. એ સંયમની ભાવના વ્યવહારપ્રતિક્રમણનું જ્ઞાન કરીને ભાવના આ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? પાઠ છેને જુઓને, **'तह णच्चा'** એમ છેને? ત્રીજું પદ છે, ભાઈ! એ વ્યવહાર **'णच्चा'** બસ. **'जो भावइ'** પણ ભાવઈ, નિશ્ચયચારિત્ર ભાવઈ એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! જન્મ-મરણથી (મુક્ત થવાની). આહા..હા..!

આજે કોક, કાલે સાંજે ભાઈને થયું હતું. જોષીનો દીકરો ૩૫ વર્ષનો. એને હાર્ટ એટેક આવ્યો. અહીં ઓલી મરી ગયો હાર્ટ એટેક ૩૫ વર્ષનો. એ નહિ આપણે જોષી અહીં આવતા વ્યાખ્યાનમાં? બ્રાહ્મણ. જોષી આવતા એ ગુજરી ગયા. એના દીકરાનો દીકરો. એ આવતા. એ તો ગુજરી ગયા. આ તો ભાઈ આવ્યા હતાને આપણા વડિયેથી ઉત્તમચંદનો દીકરો. કીધું તમે કાલે જવાના હતાને વ્યાખ્યાન પછી? કહે અમે મોટર અમારી ઉભી હતી ત્યાં ઓલાને હાર્ટ એટેક આવ્યો તો આખું ઘર રોવા માંડ્યું. ૩૫ વર્ષનો જુવાન. મોટર બીજી મળે નહિ. અમારી મોટર હતી કે ભાઈ ચાલો-ચાલો હું મૂકી આવું ભાવનગર. ભાવનગરની હોસ્પીટલમાં મૂક્યા ત્યાં અસાધ્ય થઈ ગયો છે. અમે તો વયા આવ્યા. .. વ્યાખ્યાન સાંભળીને વયા ગયા પછી. કીધું કેમ કાલે જવાના હતાને? કે આમ થઈ ગયું. જોષીને ૩૫ વર્ષનાને હાર્ટ એટેક આવ્યો તો ઘરના બધા રોવે કકળાટ-કકળાટ. આહા..હા..! મોટરમાં નાખીને લઈ ગયા જ્યાં હોસ્પીટલ ત્યાં અસાધ્ય થઈ ગયો છે. હવે શું થયું એ પછી... આહા..હા..! આ દશા જુઓને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું અંદર અટકી જતું હોય કોણ જાણે. પીડા... પીડા... પીડા... આ દશા, બાપુ! ભગવાન! તું તો રાગ ને પીડા ને દેહની દશાથી ભિન્ન છો.. આહા..હા..! સમજાય છે કાંઈ? એ દેહની પીડા એ તો જડની અવસ્થા. આહા..હા..! પ્રભુ! એ તો જડમાં થાય છે, તારામાં નહિ. તને એમાં જે અણગમો લાગે, ઠીક ન પડે એ દ્વેષ છે. એ દ્વેષ પણ તું નહિ. આહા..હા..! આકરી વાતું, બાપુ! આ તો વીતરાગ માર્ગ છે. જિનેન્દ્રદેવનો માર્ગ, ભાઈ! ત્રણકાળમાં બીજે એવો ક્યાંય નથી. આહા..હા..! શશીભાઈ! ઓળખો છોને આ વૈષ્ણવ મોઢ. ભાવનગરના વૈષ્ણવ છે. મોઢ-મોઢ ગાંધીની લાઈના આ. અહીં પાક્કા થઈ ગયા છે. ખબર છે. મુંબઈ ગયા હતા. પ્રવચન કરે છે, ભાવનગરમાં પ્રવચન કરે છે. આહા..હા..!

કહે છે શું શૈલી! સંતો મહામુનિઓ આનંદમાં મસ્ત, અતીન્દ્રિય આનંદમાં મસ્ત જે મુનિઓ

એમણે જે દ્રવ્યસૂત્ર પ્રતિક્રમણ બનાવ્યું તો એ દ્રવ્યપ્રતિક્રમણ વાણી દ્વારા થાય છે અને કોઈ વખત સાંભળવામાં આવે છે અને એ વિકલ્પ પણ શુભરાગ આવે છે. આહા..હા..! બસ, '**णच्चा**' એને જાણે. જાણીને અંદર સ્વયં નિર્મળાનંદ પ્રભુ વીતરાગ ચારિત્રની મૂર્તિ આત્મા તેની ભાવના કરે. આહા..હા..!

**શ્રોતા** :- એ પાપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પાપ-બાપ ગયા બધા. અહીં અંદર રમણતા થાય તો બધા પાપ-બાપ છૂટી ગયા. આહા..હા..! પાપનો વિકલ્પ છે એમાં પાપનો ત્યાગ થયો, પણ હવે અહીં તો એટલો પણ વિકલ્પને જાણીને સ્વરૂપમાં રમણતા કરવી એ જિનનીતિનો માર્ગ છે. આમ કહે છે. આહા..હા..!

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ પરમેશ્વર મહાવિદેહમાં બિરાજે છે. સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં મુનિરાજ ગયા હતા. કુંદકુંદાચાર્ય આઠ દિન ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આમ કહે છે કે ભગવાન તો આમ કહે છે. આહા..હા..! એ મુનિ ભાવલિંગી સંત આ અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય. બધા આત્માના આનંદમાં ઝૂલનારા હતા. આહા..હા..! એ કહે છે કે અમે જે દ્રવ્યસૂત્ર બનાવ્યું પ્રતિક્રમણ, એ વ્યવહાર આવે, સાંભળે, રાગ થાય એને જાણે. આહા..હા..! આદરે એમ ન કહ્યું. '**णच्चा**' શબ્દ છેને? આહા..હા..! ગજબ શૈલી છે!

એ શુભરાગ દ્રવ્યપ્રતિક્રમણ કરવામાં, સાંભળવામાં પુણ્યભાવ છે, એ ધર્મ નહિ, એ જિનનીતિ નહિ. આહા..હા..! એને જાણીને. આહા..હા..! પહેલું જ્ઞાનમાં નક્કી તો કરે કે એ રાગને જાણીને પણ અંદર સ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ જે દૃષ્ટિમાં અને જ્ઞાનમાં જણાણો હતો, જણાણો હતો એમ કીધુંને? જણાયો હતો એમાં રમણતા કરે. આહા..હા..! લ્યો આ સાચું પ્રતિક્રમણ. અને આ સ્વરૂપની દૃષ્ટિ અને ભાન વિનાના એકલા વિકલ્પથી જે પ્રતિક્રમણ કરે એ તો મિથ્યાત્વસહિત પુણ્યબંધનું કારણ છે. આહા..હા..!

**શ્રોતા** :- પુણ્ય પણ મિથ્યાત્વસહિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મિથ્યાત્વસહિત. આહા..હા..! ભાઈ! તું તારા ઘરમાં જાને. એમ કહે છે. એ દ્રવ્યપ્રતિક્રમણ આવે, વાણી હોય, સાંભળવામાં આવે, બોલે, એમાં વિકલ્પ પણ શુભરાગ થાય. ભગવાન! પણ એ શુભરાગ એ બાહ્ય ઘરની વસ્તુ છે, એ તારા ઘરની ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તારા ઘરની ચીજ નહિ. શુભભાવ આવે દ્રવ્ય પ્રતિક્રમણનો એ તારી ચીજ નહિ, એ તારા ઘરની ચીજ નહિ. આહા..હા..! વ્યવહારે જાણેલો કીધું છેને? એ જાણે એટલે જાણે. આહા..હા..! શું શૈલી કહે છે! પૂર્વાપર વિરોધરહિત જ્યાં જુઓ ત્યાં સત્ય ચારે બાજુનું સત્ય ઊભું થાય છે. આહા..હા..!

કહે છે ભગવાન! એક સેકન્ડમાત્ર પણ જેણે આવું સત્ય પ્રતિક્રમણ કર્યું એને ભવ ન હોય. બાકી તો લાખો, કરોડો અનંતવાર બહારના પ્રતિક્રમણ કરીને ઘણાં કર્યાં. મિચ્છામી

દુક્કડમ... મિચ્છામી દુક્કડમ... મિચ્છામી દુક્કડમ. આવું વ્રત.. પણ વ્રત પણ ક્યાં હતા અને સમકિત પણ ક્યાં હતા? શેના મિચ્છામી દુક્કડમ કરે છે? આહા..હા..! દોષ છે તેનું મિચ્છામી, આ જૂઠું છે એમ દુષ્કૃત કહું છું. પણ એ જૂઠું દોષ છે, પુણ્ય-પાપના ભાવ દોષ છે એ મિચ્છા-જૂઠું છે એનું દુષ્કૃત છે એને છોડું છું. પણ ક્યારે? આહા..હા..! કે સ્વરૂપ આનંદમૂર્તિ ભગવાન આત્મા આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા છે એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થતાં એ રાગાદિનો ભાવ છૂટી જાય છે. આહા..હા..! ભારે વાત નિશ્ચયની. વ્યવહારથી નિશ્ચય થાય... વ્યવહારથી નિશ્ચય થાય. એમ અહીં કાંઈ કહે છે? વ્યવહાર આવે એને જાણીને અંદરમાં જા. આહા..હા..! કહો, ત્રંબકભાઈ! કર્યા હશેને પડિક્કમણા કે નહિ? ઘણા કર્યા હશે. ..ભાઈ હતા કે નહિ એમાં? આહા..હા..!

ભાઈ! જેને એક સેકન્ડ પણ એ ચીજની પ્રાપ્તિ થઈ (એને) જન્મ-મરણ નહિ. એકાદ-બે ભવ હો કદાચિત્ તે પણ જ્ઞાતાના જ્ઞેય તરીકે રહે. આહા..હા..! શું વીતરાગ માર્ગ! ભગવાન! તને તારો આનંદ, આત્મા આનંદ છે એનો તને ભાસ થવો જોઈએ. એ પુણ્ય અને પાપના ભાવ અને એના ફળમાં ક્યાંય આનંદ નથી, ક્યાંય આત્માને સુખ નથી. આહા..હા..! આ પૈસા ધૂળ ને બે-પાંચ કરોડ ભેગા થયા એ બધી ધૂળમાં સુખ નથી એમ કહે છે.

**શ્રોતા** :- તો શેમાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આત્મામાં સુખ છે એમ કહે છે અહીંયાં. એ પૈસા આદિ તો દુઃખના નિમિત્તો છે, દુઃખરૂપ એ નહિ. એ મારા એવો ભાવ દુઃખરૂપ. આહા..હા..! કહે છે કે એ લક્ષ્મીમાં સુખ નહિ, શરીરમાં નહિ. આ માટીનો પિંડલો છે આ. દેખાય રૂપાળું સારું ચામડી-બામડી, પણ આ તો ધૂળ છે. પુદ્ગલ-પુદ્ગલની દશા છે. એમાં સુખ નથી, પૈસામાં સુખ નથી, સ્ત્રીના વિષયમાં સુખ નથી, અભિનંદન મોટા પૂંછડા કરે તારા વખાણના એમાં સુખ નથી. ધૂળેય સુખ નથી. ત્યાં વખાણ કરે તમારા શેઠના મોઢા આગળ જાય એટલે. બુંદેલખંડના બાદશાહ. બે ભાઈઓ એમ કહેવાય છે ત્યાં. આહા..હા..! જડ ખંડના બાદશાહ!

અહીં તો કહે છે કે રાગ આવે વ્યવહારનો એનો પણ ધણી થાય તો એ મૂઢ જીવ છે. આહા..હા..! હા, આવે ખરો કે દ્રવ્યપ્રતિક્રમણ સાંભળવાનો આવે એને જાણવું. આહા..હા..! છેને? '**वण्णिदं पडिक्कमणं। तह णच्चा**' પણે '**जो भावइ**' પણ ભાવે અંદર વીતરાગભાવને અંદર. આહા..હા..! આ તો રાગભાવ છે. એ કાંઈ જૈનમાર્ગ નથી. આહા..હા..! એ જૈનની નીતિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એ વાત સાંભળવા મળે નહિ, એનો ક્યારે વિચાર કરે અને ક્યારે (અંદર) જાય? આહા..હા..! બહારમાં એકદમ ઘૂંચાઈ ગયા બાહ્ય ક્રિયાકાંડમાં. રાગની ક્રિયા આ કરું, દયા પાળી, વ્રત પાળ્યા, તપસ્યાઓ કરી, ભક્તિ કરી, જાત્રાઓ કરી. એ બધી શુભરાગની ક્રિયા છે. અહીં તો કહે છે એ હોય, પણ એને જાણીને અંદરમાં જાવું એ એનું પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ બહુ ઝીણો, ભાઈ! આહા..હા..!

જન્મ-મરણ કરીને દુઃખી થઈ રહ્યો છે. આહા..હા..! કહ્યું હતું એક ફેરી જોયું હતું. પછી એને તે દિ' શું હશે આપણે કાંઈ સાંભળ્યું ન હોયને. આ હાર્ટ એટેક આવે છે. ૭૬ની સાલની વાત છે. ધાંગધ્રામાં એક વિસાશ્રીમાળી હતા. આપણી નાની ઉંમર તે દિ' અને બહારમાં કોઈ દિ' સાંભળેલું નહિ. ૭૬ની સાલ. ૩૦ વર્ષની ઉંમર. એક સંઘવી હતા. પછી એને બહુ પીડા થઈ. સુરચંદ સંઘવીના ઘરની મોઢા આગળ. બીજા સંઘવીનું નામ હતું. એ કહે મંગળિક સાંભળવું છે, છેલ્લી સ્થિતિ બહુ આકરી છે. રોગ. પથારી નીચે કરેલી. ઉપર સૂઈ શકે નહિ. પથારીમાં ઉપર ખાટલે સૂઈ શકે નહિ. પથારીમાં સૂઈ શકે નહિ, રહી શકે નહિ. પથારીમાં નીચે ઘાંચીમાં જેમ ઓલો... આમ હતો. સંઘવી હતા મોઢા આગળ. પહેલી ખડકીમાં પહેલું ઘર હતું. ફુલચંદ સંઘવીનું આઘું ઘર. આ ૭૬ની વાત છે. ૨૪ ને ૩૧, ૫૫ વર્ષ પહેલાની વાત છે. ૫૫. પછી એને મંગળિક સંભળાવ્યું. પણ પીડા... પીડા... પીડા. એ પથારી નીચે કરી હતી ત્યાં સૂઈ શકે નહિ. આહા..હા..! ... ઓસરીમાં હતી. જાળીવાળું ઘર હતું. આહા..હા..! મંગળીક સાંભળવા આવે માંડ-માંડ. એટલી પીડા. અહીં થાતું હશે કાંઈક અંદર. આહા..હા..! ભાઈ! એ તારી ચીજ નહિ. આહા..હા..! એ પીડાનો ભાવ પણ તારી ચીજ નહિ. આ પીડા તો નહિ પણ પીડાનો ભાવ કે 'મને ઠીક નથી પડતું' એ પણ તારી ચીજ નહિ. આહા..હા..! તારી ચીજ તો આનંદનો નાથ પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો આત્મા. આહા..હા..! અરે! જ્ઞાનમાં અવકાશ તો દે, પ્રભુ! જ્ઞાનમાં આ વસ્તુ આવી છે એને સંઘરવાને અવકાશ તો દે. આહા..હા..! અવકાશ દે એમ કહે છે કે નહિ? અવકાશ દેવો એટલે શું સમજો છો? સંગ્રહ કરવો. જ્ઞાનની પર્યાયમાં ભગવાન આવો છે એનો સંગ્રહ કરવો. આહા..હા..! જગ્યા દેવી અંદર પ્રભુ કે આ છે. આહા..હા..! રાગ પુણ્ય, દયા, દાન, વિકલ્પ એ નહિ. દ્રવ્ય પ્રતિક્રમણનો વિકલ્પ એ નહિ. આહા..હા..! આવો જિનેન્દ્ર માર્ગ, ઉજળો માર્ગ. એને લોકોએ મેલો કરીને જૈનધર્મ માન્યો. મેલો કરીને માન્યો એને. આહા..હા..!

ભગવાન કહે છે '**તે પ્રમાણે જાણીને...**' બસ એટલી વાત. આહા..હા..! દ્રવ્યપ્રતિક્રમણ '**જિનનીતિને અણઉલ્લંઘતો થકો...**' આહા..હા..! પણ જે આત્માની સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની રમણતા એને ઓળંગે નહિ. એને ઓળંગીને પુણ્યમાં, વિકલ્પમાં ધર્મ ન માને ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ વાતું ભારે! પણ એનું આ બધું સાધન ખરું કે નહિ? એ ધૂળેય સાધન નથી સાંભળને. સાધન તો અંદર દૃષ્ટિ અને જ્ઞાનની અંદર રમણતા, અતીન્દ્રિય આનંદની મોજ, શાંતિનું વેદન એ સાધન છે. આહા..હા..! અરે! એને ક્યાં જાવું છે? ભાઈ! આહા! ચોર્યાશીના અવતાર એક-એક યોનિમાં અનંતા કર્યા, ભાઈ! મોટો ભવસિંધુ પડ્યો છે. આહા..હા..!

સાધુ સાચા હોય, મુનિ કોઈ વખતે એને દેવો ટાંગા પકડીને દરિયામાં નાખી દે. આહા..હા..! પૂર્વનો કોઈ વિરોધી હોય. સાચા સંત આનંદમાં રમનારા. પણ પ્રમાદમાં હોય તો ઉપાડી

લે અને દરિયામાં નાખી દે. એમાં પણ એ દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન એવા અનુભવની સ્થિરતા કરતાં ત્યાં કેવળ પામે, ત્યાં દેહ છૂટી જાય અને ઉપર મોક્ષ ચાલ્યા જાય. આહા..હા..! સમશ્રેણીએ જાયને. તો દરિયા-સમુદ્રનો કોઈ બિંદુ-ક્ષેત્ર ખાલી નથી કે અહીં અનંતા ન ગયા હોય. અનંતા મોક્ષ ગયા છે દરિયાના દરેક સ્થાને. તો કઈ રીતે જાય? ત્યાં ક્યાં બેઠા હતા મુનિ? પણ આવા મુનિ જે ધ્યાનમાં હતા અને વિકલ્પના જરી પ્રમાદમાં હતા. સાચા મુનિ હતા. એને ઉપાડ્યા વૈરી દેવે. આહા..હા..! એ દરિયામાં પાણીના ડોલમાં શરીર ચાલ્યા ચાલ થાય અને ડૂબકી મારે. આહા..હા..! પણ એણે ડૂબકી મારી આત્મામાં. પરથી લક્ષ ફેરવી નાખ્યું. ભગવાનના સ્મરણનો વિકલ્પ પણ છોડી દીધો. ભગવાન આત્માને સ્મર્યો. આનંદનો નાથ જે સમ્યગ્દર્શનમાં ભાસ્યો હતો એનું સ્મરણ અંદર કર્યું. સ્થિરતા થતાં એ પાણીમાં રહ્યા ત્યાં શ્રેણી માંડતા ગુણની ધારાવાહી (શ્રેણી માંડી), કેવળ પામીને, દેહ છૂટીને મોક્ષ ચાલ્યા ગયા. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- એ તો કાચુ પાણી હોયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાચુ હોય તો પણ એને ક્યાં હતું. એને તો નાખી દીધેલા એટલે. એને તો દેવે નાખી દીધેલા. આહા..હા..! એની દૃષ્ટિ ક્યાં ત્યાં હતી? એની દૃષ્ટિ તો ચિદાનંદ આત્મા જ્ઞાયક તરફ છે. મારો નાથ તો જ્ઞાનનો ભંડાર છે. હું તો અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ છું. આહા..હા..! ત્યાં એની દૃષ્ટિ હોવાથી તેમાં તેને રમણતા ઉત્પન્ન થઈ. આહા..હા..! એને રમણતા અંદર ઉત્પન્ન થઈ. તે સત્ય પ્રતિક્રમણ અને નિશ્ચયપ્રતિક્રમણ એને કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ભાઈ ભારે આકરો. લોકોને એમ થઈ જાય આ તો વ્યવહાર સાધન છે એ વાતને તો ઉડાવી દે છે, એમ કહે છે. આ કીધુંને. આહા..હા..!

**શ્રોતા** :- કરવું શું એ આવ્યું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પછી કરવું શું એ આવે એને શું કરવું? કે જાણવું એમ કીધું. આહા..હા..! જાણવું કે છે ખરું. આનંદના ચારિત્રની રમણતાની મૂર્તિ થઈ જવું બસ. આહા..હા..! એને મુનિ કહેવામાં આવે છે. આ તો લૂગડા ફેરવ્યા અને નગ્ન થઈ ગયા તો થઈ ગયા સાધુ. પંચમહાવ્રતના વિકલ્પના પણ ઠેકાણા નથી હજી. સમજાણું કાંઈ? એને માટે ચોકા બને, એને માટે આહાર બને અને લે. એ તો ઠેકાણા (વિનાનું) વ્યવહાર દ્રવ્યલિંગ પણ નથી. આહા..હા..! આચાર્યે ... કરીને ગજબ કર્યું છે! ભાઈ!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહાર આવે, પણ એનું ફળ ક્યારે એને વ્યવહાર કહેવાય? એ એને છોડીને અંદર આનંદસ્વરૂપ ભગવાન નિર્વિકલ્પના સ્વાદમાં જાય ત્યારે એ સાચું પડિક્કમણું કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે? કો'ક ગુજરાતી આવી જાય છે અંદર. ભાષા ઈ છેને. આહા..હા..! સમજાણું કાંઈ? અંદરમાં આત્મામાં રમણતા

કરવી એ નિશ્ચય પ્રતિક્રમણ છે. એ વિકલ્પ આવ્યો તે સત્યપ્રતિક્રમણ નથી. સંતોએ બનાવેલ પ્રતિક્રમણ એ પણ સાંભળવા મળે અને કરવામાં આવે છે તો તે વિકલ્પ છે, રાગ છે. આહા..હા..!

'**જિનનીતિને અણઉલ્લંઘતા...**' એટલે કે રાગમાં ધર્મ નહિ માનતા. આહા..હા..! ત્યાં નહિ ટકતા. આહા..હા..! જિનમાર્ગ જે આત્માનું વીતરાગી સ્વરૂપ એની દૃષ્ટિ અને જ્ઞાનમાં રમણતા એ સત્ય, નિશ્ચય, સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! '**તે મહામુનિને કે જે (મહામુનિ) બાહ્ય પ્રપંચથી વિમુખ છે,...**' આહા..હા..! એ બાહ્ય વિકલ્પ છે એ પ્રપંચ વિસ્તારથી વિમુખ છે. શરીરની ક્રિયાથી તો વિમુખ છે જ, આ તો જડ, માટી, ધૂળ છે, એની જે ક્રિયા જે હલન-ચલન કરે એ તો જડની છે, એનાથી તો સમકિતી, મુનિ વિમુખ છે જ, પણ જે વ્યવહારનો વિકલ્પ ઉઠે છે એ પ્રપંચનો વિસ્તાર વિકલ્પનો (તેનાથી પણ વિમુખ છે). આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કઠણ માર્ગ, જગતને આકરું લાગે. '**બાહ્ય પ્રપંચથી વિમુખ છે,...**' આહા..હા..! વિકલ્પથી તો વિમુખ છે, કહે છે. સન્મુખ તો ભગવાન આનંદની સન્મુખમાં દશા છે. આહા..હા..! પૂર્ણાનંદના નાથનો આશ્રય જ્યાં લીધો એને રાગના પ્રપંચનો આશ્રય છૂટી ગયો. ભારે માર્ગ! પહેલી વાર સાંભળનારને તો એવું લાગે કે આ શું કહે છે? આવો જૈનમાર્ગ હશે? ભાઈ! માર્ગ બાપા એવો છે, ભાઈ! આહા..હા..!

વિકલ્પ નામ રાગથી રહિત નિર્વિકલ્પ સ્વરૂપ ભગવાન આત્માનું છે. ભગવાન આત્માનું સ્વરૂપ તો નિર્વિકલ્પ છે. આહા..હા..! એ દ્રવ્યસ્વભાવ અભેદ છે એમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા. પર્યાય પણ ભેદ છે. આહા..હા..! વિકલ્પથી તો ખસવું, પણ પર્યાયના લક્ષથી ખસવું. આહા..હા..! પોતાનો દ્રવ્યસ્વભાવ જે શુદ્ધ અભેદ એમાં દૃષ્ટિ-જ્ઞાનપૂર્વક રમવું, આનંદનો સ્વાદ ઉગ્રપણે લેવો એનું નામ ચારિત્ર છે, એનું નામ સાચું પ્રતિક્રમણ છે. જૈન નીતિ આ છે. આહા..હા..! કહો, શેઠ! આ ફેંસલો છે. આહા..હા..! ભગવાને આ ફેંસલો કર્યો છે, એમ કહે છે. આ પ્રતિક્રમણની સ્થિતિ છે. ... આહા..હા..!

કહે છે કે એ બાહ્ય પ્રપંચથી વિમુખ (છે) ધર્માત્મા. '**પંચેન્દ્રિયના ફેલાવરહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે...**' એક શરીરમાત્ર છે. મુનિને બીજી ચીજ હોતી નથી. વસ્ત્રનો ટૂકડો નહિ, પાત્રનો ટૂકડો નહિ. આહા..હા..! એક દેહમાત્ર રહી ગયો. એ છૂટે ત્યારે છૂટે બાકી દૃષ્ટિમાં, અને સ્થિરતામાં તો છોડી દીધો છે. એકક્ષેત્રાવગાહ છે. દેહ છૂટવાનો કાળ આવશે ત્યારે છૂટી જશે. દૃષ્ટિમાં અને સ્થિરતામાં તો છોડી દીધો છે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! '**પંચેન્દ્રિયના ફેલાવરહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે...**' શરીરમાત્ર (છે). મુનિને બીજી ચીજ તો છે નહિ, વસ્ત્રનો ટૂકડો નથી, પાત્રનો ટૂકડો નથી. દેહમાત્ર રહ્યો છે. આહા..હા..! જયંતિભાઈ! જુઓ, આ મુનિ એને કહીએ. વસ્ત્રના પોટલાના પોટલા પહેર્યા હોય, ઓઢ્યા હોય, પછી ચાલે ત્યારે પોટલા માણસને માથે ઉપાડીને રસ્તામાં (ચલાવે). એને જય નારાયણ,

જય મહારાજ. મિથ્યાત્વ છે ઈ. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ!

**'અને પરમગુરુનાં ચરણોના સ્મરણમાં આસક્ત...'** આહા..હા..! પરમગુરુ આત્મા. અને પરમગુરુએ એ કહ્યું હતું. પોતાનો ગુરુ પોતાનો આત્મા. આહા..હા..! અહીં તો બાહ્યથી નિમિત્ત કહ્યું, પણ પરમગુરુએ આ કહ્યું હતું, પરમગુરુએ એ કહ્યું હતું કે તારી દૃષ્ટિ સ્વરૂપ તરફ કરીને રમણતા કર, એ પરમગુરુએ કહ્યું હતું. આહા..હા..! **'પરમગુરુનાં ચરણોના...'** ખરેખર તો પરમગુરુ આત્મા જ છે. પોતાને શિખામણ દે છે, સમજાવે છે તો એ ગુરુ આત્મા છે. પર શિખવાડે એ તો પર છે. આહા..હા..! આત્મા જ તીર્થ છે. પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રના ઉપાયથી તરે છે એ આત્મા તીર્થ છે. બાહ્યતીર્થ તો શુભ વિકલ્પનું નિમિત્ત છે. શેત્રુંજય અને સમ્મેદશિખર એ તો શુભરાગનું નિમિત્ત છે, એ તીર્થ નહિ, સાચું તીર્થ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વાતે વાતે ફેર. ઓલા કહે છેને 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ટકાના તેર.' એમ વીતરાગ કહે છે કે તારે ને મારે શ્રદ્ધાના ફેરમાં મોટો ફેર. આહા..હા..! તારી વાતે-વાતે તું વ્યવહાર અને નિમિત્તથી લાભ માને અને અમારી વાતે-વાતે કહીએ કે વ્યવહાર અને નિમિત્તથી લાભ નહિ. આહા..હા..!

**'પરમગુરુનાં ચરણોના સ્મરણમાં...'** પરમગુરુએ એ કહ્યું હતું કે તારી આનંદની ચીજ છે એમાં રમણતા કરવી એ જિનનીતિ અને માર્ગ છે. એના **'સ્મરણમાં આસક્ત...'** એનું સ્મરણ કરીને અંદરમાં લીન. આહા..હા..! દ્રવ્યસ્વભાવ આવો છે એવું સ્મરણ કરીને અંતરમાં લીન આનંદમાં **'જેનું ચિત્ત છે, તેને—ત્યારે (તે કાળે) પ્રતિક્રમણ છે.'** એ ત્યારે તેને પ્રતિક્રમણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમગુરુએ કહ્યું હતું કે 'તારો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન છે, તું શુદ્ધાત્મા પવિત્ર છો' એવું સ્મરણ કરીને, જ્ઞાન કરીને એમાં લીન થવું. આહા..હા..! એ ઉપદેશ કહ્યો. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે ન કહ્યું? અમારા ગુરુએ અમને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો. આહા..હા..! મહેરબાની કરીને અમારા પ્રત્યે... આહા..હા..! અનુગ્રહ કરીને અમારા ગુરુએ અમને શુદ્ધાત્મા ત્રિકાળ, પુણ્ય-પાપની મલિન દશાથી રહિત. આહા..હા..! દેહની ક્રિયાકાંડથી રહિત એવા શુદ્ધાત્માનો પ્રભુ અમારા ગુરુએ અમને ઉપદેશ આપ્યો. કુંદકુંદાચાર્ય કહે છે. એ અહીંયાં સ્મરણ કરીને એમ કહે છે. આવા દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરીને એમાં લીન થવું. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! એ પ્રતિક્રમણ છે. આહા..હા..!

**'(હવે, આ પરમાર્થ-પ્રતિક્રમણ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ બે શ્લોક કહે છે :)'** પદ્મપ્રભમલધારિદેવ. આ મુનિ છેને છેલ્લા. વચ્ચે કુંદકુદાચાર્ય છે, આ (બાજુ) અમૃતચંદ્રાચાર્ય છે.

**શ્રોતા :-** પોતાના ગુરુ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ટીકા કરે છે. પોતાના ગુરુને સંભારે છે વીરનંદિને.

(इन्द्रवज्रा)

निर्यापकाचार्यनिरूक्तियुक्ता-
मुक्तिं सदाकर्ण्य च यस्य चित्तम्।
समस्तचारित्रनिकेतनं स्यात्
तस्मै नमः संयमधारिणेऽस्मै।।१२५।।

'**શ્લોકાર્થ :- નિર્યાપક આચાર્યોની નિરુક્તિ** (-વ્યાખ્યા)...' પ્રતિક્રમણની. '**સહિત** (પ્રતિક્રમણાદિ સંબંધી) **કથન સદા સાંભળીને જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન** (-ધામ) **બને છે,...**' આહા..હા..! એ વ્યવહારપ્રતિક્રમણ સાંભળવામાં આવે છે, વિકલ્પ હોય છે, પણ એવું '**કથન સદા સાંભળીને જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન બને છે,...**' અંદર ચારિત્રનું સ્થાન અંદરમાં છે. આહા..હા..! અંદર આનંદનું સ્થાન બને છે. એનું નામ સત્ય પ્રતિક્રમણ છે. આહા..હા..! મુનિરાજ ૯૦૦ વર્ષ પહેલાં થયા. '**જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન** (-ધામ)...' આહા..હા..! 'સ્વયં જ્યોતિ સુખધામ' એમાં સ્વધામમાં જે રમે છે. આહા..હા..! એનું આયતન એ નિકેતન છે. નિકેતન-ઘર-ધામ. આહા..હા..! આત્માના આનંદમાં ચારિત્રમાં રમવું એ જ નિજઘરનું ધામ છે. રાગમાં રહેવું એ નિજધામ નહિ. આહા..હા..! છે? '**તે આ સંયમધારીને નમસ્કાર હો.**' પ્રમોદ કરે છે કે આહા..હા..! ધન્ય તારો (સંયમ), ભાઈ! તારી અંદર ચારિત્રદશા, આનંદની રમણતા તેને અમે નમસ્કાર કરીએ છીએ. આહા..હા..! વિકલ્પ છેને લખતાં. '**તે આ સંયમધારીને નમસ્કાર હો.**' એ એક શ્લોક કહ્યો. આહા..હા..! બીજો શ્લોક.

(वसंततिलका)

यस्य प्रतिक्रमणमेव सदा मुमुक्षो-
र्नास्त्यप्रतिक्रमणमप्यणुमात्रमुच्चैः।
तस्मै नमः सकलसंयमभूषणाय
श्रीवीरनन्दिमुनिनामधराय नित्यम्।।१२६।।

પોતાના ગુરુને નમસ્કાર કરે છે. ગુરુ કેવા છે? આહા..હા..! ધન્ય અવતાર!!

'**શ્લોકાર્થ :- મુમુક્ષુ એવા જેમને** (-મોક્ષાર્થી એવા જે વીરનંદી મુનિને)...' અમારા ગુરુ તો મોક્ષાર્થી હતા. આહા..હા..! પુણ્યના અર્થી અને વ્યવહારના અર્થી નહિ. આહા..હા..! એને ગુરુ કહેવામાં આવે છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષના અર્થી મુનિને '**સદા પ્રતિક્રમણ જ છે...**' જુઓ, આહા..હા..! સદાય પ્રતિક્રમણ. આત્માની રમણતા સદાય એમને છે. આહા..હા..! મુનિ મુનિની વાત કરે છે, જુઓ! સાચા નિર્ગ્રંથ મુનિ વીતરાગી પર્યાયમાં રમનારાને સદા પ્રતિક્રમણ છે. આહા..હા..!

**'અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી,...'** અનેકાંત કર્યું. અણુમાત્ર પણ અપ્રતિક્રમણ અમારા ગુરુને નથી, એમ કહે છે. આહા..હા..! **'તે સકળસંયમરૂપી ભૂષણના ધરનાર શ્રી વીરનંદી નામના મુનિને નિત્ય નમસ્કાર હો.'** આહા..હા..! સકળસંયમરૂપી ભૂષણ. અંદર વીતરાગતાની પરિણતિરૂપી શોભા એને ધારણ કરનારા **'વીરનંદી નામના મુનિને નિત્ય નમસ્કાર હો.'** આહા..હા..! મહામંગળિક કર્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૧૩, શુક્રવાર, તા. ૦૩-૧૦-૧૯૭૫, ગાથા-૯૫, પ્રવચન નં. ૫૧

આ નિયમસાર. છઠ્ઠો અધિકાર. નિશ્ચય-પ્રત્યાખ્યાન. સત્ય પ્રત્યાખ્યાન કે જે ચારિત્રનો ભેદ છે. **'હવે, નીચે પ્રમાણે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર કહેવામાં આવે છે—કે જે નિશ્ચય-પ્રત્યાખ્યાન...'** નિશ્ચયપ્રત્યાખ્યાન-પચ્ચખાણ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત શુભાશુભભાવરહિત જ્ઞાનનું પરિણમન શુદ્ધ થવું, આનંદનું પરિણમન જે થવું એનું નામ પ્રત્યાખ્યાન છે. આહા..હા..! એ **'સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્યની વિજય-ધજાના...'** .. પ્રત્યાખ્યાન. આનંદસ્વરૂપમાં રમણતા, અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા એનું દર્શન થયું છે, એનું જ્ઞાન થયું છે, હવે એ અતીન્દ્રિય આનંદમાં શુભાશુભભાવ છૂટી જઈને, અતીન્દ્રિય આનંદમાં રમણતા, શાંતિની સ્વચ્છતાની પ્રભુતાની રમણતા (થાય) એને અહીંયાં સાચું પ્રતિક્રમણ કહે છે. આહા..હા..! બહારના બધા પચ્ચખાણ તો ઘણાં કરે છે. અપવાસના ને ચોવિહારના ને ફલાણાના ને ઢીંકણાના. એ તો બધો વિકલ્પ છે, એ પચ્ચખાણ નથી.

પચ્ચખાણ તો અહીંયાં કહે છે **'સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય...'** ચારિત્રરૂપી પ્રવ્રજ્યા. આહા..હા..! એનું જે સામ્રાજ્ય. ચારિત્રનું સામ્રાજ્ય જ્યાં વર્તે છે હવે, એમ કહે છે. આહા..હા..! આત્માની આનંદ ભૂમિકામાં આહા..હા..! માર્ગ ભાઈ અલૌકિક છે આ તો! ભગવાન આનંદનું ધામ એની વર્તમાન પરિણતિમાં, આનંદ ભૂમિકામાં ચારિત્રનું સામ્રાજ્ય વર્તે છે, કહે છે. ચારિત્રનું રાજ વર્તે છે હવે. આહા..હા..! કહો, અમરચંદભાઈ! આહા..હા..! એણે શું ચીજ છે એવો નિર્ણય તો કરવો પડશેને. આહા..હા..! અત્યારે ગોતવા જાશો તો મુશ્કેલ પડે એવું છે. આ ચીજ આવી છે બહુ ઝીણી, બાપુ! આહા..હા..! નિશ્ચય પ્રત્યાખ્યાન. ત્યારે કહે અમે વ્યવહાર પચ્ચખાણ કર્યું છેને એમાંથી નિશ્ચય થશે. એમ નથી. એ તો આપણે પહેલા કહી ગયા હતા એમાં. ભાઈ આજે આવ્યા હતા, અમરચંદભાઈ. 'માને મોક્ષ પરંપરા.' નહોતું આવ્યું? સર્વવિશુદ્ધ

અધિકારમાં. સર્વવિશુદ્ધ ૧૨૨ બોલ. ભાઈ આવ્યા હતા એમ કહે ક્યાં આવ્યું? આજે બપોરે કહ્યું હતુંને. એમ કે આપણે આ દયા, દાન, વ્રત, અપવાસ આદિ અપવાસ કરીએ એની પરંપરાથી શુદ્ધતા થશે. એ માનનારો મૂઢ જીવ છે, કહે છે. 'માને મોક્ષ પરંપરા' નહોતું આવ્યું? એ બતાવ્યું હતું.

શ્લોકનું છે હોં. શ્લોક છે. દ્રવ્યલિંગી મુનિ કા... 'પરજાય બુદ્ધિ જીવ.' ભાષા કેવી લીધી જોયું! એ પર્યાય એટલે અવસ્થા ઉપર જેનું લક્ષ છે, દૃષ્ટિ ત્યાં પડી છે. 'તીનકો બાહ્ય ક્રિયા વિષે હૈ અવલંબ...' જેની વર્તમાન દૃષ્ટિ વર્તમાન પ્રગટ પર્યાય ઉપર પડી છે. આહા..હા..! જુઓ તો ખરા શૈલી! જે દ્રવ્ય વસ્તુ છે તેની દૃષ્ટિનો જેને અભાવ છે. આહા..હા..! અને પર્યાય ઉપર જેની દૃષ્ટિ છે તે જીવ. 'તીનકો બાહ્ય ક્રિયા વિષે અવલંબ...' છે. એને તો આ દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, પૂજા કરવા, તપ કરવા એવી બાહ્યક્રિયા વિષે એનું અવલંબન છે. ત્રિકાળી દ્રવ્યનું અવલંબન એને નથી. આહા..હા..! 'કુમતિ બાહ્ય દૃષ્ટિસોં બાહિજ ક્રિયા કરંત' આહા..હા..! 'માને મોક્ખ પરંપરા મનમેં હરખ ધરંત.' મનમાં હરખ કરે કે આપણે આ દયા પાળીએ છીએ, વ્રત કરીએ છીએ, અપવાસ કરીએ છીએ, તપસ્યાઓ કરીએ છીએ. હળવે-હળવે મોક્ષમાર્ગ થાય. કાંઈ એમ ને એમ થતો હશે? એ હમણા એક મળ્યો હતો ત્યાં ક્યાંક. કોટા કે ક્યાં? શ્વેતાંબર આવ્યો હતો. એમ કે આ પહેલી શ્રેણી શુભ થાય એ શ્રેણી છે. પછી શુદ્ધ થાય એ બીજી શ્રેણી. લોકોને બિચારાને (કાંઈ ખબર ન મળે). પણ જેની બુદ્ધિ વસ્તુ જે ચિદાનંદ ભગવાન એવો વસ્તુસ્વભાવ એની તો દૃષ્ટિ આવી નથી અને પર્યાયબુદ્ધિ ઉપર લક્ષ રાખીને જે કાંઈ ક્રિયાકાંડ શુભરાગની મંદતાના કરવામાં આવે એ તો મિથ્યાત્વસહિત પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ 'કુમતિ બાહિજ દૃષ્ટિ સુ બાહિજ ક્રિયા કરંત, માને મોક્ખ પરંપરા' એમ કરતાં-કરતાં પરંપરાએ મોક્ષ થાશે એમ અજ્ઞાની... આહા..હા..! 'મનમે હરખ ધરંત' મનમાં હરખ કરે છે. આપણે કાંઈક કર્યું છે શુભભાવ. શુભભાવ પણ છેને. અને એની પરંપરામાં શુદ્ધ થાય. પાધરું શુદ્ધ થતું હશે? દેવીલાલજી!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાની એ છે. અમરચંદભાઈ કહેતા હતા કે અમે બધું એમ જ માનતા. વાત તો સાચી. એવું માને. વાત તો એવી છે. આહા..હા..! આ તો વસ્તુનું સ્વરૂપ જ આમ છે, ભાઈ!

કહે છે 'સુદ્ધાત્મ અનુભવ કથા' એવા જીવને કોઈ એ કહે કે ભાઈ! આત્મા શુભભાવથી રહિત છે અને શુદ્ધ ચિદાનંદ છે તેનો અનુભવ થવો તે ધર્મ અને મોક્ષનું કારણ છે. 'કહે સમકિતી કોઈ શુદ્ધાત્મ અનુભવ કથા, કહે સમકિતી કોઈ સુ સુનકે તાસુ યહ સિવપંથ ન હોઈ.' એ નહિ... નહિ... નહિ... એ તમારું એકાંત છે, એકાંત છે. દેવીલાલજી! અપવાસ

કરવા, આ કરવા, આંબેલ કરવી, ઓળીયું કરવી, હોળીયું કરવી બધી રાગની મંદતા ક્રિયાની બધી. પણ કરતાં-કરતાં થાય કે પાધરું થઈ જતું હશે? ભાઈ! તને ખબર નથી. તને તારી દૃષ્ટિ પર્યાય ઉપર એટલે રાગ ઉપર છે અને પર્યાય ઉપર છે. આહા..હા..! ત્યાં બુદ્ધિ રાખીને તું ક્રિયાકાંડમાં જોડાઈ ગયો છો રાગની મંદતામાં. આહા..હા..! એ વાત કોઈ કહે કે ભાઈ! રાગની ક્રિયા છે એ ધર્મ નહિ અને પરંપરાએ પણ એમાં ધર્મ નથી. આત્મા રાગની અપેક્ષા પર્યાયબુદ્ધિ છોડી દઈ અને શુદ્ધ ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધાત્મા એ દ્રવ્ય એનો અનુભવ એ ધર્મ છે અને એ જ મોક્ષનું કારણ છે. 'કહે સમકિતી કોઈ, સો સુનકે તાસો કહે યહ .. હોય નહિ.' નહિ... નહિ... આવું ક્યાંથી ખોસ્યું તે? એમ કહે. પહેલી શ્રેણી જોઈએ કે નહિ? પાધરી શ્રેણી ઉપડી જાય અંદરથી? પાધરી સમજ્યા? સીધા. શુભભાવ વિના સીધું થઈ જાય છે? હા, એમ થાય છે, એમ કહે છે અહીં. જુઓ!

'**નિશ્ચય-પ્રત્યાખ્યાન...**' બીજી લીટી છે? '**સકળ પ્રવ્રજ્યારૂપ...**' સકળ ચારિત્રરૂપી '**સામ્રાજ્ય...**' આહા..હા..! જેની દશામાં વીતરાગરૂપી ચારિત્ર પ્રવ્રજ્યા વર્તે છે એ એનું સામ્રાજ્ય ત્યાં છે. રાગનું સામ્રાજ્ય નહિ. સમજાણું કાંઈ? જુઓને મુનિરાજ કેવી ટીકા કરે છે! જેને ભગવાન આત્મા દૃષ્ટિમાં આવ્યો છે, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય તરીકે જણાણો છે એવો જે ભગવાન આત્મા એમાં જે રમણતા-વીતરાગ પરિણતિ ચારિત્રદશા (વર્તે છે) ત્યાં એને ચારિત્રનું સામ્રાજ્ય છે. આહા..હા..! એનું એને રાજ સામ્રાજ્ય રાજ ચારિત્રનું છે. આહા..હા..! અરે ભાઈ! માર્ગ એને છે એમ એણે જાણવો તો પડશે કે નહિ? આહા..હા..! અરે! આમ ને આમ ચાલ્યા જાય છે જીવો બિચારા દેહ છોડીને. છૂટવાનો કાળ (આવશે) ત્યારે તો છૂટશે. આહા..હા..! પણ રાગની એકતાની ગાંઠ નહિ છોડે જ્યાં સુધી... આહા..હા..! ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ન થાય. અને સમ્યગ્દર્શન પછી પણ અસ્થિરતા છોડીને સ્વરૂપમાં રમણતા (થાય).. અહીં એ વાત છેને પ્રત્યાખ્યાનની? એ જ્ઞાનનું પરિણમન શુદ્ધ નિર્મળપણે થવું એ ચારિત્રનું સામ્રાજ્ય ત્યાં વર્તે છે કહે છે. નિશ્ચય-પ્રત્યાખ્યાનવાળાને રાગનું અને વ્યવહારનું સામ્રાજ્ય નથી માથે, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** પ્રચારની જરૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રચારની જરૂર છે. એમ કે ત્યાં અમારા આગ્રા આવો ત્યાં. એમ કહે છે. પણ હવે નવરા થઈને અહીં રહોને. તમારે કામ કરવું છે એકલાનું કે દુનિયાનું કામ કરવું છે? આહા..હા..! પૈસામાં પણ બધાને ભેગા કરીને કરતા હોયને એટલે આ પણ ભેગા (કરીને કરીએ). આ તો આત્માનું કરવા માટે એકલાનું કામ છે. અહીં બેકલાનું કામ નથી. આહા..હા..! એકલો કર્મ કરે રાગ અને એકલો ભોગવે દુઃખ. આહા..હા..! એ બધા ઊભા રહે. હસમુખને થયું હતું નહિ ઓલું? સપના આવતા અને આમ થયું હતું. એના દીકરાને ભાઈ! અમે ગયા તો કહે માઠા સપના આવે છે, આમ થાય છે ને તેમ થાય છે. અમે

ગયા પછી.. એના દીકરાને જ. પૈસા તો ઘણા હતા ધૂળ બહારમાં. તો શું કર્યું ત્યાં? એના બાપ અને મા બેઠા હતા, ભાઈઓ હતા પાંચ બીજા.

**શ્રોતા :-** આપે પગલા કર્યા હવે મટ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો મટવાનું હતું. આહા..હા..! હા, પણ એ બોલતો હતો બિચારો હોં હું આવ્યો ત્યારે. માઠા સપના આવે છે. આમ પડે છે ને આમ પડે છે ને ઘા વાગે છે. હોય હોય. એ કલ્પના છે બધી. આહા..હા..! શું કરે ત્યાં બીજો જોડે? રોવે. આહા..હા..! જોવે અને રોવે બીજું શું (કરે)? આહા..હા..! આ જુઓને પરમ દિ' થયું હતુંને, જોષીના દીકરાનું. આમ થયું તો આખું ઘર રોવા માંડ્યું. એ વખતે મોટર ક્યાંથી લાવવી? એકદમ લઈ જવાની જરૂર પડે ત્યાં ભાવનગર હોસ્પીટલમાં. એમાં વળી આ ઉત્તમચંદનો દીકરો આવ્યો હતોને વડીએથી. એને જાવું હતું બપોરે પરમ દિ' વ્યાખ્યાન સાંભળીને. ત્યાં રોકકળ (ચાલુ થઈ) અને ગોતવા માંડી કોઈ મોટર. એટલે આને કહે ભાઈ મને.. અમે આજ જવાના હતા. તમને મૂકવા આવીએ. એ મૂકવા ગયા ત્યાં હોસ્પીટલમાં અસાધ્ય થઈ ગયો. પછી કહે ઠીક છે. એમ કહેતો હતો. આહા..હા..! પણ રોકકળ કરે. રોકકળ કર્યે એને મટી જતું હશે ત્યાં? અને એ વળ નાખે અંદરથી. જોયું છેને એક-બે જણાને. આહા..હા..! દુઃખ તો થાયને. એ તો સાદી ભાષા છે. આમ એક.. થાય છેને. મોટર. વડીયાની હતીને મોટર. ઉત્તમચંદભાઈ નહોતા? તમે વડીયા આવ્યા છો. ગુજરી ગયાને ઈ, એનો છોકરો આવ્યો હતોને અહીંયાં? એની મોટર ત્યાં હતી અને એને જાવું હતું વડીયા પરમ દિ' પણ એને આ જોડે આ લોકો આવ્યા અને કહે અમારે આમ છે. અમને મોટર મળતી નથી ક્યાંય બીજી ક્યાં લાવવી અત્યારે? આવો બેસો. મૂકી આવ્યા. પછી સવારે અહીંથી કાલે વ્યાખ્યાન સાંભળીને કાલે ગયા. નહિતર પરમ દિ' વ્યાખ્યાન સાંભળીને જાવું હતું વડીયા. એ વાત કરતા હતા. એટલે મેં કીધું તમે જવાના હતાને કાલે? કે આવું થયું. શું કરીએ? રોકકળ ઘરમાં. શું કરે હવે? તારા રોકકળ કરે ત્યાં મટી જતા હશે? આહા..હા..! કોઈ કોઈનું નથી, બાપુ! અને તે એ રોવે છે એ એની સગવડતાને માટે રોવે છે. અમારી સગવડતાવાળો જાય છે... સગવડતાવાળો જાય છે... હાય.. હાય.. શું થાશે અમારું? એનું શું થાશે? ક્યાં જશે એને કાંઈ રોવે છે? શેઠ સમજ્યા? એ મરીને ક્યાં જશે એને રોવે છે કોઈ? પશુમાં જાશે કે.. એ જાય નરકમાં, અમારે ક્યાં કામ છે અહીં.

**શ્રોતા :-** એવો વિચાર જ ન આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિચાર જ ક્યાં છે. આહા..હા..! આ સંસાર!

કહે છે કે પ્રભુ! એકવાર સાંભળતો ખરો. જે મોક્ષનું કારણ જે ચારિત્ર અને ચારિત્રની દશાના પ્રકાર પ્રવ્રજ્યા આદિ. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સંવર, નિર્જરા એ બધા ચારિત્રના પ્રકાર છે. સમજાય છે કાંઈ? જેમ દસલક્ષણી પર્વમાં ઉત્તમક્ષમા આદિ એ બધા ચારિત્રના

પ્રકાર છે. દસલક્ષણી પર્વમાં.

અહીં કહે છે કે '**નિશ્ચય-પ્રત્યાખ્યાન સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્યની...**' આહા..હા..! એને કહ્યું હતું ત્યાં ઓલા જામનગરનો છેને દરબાર હતોને? કરોડની ઊપજ. દિગ્વિજય. ત્યાં હું દિશાએ જતો હતો એના બંગલા પાસે. એને બિચારાને આંખ.. કરોડની ઉપજ અને રાણી વળી એનાથી બહુ હુશિયાર અને બહુ પૈસા ભેગા કરેલા. એને ખબર કે મહારાજ અહીં આવે છે. મારાથી ગામમાં અવાય એવું નથી. મહારાજના દર્શન ... પછી વાત તો કરી દરબાર! આ સામ્રાજ્ય નહિ. કરોડની ઉપજ. આ ધૂળના સામ્રાજ્ય નહિ. આ અનંતગુણનો નાથ ભગવાન એનું સામ્રાજ્ય છે એ તારી પાસે પડ્યું છે અંદર.

અહીં તો ચારિત્રને સામ્રાજ્ય ઠરાવ્યું. આહા..હા..! જેણે આત્માને અંદરમાંથી અનુભવ્યો અને ચારિત્રની દશા જ્યાં જ્ઞાનનું પરિણમન શુદ્ધ થયું. આહા..હા..! એ શુદ્ધદશા એ ચારિત્રની દશા એ નિશ્ચય-પ્રત્યાખ્યાનની દશા એનું ત્યાં વીતરાગપણાનું સામ્રાજ્ય છે હવે અહીં તો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચય-પ્રત્યાખ્યાનમાં વીતરાગપણાનું સામ્રાજ્ય છે. ઓલા વ્યવહારના વિકલ્પમાં આવ્યા માટે આ થયું એમ નથી, એમ કહે છે. આહા..હા..! મુનિરાજની ટીકા તો જુઓ. પદ્મપ્રભમલધારીદેવ. જુઓ ઉપર છેને ત્રીજામાં છે. આહા..હા..! કહે છે કે પ્રભુ આત્મા આનંદ, અતીન્દ્રિય આનંદનું ધામ એની પર્યાયમાં વીતરાગતાની દશા, સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત વીતરાગતાની અવસ્થા તે નિશ્ચય-પ્રત્યાખ્યાન અને તે ચારિત્રનું સામ્રાજ્ય ત્યાં વર્તે છે. વીતરાગભાવનું સામ્રાજ્ય છે ત્યાં રાગની ગંધ નથી, એમ કહે છે. આહા..હા..! આને પ્રત્યાખ્યાન કહેવું. ઓલા લોકો બહારથી કહે, આ પચ્ચખાણ કર્યા છે. બૈરા-બૈરાને હશે કે નહિ બધું હવે. પૂર્વનું બધું હતું. હળવે-હળવે નીકળી જશે.

**શ્રોતા :-** ખતમ થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખતમ થઈ ગયું? એ તો બધાને હતું. એમાં એકની ક્યાં વાત છે. આહા..હા..!

ભાઈ! આતમરામ જેની આત્મામાં રમતું જાગી છે અંદર. આહા..હા..! શાંતિ અને ચારિત્રની રમણતા જ્યાં થઈ છે, કહે છે કે ત્યાં વીતરાગપણાનું સામ્રાજ્ય વર્તે છે. આહા..હા..! એ વીતરાગભાવથી એ ચારિત્ર શોભી રહ્યું છે. સમજાણું કાંઈ? આવો માર્ગ. અહીંયાં તો હજી દર્શનશુદ્ધિના ઠેકાણા ન મળે, સ્વસંવેદનજ્ઞાનના ઠેકાણા ન મળે અને આ વ્રત લીધા અને આ ક્રિયા કરી એ અમારો ધર્મ છે અને ચારિત્ર છે. આ બધા શેઠિયા તો શું કે આપણા કરતા તો સારા છેને. આપણે બાયડી, છોકરા છોડીને નથી બેઠા, એ છોડીને બેઠા છે. શેઠ! અને આપણે ધંધા-પાણી કરીએ. એ તો બિચારા ધંધા કરતા નથી. આ બાયડી-છોકરા લઈને બેઠા, એને બાયડી-છોકરા નથી. પણ બાયડી-છોકરા નથી પણ મિથ્યાત્વ પડ્યું છેને મોટું. ચોપડાની ખબર પડતી નથી કે આટલા પૈસા છે ને આટલા માંગે છે, આટલી ઉઘરાણી

છે, આટલા રોકડ પડ્યા છે.

**શ્રોતા :-** અભ્યાસ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભ્યાસ છે. વાત સાચી. એનો અભ્યાસ છે. આનો અભ્યાસ નથી. વાત એમ છે. આહા..હા..! મુનિરાજ પોતે કહે છે, ચારિત્રનું સામ્રાજ્ય વર્તે છે અમારે પાસે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સકળ પ્રવ્રજ્યારૂપ...**' આહા..હા..! સકળ રાગથી નિવૃત્તિરૂપ અને અંતર રમણતારૂપ '**સામ્રાજ્યની વિજય-ધજાના વિશાળ દંડની...**' આહા..હા..! એનો વિજયધ્વજ વાગે છે ત્યાં. વિજય અમારો છે. ચારિત્રનો વિજય અમારો છે. વીતરાગભાવનો અહીં વિજય છે. આહા..હા..! વિજયધ્વજ કીધોને. વિજય-ધજા એનો વિશાળ દંડ. વિજય ધજાનો દંડ જે હોયને. આહા..હા..! એ '**દંડની શોભા સમાન છે,...**' આનંદસ્વરૂપ ભગવાન એને અનુભવમાં દૃષ્ટિ સહિત લીધો અને જે વીતરાગ પર્યાય ચારિત્રદશા પ્રવ્રજ્યા પ્રગટી... આહા..હા..! કહે છે કે એવી જે પ્રવ્રજ્યા એનું સામ્રાજ્ય એની વિજય-ધજા. અમારો વિજય છે, ચારિત્રનો વિજય છે, રાગનો વિજય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એવી વાત સાંભળી નહિ એણે. આ મુનિપણું લઈને બેઠા અને લૂગડા ફેરવ્યા. આ લૂગડા છોડ્યા અને નગ્ન થયા, બાપા! પ્રભુ! એ હિતના પંથ કોઈ અલૌકિક છે, ભાઈ! આહા..હા..! કહે છે, એના જ્ઞાનમાં તો વાત લે કે ચારિત્ર આવું હોય. સમજાય છે કાંઈ?

એવા '**વિજય-ધજા...**' '**સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય...**' એની વિજય-ધજા. વિજય થઈ ગયો છે. એ વિજય-ધજારૂપી વિશાળ દંડ એનો જે દંડ પાછો મજબુત હોયને. એવી શોભા સમાન છે. આહા..હા..! આ નિશ્ચય-પ્રત્યાખ્યાન. આહા..હા..! એ નિશ્ચય-પ્રત્યાખ્યાન '**સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે,...**' સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે. આહા..હા..! '**મોક્ષની સીડી છે...**' એ નિશ્ચય પ્રત્યાખ્યાન મોક્ષની સીડી છે. મોક્ષની સીડી. ચડવા માંડ્યો ત્યાં ફડાક... ફડાક... ફડાક. આહા..હા..! '**અને મુક્તિરૂપી સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે.**' રમણતા આનંદની જ્યાં આવી ત્યાં કહે મુક્તિરૂપી (સ્ત્રીની) પહેલા ભેટ થઈ ગઈ ત્યાં. મુક્તસ્વભાવ થયોને ત્યાં એટલો? આહા..હા..! વિકલ્પથી મુક્ત થયો છે અને નિર્વિકલ્પ રમણતા ચારિત્રની પ્રવ્રજ્યા છે, કહે છે કે મુક્તિરૂપી સ્ત્રીની પ્રથમ દર્શનની ભેટ છે. પહેલો ભેટ થયો મુક્તિનો એને. રાગથી મૂકાણો અને સ્વભાવની પરિણતિની નિશ્ચય દશા જાગી એ મુક્તિની ભેટ થઈ, કહે છે. એ છઠ્ઠે ગુણસ્થાને આ મુક્તિની ભેટ થઈ એમ કહે છે. આહા..હા..! પ્રથમ... આહા..હા..! ભારે ટીકા!

અરે! ભાઈ! આ તો મોક્ષના માર્ગની વાત છે, બાપુ! એ અપૂર્વ વાત છે. પૂર્વે એને શ્રુત-પરિચિત યથાર્થ વાત સાંભળી નથી. આહા..હા..! ચોથી ગાથામાં આવે છેને. ભાઈ! તેં શ્રુત-પરિચિત-અનુભૂતા. રાગને કરવું અને રાગને ભોગવવું એ વાત તેં સાંભળી છે. સમજાણું?

એનો તને પરિચય થયો છે, ભાઈ! પણ આ રાગ વિનાનું જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર... આહા..હા..! જેને વિકલ્પનો સ્પર્શ નથી અને મંદ વિકલ્પ હોય તો ચારિત્ર થાય એવી જેને અપેક્ષા નથી. આહા..હા..! નિશ્ચય સત્ય પ્રત્યાખ્યાન એને કહીએ કે જેમાં વીતરાગપણાનો વિજય છે. આહા..હા..! રાગનો જેમાં પરાજય છે. આહા..! સમજાણું કાંઈ? એ મોક્ષની સીઢી છે. પહેલું એ કીધું, શોભા એની કીધી વર્તમાન ચારિત્રની. હવે એ પોતે કર્મ નિર્જરાનો હેતુ છે. એક વાત. એ મોક્ષની સીઢી છે, મોક્ષની શ્રેણી ચડશે હવે. અને '**મુક્તિરૂપી સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે.**' આહા..હા..! પહેલું દર્શન-મુક્તની દશા થઈ એટલું મુક્તદશાનું પરિણમન થયું. આહા..હા..!

'**અહીં ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે.**'

**मोत्तुण सयलजप्पमणागयसुहमसुहवारणं किच्चा।**
**अप्पाणं जो झायदि पच्चक्खाणं हवे तस्स।।९५।।**

**પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.**

આહા..હા..! '**જે જીવ ધ્યાવે આત્મને,...**' જીવ ધ્યાવે આત્માને પાછા. એ તો એનું એ થયું. આત્મા ધ્યાવે આત્માને. એમ એ તો બે શબ્દ કહ્યો. કોઈ જીવ અને આત્મા જુદાં છે એમ નહિ. એનો એ જીવ અને એનો એ આત્મા, એમ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો એક નાખીને વિસ્તાર કર્યો છે. '**अप्पाणं जो झायदि**' શબ્દ એમ છેને. જે કોઈ આત્માને ધ્યાવે. આહા..હા..! આ રીતે પચ્ચખાણ છે તે જીવને. લ્યો!

'**ટીકા :- આ, નિશ્ચયનયના પ્રત્યાખ્યાનના સ્વરૂપનું કથન છે.**' વાત એવી લાગે લોકોને કે પણ નિશ્ચયનય, પણ વ્યવહારનય વિના નિશ્ચય પ્રગટે કઈ રીતે? આહા..હા..! બે નય છે કે નહિ? બે નય છે તે વ્યવહારનો વિકલ્પ હો એટલું, પણ એનાથી નિશ્ચય પ્રગટે એમ નથી. તો બે એક થઈ જાય છે. બે નયનો વિષય વિરોધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આકરું કામ આ. એમ કે વ્યવહાર શુભભાવ છે તો એમાંથી... વળી કેટલાક એમ કહેતા કે વ્યવહારનયમાં પણ થોડો નિશ્ચયનો અંશ છે, એમ કહેતા. આહા..હા..! ભાઈ! વ્યવહાર તો રાગ છે એમાં નિશ્ચયનો અંશ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? બહુ ફેરફાર હતો ઘણો. આહા..હા..! એણે દરકાર કરી નહિ. બહારની પ્રવૃત્તિમાં બસ બહાર છોડ્યા, લૂગડા છોડ્યા, આ કાંઈક ઘટાડ્યા, આવું કર્યું ને આમ કર્યું. આહા..હા..! એ કાંઈક બ્રહ્મચર્ય પાળે, કષાય મંદથી ઓછું બોલે, મૌન રાખે એથી શું થયું? એ શું વસ્તુ છે કાંઈ?

અહીં કહે છે કે પ્રભુ આત્મા.. આહા..હા..! '**પ્રત્યાખ્યાનના...**' નિશ્ચયનું સ્વરૂપ કહીએ છીએ. '**અહીં એમ કહ્યું છે કે—વ્યવહારનયના કથનથી,...**' પહેલો વ્યવહાર લીધો. શું વ્યવહાર? કે '**મુનિઓ દિને દિને ભોજન કરીને પછી...**' આહાર એક વખત કરે '**પછી**

**યોગ્ય કાળ પર્યંત અન્ન, પાન, ખાદ્ય અને લેહ્યની રુચિ છોડે છે;...'** આહા..હા..! એટલે કે એક આજ કર્યું, પછી કાલ સુધીની તેને રુચિ આહારનો ત્યાગ છે. યોગ્ય કાળ એટલે કોઈ બે દિવસ, ત્રણ દિવસ કરે, પણ એક દિવસ તો હોય જ એને. એક દિ'માં બે વખત આહાર ન હોય. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :-** એવું જ તો કરે છે અત્યારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે? ધર્મની દૃષ્ટિ વિના? બાહ્યની ક્રિયા છે એકલી રાગની. રાગની ક્રિયા છે. અહીં તો નિશ્ચય હોય એની વાત છે. નિશ્ચય હોય એ વ્યવહારવાળો શું કરે છે ત્યાં? કે **'દિને દિને...'** છેને? **'ભોજન કરીને પછી યોગ્ય કાળ પર્યંત...'** આ ઢસરડા રહ્યા પણ ઓલો નિશ્ચય રહ્યો નહિ કાંઈ. આ તો નિશ્ચય હોય એને વ્યવહાર કેવો હોય એની વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'અન્ન, પાન, ખાદ્ય અને લેહ્યની રુચિ છોડે છે; આ વ્યવહાર-પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે.'** એ તો વિકલ્પનું સ્વરૂપ છે. આહા..હા..!

**'નિશ્ચયનયથી,...'** આ નિશ્ચયથી હોય એને આવો વ્યવહાર હોય, એમ કહે છે. જેને સ્વરૂપનો અનુભવ અને આનંદનો સ્વાદ જ આવ્યો નથી, આનંદમૂર્તિ આત્મા છે, એ વસ્તુ જ અતીન્દ્રિય આનંદનું ધામ છે એવો જ્યાં પર્યાયમાં દ્રવ્યપણાનો સ્વભાવ ભાનમાં આવ્યો નથી એને આ બધું એકલું ક્રિયાકાંડ ઢસરડા મિથ્યાત્વના છે. ભારે આકરી વાત! નિશ્ચયનયનું એને શું હોય છે કહે છે આવા વ્યવહારવાળાને? **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાના પ્રપંચના પરિહાર...'** એ વિકલ્પ અને વાણી એનો પરિહાર છે અંદર નિશ્ચય-પ્રત્યાખ્યાનમાં. આહા..હા..! પ્રશસ્ત શુભ, અપ્રશસ્ત અશુભ **'વચનરચનાના પ્રપંચના પરિહાર વડે...'** એની સાથે ઓલા શુભ વિકલ્પના પણ પરિહાર વડે. **'શુદ્ધજ્ઞાનભાવનાની સેવાના પ્રસાદ દ્વારા...'** આહા..હા..! ભાષા જુઓ, આત્મા એકલો શુદ્ધ જ્ઞાનસ્વભાવ, આત્મા એકલો શુદ્ધ જ્ઞાનસ્વભાવ એની ભાવના. એની ભાવનાની સેવાની કૃપા. આહા..હા..! નીચે છે. **'શુદ્ધ જ્ઞાનને ભાવવાથી—તે ભાવનાના સેવનની કૃપાથી—ભાવકર્મોનો અને દ્રવ્યકર્મોનો સંવર થાય છે.'** આહા..હા..! સમજાણું કાંઈ?

આ કાઠિયાવાડમાં જામનગરમાં સ્થાનકવાસીમાં રિવાજ છે એનો. આઠમ, પૂનમના પોષા કરે. આ બહારની ક્રિયા. એને એ સંવર માને. સંવર કર્યો. એ જ્યારે ૮૨મા ગયા હતા જામનગર. ત્યાં વીરજીભાઈના બાપ હતા તારાચંદભાઈ. સૂત્રના જાણનારા અને સાધુને વંચાવે. પહેલું વહેલું ૮૨મા અમે ગયા અને સાંભળ્યું એણે. કીધું આ જે કાંઈ શુભની ક્રિયા જે આ છે એનાથી તો શુભનામકર્મ બંધાય. સંવર-ફંવર નહિ. તારાચંદભાઈ હતા. ઓલા વીરજીભાઈ નહોતા? વીરજી વકીલ. જામનગરવાળા નહિ? હતા એના પિતા? પિતાજી ગુજરી ગયા ૮૬માં. ૮૬. એ પહેલા અમે ૮૨મા ગયેલા ત્યારે. એ એમ કીધું એટલે સાંજે એકલા આવ્યા. કોઈ

નહિ અને પડિક્કમણાનું ટાણું. મહારાજ! આ બધી ક્રિયાઓ ઉથાપાઈ જાય છે. ભાઈ! એ ક્રિયાનું ફળ તમારા જ્ઞાનસાગરમાં જુઓ કીધું. મન સરળ, વચન સરળ, કાયા સરળ ..ના ફળ તો શુભનામકર્મ છે. નામકર્મ બંધાય છેને? ચાર પ્રકારે શુભનામકર્મ અને ચાર પ્રકારે અશુભનામકર્મ. તે દિ' કહ્યું એને. કીધું આ જુઓને આમાં શું છે? મનની સરળતાનો શુભવિકલ્પ, વાણીની સરળતાનો વિકલ્પ, દેહની .. ઝઘડા રહિત વિખવાદ નહિ જેને એવો જે શુભભાવ એ તો નામકર્મ બંધનનું કારણ છે, એ સંવર નહિ. ભડક્યા હતા એ વખતે. પણ માણસ નરમ હોં. નરમ. માર્ગ છે આ કીધું. આહા..હા..! તમારા જ્ઞાનસાગરમાં જુઓ કીધું. એ જ્ઞાનસાગર વાંચેલુંને પહેલું ખૂબ ૬૮થી. જુઓ એમાં શું લખ્યું છે? મનના શુભ પરિણામની સરળતાના ભાવ આ ક્રિયાના એ બધા પુણ્યબંધના કારણ છે. નામકર્મ બંધાય એ સંવર નહિ, એ આસ્રવ છે. પહેલું વહેલું સાંભળ્યુંને એટલે જરી (ભડકેલા). પછી તો સાંભળો કીધું સાંભળો. તે દિ' સાંભળતા બિચારા. નરમ માણસ નરમ. ત્યાંથી ચેલા ગયા હતા ચેલા. અમારે છેને ત્રણ ગાઉ ચેલા. અમારે જીવરાજજીનું ગામ. જામનગરથી ત્રણ ગાઉ ચેલા છે. ત્યાં આવ્યા પાછા. એ વીરજીભાઈ બધા સાંભળવા. સાંભળો બાપુ! આ માર્ગ જુદો છે, ભાઈ! એમ ને એમ તમે માની બેસો કે આ ક્રિયા કરીએ છીએ અને આ કરીએ છીએ. અરે! ..ચંદભાઈ! જોયા હતા તમે? તારાચંદભાઈને. ૮૬માં ગુજરી ગયા હતા. ૧૪ ને ૩૧, ૪૫ થયા. ૮૬ની સાલમાં ગુજરી ગયા. શાસ્ત્રનું વાંચન ઘણું, પણ લક્ષ બધું શુભક્રિયા ઉપર.

એ તો ત્યાં સુધી કહેતા કે સાધુની સંખ્યા શાસ્ત્રમાં લખી છે એ સંખ્યા પ્રમાણે આપણા સાધુ તો થોડા છે એટલે બીજા પણ ભેળવવા પડશે. એમ ન હોય કીધું. મહાવિદેહક્ષેત્ર તો મોટું. સાધુની સંખ્યા તમે અહીંની માનો તો ત્યાં નથી? મોટી સંખ્યા ત્યાં પડી છે અને અન્યમતિના સાધુ મળે નહિ તો સંપ્રદાયના ગૃહીત સાધુ આમાં સાધુ ન મળે. આમાં ન થાય. જેને સાધુનો આંકડો .. ભગવાને કહ્યું એ આંકડામાં આવા ખોટા ન લેવાય. આ તો ૮૨ની વાત છે હોં! ૧૮ ને ૩૧, ૪૯. આહા..હા..! પણ માણસ નરમ એટલે બિચારા સાંભળે. ઘણા વર્ષનું ઘૂંટેલું. મોટી ઉંમરના માણસ. એ જ વાત સંપ્રદાયમાં ઘૂંટાયેલી હતીને. આ વાત હતી જ નહિ.

અહીં કહે છે કે નિશ્ચય-પ્રત્યાખ્યાન તો એને કહીએ અને એને દિન-દિન પ્રતિ ભોજનનો ત્યાગ વ્યવહાર એને કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..! આ શેઠે કીધુંને કે એ તો કરે છે અત્યારે. પણ શું કરે છે? ઓલા નિશ્ચય વિનાનું એકલી વેઠ કરે છે. વ્યવહાર પણ સાચો કે દિ' હતો? એને માટે ઉઘાડે છોગે ચોકા કરે અને લે, છાપામાં આપે કે તમે ચોકા કરવા આવજો. ચોકા કહે છેને? ચોકાનો શું અર્થ થાય? એને માટે બનાવો. આવું તો છાપામાં લખે. એ તો ભાઈએ કીધુંને દેવીલાલજીએ. દેવીલાલજીએ ઠીક પ્રશ્ન કર્યો હતો. શેઠને ખબર નથી? ૮-૮ કલાક ઉંઘે. સાંજના ૯ વાગ્યાથી તે સવારે...

**શ્રોતા :-** મચ્છરદાની લગાવીને સૂવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની લાઈન એ હતી. એ તો અમારે અહીંયા ઉતર્યા હતાને શાંતિસાગર. મજબુત ઓલા કપડાનું બહુ મજબુત. જાડુ કપડું. બબ્બે તસુનું જાડું. એનું ઓલું કરીને અંદર સૂતા હતા. એમ કરીને ત્યાં સૂતા હતા. અમારી ઓરડીમાં ... એટલે એ પ્રથા હતીને એમાં ... અરે! શું બાપા! માર્ગ ભાઈ!

અહીં તો કહે છે કે '**શુદ્ધજ્ઞાનભાવનાની સેવાના પ્રસાદ દ્વારા...**' આહા..હા..! આ પ્રત્યાખ્યાન જુઓ. શુદ્ધ જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એની ભાવના એટલે અંદરની એકાગ્રતા. આહા..હા..! શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદનો નાથ આહા..હા..! એ અતીન્દ્રિય આનંદની ભાવના એટલે એકાગ્રતા. આહા..હા..! એની સેવાના પ્રસાદ દ્વારા. એ ભાવનાની સેવાના કૃપા દ્વારા કર્મ ખપે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**શુદ્ધજ્ઞાનભાવનાની સેવાના પ્રસાદ દ્વારા...**' ઓહો..હો..! મુનિરાજ પોતાની પણ વાત કરે છેને. આત્મા તદ્દન શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાન. જ્ઞાનનો પૂંજ એકલો, જ્ઞાનનો ગંજ, જ્ઞાનનો પિંડ એવો જે ભગવાન આત્મા તેની ભાવના. આવા ભાવની ભાવના. આહા..હા..! એકલો શુદ્ધ જ્ઞાન પિંડ અનંતગુણનો રસકંદ. એને જ્ઞાનપ્રધાનથી એકલો શુદ્ધજ્ઞાનમય કહ્યો. જ્ઞાન મુખ્ય વસ્તુ છેને એથી એ શુદ્ધજ્ઞાનમય... આહા..હા..! એવો આત્મા, એની ભાવના. એ ભાવનાની સેવાથી. આહા..હા..! સેવનથી. એની સેવનની કૃપા દ્વારા. આહા..હા..! અતીન્દ્રિય આનંદની સેવનની કૃપા દ્વારા. આહા..હા..!

'**નવાં શુભાશુભદ્રવ્યકર્મોનો તેમ જ ભાવકર્મોનો સંવર થવો તે પ્રત્યાખ્યાન છે.**' આહા..હા..! વાત સાંભળી નથી એણે. આહા..હા..! શ્વેતાંબરમાં તો આવી વાત પણ નથી ચારિત્રની વ્યાખ્યા નિશ્ચયની. એ વાતમાં બસ વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... એકલો વ્યવહાર બસ. આહા..હા..! ઝીણી વાતું બહુ, ભાઈ! દિગંબર મુનિરાજ સ્પષ્ટ કરે છે કે જ્યાં શુદ્ધજ્ઞાનસ્વરૂપ જે ભગવાન આત્મા જેમાં વિકાર નથી, નિમિત્ત નથી, સંયોગ નથી જેમાં, જે વસ્તુને નિમિત્તપણે કર્મનું આવરણ નિમિત્તપણે પણ નથી એવો જે શુદ્ધજ્ઞાનસ્વરૂપ ભગવાન... આહા..હા..! એની ભાવના. એમાં એકાગ્રતા એ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ 'સ્વયં જ્યોતિ સુખધામ' આવે છેને શ્રીમદ્‌માં? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' બાપુ! આહા..હા..! શ્રીમદ્ કહે છે. ઘણું એમાં ભરી દીધું છે. શુદ્ધ પવિત્ર, બુદ્ધ જ્ઞાનનો પિંડ. શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશી પિંડ. ક્ષેત્ર નાખ્યું. આહા..હા..! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ...' પોતે જ પોતાથી જ્યોતિ અનાદિની છે અને જે સુખનું સ્થાન છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન છે. આહા..હા..! 'સુખ ધામ. બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.' જો એની સન્મુખ થઈને તું જ્ઞાનધારા કર તો તને મળશે. આહા..હા..!

કહો, ...ભાઈ! આ ઊના પાણી ને બધું ઘણું કર્યું હતું ઢસરડા.

**શ્રોતા :-** ઊંધા રસ્તે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊંધા. ખબર છેને. બહુ છે શ્વેતાંબરમાં તો પાણી શું કહેવાય એ? .. હા એ. એમાં પાણી રાખતા અને પીવે. લઈ આવ્યા હતા પહેલા. ઉભા રહે પછી. આમ કરે ને તેમ કરે. લીલાધરજી હતાને. સ્થાનકવાસી, દેરાવાસી. એ અહીંયાં આવ્યા હતા. વળી એક પગે ઉભા રહે. સમવસરણ દેખાય છે. કીધું એમાં શું થઈ ગયું? કલ્પના સમવસરણની હોય તો દેખાય કલ્પના. એમાં આત્મા ક્યાં આવ્યો? લીલાધરજી હતા તેરાપંથી.

અહીં કહે છે, ભાઈ! આવા પ્રત્યાખ્યાનથી નવા કર્મ આવતા નથી અને જૂના કર્મ ટળે એ પછી વાત. નવા કર્મનો સંવર થાય છે આવા ભાવથી. એ ક્યો ભાવ? કે એકલો જે જ્ઞાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એટલે આખો શુદ્ધ આત્મા જે છે એની સેવના-ભાવના. એની ભાવનાની સેવનાની કૃપા, એની ભાવનાની સેવાનો પ્રસાદ. આહા..હા..! ભાષા! છેને અંદર જુઓને અંદર? આહા..હા..! એવા **'શુદ્ધજ્ઞાનભાવનાની...'** શુદ્ધજ્ઞાનભાવનાની. આહા..હા..! **'સેવાના પ્રસાદ દ્વારા...'** એટલે પ્રસાદનો અર્થ પછી ભાઈએ કર્યો કૃપાથી. આહા..હા..! એની કૃપા થઈ એને આત્મામાં. આહા..હા..! અરે! એ વાત સાંભળવા મળે ક્યાં? આહા..હા..! પ્રત્યાખ્યાન આવું છે અને ચારિત્ર આવું છે. આહા..હા..!

એની કૃપા દ્વારા **'જે નવાં શુભાશુભદ્રવ્યકર્મોને...'** જડ અને **'તેમ જ ભાવકર્મો...'** એટલે પુણ્ય-પાપભાવ વિકલ્પ એનો **'સંવર થવો...'** એ અટકી જવું એવા શુભાશુભભાવ અને શુભાશુભદ્રવ્યકર્મ. **'સંવર થવો તે પ્રત્યાખ્યાન છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ અંદર? પુસ્તક પડ્યું છે જુઓ અંદર. એને દિન દિન પ્રત્યે આહાર એકવાર કરીને પછી યથાયોગ્ય કાળ સુધી આહારાદિ છોડે એ વ્યવહાર વિકલ્પની ક્રિયા થઈ. પણ એની નિર્વિકલ્પ વસ્તુ અંદર વર્તે છે... આહા..હા..! કે જે શુદ્ધ જ્ઞાન. વ્યવહારના પ્રપંચના પરિહાર વડે. નાસ્તિ કરી. ઓલી અસ્તિ. શુદ્ધ જ્ઞાન ચૈતન્યદળ એની ભાવના. શુદ્ધજ્ઞાનભાવ ત્રિકાળ એની ભાવનાની સેવાની કૃપા દ્વારા જે નવા જડ કર્મ અને શુભાશુભભાવનું અટકી જવું એ સંવર થવો તે પ્રત્યાખ્યાન છે. આહા..હા..! કહો, આ નવ તત્ત્વમાં સંવરરૂપી પ્રત્યાખ્યાન આને કહેવું, એમ કહે છે. આહા..હા..! નવ તત્ત્વની શ્રદ્ધા પણ જોશેને એને. તો નવ તત્ત્વમાં સંવર-નિર્જરા આવે છે. તો સંવર-નિર્જરા સંવર કોને કહેવો એમાં નવ તત્ત્વમાં? આહા..હા..!

કહે છે કે જે ત્રિકાળી ભગવાન ધ્રુવસ્વરૂપ, ત્રિકાળી સ્વભાવભાવસ્વરૂપ એની એકાગ્રતારૂપી ભાવના, એની સેવનાની કૃપાથી સંવર થાય છે. કહો, જાધવજીભાઈ! ત્યાં સાંભળ્યું હતું કલકત્તામાં? નહોતું. આહા..હા..! ઓહો..હો..! નિયમસાર. મોક્ષનો માર્ગ. નિયમસારનો અર્થ મોક્ષનો માર્ગ. એ મોક્ષનો માર્ગ આ. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનસહિત શુભાશુભભાવનું અટકી જવું અને શુદ્ધતાનું નિર્મળ વીતરાગી પર્યાયનું થવું એ ચારિત્ર, એ પ્રત્યાખ્યાન. દર્શન-જ્ઞાન-ચારિત્ર

એ નિયમસાર. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આ તકરાર ... સાધન છેને વ્યવહાર? શાસ્ત્રમાં નથી કહ્યું? પંચાસ્તિકાયમાં નથી કહ્યું? વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય કહ્યું છે. એથી કહે છે, એ સાધનથી સાધ્ય થાય. છે કે નહિ? પંડિતજીએ નથી કર્યું લખ્યું છે આમાં પંચાસ્તિકાયમાં? એ સાધન છે, નિશ્ચય સાધ્ય છે, નથી લખ્યું? પંચાસ્તિકાયમાં લખ્યું છે તમારા પંડિતે. એ તો કઈ અપેક્ષા છે? નિમિત્ત આવું (હોય) ત્યાં રાગની મંદતાની હદ આવી હોય એટલું જ્ઞાન કરાવવા તેને સાધનનો આરોપ દઈને સાધન કહ્યું છે. આહા..હા..! ભિન્ન સાધન છે એ સાધન ખરું નથી. એ આરોપિત સાધન છે. વ્યવહારથી એને જણાવ્યું કે આવો રાગની મંદતાનો ભાવ હોય. અહીંયાં કહ્યુંને. નિશ્ચય-પ્રત્યાખ્યાનવાળો જીવ એને દિન-દિન પ્રત્યે આહારની રુચિનો યથાકાળ ત્યાગ હોય છે. એ વ્યવહાર. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલો જરી રાગ ઘટ્યોને, એટલો શુભભાવ છેને.

'**જે સદા અંતર્મુખ પરિણમનથી...**' ઓહો..હો..! કેવી છે એ દશા? '**જે સદા અંતર્મુખ પરિણમનથી...**' ત્રિકાળી ભગવાન જે અંતર્મુખ વસ્તુ છે એના પરિણમનથી. અંતર્મુખ દૃષ્ટિ અને અંતર્મુખના જ્ઞાન દ્વારા જે પરિણમન થયું (તેનાથી). આહા..હા..! બહિર્મુખ જે વિકલ્પ છે એ તો છૂટી ગયો, કહે છે. આહા..હા..! આખો આત્મા જે અંતર્મુખ છે એવા અંતર્મુખના પરિણમનથી એની અવસ્થાથી, વીતરાગી દશાથી '**પરમકળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્માને...**' આવા પરિણમનથી પરમકળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્મા. આહા..હા..! પરમ નિર્મળ કળાનો આધાર ભગવાન છે, કહે છે. સમજાણું કાંઈ? '**પરમકળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્મા...**' નિર્મળ ચારિત્રની વીતરાગ દશારૂપી અતિ કળા. આહા..હા..! કળાબાજ જેણે કેવળજ્ઞાનનું પકડવું છે હવે. '**સદા અંતર્મુખ...**' પાછું એમ. અંતર્મુખ થયો એકવાર અને વળી પાછો બાહ્યમુખ થયો એમ નહિ. આહા..હા..! સદા અંતર્મુખ છે જેનું પરિણમન.

'**અંતર્મુખ પરિણમનથી પરમકળાના આધારરૂપ...**' વીતરાગી પરમકળા પ્રત્યાખ્યાનની, ચારિત્રની પરમકળા. આહા..હા..! એનો આધાર '**અતિ-અપૂર્વ આત્મા...**' આહા..હા..! ત્રિકાળી આત્મા એને અતિ-અપૂર્વ આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! '**અતિ-અપૂર્વ આત્મા...**' પર્યાયરૂપ આત્મા તો અનાદિથી સેવ્યો અને દૃષ્ટિ કરી છે, પણ આ તો અતિ-અપૂર્વ આત્મા. પૂર્વે કોઈ દિ' એક સમયમાં એને પકડ્યો નથી. એવા '**અતિ-અપૂર્વ આત્માને અંતર્મુખ સદા પરિણમનની પરમકળાના આધારભૂત...**' આહા..હા..! આત્મા એનો આધાર છે, એમ કહે છે. નિર્મળ પરિણતિની કળાનો આધાર આત્મા છે. રાગની મંદતા એનો આધાર છે એમ નહિ. વ્યવહાર આધાર છે એમ નહિ, એમ કહે છે. આહા..હા..! કાંતિભાઈ! આવી વાત છે. આહા..હા..! અરે! જેને દરબારમાં ધર્મ દરબાર ભગવાનની દશામાં જાવું છેને, ભાઈ!

આહા..હા..! ભગવાન પૂર્ણાનંદના દરબારમાં પ્રવેશ કરવો છે. એને પહેલું આવું ચારિત્ર હોય કહે છે. આ તો તમે નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય...

**શ્રોતા :-** એના વ્યવહારમાં લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યું એ તો વ્યવહાર કે આવો હોય એમ કીધુંને. પણ એ સાધન છે એમ નહિ. ત્યાં હોય છે આવો, બસ એટલું જણાવ્યું. ત્યાં એમ થયું હતું, અગાસ. વ્યાખ્યાન સાંભળ્યું. ત્યાંના માણસો બધા ભક્તિથી માનનારા. સવારે ઉઠે અને ભક્તિ કરે. એકાદ ઝોલા ખાઈને.. એં... એં... એં... કરતા હોય. સવારે વહેલા ઉઠે એટલે. પછી એક જણો આવ્યો રાતે. સાંજે ભેગા નહોતા થાય. એક મારવાડી આવ્યો ઈ કહે, આ બધું ઠીક પણ એનું સાધન? એમ કે આ ભક્તિ કરવી, આ બધું કરવું, સાંભળવું, વાંચન કરવું એ બધું એનું સાધન. કહો, ..ભાઈ! તો પછી ભક્તિ કોણ કરે? જો સાધન ન માને તો ભગવાનની, ગુરુની ભક્તિ કોણ કરશે? તારે શું કામ છે? સાંભળને. એ તો કહ્યું પહેલું કે એવો વિકલ્પ હોય છે, પણ કોને? આવું નિશ્ચય-પ્રત્યાખ્યાનનું પરિણમન છે તેને. સમજાણું કાંઈ? આવો માર્ગ.

'**તેને નિત્ય પ્રત્યાખ્યાન છે.**' આવા અંતર્મુખ પરિણમનથી ભગવાન આત્મા... આહા..હા..! '**પરમકળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્માને...**' ધ્રુવ એને જે 'ધ્યાવે છે,...' આહા..હા..! એને ધ્યાવે છે. આહા..હા..! '**તેને નિત્ય પ્રત્યાખ્યાન છે.**' તેને કાયમ પ્રત્યાખ્યાન છે. આવું પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-૧૪, શનિવાર, તા. ૦૪-૧૦-૧૯૭૫, કળશ-૧૨૭, પ્રવચન નં. ૫૨

નિયમસાર. પ્રત્યાખ્યાન, નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર. પહેલી ગાથા થઈ. '**એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—**'

सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादुणं।
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं।।

પ્રત્યાખ્યાન કોને હોય? કેવા પ્રકારે હોય? એ વર્ણન છે. વ્યાખ્યાન એ ચારિત્ર છે.

'**ગાથાર્થ :- પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે...**' જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ

ભગવાન આત્મા એ સિવાય રાગાદિ બધા પરપદાર્થ છે. **'એમ જાણીને...'** એમ અંતરમાં 'જ્ઞાનસ્વરૂપ હું છું અને આનંદસ્વરૂપ હું છું' એમ જાણીને પોતાથી પર રાગાદિ ભાવ એ **'પર છે, મારામાં નથી'** એમ જાણ્યું પહેલું. **'જાણીને પ્રત્યાખ્યાન કરે છે—'** એટલે કે રાગનો અભાવ કરે છે. જ્ઞાનમાં જાણ્યું કે આ રાગ પર છે. ચાહે તો શુભ-અશુભ હો કે ગમે તે પ્રકારે (હો). જ્ઞાને જાણ્યું કે મારાથી આ વસ્તુ પર છે. એ જાણ્યું. એ જાણનાર જ્ઞાનમાં ઠર્યો એ રાગનો ત્યાગ અને એનું નામ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ વાત મોંઘી પડે છેને માણસને એટલે એને શ્રદ્ધામાં લેતો નથી વાત. અને બહારના વ્રત કરો અને આ તપ કરો. એક ઓલામાંથી લીધું છે, હરિવંશ પુરાણમાંથી. વ્રત આવે છેને? પંચમ વ્રત ને ફલાણા વ્રત ને ઘણા વ્રત હોય છે. એ વ્રત કરનારને લૌકિકસુખ પણ મળે અને પછી મોક્ષ મળે. એવું સમ્યગ્જ્ઞાન... આહા..હા..! લૌકિકસુખ સુખ ક્યાં છે.

આત્મા અંદર જ્ઞાનાનંદસ્વરૂપ છે એવું પોતાનું અસ્તિત્વ, મોજૂદગી જ્ઞાનમાં જાણી અને એ જ્ઞાનમાં રાગાદિ પરભાવ છે એ મારામાં નથી એમ જાણ્યું. એ જાણનાર જેણે જાણ્યું કે રાગ પરભાવ છે એ જ્ઞાન પરનો ત્યાગ કરે છે એટલે કે પોતામાં ઠરે છે. આહા..હા..! પરનો ત્યાગ કરે છે એ કર્તામાત્ર છે. છેને ૩૪માં? ત્યાગના કર્તાપણાનું નામ પણ એને નામમાત્ર છે. આહા..હા..! રાગના ત્યાગનું કર્તાપણું પણ એને નામમાત્ર છે. પરમાર્થે રાગના ત્યાગનું કર્તાપણું એને છે નહિ. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ જે ભગવાન આનંદસ્વરૂપ એમાં જાણ્યું હતું કે આ રાગ તે પર છે. એવું જાણ્યું એવા રાગના અભાવરૂપે ઠર્યો. જ્ઞાનની સ્થિરતા એ પચ્ચખાણ છે. આહા..હા..! આ ઝીણી વાત છે. લોકો અત્યારે બાહ્યત્યાગની ક્રિયાકાંડમાં એટલા મશગુલ કે એને આ વાત બેસવી, શ્રદ્ધામાં બેસવી કઠણ. બધા માનતા હતા, તમે અત્યાર સુધી માનતા હતાને બધા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાન જાણે છે. પોતા સિવાય... જુઓ, એ શબ્દ ક્યાં આવ્યો તમારે? **'સર્વ પદાર્થો પર છે...'** રાગાદિ બધું પર છે. શરીર, વાણી, કુટુંબ, સ્ત્રી એ તો પર છે, પણ અંદર દયા, દાનનો વિકલ્પ ઉઠે એ પણ રાગ પર છે. અજીવતત્ત્વ કર્મ, શરીર આદિ બીજા જીવો પણ આ જીવની અપેક્ષાએ બીજા જીવો પણ અજીવ કહેવામાં આવે છે. આ જીવ નહિ. સમજાણું કાંઈ? એ બધા પરપદાર્થો જ્ઞાનમાં જાણ્યા કે આ તો પર છે, હું નહિ. એવું જાણ્યું એવું એમાં ઠર્યો એણે રાગનો ત્યાગ કર્યો પ્રત્યાખ્યાન (થયું) એમ કહેવામાં આવે છે. આહા..હા..! રાગનો ત્યાગ કર્યો એ પણ એને કહેવમાત્ર કથન છે. આહા..હા..! ફક્ત જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે. આહા..હા..! જુઓ, પચ્ચખાણની દશા! આ ચારિત્રના પચ્ચખાણ. પચ્ચખાણ શબ્દ છે ખરોને. એટલે રાગને ત્યાગે છે. આહા..હા..! પ્રત્યાખ્યાન કરે એટલે ત્યાગે છે એમ શબ્દ છેને? આહા..હા..! તે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે. જ્ઞાને જ્ઞાનમાં જાણ્યું

કે આ રાગ પર છે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું એણે રાગનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. કહેવામાં આવે છે. પરમાર્થે તો જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરી વાત. આહા..હા..!

**શ્રોતા :-** રાગ ઉત્પન્ન જ ન થયો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉત્પન્ન ન થયો અને એમાં જોડાણ ન થયું એમ માત્ર કહેવામાં આવે છે. બાકી જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે એ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! અહીં તો હજી પ્રત્યાખ્યાન કોને કહેવા? પચ્ચખાણ આ બધા બહારના કરે શુભરાગની ક્રિયા એનાથી નિશ્ચય-પ્રત્યાખ્યાન થશે. કહો, હવે અહીં કહે છે કે એ રાગનો ત્યાગ કરવો એ નામમાત્ર એમાં છે. રાગ કરવો બહારનો વ્યવહાર સંયમની ક્રિયાનો અને એનાથી નિશ્ચય થશે એ તો પ્રશ્ન છે નહિ. આહા..હા..! પણ એ રાગનો ત્યાગ કરે છે જ્ઞાન એમ કહેવું એ પણ કર્તાપણાનું એક નામમાત્ર છે. જ્ઞાન રાગને કરે કે દિ' તે રાગને છોડે? આહા..હા..! વસ્તુ એવી છે. આહા..હા..!

જ્ઞાનમાં જણાણું કે હું આત્મા અને આ રાગ પર. બસ, જેવું જાણ્યું એવો ઠર્યો એમાં કહે છે. એણે રાગનો ત્યાગ કર્યો એમ કથનમાત્ર છે. બાકી જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું. છે? '**તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે (અર્થાત્ પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા...**' રાગના અભાવસ્વભાવરૂપ જ્ઞાનની અવસ્થા '**તે જ પ્રત્યાખ્યાન છે)...**' આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આ ગાથા છે ૩૪મી સમયસારની. '**પોતાના જ્ઞાનમાં...**' પોતાના એટલે અપના એ તમારો શબ્દ છેને. '**જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા...**' રાગના અભાવસ્વભાવરૂપ અવસ્થા. આહા..હા..! '**તે જ પ્રત્યાખ્યાન છે) એમ નિયમથી જાણવું.**' નિશ્ચયથી એમ જાણવું. આહા..હા..! હજી તો શ્રદ્ધાના ઠેકાણા ન મળે. બહારની ક્રિયા એ પણ સમજવા જેવી છે બધી. શું થાય? ક્ષુલ્લિકા કહો કે બધા એને માટે આહાર કરેલો લે છે. છડેચોક લે છે. આહા..હા..! એને તો વ્યવહારના ઠેકાણા ક્યાં છે? પણ જેનો વ્યવહાર બરાબર હોય આગમ પ્રમાણે વ્યવહાર રાગની મંદતામાં પર માટે કરેલો આહાર લે નહિ પોતા માટે વગેરે વગેરે.. છતાં એ રાગની ક્રિયા એનાથી નિશ્ચય-પ્રત્યાખ્યાન થાય એમ તો નથી, પણ એ રાગનો ત્યાગકર્તા છે એવું સ્વરૂપમાં નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ માર્ગ, ભાઈ!

રાગ છે એમ જાણ્યું. હવે જાણ્યું એવું જ્ઞાન એમાં ઠર્યું. એ જ્ઞાનની અવસ્થા. રાગના અભાવસ્વરૂપ ત્યાગની અવસ્થા તે પ્રત્યાખ્યાન છે. આહા..હા..! આવું છે. લોકો સાથે મેળ ખાવો ભારે મુશ્કેલ. એમાં લખે છે, ચાર અનુયોગની આમાં વાત આવે છે, નાથ! આ પત્રિકા એક જ આવી છે. એની વાત સાચી. ચાર અનુયોગની.. વાત સાચી. ભલે સાચું-ખોટું ગમે તે લખે. ખોટું પણ ઓલા જંબુદ્વીપની વાત કરે, વ્રતની વાત કરે, ચરણાનુયોગની વાત

કરે, કરણાનુયોગની કરે, દ્રવ્યાનુયોગની થોડી નાખે અંદર સમયસારની વાત નાખે. એટલે થઈ ગઈ ચારેય અનુયોગની વાત. પણ એનો સરવાળો આ. અરે..! ભાઈ! આ વસ્તુ નહિ. આહા..હા..! લોકો આ શેઠિયા-બેઠિયાને બધાને, આ શાહુજી બધાને પસંદ પડે બહારનું.

**શ્રોતા :-** સાચી વાત સાંભળી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. આ કઈ રીતે સત્ય છે એ વાતનો અંદર અભિપ્રાય જ થયો નથી પાક્કો. આહા..હા..!

**'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે...'** રાગ, વિકલ્પ, દયા, દાન આદિનો વિકલ્પ એ બધું પરવસ્તુ છે. કેમકે આસ્રવ છે. કર્મ અજીવ છે, બીજા જીવો પણ આ જીવ નથી માટે અજીવ છે, શરીરાદિ અજીવ છે. આહા..હા..! બધા પદાર્થ મારા સ્વભાવથી ભિન્ન છે. એમાં બાયડી-છોકરા આવી જતા હશે પરમાં? આહા..હા..! અહીંયાં તો જ્ઞાનમાં જણાણું છે કે આ રાગાદિ પરવસ્તુ મારી નથી, મારામાં નથી. એવું જાણ્યું એવું જ્ઞાન તેના વિના ઠર્યું અને રાગ થયો નહિ અને વીતરાગ દશા થઈ, એ જ્ઞાનની દશા થઈ એ રાગના અભાવથી થઈ એમ પણ નથી, એમ કહે છે. આહા..હા..! એ તો જ્ઞાનની દશા ઠરી છે અંદરમાં. આહા..હા..! જ્ઞાને રાગનો ત્યાગ કર્યો એ પણ કથનમાત્ર છે. પરમાર્થે એ ત્યાગ કર્યો એ વસ્તુમાં છે નહિ. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! આવો માર્ગ. હજી એની માર્ગની રીતની પણ ખબર ન મળે. એને સમ્યગ્દર્શન અને સંયમ ક્યાં થાય? આહા..હા..!

**શ્રોતા :-** ઉત્પાદને કારણે વ્યય નહિ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈને કારણે નહિ. ઉત્પાદ, ધ્રુવને કારણે નહિ. અહીં તો આશ્રય લેવો છે, પણ આશ્રયનો અર્થ સ્વ ઉપર લક્ષ જાય છે એટલું. સમજાણું કાંઈ? રાગને કારણે પ્રત્યાખ્યાન તો નહિ, પણ જે રાગનો વ્યય થયો માટે પ્રત્યાખ્યાન છે એમ નહિ. આહા..હા..! જુઓને, રાગનો એણે અભાવ કર્યો એટલે કર્તા થઈને ત્યાગ કર્યો? કે ના. જ્યાં જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે, જ્ઞાન એટલે આત્માની અવસ્થા જાણકરૂપમાં ઠરે છે, બસ! એ પ્રત્યાખ્યાન છે. આહા..હા..! એ પ્રત્યાખ્યાન. જ્ઞાનરૂપ દશા થવી એ પ્રત્યાખ્યાન છે. રાગનો અભાવ એ કીધુંને. રાગના ત્યાગનું કર્તાપણું કથનમાત્ર (છે). આહા..હા..! રાગનો વ્યય કર્યો એ ક્યાં છે? એમાં હતો ક્યાં રાગ તે વ્યય કરે? આહા..હા..! બહુ માર્ગની રીત આખી એવી છે, ભાઈ! અને માણસને એવું લાગે પછી, આ બધું સોનગઢનું છે એમ કહે છે. પણ આ સોગનઢની વાત છે? આ શાસ્ત્ર કોના છે? પણ એમાં છેને? સમયસાર છે. અત્યારનું છે સમયસાર? બે હજાર વર્ષ પહેલા થયું છે. આહા..હા..! એની આ ગાથા છે સમયસારની. આહા..હા..! ભાઈ! તને હજી વસ્તુ શું સ્થિતિ છે (એની ખબર નથી). આહા..હા..! એ શ્લોક સમયસારનો કહ્યો.

જ્ઞાનમાં રાગના અભાવસ્વભાવરૂપ અવસ્થા થવી (તે પ્રત્યાખ્યાન છે). એ અભાવસ્વભાવ

રાગનો અભાવ થયો માટે અભાવસ્વભાવ છે એમ નહિ. આહા..હા..! કેમકે આત્મામાં એક અભાવ નામનો ગુણ છે. લ્યો! ત્યાં આવ્યું. અભાવ નામનો ગુણ છે કે રાગપણે ન થવું એવો જ એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે પોતે અભાવ નામના ગુણનું પરિણમન જ જ્ઞાનની અવસ્થારૂપ થાય એને રાગનો અભાવ કહેવાય છે, બાકી વસ્તુ તો જ્ઞાનની પોતાને કારણે સિદ્ધ થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શ્લોક થયો.

બીજો શ્લોક. **'એવી રીતે શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકા...'** આત્મપ્રસિદ્ધિ સમયસારની ટીકા **'નામની ટીકામાં પણ (૨૨૮માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

(आर्या)

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसंमोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।

**'શ્લોકાર્થ :- (પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે—)'** કહે છે (એટલે) મૂળ તો જાણે છે. **'ભવિષ્યના સમસ્ત કર્મને...'** એટલે રાગાદિને **'પચખીને (-ત્યાગીને),...'** શબ્દ તો એમ જ (આવે), કથન આવે તો શું આવે? **'જેનો મોહ નષ્ટ થયો છે...'** ભાષા આ છે પાછી. જેનો મિથ્યાત્વ નાશ થયો છે. આહા..હા..! રાગ મારો હતો એવી દૃષ્ટિ પણ જેની નાશ થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'(પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે—)'** એટલે જાણે છે. **'ભવિષ્યના સમસ્ત રાગાદિને પચખીને એટલે કે (-ત્યાગીને),...'** એટલે કે સ્વરૂપની સ્થિરતા પ્રગટ કરીને **'જેનો મોહ નષ્ટ થયો છે...'** પહેલેથી ઉપાડ્યું પાછું. રાગ તે મારો છે અને રાગની એકતા એવો જે મોહ, રાગ પર છેને? અને એ મારો છે એવો જે મિથ્યાત્વ મોહ જેનો નષ્ટ થયો છે. 'રાગ પર છે. મારી ચીજ જ્ઞાનાનંદ પર છે રાગથી.' એમ જેનો મોહ નષ્ટ થયો છે **'એવો હું...'** ભાષા જુઓ! હું એક જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા એનું પ્રત્યાખ્યાન એટલે કે રાગના ત્યાગરૂપ દશા, પણ એ ત્યાગકર્તા છું એ પણ કથનમાત્ર છે. મારી દશા જ જ્ઞાનરૂપે સ્થિર થઈ એનું નામ જ પ્રત્યાખ્યાન છે. **'એવો હું...'** આહા..હા..! ગાથા અને ટીકામાં પોતે જાતની જ વાત કરે છે. આહા..હા..!

આ તો નિયમસાર છેને! જુઓ, એમાં છેને છેલ્લી ગાથા નહિ? મોઢા આગળ વાંચ્યું હતુંને? મોઢા આગળ છેને? મોઢા આગળ છે? આમાં ચિહ્ન કર્યું છે.

**નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,**

છેલ્લો ૧૮૭ છે. આમાં છે પણ એમાં નહિ હોય. એ તો પુંઠા ઉપર છે.

**નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,**
**સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૭.**

વીતરાગનો આ ઉપદેશ છે એ જાણીને મેં આ નિયમસાર મારી ભાવના માટે રચ્યું છે.

છેલ્લી (ગાથા) ૧૮૭. છેને? આ તો આ પુંઠા ઉપર દીકરીઓએ લખ્યું છે. આ પૂંઠુ કર્યું છે ને એમાં આ લખ્યું છે. ૧૮૭ નહિ છેલ્લી? '**णियभावणाणिमित्तं मए कदं**' આવો ખુલાસો તો આ ગાથામાં અહીં નિયમસારમાં મૂક્યો છે. પંચાસ્તિકાયમાં નાખ્યું છે કે મેં આ .. ભક્તિથી રચ્યું છે. '**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।**' નિયમસાર કર્યું મેં જુઓ, ઠીક! એ તો નિમિત્તથી કથન છે. આહા..હા..! '**णच्चा जिणोवदेसं**' ત્રિલોકનાથ જિનનો ઉપદેશ. ભાષા જુઓ, ગુરુનો અને પોતાનો એમ ન લીધું. '**जिणोवदेसं**' સાક્ષાત્ ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રના ઉપદેશને જાણીને '**पुव्वावरदोसणिम्मुक्कं**' આગળ-પાછળના વિરોધરહિત, દોષરહિત આ નિયમસાર કહ્યું છે. પહેલું કાંઈક કહ્યું અને પછી કાંઈ કહ્યું એ વિરોધ આમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એકકોર કહે કે રાગ આત્માનો નહિ અને બીજી રીતે કહે કે રાગ મેં છોડ્યો. મારો નથી તો છોડ્યો ક્યાંથી આવ્યું? એ તો ફક્ત રાગનો અભાવ થાય છે એટલે કહેવાનું એ કથન છે. આહા..હા..! પણ અહીં તો એક સાધારણ જ્યાં પચ્ચખાણ કર્યા ચોવિહારના કે ફલાણાના તો થઈ ગયા પ્રત્યાખ્યાન લ્યો. શાંતિભાઈ! આ રાતે સાંજે કરે છેને. ... અમે તો ૬૫ની સાલના રાતે પચ્ચખાણ કરતાં સાંજના. રાતે આહાર-પાણી ત્યાગ. ૬૫-૬૫. સંવત્ ૧૯૬૫. ત્યારથી આહાર-પાણી રાતનો ત્યાગ. આહાર-પાણી છોડ્યા એટલે પચ્ચખાણ થઈ ગયા. એ પચ્ચખાણ ક્યાં છે? એ તો એક શુભરાગ છે. આહા..હા..! પચ્ચખાણ તો એને કહીએ કે જે આત્માનું જ્ઞાન એને પૃથક્ તરીકે જ્ઞાનને, રાગને જાણ્યું તે જ્ઞાન પૃથક્પણે પરિણમ્યું, પૃથક્પણે જાણ્યું એવું પૃથક્પણે પરિણમ્યું. આહા..હા..! એ જ્ઞાનની સ્થિર દશા એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! પણ પાછું એ કહે કે ભલે વાત ઈ, પણ મળે આ વ્યવહાર કરતા એ મળે. આહા..હા..!

અહીં તો કહે છે કે વ્યવહારની રુચિ છોડી અને આત્મા આનંદમૂર્તિની દૃષ્ટિ, અનુભવ થયા પછી અંદર સ્વભાવનો ઉગ્ર આશ્રય લઈને જ્ઞાન ઠર્યું એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. વ્યવહારથી થાય એમાં એ વાત છે નહિ. આહા..હા..! કેમકે વ્યવહારની દિશા પરતરફ છે. એની વ્યવહારની દશાની દિશા પરતરફ છે અને નિશ્ચય દશાની દિશા સ્વતરફ છે. ભાષા પણ (આવી). સમજાણું કાંઈ? એટલે વ્યવહાર પરલક્ષીભાવ એનાથી સ્વલક્ષી ભાવ થાય. અમરચંદભાઈ! બહુ વિપરીત. આહા..હા..! એ વ્યવહાર ક્રિયાઓ દયા, દાન, વ્રતના વિકલ્પો છે એ તો અને વિકલ્પની દિશા ત્યાં છે. રાગની દશાની દિશા આમ છે. હવે એને જેની દિશા પરતરફ છે એનાથી સ્વતરફની દિશા પ્રગટ થાય? એનું લક્ષ છોડે અને વસ્તુના આશ્રયમાં ઉગ્રપણે આવે. આહા..હા..! ત્યારે રાગ ત્યાગ્યો એમ કહેવાય. નામમાત્ર. વ્યવહારને છોડ્યો એ નામમાત્ર છે એમ કહે છે. વ્યવહારથી થાય એ વાત તો છે જ નહિ. આહા..હા..! શું વીતરાગી તત્ત્વ! વ્યવહારના ક્રિયાકાંડથી નિશ્ચય થાય એ તો છે જ નહિ, પણ નિશ્ચયે વ્યવહારને

ત્યાગ્યો એ કથન નથી એનું સાચું. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ તો પહેલા આવી ગયું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમનિરપેક્ષ છે. આહા..હા..! બીજી ગાથામાં આવ્યું છે. બીજી ગાથા છેને? બીજી-બીજી. '**નિજપરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમનિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે...**' પહેલા પેરેગ્રાફની નીચેની છેલ્લી બે લીટી છે. શું કીધું? '**નિજપરમાત્મતત્ત્વ...**' ભગવાન પૂર્ણસ્વરૂપ એવો જે પરમાત્મતત્ત્વ પોતાનો સ્વભાવ એની સમ્યક્શ્રદ્ધા—નિશ્ચય સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને અનુષ્ઠાન—આચરણ. એવો '**શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમનિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે...**' આહા..હા..! નીચે કર્યું જુઓ, '**શુદ્ધરત્નત્રય...**' નીચે નોટ. '**નિજપરમાત્મતત્ત્વની સમ્યક્શ્રદ્ધા, તેનું સમ્યક્જ્ઞાન અને તેનું સમ્યક્આચરણ પરની તેમ જ ભેદોની લેશ પણ અપેક્ષારહિત...**' વ્યવહારની અને ભેદની '**લેશ પણ અપેક્ષા રહિત હોવાથી તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે; તે શુદ્ધરત્નત્રયનું ફળ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ અર્થાત્ મોક્ષ છે.**' આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારના અભાવની પણ અપેક્ષા નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારના અભાવની અપેક્ષા જ નથી અહીં કહે છે. આહા..હા..! રાગના અભાવસ્વભાવરૂપે અભાવપણે પરિણમવું એ તો એનો અભાવ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ ભાઈ એવો છેને. એની દૃષ્ટિ એવી થવી. પછી ચારિત્ર પ્રત્યાખ્યાન પછી, પણ દૃષ્ટિનો વિષય આ શું છે? આહા..હા..!

કહે છે કે પરમાત્મતત્ત્વ એવો ભગવાન પરમસ્વરૂપ પરમાત્મા એની સત્ય શ્રદ્ધા સમ્યક્, સત્ય જ્ઞાન અને તેનું સત્ય અનુષ્ઠાન આચરણ—સ્વરૂપમાં ઠરવું એ પરમનિરપેક્ષ છે. એટલે કે વ્યવહારરત્નત્રયની અપેક્ષા તો નથી, પણ ગુણગુણીના ભેદની અપેક્ષા નિશ્ચયરત્નત્રય થવાને નથી. આહા..હા..! એ વ્યવહાર છે, પણ અંદરનો જરી સૂક્ષ્મ વ્યવહાર. વ્યવહારરત્નત્રય છે એ તો અસદ્ભૂતવ્યવહાર છે, પણ આ તો ગુણગુણીનો ભેદ છે એ સદ્ભૂતવ્યવહાર છે. એટલે ભેદથી જાણે તો અભેદ થાય એવી અપેક્ષા અભેદને નથી એમ કહે છે. આહા..હા..! અરે..! '**અને તે શુદ્ધરત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ...**' આત્માની પ્રાપ્તિ પૂર્ણ એમ. એ મોક્ષની પ્રાપ્તિ. આહા..હા..! કેટલું સ્પષ્ટ કથન!

ચાલતો અધિકાર. પ્રત્યાખ્યાન કરનાર ધર્મી એમ જાણે છે કે '**ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને...**' રાગાદિ ભાવ વિકલ્પ આદિ. '**જેનો મોહ નષ્ટ થયો છે એવો હું...**' એટલે કે રાગ મારો છે એ તો દૃષ્ટિનો નાશ થઈ ગયો છે. આહા..હા..! '**હું નિષ્કર્મ...**' રાગથી રહિત '**ચૈતન્યસ્વરૂપ આત્મામાં...**' આહા..હા..! કેવો છે આત્મા? કે એ તો ચૈતન્યસ્વરૂપ આત્મા, જાણક-દેખનસ્વરૂપ આત્મા. એવા '**ચૈતન્યસ્વરૂપ આત્મામાં...**' પરથી તો રહિત કીધો રાગાદિથી. ત્યારે છે શું આ? ચૈતન્યસ્વરૂપ આત્મા. એ આત્માથી, એવા '**ચૈતન્યસ્વરૂપ**

**આત્મામાં આત્માથી જ...**' એટલે કે નિર્મળ પરિણતિથી હું ઠરું છું અંદર. આહા..હા..! '**નિરંતર વર્તું છું.**' આહા..હા..! આત્મામાં આત્માથી એમ. તો આત્મા કોણ? ચૈતન્યસ્વરૂપ આત્મા. એમાં આત્માથી એટલે ચૈતન્યસ્વરૂપ પરિણતિથી હું વર્તું છું. આહા..હા..! આનું નામ પ્રત્યાખ્યાન અને આનું નામ ચારિત્ર. આહા..હા..!

'**નિરંતર વર્તું છું.**' ભાષા એમ છેને પાછી? ચૈતન્યસ્વરૂપ આત્મામાં. આત્મા ચૈતન્યસ્વરૂપ છે એમ કહીને એ રાગનો ત્યાગ થાય છે એ રાગસ્વરૂપ આત્માનો નથી. આહા..હા..! એવા '**ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...**' વ્યવહારથી આ વર્તું છું (એમ નથી). આત્મામાં આત્માથી જ વર્તું છું. નિર્વિકલ્પ પરિણતિ દ્વારા આત્મામાં આત્માથી નિર્મળ પરિણતિ દ્વારા વર્તું છું. આહા..હા..! વીતરાગી પર્યાય તે આત્મા અને ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી તે આત્મા. એમાં હું વીતરાગી પરિણતિથી વર્તું છું, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શાસ્ત્રોના અર્થ કરવાની રીતની પદ્ધતિ ફેરવી નાખી, પોતાની દૃષ્ટિએ (અર્થ કરવા માંડ્યા). વ્યવહારથી થાય... વ્યવહારથી થાય. એ વ્યવહાર એનો નથી તો એનાથી થાય એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? વ્યવહારનો જે ભાવ શુભરાગ છે એ તો. એ તો આત્માનો નથી, આત્મામાં નથી અને એનાથી નથી. એ એમાં નથી એનાથી એને લાભ થાય? એથી કહ્યું '**આત્મામાં આત્માથી જ...**' એમ. આત્મામાં—ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (અર્થાત્) પોતાની શુદ્ધ પરિણતિથી જ... આહા..હા..! '**નિરંતર વર્તું છું**' આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય આહા..હા..! અમૃત રેડ્યા છે. આહા..હા..!

**શ્રોતા :-** આત્માથી એટલે આત્મદૃષ્ટિથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મ પરિણતિથી. એ આત્મા છે. રાગ આત્મા નથી, એ તો પર છે. ચૈતન્યસ્વરૂપ આત્મા એની ચૈતન્યસ્વરૂપ પરિણતિ. આહા..હા..! રાગરૂપ પરિણતિ તો પરવસ્તુ છે, એની પોતાની છે જ નહિ. આહા..હા..! વ્યવહારના સહાયકથી, સાધનથી હું આત્મામાં વ્યવહારથી પ્રવર્તું છું એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** પંડિતો એમ માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ માને છે એટલે શું થાય? ભાઈ! સત્ય તે એમ નથી. ભલે એને (સત્યને) માનનારા થોડા નીકળે, પણ એથી કાંઈ ઘણાં માને માટે સત્ય છે એવું કાંઈ નથી. આહા..હા..! ભગવાન પરમાત્માનો સત્યનો દરબાર આવો છે. આહા..હા..! જુઓને કળશ નાખ્યો અમૃતચંદ્રાચાર્યનો અને બે દાખલા આજે આપ્યા. ૩૪ ગાથા અને ૨૨૮ કળશ.

અરે! એક વાત પણ યથાર્થ બેસવી જોઈએને. એક ભાવ પણ જેમ છે તેમ બેસવો જોઈએ. એમાં કંઈપણ ફેરફાર થાય તો એ ભાવ છે એમ બેઠો નહિ, તો એકેય ભાવ સાચો રહે જ નહિ એને. આહા..હા..! આમાં વાદ અને વિવાદ ઝઘડા. કહે ભાઈ આ ભગવાન મુનિને કે તમે એકાંત કરો છો. આત્મા ચૈતન્યસ્વરૂપ આત્મા, આત્માથી હું નિરંતર વર્તું છું.

આહા..હા..! એટલે ચૈતન્યસ્વરૂપની પરિણતિ, વીતરાગી પરિણતિથી હું વર્તું છું એમ કહે છે. આત્મામાં વીતરાગ પરિણતિથી હું વર્તું છું. આહા..હા..! રાગ એ આત્મા નહિ, કર્મ, શરીર આત્મા નહિ, એ તો અજીવ છે, એ તો પરવસ્તુ છે. એનાથી હું આત્મામાં વર્તું છું એમ નહિ. આહા..હા..! શુભભાવ થયો અને એનાથી હું આત્મામાં વર્તું છું એની સહાયથી એમ પણ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** શુભભાવથી તો પહોંચે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહોંચે નહિ, ક્યાંય ગતિ નહિ. આહા..હા..! વળી બીજા એમ કહે કે ચોથે-પાંચમે ગુણસ્થાને વ્યવહારી જીવ છે તો એને વ્યવહાર જોઈએ. વ્યવહાર હોય એ બીજી વાત છે અને એનાથી નિશ્ચય થાય એ જુદી વાત છે. સમજાણું કાંઈ? શબ્દો ઘણા જ ગંભીર. આચાર્યો અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય.. ઓહો..હો..!

આત્મા કોણ છે? કહે છે. એ તો ચૈતન્યસ્વરૂપ આત્મા. હવે એમાં વર્તે શી રીતે? એ આત્માથી જ વર્તે. લે, વળી આત્માથી આત્મા વર્તે દ્રવ્ય? દ્રવ્ય છે એ દ્રવ્યમાંથી દ્રવ્યથી દ્રવ્ય વર્તે? આહા..હા..! ચૈતન્યસ્વરૂપ આત્મા એ તો દ્રવ્ય ધ્રુવ થયો. હવે આત્માથી વર્તે એટલે ધ્રુવ ધ્રુવથી વર્તે એમ થયું? સમજાણું કાંઈ? ચૈતન્યસ્વરૂપ આત્મા. આહા..હા..! અરે.. ભાઈ! આવો કાળ મળવો મુશ્કેલ છે. આહા..હા..! અરે! જન્મ-મરણના ગોથા ખાઈને મરી ગયો. નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ, ભાઈ! એવા તેં અનંતવાર કર્યા. આહા..હા..! એક શ્વાસમાં અઢાર ભવ. આટલા એક શ્વાસમાં અઢાર ભવ નિગોદના. આહા..હા..! એવા અનંતવાર. આહા..હા..! શું કહે છે આ? ભાઈ! તારી ચીજની તને ખબર નહોતી. એ ચૈતન્યસ્વરૂપ આત્મા એનો તને ભરોસો આવ્યો નહોતો, ચૈતન્યસ્વરૂપ આત્મા એનું જ્ઞાન કર્યું નહોતું. બીજા બધા કર્યા આમ છે ને તેમ છે. આહા..હા..!

એક વિચાર તો એવો આવ્યો હતો કે સર્વાર્થસિદ્ધના દેવનું એક હાથની ઉંચાઈ... આહા..હા..! એકાવતારી જીવ. દેહની ઊંચાઈ એક હાથ. મોટો હાથ જરીક. અને છઠ્ઠા આરાના મનુષ્યનો છેલ્લો એના એક હાથની ઊંચાઈ. ઓલો પાપી પ્રાણી એની એક હાથ ઊંચાઈ. ઓલો એક અવતારી એક ભવે મોક્ષ જનારા. આહા..હા..! આવડું શરીર અને હીરા-માણેકના રતન જાણે જડ્યા હોય એવું એનું શરીર હોય. આહા..હા..! સમજાણું કાંઈ? વૈમાનિકના દેહની ઊંચાઈ સાત હાથથી વધારે ન હોય કોઈ દિ'. વૈમાનિકમાં. અહીંયાં સાત હાથથી નીચેમાં કોઈ કેવળ ન પામે. શું કીધું સમજાણું? દેહની સાત હાથની ઊંચાઈથી હેઠલી સ્થિતિવાળો કેવળ ન પામે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેવળ ન પામે. સાત હાથ ઊંચાઈ. એક હાથ એટલે કેવળ ન હોય એ તો દેવ છે. સર્વાર્થસિદ્ધના દેવ છે એ તો. એકાવતારી ભલે હોય અને આ છઠ્ઠા આરાના છેલ્લા મનુષ્ય થાશે એ એક હાથના ઊંચા રહેશે. હવે એ એક હાથના ઊંચાઈમાં

બે સરખા, ભાવમાં ફેર. આહા..હા..! સમજાણું શેઠ? ન સમજાણું? એ સર્વાર્થસિદ્ધના દેવ નહિ? એ સર્વાર્થસિદ્ધના વૈમાનિક દેવ છેને ઉપરના. સર્વાર્થસિદ્ધના. એના દેહની ઊંચાઈ એક હાથ છે, આટલી જ. ઊંચાઈ એટલી જ છે. લાખો-કરોડો દેવ છે, સંખ્યાતા દેવ છે. એની એક હાથની ઊંચાઈ. આહા..હા..! શું એ જગતની સ્થિતિ! અને આ પાંચમા આરા પછી છઠ્ઠો આરો આવશેને છેલ્લો? છઠ્ઠો આરો. છેલ્લા મનુષ્યો જે થશે એ પણ એક હાથના ઊંચા. એટલે ઊંચાઈ દેહની સાથે શું સંબંધ છે? આ તો બીજા વિચાર ઘણા આવ્યા હતા અંદર. અને વૈમાનિકના દેવ સાત હાથના ઊંચા હોય. હજી આ ભવનપતિ અને એ તો ૨૫ ધનુષના પણ હોય. ૨૫ ધનુષ એટલે સો હાથ. ભવનપતિના દેવ છેને નીચે. .. એના સો હાથ ઉંચા. ૨૫ ધનુષ. ચાર હાથનું (એક) ધનુષ. અને ૨૫ ધનુષની ઉંચાઈ એની. અને સર્વાર્થસિદ્ધનો દેવ એકાવતારી એને એક ધનુષ પણ નહિ. ધનુષ એટલે ચાર હાથ. એટલે એને ઊંચાઈની સાથે શું સંબંધ છે? નારકીનો દેહ... આહા..હા..! પાંચસો ધનુષનો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નારકી પાંચસો ધનુષ, બે હજાર હાથ ઊંચા. આપણા હાથ આ. ઠીક છે. આહા..હા..! જુઓ, આ સર્વજ્ઞ પરમેશ્વરે જગતને જાણ્યું (એ) આ રીતે જાણ્યું. આહા..હા..! એ એક હાથનો દેહ પણ અહીં આવશે ત્યારે સાત હાથનો માણસ થાશે. ત્યારે કેવળ લેશે. આહા..હા..! એથી એને લઈને નહિ. ઓહો..હો..!

આ તો ઓલો ચૈતન્યસ્વરૂપ આત્મામાં અને આત્માથી જ જે શબ્દ પડ્યો છે તો ચૈતન્ય સ્વરૂપ આત્મા તો ધ્રુવ કહ્યો. હવે એ ધ્રુવ ધ્રુવથી? એમ નહિ. ધ્રુવને આશ્રયે જે પર્યાય થઈ તે આત્મા છે. વિકલ્પ જે ઉઠે દયા, દાન, વૃત્તિ એ આત્મા નહિ, એ તો અણાત્મા આસ્રવ છે. એનાથી સ્થિર થવાતું નથી, એમ કહે છે. આહા..હા..! થવાતું નથી. આહા..હા..! ઓહો..! જિનેન્દ્રનો માર્ગ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયું અને કહ્યું એવી વાત બીજે ક્યાંય છે નહિ. આત્મામાં બેસી જાય એવી એ વાત છે. સમજાણું કાંઈ? અરે! આવું મનુષ્યપણું મળ્યું. એનો એક-એક સમય કૌસ્તુભમણિથી પણ કિંમતી છે. એને આ લોક બહારને માટે ગુમાવે છે. અરેરે! પોતાને માટે શું કરવું અને કેમ કરાય એની દરકાર વિના આ બધું હેરાન-હેરાન થઈ જાય છે.

અહીં કહે છે કે... આહા..હા..! **'ચૈતન્યસ્વરૂપ આત્મા...'** ધ્યાન રાખીને વિચારવું હોં થોડું. આત્મા એટલે ચૈતન્યસ્વરૂપ. શરીર નહિ, પુણ્ય-પાપ નહિ, દયા, દાનના વિકલ્પ નહિ. આહા..હા..! એવો જે ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા એ **'આત્માથી જ નિરંતર વર્તું છું.'** આહા..હા..! હું આત્મા એટલે સંવર અને નિર્જરાની શુદ્ધ પર્યાય એ આત્મા છે એમ કહે છે. પ્રત્યાખ્યાન કહ્યુંને એ. સંવર. સંવર એ પર્યાય થઈ. એ પર્યાયથી આત્મામાં વર્તું છું. રાગથી નહિ, નિમિત્તથી નહિ, વ્યવહારથી નહિ. આહા..હા..!

**શ્રોતા** :- પર્યાય છે તે આત્માને અવલંબે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પર્યાય છેને. આ આત્મા આવો છે એવું જાણ્યું એ તો પર્યાયે જાણ્યું. શ્રદ્ધા કરી એ પર્યાયે શ્રદ્ધા કરી, ઠર્યો એ પર્યાયથી ઠર્યો છે. આહા..હા..! અરે! આવા અવસર કે દિ' આવે, ભાઈ! અરે! આવી વાત ને ભાઈ આ કાંઈ... આહા..હા..! મુદ્દાની રકમની વાતું છે આ તો. આહા..હા..! બહારના પાંચ-પચ્ચીસ લાખ મળે ત્યાં હોંશુ આવી જાય એને, હરખ આવી જાય. કાંઈક કમાણા. મૂકો આજ લાપસીના આંધણ. લાપસી કહે છે? શું કહે છે? .. કહે છે? લાપસી. લાપસી કહે છે. લપસી. લપસી? અમારે લાપસી કહે છે. કંસાર. કંસાર કહે છે? કંસાર કહે છે. આહા..હા..! અહીં તો કહે છે કે આત્મા આત્મામાં વર્તે ત્યાં કંસાર આત્માના આનંદનો છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એ આનંદની દશાથી હું વર્તું છું એમાં. સમજાય છે કાંઈ? એ મારો ભગવાન આનંદમૂર્તિ છે એમ મેં જ્યારે જાણ્યું ત્યારે આત્મા ચૈતન્યસ્વરૂપ આત્મા એ આત્મા આનંદની પરિણતિથી હવે હું વર્તું છું. આહા..હા..! એનું નામ પ્રત્યાખ્યાન છે. આહા..હા..! બહુ ફેરફાર એવો તત્ત્વનો થઈ ગયોને. પરમાત્મા ત્રિલોકનાથે કહેલું ચૈતન્યસ્વરૂપ એને બીજી રીતે કલ્પીને એને ભગવાનનું આ તત્ત્વ છે એમ કહે છે એમ માન્યું એણે. આહા..હા..! ભાઈ! ભગવાને એમ નથી કહ્યું, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! મુનિઓ આમ કહે છે કે... અને પહેલા કહ્યું નહિ છેલ્લી ગાથામાં? જિનોપદેશ જાણીને આ અમે નિયમસાર રચ્યું છે. પૂર્વાપર વિરોધરહિત. આહા..હા..! ત્રણલોકના નાથ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો જે ઉપદેશ એને જાણીને ભગવાનનો આવો ઉપદેશ છે એમ જાણ્યો છે અમે. આહા..હા..! એમાંથી આ નિયમસાર મેં રચ્યું છે. આહા..હા..! જિનોપદેશ-જિનનો ઉપદેશ જાણીને. આહા..હા..! સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. આમ તો મુનિ હતા. આહા..હા..!

અરે! શરીર જુવાન હો કે બાળક હો કે વૃદ્ધ હો એ જીવનું નથી, પ્રભુ! જીવમાં નથી, જીવનું નથી, એમાં તું નથી. આહા..હા..! રાગમાં તું નથી, રાગ તારામાં નથી. આહા..હા..! રાગ તે આત્મા નથી. જે ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ પ્રભુ બિરાજે છે આત્મા બધા ભગવાન. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ આત્મા આચાર્ય કહે છે કે હું એવા '**આત્મામાં આત્માથી જ નિરંતર વર્તું છું.**' ગજબ વાત છેને. આહા..હા..! અમુક પચ્ચખાણ કર્યા ત્યારે જ પચ્ચખાણ છે એમ નહિ, કહે છે. પચ્ચખાણ થયા એ તો નિરંતર હું એમાં વર્તું છું. આહા..હા..! હું પચ્ચખાણમાં જ નિરંતર વર્તું છું. પચ્ચખાણથી આત્મામાં નિરંતર વર્તું છું એમ કહે છે. સમજાણું કાંઈ? પચ્ચખાણ એ જ્ઞાનની અવસ્થા થઈ. એ જ્ઞાનની અવસ્થાથી હું આવા આત્મા ચૈતન્ય આત્મા વર્તું છું. આહા..હા..! આ પંચમ આરાના સંત. સમજાણું કાંઈ? પંચમ આરામાં જન્મેલા છે આ તો. કુંદકુંદાચાર્યનો પંચમ આરામાં જન્મ છેને. પંચમ આરાના શરૂઆતમાં ચોથા આરાના જન્મેલા હતા. શું કહ્યું? પંચમ આરો બેઠો ત્યારે ચોથા આરાના જન્મેલા હતા. એથી એ

કેવળ પામીને મોક્ષ ગયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને પાંચમા આરાના જન્મેલાને કેવળ ન હોય. પાંચમા આરામાં કેવળ હોય, પણ કોને? ચોથા આરામાં જન્મેલાને. આહા..હા..! અને પાંચમો આરો આવી ગયો. આહા..હા..! પણ પાંચમા આરાના સાધુ એમ કહે છે, જન્મેલા અને પછી થયેલા સાધું, અમે ચૈતન્યસ્વરૂપ આત્મા છીએ. અમે કર્મ નહિ, શરીર નહિ, વાણી નહિ, મન નહિ, દક્ષિણના નહિ, કાઠિયાવાડના નહિ. આહા..હા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્મા...'** જાણક-દેખનસ્વરૂપી પ્રભુ આત્મા. એમાં જાણક-દેખનની પર્યાય જે સ્થિર થઈ એના વડે અમે આવા આત્મામાં વર્તીએ છીએ. આહા..હા..! આવું ચારિત્ર.. અમે વર્તીએ છીએ એવું પ્રત્યાખ્યાન છે એમ કહે છે. આહા..હા..! કામ કર્યા છેને. કુંદકુંદાચાર્યે પંચમ આરાના તીર્થંકર જેવું કામ કર્યું છે. આહા..હા..! એની એક-એક ગાથા, એક-એક કળશ અમૃતચંદ્રાચાર્યનો આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં છેને. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાલે જવાના છે. એક ફેરી તો અહીં બોલ્યા હતા કે ચાર દિ' વધાર્યા અને હવે ચાર દિ' પછી વધારશે એમ બોલ્યા હતા. એય..! શેઠ! ખબર છે? એ વસંતીલાલ આવ્યા હતાને સવારમાં ઈ કહે આજે જવાના છે. ત્યાં અહીં વળી કહ્યું કે ચાર દિ' વધાર્યા છે. પછી ચાર દિ' બીજા વધારશું, એમ બોલ્યા હતા. અહીં તો આંકડે આંકડા બધા પકડાયને શેઠ! માટે બોલાય નહિ. આહા..હા..!

અહીં કહે છે, ભગવાન ત્રણલોકનો નાથ તો અંદરમાં વર્તે છે, કહે છે. આહા..હા..! એને અમે પ્રત્યાખ્યાન અને એને અમે ચારિત્ર કહીએ છીએ. એ રાગમાં વર્તતો નથી, નિમિત્તમાં વર્તતો નથી. આહા..હા..! શું એ કળશ! એક-એક કળશ અમૃતથી ભર્યો છે!! આહા..હા..! એક-એક ગાથા, ભાઈ! આ તો શાંતરસના ગાણા છે. શાંત... શાંત... શાંત... શાંત... ભગવાન ચૈતન્યસ્વરૂપી શાંતરસથી ભરેલું તત્ત્વ છે. એને કહે છે કે અમે શાંતરસની પરિણતિ દ્વારા અમે આત્મામાં વર્તીએ છીએ. આહા..હા..! પ્રત્યાખ્યાન એટલે અકષાયભાવ, એટલે શાંતરસભાવ. આહા..હા..! અમે આવો ચૈતન્યસ્વરૂપ ભગવાન એમાં શાંતરસથી વર્તીએ છીએ. કેમકે શાંતરસ એનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પણ **'નિરંતર વર્તું છું.'** આહા..હા..! ભાષા છેને? ચૈતન્યસ્વરૂપ... કેટલી ગંભીરતા! **'ચૈતન્યસ્વરૂપ આત્મા...'** એમાં આત્માથી જ એટલે નિર્વિકલ્પ શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિની પરિણતિથી **'નિરંતર વર્તું છું.'** મારે નિરંતર પ્રત્યાખ્યાન છે. આહા..હા..! મારે નિરંતર ચારિત્ર છે એમ કહે છે. આહા..હા..! ધન્ય અવસર છેને!! આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈ નથી. અહીં તો એક જ વાત છે નિરંતર. થઈ એને ગૌણ કરી નાખી. લખવા વખતે વિકલ્પ છે ઈ નહિ. મારું પરિણમન તો આ ઉપર છે. આહા..હા..! એ બે શ્લોક તો સમયસારના થયા આધારના.

‘વળી, (૯૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—’ એ વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ભાદરવા વદ-0)), રવિવાર, તા. ૦૫-૧૦-૧૯૭૫, કળશ-૧૨૭, ગાથા-૯૬, પ્રવચન નં. ૫૩

૯૫ ગાથા, નિયમસાર. છેલ્લો કળશ. ‘વળી (૯૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—’

(मंदाक्रांता)

सम्यग्दृष्टिस्त्यजति सकलं कर्मनोकर्मजातं
प्रत्याख्यानं भवति नियतं तस्य संज्ञानमूर्तेः।
सच्चारित्राण्यघकुलहराण्यस्य तानि स्युरुच्चैः
तं वंदेहं भवपरिभवक्लेशनाशाय नित्यम्।।१२७।।

પહેલા તો સમ્યગ્દૃષ્ટિ એને પ્રત્યાખ્યાન હોયને, ચારિત્ર. પહેલો જે કોઈ સમ્યગ્દૃષ્ટિ, જે આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ એની સન્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એ જીવે પ્રત્યાખ્યાન કરવા કાળે કેમ એને શું થાય? કે ‘**સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને છોડે છે,...**’ કર્મ શબ્દે દ્રવ્યકર્મ અને ભાવકર્મ. નોકર્મ શબ્દે વાણી, મન એને છોડે. પ્રતિક્રમણ છેને એટલે. પ્રત્યાખ્યાન છેને. છોડે. ‘**તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશા પ્રત્યાખ્યાન છે...**’ આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એનું સમ્યગ્દર્શન થયું એના પછી એને સમ્યગ્દર્શનમાં જે ભાન થયું કે રાગાદિ હું નહિ, છતાં રાગ હતો તેને લક્ષમાંથી છોડી દઈ અને સ્વચૈતન્યનો ઉગ્રપણે આશ્રય કરતા જે જ્ઞાનની સ્થિરતા અંતર થઈ એને પ્રત્યાખ્યાન કહે છે. આહા..હા..! આ તો નિશ્ચય-પ્રત્યાખ્યાનની વાત છેને? વ્યવહાર-પ્રત્યાખ્યાન એ તો વિકલ્પ છે. એ સમ્યગ્જ્ઞાન ચૈતન્યસ્વરૂપ એવા સમ્યગ્જ્ઞાનની મૂર્તિ. સમ્યગ્જ્ઞાન જ જેનું સ્વરૂપ દૃષ્ટિ, જ્ઞાનમાં સ્થિર થયું છે. આહા..હા..! એને હંમેશા પ્રત્યાખ્યાન છે. કેમકે જ્ઞાનમાં એકાગ્રતાની લીનતા (થતાં) એમાં કર્મ, નોકર્મનો ત્યાગ થઈ જાય છે. આરે..! આવી વાત.

**'તેને પાપસમૂહનો નાશ કરનારાં...'** પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. બેય પાપ છે ખરેખર. આહા..હા..! પ્રત્યાખ્યાનની વાત છેને. એટલે ચારિત્રની વ્યાખ્યા. આહા..હા..! પંચમ ગુણસ્થાનમાં પણ જ્ઞાનનું ભાન થયું, એના પછી પંચમ ગુણસ્થાનની જે દશા એ જ્ઞાનમાં એકાગ્રતાની સ્થિરતા એ પંચમ ગુણસ્થાનની દશા છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! અને આ છઠ્ઠાની વાત છે. ત્યાં તો વિશેષપણે રાગના અભાવસ્વભાવરૂપ જ્ઞાનનું, આનંદનું પરિણમવું, થવું એ સત્‌ચારિત્ર સમ્યગ્જ્ઞાનની મૂર્તિને... આહા..હા..! **'હંમેશા પ્રત્યાખ્યાન છે...'** આમ કરે ત્યારે પ્રત્યાખ્યાન છે એમ નહિ, કહે છે. એ રાગનો અભાવ કરી અને જ્ઞાનસ્વભાવમાં જેણે સ્થિરતા કરી છે અને વસ્તુનો ઉગ્ર આશ્રય લઈ જે સ્થિરતા જામી છે એ પ્રત્યાખ્યાન નિરંતર છે એને. આહા..હા..! ભારે આવું કામ! કહો, દેવીલાલજી! આવું કામ છે, ભાઈ! લોકોને એવું થઈ જાય છે કે આહા..હા..!

**'એવા સત્‌-ચારિત્રો...'** પુણ્ય અને પાપના પરિણામના નાશ કરનારા **'એવા સત્‌-ચારિત્રો...'** સ્વરૂપની રમણતા, આનંદમાં લીનતા **'એવા સત્‌-ચારિત્ર અતિશયપણે છે.'** એને સાચું ચારિત્ર વિશેષપણે અંદર પર્યાયમાં છે, એમ કહે છે. આહા..હા..! **'ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે...'** આહા..હા..! લ્યો! પોતે પદ્મપ્રભમલધારિદેવ મુનિ કહે છે. **'ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે તેને હું નિત્ય વંદુ છું.'** એવા ચારિત્રવંતને અને એવા ચારિત્રને નિત્ય વંદુ છું. આહા..હા..! એટલે કે એ છેને? **'તેને હું નિત્ય વંદુ છું.'** સત્‌ચારિત્ર અતિશયપણે જે નિર્મળપણે વર્તે છે એને હું વંદું છું. આહા..હા..! સમજાણું કાંઈ? સત્‌ ચારિત્રપણાની જે દશા, વીતરાગી પરિણામ જે થયા એવું સત્‌ ચારિત્ર જે છે... આહા..હા..! તેને હું મારા **'ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે...'** મુનિને પણ હજી રાગ છેને, ક્લેશ છેને. આહા..હા..! એનો નાશ કરવા માટે **'તેને હું નિત્ય વંદુ છું.'** આવી જે સમ્યગ્દર્શનસહિત સ્વરૂપમાં આનંદની રમણતારૂપ ચારિત્ર તેને હું આદર કરું, તેને હું વંદુ છું. આહા..હા..! આ વાત બેસે નહિ, કઠણ પડે એટલે પછી બહારમાં લોકોને લાગે.. આહા..હા..!

માર્ગ તો એને જ્ઞાનમાં આ રીતનો એણે નિર્ણય કરવો પડશે કે સમ્યગ્દર્શન પછી પણ આવું ચારિત્ર હોય. જે આત્મા શુદ્ધ ચૈતન્યઘન જેને મુખ્ય બનાવીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એ જીવને પણ પ્રત્યાખ્યાનની સ્થિતિ કેમ બને? કેવી બને છે? કે એને જે રાગાદિ રહ્યો છે તેનો અભાવ કરી અને સમ્યગ્દર્શનમાં જે આત્મા આનંદસ્વરૂપનું ભાન થયું હતું તેમાં એ આનંદમાં વિશેષ લીન થાય છે, રાગથી હઠે છે અને સ્વરૂપમાં ઠરે છે. આહા..હા..! એને ચારિત્ર કહીએ, એને (પ્રત્યાખ્યાન કહીએ). ભાષા છેને? છે પ્રત્યાખ્યાનનો અધિકાર. છતાં ત્યાં સત્‌ ચારિત્ર અતિશયપણે (વર્તે છે) એમ કીધું. એ ચારિત્ર છે. આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન એમાં લીનતા, ચરવું, રમવું. આનંદનું ધામ ભગવાન આત્મા એવો અનુભવ અને સમ્યક્ત્વ થયું છે, પણ હવે એમાં રમવું આનંદમાં એ સત્‌ ચારિત્ર છે, એ પ્રત્યાખ્યાન છે.

આહા..હા..! આગળ આવે છેને કે ભાઈ જો તારાથી ન થઈ શકે, પણ શ્રદ્ધા તો કરજે કે ચારિત્ર આને કહીએ અને પ્રત્યાખ્યાન આને કહીએ. ગોટા વાળીશ નહિ તું.

**શ્રોતા :-** શ્રદ્ધામાં ગોટા નહિ ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્રદ્ધામાં ગોટા નહિ ચાલે, ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? તારાથી કાળ મોળો છે, પુરુષાર્થ મંદ છે એથી કદાચિત્ ન પળી શકે, ન થઈ શકે પણ શ્રદ્ધામાં તો રાખજે કે અંદર સ્થિરતા જામવી એનું નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન છે. આ હાથ જોડીને પચ્ચખાણ કર્યા માટે પ્રત્યાખ્યાન છે એમ નથી. આહા..હા..!

સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન કે પાંચમા ગુણસ્થાનની ભૂમિકામાં પંચમહાવ્રત કે બાર વ્રતના વિકલ્પો થયા પણ અંદરમાં સ્વનો ઉગ્ર આશ્રય ન થયો તો બહારની ક્રિયાકાંડનો વ્યવહાર રહ્યો. આહા..હા..! તો એ સમ્યગ્દર્શનની ભૂમિકા કે ચારિત્રની ભૂમિકા એના પ્રમાણમાં જે વિકલ્પ છે એની મર્યાદા ન રહી એને. શું કહ્યું ઈ? કે સમ્યગ્દર્શન છે. પછી વ્રત લીધા પંચ મહાવ્રતાદિ પણ અંદર સ્થિરતા ન આવી એટલે છઠ્ઠું કે પાંચમું ગુણસ્થાન ન થયું. અને એ જાતનો વિકલ્પ પંચમહાવ્રત આદિનો આચરણમાં હો, પણ અંદર દૃષ્ટિમાં સમ્યગ્દર્શન છે ત્યાં સ્થિરતા નથી. એટલે સ્થિરતાના પ્રમાણમાં રાગની મંદતા અને રાગની મંદતામાં સ્થિરતા એ વાત ત્યાં ન રહી. પહેલા આવી ગયું હતુંને એ? પ્રવચનસાર. આહા..હા..! આવો માર્ગ છે. સમ્યગ્દૃષ્ટિએ પણ વ્રતનો વિકલ્પ લીધો. 'મહાવ્રત અંગીકાર કરું છું' એમ ભાવ આવ્યો વિકલ્પમાં અને એ મહાવ્રતનો વિકલ્પ થયો. અહીંયાં જે મહાવ્રતના વિકલ્પની જે મર્યાદા છે એના પ્રમાણમાં જે આ સ્થિરતા છે એ ન થઈ. આહા..હા..! તો એને પણ દ્રવ્યલિંગી કહેવામાં આવે છે.

દ્રવ્યલિંગી ત્રણ પ્રકારના—એક તો આત્માનું ભાન નથી અને વ્રતની ક્રિયા બરાબર કરે આગમ પ્રમાણે પંચમહાવ્રતાદિ (પાળે). છે મિથ્યાદૃષ્ટિ. તો એ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. હવે સમ્યગ્દર્શન થયું, પછી વ્રતનો વિકલ્પ આવ્યો કે લઉં સાધુપણું. એવો વિકલ્પ આવ્યો. અને હું મહાવ્રત અંગીકાર કરું છું એમ પણ થયું, પણ અંતરમાં જે દશા મહાવ્રતની, રાગની મંદતાની યોગ્યતા પ્રમાણે જે સ્થિરતા જોઈએ એ સ્થિરતા ન આવી, એ પુરુષાર્થે ન કામ કર્યું. અમરચંદભાઈ! આહા..હા..! આત્માને જે ઉગ્ર આશ્રય જોઈએ એ આશ્રય ન થયો તો ભૂમિકા પ્રમાણે એને રાગની મંદતાનો મેળ ત્યાં ન રહ્યો. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! આહા..હા..! તો એ ચોથે ગુણસ્થાને રહ્યો અને ક્રિયા રહી મહાવ્રતની. એને પણ દ્રવ્યલિંગી કહીએ. અને કોઈ પાંચમે ગુણસ્થાને આવ્યો અંદરનો ઉગ્ર આશ્રય લઈને અને એમાં એ વખતે મહાવ્રતાદિ અંગીકાર કર્યા, પણ અંદરમાં જે ઉગ્ર આશ્રય જોઈએ તે ન કર્યો. તો એણે પંચમ ગુણસ્થાન અંદર અને બહારની ક્રિયામાં છઠ્ઠે ગુણસ્થાન યોગ્યનો શુભભાવ તો એને દ્રવ્યલિંગી કહીએ. આહા..હા..! દ્રવ્યલિંગી લિંગીમાં પણ ફેર એમ કહે છે. અમરચંદભાઈ!

આહા..હા..! અરે! માર્ગ તો જુઓ! નિર્મળાનંદના નાથને ઉગ્ર(પણે) અવલંબ્યો નહિ અને મહાવ્રતના પરિણામ લીધા. સમકિતી હોં ક્ષાયિકસમકિતી હોય. આહા..હા..! પણ અંદર દ્રવ્યનો આશ્રય (ઉગ્રતાથી ન લીધો). વાત ઈ છે કે પર્યાયને દ્રવ્યનો ઉગ્ર આશ્રય લેવો જોઈએ એટલો આશ્રય ન લીધો. એટલે કે એટલો આશ્રય થયો નહિ. આહા..હા..! વસ્તુનું જોર ત્યાં છે. વસ્તુ જે છે તેનો આશ્રય લેવો જઘન્યપણે, મધ્યમપણે, ઉત્કૃષ્ટપણે, વસ્તુ એ ત્યાં છે. સમજાણું કાંઈ? હવે એની તો જેને ખબર નથી, એની તો અહીં વાત નથી. એ તો મિથ્યાદષ્ટિ પંચમહાવ્રતના વિકલ્પ દ્રવ્યલિંગી અનંત સંસારી. આહા..હા..! એવો તો વીતરાગ માર્ગ, ભાઈ! વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા એનું દર્શન થયું, સમકિત થયું અને મહાવ્રત લીધા. ગુરુ પાસે મહાવ્રત લીધા. આહા..હા..! પોતાને જે ઉગ્ર આશ્રય લેવો જોઈએ એ આશ્રય લીધો નહિ એટલે છઠ્ઠું ગુણસ્થાન ન આવ્યું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલેથી મહાવ્રત ગ્રહણ કરે તો ચોથે, પાંચમે કરેને? છઠ્ઠે હોય તો પછી ચોથે મહાવ્રત ગ્રહણ કરે? પાંચમે પણ પહેલા મહાવ્રત ગ્રહણ કહે, ચોથે પણ પહેલા ગ્રહણ કરે પછી ચારિત્ર (કોઈકને આવે). આહા..હા..! મહાવ્રત ગ્રહણ કરે એટલે છઠ્ઠું ગુણસ્થાન છે એમ ક્યાં છે ત્યાં? ધીમેથી સમજો, બાપુ! આ તો વસ્તુ છે. મહાવ્રત અંગીકાર કર્યા માટે ત્યાં છઠ્ઠું છે એમ છે? મહાવ્રત અંગીકાર તો ચોથે અને પાંચમે થાય છે. એ આવશે આમાં ચરણાનુયોગમાં. સમજાણું કાંઈ? આહા..હા..! છઠ્ઠે આવીને મહાવ્રત અંગીકાર કરે એમ છે? અને પહેલું તો મુનિપણું આવતા પહેલું તો સાતમું આવે છે. તો એ મહાવ્રતના વિકલ્પ લીધા ... કે હવે પછી ચારિત્ર થશે. એવી સ્વરૂપમાં અપ્રમત્તદશા જોઈએ તે આશ્રય ન કર્યો. એટલે અપ્રમત્તદશા જે થઈ એ ન થઈ અને વ્રતના વિકલ્પ રહી ગયા. આહા..હા..! એને પણ અહીં દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. સંસાર ઘટ્યો છે હોં એને. ઓલો દ્રવ્યલિંગી અને આ દ્રવ્યલિંગીમાં ફેર છે. ઓલો મિથ્યાદષ્ટિ અને દ્રવ્યલિંગી એના પંચમહાવ્રતાદિ બરાબર, પણ એ તો અનંત સંસારી છે. આ તો સંસાર જેણે પરિત કરી નાખ્યો છે. આહા..હા..! જેને સંસાર જેમાં નથી એવો જે સ્વભાવ... આહા..હા..! એને પકડ્યો છે, અનુભવ્યો છે એટલે કે જે સંસારના અભાવસ્વભાવરૂપ દૃષ્ટિને પકડી છે અને દૃષ્ટિનો વિષય પકડ્યો છે. આહા..હા..! એથી અનંત સંસારી નથી. જે મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી અનંત (સંસારી છે) એવો અનંત સંસારી નથી, પણ એણે મહાવ્રત તો લીધા ઉત્સાહથી, પણ એ ભૂમિકામાં જે આશ્રય પાછો કરવો જોઈએ મહાવ્રત લઈને (એ ઉગ્ર આશ્રય ન કર્યો). મુનિ પહેલા મહાવ્રત લે ચોથે-પાંચમે પછી ધ્યાનમાં બેસે. પછી આત્માનો ઉગ્ર આશ્રય લે ત્યારે એને પ્રથમ સાતમું ગુણસ્થાન આવે. સમજાય છે કાંઈ આ? આ થોડો થોડો ઝીણો વિષય આવી ગયો. આવી વાત છે.

આ તો કેમ આવ્યું? કે વસ્તુ જે છે એના આશ્રયની કેટલી દશા (થાય) એ ઉપર એની દશા છે. મહાવ્રતના વિકલ્પની અપેક્ષાએ દશા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આશ્રય કેટલો છે એ ઉપર એની દશા છે. આહા..હા..! એ વસ્તુ ત્યાં છે બધી. પૂર્ણ આનંદનો નાથ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન વિજ્ઞાનઘનનું દળ, વિજ્ઞાનનું દળ એનો એણે આશ્રય સમ્યગ્દર્શનમાં તો લીધો, પણ પછી એને આશ્રય વિશેષ જોઈએ તે ન લીધો અને વિકલ્પ આવા રહ્યા. છતાં એની શ્રદ્ધા ને જ્ઞાન અને પ્રરૂપણા બધી સત્ય હોય. એમ ન માને કે આ પંચમહાવ્રતના વિકલ્પ છે માટે મારે ચારિત્ર છે, એમ એ ન માને. સમજાણું કાંઈ? વ્યવહાર મારો એવો છે, પણ નિશ્ચયમાં તો હું ચોથે, પાંચમે છું. આહા..હા..! એવો વિવેક માર્ગ છે!

અહીં તો વજન દેવું છે ક્યાં? કે મુખ્ય તે નિશ્ચય એ વસ્તુ ઉપર જે ગયો નહિ પછી પણ, એને ઠેકાણે આ ગોટા વાળ્યા કે વ્યવહાર છે માટે નિશ્ચય છે, આવો વ્યવહાર પાળે માટે નિશ્ચયચારિત્ર છે એમ એ ન માને. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ બધું સમજવું પડશે આ. આ ઝીણી વાતું આવી ગઈ થોડી. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં બધો ખુલાસો છે.

જુઓને, અત્યારે સાંભળીએ છીએ આ નાની નાની ઉંમરનાને હાર્ટ ફેઈલ થઈ જાય છે ને મરી જાય છે. બહેન આવ્યા હતા અમારે ..બહેન એના ભાઈ ૪૧ વર્ષના એને હાર્ટ ફેઈલ થઈ ગયું. એક આ ગિરધરભાઈ આપણે આવે છેને. એનો કાકાનો દીકરો એક છે. એ સ્થાનકવાસી હતો. એને કહે છે થઈ ગયું, ગુજરી ગયો. એને તો વળી આ હતું પેટનું જળોદર, જળોદર. ચાર-ચાર ડોક્ટરને બોલાવ્યા. જળોદર સમજો છો? નગીન. નગીનભાઈ. કસ્તુરભાઈનો દીકરો. ગિરધરભાઈ એના કાકા થાય.

**શ્રોતા :-** એના સગા કાકાનો દીકરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સગા કાકાનો. છેને ખબર છેને. મૂળચંદભાઈ, કસ્તુરભાઈ અને આ નાગરભાઈ. ત્રણ ભાઈઓ. અમે ત્યાં ચોમાસું કર્યું છેને. આહા..હા..! ક્યાં માણસ ઊડી જાય છે અને ક્યાં (જઈને પડે)? આહા..હા..! અરેરે! એણે આ આત્મા શું છે એનો જો આશ્રય, પરિચય ન કર્યો, પરિચય એ બધા અવતાર (માં જાય). અરે! જેને માટે અવતારના અભાવ માટે અવતાર (મળ્યો) એ એણે ન સફળ કર્યો. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ.. ઓલું છેને. સવારમાં નહોતું કહ્યું? એક કોર ઢીલું મૂકવું. એ પાછું જોયું આજે મેં. જોયું નહોતુંને વાત થઈ હતીને. બે વાત કરી છે એમાં. એક તો સમ્યગ્દર્શનને ખેંચે, સમ્યગ્જ્ઞાન ઢીલું મૂકે. ઢીલું મૂકે એટલે ઓલું જ્ઞાનમાં છે એટલું જાણે એમ. સમ્યગ્દર્શનમાં પૂર્ણ છે એમ અંદર છે અને સમ્યગ્જ્ઞાનમાં પૂર્ણ છે એ નિશ્ચયથી અને પર્યાયમાં અપૂર્ણ છે એવું એના લક્ષમાં ઢીલાપણું આવી ગયું. ઢીલું એટલે? એ દશા ઓછી છે એ જ્ઞાનમાં આવે છે. એવું લખ્યું છે. એક અર્થ એવો કર્યો છે અને પછી ચારિત્રની પૂર્ણતા કરે છે.

એક અર્થ પછી એવો કર્યો કે દ્રવ્યાર્થિકનય જીવને નિત્ય માને અને પર્યાયાર્થિકનય જીવ

અનિત્ય માને. એને જ્યારે પર્યાયાર્થિકનયનું જ્ઞાન કરવું હોય ત્યારે અનિત્યને મુખ્ય કરીને તેનું અનિત્યનું જ્ઞાન કરાવે. નિત્યને ગૌણ (કરાવે). આ તો જાણવાની અપેક્ષાની વાત છે. અને જ્યારે દ્રવ્યાર્થિકની મુખ્યતા હોય ત્યારે પર્યાયને ગૌણ કરી નાખે અને પર્યાયને મુખ્ય કરવી હોય ત્યારે દ્રવ્યાર્થિકને ગૌણ કરે. જ્ઞાન કરવા માટેની વાત છે. નિત્ય છે કે અનિત્ય છે કે એક છે કે અનેક છે.

**શ્રોતા :-** બહિદષ્ટિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, અંતર જે વસ્તુ છે ધ્રુવ ભગવાન પૂર્ણાનંદનો નાથ એને તો મુખ્ય કર્યા વિના એને સમ્યગ્દર્શન કોઈ દિ' થાય નહિ. એને પર્યાયને ગૌણ કરીને, અભાવ કરીને નહિ. દેવીલાલજી! અભાવ કરીને નહિ. અભાવ કરી નાખે તો વેદાંત થઈ જાય. પણ ગૌણ કરીને પ્રયોજન પર્યાયના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી. માટે મૂળ ત્રિકાળ વસ્તુને લક્ષે સમ્યક્ થાય છે એથી એને મુખ્ય કરીને એને નિશ્ચય (કહ્યું કે) 'આ વસ્તુ છે,' એમ કહ્યું. એની મંથનની ક્રિયા અને બીજામાં બેયમાં ફેર છે. ત્યાં તો નિત્ય-અનિત્ય, એક-અનેક જાણવું છે. ભાઈ સમજાણુંને? નિત્ય એમ લખ્યું છે હોં પાછું. આજે જોયું બધું. ટોડરમલનો અર્થ જોયો, બીજા ચાર-પાંચ છેને આપણે ત્યાં પુરુષાર્થસિદ્ધિ ઉપાય. એક મખનલાલજીનો અર્થ જોયો. પહેલું એ મળ્યું હતું ૮૨માં પુરુષાર્થસિદ્ધિ ઉપાય. વઢવાણ. મોટી છેને આવડી એ મળ્યું. એ જોયું. એમાંથી અર્થ કરે ઊંધા પછી.

ત્યાં તો એમ કહે છે કે આત્માને જ્યારે નિત્યને વર્ણવવો હોય દ્રવ્યાર્થિકનયથી ત્યારે પર્યાયને ત્યાં ગૌણ કરીને ઢીલું પાડી દેવું. આને સક્ક્ડ કરવું. અને પર્યાય અનિત્ય છે આત્મા એને જ્યાં સિદ્ધ કરવું હોય ત્યાં તે વખતે દ્રવ્યની મુખ્યતાનું લક્ષ નથી. સમજાણું કાંઈ? જાણવાની અપેક્ષાએ વાત છે. પણ શું થાય? અરે! ભગવાનના વિરહ પડ્યા કેવળીના. અવધિ, મનઃપર્યય, કેવળ રહ્યું નહિ. આહા..હા..! અને સત્યના અર્થો ફેરવી નાખ્યા. જે રીતે સત્ય છે અને સત્ય કહેવું છે એ રીતે ન માને અને બીજું કરી નાખે કે આ વ્યવહાર છે એ પણ મુખ્ય કરીને વ્યવહાર જ્યારે કરવો હોય તો મુખ્ય કરવો જોઈએ, એમ નથી. વ્યવહાર મુખ્ય કોઈ દિ' થાય જ નહિ. સમજાણું કાંઈ? સદા નિરંતર મુખ્ય નિશ્ચય થાય. આહા..હા..! અને નિરંતર પર્યાયની ગૌણતાથી તેને અસત્યાર્થ કહેવામાં આવે છે. આને (દ્રવ્યને) મુખ્ય કરીને આને સત્યાર્થ કહેવામાં આવે છે. આવી વસ્તુ છે પણ શું થાય? પછી માણસો એમ કહે કે તમે અર્થ ફેરવો છો. રામજીભાઈ ઉપર આવ્યું હતું સોમચંદભાઈનું એક ફેરી. સોમચંદ અમથાલાલ. એના કાકા થાયને. એના કાકા થાય. એના ગામના નહિ, એના કાકા થાય. કાકા નજીકના, નજીકના. ભલે .. પણ કાકા થાય. .. આવ્યા હતા.

**શ્રોતા :-** તમે કેટલાકના અર્થો ફેરવશો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેટલાકના અર્થો ફેરવશો? અરે પ્રભુ! આહા..હા..! લક્ષમાં તો

હોયને વાત કોઈ વખતે થઈ હોય એ. ભાઈ! અર્થના કેવી રીતે અર્થ કરવા? એ ફેરવી નાખવાની નથી વાત, સત્યાર્થને સિદ્ધ કરવાની વાત છે.

જ્યાં ભગવાન પૂર્ણાનંદનો નાથ મુખ્ય ન થાય ત્યાં એને કોને મુખ્ય કરીને અને કોને ગૌણ કરીને વાત કરવી છે એને? સમજાણું કાંઈ? આહા..હા..! જેમાં અનંતી પર્યાયો પડી, સિદ્ધની શક્તિઓ પડી છે. આહા..હા..! એ આવશે હમણાં. ધર્મી તો આમ ચિંતવે. એ આવશે હવે. આ ૯૬-૯૬. આહા..હા..! તો ત્યાં આગળ કોઈ સમયે પણ દ્રવ્ય જે મહાપ્રભુ ચૈતન્ય વસ્તુ એની મુખ્યતા ટળે અને વ્યવહારની મુખ્યતા થાય, બાપુ! કોઈ દિ' એમ ન હોય. દેવીલાલજી! વાત તો આમ છે, ભાઈ! તને ન ગોઠે તેથી સત્ય કાંઈ બીજું થાય? રવિન્દ્રજી! આહા..હા..!

અહીં કહે છે '**ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે...**' હું આવી ચારિત્રદશાને વંદું છું. આહા..હા..! ૯૫ થઈ. ૯૬. અમૃતના મેઘ વરસાવ્યા છે. આહા..હા..! આ તો બહારના વરસાદની હમણા લોકો વાતું કરે છેને વરસાદ બહુ છે, પેદાશ બહુ છે, અનાજના ભાવ ઘટી જશે, ઘટી ગયા. આ તો અમૃતના મેઘ છે, બાપા! એના ભાવ તો જે છે એ ભાવ એના ઘટવાના નથી. આહા..હા..! ૯૬.

**केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ।**
**केवलसत्तिसहावो सो हं इदि चिंतए णाणी।।९६।।**
**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૬.**

પદના મેળ માટે છે.

'ટીકા :- આ, **અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે.**' આહા..હા..! અનંતચતુષ્ટય. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય. એક પ્રગટપણે અને એક શક્તિપણે બેયનું આમાં કથન છે. સમજાણું કાંઈ? જુઓ, '**સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત,...**' પહેલો વ્યવહાર લે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન જે પ્રગટ થયું છેને એ સદ્ભૂતવ્યવહારનયનો વિષય છે, નિશ્ચયનો વિષય નહિ એ. આહા..હા..! જુઓને! પણ એની ભાવના કરવી કહે છે સાધક જીવે, પ્રગટ કરવા માટે. ક્યા પ્રકારે? આ પ્રકારે. '**અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને...**' '**નિરવશેષપણે...**' બીજો કોઈપણ બહારનો આશ્રય છોડી દઈને, સર્વથા છોડી દઈને. '**અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે.**' એ સામાન્ય વાત કરી.

હવે '**ક્યા પ્રકારે? આ પ્રકારે :—**' સમજાણું કાંઈ? જ્ઞાનીની અહીં વાત છે હોં. જ્ઞાની સિવાય ચારિત્ર હોય ક્યાંથી બીજાને પણ એ? મિથ્યાદૃષ્ટિને ચારિત્ર કેવા અને પ્રત્યાખ્યાન કેવા? આહા..હા..! જેણે ઘર જોયા નથી એ ઘરમાં ઠરે ક્યાંથી પણ? જેમાં ઠરવું છે એ

ચીજ શું છે? એ ચીજ જ જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવી નથી એ ઠરવામાં એને ક્યાંથી હોય પણ? આહા..હા..! '**સમસ્ત બાહ્ય પ્રપંચ...**' એટલે વિસ્તાર. એની વાસના, એની ગંધ. વિમુક્ત એનાથી પર છે. '**નિરવશેષપણે...**' કાંઈ બાકી રાખ્યા વિના અંતર્મુખ (થયો છે). પરનો આશ્રય, પર્યાયબુદ્ધિનો આશ્રય છોડી દઈ, એમ કહે છે. સમસ્ત નિરવશેષ. નિમિત્તનો, રાગનો અને પર્યાયનો (બધાનો આશ્રય છોડી દીધો). આહા..હા..! એનો '**અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને...**' અંતર્મુખ જે તત્ત્વજ્ઞાની છે એવા જીવને આ '**શિખામણ દેવામાં આવી છે.**'

'**ક્યા પ્રકારે? આ પ્રકારે :- સાદિ-અનંત...**' કેવળજ્ઞાન પ્રગટે છે એ સાદિ છે, પણ પછી અનંતકાળ રહે છે. પહેલા પ્રગટ પર્યાયની ભાવનાની વાત કરે છે. આહા..હા..! '**સાદિ-અનંત...**' સાદિ એટલે આદિ છે. કેવળજ્ઞાનની આદિ છેને, એ ક્યાં ગુણ છે? આહા..હા..! પ્રગટ થાય છે, પ્રગટ થાય છે. શરૂઆત છે એમ નહિ, પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એની પ્રગટતા થાય છે. એ ગુણ નથી કાંઈ. આ મોટા વાંધા છેને. કેવળજ્ઞાન એ પર્યાય નથી, ગુણ છે. ... એ લોકો આવતા નથી આ બાજુ. '**સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી,...**' દેખો ભાષા. કેવળજ્ઞાન અને કેવળ દર્શન અને અનંત વીર્ય અને અનંત સુખ પ્રગટેલી દશા એ '**સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી,...**' એ શુદ્ધસદ્ભૂતવ્યવહાર છે. આહા..હા..! અનંતચતુષ્ટય જે પ્રગટ્યા કેવળજ્ઞાનની ભૂમિકામાં—અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ એ સાદિ-અનંત સદ્ભૂતવ્યવહારનય છે. કેમકે પ્રગટ થયા, અંત નથી. આહા..હા..! અને અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવ છે અને તે પર્યાય છે માટે સદ્ભૂતવ્યવહાર છે. આહા..હા..! કેવળજ્ઞાન અનંતચતુષ્ટય સદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે. આહા..હા..! ત્રિકાળી અનાદિ-અનંત જે નિશ્ચય છે એની અપેક્ષાએ આ સાદિઅનંત તો ભિન્ન પડી ગયું છે. વ્યવહાર થયો એ તો. આહા..હા..! નિશ્ચયની પછી વાત લેશે.

'**અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી,...**' શુદ્ધ અને સદ્ભૂત એવો ભેદ એવો વ્યવહાર. કેમકે કેવળજ્ઞાન છે એ શુદ્ધ છે, સદ્ભૂત પોતાની પર્યાય છે અને ભેદ છે માટે વ્યવહાર છે. આહા..હા..! કોની પેઠે? કે '**શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત...**' એક પરમાણુ છેને, એનો શુદ્ધ સ્પર્શ. શુદ્ધ કેમ કહ્યું? વિભાવ નથી. શુદ્ધ સ્પર્શ, શુદ્ધ રસ, શુદ્ધ ગંધ અને શુદ્ધ રંગ એના આધારભૂત એવી નિર્મળ પર્યાય સ્વભાવિક એનો આધાર. '**શુદ્ધ પુદ્ગલ-પરમાણુની માફક,...**' સમજાણું કાંઈ? આહા..હા..! '**શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુની માફક,...**' ત્રિકાળી સ્પર્શ-રસની અહીં અત્યારે વાત નથી. પ્રગટેલા શુદ્ધ સ્પર્શ છે, શુદ્ધ રંગ-ગંધ-સ્પર્શ છે પ્રગટેલી દશા, એકલો છે માટે સ્વભાવિક અને તે પર્યાયનો આધાર છે તે પરમાણુ. આહા..હા..! એવા શુદ્ધ '**પુદ્ગલ-**

**પરમાણુની માફક,...'**

'**જે કેવળજ્ઞાન,...**' હવે એનો વિસ્તાર કરે છે. '**કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિયુક્ત પરમાત્મા તે હું છું...**' આવી જે પર્યાય તે હું છું. એમ સાધક જીવે એની દશામાં અલ્પ જ્ઞાનાદિ હોવા છતાં પૂર્ણ નથી એથી એને પૂર્ણની ચિંતવના કરવી કે આવો તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? હું કેવળજ્ઞાન... પર્યાય હોં આ. '**કેવળદર્શન,...**' પર્યાય, '**કેવળસુખ...**' અવસ્થા '**કેવળ શક્તિ...**' વર્તમાન અંશ ભાગ. એવા '**યુક્ત પરમાત્મા તે હું છું...**' એમ પહેલી સમ્યગ્દષ્ટિએ આવી ભાવના કરવી. જેથી કરીને એને ચારિત્ર થાય, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ જ્ઞાનીએ ભાવના કરવી;...**' એટલે પૂર્ણ દશા સંપન્ન છું એ હું છું. આહા..હા..!

**શ્રોતા :-** એ જ મારી સાચી પર્યાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મારી પર્યાય પૂર્ણ. પ્રગટ કરવી છેને તેથી તેની ભાવના કરવી, એમ કહે છે. આહા..હા..!

'**અને નિશ્ચયથી,...**' અનંતચતુષ્ટય પાઠમાં છેને? એના બે ભાગ કર્યા પછી. એક, પૂર્ણ પર્યાય તેવો પરમાત્મા તે હું છું. આહા..હા..! દ્રવ્યે તો પરિપૂર્ણ છું, પણ પર્યાયે પરિપૂર્ણ તે પરમાત્મા તે હું છું. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયની ભાવના?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવના એ એની પ્રગટ કરવાની છેને. પર્યાય પ્રગટ કરવા માટે અલ્પજ્ઞમાં પણ હું પરમાત્મા આવો તે હું છું. એવું એને ધ્યેય જે પ્રગટ કરવું છે, આ ધ્યેય. દ્રવ્ય પછી લેશે. આ તો સાધ્ય છેને. આ ભાવ સાધક છે અને પૂર્ણ છે એ સાધ્ય છે. સાધ્ય-સાધક આવે છે કે નહિ? સાધ્ય છે પૂર્ણ દશા તે હું છું. અલ્પજ્ઞનો પણ આદર છોડી દે છે. ત્યારે એમાં પ્રત્યાખ્યાન એટલે ચારિત્રની રમણતા થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવા ઝીણા અર્થો અને .. એટલે લોકોને (કઠણ લાગે છે). શું થાય? માર્ગ તો હોય એમ થાયને. આહા..હા..! અનંત તીર્થંકરોએ, અનંત જિનેન્દ્રોએ આ માર્ગ કહ્યો છે, જાણ્યો, અનુભવ્યો અને કહ્યો છે. એમાં કાંઈ કલ્પનાની વાત નથી કે આમ હોવું જોઈએ અને આમ હશે. આમ જ છે. આહા..હા..! અલ્પજ્ઞદશામાં રાગ હોવા છતાં એને સાધ્ય જે કેવળજ્ઞાન, દર્શન, આનંદ-સુખ તે હું છું. એમ જે સાધ્યને દૃષ્ટિમાં, સાધ્યને લક્ષમાં લઈને અપૂર્ણતાનો ત્યાં નિષેધ કરે છે. એથી ત્યાં ચારિત્ર એને રમણતા થાય છે. આહા..હા..! આ બહાર આવ્યું. ગુજરાતીમાં પુસ્તકો બહાર આવ્યા છે. હવે એમ નથી કે ભાઈ હિન્દીના ઝીણા પડે, સમજાય નહિ સંસ્કૃતમાં. હવે સંસ્કૃતમાંથી હિન્દી બન્યું અને હિન્દીમાંથી ગુજરાતી બન્યું છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ગંભીર તો જે હોય એ રહેશે. બીજું શું થાય?

હવે નિશ્ચય. સાધ્ય તે હું છું એમ કેમ કહ્યું? કે એને અપૂર્ણતામાંથી પૂર્ણ કરવું છે. અપૂર્ણતાનો વ્યય કરીને પૂર્ણતાનો ઉત્પાદ કરવો છે. આશ્રય તો દ્રવ્યનો છે. સમજાણું કાંઈ? પણ અપૂર્ણ જે પર્યાય સાધક છે એનો વ્યય કરી અને સાધ્યની પર્યાયને ઉત્પન્ન કરવી છે. આહા..હા..! તેથી કહે છે કે હું તો.. દ્રવ્યે તો શુદ્ધ છું એ વાત પછી કહેશે, પણ એમાં એ આવી જ જાય છે. જે જ્ઞાની છે એ આમ ચિંતવે એમ કહ્યુંને? ભાષા શું કરી જુઓને. '**નિરવશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને શિખામણ...**' એને કહ્યું છે કે જો તું આમ કર. સમ્યગ્દ્રષ્ટિ છે, તત્ત્વજ્ઞાની છે. આહા..હા..! એને કહે છે કે તારી અપૂર્ણ અવસ્થા છે, પ્રત્યાખ્યાન છેને, એને છોડી અને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, વીર્ય (પ્રાપ્ત) એ પરમાત્મા હું છું. એટલી સ્થિરતા ઝમવટ કર. આહા..હા..! પ્રત્યાખ્યાનનો અધિકાર છેને! સમજાણું કાંઈ? પરમાત્મા આવી અનંતચતુષ્ટય જે સાદિઅનંત દશા તે હું છું. આહા..હા..! પર્યાય આવડી મોટી તે હું છું. સમજાણું કાંઈ? અપૂર્ણતાનો અભાવ કરી અને પૂર્ણતાને પ્રગટ કરવાનું આ મંથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે નિશ્ચય લે છે.

'**અને નિશ્ચયથી, હું સહજજ્ઞાનસ્વરૂપ છું,...**' ત્રિકાળ. હું તો સહજજ્ઞાનસ્વરૂપ છું. સ્વભાવિક જ્ઞાનસ્વભાવ તે શુદ્ધ છું. પૂર્ણ સહજજ્ઞાનસ્વરૂપ છું. સ્વભાવિક જ્ઞાન. ઓલું સાદિ-અનંત હતું. આ તો સ્વભાવિક જ્ઞાન અનાદિ-અનંત છું. આહા..હા..! નિશ્ચયનો અધિકાર જગતને પરિચય નહિને એટલે બહારનું સાંભળીને બધું ગોઠવી બેઠા છે. આ ગુલાંટ ખાવી બહુ આકરું પડે છે. ભાઈ! પણ આવું ન કર તો કે દિ' તારા આરા આવશે? આહા..હા..!

બાળમરણે અનંતવાર મર્યો પ્રભુ! એકવાર સમ્યગ્દર્શન અને જ્ઞાનરૂપે ચારિત્ર ન હોય તો એને એ અપેક્ષાએ બાળ કહેવાય, પણ સમ્યગ્દર્શન-જ્ઞાનની અપેક્ષાએ એ પંડિત છે. આહા..હા..! એ દેહ છોડવાનો કાળ તો આવશે. 'દેહ હું નથી, રાગ હું નથી' એવી જે દૃષ્ટિ, 'ધ્રુવ છું' એવી તો દૃષ્ટિ થઈ છે. હવે પર્યાયમાં અપૂર્ણતા છે એને અભાવ કરવા માટે તો એકવાર સાધ્યની ભાવના કર અને અહીંયાં હવે ધ્યેયની ભાવના કર. આવો હું ત્રિકાળ છું. આહા..હા..! ભારે! ધ્યેય આ છે, ઓલું સાધ્ય છે. સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી હું સહજજ્ઞાનસ્વરૂપ છું,...**' પ્રગટ કરવું એ તો સાધ્યની અપેક્ષાની વાત થઈ પણ નિશ્ચયથી તો હું આવો જ છું. આહા..હા..! સ્વભાવિક જ્ઞાન ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છું. '**હું સહજદર્શનસ્વરૂપ છું,...**' સ્વભાવિક દર્શનસ્વરૂપ. દૃષ્ટા હોં ઈ. સમકિત નહિ આ. સ્વભાવિક દૃષ્ટા સહજદર્શનસ્વરૂપ છું. સ્વભાવિક દર્શનસ્વરૂપ છું. '**હું સહજચારિત્રસ્વરૂપ છું...**' હું કહીને બીજા બધા થઈને નહિ, પણ હું પોતે આટલો છું એમ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બીજા બધાથી જુદો છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદો છું. જુદો છું અને પરિપૂર્ણ છું. સમજાણું કાંઈ?

'**હું સહજચારિત્રસ્વરૂપ છું...**' જુઓ, ત્યાં એ લીધું. જોયું? ઓલામાં સુખ લીધું હતું. ચારિત્ર અને દર્શન એ સુખમાં આવી જાય છે. સમજાણું કાંઈ? સિદ્ધમાં સુખ લીધું છે. આઠ બોલ છેને એમાં દર્શન અને ચારિત્ર આવી જાય છે. અહીં ચારિત્રને સુખમાં લીધું, સુખને ચારિત્રમાં લીધું. આહા..હા..! '**હું સહજચારિત્રસ્વરૂપ છું...**' ત્રિકાળની વાત છે હોં આ. ઓલામાં લીધું હતું સુખ પ્રગટરૂપ દશામાં. આહા..હા..! મારું સ્વરૂપ તો સહજચારિત્રસ્વરૂપ છે. પ્રગટ કરવું એ તો બીજી વાત થઈ, એ તો પર્યાયની વાત થઈ. આ તો છું એવો. આહા..હા..! એવો છે એમાંથી સાધ્ય અવસ્થા પ્રગટ થાય. ન હોય એમાંથી ક્યાંથી થાય? પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહા..હા..!

સહજજ્ઞાનસ્વરૂપ, સહજદર્શનસ્વરૂપ દર્શન એટલે દૃષ્ટા અને સહજચારિત્રસ્વરૂપ છું. પર્યાયમાં પણ યથાખ્યાતચારિત્રસ્વરૂપ પ્રગટે છે. તે હું છું એ પહેલી ભાવનામાં ગયું. ત્યાં સુખ લીધું. સમજાણું? અહીં ચારિત્ર લીધું. ત્યાં સિદ્ધના આઠ ગુણમાં ચારિત્ર નથી લીધું. સુખ લીધું એટલો લોકો મૂંઝાઈ ગયા કે એને ચારિત્ર ન હોય. એમ નથી, ભાઈ! સમ્યગ્દર્શન અને ચારિત્ર એ સુખનો જ પ્રકાર છે. આહા..હા..! એ આનંદનો જ પ્રકાર છે. સમ્યગ્દર્શનમાં પણ આનંદ છે અને સમ્યક્ચારિત્રમાં પણ આનંદ છે. અને ચારિત્રને બહાને સુખ કીધું. અનંતચારિત્રસ્વરૂપ પાછું એટલે કોઈ અંતરમાં ચારિત્ર છે કે નહિ અંદર? ગોટો વાળે. સુખસ્વરૂપ છું અને વીર્યસ્વરૂપ છું. ચારિત્રસ્વરૂપ છું કે નહિ? એટલે ખુલાસો કર્યો. પદ્મપ્રભમલધારિદેવે ટીકામાં આમ લીધું. આહા..હા..!

'**હું સહજચારિત્રસ્વરૂપ...**' ત્રિકાળ છું. અકષાયસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એ ચારિત્રસ્વરૂપ ત્રિકાળ છું. આહા..હા..! મારો ભગવાન શુદ્ધ ચારિત્રસ્વરૂપે બિરાજમાન ત્રિકાળ છે, કહે છે. આહા..હા..! આ સ્વભાવરૂપ, શક્તિરૂપની વાત છે. પહેલી પ્રગટરૂપ પર્યાયની વાત હતી. પાઠમાં 'અનંતચતુષ્ટય છે એનું ધ્યાન કરવું' એમાં બેય પ્રકાર લીધા. આહા..હા..! સાંભળવા ન આવ્યા હોય અને ઘરે કહે શું સાંભળીને આવ્યા? શું એને કહેવું? અને બાયુંને બિચારાને સાધારણ મગજ એમાં આવી વાત બેસે નહિ. '**હું સહજચારિત્રસ્વરૂપ છું,...**' સ્વભાવિક વીતરાગસ્વરૂપ એ ચારિત્રસ્વરૂપ, અકષાયસ્વરૂપ એ ચારિત્રસ્વરૂપ તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં સભામાં બહુ રાજી થાય, ઝાઝા માણસમાં ... આ બધું શું કહે છે? એક જણો કો'ક કહેતું હતું, હું કંઈ પકડી શકતો નથી. આહા..હા..! અભ્યાસ નહિ. દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? એનું જ્યાં હજી વ્યવહારુ શાસ્ત્રથી જ્ઞાન નથી, એને વળી આવો છું. એવો છું તો ક્યાં ગયો? અમારે ભગવાનભાઈ કહેતા. રામજીભાઈના મિત્ર હતા. આવા વખાણ કરે છે, ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? એમ કહેતા. આ વકીલ. ક્યાં રામજીભાઈ અને ક્યાં એ. આવી વાત આવેને ત્યાં વ્યાખ્યાનમાં રાજકોટ. બહુ તમે વખાણ કરો છો તો આવો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? એમ કહે. તેં માન્યો નથી તેથી તારી દૃષ્ટિમાંથી ગયો છે. છે તો ત્યાંનો ત્યાં

જ! અમરચંદભાઈ! આ છે એવો તને સ્વીકાર, છે તેનો સ્વીકાર નથી એ તેં ઈચ્છ્યું નથી. ક્યાં ગયો? કહે ગયો અજ્ઞાનમાં. આહા..હા..! આ ચીજ આવી છે એ તો પ્રતીતમાં લે એને આવી છે. પ્રતીતમાં ન લે એને આવી છે એ ક્યાંથી આવી અંદર? આહા..હા..! જેને ભરોસે ચડી ગઈ વાત આવી છે આ એને એવી છે. જેને ભરોસે આવી નથી એને છે ક્યાં? આહા..હા..!

'**હું સહજચારિત્રસ્વરૂપ છું...**' અહીં તો વધારે શું કહેવું છે? કે હું ચારિત્રસ્વરૂપ છું શક્તિરૂપે, સ્વભાવરૂપે, તો પ્રગટમાં સિદ્ધમાં ચારિત્રદશા હોય છે. સમજાય છે કાંઈ? એ મોટી ચર્ચા ચાલી હતી કૈલાસચંદજી સાથે. કૈલાસચંદજીએ એમ કહ્યું કે ચારિત્ર સિદ્ધમાં નથી. પણ અહીં તો કહે છે કે છે ભાઈ! તું કઈ અપેક્ષાએ કહે છો? એ તો ઇન્દ્રિયદમન અને સંયમ ને કરવું એવું ત્યાં નથી. આ વસ્તુ તો છે. આ વસ્તુમાં છે અને જેને પ્રગટ થયું તેની પર્યાયમાં છે. ગુણનું પરિણમન થયું છે. આહા..હા..! વસ્તુ તો જેમ હોય એમ કહેવું જોઈએને. પહેલો ખ્યાલ ન હોય. થઈ જાય. પણ જ્યારે ન્યાય બેસે ત્યારે તો એને (કબુલ કરવું જોઈએ). આ તો છે, ભાઈ! સ્વરૂપની પૂર્ણ રમણતા. ચારિત્રગુણ છે પૂર્ણ રમણસ્વરૂપ તો પર્યાયમાં પૂર્ણ રમણસ્વરૂપ સિદ્ધને પણ હોય છે. ચારિત્ર. સમજાણું કાંઈ?

'**અને હું સહજચિત્શક્તિસ્વરૂપ છું...**' વીર્ય લીધું. અને હું સ્વભાવિક ચિત્ જ્ઞાનની શક્તિસ્વરૂપ, જ્ઞાનના વીર્યવાળો એમ કહે છે. આહા..હા..! હું એક સ્વભાવિક જ્ઞાનશક્તિસ્વરૂપ, જ્ઞાનના વીર્યવાળો છું. આહા..હા..! આ શરીરનું વીર્ય જે છે એ તો જડ, માટી, ધૂળ છે એ તો. આહા..હા..! '**હું સહજચિત્શક્તિ...**' છેને? '**ચિત્શક્તિસ્વરૂપ છું...**' ચિત્ નામ જ્ઞાનશક્તિ, જ્ઞાનવીર્યસ્વરૂપ છું, પૂર્ણ છું. આહા..હા..! '**એમ ભાવના કરવી.**' છેને? ઓલામાં એમ આવ્યું. 'તે હું છું' એમ જ્ઞાનીએ ભાવના કરવી. અહીં '**એમ ભાવના કરવી.**' જ્ઞાનીએ કરવી એ અંદર આવી ગઈ છે વાત. આહા..હા..! આવી ભાવના કરવી. આહા..હા..! એ ભાવનામાં ચારિત્ર પ્રગટ થાય છે એમ કહે છે. આ છું... આ છું... આ છું... અંદરમાં છું એવા વિકલ્પની વાત નથી આ. અંદર ભાવના કરતાં એનું નામ પ્રત્યાખ્યાન અને એનું નામ ચારિત્ર છે. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૨, સોમવાર, તા. ૦૬-૧૦-૧૯૭૫, કળશ-૧૨૮, ગાથા-૯૬-૯૭, પ્રવચન નં. ૫૪

'એવી રીતે એકત્વસપ્તતિમાં (-શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદિપંચવિંશતિના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૨૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'

(अनुष्टुभ)

केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्परं महः।
तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम्।।

પાઠમાં ચાર બોલ છે અને કળશમાં ત્રણ બોલ છે. શક્તિ વીર્યને કાઢી નાખ્યું. કારણ કે એ તો બધું વીર્ય છે જ સાથે. બહુ (ઊંચો) શ્લોક એકત્વસપ્તતીનો છે.

'**શ્લોકાર્થ :- તે પરમ તેજ...**' આત્માનો જે ત્રિકાળ પરમ તેજ સ્વભાવ '**કેવળજ્ઞાન,...**' '**પરમ તેજ કેવળજ્ઞાન,...**' ત્રિકાળ સ્વભાવ. '**કેવળદર્શન...**' '**તે પરમ તેજ...**' તેજના પછી આ બધા વિશેષણ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન-કેવળસૌખ્ય. એકલો સુખસ્વરૂપી ભગવાન. આહા..હા..! વીર્ય એમાં આવી ગયું. આમાં ચાર છેને, પાઠમાં ચાર છે. આમાં ત્રણ છે. મુદ્દાની મુખ્ય વાત છે આ કે આ ભગવાન આત્મા જેનું તેજ કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમસૌખ્ય. '**તે જાણતા શું ન જાણ્યું?**' આહા..હા..! આવો જે ભગવાન આત્મા કેવળજ્ઞાનમયસ્વરૂપ, આનંદમયસ્વરૂપ એને જાણતા શું ન જાણ્યું? કહે છે. લ્યો, આમાં પછી ચરણાનુયોગનું જાણવું એ ક્યાં ગયું? આવું ગયું એમાં. આહા..હા..! આ લોકો ભાર આપે છેને. પણ એમાં આ વસ્તુ છે એ કેવળજ્ઞાન, દર્શન, આનંદસ્વરૂપ છે એવો જેને અનુભવ અને નિર્ણય-નિશ્ચય થયો એને વચમાં જ્યારે ચરણાનુયોગનો વિકલ્પ આવે એનો પણ 'હું તો જાણનાર-દેખનાર છું' એવો નિર્ણય થઈ ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને આચાર્યે કેવી શૈલી મૂકી છે! પદ્મનંદી આચાર્ય. એને વનશાસ્ત્ર શ્રીમદ્દે કહ્યું. પદ્મનંદી (પંચવિંશતિ) વનશાસ્ત્ર. જંગલમાં સંતોએ બનાવેલું. કહે છે કે ભગવાન આત્મા... આમ તો આ શબ્દ આવે છે આચારાંગમાં. એગં જાણહી સવ્વં જાણહી. અથવા આપણે જયસેનાચાર્યમાં આવે છે કે એક ભાવ જાણ્યો એણે બધા જાણ્યા. એક ભાવ છે ત્યાં જયસેનાચાર્યમાં. એક ભાવસ્વરૂપ. ગમે તે પણ આ એક ભાવ આ. આહા..હા..! એકલું જ્ઞાન, કેવળ જ્ઞાન, અનંતજ્ઞાન, કેવળદર્શન, અપરિમિત દર્શન, કેવળ સુખ, અગાધ અપાર સુખ. આહા..હા..! એવું જેણે જાણ્યું, હવે આ કહે છે એણે શું ન જાણ્યું? એણે બધું જાણ્યું એમ કહે છે. આહા..હા..!

જુઓ, આ લોકો વજન આપે છેને બહારનું? ચરણાનુયોગ ને કરણાનુયોગ ને... પણ

એ આ બધા આમાં આવી ગયું કહે છે સાંભળને. કેવી વાત છે! આહા..હા..! ભગવાન! તારું સ્વરૂપ અપરિમિત-મર્યાદા વિનાનું જ્ઞાન, આનંદ અને સુખ, દર્શન એવો જેણે સ્વભાવ જાણ્યો એણે શું ન જાણ્યું? આહા..હા..! જે જાણવાયોગ હતું તે જાણ્યું. આહા..હા..! આ વાત એવી લાગે માણસને... પણ વસ્તુસ્થિતિ આવી છે. તો આ બધું ક્યાં ગયું બીજું? આવી ગયું સાંભળને. એ જાણનાર એકલો કેવળ દર્શન અને આનંદમય છું એવું જે જ્ઞાન થયું, નિર્ણય થયો, એમાં વચમાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી વિકલ્પો ચરણાનુયોગના આવે. એ કરવું ન રહ્યું ત્યાં, જાણવું રહ્યું. કેમકે જાણનાર છે. દેવીલાલજી! માણસને એનું માહાત્મ્ય આવતું નથી. આ વસ્તુ જે મહાપ્રભુ એનું જ્ઞાન ને દર્શન ને સુખનું ભાન થયું. આહા..હા..! આચાર્ય તો કહે છે, એ જાણતા શું ન જાણ્યું? આહા..હા..! જે જાણવાયોગ્ય હતો તે જાણ્યો. આહા..હા..! **'તે જાણતા શું ન જાણ્યું?'** બધું જાણ્યું, એમ કહે છે. આહા..હા..! જાણનારને જાણ્યો એણે બધું જાણ્યું, એમ કહે છે. આહા..હા..!

એણે શું ન દેખ્યું? **'તે દેખતાં શું ન દેખ્યું?'** તે દેખતાં કેવળજ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન સ્વભાવ વસ્તુ એમ જેણે દેખ્યું એણે શું ન દેખ્યું? આહા..હા..! પછી આ તીર્થ દેખવા ને એ બધું ક્યાં ગયું? એમ કહે. એ આવી ગયું. અહીં જાણતા વચ્ચે વિકલ્પ આવે એને જાણવાનો સ્વભાવ છે તે જાણ્યો બસ એટલું. કરવું કે એ નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એ તો ઠીક, હવે ત્રીજો બોલ.

**'તેનું શ્રવણ કરતાં શું ન શ્રવણ કર્યું?'** આહા..હા..! જેને આ ભગવાન આત્મા જ્ઞાન, આનંદ અને દર્શનમયસ્વરૂપ એમાં આવી ગયું પૂર્ણ. કેવળ જ્ઞાન એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ એમ છેને? કેવળ છેને શબ્દ? એકલું જ્ઞાન, કેવળ જ્ઞાન, કેવળ દર્શન. ભેદ પણ નહિ એમાં. આહા..હા..! એકલું તેજ પ્રભુનું ચૈતન્યનું તેજ કેવળજ્ઞાન, એનું તેજ કેવળદર્શન અને એનું તેજ અનંત સુખ. આહા..હા..! એવું જેણે સાંભળ્યું એણે શું ન સાંભળ્યું? આહા..હા..! આ ચાર અનુયોગ છેને? દેવીલાલજી! આહા..હા..! શું સંતોની કથની! વિસ્તારતા, વિશાળતા! આહા..હા..! ભાઈ! જેણે આત્માને સાંભળ્યો એણે બધું સાંભળ્યું, એમ કહે છે. અને બધાનો એ જાણનાર છે. રાગનો, અજીવનો, દેવ-ગુરુ-શાસ્ત્રનો બધાનો એ તો જાણનાર છે પર્યાયમાં. આ તો ત્રિકાળી જાણનાર છે અને ત્રિકાળી આવો છું એવું સાંભળ્યું, બધું એણે સાંભળ્યું. કહો, અમરચંદભાઈ! આહા..હા..! લોકોને આત્માની આ વાત સિવાય બીજી વાત કરો. ચરણાનુયોગની વાત કરો, ચારિત્રની કરો. પણ આ વસ્તુ જાણ્યા વિના ચારિત્ર આવ્યું ક્યાંથી? આહા..હા..! અરે..! શું થાય? માણસને બિચારાને માંડ વખત મળ્યો ત્યાં... એકાંત આ વાત કરી છે. આ જેણે સાંભળ્યું તેણે શું ન સાંભળ્યું? આ શું કીધું? વસ્તુ સ્વભાવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એને જેણે જાણ્યો (એણે) બધું જાણ્યું. એને જેણે દેખ્યો, બધું દેખ્યું, એને જેણે સાંભળ્યો... અહીં તો ત્યાં પાછી વાત. આહા..હા..! ઓલા સુધી તો

ઠીક. આહા..હા..!

**શ્રોતા :-** .. સાર આપ્યો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાર આપ્યો. આહા..હા..!

ભાઈ! તું વસ્તુ અંદર આનંદમૂર્તિ પ્રભુ.. આહા..હા..! એકલો જ્ઞાનસ્વભાવ સ્વરૂપ અને એકલું દર્શન-દર્શનસ્વરૂપ. સ્વરૂપ સ્વભાવ હોં. એવું જેણે સાંભળ્યું. આહા..હા..! એણે શું ન સાંભળ્યું? આહા..હા..! શું વાત તે પણ વાત! એણે ચારેય અનુયોગ પણ સાંભળ્યા. આહા..હા..! ભારે વાત. પદ્મનંદી પંચવિંશતિમાંથી આધાર આપ્યો છે. જેવું અહીં કહે છે એવું ત્યાં (કહે છે). આહા..હા..! ભાઈ! તું પ્રભુ છો! અને દરેક શક્તિ પ્રભુત્વથી ભરેલી છે. આહા..હા..! એવો ઈશ્વર જેણે જ્ઞાન ઈશ્વર, દર્શન ઈશ્વર, વીર્ય ઈશ્વર, સુખ ઈશ્વર... એવા આત્માને જેણે સાંભળ્યો. આહા..હા..! અહીં તો વાત અહીં લેવી છે. એણે શું ન સાંભળ્યું? આહા..હા..! કારણ કે બધા ચારેય અનુયોગનો જાણનાર એને જાણ્યો. આહા..હા..! જેનો તાગ લઈ લીધો આત્માનો, કહે છે. પર્યાયમાં જાણ્યુંને કે આ આ છે. આ કેવળજ્ઞાન છે, એકલું જ્ઞાન જ છે, એકલું દર્શન. ભેદ પણ નહિ. એકલું એકલું. એકલો સુખસ્વરૂપ. પછી અહીં ત્રણમાં આવી ગયું ઓલું વીર્ય તો. કારણ કે ત્રણમાં એને રાખવાનું વીર્ય તો સાથે ભેગું જ હોય. વીર્ય તો શેમાં સાથે ન હોય? કોઈપણ જ્ઞાન, કોઈપણ રાગ એમાં વીર્ય તો સાથે હોય જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એથી વીર્યને ન લેતા આચાર્યે.. એકત્વસપ્તતી છે આ. એકત્વસપ્તતી નામનો અધિકાર છે પદ્મનંદીનો.. આહા..હા..! એકપણું-એકપણું. વસ્તુ આમ છે. આહા..હા..! એણે બધું જાણ્યું, એણે બાર અંગ જાણ્યા કહે છે. આહા..હા..!

આ વાતની અંદર મૂળ ચીજ ઉપર મહિમા ન આવે અને બહારનું આ ને આ ને આ વ્રત લ્યો, તપ લ્યો, અપવાસ કરો. અહીં તો કહે છે કે એ અંદર કરવાનું આવે છે એને જાણનારો જાણ્યો એટલે એ શું છે એ જાણવામાં આવી ગયું એને. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, વિમલચંદજી! આવું સ્વરૂપ છે. આહા..હા..! ભાઈ! તારો નાથ પૂર્ણાનંદથી ભરેલો... આહા..હા..! એક સ્વભાવી, એક તેજ જ્ઞાનસ્વભાવી, એક દર્શનસ્વભાવી, એક સુખસ્વભાવી.. આહા..હા..! એને જેણે જાણ્યો એણે શું ન જાણ્યું? આચાર્ય જુઓ તો વાત કરે છે! પહેલા ચરણાનુયોગ સાંભળવો, કરણાનુયોગ સાંભળવો. એય..! ચેતનજી! આ શું થયું આમાં? ચારેય અનુયોગનો અભ્યાસ કરવો. આમાં નથી આવતું? શાસ્ત્રમાં આવે. પણ એ તો આ વસ્તુ રાખીને પછી અભ્યાસની વાત આવી છે. આહા..હા..! જેણે જાણનારને જાણ્યો એણે શું ન જાણ્યું? કહે છે. જાણનાર એટલે ત્રિકાળ સ્વભાવ. આહા..હા..! દેખનારને દેખ્યો એણે શું ન દેખ્યું? આહા..હા..! અને એ તો બે બોલ તો ઠીક, પણ ત્રીજો જે છેને...

**'ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम्।'** છેને? **'श्रुते श्रुतम्'** ભગવાન આવો

સાંભળ્યો જેણે. સાંભળ્યોનો અર્થ એને બેઠો. સમજાય છે કાંઈ? એણે શું ન સાંભળ્યું? ભાઈ! એણે બધું સાંભળ્યું. આહા..હા..! આને એકને સાંભળ્યો તો બધું સાંભળ્યું. આહા..હા..! ત્રણલોકનો નાથ જેમાં સિદ્ધની પર્યાયો પણ ગુણમાં અનંતી પડી છે. આહા..હા..! એવા ભગવાન આત્માને સાંભળતા શું ન સાંભળ્યું? આહા..હા..! આ વ્યવહારવાળાને તો ઊડાવી દીધા. એ તો એનો સ્વભાવ આવો છે એમ જ્યાં અનુભવ થયો, એ બધું એને આવી ગયું. કરણાનુયોગમાં શું હોય અને ચરણાનુયોગમાં શું હોય એ જાણવામાં એને જાણવામાં રહી ગયું બધું. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! મહામંગળિકની ગાથા છે આ! આહા..હા..!

જેણે ભગવાન આત્મા... આહા..હા..! અનંતા કેવળજ્ઞાનીઓની પર્યાય જાણવાની એક સમયની તાકાત. એવી તો અનંતી પર્યાયનો પિંડ તે કેવળજ્ઞાન. આહા..હા..! અનંતા કેવળી, કેવળદર્શન જીવો એને જાણવાની એક સમયની પર્યાય. એવી તો અનંતી પર્યાય જેના ઓલામાં. આહા..હા..! એવો મહાપ્રભુ કેમ બેસે બાપા એને? ઓહો..હો..! સંતોએ ટૂંકામાં કેટલું ભરી દીધું છે! એમાં આ સાંભળતા શું ન સાંભળ્યું? ગજબ કરી નાખ્યું. બધું સાંભળ્યું.

એક ભગવાન ત્રિલોકનો નાથ અનંત આનંદમય જેનો સ્વભાવ છે એની મર્યાદા શું? એની હદ શું? ભલે ક્ષેત્ર નાનું હોય એનું કાંઈ નથી, પણ એનો સ્વભાવભાવ. અનંત કહો, મર્યાદા વિનાનો કહો, અપરિમિત કહો, પૂર્ણ કહો એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહા..હા..! કહો, સુરેન્દ્રજી! લ્યો, આ બધી આવી વાત આવી. આહા..હા..! આમ તો કહ્યું, ઓલો જ્ઞાન અધિકાર પૂરો થયો ત્યારે નહિ? કે જ્ઞાનને લક્ષે જ્ઞેય. છેને? પ્રવચનસાર. ઉપશમ લક્ષે એમ શબ્દ છે. ઉપશમ લક્ષે. આહા..હા..! ઉપશમરસનો નાથ ભગવાન એને લક્ષે. આહા..હા..! વર્તમાન પણ ઉપશમભાવ અને તેને લક્ષે. આહા..હા..! એ જાણવાનું છે એ જાણ હવે, પણ આને જાણ્યું એમાં જાણવાનું બધું આવી ગયું, કહે છે. આહા..હા..!

આ જાણનારો-જાણનારો દેખનારો સુખમય એ ચીજ જે છે એ ખ્યાલમાં ન આવે તો એણે શું જાણ્યું? એણે શું વાંચ્યું? અને શું દેખ્યું? અને શું સાંભળ્યું? એમ કહે છે. આહા..હા..! મહાપ્રભુ ભગવાનસ્વરૂપ આત્મા એને જેણે સાંભળ્યો એણે શું ન સાંભળ્યું? સાંભળ્યો એટલે? આહા..હા..! વાણી સાંભળી પણ સાંભળ્યો એણે એમ કહે છે. એને સાંભળ્યો. એમ કીધુંને. **'શ્રુતમ્'** એને સાંભળ્યો એણે શું ન સાંભળ્યું? આહા..હા..! જેના જ્ઞાનમાં ભગવાન ત્રણલોકનો નાથ એવો જે આવ્યો જ્ઞાનમાં એણે સાંભળ્યો, એણે શું ન સાંભળ્યું? આહા..હા..! આ મૂળ વાતને મૂકીને બધી વાતું હોય એ બધી બહુ આકરી લાગે, ભાઈ! લોકોનો મેળ આકરો છે, ભાઈ! આહા..હા..! આ કરો ને આ કરો, પણ મૂળ તો લાવ પહેલી વાત. મૂળ વિના ફળ આવશે ક્યાંથી? આહા..હા..! અને મૂળમાં પાણી રેડે ફળ આવે. ફળને ત્યાં પાણી રેડે ફળ વધતા હશે? આહા..હા..!

કહે છે આ પદ્મનંદીઆચાર્ય. એ તો કુંદકુંદાચાર્ય કહે છે ઈ જ પદ્મનંદી આચાર્ય કહે છે. કુંદકુંદાચાર્યનું માનવા જશો તો બીજા આચાર્યનું બલિદાન થઈ જશે. ભગવાન! શું કરે છે, ભાઈ? એ તો એક આચાર્ય કહે એ બીજા આચાર્ય એ જ કહે છે. આ પદ્મનંદી આચાર્ય શું કહે છે? કોઈપણ હો આચાર્ય દિગંબર હોય, તોપણ એ આ જ વાત કરે છે. મૂળની વાત કરીને પછી બીજી વાતનું જ્ઞાન કરાવા માગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વૃક્ષનું મૂળ હોય ત્યાં પાણી નાખ્યે પાંદડા અને ફળ ફૂલ આવે. કે પાંદડા અને ફળ ફૂલ આવ્યા હોય ત્યાં પાણી અડાડે ફળફૂલ વધે? આ વરસાદ આવે ત્યાં પાણી અડે પાંદડાને એથી વધે? એના મૂળમાં જાય ત્યારે વધે. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ! આહા..હા..! એણે બધું જાણ્યું હોં, કહે છે. આહા..હા..! એણે બાર અંગ જાણ્યા. એ જાણનારને જાણ્યો એણે બધું જાણ્યું. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય એમાં ક્યાં આવી પાછી? આ જાણનારને જાણ્યું એમાં આવી ગઈ સાંભળને. જગતમાં કેવળજ્ઞાની છે એની સત્તાનો સ્વીકાર પર્યાય કરે, પણ પર્યાયમાં યથાર્થપણું ક્યારે આવે? એ દ્રવ્યનું જ્ઞાન કરે તો. આહા..હા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! આવી વાત છે આ તો. શેરો થાય છે આ. આહા..હા..! જ્ઞાન, દર્શન, સુખ ત્રણ નાખ્યુંને? ગોળ, ઘી અને સાકર. આહા..હા..! ભાઈ! તું થોડું પણ આ સત્યને જાણ. સમજાય છે કાંઈ? આહા..હા..! પહેલી મૂળ ચીજને જાણ્યા વિના એના આ ચરણાનુયોગ કરે ને રાગ ઘટાડો, આચારાંગ બતાવો ને આ આચાર કરે. આહા..હા..! ઓહો..હો..! મૂળને પકડાવ્યું છે.

'**તે પરમ તેજ...**' તેજ શબ્દ છેને અંદર? '**परं महः**' છેને? '**तत्परं महः**' '**महः**' તેજ છે. એટલે '**परं महः**' એને પહેલા લીધા. છેને છેલ્લો શબ્દ પહેલી લીટીનો? '**परं महः**' પહેલી લીટીનો છેલ્લો. '**તે પરમ તેજ...**' '**परं महः**' પરમ તેજ એમ. આહા..હા..! છેને એ કડી? '**તે પરમ તેજ કેવળજ્ઞાન, કેવળદર્શન અને કેવળસૌખ્યસ્વભાવી છે.**' તે '**परं महः**' તેજ. આવો સ્વભાવ એ '**तत्र ज्ञाते न किं ज्ञातं**' આહા..હા..! ભાષા તે શાસ્ત્રકાર આહા..! ગજબ છેને. એ દિગંબર મુનિઓનું કામ છે ભાઈ આ. બાકી કોઈ સાધારણનું કામ નથી આ. સમજાણું કાંઈ? આવી શૈલી બીજે હોય નહિ. જે પામ્યા છે એ પમાડવાની વાતું કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કેવળજ્ઞાન, કેવળદર્શન...**' એ બધા શબ્દ લાગુ પડે છે. '**केवलज्ञानदृक्सौख्यस्वभावं**' કોણ? કે '**परं महः**' તે પરમ તેજ. આહા..હા..! ચૈતન્યનો સૂર્ય તેજ પરમ મહા એ આવો છે. કેવળ એકલું જ્ઞાન, એકલું જ્ઞાન. ભાષા તો જુઓ, ઓહો..હો..! એકલું જ્ઞાન, એકલો દર્શન. ભેદ પણ નહિ ત્યાં. એક સ્વરૂપે સુખ. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું એકરૂપ સુખ. એને સાંભળતા શું ન સાંભળ્યું? આહા..હા..! જઓ, આ ત્રિલોકનાથ દિવ્યધ્વનિનો આ સાર. આહા..હા..! '**તેનું શ્રવણ કરતાં શું ન શ્રવણ કર્યું?**' આહા..હા..! આ તો કહે નિશ્ચય

એકાંત થઈ જાય છે એમ કોઈ કહે. ચીમનભાઈ! આ તો નિશ્ચય એકાંત થઈ જાય છે. એ નિશ્ચય એકાંતમાં જ અનેકાંત આવી જાય છે. આહા..હા..! જેને આ નિશ્ચય એકાંતનું જ્ઞાન-દર્શન થયું એને અનેકાંતનું પર્યાયનું અને પરનું બધું જ્ઞાન એને સાચું થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! મૈસુબ પીરસ્યો છે એકલો. મૈસુબ સમજો છો? મૈસુરપાક હોય છેને. એક શેર લોટ અને ચાર શેર ઘી એને મૈસુબ કહે છે. ઘઉંનો એક શેર લોટ અને ચાર શેર ઘી (નાખીને બનાવે) એને સક્કરપારા કહે છે. સક્કરપારા સાંભળ્યું છે? પોપટભાઈ! ખાધો છે? એમ? ઠીક. સક્કરપારા ઘઉંના, ચણાના નહિ.

૮૧માં અમારે ગઢડે ઘણા થયા હતાને જમણ. ૮૧માં. તો એક જણાએ શક્કરપારાનું જમણ કર્યું. લાઢીવાળા હતા. ૮૧ની વાત છે હોં. કેટલા વર્ષ થયા? ૫૦ થયા. શક્કરપારો કર્યો હતો. ગયા હશું વહોરવા તો મળ્યો હશે, કાંઈ ખબર નથી બહુ. કર્યો હતો ગામમાં જમણ કર્યું હતું. ... આપણને તો ક્યાં ખબર શક્કરપારો. આમ કર્યું હતું કહે હેં. ઘઉંનો એક શેર લોટ અને ચાર શેર ઘી પાય એને શક્કરપારા કહે અને ચણાનો એક શેર લોટ. ઓલો ઘઉંનો એક શેર લોટ અને ચણામાં એક શેર લોટ અને ચાર શેર ઘી એને મૈસુબ કહે. ઠીક. આહા..હા..! એમ આ શક્કરપારો પડ્યો છે અંદર. ચણામાં પણ મીઠાશ છે અને ભાઈ ઘઉંમાં મીઠાશ છે. શું કહેવાય એને કાંઈક કહેવાય. મીઠાશ છે એમાં. બાજરામાં મીઠાશ નથી. બાજરામાં અમુક જાતની મીઠાશ છે. આમાં તો મૂકે એમાં કસવાળી ચીજ કાંઈક કહે છેને? શું કહે ભાષા? વિટામીન-વિટામીન. વિટામીન કહે છેને. ઘઉંમાં વિટામીન બહુ હોય છે. એ આવે છે.

અહીંયાં આત્મામાં વિટામીન બહુ હોય છે. આહા..હા..! જેના આનંદના ઘર પડ્યા છે મોટા. ગોદામ આનંદનું છે એ તો. આહા..હા..! ભગવાન આત્મા આનંદનું ગોદામ છે. આનંદના થરના થર જામ્યા છે અંદર. આહા..હા..! એમ જ્ઞાન, દર્શન અને આનંદના થરના થર જામ્યા છે અંદર. આહા..હા..! એને જેણે જાણ્યો, દેખ્યો, અનુભવ્યો. એને સાંભળ્યો બધું થયું. ઓહો..હો..! એકાંત થઈ જાય એ વાળાને આકરું પડે આ. સમજાણું કાંઈ?

'**વળી, (આ ૯૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—**' આ શ્લોક પદ્મનંદી પંચવિંશતિનો છે. હવે પોતે શ્લોક કહે છે.

(मालिनी)

जयति स परमात्मा केवलज्ञानमूर्तिः
सकलविमलदृष्टिः शाश्वतानंदरूपः।
सहजपरमचिच्छकत्यात्मकः शाश्वतोयं
निखिलमुनिजनानां चितपंकेजहंसः।।१२८।।

પાઠમાં કેવળ શક્તિ લીધી હતી. ટીકામાં સહજ ચિત્શક્તિ એમ લીધું. પાઠ છેને મૂળ એમાં કેવળ શક્તિ સ્વભાવ એનું વીર્ય. પણ આમ પછી અર્થ કરીને કહ્યું ચિત્શક્તિ, જ્ઞાનશક્તિ, જ્ઞાનનું વીર્ય એમ. આહા..હા..! એથી પછી નાખ્યું આમાં જુઓને. સહજ પરમચિત્શક્તિ એમ લીધું. ઓલું ટીકામાં છેને એ શબ્દ લીધો. પાઠ તો ટૂંકો હોયને. કહે છે... આહા..હા..!

'**શ્લોકાર્થ :- સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ...**' આહા..હા..! જુઓ તો મુનિપણું કેવું હોય? મોક્ષમાર્ગની ઉત્કૃષ્ટ દશાની વાત છેને? વાત તો ઉત્કૃષ્ટથી થાયને. '**સમસ્ત મુનિજનો...**' જેટલા સાચા સંતો છે... આહા..હા..! એવા '**મુનિજનોના હૃદયકમળનો હંસ...**' છે. અંદર હંસલો છે. આહા..હા..! હંસલો પાણીને કાઢીને એકલું દૂધ પીવે. અધશેર, અધમણ દૂધ અને અધમણ પાણી ભેગું કરી નાખ્યું હોય તો હંસનો એ સ્વભાવ છે કે પાણી દૂર કરીને એકલું દૂધ પી લે. કોકડું કરીને. એમ ભગવાન આત્મા હંસલો, મુનિજનોના હૃદયનો હંસલો એ વિકલ્પનું પાણી છોડી દઈને આનંદનો રસ એકલો લે. આહા..હા..! હંસ છે એની ચાંચમાં ખટાશ હોય. એ દૂધ અને પાણી ભેગા હોય એમાં ચાંચ નાખે તો દૂધનું કોકડું થાય. એમ મુનિજનોના હૃદયમાં વિવેક જ્ઞાન—ભેદજ્ઞાન હોય છે. આહા..હા..! હવે આ મૂળ વાત છે એને મૂકીને ઉપલી વાત કરે એ વાત છે? વસ્તુ જ ક્યાં છે? અમરચંદભાઈ! ભાઈ એને ખોટું લાગે, બીજાને એમ લાગે, આ તો અમારા મુનિપણાના નિંદક છે. પણ મુનિપણાના નિંદક ક્યાં છે? આહા..હા..! મુનિપણું, બાપા! પરમેશ્વરપદ! આહા..હા..!

'**સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ...**' એમ કહીને મુનિઓ કેવા હોય છે? કે સ્વરૂપની પૂર્ણતાને માને છે અને અલ્પજ્ઞાન અને રાગને તે જાણે છે. એ મુનિ અને એને હંસલા કહેવામાં આવે છે. આહા..હા..! '**સમસ્ત મુનિજનોના હૃદયકમળનો...**' હૃદયકમળનો હંસલો. જ્ઞાન અંદર. હૃદય એટલે જ્ઞાન. જ્ઞાનમાં એ હંસ છે. એ રાગ અને પોતાના પૂર્ણ સ્વરૂપને બેને બરાબર જાણે છે. પૂર્ણ સ્વરૂપને જાણે છે એ પર્યાયમાં, રાગને જાણે છે એ પર્યાયમાં. આહા..હા..! '**સમસ્ત મુનિજનો...**' ભાષા એમ લીધી છેને? સકળ વિમળ. '**सहजपरमचिच्छकत्यात्मकः**' '**निखिलमुनिजनानां**' જુઓ, ચોથું પદ છેને. નિખિલ. આહા..હા..!

જેટલા સંતો છે, થયા અને થશે એ મુનિજનોના હૃદયનો આત્મા હંસલો છે. એને પકડાઈ ગયો છે આત્મા કે આ છે. આહા..હા..! રાગથી ભિન્ન પાડીને પર્યાયના લક્ષને છોડી દઈને... આહા..હા..! જેણે પૂર્ણ આનંદ અને જ્ઞાનને અનુભવમાં લીધો છે. આહા..હા..! નિમિત્તનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી અને પર્યાયનું લક્ષ છોડી. પૂર્ણ બતાવવું છેને અહીં? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં બધા પૂર્ણની જ વાત લેશે. પર્યાયની વાત નહિ લે.

'**સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ એવો જે આ શાશ્વત,...**' એવો જે શાશ્વત. શાશ્વત ત્રિકાળ છે. આહા..હા..! '**शाश्वतोयं**' છેને? '**शाश्वतोयं**' ત્રીજું પદ. આહા..હા..!

**'શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ,...'** જુઓ, પાઠ છેને? **'केवलज्ञानमूर्तिः'** કેવળજ્ઞાનની મૂર્તિ નામ કેવળજ્ઞાનના સ્વરૂપમય. એ સ્વરૂપ. **'કેવળજ્ઞાનની મૂર્તિ...'** અણઘડેલી મૂર્તિ. આહા..હા..! એકલું કેવળજ્ઞાન ચૈતન્યસ્વભાવ. એકલી જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે, કહે છે. આહા..હા..! આ ત્રિકાળની વાત છે હોં. **'સકળવિમળ દૃષ્ટિમય (-સર્વથા નિર્મળ દર્શનમય),...'** એ પણ ત્રિકાળની વાત છે. આહા..હા..! હંસલાએ ત્રિકાળને પર્યાયથી એને પકડી લીધો છે, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, જેઠાભાઈ! ઊના પાણી પીવા અને ફલાણું ઈ તો વાતું આમાં આવતી નથી કાંઈ? સાધુ થાય તો એને આવે. આવે એ જુદી, પણ એ જાણનારને જાણ્યો એમાં એને જાણનાર રહી ગયો એમ કહે છે. આહા..હા..! સમજાણું? વ્યવહારે જાણેલો પ્રયોજનવાન કીધુંને એનો અર્થ આ થઈ ગયો. આહા..હા..! જાણનાર રહી ગયો જાણનાર. ચાહે તો રાગ હોય, ચાહે તો વિષય-વાસના હોય, જાણનાર છે. તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ હોય, એ તો જાણનાર છે. સમજાણું કાંઈ?

શ્વેતાંબરમાં એક કથા આવે છેને અતિમુક્ત કુમારની. અયવંતો .. છે નાની ઉંમરમાં સાધુ થાય છે. ભગવતીસૂત્રમાં છે. પછી સાધુ સાથે દિશાએ જાય છે જંગલ. એમાં જંગલ જઈને જાય ત્યાં વરસાદ આવ્યો. અને વરસાદના પાણી આમ ચાલ્યા જાય. સાધુ તો એ તો માનેને. પાત્રને એ બધું હતું એની પાસે. માને પણ એ બધું કલ્પીત છે. પછી નાની ઉંમરને બાળક એટલે ઓલું પાણી વહે છે એને જરી પાળ બાંધી પોતે થોડી અને પાણી ભેગું થયું. એમાં પાતરી મૂકી. પાતરી સમજ્યા? પાત્ર. 'નાવ તરે રે મોરી નાવ તરે, મુનિવર જળ શું ખેલ કરે. નાવ તરે રે મોરી નાવ તરે.' તાળા એવા બનાવ્યા એણે મૂકીને કથન. 'મુનિવર જળ શું કેલ કરે, મોહનીય કર્મના એ રે ચાળા, મુનિવર દોય નાનડીયા રે બાળા.' એક અતિમુક્ત અને એક ગજસુકુમાર. બેની વાત છે, ભાઈ! અતિમુક્ત થયા છેને. એ બધું વ્યાખ્યાનમાં આવતુંને પહેલા શરૂઆતમાં. રાણપુર આવ્યા હતા, ઓલા હતા નહિ? સૌરાષ્ટ્રના .. છાપનારા. દલપતરામ? અમૃતલાલ, અમૃતલાલ. એ વ્યાખ્યાનમાં આવતા ત્યાં રહેતા હતા તો વ્યાખ્યાનમાં આવતા. આ વાત ચાલી હતી.

અહીં તો કહે છે કે 'નાવ તરે રે મોરી નાવ તરે.' આહા..હા..! પોતાનું સ્વરૂપ જેણે જ્ઞાનમાં શ્રદ્ધા અને અનુભવમાં લીધો એની નાવ તરતી છે. ઓલામાં મોહકર્મના ચાળા, આ સ્વરૂપના સાવધાનીના ચાળા છે. આહા..હા..! બધી કલ્પીત વાતું એવી કરીને. પાછું સાધુ આમ જોવે છેને એટલે ભગવાન પાસે જાય છે. મહારાજ! આ અતિમુક્તકુમાર આવું કરે. કેટલે ભવે મોક્ષ જશે? આ તો .. સાધુ થઈને... અરે મુનિઓ! એ આ ભવે મોક્ષ જશે. વયાવચ્ચ કરો. એમ કહ્યું, લ્યો! એવું આવે છે ભગવતીસૂત્રમાં. અતિમુક્તકુમારની .. આવે. આર્જિકાઓ એ બહુ વાંચે. આર્જિકાઓ હોયને સ્થાનકવાસીની? એ વાંચે. આહા..હા..! ક્યાં છે? ક્યાંય વસ્તુ જ ન મળે. બધી કલ્પીત બનાવેલી વાતું. આહા..હા..! આ તો વસ્તુની

સ્થિતિ. આહા..હા..!

**'મુનિજનોના હૃદયકમળનો હંસ એવો જે...'** આત્મા **'આ શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ,...'** આહા..હા..! ત્રિકાળની વાત છે હોં. એ હંસલે આ ત્રિકાળને પકડ્યો, કહે છે. પર્યાયે ત્રિકાળને જાણ્યો, માન્યો અને અનુભવ્યો. આહા..હા..! **'સકળવિમળદૃષ્ટિ...'** એટલે દૃષ્ટા. પૂર્ણ દૃષ્ટિમય (એટલે) દર્શન ત્રિકાળ. ત્રિકાળ સર્વથા નિર્મળ દર્શનમય અને **'શાશ્વત આનંદરૂપ,...'** આહા..હા..! સમજાણું? પહેલા શાશ્વત કેવળજ્ઞાનની મૂર્તિ કીધી હતી. **'સકળવિમળ દૃષ્ટિમય...'** કીધું. **'શાશ્વત આનંદરૂપ,...'** જેનું શાશ્વત-શાશ્વત. કાયમી જેનું આનંદમૂર્તિ પ્રભુ સ્વરૂપ. આહા..હા..! હવે આ આનંદને ત્યાં ગોતવા ન જતા બહારમાં ગોતવા જાય ને પરિભ્રમણ કરીને મરી ગયો. ઇન્દ્રિયોમાં સુખ છે અને સ્ત્રીઓમાં સુખ છે, પૈસામાં-ધૂળમાં સુખ છે. મરી ગયો. જ્યાં છે ત્યાં ગોતવા જાતો નથી. આહા..હા..! આ તો હંસલે ગોતી લીધો આનંદમૂર્તિને, એમ કહે છે. આહા..હા..!

**'શાશ્વત આનંદરૂપ,...'** જેના અતીન્દ્રિયના આનંદના પર્યાયના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલા મીંદડા જેવા લાગે. સડેલા મીંદડા. મીંદડા સમજ્યા? બિલાડા. .. ગંધ. આહા..હા..! મરી ગયેલા મડદા. આ કૂતરા ને મીંદડા સડે છેને, આમ ગંધ મારે. આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ આનંદ સ્વરૂપમાં પરિપૂર્ણ ભરેલો. આહા..હા..! એવા આત્માની પર્યાયને હંસલે જેને રાગથી ભિન્ન પાડીને પૂર્ણને માન્યો. આહા..હા..! એને આનંદના સ્વાદમાં, પર્યાયમાં આનંદનો સ્વાદ આવ્યો. એક અંશ આવ્યો. ઓલો તો ત્રિકાળી આનંદ છે. સમજાણું કાંઈ? એક અંશ. પર્યાય કહો કે અંશ કહો. આનંદનો અંશ આવ્યો. એના આનંદના સ્વાદ આગળ ઇન્દ્રિયોના વિષયો, સ્ત્રીના, ઇન્દ્રોના, ઇન્દ્રાણીના.. આહા..હા..! જેને સડ્યા કૂતરા જેવા લાગે સડેલા કૂતરા જેવા. આહા..હા..! એવો ભગવાન હંસલો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેને આત્માનું જ્ઞાન થાય એને પરમાં સુખબુદ્ધિ ઉડી જાય. કેમકે 'હું આનંદમય છું' એમ જાણ્યું પછી પરમાં આનંદ છે એ તો વાત ઉડી ગઈ. આહા..હા..! એ દયા, દાન અને વ્રતના વિકલ્પમાં પણ આનંદ, સુખ છે એ વાત ઉડી ગઈ. એ દુઃખ છે. આહા..હા..! આ ચેતનજી લાવ્યા હતા સવારમાં એ. નારકીનું આવે છેને ભાઈ? નારકી બાહ્યદૃષ્ટિ વેદે દુઃખ, અંતર સુખની ગટાગટી. આવે છેને ઈ? આવે છે. (બાહિર નારક) કૃત દુઃખ ભોગવે. ત્યાં છેને એટલો રાગ છે એટલું દુઃખ ભોગવે છે, પણ અંતર સ્વભાવથી જુઓ તો સુખના આનંદની ગટાગટી છે, આનંદના ઘૂંટડા પીવે છે. તૃષા લાગી હોય અને મોસંબી પીવેને જેમ. આહા..હા..! જુઓ, વાત છેને પણ એ. સમ્યગ્દૃષ્ટિ છે એને અંતરમાં આનંદ છે સ્વભાવ સન્મુખનો, પણ જેટલું બાહ્ય તરફ લક્ષ છે (અને) રાગાદિ (થાય) એટલું એને દુઃખ છે. આહા..હા..! શેઠિયા કહેતાને દુઃખ હોય નહિ સમકિતીને. મૂળમાં આખી ભૂલ, દૃષ્ટિમાં ભૂલ

હતી. હવે બિચારાએ લખ્યો કાગળ કાંઈ? ઠીક. એ શેઠનો આગ્રહ ઘણો. એમ કે ક્ષમાપનાનું આવ્યું છે તો સામે કાંઈક જવાબ દેવો એમ કરીને. ક્ષમાપના વખતે સામે જવાબ તો આપે છેને. ઠીક તોપણ બિચારાએ નરમાશ મૂકી. કાગળ વાંચ્યો હતોને, ભાઈ?

કહે છે '**શાશ્વત આનંદરૂપ,...**' પ્રભુ. આહા..હા..! નવો ઘડ્યો નથી આનંદને. અતીન્દ્રિય આનંદ એમ ને એમ ધ્રુવપણે શાશ્વત છે. '**સહજ પરમ ચૈતન્યશક્તિમય...**' એ વીર્ય લીધું. '**સહજ પરમ ચૈતન્યશક્તિમય...**' પાઠમાં ચાર છેને ગાથામાં એટલે ચાર લીધા. પાઠમાં એટલું હતું કેવળ શક્તિસ્વભાવ, અહીં '**પરમ ચૈતન્યશક્તિમય...**' પરમ ચૈતન્યનું વીર્ય-બળ એ પણ પૂર્ણ છે એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વભાવિક. આહા..હા..! ભાષા જુદી જુદી વાપરી છે જુઓ, '**શાશ્વત કેવળજ્ઞાનની મૂર્તિરૂપ, સકળવિમળ દૃષ્ટિમય, શાશ્વત આનંદરૂપ અને સહજ પરમ ચૈતન્યશક્તિમય...**' આહા..હા..!

'**સહજ પરમ ચૈતન્યશક્તિમય પરમાત્મા તે જયવંત છે.**' એમ આચાર્ય કહે છે. શું કહે છે એ? અમારા અનુભવમાં આવ્યો છે કે આ જયવંત વર્તે છે. આહા..હા..! આમ જયવંત વર્તે, ભાન ન મળે ને જયવંત વર્તે ક્યાંથી આવ્યું એને? આહા..હા..! પરમ હંસલોય પર્યાયે હંસે એને આ હંસ એ ત્રિકાળી વસ્તુ છે. આહા..હા..! એ અમારા અનુભવમાં એની અસ્તિ જે છે. જેટલી એની હયાતી છે, જેવડી એની હયાતી છે તે બધી અમારા જ્ઞાનમાં, પ્રતીતમાં આવી છે, તેથી કહ્યું કે એ જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, મણિકાંતજી! આવી વસ્તુ છે. આહા..હા..! આખી દુનિયાને ભૂલાવી દે એવી વાત છે આ. એકને જાણ અને બીજાને ભૂલી જા. એવી છે. આહા..હા..!

સ્વભાવિક '**પરમ ચૈતન્યશક્તિમય...**' સહજ પરમ ચિત્શક્તિ છેને. પરમાત્મા. એ પરમાત્મા પોતે ભગવાન. '**તે જયવંત છે.**' અમારી પર્યાયે એને જાણ્યો છે કે આ છે એ જયવંત વર્તે છે. આહા..હા..! શ્રદ્ધાએ એને જાણ્યો છે, પકડ્યો છે. શ્રદ્ધાએ જાણ્યો કે છે અસ્તિ આ. એ જયવંત વર્તે છે. અજ્ઞાનીને જયવંત નથી. અજ્ઞાનીને તો રાગ ને પુણ્ય ને અલ્પજ્ઞપણું એ એનું જયવંતપણું છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! લ્યો, એ ૯૬ ગાથા થઈ.

આ ભાષામાં છેને. એક તો જાણે મંગળિક કર્યું જયવંત કહીને. બીજું કે એ જયવંત છે એમ અમારા અનુભવમાં આવ્યો છે માટે જયવંત કહીએ છીએ. એમ ને એમ જયવંત કહીએ છીએ એમ નહિ, એમ કહે છે. આહા..હા..! દ્રવ્યસ્વભાવ છે એવું જ્ઞાનમાં આવ્યું, શ્રદ્ધામાં આવ્યું છે એ એમ કહે છે કે આ જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મના રહસ્ય ગ્રંથો છે. આહા..હા..! ખાલી વાત નથી. આહા..હા..!

જ્ઞાને એને જ્ઞેય બનાવ્યું છે માટે જ્ઞાન કહે છે કે એ જયવંત વર્તે છે. શ્રદ્ધાએ એને શ્રદ્ધામાં લીધો છે આખો ભગવાન તો શ્રદ્ધા કહે છે કે એ ચીજ જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત બહુ ઝાઝા માણસમાં બહુ લુખ્ખી લાગે. એવી લાગે કે આમ

કરો ને આમ કરો ને આમ કરો. વ્રત પાળો, અપવાસ કરો અને અપવાસ કરીને પણ પછી ઉજવણા કરો, ઉદ્યાપન કરો ખર્ચ કરીને. ખર્ચ ન થાય તો ડબલ અપવાસ કરો. એવું આવે છે ક્યાંક. એવું વાંચ્યું હતું ક્યાંક. એમ કે ખર્ચ ઉદ્યાપનનો ન થાય તો ડબલ અપવાસ કરો. ક્યાં ભાઈ આ? આહા..હા..! એ ૯૬ થઈ. ૯૭.

**णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।**
**जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी।।९७।।**
**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે-જુએ જે સર્વ, તે હું--એમ જ્ઞાની ચિંતવે. ૯૭.**

આહા..હા..! અપ્સરા જેવી રાણી હોય, ચક્રવર્તીનો દીકરો હોય. આહા..હા..! અને જેણે આનંદના સ્વાદ અંદરથી લીધા. આહા..હા..! (એ કહે છે), માતા! અમે સ્વાદને જાણ્યો ત્યાં જાશું હવે, આ નહિ. આહા..હા..! એ વિષયના ભોગ ઝેર જેવા દેખાય એને. સુંદર રૂપાળા શરીર આહા..હા..! માખણ જેવા શરીર સુંવાળા. માતા! અમારો આનંદ અમે જોયો છે. એ આનંદ જયવંત વર્તે છે એવું અમને ભાન થયું છે. આહા..હા..! એ જયવંત વર્તે છે ત્યાં અમારે જાવું છે હવે તો. આહા..હા..! એ સંસારના સંયોગના સુખો એને ઝેર જેવા દેખાય. આહા..હા..! એને આત્મા જયવંત વર્તે છે એમ ભાસ થયો, ભાન થયું. મારો આત્મા આનંદરૂપે ત્રિકાળ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સાધારણ માણસને તો પાગલ જેવું લાગે કે આવો (ધર્મ)!

અમારે ભગવાનજી વકીલ કહેતા કે આવો આત્મા (છે તો) ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? આ વકીલ. શું કરતા હશે કોણ જાણે? આહા..હા..! પુણ્ય હોય તો બધું દેખાય. આહા..હા..! ભગવાન એવો છે પણ તને ખ્યાલમાં અને પ્રતીતમાં ક્યાં આવ્યો છે? એ ધોયેલ મૂળા જેવો છે એ તો ચોખ્ખો મૂળ વસ્તુ છે. મૂળ વસ્તુ ચોખ્ખી છે. પવિત્રનો પિંડ છે એ તો. આહા..હા..! પણ એની તને પ્રતીતિ અને જ્ઞાનમાં એનું માહાત્મ્ય આવ્યા વિના એ છે ક્યાં એ તને ખબર કેમ પડે? સમજાણું કાંઈ? આહા..હા..!

ટીકા ૯૭ની. '**અહીં, પરમભાવનાની સંમુખ...**' ઓહો..હો..! પરમસ્વભાવભાવ જે કીધો એની સન્મુખ, એની એકાગ્રતામાં સન્મુખ એવા જ્ઞાનીને સમજાવે છે. આહા..હા..! ભાષા જુઓ, '**પરમભાવનાની સંમુખ...**' ભાષા એમ છે '**પરમભાવનાની સંમુખ...**' ત્રિકાળી વસ્તુ છે તેની ભાવના અંદર ત્રિકાળ વર્તમાન છે. એની સન્મુખ થયેલા મુનિઓને... આહા..હા..! '**શિખામણ દીધી છે.**' આહા..હા..! '**કારણપરમાત્મા...**' છેને પહેલું? એ ત્રિકાળી વસ્તુ. આહા..હા..! ઉત્પાદ-વ્યય વિનાની ત્રિકાળી વસ્તુ. આહા..હા..! '(૧) **સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારા,...** ' આહા..હા..! '**ત્રિકાળ-નિરાવરણ નિરંજન, નિજપરમભાવને ક્યારેય છોડતો નથી;...** ' આહા..હા..! શું

પરમભાવ છોડે? પ્રતીતમાં આવ્યો છે કે આ પરમ છે એ છોડે કે દિ' એને? એ તો છે જ. આહા..હા..! જૈનમાર્ગ કોઈ અલૌકિક વસ્તુ! વિશ્વનું દર્શન છે આ તો. વિશ્વદર્શન, વિશ્વમાર્ગ આ છે. બધાના માર્ગ છે અને વિશ્વમાર્ગ જૈનનો એમ નથી. આહા..હા..!

**'સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની...'** પાપ શબ્દે પુણ્ય-પાપ બધું આવી જાય હોં એમાં. **'બહાદુર શત્રુસેનની...'** ઓહો..હો..! હમણા અહીં બહાદુરભાઈ ગુજરી ગયાને? ગરાસિયાના .. .. મરી ગયા એ. ગામમાં બહાદુર.. આ તો ગામડાના. આ બહાદુર તો આત્મા છે કહે છે. આહા..હા..! એ બહાદુર કેવો? કે **'બહાદુર શત્રુસેનાની...'** બહાદુર શત્રુસેના જે છે. બહાદુર શત્રુસેના છે એની વિજય-ધજા, એનો જે વિજય છે અનાદિનો એ ધજાને લૂંટનારો ભગવાન છે. આહા..હા..! એનો વિજય નહિ. વિજય તો હવે મારી ધજા ફરકે છે. આનંદની મૂર્તિ જ્ઞાયકસ્વભાવી હું મારી ધ્વજા હવે ફરકે છે. પહેલા 'રાગ તે હું, વિકલ્પ તે હું, અલ્પજ્ઞ હું' એવું માન્યું હતું એ વિજયને લૂંટનારો ધ્રુવ હું આત્મા છું. આહા..હા..! ભારે! ..! આવી વાત ક્યાં છે? અરે! બિચારા .. જિંદગી ચાલી જાય છે. મૂળ વાત એને સાંભળવા પણ ન મળે એ કે દિ' જાણે, કે દિ' ઉતરે અને કે દિ' પરિણમે? આહા..હા..! દુર્લભ વસ્તુ છે એ તો.

**શ્રોતા :-** ... ત્યાગ કર્યા વિના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ક્યાં ત્યાગ.. મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રતનો ત્યાગ આવ્યો ક્યાંથી? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ પાંચ બંધના કારણ. તો પહેલા મિથ્યાત્વ બંધનું કારણ ગયા વિના વ્રત બંધનું કારણ ટળે ક્યાંથી? આમ ઊંધો રસ્તો લીધો. અમારે દામોદરશેઠ કહેતા કે અવ્રત, પ્રમાદ અને કષાય પહેલા ટાળે, પછી મિથ્યાત્વ ટળવું હોય તો ટળે વળી એમ કહેતા એ. આહા..હા..! અરે ભગવાન! અહીં તો ભગવાન આત્મા **'બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારા,...'** છે. એ **'ત્રિકાળ-નિરાવરણ નિરંજન, નિજ પરમભાવને ક્યારેય છોડતો નથી;...'** દૃષ્ટિમાંથી કોઈ દિ' છોડતો નથી. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૩, મંગળવાર, તા. ૦૭-૧૦-૧૯૭૫, કળશ-૧૨૯-૧૩૦, ગાથા-૯૭, પ્રવચન નં. ૫૫

૯૬? ૯૭. પાના બે થઈ ગયા. **'અહીં, પરમભાવનાની સંમુખ એવા જ્ઞાનીને શિખામણ દીધી છે.'** ભાષા જુઓ, પરમભાવનાની સંમુખ છે. ભાષાનો અર્થ શું? ત્રિકાળ પરમસ્વભાવભાવ

છે એની જે ભાવના કરે છે એને અહીં શિખામણ આપી છે. આહા..હા..! 'જે **કારણપરમાત્મા...**' જુઓ, આવી વસ્તુ આ છે. અનાદિનું સત્ય જ આ છે. એ કારણપરમાત્મા ત્રિકાળ વસ્તુ ધ્રુવ... સવારે પ્રશ્ન કર્યો હતો ચેતનજીએ પણ મને ખબર નહિ બહુ. ઓલો ટંકોત્કીર્ણનો. મેં કીધું સાધારણ પ્રશ્ન હશે. ટંકોત્કીર્ણ. નિજભાવ ત્રિકાળ જેમાં ગુણગુણીનો ભેદ પણ નહિ. એ આવશે હમણા. પર્યાય તો નહિ, પણ ગુણગુણીનો ભેદ પણ નહિ કારણપરમાત્મામાં. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ બાપુ આવી છે. આહા..હા..! શું થાય? જગતને અનાદિથી બેઠી નથી અને એમાં પાછા આવા લખાણ આવે આત્મધર્મના એટલે લોકો બિચારા મૂંઝાય. આહા..હા..!

અહીં તો કહે છે કે '**કારણપરમાત્મા (૧) સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારા,...**' આહા..હા..! એનું સ્વરૂપ જ એવું છે, એમ કહે છે. '**ત્રિકાળ-નિરાવરણ,...**' દ્રવ્ય વસ્તુ ત્રિકાળ કારણપરમાત્મા ત્રિકાળ નિરાવરણ. આહા..હા..! પર્યાયને આવરણનું નિમિત્ત છે. ત્રિકાળને તો આવરણ છે જ ક્યાં? જે સમ્યગ્દર્શનનો વિષય કારણપરમાત્મા એ તો ત્રિકાળ નિરાવરણ છે. આહા..હા..! '**ત્રિકાળ-નિરાવરણ નિરંજન,...**' એને મેલ નથી, અંજન નથી. નિર્મળાનંદ પ્રભુ પૂર્ણ છે. આહા..હા..! '**નિજપરમભાવને...**' જોયું? એવા જે નિજ પરમ ત્રિકાળભાવને, પરમસ્વભાવભાવને, એ કારણપરમાત્મા એના ત્રિકાળ સ્વભાવભાવને '**ક્યારેય છોડતો નથી;...**' આહા..હા..! સમજાણું કાંઈ? નિજભાવ છેને? આહા..હા..!

'**નિજપરમભાવને ક્યારેય છોડતો નથી;...**' આહા..હા..! એમ પર્યાય જાણે છે. જાણે છે તો પર્યાયને કે આ નિજભાવ કદી છોડતો નથી પરમપંચમભાવ એ મારો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો કેટલા વર્ષથી ચાલે છે અને આ સ્પષ્ટીકરણ કેટલા આવ્યા છે. અને ભાઈએ બહુ કર્યા છે હિંમતભાઈએ નિયમસારમાં, સમયસારમાં. આ કાંઈ નવી વાત નથી. આહા..હા..! '**ક્યારેય છોડતો નથી;...**' પાઠ છેને એ નિજભાવને કદી છોડતો નથી. પાઠ છેને. '**णियभावं णवि मुच्चइ**' '**णियभावं**' કોણ? કારણપરમાત્મા. આહા..હા..! જ્ઞાનીએ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એમ ચિંતવવું કે વિચાર કરવો કે વસ્તુ જે છે ત્રિકાળ કારણપરમાત્મા એણે ત્રિકાળ ભાવને કદી છોડ્યો નથી. આહા..હા..! અને એ ત્રિકાળભાવ કદી પર્યાયમાં આવતો નથી, એમ ધર્મીએ ચિંતવન કરવું. આહા..હા..! જુઓને એક વસ્તુ કેટલી સ્પષ્ટ કરી છે! આવી સ્પષ્ટ તો હજારો વાર થઈ ગઈ છે ૪૦ વર્ષમાં.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ જુઓને નીકળે છે. આ ક્યાં પહેલીવહેલી નીકળી છે વાત? આહા..હા..!

છઠ્ઠી ગાથામાં બહુ કહ્યું હતું. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' કોઈ પર્યાય જ્ઞાયકભાવમાં

છે જ નહિ. નિહાલભાઈએ બહુ લખ્યું છે એનું. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વાત છઠ્ઠી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યે કહી છે એમાં કઈ પર્યાય (બાકી) રહી હવે? ચૌદ ગુણસ્થાનની પર્યાય કે કોઈ પર્યાય જ્ઞાયકભાવમાં નથી. આહા..હા..! એ તો ગાથાની મુદ્દાની વાત છે. છઠ્ઠીના લેખ છે એ તો. ૧૧મીમાં એ '**ववहारोऽभूदत्थो**' પર્યાયમાત્ર અસત્યાર્થ-અભૂતાર્થ ગૌણ કરીને હોં. કેમકે પ્રયોજન સિદ્ધ કરવા મુખ્યને નિશ્ચય કરીને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! ત્રિકાળી વસ્તુને મુખ્ય કરીને નિશ્ચય થાય અને એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** .. તો વર્તમાન પર્યાયમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય ક્યાં... દ્રવ્ય છે અભેદ એમ પર્યાય જાણે છે. પર્યાય અભેદ ક્યાં છે અંદર?

**શ્રોતા :-** અભેદમાં પર્યાયસહિત અભેદ લેવો કે પર્યાયરહિત અભેદ લેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય વિનાનો અભેદ લેવો ત્રિકાળી છે. વિષય કરનાર તો પર્યાય છે. આહા..હા..! આ વાતું તો ઘણીવાર થઈ ગઈ. આ ક્યાં નવી વાત છે? જુઓને પહેલેથી આવી છે. આ ક્યાં નવી વાત હતી? આહા..હા..! પર્યાય છે એ દ્રવ્યમાં અભેદ થાય છે એનો અર્થ? એની સન્મુખ વળે છે એનું નામ અભેદ. અભેદ (એટલે) પર્યાય અને દ્રવ્ય બે અભેદ થાય કોઈ દિ'? પર્યાયનો અંશ અને દ્રવ્યનો અંશ ત્રિકાળ અને નય છે તે નિશ્ચયનયનો વિષય અંશ છે ત્રિકાળી. એ પર્યાયનો વિષય ધ્રુવ આવી જાય તો તો નય રહેતી નથી. એ તો પ્રમાણ થઈ ગયું. અહીં તો ઘણીવાર આવ્યું, બાપુ! આ તો હવે કોણ જાણે શું થયું? આહા..હા..! સમજાણું?

૯૭ છેને? '**णियभावं णवि मुच्चइ**' આહા..હા..! એમ પર્યાયમાં ધર્મી જીવ દ્રવ્યના સ્વભાવને કોઈ દિ' દ્રવ્ય છોડતું નથી એમ જ્ઞાનમાં ચિંતવે છે. ધ્રુવમાં ચિંતવન નથી કાંઈ. આહા..હા..! એને શું હોય? આહા..હા..! બહુ કામ (આકરું). જન્મ-મરણરહિત થવાની દૃષ્ટિ કોઈ મહાદુર્લભ છે. ઓહો..હો..!

**શ્રોતા :-** ધ્યાતા, ધ્યાન, ધ્યેય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્યાતા, ધ્યાનનો વિકલ્પ નહિ. અહીં હમણા કહેશે, આધાર-આધેય નહિ. દ્રવ્ય આધાર અને ગુણ આધેય એવો ભેદ નથી દ્રવ્યમાં. આહા..હા..! પર્યાયની વાત તો ક્યાંય રહી ગઈ. એ તો સાતમી ગાથામાં કહ્યુંને, '**ण वि णाणं ण चरित्तं**' '**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाण।**'. બાકી નથી જ્ઞાન-દર્શન-ચારિત્ર ભેદ પણ જેમાં નથી. આહા..હા..! એવો ભગવાન પૂર્ણાનંદનો નાથ અભેદ વસ્તુ. વસ્તુ પોતે અભેદ હોં. પર્યાયસહિત અભેદ નહિ.

**શ્રોતા :-** પર્યાયસહિત ન લેવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ... નહિ... પર્યાય નહિ. અભેદ વસ્તુ છે.

**શ્રોતા :-** પર્યાય દ્રવ્ય સાથે અભેદ થાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધુંને એ તો વાત થઈ ગઈ. અભેદનો અર્થ એ તરફ વળેલી છે. કીધુંને આ. '**પરમભાવનાની સંમુખ...**' એવું. પર્યાય સન્મુખ થઈ છે ત્યાં. સત્ વસ્તુ એવી ત્રિકાળ એની સન્મુખ થઈ છે, પરથી વિમુખ થઈ છે. આહા..હા..! કાર્ય તો પર્યાયમાં થાય છે કે કાંઈ દ્રવ્યમાં થાય છે? અરે! એ તો ઘણી વાત થઈ ગઈ. કેટલી વાર વાત (થઈ ગઈ છે). આ કાંઈ નવીન નથી. આમાં તો મૂળમાં ભૂલ, મૂળમાં ભૂલ આવી. શું?

**શ્રોતા :-** પર્યાય જુદી રાખો તો ધ્યાતા અને ધ્યાનનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય જુદી છે, રાખવી છે ક્યાં? પર્યાય ધ્યાન કરે છે દ્રવ્યનું. ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનો પર્યાયમાં વિકલ્પ નથી. પર્યાય એકલા ધ્યાતાને ધ્યાવે છે. આવી વાત તો હવે હજારો વાર આવી ગઈ. આમાં મોટી ભૂલ, મોટી ભૂલ. આ મણની આઠ પાંચશેરીની ભૂલ છે. આહા..હા..! શું થાય પણ હવે એ તો જીવની યોગ્યતા જ જ્યાં એવી હોય ત્યાં શું થાય? આહા..હા..!

એ એક પદ લીધું. જ્ઞાની પર્યાયમાં એમ ચિંતવે છે, ભાવે છે કે હું ત્રિકાળ નિરાવરણ પરમાત્મા.. છેને? એવા નિજપરમાત્મસ્વભાવ તેને પર્યાય એમ વિચારે છે કે એ કોઈ દિ' વસ્તુ છોડતી નથી. પરમભાવને પરમસ્વભાવભાવ, આત્માનો પરમસ્વભાવભાવ. એ પર્યાય એમ વિચારે છે આ કોઈ દિ' એનો સ્વભાવ છોડતા નથી. આહા..હા..! કહો, દેવીલાલજી! આવું કથન શું થાય? અરેરે! બીજા તો વિરોધ પડ્યા, હવે આ તો ઘરમાંથી વિરોધ થયો. ગજબ છેને! બીજા તો વિરોધ કરે છે. આહા..હા..! શું થાય? પ્રભુ-પ્રભુ શું થાય?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૩૨ વર્ષથી તો સાંભળે છે ૩૩ વર્ષથી. પણ ઓલો ઉંધો અર્થ કર્યોને ૮૦ અને ૨૬નો. એમાંથી એને બહારમાં માન ઘટે. ત્યાં ૨૬, ૮૦માં એમ કહેવું જ નથી. ..નો અર્થ પર્યાયનું લક્ષ છોડવું, એમ છે. સામાન્ય ઉપર દૃષ્ટિ દેવી એમ છે. એ તો અર્થ પણ પહેલા કર્યો હતો.

**શ્રોતા :-** પર્યાયની શુદ્ધિ બતાવવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધિ અને પર્યાય અંદર દ્રવ્ય તરફ વળી છે એનું લક્ષ પર્યાયનું નથી, એનું લક્ષ છે દ્રવ્ય ઉપર એટલું બતાવવું છે. હવે એનો અર્થ આવો કર્યો કે એ અંદર ડૂબી ગઈ. એ વિષય થયો. બહુ વિરુદ્ધ, ઘણું વિરુદ્ધ. ભાઈ! આવી વાત! અરર! આ શું થાય છે?

**શ્રોતા :-** ...ઉત્પાદ-વ્યય-ધ્રુવ સત્ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પ્રમાણના વિષયનું સત્ છે. નિશ્ચયનય છે એ નિશ્ચયનો એક ભાગ, નય એક ભાગને વિષય કરે. નય બેને વિષય કરે તો નય રહેતી નથી. એ

તો બધી વાત આવી ગઈ છે. એ કાંઈ નવી નથી. આ તો હવે આ ઊંધું નાખ્યું એટલે વધારે સ્પષ્ટીકરણ કરવું પડે છે. આહા..હા..! અરેરે! .. આકરું ભારે લાગે.

**શ્રોતા :-** ત્રણે સત્ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રણે સત્ છે. પણ સત્ છે એટલે શું? એ પ્રમાણનો વિષય છે. નિશ્ચયનયનો વિષય શું? નિશ્ચયનય ત્રણને વિષય કરે તો નય જ રહેતી નથી. આહા..હા..! શું થાય?

**શ્રોતા :-** શાસ્ત્રમાં પ્રમાણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રમાણ છેને પણ દ્રવ્યનું જ્ઞાન થયા પછી પર્યાયનું જ્ઞાન થાય એનું નામ પ્રમાણજ્ઞાન. શું કીધું?

**શ્રોતા :-** પ્રમાણ પૂજ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રમાણ પૂજ્ય નથી કીધું, નિશ્ચયને પૂજ્ય કીધી છે. ના, ના; એ તો વ્યવહાર પૂજ્ય કીધું છે એ તો જાણવા માટે કીધું છે. એ તો નયના અધિકારમાં પણ લખ્યું છે કે પ્રમાણ પૂજ્ય નથી. કેમકે તેમાં પર્યાયનો નિષેધ થતો નથી. એ વાત બધી આવી ગઈ છે. હવે અહીં તો ૪૦ વર્ષ થયા. સાડી ચાલીસ વર્ષ. સાડી ચાલીસ વર્ષ અને પંદર દિ' થયા આજે. આજે ત્રીજ છેને ત્રીજ? ફાગણ વદ ત્રીજે આવ્યા હતા ફાગણ વદ ત્રીજ. અને આ આસો સુદ ત્રીજ છે. ચાલીસ વર્ષ અને સાડા છ મહિના થયા અહીં. આહા..હા..!

કહે છે કે પર્યાય એમ જાણે છે.. આહા..હા..! કે આ દ્રવ્યસ્વભાવ જે દ્રવ્ય વસ્તુ આત્મા કારણપરમાત્મા ઈ એનો ત્રિકાળ સ્વભાવ કોઈ દિ' છોડતા નથી, એમ પર્યાય જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને '**(૨) પંચવિધ (-પાંચ પરાવર્તનરૂપ) સંસારની વૃદ્ધિના કારણભૂત, વિભાવપુદ્‌ગલદ્રવ્યના સંયોગથી...**' છેને? '**રાગાદિ પરભાવની ઉત્પત્તિમાં પુદ્‌ગલદ્રવ્ય નિમિત્ત બને છે.**' નિમિત્ત બને છેને ઈ? '**વિભાવપુદ્‌ગલદ્રવ્યના સંયોગથી જનિત રાગાદિ પરભાવને ગ્રહતો નથી;...**' એમ પર્યાય નિર્ણય કરે છે કે રાગને ગ્રહતો નથી અને નિજભાવને છોડતો નથી એવો કારણપરમાત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**વિભાવપુદ્‌ગલદ્રવ્યના સંયોગથી જનિત રાગાદિ પરભાવને ગ્રહતો નથી;...**' કારણ કે આ પર્યાયમાં તો વિચાર ચાલે છે. એ પર્યાય એમ બે બાજુનો વિચાર (કરે છે) કે પર્યાય એમ વિચારે છે કે દ્રવ્ય એ પોતાના ત્રિકાળ સ્વભાવને છોડ્યો નથી અને પર્યાય એમ વિચારે છે કે પર્યાયમાં વિકારનું ગ્રહણ પર્યાય કરતી નથી. એટલે આત્મા કરતો નથી એટલે પર્યાય કરતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ આ તો વાંધા મોટા. અરેરે! શું થયું આ? ગજબ કર્યું કામ! આવી વાત સોનગઢની તો આ વાત બહાર પ્રસિદ્ધ છે. દ્રવ્યને આશ્રય

કરવાનું કહે છે. એ મુખ્ય વાતને... કાલે નહોતું આવ્યું આપણે? જેણે ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ છે પૂર્ણાનંદસ્વરૂપ એ જેણે જાણ્યો એણે શું ન જાણ્યું? એ આવ્યું છે. ઈ જેને દ્રવ્યસ્વભાવ ત્રિકાળ પરમસ્વભાવ દેખ્યો એણે શું ન દેખ્યું? અને પરમસ્વભાવ ધ્રુવ છે એ જેણે જાણ્યો, સાંભળ્યો એણે શું ન સાંભળ્યું? આહા..હા..! એ તો ગાથા આવી ગઈ. છેને?

'**તે પરમ તેજ કેવળજ્ઞાન, કેવળદર્શન અને કેવળસૌખ્યસ્વભાવી છે. તે જાણતા શું ન જાણ્યું?**' પદ્મનંદી પંચવિંશતિ. આહા..હા..! '**તે દેખતા શું ન દેખ્યું?**' તે દેખતા. ત્રિકાળ દ્રવ્ય. '**તેનું શ્રવણ કરતાં શું ન શ્રવણ કર્યું?**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! આહા..હા..! '**રાગાદિપરભાવને ગ્રહતો નથી;...**' ત્રીજો બોલ. '**નિરંજન સહજજ્ઞાન...**' ત્રિકાળ. નિરંજન-મળ વિનાનું સ્વભાવિક જ્ઞાન ધ્રુવ. '**સહજદૃષ્ટિ...**' દર્શન. '**સહજચારિત્રાદિ સ્વભાવધર્મોના આધાર...**' સ્વભાવ ધર્મો જે છે ત્રિકાળ. ધ્રુવ ધર્મો. આહા..હા..! એના '**આધાર-આધેય સંબંધી વિકલ્પો રહિત,...**' છે પ્રભુ. આહા..હા..! ગુણ આધાર અને ગુણી આધેય એવો પણ વસ્તુમાં ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તાકડે સામે ઈ આવ્યું. પર્યાયનો ભેદ તો નથી, પણ ગુણ જે ત્રિકાળી છે, ગુણગુણીનો જેમાં ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે અને તે પણ દિગંબર દર્શનમાં એ વાત છે, બીજે ક્યાંય આ વાત છે જ નહિ. સનાતન જૈનદર્શન વીતરાગનો પ્રવાહ એમાં આ માર્ગ છે. આહા..હા..! આવી વાત ક્યાંય છે નહિ. અરેરે!

'**નિરંજન સહજજ્ઞાન-સહજદૃષ્ટિ-સહજચારિત્રાદિ...** ' આનંદ આદિ બધા ગુણો. '**સ્વભાવધર્મોના...**' ત્રિકાળી સ્વભાવ ધર્મોના '**આધાર-આધેય સંબંધી...**' ધર્મો આધાર છે અને આત્મા આધેય છે દ્રવ્ય. એ '**સંબંધી વિકલ્પો રહિત,...**' વસ્તુ છે. વસ્તુ નિર્વિકલ્પ અભેદ છે. વસ્તુ હોં! પર્યાયસહિત અભેદ નહિ આ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! નિરંજન ત્રિકાળ નિર્મળ સ્વભાવિક જ્ઞાન, ત્રિકાળ નિર્મળ સ્વભાવિક દર્શન, ત્રિકાળ નિર્મળ ચારિત્ર, ત્રિકાળ નિર્મળ આનંદ, ત્રિકાળ નિર્મળ બળ-વીર્ય, ત્રિકાળ નિર્મળ પ્રભુત્વશક્તિ, ત્રિકાળ નિર્મળ સ્વચ્છત્વશક્તિ વગેરે. એવા '**સ્વભાવધર્મોના આધાર-આધેય સંબંધી વિકલ્પો...**' ભેદરહિત છે. એવા ભેદરહિત વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં શું? આ તો ઘણીવાર વાત આવી ગઈ. આ કાંઈ પહેલી નથી કાંઈ આ તો. ગળથુથીમાંથી તો આ વાત આવી છે. આ તો વિષય જ એ છે.

પર્યાયબુદ્ધિ છે એ તો અનાદિની છે. પર્યાયમૂઢા પરસમયા. એમ કીધું છેને? ત્યાં એ ગાથા લીધી. પર્યાય એટલે સમયનો પર્યાય એક સમયમાં મૂઢ છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એમાં યશોવિજયે વાંધો કાઢ્યો છેને કે પર્યાય તમે નહિ માનો તો બલિદાન થઈ જશે. અરે ભગવાન! એ વાત તો તે દિ' થઈ ગઈ ચર્ચા. યશોવિજય. ગાથા છેને પહેલી ૯૩. પર્યાયમૂઢા પરસમયા. તો એણે કહ્યું વાત સાચી. આચાર્યને એ કહેવું છે કે એક સમયની પર્યાય છે

તેની રુચિ અને દૃષ્ટિ એમાં પડી છે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. બધી પર્યાય.

**શ્રોતા :-** સાથે રહે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાથે આવે નહિ પણ સાથે ક્યાંથી રહે? પર્યાય પર્યાયમાં રહે અને દ્રવ્ય દ્રવ્યમાં રહે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નથી, એ નથી. એ બીજી વાત છે. એમાં પર્યાય દ્રવ્યમાં છે એ તો શક્તિરૂપે, ગુણરૂપે છે, એ તો ભાવરૂપે, ધ્રુવરૂપે, પારિણામિકભાવરૂપે છે. ઝીણી વાત છે. થઈ હશે વાત વધારે.. એ બધું ઉંધું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અરે! જીવને શું થાય છે? આવા ટાણા મળ્યા એમાં પણ આવી લાઈન થઈ જાય છે. આવી ચર્ચાઓ અંદર કરવા લાગ્યા. આહા..હા..! ગજબ વાત છે! પ્રભુ! પ્રભુ! શું થાય?

આવો આધાર-આધેય સંબંધી એમ પર્યાય વિચારે છે કે આ ગુણી દ્રવ્ય અને ગુણ આ એવો ભેદ નથી જેમાં. ત્રિકાળ ધ્રુવમાં ભેદ નથી. આહા..હા..! વસ્તુ અને એનો સ્વભાવ એ બેનો ભેદ નથી. એમ પર્યાય નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સંબંધી વિકલ્પો...**' એટલે ભેદરહિત છે. '**સદા મુક્ત તથા સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત—**' ભગવાન પૂર્ણાનંદનો નાથ સદા મુક્ત છે. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ કહ્યુંને? જે કોઈ આત્મા ધ્રુવ છે, અભેદ છે એને જે '**पस्सइ**' દેખે છે તો પર્યાય. અબદ્ધસ્પૃષ્ટને દેખે છે એવો જે ઉપયોગ. એ અબદ્ધ કહો કે મુક્ત કહો. બદ્ધરહિત કહો એ નાસ્તિથી, મુક્ત કહો એ અસ્તિથી. આહા..હા..! વસ્તુસ્વભાવ મુક્ત છે. ભેદ વિશેષ વિનાનો છે, સામાન્ય છે. આહા..હા..! વિશેષણ આવે છેને એમાં? અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ-વિશેષપણું જેમાં નથી. આહા..હા..! એવું જે ઉપયોગ જાણે છે એ ઉપયોગ જૈનશાસન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઘણીવાર વાત થઈ ગઈ છે. હવે આ તો બહાર આવ્યું ઊંધું લખાણમાં ત્યારે ખબર પડી કે ઓય.. માળા! આ તો. ખાનગી વાતોમાં આવી બધી ચર્ચા ચાલતી હશે. એના ભાઈ સાથે જ વાત થવા માંડી. આહા..હા..! ભગવાન! ભગવાન! શું થાય? જીવને ઊંધે રસ્તે જાવું હોય છેને ત્યારે આવા રસ્તા એને આવી જાય અંદર. આહા..હા..!

અહીં પરમાત્મા ત્રિલોકનાથ એમ કહે છે કે... ત્યાં એક વાત થઈ ગઈ છે પહેલી. તે દિ' કહ્યું હતું એમાં ઓછુવત્તુ નહોતું, બરાબર કહ્યું હતું. એવી વાતું ચાલતી હતી મહારાજ ઝાઝું કહ્યું.. બરાબર કહ્યું હતું. ઝાઝું-બાઝું નહિ. એટલે લોકો એમ વિચારે. બાયું કેટલીક ઠેકાણા વિનાની હોયને. જેમ કહ્યું હતું તે બરાબર કહ્યું હતું. સમજાણું કાંઈ? અહીં કહે છે અહો..! સદા મુક્ત પ્રભુ. આહા..હા..! વસ્તુ સદા મુક્ત જ છે. '**સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત—**' જોયું! આધાર-આધેયનો નકાર કર્યો, પણ

છતાં જે સ્વભાવિક આનંદ જે છે... છે? '**ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત...**' છે. એ આનંદનું ધામ છે એનો આશ્રય કર. આહા..હા..! જેમાં આનંદસ્વરૂપ એકલું છે. આહા..હા..! એ '**સદા મુક્ત...**' છે. ત્રિકાળ અનાકુળ આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. આહા..હા..! એ '**સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત...**' એ છે. મુક્તિમાં પરમ આનંદ આવે એનું સ્થાન-ધામ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એવા કારણપરમાત્માને...**' જોયું! એવા કારણપરમાત્માને. આહા..હા..! '**કારણપરમાત્મા પોતે આધાર છે અને સ્વભાવધર્મો આધેય છે એવા વિકલ્પો વિનાનો છે, સદા મુક્ત છે અને મુક્તિસુખનું રહેઠાણ છે.**' જોયું! આહા..હા..! નિયમસારની ટીકા ગજબ છે! ત્યાં તો પરમપંચમભાવ જે દૃષ્ટિનો વિષય છે ત્યાં ક્ષાયિકભાવ નથી, ઉપશમ પર્યાય નથી, તો વળી કઈ પર્યાય આવી એમાં? આહા..હા..! એ તો પહેલેથી કહેતા આવ્યા છીએ.

**શ્રોતા :-** આશ્રય માટે એક ભૂતાર્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ ત્રિકાળ સત્યાર્થ, ભૂતાર્થ પ્રભુ ભગવાન આશ્રય કરવા લાયક છે, બાકી બધી વાત જૂઠી છે. સમજાણું કાંઈ? જેમાંથી.. પણ ત્યાં સુધી કહ્યું કે પર્યાય છે તે પરદ્રવ્ય છે એમ કીધું લ્યો! આમાં ૪૯. પરદ્રવ્ય છે. અને આ સ્વદ્રવ્ય. પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય બે એક થઈ ગયા? ભલે પર્યાયને પરદ્રવ્ય કીધી, ભલે પર્યાય પોતે વિષય કરે છે પરદ્રવ્ય, સ્વદ્રવ્યનો. કારણ કે ભિન્ન-ભિન્ન વસ્તુ છે. વિષય કોણ કરે? અનિત્ય પર્યાય નિત્યનો વિષય કરે. અનિત્યનો વિષય અનિત્ય કરે એ તો મિથ્યાદૃષ્ટિ અનાદિની છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એવા કારણપરમાત્માને નિશ્ચયથી નિજનિરાવરણ પરમજ્ઞાન વડે...**' ભાષા જુઓ, '**નિશ્ચયથી નિજનિરાવરણ પરમજ્ઞાન વડે જાણે છે...**' નિર્મળ પરમજ્ઞાનની પર્યાય વડે આને જાણે છે. આહા..હા..! આ તો પર્યાય વર્તમાન લીધી છે ત્રિકાળ, ત્રિકાળી જાણે છે એમ આવ્યું. જોયું! ત્રિકાળી નિરાવરણ જ્ઞાન આને જાણે છે એમ કહે છે. છેને એ આવી ગયું છે પહેલા. ઉપયોગમાં આવી ગયું હતું. ઉપયોગમાં આવી ગયું છે ૧૦-૧૧-૧૨. આહા..હા..! આવો જે કારણપરમાત્મા તેનું જે નિરાવરણ ત્રિકાળી ધ્રુવ જ્ઞાન એ કારણપરમાત્માને જાણે છે, આહા..હા..! એમ પર્યાય જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી સ્પષ્ટ વાત ચોખ્ખી! આહા..હા..!

'**નિજનિરાવરણ પરમજ્ઞાન વડે જાણે છે અને તે પ્રકારના સહજ અવલોકન વડે...**' ત્રિકાળ હોં! '**(સહજ નિજનિરાવરણ પરમદર્શન વડે) દેખે છે;...**' આહા..હા..! એની શક્તિ છેને એવી? નિરાવરણ ત્રિકાળ જ્ઞાન વડે જાણે છે કારણપરમાત્માને અને ત્રિકાળી નિરાવરણ દર્શન વડે કારણપરમાત્માને દેખે છે. આહા..હા..! '**તે કારણસમયસાર હું છું...**' ભાષા દેખો! '**તે કારણસમયસાર હું છું...**' પર્યાય હું છું એમ નહિ. પર્યાય તો નિર્ણય

કરે છે કે આ કારણસમયસાર તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? કેવળજ્ઞાન, કેવળદર્શન ત્રિકાળી એ વસ્તુને જાણે અને દેખે છે એવો એનો સ્વભાવ છે એમ કહે છે. એવો જે હું કારણસમયસાર તે હું છું. છે? '**કારણસમયસાર હું છું...**' એમ પર્યાય જાણે છે. આ કારણસમયસાર ધ્રુવ તે હું છું. આહા..હા..! ગજબ વાત છેને! સમજાણું કાંઈ?

'**તે કારણસમયસાર...**' તે કારણસમયસાર એટલે? ત્રિકાળી ધ્રુવસ્વરૂપ એનું ધ્રુવજ્ઞાન અને એનું ધ્રુવદર્શન એને દેખે જાણવાનો સ્વભાવ છે. તે જ કારણસમયસાર ધ્રુવ, તે પર્યાય કહે છે કે તે કારણસમયસાર તે હું છું. હું પર્યાય છું એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બધું ઝીણી વાત છે, પોપટભાઈ! આ બધી સમજવી પડશે ત્યાં.

**શ્રોતા :-** પોતાની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, વાત સાચી બાપા! અરે.. ભાઈ! આવા ચોર્યાશીના અવતાર કરી-કરીને હોથા નીકળી ગયા છે. આહા..હા..! દ્રવ્યલિંગ પણ ધાર્યા, મુનિપણા, દ્રવ્ય સાધુ થયો, હજારો રાણીને છોડી, અગિયાર અંગના જ્ઞાન કર્યા. અગિયાર અંગના જ્ઞાન, નવ પૂર્વની લબ્ધિ પ્રગટી... આહા..હા..! પણ છતાં વસ્તુની દૃષ્ટિ આની કરી નહિ.

**શ્રોતા :-** સન્મુખ ન થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ સન્મુખ ન થયો. વિમુખથી બધું કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? નવ પૂર્વ કોને કહે? આહા..હા..! અગિયાર અંગ કોને કહે? અરે..! અત્યારે લખાય નહિ નવ પૂર્વ તો અને આચારાંગ આદિના અઢાર હજાર પદ. એક પદના એકાવન કરોડ જાજેરા શ્લોક. આહા..હા..! એટલું કંઠસ્થ કર્યું. સૂયગડાંગ ડબલ. એ અઢાર અને છત્રીસ હજાર પદ છે. ઠાણાંગ બોંતેર હજાર છે. .. ડબલ લઈ લેવા. (એવું) અગિયાર અંગનું જ્ઞાન કર્યું અનંતવાર. આહા..હા..! પણ પર્યાયમાં ઊભા રહીને. ભગવાન કારણસમયસાર આખો રહી ગયો. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? લ્યો!

શું કહે છે આ? '**એમ સમ્યગ્જ્ઞાનીઓએ સદા ભાવના કરવી.**' આહા..હા..! ત્રિકાળ કારણસમયસાર ધ્રુવ તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે કારણસમયસાર હું છું...**' એમ ધર્મી જીવે, સમ્યગ્જ્ઞાની જીવે, સત્ય જ્ઞાનવાળા જીવે સદા 'આ સ્વરૂપ ત્રિકાળ કારણસમયસાર છું' એની ભાવના કરવી એટલે એકાગ્ર થવું. આહા..હા..! સમજાણું કાંઈ? 'સદા' પાછો શબ્દ છે. કોઈ વખતે પણ પર્યાયનો આશ્રય કરીને 'હું પર્યાય છું' એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સદા. આહા..હા..! '**ભાવના કરવી.**' આવા ભાવની ભાવના કરવી. ભાવના એટલે એકાગ્ર થવું. દ્રવ્યને દૃષ્ટિમાં, લક્ષમાં લઈને એમાં એકાગ્ર થવું. આહા..હા..! આવો માર્ગ, બાપા! શાંત... શાંત... શાંતરસનો માર્ગ. આહા..હા..! તે શાંતરસનો આશ્રય એટલે ત્રિકાળી શાંતરસ પ્રભુ. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ છું એમ. '**તે કારણસમયસાર હું છું—એમ સમ્યગ્જ્ઞાનીઓએ...**' પર્યાયમાં 'સદા

**ભાવના કરવી.'** ત્રિકાળની. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય અંદર ગરી જાય તો પછી આ પર્યાય આમાં ડૂબી એમ જાણ્યું કોણે? આ દ્રવ્યમાં પર્યાય ગઈ અભેદ (થઈ ગઈ) એ જાણ્યું કોણે? એ તો પર્યાય જુદી રહી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સરસ કળશ આવી ગયો શ્લોક. **'णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।'** આહા..હા..! **'जाणदि पस्सदि सव्वं'** જુઓ, એ અંદરનું હોં. એમ લીધું. **'सो हं इदि चिंतए णाणी।।'** 'તે હું છું' એમ ચિંતવે જ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્જ્ઞાની, સત્યજ્ઞાની જીવ જેને સમ્યગ્દર્શનપૂર્વક સાચું જ્ઞાન છે એ જીવ આમ માને (છે કે) હું ત્રિકાળ છું, એ કારણસમયસાર તે હું છું. આહા..હા..! એમ પર્યાયમાં એની ભાવના કરવી એટલે એકાગ્ર થવું. આહા..હા..! ઓહો..હો..! શું સંતોની સ્પષ્ટતા! દિગંબર મુનિઓની વાત તો... શ્રીમદ્દે લખ્યું છેને 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે.' ખ્યાલમાં આવે છે .. એમ છે. આહા..હા..! શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો, ઉતરતો ગયો, ઉતરતો ગયો. આહા..હા..! શું થાય? ભાઈ! એને દુઃખ લાગે કોઈને કે અમને... ભાઈ! આ વસ્તુની સ્થિતિ આવી છેને, બાપુ! આહા..હા..! વસ્તુ આ છે, બીજું શું થાય? અને સ્પષ્ટતા ન આવે તો એને સમજવામાં કેમ આવે? આહા..હા..!

**'એવી રીતે એકત્વસપ્તતિમાં (-શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદિવિંશતિના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૨૦માં શ્લોક...'** એ? એ તો આવી ગયું. આ તો ૯૭ છે. હવે **'એવી રીતે શ્રી પૂજ્યપાદસ્વામીએ (સમાધિતંત્રના ૨૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** લ્યો! ઓલો પણ ૨૦ અને આ પણ ૨૦ આવ્યો.

(अनुष्टुभ)

यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति।
जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम्।।

આહા..હા..! **'શ્લોકાર્થ :- જે અગ્રાહ્યને (-નહિ ગ્રહવાયોગ્યને) ગ્રહતું નથી...'** નહિ ગ્રહવાને ગ્રહતું નથી. આહા..હા..! **'તેમ જ ગૃહીતને (-ગ્રહેલાને, શાશ્વત સ્વભાવને)...'** જોયું! શાશ્વત સ્વભાવને જે **'છોડતું નથી,...'** આહા..હા..! **'સર્વને સર્વ પ્રકારે જાણે છે, તે સ્વસંવેદ્ય (તત્ત્વ)...'** તે પોતાથી વેદવાલાયક તે **'હું છું.'** આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરું લાગેને માણસને. આ ઝીણી વાત એટલે લોકોએ બીજે રસ્તે ચડાવી દીધા. માણસ ભરાય ઝાઝા. આ વાત સાંભળનારા થોડા હોય આમાં તો. આ સભા ભેગી થાય એમાં વાત કરવા માંડે મુંબઈ જેવામાં ઘણા વખત તો શું કહે છે આ? વાત તો એ જ આવે પણ એને સ્પષ્ટ દાખલા, દલીલ એવું આપે તો ઠીક લોકોને લાગે. આહા..હા..!

**'જે...'** જે એટલે વસ્તુ. **'અગ્રાહ્યને (-નહિ ગ્રહવાયોગ્યને) ગ્રહતું નથી...'** એ વસ્તુ ત્રિકાળ. **'તેમ જ ગૃહીત...'** છે. (અર્થાત્) ત્રિકાળ સ્વભાવ જે ગ્રહેલા છે, છે તેને તે

વસ્તુ છોડતી નથી. 'જે' શબ્દ છેને? '**यद**' '**यद**' છેને? આહા..હા..! '**यदग्राह्यं**' છેને? પહેલો શબ્દ છે. '**यदग्राह्यं**' '**यद**' એટલે જે વસ્તુ ત્રિકાળ. આહા..હા..! જે '**અગ્રાહ્યને ગ્રહતું નથી,...**' કદી એણે કોઈ દિ' આહા..હા..! ખરેખર તો એણે પર્યાયને ગ્રહી નથી. પણ આ તો પર્યાય વિચાર કરે છેને. પર્યાય ગ્રહી નથી. એ ૧૪મી ગાથામાં આવે છે. પર્યાય ઉપર રહે છે, દ્રવ્યમાં પ્રવેશ કરતી નથી. ૧૪મી ગાથા આવે છે. વિશેષમાં આવે છે. .. એ પંચ ભાવો ઉપર તરે છે, વસ્તુમાં પેસતા નથી. પર્યાય દ્રવ્યમાં જાતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**સર્વને સર્વ પ્રકારે જાણે છે, તે સ્વસંવેદ્ય...**' તે મારાથી વેદવાયોગ્ય એવું '**(તત્ત્વ) હું છું.**' મારાથી પર્યાયમાં વેદવાયોગ્ય તે આ હું છું. આહા..હા..! પ્રાણભાઈ! આ બધું ઝીણું છે. ઉપરટપકે પકડ્યું હોય તો ઝીણું પડે એવું છે આ. પ્રયત્ન કરવો જોઈએ.

ચાર શ્લોક કહે છે, લ્યો. આહા..હા..! ગાથા એવી લાગી તો ચાર શ્લોક (કહે છે), મુનિરાજ ચાર શ્લોક કહે છે. આહા..હા..!

(वसंततिलका)

आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा
जानाति पश्यति च पंचमभावमेकम्।

જોયું! '**पंचमभावमेकम्**' આહા..હા..! એ પંચમભાવમાં તો ક્ષાયિકભાવ પણ નથી, ઉપશમ પણ નથી, ક્ષાયિકભાવની પર્યાય એમાં નથી (તો) વળી કઈ પર્યાય એમાં ગરી ગઈ? આહા..હા..! એ તો પહેલાથી આવી ગયું છે શુદ્ધભાવ અધિકારમાં.

**શ્રોતા :-** ૩૮મી ગાથામાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ૩૮મી. ૩૮ પછી એક ... આઠ પર્યાયો નાશવાન છે અને અવિનાશી ભગવાન ધ્રુવ છે. પણ આ તો પછી ઓલામાં આવ્યું. મૂળ ગાથામાં આવે છે. ક્ષાયિકભાવ નથી. જીવને શુદ્ધભાવ. શુદ્ધભાવ એટલે ધ્રુવ ત્રિકાળ. એવો જે જીવ શુદ્ધભાવ એને ક્ષાયિકભાવ નથી, ઉપશમભાવ નથી, પર્યાય એમાં નથી. આહા..હા..! શુદ્ધભાવ અધિકાર. કઈ પર્યાય એમાં ગરી ગઈ? આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરું કામ છે. આ હું છું. આ અહીં આવ્યુંને. 'હું ત્રિકાળ સમયસાર તે હું છું' એમ પર્યાય નિર્ણય કરે છે. આમાં જ આવ્યું હતું. બધે ઠેકાણે બધે એક જ વાત છે. કોઈપણ શાસ્ત્ર દિગંબરના શાસ્ત્ર લ્યો તો સત્‌નો પ્રવાહ એક જ રૂપે છે.

**શ્રોતા :-** એકનો અર્થ ધ્રુવ થાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવ થાય. ચાર શ્લોક છેને?

(वसंततिलका)

आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा
जानाति पश्यति च पंचमभावमेकम्।

तत्याज नैव सहजं परभावमन्यं
गृह्णाति नैव खलु पौद्गलिकं विकारम्।।१२९।।

'**શ્લોકાર્થ :- આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને...**' આહા..હા..! '**આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને...**' પોતાના અનંતગુણોથી ભરેલો સમૃદ્ધ-સંપદાવાળો ભગવાન '**એક પંચમભાવને—જાણે છે...**' આહા..હા..! એ આત્મા એક પંચમભાવને જાણે છે. જાણે છે તે પર્યાય, પણ જાણે છે પંચમભાવને. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ...**' ભગવાન ભરેલો પ્રભુ. છેને? '**આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને...**' એને '**એક પંચમભાવને-જાણે છે...**' આહા..હા..! અને પંચમભાવને દેખે છે. જાણનારી પર્યાય દેખનારી પર્યાય, પણ જાણે-દેખે છે પંચમભાવને. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી જ...**' આહા..હા..! સ્વભાવિક એક પંચમ પારિણામિકભાવ. ચાર ભાવને તો અપરમભાવ કહ્યા છે. અપરમભાવ છે. એક સમયની પર્યાય છે. ક્ષાયિકભાવ પણ કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે, નાશવાન છે. કેવળજ્ઞાન પણ સદ્ભૂતવ્યવહારનયનો વિષય છે, એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! એને તો છે નહિ, પણ એને છે શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન નિર્મળ, બાર અંગનું જ્ઞાન, પણ એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! એ તો એક પંચમભાવને જ દેખે છે. આહા..હા..! અને '**તે સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી...**' એણે એટલે આત્માએ. છેને? '**પંચમભાવને એણે છોડ્યો નથી જ...**' આહા..હા..! એમ કોણ નિર્ણય કરે છે? પર્યાય. સન્મુખ થયેલી પર્યાય. આહા..હા..! દરિયો મોટો પડ્યો છે પંચમભાવ, કહે છે. ક્ષાયિકભાવ આદિ તો અપરમભાવ છે. આહા..હા..! એક સમયની પર્યાય, એક સમયની પર્યાય. એની કિંમત કેટલી? ત્રણલોકનો નાથ... નિહાલભાઈએ કહ્યું છેને એકકોર પર્યાયનું બારદાન અને એકકોર ધ્રુવનો માલ. વાંચ્યું છે? ધ્રુવ માલ છે અને પર્યાય એ બારદાન છે. આહા..હા..!

'**કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે...**' ઓલામાં શબ્દ લખ્યો છે. બધા પુદ્ગલિક વિકાર ઠરાવ્યા છે. છે પુસ્તક? નિયમસાર આ? કે આ પૌદ્ગલિક વિકાર અંદર પહેલા આવી ગયું છે. આ નવું પુસ્તક છેને. ખરેખર તો ચાર ભાવને પણ પુદ્ગલનો વિકાર છે એમ કીધું છે.

**શ્રોતા :-** પંચાસ્તિકાયમાં પણ એમ જ કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કીધું છેને. એ તો કર્મકૃત એ વ્યવહાર છે. પણ અહીં પુદ્ગલનો વિકાર કહ્યો છે. વસ્તુ એટલી ધ્રુવ ચિદાનંદ પ્રભુ, એમાં એ બધા ચાર ભાવો આવરણવાળા છે એમ કીધું છે. ચાર ભાવ આવરણવાળા. ક્ષાયિક આવરણવાળા. આવરણનો અભાવ થયોને એને? એટલી અપેક્ષા થઈને? એ વસ્તુ નહિ. આહા..હા..! પુસ્તક પડ્યું રહ્યું ત્યાં. જુઓને

પુસ્તકમાં લખ્યું છે એમાં. પહેલા પૌદ્‌ગલિક વિકાર છે એ આવ્યું છે. ગાથામાં આવી ગયું છે. છે ક્યાંય ગાથા? કેટલામું? ૨૧૭. હવે પછી? આહા..હા..! ૨૧૭. હા, બસ એ.

'**પંચમભાવ ઉદય ઉદિરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે.**' એ. લખ્યું છે તમે? ઠીક. મહેશભાઈ પણ રસ લે ને રસ. હા, બસ આ. ઓલામાં લખ્યું છે. ચાર ભાવ એવા વિવિધ વિકારો વિનાનો છે. આ ચાર ભાવ વિકારવાળા છે. એ વિનાનો દ્રવ્યસ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? એ ગાથા-૧૧૦. '**ભવ્યને...**' જુઓ, '**પરમભાવના સ્વરૂપનું કથન છે.**' એ. '**ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમસ્વભાવ છે. તે પંચમભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.**' અગમ્ય નામ એને આશ્રયે જણાય એવો નથી, એમ. એ તો પહેલા પણ આવી ગયું છે. ઉપશમ, ક્ષાયિકભાવને આશ્રયે જણાય એવો નથી એટલે અગમ્ય કીધું. જણાય છે તો એનાથી, પણ એને આશ્રયે જણાય એવો ત્રિકાળ નથી. આહા..હા..! ક્ષાયિકસમકિતની પર્યાયને આશ્રયે પંચમભાવ જણાય એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આખી વાત છે પછી હોં!

વિભાવને અપરમપણું. જુઓ, '**આ કારણથી આ એકને પરમપણું છે, બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.**' ચાર વિભાવો બધા ક્ષાયિકભાવ પણ અપરમ છે. એ ઓલા અપરમભાવે સ્થિતની અહીં વ્યાખ્યા નથી હોં પાછી. '**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ, ત્રિકાળ-નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ...**' ત્રિકાળી પરમાત્માની શ્રદ્ધાથી વિપરીત '**તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને, સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં, અવિદ્યમાન જ છે...**' દૃષ્ટિ જ્યાં પર્યાય ઉપર છે, રાગ ઉપર છે એને વસ્તુ વિદ્યમાન (હોવા) છતાં અવિદ્યમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે દૃષ્ટિમાં આવી નથી. આ પરમસ્વભાવ ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્ઞાનની પર્યાયમાં આવ્યો નથી. આહા..હા..! આવ્યા વિના એને છે ક્યાંથી આવ્યું? આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઘણી લાંબી વાત છે. સહજ એ પંચમભાવને જેણે છોડ્યો નથી અને અન્ય એવા પરભાવને કે જે ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે... જોયું! એ બધા પુદ્‌ગલના નિમિત્તના ફળ છે, કહે છે. ભારે કઠણ. પછી ઓલા રતનચંદજીને આ બેસે નહિ. એની દૃષ્ટિ પ્રમાણે મેળ ન ખાય અને પોતાની દૃષ્ટિ પ્રમાણે વાંચે પાછા. આહા..હા..! તેને એ ગ્રહતો નથી. આહા..હા..! દ્રવ્યસ્વભાવ કોઈ દિ' પર્યાયને ગ્રહતો નથી. આહા..હા..! એમ પર્યાય નિર્ણય કરે છે. નિર્ણય તો પર્યાય કરે છેને કે મને આ દ્રવ્ય ગ્રહતો નથી કોઈ દિ'. આહા..હા..!

અહીં તો નિર્મળ પર્યાયનો ભાવ જુદો અને એનું ક્ષેત્ર પણ જુદું ત્યાં સુધી વાત લીધી. જેટલા અંશમાં થયું પણ એ વાત ઘણી વાર થઈ ગઈ છે. ચિદ્‌વિલાસમાં બહુ ચોખ્ખી

વાત લીધી છે. પર્યાયનું ક્ષેત્ર પર્યાય, પર્યાયનો ભાવ પર્યાય, પર્યાયનું વીર્ય પર્યાય, પર્યાયની શક્તિ પર્યાયમાં. દ્રવ્યથી ભિન્ન છે. ચિદ્દવિલાસમાં આવે છે. પહેલાના પંડિતો તો બહુ વસ્તુને તોળી-તોળીને કહેનારા અને બોલનારા. એક ન્યાયથી ફરે નહિ. આહા..હા..! **'એ ગ્રહતો નથી જ.'** ૧૨૯ થઈ. ૧૩૦.

(शार्दुलविक्रीडित)

मत्स्वान्तं मयि लग्नमेतदनिशं चिन्मात्रचिंतामणा–
वन्यद्रव्यकृताग्रहोद्भवमिमं मुक्त्वाधुना विग्रहम्।
तच्चित्रं न विशुद्धपूर्णसहजज्ञानात्मने शर्मणे
देवानाममृताशनोद्भवरुचिं ज्ञात्वा किमन्याशने।।१३०।।

આહા..હા..! **'શ્લોકાર્થ :- અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી થતા આ વિગ્રહ...'** ક્લેશ. આહા..હા..! **'રાગદ્વેષાદિ કલહ;...'** અહીં બે લીધું શરીર. **'અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી...'** આ વિગ્રહ નામ ક્લેશ ઉત્પન્ન થાય તેને છોડીને. આહા..હા..! **'વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે,...'** ધર્માત્મા વિશુદ્ધ પૂર્ણ, પૂર્ણ સહજ જ્ઞાનાત્મક આનંદની પ્રાપ્તિ અર્થે... આહા..હા..! સમ્યગ્જ્ઞાની જીવ **'મારું આ નિજ અંતર મારામાં...'** છેને? **'મારું આ નિજ અંતર મારામાં—ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં—નિરંતર લાગ્યું છે...'** આહા..હા..! ત્રિકાળ વસ્તુમાં મારું ચિત્ત વારંવાર લાગ્યું છે. સમજાણું? મારી પર્યાય ત્રિકાળમાં ગઈ છે અંદર. આહા..હા..! એનું લાગ્યું, વળગ્યું છે. આહા..હા..!

**'વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે, મારું આ નિજ અંતર મારામાં--ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં...'** ચૈતન્યમાત્ર ચિંતામણિમાં નિરંતર દ્રવ્ય તરફ ઢળી ગયું છે. મારું અંતર મારો પર્યાય... આહા..હા..! સમજાણું કાંઈ? **'ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં—નિરંતર લાગ્યું છે તેમાં આશ્ચર્ય નથી,...'** એમાં કાંઈ આશ્ચર્ય નથી, કહે છે. એ તો વસ્તુનું સ્વરૂપ છે તેમાં લાગી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? **'કારણ કે અમૃતભોજનજનિત સ્વાદને જાણીને...'** જુઓ, હજાર-હજાર વર્ષે અમૃત આવે. એને આ તમારા ઢોકળા અને રોટલાની શું પડી છે? **'દેવોને અન્ય ભોજનથી શું પ્રયોજન છે?'** જેને અમૃતનું ભોજન કંઠે ઝરે એને આ તમારા દાળ-ભાત અને ચુરમાની શું જરૂર છે? આહા..હા..!

**'(જેમ અમૃતભોજનના સ્વાદને જાણીને દેવોનું દિલ અન્ય ભોજનમાં લાગતું નથી, તેમ જ્ઞાનાત્મક સુખને જાણીને...'** આહા..હા..! જ્ઞાનસ્વરૂપ આનંદ પ્રભુ એને જાણીને એ પર્યાય થઈ છે. ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ... આહા..હા..! એને જાણીને પર્યાયમાં **'અમારું દિલ તે સૌખ્યના નિધાન...'** અમારું હૃદય જ્ઞાન, સુખનું નિધાન **'ચૈતન્યમાત્ર-ચિંતામણિ સિવાય...'** એ ત્રિકાળી. **'સૌખ્યના નિધાન ચૈતન્યમાત્ર...'** આહા..હા..! **'ચિંતામણિ સિવાય બીજે ક્યાંય લાગતું નથી.)'** આહા..હા..! અમારી પર્યાય બીજે

હવે ક્યાંય લાગતી નથી. ત્રિકાળી દ્રવ્યમાં લાગી એ લાગી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, પાછું પોતાની પોતે જાતે નાખ્યું. અમારો ચિંતામણિ ભગવાન ત્રિકાળ અમારું ચિત્ત-પર્યાય ત્યાં લાગી છે, એમાં હવે બીજે લાગતું નથી, કહે છે. આહા..હા..! સમજાણું?

'અમારું દિલ...' દિલ શબ્દે જ્ઞાનની પર્યાય. હૃદય અમારું '**સૌખ્યના નિધાન ચૈતન્યમાત્ર-ચિંતામણિ સિવાય બીજે ક્યાંય લાગતું નથી.**)' આહા..હા..! એ આનંદનું ધામ એના તરફ અમારું જ્ઞાન વળી ગયું છે. એ હવે ક્યાંય બીજે લાગતું નથી. આહા..હા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૪, બુધવાર, તા. ૦૮-૧૦-૧૯૭૫, કળશ-૧૩૧ થી ૧૩૩, ગાથા-૯૮, પ્રવચન નં. ૫૬

આ નિયમસાર. નિશ્ચય-પ્રત્યાખ્યાન (અધિકાર). સાચું પચ્ચખાણ કોને કહેવું? એની વ્યાખ્યા છે. ૯૭ ગાથા એનો ૧૩૧ કળશ છે. ૧૩૧.

(शार्दुलविक्रीडित)

निर्द्वन्द्वं निरुपद्रवं निरुपमं नित्यं निजात्मोद्भवं
नान्यद्रव्यविभावनोद्भवमिदं शर्मामृतं निर्मलम्।
पीत्वा यः सुकृतात्मकः सुकृतमप्येतद्विहायाधुना
प्राप्नोति स्फुटमद्वितीयमतुलं चिन्मात्रचिंतामणिम्।।१३१।।

આહા..હા..! એક-એક કળશમાં કેટલું ભર્યું છે! આહા..હા..! આ આત્મા જે વસ્તુ છે એ '**દ્વંદ્વરહિત,...**' છે. કર્મનો દ્વંદ્વ નથી અને દ્રવ્ય અને પર્યાય એવા બે દ્વંદ્વ નથી વસ્તુમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આ આત્મા જે સચ્ચિદાનંદ પ્રભુ '**દ્વંદ્વરહિત,...**' દ્વૈતપણું જેમાં નથી. અદ્વૈત વસ્તુ અખંડાનંદ પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઉપદ્રવરહિત,...**' બે પણું તો ઠીક, પણ ઉપદ્રવ નથી જેનામાં. રાગાદિનો ઉપદ્રવ કે વિકલ્પ એમાં છે નહિ. આહા..હા..! '**ઉપમારહિત,...**' ઉપમા શેની વસ્તુ સ્વભાવને? સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ આનંદનો કંદ આત્મા એને ઉપમા કોની? આહા..હા..! સિદ્ધની પણ ઉપમા એને ન હોઈ શકે. કારણ કે એ તો પર્યાય છે અને આ તો વસ્તુ છે. આહા..હા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સિદ્ધ સમાન સ્વભાવથી, પણ સિદ્ધની પર્યાય છે એવડો એ છે? એ તો જીવદ્રવ્ય એના જેવું છે એટલું. સિદ્ધ સિદ્ધ તો પર્યાય છે અને આ વસ્તુ

તો પર્યાયરહિત છે. એવી અનંતી પર્યાયનો પિંડ અંદર ગુણ શક્તિરૂપ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઉપમારહિત, નિત્ય,...**' લ્યો! એ વસ્તુ તો નિત્ય છે. આહા..હા..! કાયમ રહેવાવાળી ચીજ છે. '**નિજ આત્માથી...**' એવો જે નિજ આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ધ્રુવ ચીજ, અભેદ ચીજ. અભેદ એટલે? પર્યાય વિનાની ચીજ તે અભેદ અહીં એમ કહેવું છે. આહા..હા..! એવા '**નિજ આત્માથી ઉત્પન્ન થતા,...**' શું કહેશે? આગળ કહે છે. અને '**અન્ય દ્રવ્યની વિભાવનાથી (-અન્ય દ્રવ્યો સંબંધી વિકલ્પો કરવાથી) નહિ ઉત્પન્ન થતા...**' આહા..હા..! '**એવા આ નિર્મળ સુખામૃતને પીને...**' આહા..હા..! પોતાનો આત્મા એનાથી ઉત્પન્ન થતો આનંદ અતીન્દ્રિય આનંદ અને અન્ય દ્રવ્યની કલ્પનાથી રહિત, નહિ ઉત્પન્ન થતાં... આહા..હા..! '**એવા આ નિર્મળ સુખામૃતને પીને...**' છે? આહા..હા..! ભારે આકરી વાત! સમ્યગ્દૃષ્ટિમાં, સમ્યગ્દૃષ્ટિમાં પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન આત્મા પ્રતીતમાં, અનુભવમાં આવ્યો એ આત્માથી ઉત્પન્ન થયેલો જે આનંદ. આહા..હા..! ઈન્દ્રિયોના વિષય ને ભોગ ને આબરૂ ને આ પૈસા-ધૂળ ને એનાથી ઉત્પન્ન થયેલો જે વિકલ્પ એ તો દુઃખ છે. સમજાણું કાંઈ? એ દુઃખથી, વિકલ્પથી ઉત્પન્ન નહિ થયેલો, એમ કહે છે. આહા..હા..! અને પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા એનાથી ઉત્પન્ન થયેલો '**આ નિર્મળ સુખામૃત...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદને પીતો થકો. આહા..હા..!

'**આ નિર્મળ સુખામૃત...**' ભગવાન આત્મા સુખનો, અમૃતનો સાગર પ્રભુ છે નિત્ય એનાથી ઉત્પન્ન થયેલો જે નિર્મળ સુખામૃત દશા. આહા..હા..! એને પીને, એને અનુભવીને, વેદીને. આ એનું નામ ધર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ પાછો 'એ તો બહુ ઊંચે (ગુણસ્થાને) હોય.' અહીં તો શરૂઆતની જ વાત છે આ. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! તું નિત્ય આનંદસ્વરૂપ છો. અતીન્દ્રિય આનંદનો તું દરિયો છો, સમુદ્ર છો. આહા..હા..! એનાથી ઉત્પન્ન થયેલો જે નિર્મળ આનંદ અને પરદ્રવ્યના સંબંધથી નહિ ઉત્પન્ન થયેલો એવો નિર્મળ આનંદ એને પીને '**(-એ સુખામૃતના સ્વાદ પાસે...**' આહા..હા..! છેને? '**સુકૃત પણ દુઃખરૂપ લાગવાથી),...**' આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પણ સુકૃત અને દુઃખરૂપ છે. આહા..હા..! આકરી વાત, બાપુ! ઝીણી ભાઈ! લોકો એમાં ધર્મ માને છે. એ તો દુઃખરૂપ દશા છે, કહે છે. દયાનો ભાવ, દાનનો ભાવ, ભક્તિનો ભાવ, જાત્રાનો ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનયનો ભાવ એ બધો શુભભાવ દુઃખરૂપ છે.

**શ્રોતા :-** આ સાંભળવાનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિકલ્પ છે એ દુઃખરૂપ છે. આહા..હા..! વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે! એ વીતરાગ જિનેન્દ્ર સિવાય (ક્યાંય) બીજે આ માર્ગ છે નહિ. આહા..હા..!

પ્રભુ! તું નિત્ય આનંદનો સાગર છોને, પ્રભુ! આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર

છો. આ ઇન્દ્રિયના સુખની કલ્પના એ તો દુઃખ અને ઝેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો દુઃખ અને ઝેર છે, પણ શુભભાવ જે દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ ઉઠે શુભભાવ એ પણ દુઃખરૂપ છે અને ઝેર છે. આહા..હા..! આકરી વાતું બહુ. આહા..હા..! વ્યવહારના રસિયાને આ નિશ્ચય વાત એવી લાગે કે આ તે કોની વાત છે? આ ક્યારની છે? સમજાય છે કાંઈ?

'**આ નિર્મળ સુખામૃત પીને, જે જીવ સુકૃતાત્મક છે...**' છે? '**સુકૃતવાળો; શુભકૃત્યવાળો; પુણ્યકર્મવાળો; શુભભાવાળો.**' આહા..હા..! એને છોડ, એ દુઃખ છે કહે છે. આહા..હા..! એવા સુકૃતાત્મક, સુકૃત-શુભસ્વરૂપ એમ. શુભસ્વરૂપ, શુભભાવ. આહા..હા..! મહાવ્રતનો ભાવ એ પણ શુભભાવ છે. વ્રતનો ભાવ, આ અપવાસ કરવાનો ભાવ એ પણ એક શુભભાવ છે, એ ઝેર છે, દુઃખ છે. આહા..હા..! જગતને આકરું લાગે, ભાઈ! બીજું શું થાય? આહા..હા..! તારી તને મહિમા આવી નથી. તું કોણ છો? ક્યાં છો? કેવો છો? એની એને ખબર નથી. આહા..હા..!

'**જે જીવ સુકૃતાત્મક છે...**' શુભ આચરણરૂપી સ્વરૂપભાવ '**તે હવે સુકૃતને પણ છોડીને...**' આહા..હા..! દૃષ્ટિમાંથી એને છોડી દે. આહા..હા..! કહો, દેવીલાલજી! આવું આકરું (લાગે) માણસને. માર્ગ તો આવો છે, ભાઈ! આહા..હા..! પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયથી ઉત્પન્ન થયેલો જે સુખસ્વરૂપ આનંદ, એ આનંદને પીવો એટલે અનુભવવો એ ધર્મ છે. આહા..હા..! અને શુભભાવ દયાનો ભાવ, દાનનો ભાવ, મહાવ્રતનો ભાવ, ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ, પંચપરમેષ્ઠીને યાદ કરવાનો સ્મરણનો ભાવ એ બધો શુભભાવ છે, એ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જે જીવ સુકૃતાત્મક છે...**' શુભભાવમાં આવ્યો છે, કહે છે. નિશ્ચયનું ભાન છે. હું આનંદસ્વરૂપ છું, અતીન્દ્રિય આનંદનો સાગર હું છું. એને પણ આ શુભભાવ હોય છે, કહે છે. તો હવે એ સુકૃત છે '**તે હવે સુકૃતને પણ છોડીને...**' આહા..હા..!

'**અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર-ચિંતામણિને...**' અદ્વિતીય. જેના જોટામાં જોડ કોઈ નથી. આહા..હા..! અદ્વિતીય-બીજી કોઈ ચીજ જ નથી એવી ચીજ પોતે. આહા..હા..! '**અદ્વિતીય અતુલ...**' જેની સાથે કોઈની તુલના નથી એવો એ આત્મા. આહા..હા..! '**ચૈતન્યમાત્ર-ચિંતામણિ..**' એ તો ચૈતન્યમાત્ર ચિંતામણિ રતન પ્રભુ છે. આહા..હા..! અને '**સ્ફુટપણે (-પ્રગટપણે) પ્રાપ્ત કરે છે.**' આહા..હા..! જે કોઈ પ્રાણી પોતાના સ્વભાવથી ઉત્પન્ન થયેલો પરમ આનંદ અને પરથી નહિ ઉત્પન્ન થયેલો એવો પરમ આનંદ એને, સુકૃતપણાના ભાવને છોડીને એને પી. આહા..હા..! જૈન ગેજેટ આવ્યું છે એમાં લખાણ આવ્યું છે.

આ ભગવાન આત્મા અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર ચિંતામણિ (છે). જે શરીરથી પાર, રાગથી પાર, પર્યાયથી પાર ભિન્ન. આહા..હા..! એવો ચૈતન્ય ચિંતામણિ ભગવાન આત્મા

બધા બાળગોપાળમાં બધાને બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દેહ-દેવળમાં દિવાન પ્રભાતમાં દેવ બિરાજે છે. આહા..હા..! એનાથી ઉત્પન્ન થયેલા આનંદને અનુભવતો સુકૃતભાવ, શુભભાવને છોડતો અતુલ અને અદ્વિતીય ચૈતન્યમાત્ર-ચિંતામણિ ભગવાન વસ્તુ... આહા..હા..! એને '(-પ્રગટપણે) **પ્રાપ્ત કરે છે.**' પર્યાયમાં પવિત્રતાની દશાથી તેને પ્રાપ્ત કરે છે. આહા..હા..! આવી વાત સાંભળીને માણસને (એમ થાય કે) આમાં ધર્મ ક્યાં આવ્યો? આમાં શું કરવું (ક્યાં) આવ્યું? ભાઈ! તને ખબર નથી, બાપુ! એ આત્મા આનંદનો સાગર પ્રભુ છે, એમાં જવું, એમાં ઠરવું એ આનંદ કર્તવ્ય છે. આહા..હા..! શુભભાવ પણ એ જીવનું કર્તવ્ય નથી. શુભભાવ એ કાંઈ આત્માને અવલંબે થયેલો નથી. એ તો પરના લક્ષે ઉત્પન્ન થયેલો ભાવ છે. એવા ભાવને છોડી... આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એને અવલંબીને ઉત્પન્ન થયેલો આનંદ એનાથી આત્માને પ્રાપ્ત કર. આહા..હા..! આનંદના વેદનથી આત્માને પ્રાપ્ત કર. આ વાત એવી લાગે છે. આ બધા વિરોધ કરે છેને કે આ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ સાધન છે, એનાથી સાધ્ય આત્મા પ્રગટે. એને આ વિરોધ લાગે એવું છે. એટલે બિચારા શું કરે? આહા..હા..!

**શ્રોતા :-** ખ્યાલ આવ્યો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખ્યાલ આવ્યો નથી. એ ચીજ એ ચાહે તો પંચમહાવ્રતના પરિણામ હો, વ્યવહાર સમિતિ-ગુપ્તિના ભાવ હો, એ બધો શુભરાગ છે. એ પરના લક્ષે ઉત્પન્ન થયેલો છે, દુઃખ છે. આહા..હા..! એ આવ્યું નહિ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ પાળીને અનંતવાર ગ્રૈવેયકમાં ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! એ તો બધા મહાવ્રતના પરિણામ એ તો દુઃખ છે. ભારે! હવે એને લોકો ધર્મ માને છે. આહા..હા..! એ શુભભાવ મહાવ્રત ને આ સમિતિ ને ગુપ્તિ ને. આહા..હા..! ભાઈ! તારો ભગવાન એમાં રહી ગયો, જુદો પડી ગયો.

હું આવડો છું એ બેસવું જગતને (કઠણ પડે છે). એક બીડી પીવે અને રાજી થઈ જાય. આહા..હા..! બે સિગારેટ પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને જંગલ ઉતરે. આહા..હા..! આવા તો વ્યસન એટલે પીડા. એને આ આત્મા આનંદનો નાથ પ્રભુ... આહા..હા..! અનાકુળ આનંદનો સાગર પ્રભુ છે. ધ્રુવ તે ધ્રુવ છે નિત્ય વસ્તુ પડી છે. આહા..હા..! એનો આશ્રય લઈને એનાથી ઉત્પન્ન થયેલા સુખામૃતને, આનંદને, નિર્વિકલ્પ આનંદને વેદતો, પીતો, અનુભવતો અને સુકૃતના ભાવને છોડતો. આહા..હા..! ચૈતન્ય ચિંતામણિને પ્રગટપણે પ્રાપ્ત થાય છે. પર્યાયમાં 'આ દ્રવ્ય છે' તેમ પ્રાપ્ત થાય છે. આહા..હા..! ભાઈ! ભાષા ઝીણી, માર્ગ ઝીણો. વીતરાગ માર્ગ સર્વજ્ઞદેવ, જિનેન્દ્રદેવ, ત્રિલોકનાથ એની વાણીમાં આવેલો આ માર્ગ જગતને ગ્રાહ્ય થવો, ઘણો પુરુષાર્થ માગે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો '**અતુલ અદ્વિતીય ચૈતન્યમાત્ર...**' પહેલું તો કીધું હતું દ્વંદ્વરહિત અને અદ્વિતીય કહ્યું હતું. એકલો, બીજો નહિ. '**ચૈતન્યમાત્ર-ચિંતામણિ...**' ભગવાન એને '**સ્ફુટપણે (–પ્રગટપણે) પ્રાપ્ત કરે છે.**' નિર્મળાનંદના વેદનમાં આત્માને પ્રાપ્ત કરે છે. એની શ્રદ્ધામાં અને એના જ્ઞાનમાં તો આ વાત લે કે માર્ગ તો આ છે. હજી જેના શ્રદ્ધા અને જ્ઞાનના ઠેકાણા નથી, વિકલ્પસહિત નિર્ણય કરવાના ઠેકાણા નથી. આહા..હા..! એને ધર્મ ક્યાંથી થાય ભાઈ! સમજાણું કાંઈ? એ ૧૩૧ થઈ. ૧૩૨.

(आर्या)

**को नाम वक्ति विद्वान् मम च परद्रव्यमेतदेव स्यात्।**
**निजमहिमानं जानन् गुरुचरणसमर्च्चनासमुद्भूतम्।।१३२।।**

'**શ્લોકાર્થ :– ગુરુચરણોના સમર્ચનથી...**' ગુરુએ આમ કહ્યું હતું એટલે '**ગુરુચરણોના સમર્ચનથી...**' એમ કહ્યું છે. આહા..હા..! ગુરુ એને કહીએ કે જેણે આત્માના આનંદનું વેદન કર, આત્માને સન્મુખ કરીને એમાંથી દશાને પ્રગટ કર એવું ગુરુએ કહ્યું હતું. અને આથી વિરુદ્ધ કહે તે ગુરુ નહિ અને તે જૈન સાધુ નહિ. આહા! શુભભાવ તને કરતાં-કરતાં કલ્યાણ થાશે, વ્રતને પાળતા, દયા, દાન કરતાં-કરતાં તને ધર્મ થશે (એમ કહે) એ ગુરુ નહિ, એ જૈન નહિ. આહા..હા..! આકરું લાગે જગતને શું થાય બીજું? એ કહે છે.

'**ગુરુચરણોના સમર્ચનથી...**' એટલે ગુરુચરણોના અર્ચનથી '**સમ્યક્ અર્ચન; સમ્યક્ પૂજન; સમ્યક્ ભક્તિ.**' એ તો એક નિમિત્ત કહ્યું. આવા ગુરુ એને મળ્યા હતા સત્‌સ્વરૂપ એને એણે એ કહ્યું હતું કે તારો આત્મા ભગવાન પૂર્ણાનંદ છે તેને અવલંબે ઉત્પન્ન થયેલા આનંદને અનુભવને. સુકૃતભાવને છોડી દેને. આહા..હા..! દૃષ્ટિમાંથી છોડી દે એને. સમજાણું કાંઈ? તો તને અતુલ, અદ્વિતીય ચૈતન્ય-ચિંતામણિ રત્ન પ્રાપ્ત થશે. આહા..હા..! આ ધૂળના તમારા મણિરત્ન ને.. એય..! પોપટભાઈ! આ ધૂળ પૈસા છેને કરોડ, બે કરોડ ને પાંચ કરોડ ને દસ કરોડ ને ધૂળ-ધૂળ. પુદ્‌ગલ માટીના પિંડલા છે એ ધૂળ છે. આહા..હા..! ધૂળની લક્ષ્મી દેખીને રાજી થાય છે એ મોટો મૂઢ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આજ ડોક્ટર આવ્યા હતા ભાઈ ઓલા છેને... ઈંજેક્શન દેવા આવ્યા હતા શાંતિભાઈને એટલે અહીં આવ્યા હતા. બ્લોક લીધો છે ત્યાં મુંબઈ હવે. આ તો યાદ આવ્યા તમારા પૂનમચંદ કરે છેને? બ્લોક ક્યાંક બનાવે છે. એનો દીકરો બનાવે છેને મુંબઈ. એમાંથી કાંઈક બ્લોક એક રાખ્યો છે. થોડાક મહિના અહીં રહીને પછી ત્યાં જાશે. ત્યાં ડોક્ટરપણું (કરે છે). આહા..હા..! કરે છે કાંઈક, નવા મકાન કરે છે તમારો પૂનમ. એ કરે છે દરિયાને કાંઠે. આહા..હા..! એમાંથી રાખ્યો હશે બ્લોક. કહેતા હતા. ધૂળમાંય ત્યાં બ્લોકમાં પણ સુખ નથી અને પૈસામાં પણ સુખ નથી, કહે છે. એ તારી બાયડી હોય રૂપાળી ઈન્દ્રાણી જેવી એમાં સુખ માન તો મૂઢ છો.. આહા..હા..!

તારું સુખ તો તારામાં પડ્યું છે અંદર. મૃગલાની નાભીમાં કસ્તુરી, એ મૃગલાને કસ્તુરીની કિંમત નથી. આ હરણિયા એની નાભીમાં કસ્તુરી (હોય છે), એની એને કિંમત નથી. આહા..હા..! એની ગંધ આવે પણ જાણે બહારથી આવતી હશે. આહા..હા..! એમ આ અજ્ઞાની મૃગલા જેવો જેનામાં અંતરમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે, એની એને કિંમત નથી, એની એને ખબરું નથી. આહા..હા..! એ સાધુ થાય ભલે પંચમહાવ્રત અને નગ્ન મુનિ, પણ એ તો ક્રિયાકાંડવાળો શુભરાગનો કરનારો આ છે. આહા..હા..! પણ એ શુભરાગથી રહિત મારી ચૈતન્ય ચીજ આનંદસ્વરૂપ છે... આહા..હા..! એને અનુભવીને આનંદનું વેદન કરવું અને એ ચૈતન્યસ્વરૂપ ચિંતામણિને એ આનંદની પર્યાયમાં આ આત્મા એમ પ્રાપ્ત કરવો... આહા..હા..! એનું નામ જિનેન્દ્રદેવનો ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા નિજ મહિમાને જાણતો...**' ગુરુએ એ કહ્યું હતું. તારો સ્વભાવ પૂર્ણાનંદ એની મહિમા કર. નિમિત્તની મહિમા નહિ, દયા, દાનના વિકલ્પની નહિ, એક સમયની પર્યાયની નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ગુરુએ એ કહ્યું હતું. જૈનના સાચા સંત ગુરુ એને કહીએ કે જે અંતર આનંદનો નાથ એની મહિમા કર અને એની દૃષ્ટિ કર અને એમાં ઠર. એમ જે કહે તે જૈનના ગુરુ સાચા કહેવાય. આહા..હા..! પણ જે એને એમ બતાવે તારા પંચમહાવ્રત પાળ, ભક્તિ, જાત્રા કર એનાથી તારું કલ્યાણ થશે (એ ગુરુ નહિ).

**શ્રોતા :-** હળવે-હળવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હળવે-હળવે ઝેર પીતા-પીતા હળવે-હળવે કસ્તુરીનો ઓડકાર આવશે. લસણ ખાતા-ખાતા, લસણ-લસણ, લસણ ખાયને તો કસ્તુરીનો ઓડકાર આવે એમાંથી. આહા..હા..! આકરો માર્ગ, ભાઈ! આવું મનુષ્યપણું મળ્યું એને. એ ભવના અભાવ કરવાને માટે આ ભવ છે. એ ભવના અભાવની દૃષ્ટિ નહિ કરે.. અરે..! તો ક્યાં જશે ઈ? દેહ તો છૂટવાનો છે. આહા..હા..! (આ દેહ તો) માટી, જડ ધૂળ છે એ તો છૂટશે. ચૈતન્ય ભગવાન તો ભિન્ન છે અંદર. આહા..હા..! .. માં આવ્યું છેને. આત્મધર્મમાં આવ્યું છે. ચેતન કાયાને કહે છે કે હે કાયા! ચાલ મારી સાથે. હવે હું જાઉં છું. મેં તને બહુ પાળી, બહુ રાખી. સવાર-સાંજ ધ્યાન બહુ રાખ્યા. સવારમાં ચા પાઈ, બપોરે દાળ-ભાત-શાક ખાધા, બે વાગે ચા પાઈ, સાંજે ઢોકળા ને... શું કહેવાય ઈ? આ ભજીયાને કરે છેને? પતરવેલીયા અને અમસ્તા ભજીયા પણ કરે છેને. સાંજ-સવાર ભજીયા ખાઈ-ખાઈને તને સંભાળી છે. આહા..હા..! આ વર્ષ આટલા-આટલા ગયા તો હવે હું જાવ છું, ચાલને મારી સાથે. કાયા કહે છે કે મૂર્ખા! કોઈ દિ' કાયા ગઈ છે સાથે? આ મૂર્ખાઈ તને ક્યાંથી આવી? આહા..હા..!

કહે છે, ગુરુએ એમ કહ્યું '**નિજ મહિમાને જાણતો...**' આહા..હા..! પૂર્ણ આનંદસ્વરૂપ છે એની જેને મહિમા આવી છે એને જાણતો. '**કોણ વિદ્વાન...**' આને વિદ્વાન કહીએ.

આહા..હા..! બાકી લાખ ભણ્યા હોય અને જગતને સમજાવે એ બધા વિદ્વાન નહિ. ગુરુએ એને એમ કહ્યું હતું, સંતોએ નિર્ગ્રંથ સંતોએ એને એમ કહ્યું હતું કે તારી મહિમા કર, પ્રભુ! મહિમા છોડી દે બીજાની. આહા..હા..! એ દયા, દાનના વિકલ્પની મહિમા છોડી દે. એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ભારે આકરું કામ. વ્યવહારના રસીલાને તો આ એવું લાગે કે આ તે... વ્યવહાર એટલે રાગ અને રાગ એટલે સંસાર છે એ તો. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને જ્ઞાનીને પણ મહાવ્રતનો વિકલ્પ આવે એ પણ જગતપંથ તરફ ઢળે છે. આહા..હા..! ત્યાં દિશા છેને પ્રગટ સંસાર તરફ? આહા..હા..! અશુદ્ધ પર્યાયની દિશા પરતરફ છે અને શુદ્ધ નિર્મળદશાની દિશા સ્વતરફ છે. સમજાણું કાંઈ?

**'નિજ મહિમાને જાણતો...'** પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન એની મહિમાને જાણતો. આહા..હા..! **'કોણ વિદ્વાન 'આ પરદ્રવ્ય મારું છે' એમ કહે?'** શરીર મારું, કર્મ મારા, બાયડી મારી, છોકરા મારા, પૈસા મારા, મકાન મારા, રાગ મારો એમ કોણ જ્ઞાની ધર્માત્મા કહે? એમ કહે છે. આહા..હા..! એને વિદ્વાન અને એને જ્ઞાની કહીએ. આહા..હા..! એ પંડિત કહીએ. ભલે એને જાણપણું ઓછું હોય, સભાને રંજન કરતા પણ ન આવડતું હોય. આહા..હા..! ભગવાન આત્માની જેને મહિમા આવી છે એ આત્માના મહિમા સિવાય રાગનો વિકલ્પ શુભનો એ પણ મારો છે એમ કોણ કહે? આહા..હા..! સમજાણું કાંઈ? આ મારો છોકરો છે, આ મારી બાયડી છે, આ મારા મકાન છે, આ મારા દાગીના છે, આ મારા કપડા છે.

શ્રીમદ્‌ની એકવાર ભાષા એવી હતી કે આ 'અમારો' કોટ. અમારો કોટ. કોટ. એટલે અ એટલે મારો કોટ નહિ એવી ભાષા થઈ હતી. એવું આવતું. ઘણા વખતની વાત છે. વરસડામાં હતાને એક કેવા એ નહિ? એ ભાઈ હતા એના દીકરા ડોક્ટર છે ગોંડલ-ગોંડલમાં. એની સાથે વાત થઈ હતી. ઘણા વર્ષ થયા હશે. ૭૯ની સાલ. કે આમ શ્રીમદ્ બોલતા. કીધું બરાબર છે. અમારો કોટ, અમારો કોટ. એટલે બહુવચન પોતે કેમ કરતા? કીધું, એમ નહિ. અમારો-અમારો આટલું બહુવચન કેમ કહેતા? આ લાઠી પછી છેને વરસડા. લાઠી અને વરસડા વચ્ચે પછી અમરેલી. એનો માણસ. અનરજી-અનરજીભાઈ. અનરજીભાઈ હતા. એનો દીકરો ડોક્ટર હતો, ગોંડલ નહિ? આપણે વાંચીએ ત્યાં. દશાશ્રીમાળીની જગ્યાએ ભાઈ વાંચીએ છીએને. ગોંડલમાં નહિ? એની જોડે દવાખાનું છેને બહાર. ત્યાં એનો નોકર છે. એ એમ પૂછતા હતા તે દિ' કે આમ કેમ શ્રીમદ્ બોલે? બહુવચન પોતાને માનથી. કીધું એમ નથી, ભાઈ! અમારો એટલે કે એ મારો નથી એવું જ્ઞાન કરાવે છે. અમારું ગામ, અમારો દીકરો એટલે કે મારો નહિ. આહા..હા..!

અરે! જેને ગુરુની પૂજા અને ભક્તિથી ભાવ સાંભળવાનો મળ્યો.. આહા..હા..! અને જેવો મળ્યો એવો કર્યો કહે છે. એવી રીતે લીધું છે અહીં. આહા..હા..! ગુરુ એને કહીએ જૈનના ગુરુ કે જે નિજ સ્વયં વસ્તુ ત્રિકાળી છે તેની મહિમા કરાવે. પર્યાય ને રાગ ને

નિમિત્તની મહિમા ઉડાવી દે. આહા..હા..! જૈન ગેજેટમાં આજે આવ્યું છે. ઓલા શ્રુતસાગર છેને. દ્રવ્યકર્મ ઉદય આવે એને વિકારપણે પરિણમવું જ જોઈએ. કોઈ એમ કહે કે નહિ. તો એ ખોટી વાત છે. એવું લખ્યું છે. શું થાય? અહીંનું લખ્યું છે. નિમિત્તથી કાંઈ લાભ ન થાય તો સ્વામીજીનો ઉપદેશ સાંભળવા શું કરવા જાવું? એવું લખ્યું છે. અરે ભગવાન! અરે! જગતને...

**શ્રોતા :-** નાની-નાની વાતમાં કેટલી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાની-નાની વાતમાં કેટલી વિપરીતતા? આવશે. લખ્યું છે. ચિહ્ન કર્યા છે. જૈન ગેજેટમાં આવ્યું છે. આહા..હા..!

ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા, એવા પરમાત્માના સ્વરૂપનો આશ્રય કરી અને જેણે નિજ આનંદનો અનુભવ કર્યો એની એને મહિમા થઈ, રાગની મહિમા ઉડી ગઈ. વ્યવહારની મહિમા, ગુરુએ એમ કહ્યું હતું કે વ્યવહારની મહિમા કર નહિ, આની મહિમા કર. આહા..હા..! જુઓ, આ ધર્મીનો ઉપદેશ આવો હોય એમ કહે છે. સંત, જૈનના સંતોનો ઉપદેશ. જૈન કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! એનો ઉપદેશ આવો હોય એમ કહે છે. આત્માવલોકનમાં લખ્યું છેને આત્માવલોકનમાં. મૂહૂ-મૂહૂ (અર્થાત્) વારંવાર સંતો વીતરાગભાવનો ઉપદેશ કરે. આત્માવલોકનમાં. વીતરાગભાવ... વીતરાગભાવ... પરની અપેક્ષા છોડી દઈ, સ્વની અપેક્ષાથી વીતરાગભાવ પ્રગટ કરે એનો એ ઉપદેશ આપે. આહા..હા..! હવે અહીં તો હજી દેશભક્તિ, દેશની સેવા કરો ને ભગવાનની સેવા કરો, મંદિરો બનાવો તમારે ધર્મ થાય. એ જૈનદર્શનના સાધુ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત ભાઈ! માર્ગ એવો છે વીતરાગનો. આહા..હા..! રાગના રસીલાને અને રાગને રસ્તે ચડી ગયા હોય એને આ રસ્તો કઠણ પડે. આહા..હા..! એ રાગને રસ્તે ચડી ગયા એ રસ્તો આત્માનો નથી. સમજાણું કાંઈ?

**'નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન 'આ પરમદ્રવ્ય મારું છે'...'** એ દેવ મારા, ગુરુ મારા, શાસ્ત્ર મારા, બાયડી મારી, કુટુંબ મારું, આ અમારું સમ્મેદશિખર અને આ અમારું શેત્રુંજય કોણ કહે? ધર્મી જેને નિજદ્રવ્યની મહિમા આવી છે એ પરદ્રવ્ય મારું કેમ માને? આહા..હા..! કહે એમ કહ્યું છેને. એ શૈલી છેને ત્યાં. આપણે છેને કળશમાં પણ છે. સમયસારમાં. એ શૈલી લીધી છે. આહા..હા..! થોડા ભાવ પણ ભાવ તો આ સત્ય છે. લાંબી મોટી-મોટી વાતું કરે કે આનું આમ કરો ને આનું આમ કરો... આહા..હા..! શું કરે? ભાઈ! પરનું કરી શકે નહિ અને કરવું માને એ તો મહામૂઢ જીવ છે. એ તો નહિ, પણ રાગને કર અને રાગને કરવું એ સ્વરૂપ નથી જીવમાં. આહા..હા..! જ્ઞાનસ્વભાવ, વસ્તુસ્વભાવ એ રાગને કરે એવો કોઈ ગુણ છે એનામાં? કાયમી કોઈ શક્તિ છે? અસલી શક્તિ? કે દયા, દાન, વ્રતના વિકલ્પને કરે. આહા..હા..! એ પર્યાયબુદ્ધિથી થાય એને અહીં છોડીને દ્રવ્યબુદ્ધિની મહિમા

કર દ્રવ્યની, એમ કહે છે. એની મહિમા છોડી દે. અમે આમ કર્યા, અમે મહિનાના અપવાસ કર્યા. લાંઘણું કરી લાંઘણ કાયક્લેશ. આહા..હા..! જે, આત્મા આનંદનો નાથ ભગવાન એને પડખે ચડ્યો નથી અને રાગને પડખે ઉભો રહીને આ બધો ધર્મ માને છે, અરે! અનંત સંસાર ગયો, ભાઈ! ભગવાનને પડખે તું નથી આવ્યો. શુભરાગને પડખે ચડી ગયો એને નિજપડખું ભૂલી ગયો. એ ૯૭ ગાથા થઈ. ૯૮.

**पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा।**
**सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं।।९८।।**
**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભાગબંધ વિરહિત જીવ જે,**
**છું તે જ હું-ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.**

આહા..હા..! એક-એક ગાથા (અલૌકિક છે)! મેં મારી ભાવના માટે આ બનાવ્યું (છે), કુંદકુંદાચાર્ય (કહે છે). કુંદકુંદાચાર્ય નગ્ન દિગંબર સંત. આહા..હા..! મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે એ આવ્યા છે. એ એમ કહે છે કે મેં આ નિયમસાર મારી ભાવના માટે બનાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ટીકા :- અહીં (આ ગાથામાં), બંધરહિત આત્માને ભાવવો—**' ભગવાન બંધરહિત છે, અબંધસ્વરૂપ છે. આહા..હા..! એને ભાવવો (અર્થાત્) એની એકાગ્રતા કરવી. '**એમ ભવ્યને શિખામણ દીધી છે.**' લાયક પ્રાણી ભવ્યને આ કહેવામાં આવ્યું છે. નાલાયકને તો આ વાત સમજાય નહિ. આહા..હા..! '**શુભાશુભ મનવચનકાયસંબંધી...**' શુભ અને અશુભભાવ મન અને વચન, કાયાસંબંધી શુભઅશુભભાવ એનાથી '**પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે;...**' શુભભાવથી પણ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય. લ્યો. તે દિ' ૮૨માં કહ્યું હતુંને તારાચંદભાઈને. કીધું, ભાઈ! શુભભાવ છે એ તો શુભનામકર્મને બાંધે. જુઓ, આ જ્ઞાનાર્ણવમાં. જ્ઞાનાર્ણવ નહિ, જ્ઞાનસાગરમાં લખ્યું છે. એ ૮૨ની વાત છે. ૪૯ વર્ષ પહેલાં. વીરજીભાઈના બાપા. છાપેલું એટલે એવું લાગ્યું. મહારાજ આ બધી.. થઈ રહ્યું છે એમાં. શુભભાવને કારણે નામ શુભનામકર્મ બંધાય. જુઓ, એમાં તમારે લખ્યું છે જ્ઞાનસાગરમાં. મન સરળતા, વચન સરળતા, કાય સરળતા, .. રહિતનો ભાવ એનાથી શુભનામકર્મ બંધાય, એ ધર્મ નથી. એય..! મલૂપચંદભાઈ! તારાચંદભાઈને જોયા હતા કે નહિ? ..માં ગુજરી ગયા. .. કહેવાતા. .. નરમ માણસ હોં. આ સાંભળીને પછી થઈ ગયા કડક. એકલા આવ્યા સાંજના. પડિક્કમણું સાંજે કરેને. મહારાજ! આ વાત.. એ તમારા પોષા અને પડિક્કમણના ભાવ બધા શુભભાવ છે. એ તો નામકર્મને બાંધે, અબંધને બંધાય. આહા..હા..! આકરું પડે માણસને.

મનનો શુભ-અશુભભાવ, વચન સંબંધી શુભ-અશુભભાવ, કાયા સંબંધી શુભ-અશુભભાવ. ભાવ હોં. '**કર્મોથી...**' એવા કાર્યથી '**પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે;...**' દ્રવ્યસંગ્રહમાં છે એ. કર્મની પ્રકૃતિ એટલે કર્મનો સ્વભાવ અને પ્રદેશ એટલે પરમાણુની સંખ્યા. શુભભાવ

અને અશુભભાવથી તો પ્રકૃતિ, કર્મની પ્રકૃતિ બંધાય અને એમાં પરમાણુની સંખ્યા આવે. આહા..હા..! એનાથી કોઈ ધર્મ થાય એમ નહિ. અને '**ચાર કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે;...**' કષાયથી. શુભ-અશુભભાવ કષાય એનાથી કર્મમાં મુદત પડે, સ્થિતિ થાય અને અનુભાગ બંધાય. આહા..હા..! વ્યવહાર જૈનમાં આવી ચીજ છે એ પણ બતાવ્યું અને જૈનનો આત્મા એનાથી રહિત છે એમ બતાવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ ચાર બંધો રહિત...**' આત્મામાં આ ચાર બંધ જ નથી. આહા..હા..! ત્યારે પુદ્‌ગલને કર્મને બંધ હશે? સાંભળ, ભાઈ! એની પર્યાયમાં પ્રકૃતિ આદિ બંધની નિમિત્તપણે એની પર્યાયમાં છે. એ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પર્યાયની સાથે છે, વસ્તુની સાથે છે નહિ. આહા..હા..! આકરું લાગે માણસને. પ્રકૃતિ એટલે કર્મનો સ્વભાવ અને પ્રદેશ એટલે કર્મના રજકણો. એ શુભાશુભભાવ યોગથી થાય એમ. યોગથી થાય. અને ચાર કષાયો એમાં શુભાશુભ યોગ. .. અને આમાં શુભાશુભ કષાયભાવ લીધો. શુભાશુભ મન-વચન-કાય સંબંધી કર્મો એમ લીધુંને? કંપન્ન એ ક્રિયા છે અને આ ચાર કષાય. શુભ-અશુભભાવ એ કષાય, સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય. '**આ ચાર બંધો રહિત સદા નિરુપાધિસ્વરૂપ...**' છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ ચાર બંધો રહિત સદા નિરુપાધિસ્વરૂપ...**' છે. ત્રિકાળ ભગવાન આત્મા નિરુપાધિસ્વરૂપ છે. આહા..હા..!

'**ચાર બંધો રહિત...**' પ્રકૃતિ-સ્વભાવ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ. '**ચાર બંધો રહિત સદા નિરુપાધિસ્વરૂપ...**' પરમસ્વભાવ ચૈતન્યસ્વભાવ ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ એવો આ આત્મા છે. આહા..હા..! છ કારણે જ્ઞાનાવરણીય બંધાય. આવે છેને? છ કારણે દર્શનાવરણીય બંધાય. એ કારણો જ આત્મામાં નથી, કહે છે. ભાવ કારણો અને એનો બંધ એ આત્મામાં જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવે છેને જ્ઞાનાવરણીય? છ બોલે. જ્ઞાનની અશાતના, જ્ઞાનનો.. તો કહે છે કે એ ભાવથી કર્મમાં સ્થિતિ, રસ પડે, એ પણ આત્મામાં નથી-ત્યાં પછી પ્રશ્ન ક્યાં? આહા..હા..! આત્મા તો અબંધસ્વરૂપ ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ છે, એમાં બંધનો અભાવ છે. આહા..હા..! પણ એ બંધનો અભાવ થાય ત્યારેને? અહીં તો ત્રિકાળીની વાત છે. બંધના અભાવસ્વરૂપ છે તો બંધના અભાવસ્વરૂપ પરિણમી જાશે પર્યાયમાં. આહા..હા..!

'**સદા નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું—એમ...**' સમ્યગ્દૃષ્ટિ ધર્મી જાણે છે. જોયું? ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ જે છે સદા. એવો તે હું, તે આત્મા '**નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું.**' એમ પર્યાય જાણે છે. ધ્રુવને જાણવું છે? આહા..હા..! પર્યાય એમ જાણે છે કે ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ દ્રવ્ય છે તે હું છું. આહા..હા..! પર્યાય કહે છે કે હું, મારું જે ધ્યેય છે એવું દ્રવ્ય તે હું છું. આહા..હા..! બાપુ! જ્ઞાનાવરણીયથી આ બંધાય અને દર્શનાવરણીયથી આ બંધાય. એ બધી વ્યવહારની વાતું છે. વસ્તુમાં તો એ છે ક્યાં? આહા..હા..! ચાર બંધરહિત (સ્વરૂપ છે). અબંધસ્વરૂપ કીધુંને ૧૪-૧૫માં? જો આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે

એને જે જાણે, અનુભવે એ જૈનશાસન છે. કારણ કે શુદ્ધ ઉપયોગ વીતરાગભાવે અનુભવાય. આહા..હા..! પોતે વીતરાગ સ્વભાવ છે. તેથી વીતરાગભાવે એને અનુભવે, એ વીતરાગભાવ છે તે જૈનશાસન છે. આહા..હા..! વચ્ચે રાગ આવે એ કાંઈ જૈનશાસન નથી. આહા..હા..! લ્યો, આ જૈનશાસનને આમ કહેવું છે. આહા..હા..!

વીતરાગ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ ઈન્દ્ર અને ગણધરની સમક્ષમાં ભગવાન સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહ. વર્તમાન બિરાજે છે તીર્થંકર. ત્યાં આ રીતે ઉપદેશ ભગવાનની વાણીમાં આવ્યો છે, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તું તો ચાર બંધરહિત છોને. આહા..હા..! તારી ચીજ જે છે, તારો ભાવ જે ત્રિકાળી છે, ત્રિકાળી તારું સ્વરૂપ અને સ્વભાવ છે એ વસ્તુ તો ચાર બંધરહિત છે. આહા..હા..!

'**એમ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.**' લ્યો ઠીક! આહા..હા..! હું અબદ્ધસ્વરૂપ છું, મારું નિરુપાધિસ્વરૂપ છે. રાગ અને દ્રવ્યકર્મ બેયની ઉપાધિ વિનાનું. આહા..હા..! હું નિરુપાધિસ્વરૂપ છું. '**એમ સમ્યગ્જ્ઞાનીએ...**' સમ્યગ્દષ્ટિએ '**નિરંતર ભાવના કરવી.**' તો પછી એને રાગ આવે ઈ? એ રાગ આવે ઈ આત્માનું સ્વરૂપ નહિ. સમજાણું કાંઈ? એ જૈનશાસન નહિ. વીતરાગભાવે જે આત્મા જણાણો, કેમકે વીતરાગસ્વરૂપ છે એ, વીતરાગભાવે જણાણો તે આ હું આત્મા. આહા..હા..! પર્યાય એમ કહે છે કે તે આ હું આત્મા. આ હું આત્મા. આહા..હા..! પર્યાય એમ જાણતી હતી કે આ રાગ તે હું. એ પર્યાયબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ. રાગ અને પરવસ્તુ મારી એ માન્યતા મિથ્યાદષ્ટિ, પર્યાયબુદ્ધિવાળાની છે અને જ્યાં દ્રવ્યબુદ્ધિ થાય છે ગુલાંટ ખાઈને ત્યાં કહે છે કે હું તો નિરુપાધિ ત્રિકાળ આ સ્વરૂપ છું, ભાઈ! આહા..હા..! એવી ભાવના ધર્મીએ નિરંતર સમ્યગ્જ્ઞાનીએ ચિંતવવી અને કરવી. આહા..હા..! સમજાણું કાંઈ? '**સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.**' લ્યો.

'**(હવે, આ ૯૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**'

(मंदाक्रांता)

प्रेक्षावद्भिः सहजपरमानंदचिद्रूपमेकं
संग्राह्यं तैर्निरुपममिदं मुक्तिसाम्राज्यमूलम्।
तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन्
श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे।।१३३।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે...**' ભગવાન આત્મા મુક્તિ-સિદ્ધિ પર્યાય સામ્રાજ્યનું મૂળ આત્મા છે. આહા..હા..! આ સામ્રાજ્ય. આ બધા રાજના સામ્રાજ્ય વિષ્ટાના સામ્રાજ્ય છે એ બધા. સમજાણું કાંઈ? આ શેઠાઈ પૈસાની કરોડ, બે કરોડ, પાંચ-દસ કરોડ બધા વિષ્ટાના ધણી છે. એ તો કહ્યું નથી? ઈંદોરમાં નથી એક શબ્દ

કાચના મંદિરમાં? હુકમીચંદના. 'ચક્રવર્તીની સંપદા ઇન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' કાચ મંદિરમાં છે, ઇંદૌર. બજારમાં છેને, ત્યાં માથે લખ્યું છે. બતાવ્યું હતું એક વખત. ધર્મી તો, ચક્રવર્તીની સંપદા અને ઇન્દ્રના ભોગ કૌઆ-કૌઆની વિષ્ટા સમાન માને છે. આહા..હા..! મનુષ્યની વિષ્ટા તો ખાતર થાય. ખાધ. એની (કાગડાની વિષ્ટાની) ખાતર તો થાય નહિ, એ તો સૂકી એવી હોય. આહા..હા..! એમ ચક્રવર્તીના ભોગ અને ઇન્દ્રના ભોગ અને સંપદા (એને કાગડાની વિષ્ટા સમાન માને છે). સમ્યગ્દષ્ટિ પોતાના સ્વરૂપનું ભાન છે કે હું આનંદનો નાથ મારું સામ્રાજ્ય આ છે અને મુક્તિ સામ્રાજ્યનું સાધન મારો આત્મા છે. આહા..હા..!

**શ્રોતા :-** .. પુણ્યના ફળ માટે લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભલે લખ્યું. પુણ્ય.. એમાં શું છે? શુભભાવને ઝેર કહ્યું સીધું. ઝેરના ઘડા છે.

અહીં તો એમ કે એ ફળ ભલે છે, પણ 'એ મારા છે' એમ એ જ્ઞાની માનતો નથી. ચાહે તો છ ખંડનું રાજ હોય કે ઇન્દ્રના ઇન્દ્રાસનમાં દેખાય સમકિતી ધર્મી, પણ 'એક રજકણ કે અપ્સરા મારી છે' એમ એ માનતો નથી. મારો સ્વભાવ તો આનંદનો નાથ એ હું છું. જુઓ, કીધુંને. નિરુપાધિ આત્મા તે હું છું. આહા..હા..! અહીં એ કીધું. '**મુક્તિસામ્રાજ્યનું મૂળ છે એવા આ નિરુપમ, સહજ-પરમાનંદવાળા ચિદ્રૂપને...**' આહા..હા..! મુક્તિરૂપી સામ્રાજ્ય નામ જીવનું રાજ પૂર્ણ ત્યાં છે. '**એવા આ નિરુપમ, સહજ-પરમાનંદવાળા ચિદ્રૂપને એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે;...**' આહા..હા..! એક જ ચિદાનંદ પ્રભુ ચિંતામણિરત્ન પરમાનંદસ્વરૂપ (એને ગ્રહે), ડાહ્યા પુરુષ એને કહીએ, બાકી બધાને ગાંડા અને પાગલ કહીએ. પાગલ-ગાંડા શું કહે છે? ઘેલા-ઘેલછા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ નિરુપમ,...**' ઉપમા નથી એવું '**સહજ-પરમાનંદવાળા ચિદ્રૂપને...**' પરમાનંદવાળા ચિદ્રૂપને એટલે જ્ઞાન અને આનંદ બે લીધું. સહજ પરમાનંદવાળા ચિદ્રૂપને ચૈતન્યના સ્વરૂપને આ ત્રિકાળની વાત છે હોં. '**જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે...**' આહા..હા..! '**એવા આ નિરુપમ, સહજ-પરમાનંદવાળા ચિદ્રૂપને (-ચૈતન્યના સ્વરૂપને)...**' ચૈતન્ય છેને ચિદ્રૂપ? ચિત ચૈતન્યસ્વરૂપ '**એકને ડાહ્યા પુરુષોએ...**' આહા..હા..! એને ડાહ્યા કહીએ. '**એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે;...**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**તેથી, હે મિત્ર! તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને,...**' ઉપદેશનો સાર તો આ છે, કહે છે. આહા..હા..! '**તુરત જ ઉગ્રપણે...**' પાછું છેને? શીઘ્ર-શીઘ્ર. '**शीघ्रं कुरु तव मतिं**' '**તુરત જ ઉગ્રપણે આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે તારું વલણ કર.**' વલણ કર, કહે છે. આહા..હા..! આમ વલણ જે તારું પર્યાય અને રાગ ઉપર છે એ વલણ

આમ (અંતર્મુખ) કર. પર્યાયને આમ વાળ એમ કહે છે. શુદ્ધ પર્યાયને અહીં વાળ અંદરમાં. આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**આસો સુદ-૫, ગુરુવાર, તા. ૦૯-૧૦-૧૯૭૫,**
**કળશ-૧૩૪, ગાથા-૯૯-૧૦૦, પ્રવચન નં. ૫૭**

નિયમસાર. નિશ્ચય-પ્રત્યાખ્યાન નામ નિશ્ચયચારિત્ર. ૯૯ ગાથા.

ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।
आलंबणं च मे आदा अवसेसं च वोसरे।।९९।।
**પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;**
**અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૯૯.**

'**ટીકા :- અહીં, સકળ વિભાવના સંન્યાસની (-ત્યાગની) વિધિ કહી છે.**' આહા..હા..! શી રીતે એની વિધિ? કે '**સુંદર કામિની,...**' યુવતી આદિ જે સુંદર એના શરીરાદિ. અને '**કાંચન...**' લક્ષ્મી '**સુવર્ણ; ધન.**' '**વગેરે સમસ્ત પરદ્રવ્ય-ગુણ-પર્યાયો પ્રત્યે મમકારને હું તજું છું.**' 'એ પરદ્રવ્ય ગુણ અને પર્યાય એ મારા છે' એ મમતાને હું છોડી દઉં છું. આહા..હા..! અને શું કરું છું? '**પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત નિર્મમકારાત્મક આત્મામાં...**' પરમોપેક્ષાલક્ષણ. '**નિર્મમત્વમય; નિર્મમત્વસ્વરૂપ. (નિર્મમત્વનું લક્ષણ પરમ ઉપેક્ષા છે.)**' પરની ઉપેક્ષા એવો જ આત્માનો સ્વભાવ છે, એમ કહે છે. '**પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત નિર્મમકારાત્મક આત્મામાં...**' નિર્મમસ્વરૂપ આત્મામાં '**સ્થિત રહીને...**' પરના વિકલ્પના વિભાવ દશાને છોડું છું. એટલે કથન તો ઉપદેશ એમ જ આવેને અને મારી નિર્મળ પર્યાયથી મારા દ્રવ્યની અંદરમાં સ્થિર થાઉં છું. મલિન પર્યાયને છોડું છું અને નિર્મળ પર્યાય દ્વારા આત્મામાં સ્થિત થાઉં છું. આહા..હા..! સમજાણું કાંઈ?

કેમ? કે '**આત્માને અવલંબીને,...**' એ આત્માને અવલંબવું છે મારે. આહા..હા..! પરની ઉપેક્ષા કરી અથવા પરનો ત્યાગ કરી, અને આત્માનું સ્વરૂપ જ પરની ઉપેક્ષાવાળું છે, એમ કહે છે. આહા..હા..! એ મારી પર્યાયમાં પરના મમત્વનો ત્યાગ અને એ પર્યાય દ્રવ્ય આત્મામાં સ્થિત, નિર્મળ પર્યાય આત્મામાં સ્થિત (થાય છે). આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે '**આત્માને અવલંબીને,...**' નિર્મળ પર્યાયનું અવલંબન આત્મા છે. સમજાય છે કાંઈ? આવો ઝીણો માર્ગ છે, ભાઈ! આત્મા આનંદકંદ પ્રભુ નિત્યાનંદસ્વરૂપ જે પરના મમત્વના ભાવસ્વરૂપથી

અભાવસ્વરૂપ... આહા..હા..! એવો નિત્યાનંદ પ્રભુ ધ્રુવ એમાં હું સ્થિત રહીને, એમાં સ્થિત રહીને. આત્માને અવલંબીને એમ સ્થિત રહીને એટલે. આહા..હા..! આત્મા નિત્યાનંદ પ્રભુ ધ્રુવ, શુદ્ધ પર્યાયને એ અવલંબન છે, શુદ્ધ પર્યાયનું અવલંબન આત્મા છે. શુદ્ધ પર્યાયનું અવલંબન શુદ્ધ પર્યાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શુદ્ધ આત્મા એ પર્યાય રહિતનો કે પર્યાયસહિતનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય રહિતનું. અહીં કીધુંને આત્મા જે ત્રિકાળ ધ્રુવ છે એને હું શુદ્ધ પર્યાયથી તેમાં સ્થિર થાઉં છું. કેમકે શુદ્ધ પર્યાયને આત્માનું અવલંબન છે. આહા..હા..! એમ કહે છે જુઓને. વસ્તુસ્થિતિ એવી છેને. એથી વિરુદ્ધ હોય એ બધી વસ્તુની સ્થિતિ જ નથી. સમજાણું કાંઈ? ભાઈ! હું દ્રવ્ય શુદ્ધ અને પર્યાય શુદ્ધ એને અવલંબું છું. એ વસ્તુની ખબર નથી એને. સમજાણું કાંઈ? કેમકે નિર્મળ પર્યાય દ્રવ્યમાં અભેદ થાય છે, માટે અભેદનું અવલંબન લઉં છું. એમ નથી. સમજાણું કાંઈ? વાત એવી છે, બાપુ! તત્ત્વનો વિષય એવો ઝીણો છે. એ હાથ આવવો પુરુષાર્થ માગે છે. ઘણો પુરુષાર્થ. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે અશુદ્ધ પરિણતિ.. આગળ કહેશે હમણા એને છોડું છું અને પરમ ઉપેક્ષાલક્ષણ એવું આત્માનું નિર્મમત્વસ્વરૂપ એમાં હું સ્થિર થાઉં છું. સમજાણું કાંઈ? આવી વાત. આ શ્લોક તો સ્થાનકવાસીમાં પણ આવે છે, શ્વેતાંબરમાં પણ આવે છે આ શ્લોક. શ્વેતાંબર મોઢે કરે છેને આ ... એની અંદર આવો શ્લોક આવે છે, પણ એના અર્થની ખબર ન મળે. આ શ્લોકો અહીંના છે દિગંબર શાસ્ત્રના. આ બધાય શ્લોકો આવ્યા છે એ. મમત્વ પરિવર્જુ છું. છેને આ બધા? ૧૦૦મી ગાથા છેને. .. વસ્તુની ખબર ન મળે. આહા..હા..!

કહે છે '**પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત...**' જણાવાલાયક. કોણ? '**નિર્મમકારાત્મક આત્મામાં...**' એમાં સ્થિત રહીને. આત્મા દ્રવ્ય છે ધ્રુવ તેમાં '**સ્થિત રહીને...**' આ પ્રત્યાખ્યાનની વ્યાખ્યા છેને. આમાં પ્રત્યાખ્યાન શું આવ્યું? કે એ ભગવાન આત્મા '**પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત નિર્મમકારાત્મક આત્મામાં સ્થિત...**' રહેવું તે પ્રત્યાખ્યાન છે. અને પરની ઉપેક્ષા કરી દેવી એનું નામ નિશ્ચય-પ્રત્યાખ્યાન છે. આહા..હા..! આ તો બહારથી પચ્ચખાણ કર્યા અને.. થઈ ગયા પ્રત્યાખ્યાન. ધૂળેય નથી.

**શ્રોતા :-** વ્યાખ્યાન પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યાખ્યાન પછી પચ્ચખાણ લે સવારે. ઉભા થઈને લે. સાચી વાત છે. ઉભા થઈને કરો પચ્ચખાણ. પણ ધૂળમાં તને પણ ખબર નથી અને એને પણ ખબર નથી. સુમનભાઈ! દાદા લે છે કે નહિ? પ્રવચન પૂરું થાય.. થોડું ધારણા પ્રમાણે ત્યાગ કરીએ છીએ. ખબર નહિ હોય તમને? કર્યું છે. આહા..હા..!

અહીં તો કહે છે કે નિશ્ચય-પ્રત્યાખ્યાન એટલે સત્ય નિશ્ચયચારિત્ર. એ ચારિત્ર કેમ થાય? કે અશુદ્ધતાના પરિણામને છોડી દઈ અને નિર્મળ પરિણતિને દ્રવ્યમાં સ્થિર કરવી એનું નામ

પ્રત્યાખ્યાન અને એનું નામ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે કહે છે **'આત્માને અવલંબીને, સંસૃતિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન...'** ઉદયભાવ જે છે પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ આદિનો ભાવ એ ઉદયભાવ એ સંસાર છે. આહા..હા..! એ **'સંસૃતિરૂપી સ્ત્રી...'** પરિણતિ. શુભ-અશુભ રાગની, દયા, દાન, વ્રતાદિના વિકલ્પોની પરિણતિ. એની પરિણતિથી ઉત્પન્ન થતી સુખ-દુઃખની કલ્પના, વિભાવ. **'અનેક વિભાવરૂપ પરિણતિને હું પરિહરું છું.'** આહા..હા..! ઉદયભાવની પરિણતિનો અનુભવ કરતાં સુખ-દુઃખની કલ્પના, સંસારના સુખ-દુઃખની, એ બધો વિભાવભાવ છે. આહા..હા..! એને હું મારા આત્માના દ્રવ્યને અવલંબી અને એમાં સ્થિત થઈને તેને હું છોડું છું. એનું નામ નિશ્ચય-પ્રત્યાખ્યાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! સમજ્યા વિનાના કેટલાય પચ્ચખાણ કર્યા હશે ... આહા..હા..!

અહીંયાં તો નિર્મમત્વસ્વરૂપ એવો ભગવાન આત્મા પરમોપેક્ષાસ્વરૂપ નિર્મમત્વ. પરની બિલકુલ ઉપેક્ષા. આહા..હા..! વિકલ્પ આદિની વસ્તુ જે છે દયા, દાન આદિ અને પરની ઉપેક્ષા એવું જે નિર્મમત્વસ્વરૂપ ભગવાન આત્મા તેમાં સ્થિર રહેવું તે પર્યાય છે. દ્રવ્ય આત્મા એ ધ્રુવ છે, એમાં સ્થિર રહેવું એ પર્યાય છે, એ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાડામાં આ કાંઈ મળે એવું નથી. ચેતનજી! એને ખબર નથી. આહા..હા..! કેટલી વાત કરી? પહેલી તો **'સુંદર કામિની,...'** યુવાન સ્ત્રીનો પ્રેમ તેને હું છોડું છું. **'કાંચન...'** સુવર્ણ અને ધન એના **'પરદ્રવ્ય-ગુણ-પર્યાયો પ્રત્યે મમકારને હું તજું છું.'** આહા..હા..! અને આમાં સ્થિત રહું છું. આને છોડું છું, આમાં સ્થિત રહું છું. શેમાં? કે **'પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત નિર્મમકારાત્મક આત્મામાં સ્થિત રહીને...'** આહા..હા..! અશુદ્ધતાની પરિણતિને છોડું છું અને શુદ્ધ પરિણતિને આત્મામાં ઠારું છું એટલું. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! ચોર્યાશીના અવતારમાં નિરાધાર, એને ક્યાંય આધાર નથી. અવલંબન બધુ રાગનું, અજ્ઞાનનું અવલંબન અને એના ફળરૂપે ચોર્યાશીના અવતાર એક-એક યોનિમાં અનંત અવતાર. એને ટાળવાનો ઉપાય આ એક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને આત્માને અવલંબીને...'** એ અવલંબન લીધું એ પર્યાય છે, શુદ્ધ પર્યાય. કારણ કે અશુદ્ધ પર્યાય તો છૂટી જાય છે. શુદ્ધ પર્યાય આત્માનું અવલંબન લે છે. સમજાણું કાંઈ? એ શુદ્ધ પર્યાય દ્રવ્યમાં અભેદ થાય છે માટે એનું અવલંબન શુદ્ધ પર્યાય, પર્યાયસહિત દ્રવ્યનું લે છે એમ નથી. અવલંબન લેનાર પર્યાય છે એ તો. એ પર્યાય જો દ્રવ્યમાં અભેદ થઈ તો અવલંબન... પર્યાય શુદ્ધ પર્યાયસહિત દ્રવ્ય તેનું અવલંન શુદ્ધ પર્યાય લે એટલે કઈ પર્યાય લે? ભ્રમ છે મોટો. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ જે ત્રિકાળી આનંદકંદ પ્રભુ એનું અવલંબન લઈ, એમાં સ્થિર થઈને, પરની અપેક્ષા રાગાદિ છોડી. ચાહે તો શુભ હો કે અશુભ હો, બેય (છોડીને). આહા..હા..! સમજાણું કાંઈ?

એ **'સંસારરૂપી સ્ત્રી...'** પરિણતિ. પુણ્ય અને પાપના ઉદયની પરિણતિ નામ દશા એના એકત્વથી. એવા વિકારી પર્યાયના સંભોગ નામ એકત્વથી. **'ઉત્પન્ન સુખ-દુઃખાદિ...'** કલ્પના. સંસારના સુખ-દુઃખની. **'અનેક વિભાવરૂપ પરિણતિને...'** આહા..હા..! એ ઉદયભાવરૂપ પરિણતિને જેમાં સુખ-દુઃખની કલ્પના થાય છે એ પરિણતિને છોડી દે છે. આહા..હા..! છોડી દઉં છું .. ઉપદેશ તો એમ આવેને. બાકી તો આત્માને અવલંબીને જ્યાં સ્થિર થાય છે પછી એ પરિણતિ ઊભી થતી નથી. થતી નથી એને છોડું છું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં'** પુણ્ય-પાપના અધિકારમાં **'૧૦૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

(शिखरिणी)

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः संत्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणे
स्वयं विंदंत्येते परमममृतं तत्र निरताः।।

આહા..હા..! આમાં આવ્યુંને મમત્વ છોડું છું. એ લેખમાં વાંધા આવ્યા છે.

**'શ્લોકાર્થ :- શુભ આચરણરૂપ કર્મ...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ એ શુભરૂપી ભાવ કર્મ છે ભાવકર્મ. આહા..હા..! એ ધર્મ નહિ. એ શુભ આચરણરૂપી કાર્ય પર્યાયનું. **'અને અશુભ આચારણરૂપી કર્મ...'** પર્યાયનું. **'એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં...'** આહા..હા..! શુભ-અશુભભાવ... માણસ કહે છે કે પણ એનો નિષેધ (થાય તો) પછી હવે અમારે કરવું શું? એ કહે છે. ભાઈ! સાંભળને, ભાઈ! આહા..હા..! મહાપ્રભુ બિરાજે છે મોટો અંદર... આહા..હા..! એમાં સ્થિત થવું. **'એવા સમસ્ત કર્મનો...'** એટલે કાર્ય. વિકારી પરિણામનો **'નિષેધ કરવામાં આવતાં એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** જોયું! રાગ વિનાની અવસ્થા છોડતાં અને નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં. આહા..હા..! શુભાશુભ પરિણામરહિત નિષ્કર્મ અવસ્થા એ થઈ. પરિણામ હોં પરિણતિ.

**'નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, મુનિઓ કાંઈ અશરણ નથી;...'** આહા..હા..! શુભાશુભ છોડતાં મુનિ કાંઈ અશરણ નથી. આહા..હા..! **'(કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું...'** આહા..હા..! જ્ઞાન એટલે આત્માં એમાં **'આચરણ કરતું—રમણ કરતું—પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે;...'** આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપ જે ભગવાન ત્રિકાળ એનું શરણ છે. અથવા એ પરિણતિ થઈ તેનું એને શરણ છે. ઓલું શરણ છૂટી ગયું. શુદ્ધ પરિણતિએ આત્માનું અવલંબન લીધું એ એને શરણ છે. આહા..હા..! શુદ્ધ ઉપયોગ. સમજાણું કાંઈ? કેમકે શુદ્ધ ઉપયોગ દ્રવ્યને અવલંબે

પ્રગટ્યો છે અને અશુદ્ધ ઉપયોગ પરના લક્ષે ઉત્પન્ન થયો છે. તેથી પરલક્ષે ઉત્પન્ન થતાં ભાવોને છોડતાં મુનિને કાંઈ રહે છે કે નહિ આધાર-અવલંબન? કે એને શુદ્ધ પરિણતિ પ્રગટે છે. એ શુદ્ધ પરિણતિનો આધાર દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સંવર અધિકારમાં તો નથી આવ્યું? કે શુદ્ધ પરિણતિને આધારે દ્રવ્ય જણાય છે. ભાષા જુઓ, ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં એટલે? નિર્મળ શુદ્ધ આત્માની પરિણતિ જે છે એમાં આત્મા છે. કેમકે એ આત્મા એની પરિણતિને આધારે જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી શુદ્ધ પરિણતિને આધાર કીધો, પર્યાયને આધાર કીધો અને એને લઈને દ્રવ્ય જણાણું માટે દ્રવ્ય આધેય કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? દેવીલાલજી! શુદ્ધ પરિણતિને આધારે આત્મા જણાણો. વસ્તુ તો વસ્તુ છે. અશુદ્ધ પરિણતિથી ન જણાય. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિથી આત્મા જણાય. તેથી આત્માને જાણવાનો આધાર તો શુદ્ધ પરિણતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંવર છે એમ કહેવું છે. સંવરની દશા એ આત્માને અવલંબે થઈ છે, માટે આત્માનો આધાર એ શુદ્ધ પરિણતિ છે. આહા..હા..!

એકકોર કહે કે શુદ્ધ પરિણતિનો આધાર દ્રવ્ય છે. એ તો (એને આશ્રયે) પ્રગટે (છે માટે એમ કહ્યું). કોને આધારે પ્રગટે એ લેવું હોય ત્યારે એમ આવે કે દ્રવ્યસ્વરૂપને આધારે શુદ્ધ પરિણતિ પ્રગટે. પણ પ્રગટે છે એમાં આત્મા જણાય છે, માટે શુદ્ધ પરિણતિને આધાર અને દ્રવ્યને આધેય કીધો. આહા..હા..! સમજાણું કાંઈ? આશ્રય તો ત્યાં દ્રવ્યનો જ છે. જણાય છે એમાં. આ જ્ઞાયક દ્રવ્ય શુદ્ધ છે એવું ધ્યેય શુદ્ધ પરિણતિમાં જણાય છે. અશુદ્ધ પરિણતિમાં તો પરનું લક્ષ છે. બે દશા. અશુદ્ધદશા એ પરનું લક્ષ છે. શુદ્ધદશા પરિણતિ એ સ્વનું લક્ષ છે અને એમાં એ જણાણો આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આધાર-આધેય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આધાર-આધેય આ લીધો. કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએ. આ સંવરનો અધિકાર છે. સંવર નિર્મળદશા થતાં સંવર થાય. પણ એ નિર્મળદશામાં ભાન કોનું થાય? દ્રવ્યનું ભાન થાય. સમજાણું કાંઈ? માટે નિર્મળદશા તે આધાર, વસ્તુ તે આધેય. આહા..હા..! એમાં જણાય છેને. આહા..હા..! વીતરાગનું શરણ એવું અલૌકિક છે, ભાઈ!

અહીં કહે છે કે એ નિર્મળ અવસ્થા **'પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું-'** આનંદસ્વરૂપ ભગવાન એમાં આત્મામાં આચરણ કરતું જ્ઞાન. સ્વરૂપમાં જ્ઞાનમાં જ્ઞાન આચરણ કરતું. ઓલામાં રાગનું આચરણ કરતાં એ છોડી દીધું. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એમાં જ્ઞાનમાં આચરણ કરતું, રમણ કરતું, પરિણમતું જ્ઞાન જ જ્ઞાનની પરિણતિએ પરિણમે છે. ઈ ઓલા રાગનો આધાર નહિ હવે. **'જ્ઞાન જ તે મુનિઓને શરણ છે;...'** આહા..હા..! એ પરિણતિ થઈ એ પરિણતિનું કાર્ય છે એનું. એમ કે રાગનું કાર્ય છોડાવ્યું તો એનું કાર્ય શું હવે? કે આ પરિણતિ શુદ્ધ થઈ એ એનું કાર્ય છે. આહા..હા..! એને શું કરવું રહ્યું? એમ. જ્યારે શુભ-

અશુભભાવો જ જ્યારે છોડાવ્યા તો હવે એને કરવું શું રહ્યું કાર્ય? કે શુદ્ધ પરિણતિનું કાર્ય છે એને. અને શુદ્ધ પરિણતિ વિનાનો એ છે નહિ. આહા..હા..!

**'મુનિઓને શરણ છે;...'** ભાષા દેખો, અરિહંતા શરણં, સિદ્ધા શરણં, શાહુ શરણં એ નહિ. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. જે આ શુદ્ધ પરિણતિ તે શરણ છે. એ કેવળી પણ્ણંતો ધર્મ. સમજાણું કાંઈ? આહા..હા..! **'તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા...'** જ્ઞાન એટલે આત્મા. આત્મામાં લીન થયા એ પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે જ નહિ. કરે છે ક્યાં? શુદ્ધ પરિણતિને કરતો જ નથી.

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધ આત્મા પણ એ શુદ્ધ પરિણતિ છે... કાર્ય શું એનું ત્યારે? કે કાર્ય વિનાનો આત્મા રહ્યો? એમ. જ્યારે શુભ-અશુભ પરિણામ છોડી દીધું. હવે એનું કાર્ય શું? નિરાલંબી કાર્ય થઈ ગયું?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ, એ તો એ જ કહે છે. શુદ્ધ આત્માને જાણવાની દશા એ એનું કાર્ય છે. સમજાણું કાંઈ? એને કરવાનું શું ત્યારે? આ તો તમે નિષેધ કર્યો પુણ્ય-પાપનો, શુભ-અશુભભાવનો એમ કહે છે. હવે કરવાનું શું રહ્યું? કે શુદ્ધને આશ્રયે થતી પરિણતિ તે એનું કાર્ય છે, એ એને કરવાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુદ્ધ ઉપયોગ તે કાર્ય છે એનું એમ કહે છે. પુણ્ય-પાપના ભાવ અશુદ્ધ ઉપયોગ એ એનું કાર્ય નથી. કાર્ય નથી એટલે કાર્યરહિત થયો? એમ છે એમાં? એમ કહે છે. ના, કાર્યસહિત છે. શુદ્ધ પરિણતિના ભાવ ઉપયોગસહિત છે. આહા..હા..! આવો માર્ગ! હવે, આમાં નવરો થઈને સાંભળવાની નવરાશ ન હોય એક તો. એને આવો માર્ગ આવો વીતરાગનો માર્ગ ભાઈ આ. અને એવો જ હોયને. વસ્તુ જ આખી પડી છે. એ પરથી હટીને સ્વમાં આવે છે એ જ વસ્તુ જૈનશાસન અને એ જ શુદ્ધ ઉપયોગ અને એ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. આહા..હા..! .. વસ્તુ છે અશુદ્ધતા. એમાં પરલક્ષ પરવસ્તુ છે. શુદ્ધ પરિણતિનો આધાર દ્રવ્ય છે અને તેનું કારણ... દ્રવ્યનું કાર્ય એને શું? તમે જ્યારે શુભાશુભ કાર્યનો નિષેધ કર્યો તો હવે કાર્ય રહ્યું શું એને કરવાનું? એમ કહે છે. એને રહ્યું શુદ્ધ પરિણતિનું કાર્ય કરવાનું. સમજાણું કાંઈ? કારણપરમાત્મા જે ત્રિલોકનાથ એને આશ્રયે રહી શુદ્ધ પરિણતિનું કાર્ય એને કરવાનું છે ઈ. આહા..હા..! આવી વાત હવે. ઓલા સામાયિક કરીને બેસે, પોષા કરે. દેરાસર દર્શન કરી આવે એકવાર લ્યોને ભગવાનના સવારના. થઈ ગયો જાણે ધર્મ. શુભભાવ રાખતો હોય તો. આહા..હા..! અહીં તો સામાયિક એટલે આ.

શુભાશુભભાવના કાર્યનો નિષેધ કર્યો તો હવે કાંઈ કાર્ય રહ્યું કે નહિ એને? એમ કહે છે.

છે. **'જ્ઞાનમાં આચરણ કરતું...'** જ્ઞાન. **'જ્ઞાનમાં લીન થયા થકા...'** એ કાર્ય છે. આહા..હા..! શુદ્ધ ભગવાન આત્મા, જ્ઞાન એટલે આત્મા, એમાં લીન થયું થકું **'તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા...'** જ્ઞાન નામ ત્રિકાળી સ્વરૂપમાં લીન થયા થકા **'પરમ અમૃતને પોતે અનુભવે છે...'** આહા..હા..! શુભાશુભભાવ છે એ તો ઝેર છે. એને છોડીને ત્રિકાળ દ્રવ્યના અવલંબે જે શુદ્ધ પરિણતિ થઈ એ અમૃતનો સ્વાદ છે. આહા..હા..! આવી વાત. અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે તે એનું કાર્ય છે. ઓલા સુખ-દુઃખની કલ્પના છોડાવી પહેલી કીધીને? કીધુંને, સંસારની પરિણતિથી ઉત્પન્ન થતી સુખ-દુઃખની કલ્પના બહાર. એનાથી રહિત છે શું ત્યારે એ? તો જ્ઞાનમાં, આત્મામાં જ્ઞાન સ્થિર થતું અમૃતને અનુભવે છે એ. આહા..હા..! કેમકે અમૃતનો સાગર ભગવાન છે એમાં લીન થતું જ્ઞાન અમૃતને વેદે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અમૃતનું વેદવું એ ધર્મ. એ શુદ્ધ ઉપયોગ એ ધર્મ, એ શુદ્ધ પરિણતિ એ ધર્મ, અશુદ્ધ પરિણતિનો અભાવ થઈને શુદ્ધ પરિણતિ (થઈ) તે ધર્મ. આહા..હા..!

એક તો આ સંસાર ઊભો થયો જેમાં જન્મ્યો હોય એમાં એ મારા... મારા... મારા... આ મારા મકાન, આ મારી લક્ષ્મી આ બધું માનીને બેઠો હોય. એમાં બાયડી પરણે તો કહે આ મારી બાયડી, છોકરા થાય તો કહે મારો છોકરો. હવે આમાં ગૂંચવાયેલો માણસ. કહે છે કે એ છોડી દે દૃષ્ટિમાંથી. એ તારી ચીજ નહિ. આહા..હા..! અને એ રાગના અવલંબે જે શુભ-અશુભ, સુખ-દુઃખની કલ્પના થતી એ ઝેરનો અનુભવ છે. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે છે એ ઝેરનો અનુભવ છે. ઝેરના કાર્ય છોડીને અમૃતસાગર ભગવાન આત્મામાં લીન થતાં અમૃતને પીવે છે. આહા..હા..! ધર્મી અમૃતનો સ્વાદ લે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવો (માર્ગ). લોકોને બિચારાને પછી (એમ લાગે છે કે) પણ એનું સાધન શું? સાધન નામનો ગુણ છે આત્મામાં, કરણ નામનો ગુણ આત્મામાં છે. એને અવલંબે આ શુદ્ધ પરિણતિ થાય છે. એ સાધન દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો એમ કહે છે. ત્યાં ગયા હતાને અગાસ. એક કલાક સાંભળ્યું ખરું. વિનંત કરવા આવ્યા હતા ત્યાં બોરસદ-બોરસદ. બોરસદથી .. ગયા હતા. સાંભળ્યું બધાએ. પણ રાતે એક મારવાડી આવ્યો. ઈ કે આ બધી વાત ઠીક, પણ એનું સાધન શું? કહો, હવે એનું સાધન. આ ભક્તિ કરવી, વાંચવું, આ તાળીયા પાડવા એ બધું સાધન. બીજી વાત.. ભક્તિવાળાને ભક્તિ સાધન છે પરની એવું માને છે. આહા..હા..! આ આચરણવાળાને શુભ આચરણ એ સાધન છે એમ માને છે. ભાઈ! એનાથી તો ભિન્ન પડીને એ વસ્તુના જ્ઞાનમાં જ્ઞાનનું આચરણ થાય એમાં જ્ઞાનનું આચરણ. ઓલું તો રાગનું આચરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એક-એક શ્લોકોએ તો... દિગંબર સંતોએ તો જગતને નિહાલ કરવાના રસ્તા મૂક્યા છે.

પણ હાથ આવવું (મુશ્કેલ છે). એ હજી સાંભળવા મળવું મુશ્કેલ છે. આહા..હા..! અને એ સાંભળ્યું એણે ક્યારે કહેવાય? આહા..હા..! શ્રુત પરિચિત અનુભૂતા છેને? આત્મા શુદ્ધ પરિણતિથી દ્રવ્યમાં રમે એને ધર્મ કહીએ. અશુદ્ધ પરિણતિના ત્યાગમાં અને શુદ્ધ પરિણતિના અનુભવમાં સ્વાદ આવે તે ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી એવો ભગવાન આત્મા એને અવલંબે ધર્મ પ્રગટે તે ધર્મ છે. આહા..હા..!

એક ફેરી ચુડા ગયા હતાને ૯૯માં. એક છેને ત્યાં કોણ માસ્તર કોણ છે? ચુડામાં નહિ? કે આ મહારાજ કહે છે એમ માનીએ તો અપાસરાને તાળા દેવા પડે. એઈ..! એ કહેતા હતા. રતિભાઈ કહેતા. સાંભળવા આવે વ્યાખ્યાન. કારણ કે જે એ માને છે સામાયિક અને પોષા ને પડિક્કમણા એ તો બધો વિકલ્પ છે, રાગ છે. આત્મા આનંદસ્વરૂપમાં લીનતા વિના સામાયિક અને પ્રૌષધ કોઈ દિ' ત્રણકાળમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા તો જુઓ, આ પુણ્ય-પાપનો અધિકાર છેને? શુભ-અશુભભાવ એનો નિષેધ કર્યો પ્રભુ આપે, તો પછી એને કરવાનું શું? કાર્ય શું ત્યારે? કરવાનું જે હતું એનો તો નિષેધ કર્યો તમે. વ્રત કરવા, તપસ્યા કરવી, દયા, દાન, ભક્તિ એવો ભાવ કરવો એ તો તમે કહો કે એ ભાવ તો નિષેધ છે. તો નિષેધ છે તો હવે કેવો ભાવ ત્યારે એને કરવો રહ્યો? ભાઈ! જ્ઞાનમાં જ્ઞાનનું આચરણ થવું. એ રાગનું આચરણ નહિ. ભગવાન આત્મામાં નિર્મળ જ્ઞાનનું જ્ઞાનમાં આચરણ થવું... આહા..હા..! એ એનું કાર્ય છે, એ એને શરણ છે. કાર્ય ગયું માટે શરણ વિનાનો છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાન જ તે મુનિઓને શરણ છે; તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા...'** પરમ અમૃતને પોતે અનુભવે છે. આહા..હા..! શ્રાવક પણ જેટલે અંશે રાગથી છૂટીને સ્વરૂપની રમણતા કરે એટલે અંશે એને અમૃત છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ પણ જેટલે અંશે રાગથી છૂટીને સ્વરૂપમાં એકાગ્ર થાય ત્યારે એ પણ અમૃતને પીવે છે. ભારે આવું. આહા..હા..! કહો, જેઠાભાઈ! આ બધું ક્યાં ગયું? ખોટું છે. આહા..હા..! ઊના પાણી પીવા, આમ વ્રત કરવા અને આમ તપસ્યાઓ કરવી, આ જાત્રા કરવી. શું કહેવાય એને? ઉપધાન. ઉપધાન-ઉપધાન કર્યા છે કે નહિ? કર્યા તો હોય. દોઢ મહિનાના ઉપધાન. .. કરે એટલે ઉપધાન કરવા. એક દિ' ખાવું અને એક દિ' અપવાસ. દરરોજ ભગવાનની પ્રતિમા પાસે ઉઠબેઠ કરીને આટલી વાર વંદના, ખમાવણા દેવા.

**શ્રોતા :-** સો ખમાસણા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સો? આમ પ્રદક્ષિણા દે. એટલે રાજી રાજી થઈ જાય કે આપણે કર્યું. ઓહો..હો..! એને હોય એ લોકો ઉપધાનમાં. .. માને બહુ. સાધારણ માણસ તો થાકી જાય. ઉપધાન કરે પછી માળા પહેરાવે, નહિ? એમ કાંઈક છેને? શું કહેવાય ઈ? માળા પહેરાવે. આહા..હા..! રાજી થઈ જાય કે આપણે ધર્મ કર્યો. ડોકમાં માળા ફેરવે અને હીરા-

માણેકની મારા ફેરવે તોપણ શું? આહા..હા..! આત્મા આનંદનો નાથ એની માળા ફેરવે અંદર. શુદ્ધ ચૈતન્યઘનનું અવલંબન લઈને શુદ્ધ પરિણતિ જે પરિણમે એ માળા છે. આહા..હા..! એ ધર્મ અને એ અમૃતના સાગરનો અનુભવ છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું છે. વીંછીયામાં ... પહેલી હા તો પાડો. આ માર્ગ છે એમ હા તો પાડો, ભાઈ! આહા..હા..! આત્મા શ્વેતાંબર કેવો અને દિગંબર કેવો? એ તો છે ઈ છે. આહા..હા..!

'વળી (**૯૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં**...' ૯૯. આ ૯૯નો ધક્કો કહે છેને. બે નવડા છે. આહા! પુણ્ય અને પાપનો વિષમભાવ છોડી અને જેણે વીતરાગ ત્રિલોકનો નાથ જેનો આશ્રય લઈને જેણે સમતા... સમતા... સમતા... વીતરાગતા પરિણતિ પ્રગટ કરી છે એ ધર્મીનું એ કાર્ય છે. એ કાર્ય વિનાનો નથી. આહા! સમજાણું કાંઈ? આહા..હા..! '(**૯૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ શ્લોક કહે છે**) :—' ૧૩૪. ઓલો (શ્લોક) તો આધાર હતો.

(मंदाक्रांता)

**अथ नियतमनोवाक्कायकृत्स्नेन्द्रियेच्छो**
**भववनधिसमुत्थं मोहयादःसमूहम्।**
**कनकयुवतिवांच्छामप्यहं सर्वशक्त्या**
**प्रबलतरविशुद्धध्यानमय्या त्यजामि।।१३४।।**

આહા..હા..! ઓહો..હો..! જુઓ, આ પદ્મપ્રભમલધારિદેવ. છેને? ત્રીજો ફોટો. આ કુદરતે પણ બનાવટ ત્રણે એવું કર્યું છેને. એકકોર ભગવાન કુંદકુંદાચાર્ય, એકકોર .. ગોઠવ્યું છે. આપણને તો ખબર પણ નથી. કોણે ગોઠવ્યું? બહેને. બહુ સારું કર્યું છે. એને હાજર રાખ્યા ટીકાકાર. કર્તા કુંદકુંદાચાર્ય અને ટીકાકાર બે. આહા..હા..!

'**શ્લોકાર્થ :- મન-વચન-કાયા સંબંધી અને સમસ્ત ઈન્દ્રિયો સંબંધી ઈચ્છાનું જેણે નિયંત્રણ કર્યું છે.**' નિયંત્રણ કર્યું છે, કાબુ મેળવ્યો છે. આહા..હા..! '**મન-વચન-કાયા સંબંધી અને સમસ્ત ઈન્દ્રિયો સંબંધી**...' બેય તરફનો ઈચ્છાનો જેણે કાબુ મેળવ્યો છે. આહા..હા..! એ તરફની ઈચ્છાને કાબુ કરી છે '**એવો હું**...' આહા..હા..! પરતરફની ઈચ્છાને મેં સંયમન કર્યું છે, રોકી દીધી છે. આહા..હા..! '**એવો હું હવે ભવસાગરમાં ઉત્પન્ન થતા મોહરૂપી જળચર પ્રાણીઓના સમૂહને**...' આહા..હા..! ભવસાગરમાં ઉત્પન્ન થતાં મિથ્યાત્વરૂપી જળચર એ પાંચ પ્રાણીઓના સમૂહને તજુ છું, એમ કહેવું છે. '**તેમ જ કનક અને યુવતીની વાંછાને**...' આહા..હા..! સોનું. એમ બેય લખ્યુને? ધન. ધનને. આહા..હા..! 'કંચન અને કામિની ચોકી આડે શ્યામની' એવું આવે છે ભજનમાં અન્યમતમાં. 'રામની રમતને તે જ લૂંટે, કંચન અને કામિની' પૈસો અને સ્ત્રી. અને અહીં તો જુવાન સ્ત્રી લીધી છે. શરીર ફાટ-ફાટ હોય. ૨૦-૨૫ વર્ષની ઉંમર, ૩૦ વર્ષની ઉંમર ફાટ-ફાટ જુવાની.

હાડકા-ચામડા, માંસના હાડકા-ચામડા ફાટ-ફાટ હોય, કહે છે. એ તો ધૂળ છે. આહા..હા..! તેનો હું પ્રેમ છોડું છું, કહે છે. એ મારી ચીજ જ નથી, મારામાં નથી. મને તે વસ્તુ નથી મારી. આહા..હા..! એવા ભાવને હું છોડું છું.

એ '**કનક અને યુવતીની વાંછાને અતિપ્રબળ-વિશુદ્ધધ્યાનમયી સર્વ શક્તિથી તજું છું.**' ધ્યેયને ધ્યાનમાં લઈને ધ્યાન દ્રવ્યનું કર્યું એ ધ્યાનની પર્યાયથી આ બધાને છોડું છું. છોડું છું એનો અર્થ ઉત્પન્ન થતું નથી. આહા..હા..! જુઓ, ધ્યાન-ધ્યાન. ધ્યાન જ એ બધું ધર્મસ્વરૂપ છે. ત્યાં આવી ગયું છે અંદર નહિ? વ્રત ને ફલાણું એ બધી ધ્યાનમય વસ્તુ છે. અંતર આત્માનું ધ્યાન તે જ બધી પરિણતિ શુદ્ધ છે એને ધર્મ કહેવાય છે. આહા..હા..! સોનું અને ધન એને ખેંચે છે કે આ કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ. ઓહો..હો..! ધૂળેય નથી. એ તો જગતના કાંકરા છે. આહા..હા..! એ તારી ચીજ ક્યાંથી આવી? તારામાં આવી ગઈ ઈ? આહા..હા..!

**શ્રોતા :-** એમાં .. શક્તિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી આવતી શક્તિ. એ પોતે માને છે. આહા..હા..!

અરેરે! એને આનંદના સ્વાદની ખબર નથી. ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. આહા..હા..! ભાઈએ લખ્યું છેને નિહાલભાઈએ કે જેને એ વિકલ્પ દુઃખરૂપ લાગે એ અંતર આત્માને ખોજે અને શોધે. શુભ અને અશુભભાવ વિકલ્પ જે દુઃખરૂપ લાગે. આહા..હા..! આકરું લાગે છે લોકોને એની ભાષા. શુભભાવ એ ભઠ્ઠીમાં બળું છું એમ મને લાગે છે, એમ કહ્યું છે. કષાય છેને. શુભભાવ કષાય છે તે આગ છે, અગ્નિ છે. આહા..હા..! જગતના પ્રાણીને આ વાત અંદરમાં ઉતર્યા વિના ભવનો અંત આવે એવો નથી, ભાઈ! આહા..હા..! મોટો દરિયો પડ્યો છે સંસારનો ચોર્યાશીના અવતારનો. એમાંથી ઉગરવાનો આ એક જ ઉપાય છે. આહા..હા..! દુનિયાના માન, સન્માન એ ક્યાં ઘરેણે મૂકાય એવું છે? આહા..હા..! અમારું બહુમાન હતું માટે આ મરણ સુધરજો, એમ છે? આહા..હા..! અમને બહુ માનતા, અમે પ્રસિદ્ધ પુરુષ હતા. લ્યો! એ પ્રસિદ્ધિ. પણ તેં આત્માને પ્રસિદ્ધ કર્યો? આત્મખ્યાતિ છેને સમયસારની (ટીકા). આહા..હા..!

ભગવાન આત્મા નિત્યાનંદનો દરિયો પ્રભુ. આહા..હા..! કહે છે કે એને આશ્રયે ધ્યાન કરીને. છે? એવી '**વાંછાને અતિપ્રબળ-વિશુદ્ધધર્મધ્યાનમયી સર્વ શક્તિથી તજું છું.**' આહા..હા..! જેટલી મારામાં ધ્યાનની શક્તિ છે એટલું ધ્યાન કરીને એને છોડી દઉં છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કંચન અને કામિની. એમાં લીધુંને પહેલા, નહિ? સુંદર કામિની અને કંચન. ટીકાકારે લીધું છે. કળશમાં એ લીધું. આમ હીરા અને માણેક પડ્યા હોય. જંગલમાં ગયો હોય અને એમાંથી કાંઈક પાણીનો જરી રેલો થયો. શેર બે શેર પાણી સાથે લીધું હોય. એમાં જંગલ કરતા સાફ કરતા પાણીનો રેલો ચાલ્યો એમાં કાંઈક

સહેજ ધૂળ આઘી થઈ ગઈ અને એમાં દેખાણું. ઓહો..! કાંઈક લાગે છે. ચરુ-ચરુ. કોઈ રાજે દાટેલો હોય... પડ્યો રહ્યો હોય. આમ જ્યાં જોવે ઓહો..હો..! અને જરીક આમ ધૂળ ઉખેળતા જોવે તો હીરો દેખાય. આ તો કેટલા હીરા છે. મોટો ચરુ છે. આહા..હા..! એવા ધનની વાંછા છોડ, પ્રભુ! એ ધનની ધૂળ એની વાંછા છોડ. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલામાં આવે છેને આ શ્વેતાંબરમાં? વસ્તુપાળ-તેજપાળ નહિ? બહુ પૈસા હતા. પછી જાત્રા કરવા નીકળવું હતું બહાર. પૈસા ઘણા એટલે દાટવા ગયા જ્યાં ઘરમાં કે જમીન ઘરની હોયને. દાટવા ગયા ત્યાં ચરુ નીકળ્યો. હીરા-માણેકનો ચરુ સમજ્યાને? બાયડી કહે પણ ત્યાં તમારે પગે પગે નિધાન (નિકળે છે), ક્યાં દાટવા જાવ છો હવે. બાયડી એવી પાછી. એણે કીધું. ત્યાં કર્યું છેને ઓલા પણે. આબુમાં સાડા ત્રણ કરોડનો એક.. શું કહેવાય? ગોખલો. હવે તમે ક્યાં સંઘરવા જાવ છો? પૈસાને દાટીને તમારે જાવું છે. જ્યાં દાટવા ગયા ત્યાં પૈસા નીકળ્યા. અબજો રૂપિયા ત્યાં અંદર. વાપરોને. એ વાપરવાનો ભાવ પણ શુભ છે. મારો ભાવ તે અશુભ છે. 'એ મારી ચીજ છે' એ અશુભ મિથ્યાત્વભાવ છે. 'કામ આવશે... કામ આવશે.. ભલે આપણે ગરીબોને દેશું દાન.' એવી જેને મમતા છે એને પૈસા મારા એ મમતા છે અંદર. આહા..હા..! અને યુવતી જુવાન સ્ત્રી હોય નવું પરણેતર. આહા..હા..! માંસના હાડકા-ચામડા છે. ચામડી જરી ઉતરડે તો ખબર પડે અંદર શેરડીની છાલ જેવી આ છાલ છે ઉપરની. થુંકવા ઊભો ન રહે એવું માંસનું પૂતળું અને હાડકા. આ ચિતરામણ આવે છેને કેટલાક નહિ? કેવા ચિતરામણ? એકલું પીંજર. ચિતરામણ આવે છે હાડપીંજરનું. માંસ-હાડકાનું હાડપીંજર. આહા..હા..! એ હાડકાનો માળો છે આખો. આહા..હા..! આવે છે હાડપીંજર. ...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ..માં આવે છે. એવા તો ઘણા જોયા છેને. ઘણે ઠેકાણે. ડોક્ટર.. જામનગરના ડોક્ટર હતાને પહેલા પ્રાણભાઈ હતા. મોટા ડોક્ટર. છ લાખનો ત્યાં સંચો છે.. ચિતરામણ હાડકાનું હતું જોવા ગયા હતા એક ફેરી. લઈ ગયા હતા ડોક્ટર જોવા. આહા..હા..! આ બધું માંસ કાઢી નાખીને એકલું હાડકું. આ માંસની ગાર છે, કહે છે. ગાર-ગાર સમજો છો? લીપણ-લીપણ. માટીનું લીપણ હોય છેને. એમ હાડકા ઉપર માટીનું લીંપણ છે એટલે સારું લાગે છે. આહા..હા..! પ્રભુ! તારો આનંદનો નાથ પ્રભુ બિરાજે છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ તું છોને, ભાઈ! ત્યાં તને આકર્ષણ નથી અને આ શું તને થાય છે? આહા..હા..! એ ખેંચાણ કરનારો ભગવાન છે એને ઠેકાણે આ ખેંચાણ કરનાર તેં ક્યાંથી માન્યું આ? આહા..હા..! એવી '**અતિપ્રબળ-વિશુદ્ધધ્યાન...**' ધ્યેયને ધ્યાનમાં લઈને. આહા..હા..! જેટલી મારી શક્તિ છે વીર્યની અંદર ધ્યાન કરવાની એટલાથી આ સ્થિર થાઉં છું એમાં, આ છોડી

દઉં છું. આહા..હા..! કહો, ધ્યાન કરવું એ ધર્મ છે, એમ કહે છે. આહા..હા..! એ ૯૯ થઈ.

૧૦૦. બહુ ગાથાઓ .. છે. 'આ ગાથામાં સર્વત્ર આત્મા ઉપાદેય છે...' છે? એક આત્મા જ ગ્રહણ કરવાયોગ્ય છે એમ કહ્યું છે. આહા..હા..!

आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य।
आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।।१००।।

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.**

મારી નિર્મળ પર્યાયના સમીપમાં તો ભગવાન વર્તે છે, કહે છે. મારી પર્યાયમાં રાગ સમીપમાં વર્તતો નથી. આહા..હા..!

'**ટીકા :- અહીં (આ ગાથામાં), સર્વત્ર આત્મા ઉપાદેય (-ગ્રહણ કરવાયોગ્ય) છે...**' દરેક ધર્મની પર્યાયમાં આત્મા જ એક ગ્રહણ કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગ્રહણ અને ત્યાગ. આ આત્મા ગ્રહણ કરવાલાયક છે અને અશુદ્ધતા છોડવાલાયક છે, બસ. આહા..હા..! '**આત્મા ખરેખર અનાદિ-અનંત,...**' વસ્તુ જે ભગવાન આત્મા તો અનાદિ-અનંત. છે... છે... છે... અનાદિથી અને છે.. છે.. એ અનંતકાળ રહેશે. છે એ. '**અમૂર્ત,...**' છે ભગવાન. અનાદિ-અનંત છે એ કાળ બતાવ્યો. એનું સ્વરૂપ અમૂર્ત છે. આહા..હા..! '**અતીન્દ્રિયસ્વભાવવાળો,...**' ભગવાન અતીન્દ્રિય સ્વભાવવાળો છે. ઇન્દ્રિયથી જણાય એવો નથી. આહા..હા..!

'**શુદ્ધ, સહજસૌખ્યાત્મક છે.**' એ શુદ્ધ છે. ભગવાન આત્મા તો તદ્દન શુદ્ધ, તદ્દન પવિત્ર. પર્યાયમાં અશુદ્ધતા હોવાથી કાંઈ દ્રવ્ય અશુદ્ધ થઈ જાય છે એમ કેટલાક કહે છે રતનચંદજી. જુઓ, શુભે પરિણમતા શુભ થાય, અશુભે પરિણમતા અશુભ થાય. એ તો પરિણતિની અપેક્ષાએ વાત છે. વસ્તુ જો શુભ અને અશુભ પરિણમે (તો વસ્તુનો નાશ થઈ જાય). અને શુદ્ધપણે પરિણમે તોપણ વસ્તુ તો જે છે એ છે. આહા..હા..! શુદ્ધ પરિણતિ થતાં શુદ્ધતાને પુષ્ટિ મળે છે અને અશુદ્ધ પરિણતિ થતાં શુદ્ધતા ઘટી જાય છે એમ નથી. એ તો એકરૂપ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ જેને પરિણતિ શુદ્ધ હોય પૂર્ણ એથી આત્માને કાંઈક પુષ્ટિ મળી (એમ નથી). ધ્રુવ તો છે ઈ છે એને પુષ્ટિ શું? અને અશુદ્ધતા ખુબ થઈ. મિથ્યાત્વની, તીવ્ર ગૃહીત મિથ્યાત્વની પરિણતિ એથી શુદ્ધતાને હીણપ થઈ એમ નથી. એ તો પર્યાયની સાથે સંબંધ છે.

નિહાલભાઈ લખે છે કે હું એવો ધ્રુવ છું કે શુદ્ધ પરિણતિ પણ મારામાં નથી અને શુદ્ધ પરિણતિ થતાં હું પુષ્ટ થાઉં છું એ હું નથી. આહા..હા..! હું જે છું એ તો ધ્રુવ છું એમ કહે છે. એ આપણે આવ્યું હતું નહિ? સમયસારસ્વરૂપ તે હું છું ત્રિકાળ. શુદ્ધ પરિણતિ

એમ જાણે છે કે ત્રિકાળ જે શુદ્ધસ્વરૂપ છે તે હું છું. આહા..હા..! પરિણતિ શુદ્ધ એમ જાણે છે કે ત્રિકાળ શુદ્ધ તે હું છું. આહા..હા..! શુદ્ધ પરિણતિ ઢળી ધ્રુવમાં તો એ પરિણતિ એમ જાણે છે કે હું તો આ છું, ત્રિકાળ સમયસારસ્વરૂપ છું, ત્રિકાળ શુદ્ધ છું, ચૈતન્યઘન છું. આવી વાત.

કહે છે કે અભવિનો આત્મા પણ વસ્તુએ તો શુદ્ધ છે. એ અતીન્દ્રિય સ્વભાવવાળો આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને શુદ્ધ છું અને સ્વભાવિક સુખસ્વરૂપ છું. મારી ચીજ જ સ્વભાવિક આનંદસ્વરૂપ છે. સૌખ્યાત્મક છેને? ભગવાન આત્મા સ્વભાવિક આનંદસ્વરૂપ (છે). આનંદ પ્રગટ કરવો છે કે એવું વસ્તુમાં છે નહિ. એ તો સ્વભાવિક આનંદનું સ્વરૂપ જ છે. આહા..હા..! પ્રગટ-અપ્રગટ તો પર્યાયની વ્યાખ્યા છે. આહા..હા..!

સ્વભાવિક સુખસ્વરૂપ છું. '**સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો જે હું...**' આહા..હા..! એ છે પણ જાણ્યુંને મેં? પર્યાયમાં જાણ્યુંને? આહા..હા..! '**અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળો, શુદ્ધ, સહજસૌખ્યાત્મક છે. સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો જે હું...**' આહા..હા..! એવા સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે. આહા..હા..! ત્રિકાળ શુદ્ધ જ્ઞાનચેતના પણ એ નહિ. એની વર્તમાનપણે સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો તે હું, તે હું. આહા..હા..! હવે તેના સમ્યગ્જ્ઞાનમાં કેમ છે એ જરી વાત આવશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૬, શુક્રવાર, તા. ૧૦-૧૦-૧૯૭૫, ગાથા-૧૦૦, પ્રવચન નં. ૫૮

... કારણ તે ચારિત્ર છે. એ ચારિત્રનો આ નિશ્ચય-પ્રત્યાખ્યાન એક પ્રકાર છે. એમાં ૧૦૦મી ગાથા. બહુ ઉંચી ગાથા છે. એની ટીકા ફરીને.

'**અહીં (આ ગાથામાં), સર્વત્ર...**' દરેક પર્યાયમાં, નિર્મળ પર્યાયમાં આત્મા ઉપાદેય છે એમ કહ્યું છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એવી જે દરેક પર્યાય એમાં આ આત્મા તે જ ઉપાદેય છે, ગ્રહણ કરવાલાયક છે, બીજું કોઈ છે નહિ. આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ! અભ્યાસ ન હોય એને આ શું કહે છે (એમ લાગે). સર્વત્ર કોઈપણ નિર્મળ ધર્મની પર્યાય એમાં તે આત્મા જ એક ઉપાદેય છે. આહા..હા..! એનો જ એને આશ્રય છે. ધર્મની શાંતિની, સમ્યગ્દર્શન મોક્ષમાર્ગની પર્યાયમાં એ આત્મા જ એક આશ્રય છે. આહા..હા..! દરેક ધર્મની પર્યાયમાં સર્વત્ર આત્મા જ ઉપાદેય છે. આહા..હા..! કહો, સમજાય છે?

**શ્રોતા :-** એકાંત..?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકાંત જ છે. સમ્યક્ એકાંત છે. આહા..હા..!

હવે એ આત્મા કહેવો કોને એની વ્યાખ્યા છે. વ્યાખ્યા તો આવી કે '**(આ ગાથામાં), સર્વત્ર...**' કોઈપણ ધર્મની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના, સંવર, નિર્જરા... આહા..હા..! એ દરેક પર્યાયને આત્મા ત્રિકાળી તે ઉપાદેય છે.

**શ્રોતા :-** ત્રિકાળીનો વિષય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છે. ત્રિકાળી હવે આવશે. હવે આવશે વિષય. આત્માના વર્ણનમાં એ આવશે. અહીં તો સર્વત્ર આત્મા ઉપાદેય છે... આહા..હા..! એમ કહ્યું છે. હવે આત્મા કેવો? કે જે દરેક ધર્મની પર્યાયમાં ઉપાદેય તરીકે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એ આત્મા કેવો છે એમ કહે છે હવે. અરે..!

'**આત્મા ખરેખર અનાદિ-અનંત,...**' લ્યો! એ અનાદિ-અનંત વસ્તુ છે ત્રિકાળ. આહા..હા..! તે '**અમૂર્ત,...**' છે ભગવાન આત્મા. અનાદિ-અનંત આત્મા તે અમૂર્ત છે. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. એક વાત. '**અતીન્દ્રિયસ્વભાવવાળો,...**' છે એ. ત્રિકાળ હોં. જેને આત્મા ઉપાદેય કહીએ તે આત્મા કેવો છે? કે અતીન્દ્રિયસ્વભાવવાળો છે. ભાઈ! આ વાતું. એ વસ્તુ જ અતીન્દ્રિય સ્વભાવ જેનું સ્વરૂપ છે. ઇન્દ્રિયથી જણાય એવું એનું સ્વરૂપ જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**અતીન્દ્રિયસ્વભાવવાળો,...**' એ ત્રણ બોલ થયા. એક અનાદિ-અનંત કાળ લીધો, વર્તમાન રંગ વિનાનો, મૂર્ત વિનાનો અમૂર્ત લીધો, પણ છે કેવો? કે અતીન્દ્રિય સ્વભાવવાળો ત્રીજો બોલ થયો. એ શુદ્ધ છે. ત્રિકાળી ભગવાન ધ્રુવ તે શુદ્ધ છે. આહા..હા..! આવી વાત. ક્યાં ગયા? ભાઈ ગયા? તાવ આવ્યો? ઠીક. સમજાણું કાંઈ? આહા..હા..! આવો આત્મા તે દરેક ધર્મની પર્યાયમાં ઉપાદેય છે એમ કહેવું છે. આહા..હા..!

'**શુદ્ધ,...**' છે. પવિત્ર પૂર્ણ શુદ્ધ છે. આહા..હા..! અને સ્વભાવિક સુખસ્વરૂપ છે. સ્વભાવિક આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. ત્રિકાળી સ્વભાવિક સુખસ્વરૂપ છે. કહો, આ તો સમજાય છે કે નહિ? આહા..હા..! એ આત્મા જેને ઉપાદેય કહ્યો, નિર્મળ ધર્મની પર્યાયને એ ઉપાદેય કહ્યો એ આત્મા સ્વભાવિક આનંદસ્વરૂપ છે. સુખ શબ્દ વાપર્યો છે. સ્વભાવિક સુખસ્વરૂપ જ છે એ. આહા..હા..! બે, ત્રણ, ચાર અને પાંચ શબ્દ વાપર્યા. આત્મા વસ્તુ તરીકે જે નિત્ય પ્રભુ ધ્રુવ, જે પર્યાય ઉત્પાદ-વ્યયની પર્યાયમાં... આહા..હા..! મેં પૂછ્યું હતું હોં, કે તાવ આવ્યો છે ભાઈને. આમ મેં જોયું ન દેખાણા. નહિ? હમણા પૂછ્યું ત્યાં આવ્યા. તાવ આવ્યો? ઠીક. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, એક આત્માની વ્યાખ્યા. ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો આત્મા અને એ ઉત્પાદ-વ્યયની જે નિર્મળ પર્યાય તેમાં તે ગ્રહણ કરવાલાયક તે આ આત્મા. આહા..હા..! બેય આવી ગયું ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણેય. આહા..હા..!

સમજાણું કાંઈ?

એવો જે ભગવાન આત્મા **'અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળો, શુદ્ધ,...'** અને સ્વભાવિક આનંદસ્વરૂપ. સ્વભાવિક આનંદનો ગંજ છે આત્મા. સ્વભાવિક અતીન્દ્રિય આનંદનો પિંડ છે. આહા..હા..! જેને દુઃખથી મુક્ત થવું હોય એણે આનંદના નાથને શોધવો. સમજાણું કાંઈ? આવી વાત છે. કાંઈક વ્રત કરવા, તપ કરવા, અપવાસ કરવા એવું હોય તો સમજાય પણ ખરું લ્યો. શું એમાં સમજવું છે હવે? એ તો અજ્ઞાન છે બધું. આહા..હા..!

અહીં ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે કહેલું સંતોએ અનુભવી, ચારિત્રને અનુભવીને કહ્યું છે. આહા..હા..! સમયસારમાં ન આવ્યું? પ્રવચનસારમાં. આ મોક્ષમાર્ગના પ્રણેતા અમે આ ઊભા. આહા..હા..! સમ્યગ્દર્શન નિશ્ચય હોં! સ્વને આશ્રયે થયેલું સમ્યગ્દર્શન, સ્વને આશ્રયે થયેલું સમ્યગ્જ્ઞાન, સ્વને આશ્રયે થયેલું ચારિત્ર એના અમે અનુભવી જીવો. આહા..હા..! એ કેમ પ્રગટ થાય એના જાણનારા અમે અહીં ઊભા. આહા..હા..! જુઓ તો એક વાણી! કહે છે કે આ આત્મા આવો છે એમ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો છે અને એવો એ આત્મા છે. પાંચ બોલે કહ્યો એ. પાંચ બોલે પરમેશ્વર. દેવીલાલજી! આ પાંચ બોલે પરમેશ્વર. આ તો પાંચ... આહા..હા..!

ભગવાન આત્મા અનાદિ-અનંત છે. એની આદિ નથી, તેનો અંત નથી. એ તો છે, છે ને છે ત્રિકાળી ધ્રુવ. અમૂર્ત છે. જેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. કેટલાક કહે છેને કે આત્મા પહેલો દેખાય રાતો અને પછી દેખાય ધોળો. અરે ભગવાન! એક અર્જિકા આવી હતી, દિગંબર અર્જિકા. ખબર નહિ અને ભેખ લઈને બેસે. આત્મા કેવો છે? કે પહેલો રાતો દેખાય અને પછી ધોળો દેખાય. અરેરે! શું થાય? બાહ્ય ત્યાગના ઠેકાણા ન મળે એવા બાહ્ય ત્યાગીઓને જગત ત્યાગી સ્વીકારે. આહા..હા..! પણ જેને મિથ્યાત્વનો ત્યાગ શું છે એની ખબરું ન મળે, એ ત્યાગવાળા કોણ છે એની ખબરું ન મળે એને સ્વીકાર ક્યાંથી આવે? આહા..હા..!

અહીં કહે છે આવો જે.. છેને? આત્મા અને ખરેખર એમ શબ્દ વાપર્યો. ખરેખર યથાર્થ નિશ્ચયથી એમ. આહા..હા..! ખરેખર. આહા..હા..! **'અનાદિ-અનંત,...'** છે. **'અમૂર્ત,...'** છે. ભગવાન **'અતીન્દ્રિયસ્વભાવવાળો...'** છે. **'શુદ્ધ,...'** છે અને સ્વભાવિક આનંદસ્વરૂપ છે. એટલે અનાદિ-અનંત તો પરમાણુ પણ છે અથવા ધર્માસ્તિકાય પણ અનાદિ-અનંત છે, અમૂર્ત પણ છે. એ અતીન્દ્રિય સ્વભાવવાળો ધર્માસ્તિકાય છે અને શુદ્ધ છે એ. પણ આ આત્મા શુદ્ધ કેવો છે? કે સ્વભાવિક શુદ્ધ આનંદસ્વરૂપ છે. આહા..હા..! એ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળમાં એ તો નથી. એ તો જડ છે. આહા..હા..! સ્વભાવિક આનંદ સુખસ્વરૂપ છે.

હવે મુનિરાજ કહે છે કે આવો જે આત્મા... આહા..હા..! **'સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે**

**પરિણમેલો જે હું...'** વર્તમાન પર્યાયની વાત કરે છે. સમ્યગ્જ્ઞાન જે મને થયું એ સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતનારૂપે થયેલો જે હું. આહા..હા..! મારી પર્યાયમાં, મારી દશામાં... ઓલું તો દ્રવ્ય કીધું. સમજાણું કાંઈ? વસ્તુ કીધી. હવે એ વસ્તુ હું સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતના. જ્ઞાનનું ચેતવું, અનુભવવું, જ્ઞાનનું વેદવું એવા શુદ્ધ જ્ઞાનચેતનારૂપે થયેલો, પરિણમેલો જે હું. આહા..હા..! **'તેના (અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે (આત્મા) છે;...'** આહા..હા..! શું શૈલી છે! હું ચેતના સમ્યક્ સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતના પર્યાયપણે પરિણમેલો, કર્મચેતના અને કર્મફળચેતના વિના જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એના જ્ઞાનચેતનાપણે પરિણમેલો હું. તેના એટલે કે મારા **'તેના (અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે (આત્મા) છે;...'** આહા..હા..! મારું સમ્યગ્જ્ઞાન જે સમ્યક્ ચૈતન્ય પરિણમેલું જ્ઞાન એનો આશ્રય આત્મા છે એમ કહે છે. પાછળ ખુલાસો આવશે. પાછળ છેલ્લે છેને ખુલાસો? બધાયનું આશ્રય અવલંબન શુદ્ધાત્મા જ છે. કૌંસમાં આવશે શ્લોકાર્થમાં. એની ટીકા કરશેને શ્લોકની. આહા..હા..!

જેને સુખી થવું હોય તો એ સુખની દશાનો આશ્રય ભગવાન આત્મા છે. જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો હોય ધર્મી થઈને... આહા..હા..! તો એ અતીન્દ્રિય આનંદના સ્વાદની પર્યાયે પરિણમેલને એ આત્મા આશ્રય છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! અરે! એકવાર પ્રસન્ન થઈને હા તો પાડ. આહા..હા..! પ્રસન્ન થા, પ્રસન્ન થા આવે છેને સમયસારમાં. એવો ને એવો રહ્યો છે. એકવાર પ્રસન્ન તો થા. આવે છેને. આહા! પ્રમોદ એકવાર પ્રમોદ તો લે. આહા..હા..! આત્માના આનંદના પ્રમોદનો એકવાર હરખ તો કર. આહા..હા..!

કહે છે, મારું જે જ્ઞાન ચૈતન્યપણે પરિણમેલી દશા... આહા..હા..! એના આશ્રયમાં શાસ્ત્ર છે કે એના આશ્રયમાં દેવ-ગુરુ છે એમ નહિ. સમજાણું કાંઈ? મારું ચૈતન્ય જે સ્વરૂપ ભગવાન આત્મા એનું જે પરિણમન જે ચેતના જ્ઞાનરૂપી. એ જ્ઞાન એટલે? આત્માનો સ્વભાવ જ્ઞાન મુખ્ય ગણ્યો છેને? એથી જ્ઞાનચેતનાપણે જ્ઞાનમાં એકાગ્રતા, જ્ઞાનની ચેતના, જાગૃતદશાપણે જે હું પરિણમ્યો, અવસ્થામાં હું થયો છું એ જ્ઞાનચેતનાનો આશ્રય આત્મા છે. કેવો આત્મા? કે માથે કહ્યો એવો. શાંતિભાઈ! આહા..હા..! કહો, દેવીલાલજી! આવી વાત છે.

ભગવાનની મૂર્તિ મારા જ્ઞાનમાં સમીપમાં છે, મારા જ્ઞાન સમીપમાં શાસ્ત્રના વચનો છે કે જ્ઞાન સમીપમાં ગુરુ અને દેવ છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? એક બોલ પણ યથાર્થ સમજે તો એને એક બોલે તો બધું સમજાય. આહા..હા..! અરેરે! એને ક્યાં પડી જગતને? જગતના માનને પોષવા, ખાવા, પીવા, વિષય ભોગ, આબરૂ, કીર્તિ, કમાવાના પાંચ-પચાસ લાખ ભેગા થાય એટલે અમે વધ્યા અને અમે સુખી છીએ. મૂઢ છે, મોટો મૂર્ખ છે. આ જ્ઞાન છે... આહા..હા..! એ મૂર્ખાઈને ટાળવાનું આ જ્ઞાન છે કે જે જ્ઞાનમાં આશ્રય ચૈતન્યનો છે, આત્માનો આશ્રય છે, આત્માનું જે જ્ઞાન અને અવલંબન છે, આહા..હા..! એને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..!

આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એટલે સત્ય. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન અગિયાર અંગ અને નવ પૂર્વનું કર્યું પણ એ જ્ઞાન નહિ. એ બધું અજ્ઞાન છે. આહા..હા..! જ્ઞાન તો એને કહીએ કે જે જ્ઞાનની પર્યાયને ભગવાન આવો જે આત્મા કહ્યો એનું જેને અવલંબન અને આશ્રય છે તે જ્ઞાનને જ્ઞાન કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, બાબુભાઈ! આવું જ્ઞાન છે. એય..! મહેશભાઈ! એને રસ છે, વાંચે છે. એની સાથે ... છે. આહા..હા..! અરેરે! નાના-મોટા શરીર. આ તો નાના શરીર છે. આત્મા ક્યાં નાના-માટા છે?

**શ્રોતા :-** આત્મા તો અનાદિ-અનંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો અનાદિ-અનંત આત્મા છે, એને મુદત ક્યાં છે?

કહે છે કે જેને સમ્યગ્જ્ઞાનનું પરિણમન થયું, શુદ્ધ ચેતનારૂપે, સ્વભાવિક ચેતના કીધી. છે તો પર્યાય, પણ સ્વભાવિક એટલે વિકારી નહિ. સ્વભાવિક ચેતન પરિણામની પરિણતિ થઈ જ્ઞાનની એ જ્ઞાનની પરિણતિમાં, મારા જ્ઞાનમાં... આહા..હા..! **'તેના સમ્યગ્જ્ઞાનમાં...'** એમ. એટલે સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે આત્મા છે. ક્યો? પહેલો કીધો ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એણે સમ્યગ્જ્ઞાન માટે ચૈતન્ય આત્માની નજરું કરવી પડશે, ભગવાન! એમ કહે છે. જે આનંદ જ્ઞાનની ખાણ છે એની નજરું કર્યે એ જ્ઞાન પ્રગટ થાય તે જ્ઞાનનો આધાર, આશ્રય, અવલંબન તો ભગવાન છે. આહા..હા..! એ જ્ઞાનનો આશ્રય ગુરુ અને દેવ છે એમ નથી, કહે છે. આહા..હા..! ગુરુથી જ્ઞાન થાય આવે છેને? એય..! દીવાથી દીવો થાય. ભાઈ! દીવો તો પ્રભુ પોતે છે. અતીન્દ્રિય સ્વભાવવાળો શુદ્ધ આનંદ સુખસ્વરૂપ એ પોતે દીવો છે. એને જ્ઞાનની પર્યાય અડે અને એનો આશ્રય લે ત્યારે જ્ઞાન થાય. જે જ્ઞાનની પર્યાય સ્વનો આશ્રય છોડી અને પરના આશ્રયમાં રહે છે તે જ્ઞાન જ્ઞાન નહિ, એ તો અજ્ઞાન છે. આહા..હા..! બહુ ગાથા (ઊંચી). એમાં પણ ૧૦૦. બહુ વાત આવી, ઘણી વાત આવી એમાં. આખા સિદ્ધાંતનો સાર આખો. બાર અંગમાં શું કહેવું છે એ છે.

ભાઈ! તું ધીરો થા. ધીરો થઈને તારી જ્ઞાનની પર્યાયને દ્રવ્ય તરફ વાળ, ઢાળ. આહા..હા..! તને સમ્યગ્જ્ઞાન થશે, તને આનંદ આવશે. આહા..હા..! કહો, મયાચંદભાઈ! આવું છે. અરે! આમાં કોની સાથે વાદવિવાદ (કરવા) ભાઈ? આહા..હા..! એને કોણ જાણે આમ હોવું જોઈએ અને આમ ન હોય. બાપુ! એ કથન સ્થાપનના પણ એક વિકલ્પ છે. આહા..હા..! સુજાનમલજી! આવું છે. સમ્યગ્જ્ઞાન જો તારે કરવું હોય તો જેમાં એકલો જ્ઞાનનો ભંડાર એવો જે અમૂર્તસ્વભાવ આનંદસ્વરૂપ એનો આશ્રય લે. એના વિના સમ્યગ્જ્ઞાન નહિ થાય. આહા..હા..! લાખ શાસ્ત્ર ભણ અને લાખ શાસ્ત્ર બનાવ એથી સમ્યગ્જ્ઞાન થાય એમ નથી. આહા..હા..! એક વાત.

**'आदा खु मज्झ णाणे'** છેને? એક પદ થયું. **'मज्झ णाणे'** એટલે મારા જ્ઞાનમાં. તેથી ઓલું મારા લખવું પડ્યુંને. કૌંસમાં આવ્યુંને? **'તેના (અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં...'** એમ. **'मज्झ णाणे'** એમ. એમ આવ્યુંને તેથી ભાઈએ (સ્પષ્ટ કર્યું). મારા **'मज्झ णाणे'**

મારા જ્ઞાનમાં. આહા..હા..! મુનિરાજ કહે છે કે '**मज्झ णाणे**' મારી જ્ઞાનની પર્યાયમાં આત્મા છે. એનો આશ્રય આત્મા છે. મારી જ્ઞાનની પર્યાયમાં આત્માનું અવલંબન છે. આહા..હા..! કેટલી મીઠી મધુરી ટૂંકી ભાષામાં ભાવના ગંભીરતાના પાર ન મળે. આ સિદ્ધાંત. સમજાય છે કાંઈ? આહા..હા..! આ શું કહે છે એ પકડવું કઠણ પડે માણસને, અભ્યાસ ન મળેને જેને!

'**(અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં...**' જે હું એમ કહ્યુંને? એટલે મારા સમ્યગ્જ્ઞાનમાં. પાઠ ખરોને એમાં? '**आदा खु मज्झ णाणे**' '**मज्झ णाणे**' છેને? મારા આત્માના, મારા જ્ઞાનમાં આત્મા છે. મારા જ્ઞાનના સમીપમાં પ્રભુ છે. મારા જ્ઞાનના પર્યાયમાં આશ્રય અવલંબન આત્માનું છે. આહા..હા..! શાસ્ત્રનું અવલંબન જ્યાં નથી. ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ એ પણ મારા જ્ઞાનને અવલંબન નથી, એમ કહે છે. એ દિવ્યધ્વનિનો મારા જ્ઞાનને આશ્રય નથી. આહા..હા..! જ્ઞાનનો જે કણ જાગ્યો સમ્યગ્જ્ઞાનચેતના એને તો એનો પતિ, એનો સ્વામી-ધણી તો આત્મા છે, કહે છે. એ આત્માને આશ્રયે જ્ઞાન થયું છે. આહા..હા..! એને જ્ઞાન કહીએ. પરને આશ્રયે થયેલા જ્ઞાનને જ્ઞાન કહેવાય નહિ. આહા..હા..! અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો, કરોડો-અબજો શ્લોકો કંઠસ્થ કર્યા અને પાણીના પૂરની પેઠે એની વાણી નીકળે જાણે, એથી શું થયું? સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યનું પૂર પ્રભુ જેની દશાના જ્ઞાનમાં આવ્યો નથી એને જ્ઞાન કેમ કહીએ, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એક-એક બોલે ગજબ કામ કર્યા છેને!

જ્ઞાનની સમ્યક્ પર્યાયમાં, ઉત્પાદમાં... આહા..હા..! સમ્યગ્જ્ઞાનના ઉત્પાદમાં, ઉત્પાદ આવી ગયો, એનો આશ્રય ધ્રુવ છે. આહા..હા..! એકબાજુ એમ કહે ૧૦૧ ગાથામાં કે ઉત્પાદ ધ્રુવથી પણ નહિ. આહા..હા..! અહીં ધ્રુવથી ઉત્પાદ થયો નથી, ધ્રુવનો આશ્રય છે એટલું છે. આહા..હા..! સમજામું કાંઈ? ત્યાં એમ કહે ઉત્પાદ, જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ ઉત્પાદથી છે, ધ્રુવથી નહિ, પૂર્વની અવસ્થાના વ્યયથી નહિ. તો અહીં કહે છે કે ઉત્પાદનો આશ્રય દ્રવ્ય ધ્રુવ છે. આશ્રય ધ્રુવ છે. આહા..હા..! એનાથી નથી ખરેખર તો. આહા..હા..! આવો માર્ગ, ભાઈ!

જિનેન્દ્રદેવ પરમાત્મા એને ગણધર અને ઈન્દ્રોના એકાવતારી જીવોમાં, ગણધર તે શરીરે મોક્ષ જવાના છે, ઈન્દ્ર છે એ શક્રેન્દ્ર એક ભવે મોક્ષ જવાના, એ સભામાં આમ કહ્યું હતું પરમાત્માએ. આહા..હા..! ભાઈ! તને જે જ્ઞાન થાય એ જ્ઞાનને જ્ઞાન ક્યારે કહીએ? તે જ્ઞાનને ભગવાન પરમાત્માનો આશ્રય મળે તો. પોતાના ભગવાનનો આશ્રય મળે તો. આહા..હા..! અરિહંત ત્રિલોકનાથના સમવસરણનો આશ્રય મળે અને જ્ઞાન થાય એ જ્ઞાન નહિ. આહા..હા..!

ભગવાન સુખસ્વરૂપ છે, અમૂર્ત છે, અનાદિ-અનંત છે, અતીન્દ્રિય સ્વભાવસ્વરૂપ છે, શુદ્ધ છે, એ જ્ઞાનની પર્યાયનું અવલંબન છે. એ પર્યાયને બીજા કોઈનું અવલંબન નથી.

આહા..હા..! બીજી રીતે કહીએ તો તેની જ્ઞાનની પર્યાયમાં ઘણું જ્ઞાન જાણપણું પરને લક્ષે થયું. સમજાણું કાંઈ? એને આશ્રયે પછી ઉત્પાદ થયો એમ નથી. આહા..હા..! શાસ્ત્રને સાંભળ્યા, વાંચ્યા, દિવ્યધ્વનિ સાંભળીને જે જ્ઞાન થયું એ જ્ઞાનને આશ્રયે ઉત્પાદ થયો એમ નથી. આહા..હા..! એ જ્ઞાન સમ્યક્ ઉત્પન્ન થયું તે ધ્રુવનો એને આશ્રય છે. અવલંબન ધ્રુવનું છે. પૂર્વના જ્ઞાનનો ઉઘાડ ઘણો હતો માટે સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થઈ (એમ નથી). આહા..હા..! કેટલી વાત કરે છે!

અહો..! જન્મ-મરણને મૂકવાનું જ્ઞાન તે આવું હોય. આ બધા વકીલાતના જ્ઞાન અને ડોક્ટરના જ્ઞાન એ બધા રખડવાના જ્ઞાન છે. ચાર ગતિમાં બૂડવાના જ્ઞાન છે એ બધા, એ જ્ઞાન જ નથી. એ તો જ્ઞાન નથી, પણ શાસ્ત્રને સાંભળ્યું દિવ્યધ્વનિ, સમવસરણમાં સાક્ષાત્ ત્રણલોકના નાથ એની દિવ્યધ્વનિ સાંભળીને જે જ્ઞાન થયું એ જ્ઞાન થયું પોતાથી, એમાં વાણી તો નિમિત્ત છે, એ પણ જ્ઞાન નહિ. એ વખતે જે જ્ઞાન થયું છે સાંભળવામાં એ કાંઈ સાંભળવાના કારણે નથી થયું, ઉપદાનને કારણે પોતામાં એનો વિકાસ થયો છે, પણ એ પણ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું આકરું લાગેને એટલે પછી સોનગઢીયા આમ છે. અરે ભગવાન! એમ રહેવા દે ભાઈ તું. આહા..હા..! અરે! આ તો પ્રભુનો માર્ગ આ છે, બાપુ! આ સોનગઢની વાત ક્યાં છે? આહા..હા..! ભાઈ! તને મળી ન હોય માટે તું એમ ને એમ આ સોનગઢની વાત છે, સોનગઢ નામ પડે ત્યાં ભડકે છે માણસ. એઈ..!

બાબુભાઈને.. પહેલા મૂળ દિગંબર હતા અને પૂજા, ભક્તિનું બધું એને સ્તવન બહુ યાદ સંપ્રદાયનું. એટલે એને આ નિશ્ચય જ્યાં મેળવ્યું એટલે એની સાથે મેળવીને વાત કરે એટલે લોકોને સારી લાગે. જુઓ આમ કહે છે. આ ભક્તિમાં આમ કહ્યું છે, આ સજ્ઝાયમાં આમ કહ્યું છે. આમ મૂળ તો દિગંબરને પહેલેથી બિચારા. આઠ વર્ષથી. આઠ વર્ષના લગન પછી તો બ્રહ્મચર્ય પાળતા અને નિવૃત્તિથી અપાસરામાં દિગંબર ઓલામાં વાંચન કરે. ત્યાં સૂતા. એટલે એને ઓલી પૂર્વની જે ઓલી પૂજા ને ભક્તિમાં બધું ઘણું આવે અંદર. એ આવ્યું હોય આ મેળવી દે આમાંથી, મેળવીને કહે જુઓ આમાં આમ કહ્યું છે. એટલે લોકોને એમ થાય હા! સમજાણું કાંઈ? એ એક વાત થઈ.

સમ્યગ્જ્ઞાનમાં ભાષા છે. જોયું? 'ખરેખર તે (આત્મા) છે;...' પાછું એમ. સમ્યગ્જ્ઞાનની દશા જે મોક્ષનો માર્ગ, જે મોક્ષના માર્ગનો એક જ્ઞાન અવયવ, જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણ થઈને મોક્ષનો માર્ગ એનો એક અવયવ જે સમ્યગ્જ્ઞાન તે ખરેખર, આ સમ્યગ્જ્ઞાનમાં ખરેખર, મારા સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે આત્મા છે જે આત્મા માથે કહ્યો તે. આહા..હા..!

હવે આ એકાંત લાગે. વ્યવહારુ જ્ઞાન હોય તો પછી થાય કે નહિ? શાસ્ત્રના જ્ઞાન હોય, પછી જ્ઞાન (થાય) એ આગ્રહ કરે પછી કેટલાક. હોય છે તે શું છે? હોય છે પણ એનાથી નિશ્ચય થાય છે? શબ્દ તો એવો છે ત્યાં તારા પ્રસાદથી. એ તો વ્યવહારના કથન છે.

લ્યો! વ્યવહાર પંચાચારનું જે જ્ઞાન આવ્યુંને? ન આવ્યું? વિનય ભણવું, કાળે ભણવું આદિ આઠ બોલ છે એ તો બધો વિકલ્પનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? એ બધું પરલક્ષી છે. અને ત્યાં એમ કહ્યું પરલક્ષી જ્ઞાનને પ્રતાપે, પ્રસાદે મને આ પૂર્ણ જ્ઞાન ન થાય ત્યાં સુધી તું સાથે હો. અરે ભગવાન! શું શૈલી! ચરણાનુયોગની છેને. સમજાણું કાંઈ?

અહીં તો પહેલે ધડાકે કહે છે, જે સમ્યગ્જ્ઞાન સાચું મોક્ષના માર્ગને કારણરૂપે, મોક્ષના કારણરૂપે. માર્ગ કહો કે કારણ કહો. એ મોક્ષના પરમાનંદની દશા. પરમાનંદની દશા તે મુક્તિ. એના કારણરૂપે સમ્યગ્જ્ઞાન. તે જ્ઞાનમાં આશ્રય ભગવાન ત્રિલોકનાથનો છે—પોતાનો. આહા..હા..! અને તે ખરેખર એમ લીધુંને? છે? આત્મા ખરેખર કીધો હતો અને આ સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે જે છે તે આત્મા છે. આહા..હા..! જુઓને એક અઢી લીટીમાં તો. આહા..હા..! પહેલું કહ્યું હતુંને ખરેખર આત્મા. હવે અહીં કહે છે કે મારા સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે આત્મા છે. આહા..હા..! અઢી લીટી. હજી તો અહીં સમ્યગ્જ્ઞાનની વાત ચાલે છે, એક બોલની. સમજાણું કાંઈ?

હવે બીજો બોલ. મારા સમ્યગ્દર્શનમાં. હવે સમ્યગ્દર્શન. આહા..હા..! ત્યાં ભાષા કેવી છે વિશેષ ફેરવી છે જુઓ, **'પૂજિત પરમપંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત...'** આહા..હા..! **'પૂજિત પરમપંચમગતિની પ્રાપ્તિ...'** ત્યાં નાખ્યું સમ્યગ્દર્શનમાં. પૂજવાયોગ્ય એવી પરમ પંચમગતિ મુક્તિ એની પ્રાપ્તિના હેતૂભત. એ મોક્ષની પ્રાપ્તિનું કારણ એવા પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો જે હું. આહા..હા..! એનું કારણ શું? કે પંચમભાવ જે ત્રિકાળી છે તેની ભાવનારૂપે કે એકાગ્રતારૂપે થયેલો હું. આહા..હા..! ભારે ગાથા! અલૌકિક છે. આવી વાત છે, ભાઈ! એક તો મોક્ષગતિ પૂજિત છે એમ સિદ્ધ કર્યું. મહા સિદ્ધદશા સંસારનો અંત થઈ ગયો અને પરમાનંદની સાદિ અનંત પ્રાપ્તિ થઈ. આહા..હા..! અનંત અનંત સમાધિ સુખ અને અનંત દર્શન-જ્ઞાન પ્રગટ્યા ત્યાં મોક્ષ. એવી મોક્ષની પ્રાપ્તિનું કારણ. મોક્ષ કાર્ય એની પ્રાપ્તિનો ઉપાય પંચમભાવની ભાવના. આહા..હા..! એ પારિણામિક ત્રિકાળ જે સ્વભાવ જે આત્મા કીધો હતોને? એ પંચમભાવસ્વરૂપ તે આત્મા છે. જે આત્મા કહ્યો માથે, એ પંચમ પારિણામિકભાવસ્વરૂપે ભગવાન છે. આહા..હા..! પંચમભાવ એટલે ત્રિકાળ આત્મા થયો. માથે કહ્યો એ. એને ભાવમાં નાખ્યો પંચમભાવ તરીકે. આહા..હા..! એની ભાવના એટલે તેમાં એકાગ્રતા. પંચમસ્વભાવભાવ એવો જે આત્મા તેની એકાગ્રતા. એ રૂપે પરિણમેલો જે હું. આહા..હા..! **'તેના સહજ સમ્યગ્દર્શનવિષયે...'** તેના સ્વભાવિક સમ્યગ્દર્શનવિષયે. સમ્યગ્દર્શન સ્વભાવિક નિર્મળ નિશ્ચય. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પંચમભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કીધુંને પહેલું એ? પંચમભાવ એ જ આત્મા છે. આત્મા જે કહ્યો એ પંચમભાવ છે. ભિન્ન-ભિન્ન રીતે કરીને સમ્યગ્દર્શનમાં અહીં કહેવું છેને? સમ્યગ્દર્શનમાં

પંચમભાવની એકાગ્રતા એવું જે સમ્યગ્દર્શન. આહા..હા..! સમજાણું કાંઈ? પંચમભાવ એટલે માથે આત્મા કહ્યો તે. એને પંચમભાવ કીધો અહીં. એની એકાગ્રતારૂપે. ભાવના એટલે એની પર્યાય. એની ભાવના, ભાવની ભાવનારૂપે પરિણમેલો જે હું. આહા..હા..! **'તેના સહજ સમ્યગ્દર્શનવિષયે...'** તેના સ્વભાવિક નિશ્ચયસમ્યગ્દર્શનના વિષયે **'(અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં**) તે (**આત્મા**) છે;...' માથે કહ્યો તે. આહા..હા..! મારા સમ્યગ્દર્શનના વિષયમાં આશ્રય મારો આત્મા છે. સમ્યગ્દર્શની પર્યાયમાં મારો આત્મા તે આ ધ્રુવ તે આશ્રય છે. આહા..હા..! કહો, દેવશીભાઈ! આવું આ ગામડાના માણસને (સમજવું કઠણ). આત્મા પણ ગામડામાં ક્યાં છે?

**શ્રોતા :-** એ ગામડાનો નહોતો અને આ શહેરમાં ક્યાં હતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી છે. ત્યાં તો નજીક તમારે શહેર ધાંગ્રધા અને વઢવાણ કાંપ, નહિ?

આહા..હા..! શું વાત! અમૃતના સાગર ઉછળ્યા. પ્રભુ! તું અમૃતસ્વરૂપ છોને. પ્રભુ! તારું આનંદસ્વરૂપ છેને. એવો આનંદસ્વરૂપ તે પંચમભાવ છે. આહા..હા..! એવા પંચમભાવની ભાવના એટલે એકાગ્રતા એ પર્યાય છે. પંચમભાવ તે આત્મા દ્રવ્ય ધ્રુવ છે એની ભાવના તે પર્યાય છે. એની ભાવનારૂપે પરિણમેલો જે હું. આહા..હા..! **'તેના સહજ સમ્યગ્દર્શનવિષયે...'** છે? આહા..હા..! ઓલામાં એટલું હતું કે શુદ્ધજ્ઞાનચેતના પરિણમેલો હું. તેના સમ્યગ્જ્ઞાનમાં ખરેખર. એટલું હતું. આહા..હા..! ત્યારે અહીં **'તેના સહજ સમ્યગ્દર્શનવિષયે (અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં**) તે (**આત્મા**) છે;...' ત્યાં ઓલો ખરેખર શબ્દ ન નાખ્યો જોયું! વિષય લીધોને. આહા..હા..! શું કીધું?

ફરીને. ત્યાં ખરેખર તે આત્મા છે એમ કીધું. સમ્યગ્જ્ઞાનમાં, એમ. અને અહીં કીધું કે સહજ સમ્યગ્દર્શનવિષયે મારા સ્વભાવિક સમ્યગ્દર્શનની પર્યાયમાં તે આત્મા છે. તે ખરેખર આવી ગયું એમાં. ઓલામાં ખરેખર છે તો અહીં પણ ખરેખર આવી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કે સમ્યગ્દર્શનની પર્યાયનો આશ્રય ત્રિકાળી ભગવાન આત્મા છે. **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** આહા..હા..! ૧૧મી ગાથા. ચારે કોરથી જુઓ તો વિષય એક જ ઊભો થાય છે. આહા..હા..! ૧૧મી ગાથા કહીને. **'भूदत्थमस्सिदो'** સત્યાર્થ જે આ પંચમભાવ, સત્યાર્થ જે આ આત્મા કહ્યો એ. **'भूदत्थमस्सिदो'** એનો જે આશ્રય કરે છે એને સમ્યગ્દર્શન થાય છે. **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** આહા..હા..! ત્રિકાળી સત્યાર્થ જીવસ્વભાવનો આશ્રય કરે તે જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં વાત લીધી. આહા..હા..!

ઓલું તો સમ્યગ્દર્શન (એટલે) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, અરિહંતો મહા દેવો... એવી વાત છે. આહા..હા..! નવ તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. અહીં તો કહે છે કે સમ્યગ્દર્શનની જે

પર્યાય છે, નિર્મળ જે મોક્ષનો ઉપાય છે, જે મોક્ષનો અવયવ નામ કારણ છે એના આશ્રયમાં... વિષય શબ્દ વાપર્યો છેને? સમ્યગ્દર્શન વિષયે, મારા સહજ સમ્યગ્દર્શનમાં, મારા સમ્યગ્દર્શનમાં તે આત્મા છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ઓલી અનુભૂતિની જ્ઞાનની પર્યાયમાં આત્મા છે. અહીં સમ્યગ્દર્શનના વિષયમાં એટલે સંબંધમાં એના આશ્રયમાં આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સાદી ભાષા છે. આ કાંઈ બહુ એવી ભાષા નથી. કેમ ભાઈ? મણિભાઈ! આહા..હા..!

ત્રણેમાં શબ્દો ભિન્ન-ભિન્ન વાપરે છે. ઓલામાં એકલું શુદ્ધ પરિણમેલો હું, તેના જ્ઞાનમાં ખરેખર આત્મા. અને '**પૂજિત પરમપંચમગતિની પ્રાપ્તિના...**' એનો '**હેતુભૂત...**' કારણભૂત. '**પંચમભાવની ભાવનારૂપે...**' એ પંચમગતિ, પરમપંચમગતિ અને પૂજ્ય એ ત્રણ 'પ' આવ્યા અને ચોથો પ્રાપ્તિ આવી ચાર. પૂજિત પરમ પંચમગતિની પ્રાપ્તિ. સમજાણું કાંઈ? આહા..હા..! પૂજવાયોગ્ય એક બોલ. પરમ-ઉત્કૃષ્ટ પંચમગતિ. ગતિની ઉત્કૃષ્ટતા તે.. પંચમગતિની પ્રાપ્તિ એ ચારેયમાં પ-પ આવ્યા. પંચમભાવની પ્રાપ્તિના પ-પા ચાર આવ્યા. આહા..હા..! એની પ્રાપ્તિનું કારણ પંચમભાવની પર્યાયિરૂપે, પંચમભાવના કાર્યરૂપે, પંચમભાવની એકાગ્રતારૂપે થયેલો જે હું. '**તેના સહજ સમ્યગ્દર્શનવિષયે...**' આ નિશ્ચયસમ્યગ્દર્શનવિષયે. આહા..હા..! ઓલા કહે કે વીતરાગ સમ્યગ્દર્શન તો વીતરાગભાવ હોય એને હોય એમ. આ તો ચોથે ગુણસ્થાને (કહે છે). એ તો બીજી અપેક્ષાએ વાત છે. સમ્યગ્દર્શન એ વીતરાગતા છે. સમ્યગ્દર્શનની પર્યાય એ વીતરાગભાવ છે. કેમકે વીતરાગભાવ ત્રિકાળ, ત્રિકાળ વીતરાગભાવને આશ્રયે થયેલી દશા તે વીતરાગભાવ છે. ત્રિકાળ જ્ઞાયકભાવને આશ્રયે થયેલું જ્ઞાન તે વીતરાગી જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન એ વીતરાગી જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી દેશના અને આવો ઉપદેશ. ભાગે માણસ બિચારા. આવો હું? ભાઈ! આ તો મીઠાશ લાગે એવી (વાત) છે, ભાઈ! તારા ઘરમાં જવાની વાત છે. ઘરથી દૂર-દૂર ફરે છો તો તે ઘરમાં જવાની વાત છે. આહા..હા..! તને પ્રસન્નતા આવશે એમાં, પ્રભુ! આહા..હા..! સમ્યગ્દર્શનના વિષયે. આહા..હા..! એનું ધ્યેય તે ત્રિકાળી ભગવાનને આશ્રયે જે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયને આશ્રયે પર્યાય થાય છે એમ નહિ. આહા..હા..! સમજાણું? બે બોલ થયા.

હવે ચારિત્રની વ્યાખ્યા. સ્વરૂપમાં રમણતા. ભગવાન આનંદ સુખસ્વરૂપ એમાં જે એનું રમવું, લીન થવું એવું જે ચારિત્ર. તો કહે છે '**સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિનો ઉપાયભૂત,...**' જોયું! આહા..હા..! ચારિત્ર એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન જ્ઞાન એ પરંપરા કારણ છે. આહા..હા..! ટીકા પણ એક-એક શબ્દે... '**સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિનો...**' નિર્વાણ કહો કે મોક્ષ કહો. પ્રાપ્તિના કારણભૂત. આહા..હા..! '**નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...**' શું ઉપાય એટલે? કહે છે કે નિજસ્વરૂપ જે માથે કહ્યું હતું. આહા..હા..! સવારમાં એ આવ્યું

હતુંને? યથાજાતરૂપવાળું સ્વરૂપ એવું એક.. યથાજાતરૂપવાળું સ્વરૂપ, વસ્તુ. એવું જે સ્વરૂપ તે એક તેની એકાગ્રતાના અવલંબનમાં... આહા..હા..! રહેલો. એકાગ્રતારૂપે રહેલો, એના ત્રિકાળી દ્રવ્યના અવલંબને રહેલો ઉપસ્થિત થયો છે. એમ હતું. એક લીટી પણ ઓહો..હો..! એ ચરણાનુયોગની હતી. સમજાણું કાંઈ? આહા..હા..! શાસ્ત્રમાં ક્યાં ઓછું છે કે લોકો બીજા શાસ્ત્રનો આધાર આપીને કરે. આમાં બધું છે. દિગંબર શાસ્ત્રોમાં બધું છે, ભાઈ! ઓલા વળી એમ કહે કે શ્વેતાંબરમાં જેવું દેવ-ગુરુ-શાસ્ત્રનું વિસ્તારથી વર્ણન છે એવું આમાં નથી. એનો આધાર લઈને ૨૫૦૦ વર્ષમાં મહાવીર...

**શ્રોતા :-** .. પારણા કરે છે એ ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે એ પારણાનું શું અહીં કામ છે? આહા..હા..! આનંદનું પારણું કર્યું એ કોણ છે એને સમજને હવે. આહાર, પાણી એ તો બધા જગતના પ્રાણી કરે છે. આહા..હા..! જેને અંતરના આનંદના અતીન્દ્રિય આનંદના પારણા (થયા), ભૂખ્યો હતો અનાદિનો. આહા..હા..! એ ભૂખની તૃષા જેણે ટાળી, આનંદના નાથને અવલંબીને જે અતીન્દ્રિય આનંદદશા થઈ એ એણે પારણું કર્યું. સમજાણું કાંઈ? આહા..હા..! દસલક્ષણી ધર્મમાં પણ ઓલી વ્યવહારની વાતું કરેને એ બહુ સારી લાગે, પણ દસલક્ષણી ધર્મની પર્યાય જે છે એ કોને આશ્રયે થાય? ભગવાન પડ્યો રહે અને વાતું કરવી ક્ષમા કરી ને આ કર્યું ને આ કર્યું. કારણ કે એ દશેય ઉત્તમક્ષમાદિ પર્યાય ધર્મની છે. ઉત્પન્ન (થાય) છેને. એ પર્યાયનો આધાર દ્રવ્ય વસ્તુ છે. એને આધારે અને એને આશ્રયે અને એને શરણે અને એને અવલંબે એ દશા થાય છે. આહા..હા..! એનો ... અને આત્માનો આશ્રય છોડીને વાતું કરવી ક્ષમાદિની એ ક્ષમા જ નથી. સમજાણું કાંઈ? એ આવે કે નહિ આમાં ચારિત્રમાં? આ ચારિત્રનો ભેદ છેને દસલક્ષણી? ચારિત્રનો ભેદ છે.

તો કહે છે કે એ ચારિત્ર કેવું છે? '**સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના...**' કારણભૂત '**ઉપાયભૂત, નિજસ્વરૂપમાં...**' પોતાનું જે સ્વરૂપ છે યથાજાતસ્વરૂપ અથવા માથે કહ્યું તે, એવા '**નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...**' આહા..હા..! ચળે નહિ એવી સ્થિતિ. જુઓ, આ ચારિત્ર એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને ચારિત્ર તે ધર્મ છે. સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. દંસણં મુલો ધમ્મો. સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. ધર્મ એટલે ચારિત્ર. એટલે ચારિત્ર સમ્યગ્દર્શન મૂળ વિના હોઈ શકે નહિ. સવારમાં આવ્યું નહોતું? મૂળગુણ. મૂળગુણની વ્યાખ્યા એવી કરી જયસેનાચાર્યે. મૂળ એવો જે આત્મા. એવો શબ્દ લીધો. ઓલા અઠ્યાવીશ મૂળગુણના વ્યવહાર નહિ. મૂળગુણ એટલે મૂળ એવો જે આત્મા એના ગુણો કેવળજ્ઞાનાદિ તે મૂળગુણ. આહા..હા..! મૂળ-મૂળ જેણે સંભાર્યું એણે. મૂળ એવો આત્મા એમ લીધું. અને એના ગુણો કેવળજ્ઞાન તે ગુણ એ મૂળગુણ. આહા..હા..! એ નિશ્ચયમૂળગુણ. એને વ્યવહાર અઠ્યાવીશ મૂળગુણ આદિ હોય છે. એ ભૂમિકાએ જ્યાં સુધી પૂર્ણ દશા ન પામે (ત્યારે) એવા અઠ્યાવીશ મૂળગુણના

વિકલ્પ હોય છે. છે એ બંધનું કારણ પણ ચરણાનુયોગમાં એને નિમિત્ત તરીકે ગણીને, હયાતી એની બતાવીને એના પ્રસાદથી થાય એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..!

'**નિજસ્વરૂપમાં અવિચળ...**' ચળે નહિ તેવી રીતે લીન. અંદર લીનતા આનંદમાં. '**સહજપરમચારિત્રપરિણતિવાળો જે હું...**' એમ કહીને મુનિ પોતાની દશા (કહે છે). આહા..હા..! '**मज्झ णाणे**' છેને? અને '**मज्झ चरित्ते**' એમ છેને? આહા..હા..! શું કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય સાક્ષાત્ મોક્ષના માર્ગના પ્રણેતા! પરિણમેલા અને પ્રણેતા. આહા..હા..! હવે એ કહે તમે કુંદકુંદાચાર્યને માનવા જશો તો બીજા આચાર્યોનું બલિદાન થાય છે. ભગવાન! ભગવાન! ભાઈ! બીજા આચાર્યોનું પણ હૃદય તો આ જ છે. ભલે વ્યવહારના કથનથી ચરણાનુયોગમાં કહ્યું હોય, પણ એનું હૃદય એના ઉપર આધાર છે એમ નથી. એ બધી પર્યાયનો આધાર ભગવાન છે એમ બધા આચાર્યને કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે એમાં કોઈ વાર્તા આવે નહિ. એમાં ઘરે જઈએ કહે કે તમે આજે શું સાંભળી આવ્યા? હું આવી નહોતી તમે શું સાંભળીને આવ્યા? કોણ જાણે કાંઈ કહેતા હતા કે આત્મા... આત્મા... આત્મા... આત્માનો આશ્રય, આત્માનો આશ્રય. એના ધર્મની પર્યાયમાં આત્માનો આશ્રય. શું હશે આત્મા? બાપુ! એ વસ્તુ છે.

ભાઈ! તું પ્રભુ છો, પરમેશ્વર છો. પરમેશ્વર ને પૂર્ણ પરમેશ્વરમાં વસ્તુદૃષ્ટિએ કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દર્શનનો આધાર પરમેશ્વર પોતે છે. ભગવાન પરમાત્મા સ્વરૂપે સમ્યગ્દર્શનનો વિષય એ છે. અહીં વિષય શબ્દ વાપર્યો. સમ્યગ્દર્શનનો વિષય તે દ્રવ્ય છે. સમ્યગ્દર્શનનો વિષય પર્યાય નહિ, રાગ નહિ, પર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એવી '**અવિચળ સ્થિતિરૂપ...**' મારું આનંદસ્વરૂપ ભગવાન ધ્રુવ એમાં '**અવિચળ સ્થિતિરૂપ સહજપરમચારિત્રપરિણતિવાળો...**' ઓહો..હો..! પંચમ આરામાં સરાગચારિત્ર હોય અને આ પરમચારિત્ર ન હોય. આ પોતે પંચમ આરાના સાધુ ૯૦૦ વર્ષ પહેલા થયા છે ઈ કહે છે. પદ્મપ્રભમલધારિદેવ આ ટીકા એની છેને. આહા..હા..! સ્વભાવિક પરમચારિત્રની અવસ્થાવાળો, પરણતિવાળો જે હું. પારિમામિકભાવની પરિણતિવાળો જે હું. આહા..હા..! '**તેના (અર્થાત્ મારા)...**' પાછો ઓલો શબ્દ નાખવો પડ્યો ઓલો .. છેને. '**સહજ ચારિત્રમાં...**' જે હું તેના એટલે મારામાં, એમ. '**સહજચારિત્રમાં પણ...**' ઓલા બે આવી ગયા હતા ખરાને (એટલે 'પણ' નાખ્યું). સમ્યગ્દર્શનમાં 'પણ' નહોતું નાખ્યું અને આ ચારિત્રમાં છે. કારણ કે એ તો બે એક દશા છેને દર્શન અને જ્ઞાન. અને આ તો બહુ ઊંચી દશા છેને ચારિત્ર. એના પછી થાય છેને. આહા..હા..!

સહજ સ્વભાવિક ચારિત્ર. જુઓ, આ મુનિઓનું ચારિત્ર અંદર. વીતરાગની પરિણતિ પરમ આનંદના સ્વસંવેદનની દશા એમાં પણ તે પરમાત્મા, તે પરમાત્મા એટલે આત્મા. આહા..હા..! આત્મા કહ્યો, એને પંચમભાવ કહ્યો એને અહીં પરમાત્મા કહ્યો. આહા..હા..! '**પરમાત્મા**

**સદા સંનિહિત (-નિકટ) છે;...'** ચારિત્રમાં મારો ભગવાન પરમાત્મા સમીપમાં છે. એ મારા ચારિત્રનો આશ્રય તે છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૭, શનિવાર, તા. ૧૧-૧૦-૧૯૭૫, ગાથા-૧૦૦, પ્રવચન નં. ૫૯

૧૦૦મી ગાથા. આ આત્મા જે અનાદિ-અનંત, ધ્રુવ, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળો, પરમસૌખ્યસ્વરૂપ અને શુદ્ધ એ આત્મા. એ આત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની સમીપમાં છે. એટલે કે એને આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે. આવી વાત. એને આશ્રયે સમ્યગ્દર્શન થાય માટે સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળ ધ્રુવ ચૈતન્યમૂર્તિ એનો વિષય છે. આહા..હા..! માટે સમ્યગ્દર્શન તે આત્માથી ઉત્પન્ન થાય માટે એ આત્મા છે. આહા..હા..! એમ ચારિત્ર. વ્યવહારજ્ઞાનમાં આત્માનો આશ્રય નથી. વ્યવહારજ્ઞાનમાં શાસ્ત્રના અક્ષરો આદિનો આશ્રય છે, માટે તે વાસ્તવિક જ્ઞાન નથી. જેના જ્ઞાનમાં આત્મા આશ્રય થાય તે જ્ઞાનને આત્મા કહે છે અથવા તે જ્ઞાનની સમીપમાં આત્મા છે, માટે તે જ્ઞાનને જ્ઞાન કહે છે. આહા..હા..!

એમ સમ્યગ્દર્શન. વિશેષ લીધું ત્યાં પંચમગતિની પ્રાપ્તિ. **'પૂજિત પરમપંચમગતિની પ્રાપ્તિના હેતભૂત પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો...'** આહા..હા..! પંચમભાવ કહો કે ત્રિકાળી આત્મા કહો કે એને પરમાત્મા કહો. એ પરમાત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. સ્વભાવિક સમ્યગ્દર્શનની પર્યાયનો એ વિષય છે અથવા એ મારા સમ્યગ્દર્શનમાં તે આત્મા છે. આહા..હા..! આમ કહેને કે ભાઈ! નવ તત્ત્વ તે સમ્યગ્દર્શન. એમાં આત્મા ક્યાં આવ્યો એનો આશ્રય? નવ તત્ત્વનો ભેદ એનો તો આશ્રય પર છે નવ તત્ત્વો. બંધ અધિકારમાં આવે છેને. આહા..હા..! એ સમ્યગ્દર્શન નહિ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જે પરિણતિ પર્યાય... કીધુંને અહીં. **'સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત, નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજપરમચારિત્રપરિણતિવાળો જે હું...'** આહા..હા..! **'તેના (અર્થાત્ મારા) સહજ ચારિત્રમાં પણ તે પરમાત્મા સદા નિકટ છે;...'** આહા..હા..! ત્યાં સુધી આવ્યું હતું.

હવે ચોથો બોલ. પ્રત્યાખ્યાન. છે એ ચારિત્રનો ભેદ પ્રત્યાખ્યાન, પણ વિશેષ સ્પષ્ટ માટે (જુદો લીધો છે). **'ભેદવિજ્ઞાની,...'** હું એ ભેદવિજ્ઞાની, એમ. રાગના વિકલ્પથી ભિન્ન પડેલો મારો આત્મા એવો જે હું ભેદવિજ્ઞાની, એમ કહે છે. આહા..હા..! **'પરદ્રવ્યથી**

**પરાङ્મુખ...'** પ્રત્યાખ્યાનની વ્યાખ્યા કરે છે. '**પરદ્રવ્યથી પરાङ્મુખ અને પંચેન્દ્રિયના ફેલાવરહિત દેહમાત્રપરિગ્રહવાળો...'** આહા..હા..! જુઓ, કેવા મુનિને કેવું પ્રત્યાખ્યાન હોય? જેને એક દેહમાત્ર પરિગ્રહ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવો '**જે હું તેના નિશ્ચયપ્રત્યાખ્યાનમાં...'** આહા..હા..! '**કે જે (નિશ્ચયપ્રત્યાખ્યાન), શુભ, અશુભ, પુણ્ય, પાપ, સુખ અને દુઃખ એ છના સકળસંન્યાસ્વરૂપ છે...'** આહા..હા..! શુભભાવના ત્યાગરૂપ, અશુભભાવના ત્યાગરૂપ, પુણ્ય એનું ફળ, પુણ્ય-પાપના એના ત્યાગરૂપ એના ફળ સુખ-દુઃખ એના ત્યાગરૂપ. આહા..! '**(અર્થાત્ છ વસ્તુઓના સંપૂર્ણ ત્યાગસ્વરૂપ છે)...'** સકળસંન્યાસ છેને? '**તેમાં—તે આત્મા સદા આસન્ન (નિકટ) રહેલો છે;...'** આહા..હા..! રાગના ત્યાગમાં આત્મા નિકટ છે. પ્રત્યાખ્યાનમાં આત્મા સમીપમાં છે અને આત્માને આશ્રયે તે થાય છે. આહા..હા..! એટલે વ્યવહાર હોય તો નિશ્ચય-પ્રત્યાખ્યાન થાય એમ ન કહ્યું આમાં.

**શ્રોતા :-** બીજા શાસ્ત્રમાં કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજામાં કહ્યું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. તે બધા કહે છેને સાધક-સાધક. ઓહો..હો..! વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય છે. એમાં આવ્યું હતુંને. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. નહિતર વિરોધ થઈ જાય. આ ઠેકાણે એમ કહે કે જે પ્રત્યાખ્યાન છે એ નિશ્ચયથી સ્વદ્રવ્યના આશ્રયે, રાગના અભાવ-સ્વભાવરૂપ પરિણમન તે પ્રત્યાખ્યાન છે. વ્યવહારના અભાવ-સ્વભાવરૂપ પરિણમન અને દ્રવ્યને આશ્રયે નિશ્ચય પરિણમન. આહા..હા..! ભારે કઠણ જગતને. માર્ગ આ છે, ભાઈ!

ખરેખર તો નિશ્ચયમોક્ષમાર્ગ જે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને પ્રત્યાખ્યાન કીધું એ વસ્તુની એકાગ્રતામાં પરમવીતરાગ આનંદના સુખસ્વરૂપનો પ્રતિભાસ થવો તે મોક્ષમાર્ગ છે. એ આમાં છે પહેલો શબ્દ. આજ ૬૫ બોલ વાંચ્યાને, ભાઈ! કાલે એક બોલ કહ્યો. ૬૫ આજ જોયા ફરીને. એ ૬૫નું મથાળું આ છે કે આત્માનો જે સ્વભાવ ત્રિકાળી શુદ્ધ ધ્રુવ, એનું જે ધ્યાન એટલે એકાગ્રતા એવો જે પરમવીતરાગ સુખસ્વરૂપનો પ્રતિભાસ થવો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. પરમવીતરાગ આનંદસ્વરૂપનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય. આહા..હા..! એને સત્ય નિશ્ચયમોક્ષમાર્ગ કહે છે. અમરચંદભાઈ! આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? પહેલું મથાળુ બાંધીને પછી ૬૫ બોલ લીધા છેને. ૫૬મી ગાથા, દ્રવ્યસંગ્રહ. આહા..હા..!

જેમાં વસ્તુ જે કીધી આવો આત્મા એનું ધ્યાન એટલે એને ધ્યેય બનાવીને એમાં એકાગ્ર થાય. આહા..હા..! એ એકાગ્રતામાં વીતરાગ સુખસ્વરૂપનું વેદન થાય અને પ્રતિભાસ થાય... આહા..હા..! એને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. લોકોને આ એવું થઈ જાયને કે આ તો બધું નિશ્ચય, પણ એ પામવાનું સાધન? પણ એ સાધન આત્મા સાધન છે. આહા..હા..!

**શ્રોતા :-** પોતામાં કરણ ગુણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરણ ગુણ છેને એનો. એકાંત લાગે માણસને બહુ. આહા..હા..! ઈ છે આમાં. ગુજરાતી છે? આ ગુજરાતી છે.

જે આ આત્મા પૂર્ણ શુદ્ધ જે ધ્રુવ દ્રવ્ય કીધુંને દ્રવ્ય, એના પરમધ્યાનમાં સ્થિત જીવોને. સમ્યગ્દર્શન પણ એક સ્વભાવની એકાગ્રતારૂપી ધ્યાન છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાન પણ સ્વભાવની એકતારૂપી એક ધ્યાન છે. આહા..હા..! ચારિત્ર પણ સ્વભાવની એકાગ્રતારૂપ એક સ્થિરતા છે ધ્યાનમાં. ધ્યાન શબ્દે એકાગ્રતા. 'પરમધ્યાનમાં સ્થિત જીવોને જે વીતરાગ પરમાનંદસુખનો પ્રતિભાસ થાય છે તે નિશ્ચયમોક્ષમાર્ગનું સ્વરૂપ છે.' આહા..હા..! કેવી વાત! સીધી. આડીઅવળી વાત મૂકી દઈને સીધી આ. એટલે લોકોને વ્યવહાર-વ્યવહાર એવો વળગ્યો છેને. વ્યવહાર હો, પણ એ તો બંધનું કારણ છે. આહા..હા..! એ પરાશ્રય છે. આ નિશ્ચય સ્વભાવ તે સ્વ-આશ્રય છે. આહા..હા..! એ જ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! એને પછી બીજા પર્યાયવાચીથી શું શું કહેવું એના ૬૫ નામ છે. પછી એમાં તો પરમપારિણામિકભાવ પણ નાખ્યો છે. એ તો પર્યાયને અભેદ કરીને, બાકી આશ્રય તો ત્રિકાળીનો જ છે. સમજાણું કાંઈ? એવા નામ ઘણા લીધા છે. ૬૫ નામ (છે). આપણે દ્રવ્યસંગ્રહ વંચાઈ ગયું છે. આહા..હા..!

કહે છે કે સુખ-દુઃખની કલ્પના કે શુભ-અશુભભાવ કે એનું ફળ જે શુભ-અશુભનું પુણ્ય-પાપ અને એનું ફળ જે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ એ છનો જેમાં ત્યાગ છે. આહા..હા..! અને જેના સમીપમાં ભગવાન આત્મા વર્તે છે. આહા..હા..! એટલે કે જેને પ્રત્યાખ્યાનમાં આત્માનો આશ્રય છે. છ બોલનો ત્યાગ છે અને આત્માનો આશ્રય છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ બાપુ એવો ઝીણોને માણસને (આકરો લાગે છે). મૂળ વસ્તુ સમજે નહિને. એ પર્યાયમાં તો ભાઈ સમયસાર શબ્દ આવ્યો છે. મોક્ષમાર્ગની પર્યાય અને આમાં સમયસાર એ પરમાત્મા, એ પરમપારિણામિક... આહા..હા..! સમજાણું કાંઈ?

પરમ દિ' રાતે નહોતું કહ્યું? કે જુઓ! પર્યાયને આત્મા કહ્યો. ૨૦ બોલમાં. વેદનમાં, આનંદનું વેદન. અલિંગગ્રહણમાં. સમયસાર નાટકમાં નહિ, અલિંગગ્રહણમાં, પ્રવચનસાર. શુદ્ધ. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે સામાન્ય દ્રવ્યસ્વભાવ તેને આત્મા આલિંગન કર્યા વિના એ આત્મા શુદ્ધ પર્યાયસ્વરૂપ છે. આહા..હા..! આશ્રય તો દ્રવ્યનો જ છે ત્યાં, પણ વેદનમાં જે આનંદનું વેદન આવ્યું એ આત્મા. મને આત્મા ધ્રુવ છે એ જણાણો પણ એનું વેદન નથી કાંઈ. વેદન તો પર્યાયનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એક બાજુ એમ કહે કે રાગ અને દ્વેષ અને મિથ્યાત્વભાવ... એ રાગ અને દ્વેષ લ્યો, એ પણ શુદ્ધદ્રવ્ય છે. એ કઈ અપેક્ષાએ? પોતામાં થાય છે એ અપેક્ષાએ. આહા..હા..! સમજાણું કાંઈ? એક બાજુ કહે કે શુદ્ધદ્રવ્ય તો એને કહીએ કે જે ત્રિકાળી ધ્રુવ છે તેને શુદ્ધદ્રવ્ય કહીએ. આહા..હા..! અપેક્ષા ન જાણે અને એમ ને એમ પકડે તો કાંઈ ન ચાલે ભાઈ!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગમાર્ગથી કહેલો, વીતરાગથી કહેલો માર્ગ છે. આહા..હા..! પ્રત્યક્ષ સર્વજ્ઞથી જોયું અને જે અનુભવમાં આવ્યું વેદન પૂર્ણ, ત્યારે વાણી નીકળી ઈચ્છા વિના. આનંદનું ધ્યાન કરે છે આવે છેને. કેવળી શું કરે? કે આનંદનું ધ્યાન. આનંદને વેદે છેને. આહા..હા..!

એકકોર એમ કહે, ભાઈ! જેમ માટીના ભેદ પાડવા કે આ સંકોરું છે ને આ ફલાણું છે ને આ ઢીંકણું છે એ બધો અશુદ્ધનય છે. આહા..હા..! એમ આત્મામાં ભેદ પાડવા કે આ ગુણ છે અને આ પર્યાય છે એવા ભેદ પાડવા એ અશુદ્ધનય છે. આહા..હા..! અને માટીને માટી તરીકે એકરૂપે જાણવી એ શુદ્ધનય છે. એમ ભગવાન આત્માને... આહા..હા..! અભેદ એકાકાર, અભેદ એટલે પર્યાયસહિત નહિ, ત્રિકાળ જ્ઞાયકભાવ જે અભેદ એને શુદ્ધનય કીધો. અશુદ્ધનય અને શુદ્ધનય એ છેલ્લા બે બોલ છેને. ૪૬ અને ૪૭. ઓહો..હો..! સમજાણું કાંઈ? ભેદ પાડવા એ અશુદ્ધનય. એકકોર કહે કે રાગ એ પોતાનો જાણવો એ શુદ્ધદ્રવ્ય. પરમ દિ' રાતે ઘણું કહેવાયું હતું. બધા બોલો લીધા હતા. આહા..હા..! મોક્ષમાર્ગની પર્યાય થઈ એ પણ અશુદ્ધનયનો વિષય થયો એ હિસાબે. ભેદ પડ્યોને? આહા..હા..! આ તે વાતું.

અને ત્રિકાળી દ્રવ્યને જ્યારે નિશ્ચય કહીએ, નિશ્ચય જાણીએ ત્યારે નિશ્ચયમોક્ષમાર્ગ પણ વ્યવહાર થયો એ. વ્યવહાર છે. પર્યાય છેને એટલે વ્યવહાર છે. આહા..હા..! એ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયને એકકોર પરદ્રવ્ય કહ્યું. ૫૦મી ગાથા (નિયમસાર). આહા..હા..! એકકોર રાગને શુદ્ધદ્રવ્ય કહ્યું અને મોક્ષની પર્યાયને એકબાજુ પરદ્રવ્ય કહી. આ તે... હે નાથ! તારી નય તો ઈન્દ્રજાળ જેવી છે. આહા..હા..! તું એકકોર વિસ્તાર કર અને એકકોર સંકોચી લે પાછું. આહા..હા..! સમજાણું કાંઈ? આકરું લાગે માણસને. આહા..હા..!

**શ્રોતા :-** ઘૂંચવાઈ નહિ જાય આમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘૂંચવાઈ નહિ, ઘૂંચવણને ટાળવાની એ વાત છે. કઈ અપેક્ષાએ? ક્યા કારણે? શું ફળ માટે, હેતુ માટે કહ્યું એને જાણવું જોઈએને? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એક જ વાત કરીએ ભૂલ ન થાય, આટલી બધી વાત કરે તો ભૂલ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભૂલ ન થાય. એમાંથી ભૂલ ટળી જાય. એકાંત થાતું હોય તો એમાં અપેક્ષા બધી જ્ઞાનમાં જાણે તો એને એકાંત ટળી જાય. આહા..હા..! એવી વાત છે, ભાઈ! એથી આચાર્યે કહ્યું, હે પ્રભુ! તારી નય તો... ઓહો..હો..! એકકોર આત્મામાં ધ્યાનની પર્યાયનું કથન શુદ્ધનય કહેતો નથી. આવ્યું? ધ્યાનની પર્યાય જે મોક્ષમાર્ગની પર્યાય. આહા..હા..! અહીં કીધુંને કે આત્માના ધ્યાનમાં વીતરાગી સુખનો પ્રતિભાસ તે મોક્ષમાર્ગ.

હવે એને અહીં કહ્યું કે નિશ્ચય જે મોક્ષમાર્ગ છે... સમજાણું કાંઈ? શું કહ્યું પહેલા? એ અશુદ્ધ છે. આહા..હા..! ભાઈ! આ તો એણે જાણવું પડશે. એને બધા પડખા (સ્પષ્ટ) જોઈએ. વસ્તુની સ્થિતિના પડખા જાણવા પડશે. એમ ને એમ માની લે કે જેને અધ્યાત્મ પ્રગટ્યું સમ્યગ્દર્શન અને અનુભવ એ તો પછી ત્યાગી થઈ જાય. કોનો ત્યાગી એની ખબર નહિ. પછી બહારથી ઉઘાડે પગે ચાલે, વિહાર કરે. અરે ભગવાન! ત્યારે એણે અધ્યાત્મ જાણ્યું કહેવાય, એમ કહે. આહા..હા..! એમ નથી. અધ્યાત્મ નામ આત્માને જે જાણ્યો સ્વને આશ્રયથી એવા જીવને ચક્રવર્તીનું રાજ પણ હોય, છન્નું હજાર સ્ત્રી પણ હોય એટલે એ અધ્યાત્મનું સમકિત નથી એમ નથી એને. આહા..હા..! શું થાય?

**શ્રોતા :-** .. નહોતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છન્નું હજાર સ્ત્રી, છ ખંડનું રાજ, વળી કામદેવ, ચક્રવર્તી, તીર્થંકર, કામદેવ ત્રણ તો પદવી. આહા..હા..! એ સમ્યગ્દષ્ટિ અધ્યાત્મી નહોતા? સમજાણું કાંઈ? માર્ગ બાપુ સમજવાનો ભારે કઠણ. સમજાણું કાંઈ? શ્રેણીક રાજા ક્ષાયિકસમકિતી અને તીર્થંકર ગોત્ર સમયે સમયે બાંધનારા એણે આપઘાત કર્યો. એથી ક્ષાયિકસમકિત ચાલ્યું ગયું એમાં? એ તો રાગનું દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલા માર્ગની વાતું છે. કલ્પનાથી ઊભું કરે એ કાંઈ માર્ગ નથી. આહા..હા..! અરે! આ ચોર્યાશીના અવતાર એમાંથી નીકળીને સ્વભાવમાં આવવું એ કોઈ અલૌકિક વાતું છે. સમજાણું કાંઈ?

કહે છે... આહા..હા..! એ મારા પ્રત્યાખ્યાનમાં.. ધર્મી એમ જાણે છે કે મારું જે પ્રત્યાખ્યાન છે એટલે ચારિત્રની દશા છે એમાં મારો આત્મા જ આશ્રયભૂત, આધારભૂત છે. એને કોઈ વ્યવહાર દયા, દાનના વિકલ્પ અને વ્યવહારરત્નત્રયનો આધાર છે તો નિશ્ચયપ્રત્યાખ્યાન છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞદેવનું કથન શું છે એની ખબરું ન મળે અને કલ્પનાથી માને. શું થાય? ભાઈ! આહા..હા..! નિશ્ચય સત્ય પ્રત્યાખ્યાન, પચ્ચખાણ એને કહીએ ચારિત્ર, પચ્ચખાણ એક ચારિત્રનો ભાગ છે, એ ચારિત્ર એને કહીએ કે જે ચારિત્રની આનંદની દશાની રમતમાં જેનો આશ્રય ભગવાન આત્મા જ હોય. ત્રિકાળી ધ્રુવ આત્મા જ જેના આશ્રયમાં હોય. એને વ્યવહારનો આશ્રય હોય નહિ. આહા..હા..! વ્યવહારના શુભ વિકલ્પો જે છે એનો આશ્રય નિશ્ચય-પ્રત્યાખ્યાનને હોય નહિ એમ કહે છે. આહા..હા..! એટલે વ્યવહારથી નિશ્ચય થાય એ વાત રહેતી નથી. સમજાણું કાંઈ? ભારે આકરી વાત, ભાઈ!

મારા પ્રત્યાખ્યાનમાં સદા આસન્ન—નિકટ ભગવાન છે. આહા..હા..! મારી ચારિત્રદશામાં તો ભગવાન સમીપે વર્તે છે. આહા..હા..! અને રાગ દૂર વર્તે છે. વ્યવહાર દૂર વર્તે છે અને આત્મા સમીપ વર્તે છે. આહા! બાપા! નિશ્ચયસમ્યગ્દર્શન એમાં મારો ભગવાન આત્મા ધ્રુવ તે સમીપ વર્તે છે અને વ્યવહારસમકિતનો વિકલ્પ તે મારાથી દૂર વર્તે છે. આહા..હા..!

સમજાય છે કાંઈ? આવી વસ્તુસ્થિતિ બહુ ઝીણી, બાપા! અત્યારે સંપ્રદાયમાં તો એવા ગોટા છે કે અસત્યને સત્ય મનાવીને ચાલ્યું છે બધું. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ કહે છે કે મારા સમ્યગ્જ્ઞાનમાં મારો પ્રભુ સમીપમાં છે, આશ્રયમાં છે. મારા જ્ઞાનમાં વીતરાગની વાણી અને વીતરાગ તે દૂર વર્તે છે. આહા..હા..! અરે! વીતરાગ અને વીતરાગની વાણી સાંભળીને થયેલું જ્ઞાન પોતાનું પર્યાયમાં એ મારા જ્ઞાનના આશ્રયમાં આત્મા છે એ લક્ષ રહે એવા જ્ઞાનવાળો આશ્રય મારે નથી. આહા..હા..! બહુ માર્ગ, ભાઈ! સત્ય માર્ગને હજી એને સાંભળવા મળે નહિ બિચારાને. આહા..હા..!

એમ સમ્યક્ ચારિત્ર, સત્ય ચારિત્ર, એ આનંદનો અનુભવ. આહા..હા..! ચારિત્ર એટલે આનંદનો અનુભવ. આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ એ ચારિત્ર છે. એવા આનંદના અનુભવીરૂપી ચારિત્રને મારા નાથ આત્માનો આશ્રય છે મારે તો. સમજાણું કાંઈ? એવા આનંદના ચારિત્રને વ્યવહારમહાવ્રતના વિકલ્પોનો આશ્રય દૂર વર્તે છે, આશ્રય નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ પ્રત્યાખ્યાન. આહા..હા..! મારા પ્રત્યાખ્યાન પચ્ચખાણરૂપી પરના ત્યાગરૂપી ભાવમાં એ મારો ભગવાન આત્મા મારા પ્રત્યાખ્યાનમાં, સમીપમાં તો આશ્રય તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ રસપરિત્યાગ કર્યો, ફલાણું છોડ્યું, ઢીંકણું છોડ્યું. એ રસપરિત્યાગ મેં કર્યો એ તો ગ્રહણ-ત્યાગબુદ્ધિ આત્મામાં છે જ નહિ. પરપદાર્થનું ગ્રહવું અને પરપદાર્થનું છોડવું એ તો આત્મામાં છે જ નહિ ત્રણકાળ, ત્રણલોકમાં. આહા..હા..! ફક્ત રસ ખાવાનો જે ભાવ અને એની ગૃદ્ધિનો રાગ એનો જે ત્યાગ એવું જે પ્રત્યાખ્યાન એનો આશ્રય આત્મા છે. જેમાં આત્મા આશ્રય નથી એને પ્રત્યાખ્યાન હોઈ શકે નહિ. આહા..હા..! ભારે ભાઈ આવી વાતું. પછી આ વાતું (સાંભળીને) લોકો એમ કહે કે એ સોનગઢની વાતું. સોનગઢની છે કે ભગવાનની છે? આહા..હા..! એને સાંભળવા મળી નહિ અને સંપ્રદાયની વાતું વ્યવહારની મળી એટલે એને માને કે..

આ તો ભગવાન ત્રણલોકનો નાથ એમ કહે છે. આહા..હા..! જિનેન્દ્રદેવ પરમેશ્વર સીમંધર ભગવાનની પાસે સાંભળીને આવ્યા એ કહે છે કે મેં સાંભળ્યું અને જે મારું લક્ષ એના પ્રત્યે હતું એના આશ્રયે મારું જ્ઞાન નથી. આહા..હા..! કહો, છોટાભાઈ! આવું છે. છોટામાંથી મોટા થાવું હોય તો આવું છે, કહે છે. એણે મોટાની ઓથ લેવી પડશે. આહા..હા..! મહાપ્રભુ ધ્રુવ ચૈતન્ય આનંદકંદ એ મહા મોટો પરમાત્મા છે પોતે હોં. એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મોટપ પ્રગટ થાય છે. આહા..હા..! દેવ, ગુરુ અને શાસ્ત્રને આશ્રયે પણ રાગ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આવી વાત છે.

પછી સંવર અને યોગ એ બે બોલ રહ્યાને હજી? સંવર અને યોગ બે બોલ રહ્યા. મુનિરાજ પોતાની વાત કરીને જગતને વાતને સમજાવે છે. '**સહજ વૈરાગ્યરૂપી મહેલના**

**શિખરનો શિખામણિ,...**' આહા..હા..! પરથી તદ્દ્ન ઉદાસ છું, કહે છે. સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલ એના શિખરનો શિખામણિ. વૈરાગ્ય એટલે? આહા..હા..! ચૈતન્ય દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈને પરના રાગનો જેમાં અભાવ વર્તે તેને વૈરાગ્ય કહેવામાં આવે છે. ફરીને. ભગવાન આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એના આશ્રયથી જે પ્રત્યાખ્યાન થયું... સમજાણું કાંઈ? અહીં તો પોતે વૈરાગ્ય કહેવો છેને? એને આશ્રયે જે સ્થિરતા, દર્શન અને જ્ઞાન થયા અને રાગથી વિરક્ત થયો તેને વૈરાગ્ય કહેવામાં આવે છે. આહા..હા..! એકલા વૈરાગ્ય બાયડી, છોકરા છોડે માટે આ વૈરાગ્ય છે એ વૈરાગ્ય-ફૈરાગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બાયડી, છોકરા છોડે એ વૈરાગ્ય જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાયડી, છોકરા છોડ્યા એ માન્યતા જ મિથ્યાત્વની છે. કે દિ' ગરી ગયા હતા તે છોડ્યા એણે? આત્મામાં એક ગુણ એવો છે કીધું હતું નહિ? ઉપાદાન શૂન્યત્વશક્તિ. ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ. આત્મામાં એક ગુણ એવો છે. જેમ આનંદ ગુણ છે. આત્મામાં અતીન્દ્રિય આનંદગુણ આત્મામાં છે. એવો અતીન્દ્રિય જ્ઞાનગુણ આત્મામાં છે. એવો ત્યાગોપાદનશૂન્યત્વશક્તિ આત્માના ગુણમાં છે. પરનો ત્યાગ અને પરના ગ્રહણરહિત આત્માનો ગુણ છે. આહા..હા..! સમજણું કાંઈ? દૃષ્ટિ જેને પરના ત્યાગ ઉપર છે અને એને ત્યાગ માન્યો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

**શ્રોતા :-** પરનો તો ત્યાગ અનાદિનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરના ત્યાગ અભાવસ્વરૂપ છે. પરદ્રવ્યના અભાવસ્વરૂપ જ આત્મા છે. આત્માનો અભાવ નામનો એક ગુણ છે કે જે રજકણ ને રાગ ને બધી ચીજો એના અભાવસ્વભાવરૂપ એનો ગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ પહેલો પકડાવો હજી ઉપદેશ શું કહે એ કઠણ પડે. આવો ઉપદેશ અને આ એનું ફળ શું? કે શાંતિ. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયનો ત્યાગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયબુદ્ધિનો ત્યાગ છે. એક સમયની પર્યાયમાં રમત છે એ તો અનાદિની મિથ્યાદષ્ટિની રમત છે. આહા..હા..! '**पज्जयमूढा हि परसमया**' એમ પ્રવચનસારની ૯૩ ગાથામાં કહ્યું છે. એક સમયની પર્યાય છે તેમાં રોકાણો છે એ જ મિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે. આહા..હા..!

અહીંયાં તો ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ ધ્રુવ સુખસ્વરૂપ, શુદ્ધ તેમાં એકાગ્રતા એ, પરથી ભિન્નતા એ વૈરાગ્ય, સ્વમાં એકતા એ વસ્તુસ્થિતિ. આહા..હા..! વૈરાગ્યનો અર્થ એવો નથી કે આ બાયડી, છોકરા છોડ્યા માટે વૈરાગી. એ તો વેરાગી છે, વૈરાગી નહિ. આણે સંસાર છોડ્યો એમ નથી કહેતા? દુકાન, બાયડી, છોકરા, લાખો, કરોડો રૂપિયાની મૂડી-પુંજી બધી એ બધું છોડ્યું એ સંસાર છોડ્યો. જૂઠી વાત છે. એ બાયડી, છોકરા, દુકાન એ સંસાર છે જ નહિ. સંસાર તો એને કહે પરમાત્મા કે સ્વરૂપને ભૂલીને 'રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપ

મારા' એવો જે મિથ્યાત્વભાવ તે સંસાર છે. એ સંસારનો ત્યાગ સ્વભાવને આશ્રયે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ સ્વને આશ્રયે છે તો મિથ્યાત્વનો નાશ પણ જ્યાં સ્વનો આશ્રય કર્યો એટલે મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. એ મિથ્યાત્વ એ સંસાર છે. આહા..હા..! રાગની એકતા, દયા દાનના વિકલ્પની એકતા આત્મામાં એ જ મિથ્યાત્વ છે અને એ જ સંસાર છે. આહા..હા..! એનો સંસારનો અભાવ ત્યારે કહેવાય કે જે સ્વસ્વરૂપમાં સંસાર નથી. સ્વસ્વભાવ જે પારિણામિકભાવ જ્ઞાયકભાવ એમાં સંસારની પર્યાયનો અભાવ છે. એવો અભાવ છે તેનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન થાય તેને મિથ્યાત્વનો નાશ, સંસારનો નાશ થઈ જાય છે. આહા..હા..! વાતે વાતે ફેર. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો નહિ મળે એક ત્રાંબિયાના તેર.' એમ વીતરાગદેવ કહે છે કે પ્રભુ તારી માન્યાતને અને અમારે વાતે વાતે ફેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એવો વૈરાગ્યરૂપી મહેલ એનું શિખર એનો શિખામણિ. આહા..હા..! **'સ્વરૂપગુપ્ત...'** ભગવાન આનંદનો નાથ એના સ્વરૂપમાં ગુપ્ત છે. **'અને પાપરૂપી અટવીને બાળવા માટે પાવક સમાન...'** પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. શુભ-અશુભભાવ બેય પાપ છે. આહા..હા..! 'પાપ પાપને તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે.' આહા..હા..! વ્યવહારરત્નત્રયનો ભાવ એ પાપ છે. પુણ્ય-પાપના અધિકારમાં આવે છે છેલ્લું. ટીકામાં છે. વ્યવહારરત્નત્રય એ પાપ છે. કારણ કે એ વિકલ્પ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પરવસ્તુનું જ્ઞાન થયું અને પંચમહાવ્રતના પરિણામ એ ત્રણે પાપ છે. આહા..હા..! અરેરે! ભારે આકરું પડે માણસને. માર્ગ તો આવો છે. સાંભળ્યો હોય, ન સાંભળ્યો હોય, માન્યો હોય, ન માન્યો હોય પણ માર્ગ તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે એ **'પાપરૂપી...'** છેને? **'અટવીને બાળવા મોટો...'** પુણ્ય-પાપનો ભાવ અટવી વિસ્તાર... આહા..હા..! એવી **'અટવીને બાળવા માટે પાવક સમાન જે હું...'** આહા..હા..! **'તેના શુભાશુભસંવરમાં...'** એ શુભ અને અશુભરહિત થવામાં પરમાત્મા તે આશ્રય છે. આહા..હા..! સંવરદશામાં મારો આત્મા એનો આશ્રય છે. શુભાશુભનો અભાવ કરીને શુદ્ધનો સંવર ઉત્પન્ન કર્યો એમાં આત્મા આધાર છે. શુભાશુભભાવ, શુભભાવ છે માટે અહીં સંવર થાય છે એમ નથી. શુભભાવનો આશ્રય નથી મારે. આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો વિકલ્પ છે એ બધો આસ્રવ છે, પુણ્યાસ્રવ છે. એ પુણ્યાસ્રવના અભાવસ્વભાવ(રૂપ) મારું સ્વરૂપ એવું જે સંવર એને આશ્રય—એને આધાર ભગવાનનો છે. આહા..હા..! મારા સંવરને ઓથ આત્માની છે, એમ કહે છે. એ વ્યવહાર શુભભાવની ઓથ એને નથી. આહા..હા..! આવી વાત છે. પોપટભાઈ! આવું આકરું છે.

**શ્રોતા :-** સંવરના...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બધા નહિ. સંવર આ. શુદ્ધભાવરૂપી સંવર શુભાશુભભાવના રહિતરૂપી સંવર એવા શુદ્ધભાવનો આશ્રય મારો આત્મા છે. એ શુભભાવ જે દયા, દાન, અને વ્રતનો હતો માટે મને સંવર થયો એમ નથી. આહા..હા..! મારા સંવરનો આશ્રય તો ભગવાન આત્મા છે. એ સંવરનો આધાર-આશ્રય શુભભાવ નહિ. આહા..હા..!

**શ્રોતા** :- અશુભનો તો થોડો થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અશુભની તો વાત જ ક્યાં છે. શુભભાવનો આશ્રય પણ મારા સંવરને નહિ. આહા..હા..! સંવર એટલે ચારિત્રદશા. એ તો પ્રત્યાખ્યાન અને સંવર બધી ચારિત્ર દશાનું જ વિસ્તારથી વર્ણન છે. આહા..હા..! સંવર થયો. પંચમહાવ્રત લીધા (એટલે) સંવર થયો. ધૂળેય સંવર નથી સાંભળને. પંચમહાવ્રતનો વિકલ્પ છે એ તો આસ્રવ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહનો ભાવ એ તો શુભભાવ રાગ અને આસ્રવ છે. એ સંવર થવામાં એ આસ્રવનો આશ્રય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શુભાશુભભાવને રોકવામાં મારો આત્મા આધાર છે. આહા..હા..! એને શરણે જાઉં છું એમાં સંવર થાય છે. એમાં શુભભાવનો ત્યાગ થઈ જાય છે. ઝીણી વાત, ભાઈ! અત્યારે તો બહારની ક્રિયાકાંડ અને પ્રવૃત્તિમાં જ બધું માન્યું છે જગતે. આ વ્રત પાળવા ને એનો માનેલો અવ્રત છોડવો ને... પણ મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રતનો ત્યાગ થાય શી રીતે? પાંચ બંધના કારણ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. તો હજી મિથ્યાત્વનો ત્યાગ નથી અને સમકિત નથી ત્યાં અવ્રતનો ત્યાગ આવ્યો ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? બે, ચાર, પાંચ પડિમા લઈ લીધી. શેની પણ પડિમા તને? ક્યાં પડિમા તારી છે? ક્યા ઠેકાણે? ઓલો કહેતો હતોને. તમે પડિમા આપી પણ મારી પાસે આવી નથી. ગુણભદ્ર હતાને એક બ્રહ્મચારી નહિ? સુંદરલાલ. પડિમા કોને કહે ભાઈ! જેને હજી સમ્યગ્દર્શનનો આધાર આત્મા છે એવું સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું નથી. હવે એને પડિમા ક્યાંથી આવી ગઈ પણ તારે? પડિમા તો પાંચમા ગુણસ્થાને હોય. હજી ચોથાના ઠેકાણા નથી એમાં પડિમા આવી ક્યાંથી તારે? સમજાણું કાંઈ? રોટલા શરૂ થઈ જાય. પડિમા ધારે એટલે રોટલા આપે લૂગડું છોડીને બેઠા એટલે. આ ત્યાગી છે એને રોટલા (આપો). એ તો વળી એકજણો એમ કહેતો હતો. અહીં જ કહેતો હતો. આઠ પડિમા લઈને બેઠો છો પણ હજી મને બરાબર લોકો આદર નથી કરતા. મારે ક્ષુલ્લક થવું પડશે. રાજકોટમાં. એ રાજકોટમાં થયું હતું હોં. આ ચુનીલાલ ગુજરી ગયાને એને ત્યાં... આઠ પડિમાવાળો. આઠ પડિમાવાળાને પણ હજી તારવીને આમંત્રણ આપે અને આહાર કરાવે એવું નથી, પણ ક્ષુલ્લક થઈશ તો તરત આહારનું આમંત્રણ આપે. અરેરે ભગવાન! આહા..હા..! એ પડિમા કાંઈ બહારથી આવતી હશે? પડિમાની દશામાં જે સમ્યગ્દર્શન અને જ્ઞાનની દશા છે એ દશા તો પહેલી દ્રવ્યને આશ્રયે આવે છે. હવે દ્રવ્યનો આશ્રય લીધો નથી અને સમ્યગ્દર્શન નથી અને પડિમા ક્યાંથી આવી ગઈ તારે? સમજાણું કાંઈ? દુનિયાથી ઊંધુ છે. આખો વીતરાગનો

માર્ગ જ આખી દુનિયાની માન્યતાથી જુદી જાતનો છે. આહા..હા..!

કહે છે કે એ '**શુભાશુભસંવરમાં...**' મારો પરમાત્મા તે આધાર-આશ્રય છે. આહા..હા..! આત્મા કેવડો છે અને કેવો છે એ હજી એને લક્ષમાં આવ્યો નથી અને એને સંવર થઈ જાય? જામનગરમાં આઠમ અને પૂનમના મહિનામાં ચાર પોષા કરે. આઠમ, પૂમન અને આઠમ અને અમાસ. કેટલાય ભેગા થાય ૨૫-૨૫, ૩૦-૩૦, ૪૦ થાય. જામનગર. એ તો દેરાવાસી. આ તો સ્થાનકવાસીમાં. ઓલો અપાસરો છેને લોંકાનો? ત્યાં બધા કરતા. ૮૨માં ગયાને જ્યારે પહેલા ત્યાં બધા પોષા ઘણા કરે. સમજે નહિ કાંઈ. દૃષ્ટિની ખબર ન મળે, સમ્યગ્દર્શન શું એની ખબર ન મળે. આહા..હા..! કીધુંને એને કહ્યું જ્યાં.. ૮૨ની સાલની વાત છે કે મનની સરળતા, વચનની સરળતા, કાયની સરળતા એવો જે ભાવ એ તો પુણ્ય છે, એ ધર્મ નહિ. એ ચાર બોલથી તો શુભનામકર્મ બંધાય છે, જુઓ કીધું જ્ઞાનસાગરમાં. જ્ઞાનસાગર જામનગરનું છે. મનનો શુભભાવ સરળતાનો, વાણીનો, દેહનો .. ઝઘડા રહિત એની સરળ પ્રકૃતિ (હોય) એ ભાવનું ફળ શુભનામકર્મ છે, ધર્મ નહિ, સંવર નહિ. આહા..હા..! લોકો તો ભડક્યા પછી. તારાચંદભાઈ હતાને વીરજીભાઈના (પિતા) એકલા આવ્યા. મહારાજ! આ બધામાં ઓલું... આ બધું મનાવશું તો એમાં વાંધો ઉઠે છે. વાંધો ઉઠે કે ન ઉઠે કીધું માર્ગ તો આ છે. વીરજીભાઈના બાપ હતા. વીરજીભાઈ નહિ મોટી ઉંમરે ગુજરી ગયા. તારાચંદભાઈ ૮૩માં ગુજરી ગયા. શ્વેતાંબરના શાસ્ત્રનું જાણપણું .. એ ભણાવતા. પણ મૂળ વસ્તુની ખબર નહિ. આહા..હા..!

એમ કે આ બધી ક્રિયાઓ કરે, દયા પાળે, વ્રત કરે, અપવાસ કરે એ બધો ધર્મ. ધૂળેય ધર્મ નથી કીધું. ધૂળેય એટલે સારું પુણ્ય પણ નહિ બંધાય એનાથી. કારણ કે હજી સમ્યગ્દર્શન શું છે અને સમ્યગ્દર્શન કેમ થાય અને સમ્યગ્દર્શનમાં શું હોય? એની તો એને ખબર ન મળે. આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન નથી એ તો મિથ્યાદર્શન છે સાંભળને.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ચોપડી આપે.

અહીં વીતરાગ એમ કહે છે કે મારો શુભાશુભભાવનો ત્યાગ એવો જે સંવર એનો આશ્રય આત્મા છે. મારું ધ્યેય આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે યોગ રહ્યો એક. યોગ એટલે શુદ્ધોપયોગ. સંવર યોગ છેને? '**आदा में संवरे जोगे**' એ જોગ એટલે શુદ્ધોપયોગ છે. '**તથા અશુભોપયોગથી પરાङ्मુખ,...**' મુનિરાજ પોતાની દશાના વર્ણન સાથે ઉપદેશ કરે છે કે અશુભભાવથી તો પરાङ्मુખ છું. જે પંચમહાવ્રતના વિકલ્પ આદિ '**શુભોપયોગ પ્રત્યે પણ ઉદાસીનતાવાળો...**' છું. આહા..હા..! પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ જે સાધુના વ્યવહાર શુભરાગ છે એ તો. એનાથી ઉદાસીનવાળો હું છું.

આહા..હા..! એનો આશ્રય લેનારો નહિ અને તે મારો સ્વભાવ નહિ. આહા..હા..! જે પાંચ મહાવ્રતનો આશ્રય લીધો તો હવે એને શુદ્ધોપયોગ થાય. શુભોપયોગ ગ્રહણ કર્યો હતો હવે એને શુદ્ધ થાય, એમ છે નહિ. આહા..હા..!

**'શુભોપયોગ પ્રત્યે પણ ઉદાસીનતાવાળો...'** જુઓ, લખવા વખતે વિકલ્પ છે. એનાથી ઉદાસીન છું. આહા..! મારું આસન ત્યાં નથી. મારું આસન તો શુદ્ધોપયોગવાળું આસન એ દ્રવ્યનો આશ્રય છે ત્યાં મારું આસન છે. આહા..હા..! **'સાક્ષાત્ શુદ્ધોપયોગની સંમુખ...'** જોયું! હું તો શુદ્ધોપયોગની સન્મુખ છું. ઉપયોગ દ્રવ્યની સન્મુખ છે. પણ હું શુદ્ધોપયોગની સન્મુખ છું. શુભોપયોગથી ઉદાસીનવાળો છું. આહા..હા..! **'શુદ્ધોપયોગની સંમુખ જે હું--પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે...'** આહા..હા..! પદ્મપ્રભમલધારિદેવ. ત્રીજા છેને? દિગંબર મુનિ ૯૦૦ વર્ષ પહેલા પંચમ આરામાં... આહા..હા..! ધર્મના ધુરંધર. એ કહે છે કે મારા શુદ્ધોપયોગમાં. આહા..હા..! **'પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે...'** આહા..હા..! પરમાગમ વીતરાગ જે કહે છે તે રીતે પુષ્પનો રસ. પુષ્પનો રસ હોયને. **'જેના મુખમાંથી ઝરે છે એવા પદ્મપ્રભ—તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે...'** જોયું! આહા..હા..! શુદ્ધોપયોગ સન્મુખ હું છું એવા શુદ્ધોપયોગમાં પણ આત્મા રહેલો છે આશ્રય. આહા..હા..! આવા સિદ્ધાંતો પડ્યા છે. વાંચવાનો અવસર ન મળે, વિચારવાનો ન મળે. અરે..! જિંદગી ચાલી જાય છે. આહા..હા..! દુનિયા માને માટે સારો થઈ જાય એવું કાંઈ છે? દુનિયા તો ગાંડી-પાગલ છે. પાગલ એને સ્વીકારે એથી શું થઈ ગયું? આ તો ત્યાગી છે, આ તો પડિમાધારી છે, આ તો પાંચ મહાવ્રત ધરનારો છે.

અહીં તો કહે છે, એ પંચમહાવ્રતના પરિણામ પ્રત્યેના ઉદાસીનવાળો છું. કારણ કે શુભભાવ છે. આહા..હા..! સાક્ષાત્ શુદ્ધોપયોગની સન્મુખ. એટલે ત્યાં વિકલ્પ છે ખરોને એટલે પોતાનું લક્ષ તો ત્યાં છે. આ બાજુ ઢળવાનું છે. આહા..હા..! એવો **'હું—પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે એવો પદ્મપ્રભ—તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે...'** આહા..હા..! શુદ્ધોપયોગમાં પણ મારો આશ્રય તો આત્માનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું છે. એક હતો રાજા અને પછી એને રાણી. રાણી રિસાણી, મનાવા ગયા, પછી એને છોડી અને પછી દીક્ષા લીધી થઈ રહ્યું, લ્યો. અરે! ભાઈ! તને ખબર નથી. આહા..હા..! રાજપાટ છોડ્યા, દુકાનનો ધંધો છોડ્યો, થઈ ગયો ત્યાગી. એ દીક્ષા. એ દીક્ષા નહિ સાંભળને હવે. દીક્ષા નામ ચારિત્રની રમણતા જે આનંદની એનો આધાર તો આત્મા. આત્મા કોણ છે એને તો જાણ્યો નથી તેં. જેનો આશ્રય લેવો જોઈએ તે કોણ છે એની તો તને ખબરેય ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, મારા શુદ્ધોપયોગમાં. તેના શુદ્ધોપયોગ એટલે પોતે. પણ... પણ એટલે ઓલું બધામાં હતું ખરુંને. દરેકમાં આત્મા-આત્મા એટલે આમાં પણ એમ. **'તે પરમાત્મા**

રહેલો છે...' જોયું ભાષા! એ આત્મા એ પરમાત્મા ધ્રુવ ચૈતન્ય ભગવાન, મારા શુદ્ધ ઉપયોગમાં એ આત્માનો આશ્રય છે. શુદ્ધોપયોગમાં વ્યવહારનો આશ્રય કે ભગવાનના આશ્રયે શુદ્ધોપયોગ થાય એમ છે નહિ. આહા..હા..! 'કારણ કે **તે (પરમાત્મા)...**' જોયું! ત્રિકાળી વસ્તુ. એ '**સનાતન સ્વભાવવાળો છે.**' આહા..હા..! એ તો અનાદિ-અનંત સ્વભાવ જે સનાતન સ્વભાવવાળો છે. આહા..હા..! પ્રગટેલી પર્યાય છે એનો આધાર સનાતન સ્વભાવ આત્મા છે. એમને એમ છે. એમ કે આ પર્યાય તો પ્રગટે છે. સમજાણું? આ સંવરની, સમ્યક્ આદિની, પણ મારો જે આધાર છે એ તો સનાતન સ્વભાવવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવી ટીકા કરી જુઓને. હવે ઈ ટીકા પસંદ પડતી નથી. ... આહા..હા..!

'કારણ કે તે **પરમાત્મા...**' એટલે ત્રિકાળી ભગવાન જે પહેલો કહ્યો હતોને. '**અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળો, શુદ્ધ, સહજસૌખ્યાત્મક...**' આત્મા. તે આત્મા એમ હતુંને? જુઓને '**આત્મા ખરેખર...**' એમ હતું પહેલી લીટીમાં. તે આત્મા તે પરમાત્મા. આહા..હા..! મારા શુદ્ધોપયોગમાં તે આત્મા એટલે પરમાત્મા રહેલો છે. આહા..હા..! પરમાત્મા એટલે પરમસ્વરૂપ. 'કારણ કે **તે (પરમાત્મા) સનાતન સ્વભાવવાળો છે.**' એ તો અનાદિ સ્વભાવવાળો પ્રભુ છે. આત્મા હું સનાતન અનાદિના સ્વભાવવાળો છે. આત્મા એમ કહ્યુંને? પરમાત્મા કહો કે આત્મા એનો સનાતન સ્વભાવ એ તો અનાદિના સ્વભાવવાળો એ આત્મા છે. એનો સ્વભાવ કોઈ નવો થાય કે જાય એમ છે નહિ. આહા..હા..!

આ નવા પૈસાદાર થયા (એમ) નથી કહેતા? (પૈસા) નહોતા અને સાંપડ્યા એમ કહે. બાયું વાતું બહુ કરે. ભાઈ! અમારી પાસે તો નહોતું. અમારે તો નહોતા ને સાંપડ્યા એમ કહે છે. એય..! આ બધું સાંભળેલું છે હોં ... ગરીબ માણસ હોયને સાધારણ, પછી એને પૈસા થાય અને જે પૈસાવાળા હોય એની વહુ એમ કહે, બાપુ! તમને નહોતા અને સાંપડ્યા અમારે હતા અને ગયા. પૈસાવાળા હોય એમ કહે. એમ આ નથી કે એ નહોતું ને આવ્યું છે એમ નથી. એ તો છે ને છે અનાદિનો. સમજાણું કાંઈ?

'**એવી રીતે એકત્વસપ્તતિમાં (-શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદિ પંચવિંશતિકાના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૩૯, ૪૦ ને ૪૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**' લ્યો! પદ્મનંદીનો આધાર આપ્યો. પદ્મનંદદિ પંચવિંશતિ છે. અધિકાર ૨૬ છે. નામ પંચવિંશતિ. પદ્મનંદી મુનિએ કરેલું છે વનશાસ્ત્ર. વનમાં શાસ્ત્ર (બનાવ્યું છે). દિગંબર સંત મુનિ વનમાં રહેલા પદ્મનંદિ (આચાર્યએ બનાવેલું). શ્રીમદ્ એને વનશાસ્ત્ર કહે છે. એમાં ૩૯, ૪૦, ૪૧મી ગાથા છે. આહા..હા..!

(अन्ष्टुभ)

तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम्।
चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः।।

'**શ્લોકાર્થ :- તે જ એક** (-તે ચૈતન્યજ્યોતિ જ એક) **પરમજ્ઞાન છે,...**' એ વસ્તુ છે તે વસ્તુ જ પરમજ્ઞાન છે. એને આશ્રયે થયેલી પર્યાય એ જ્ઞાન છે અને એનો આશ્રય જેનો લેવો એ તો પરમજ્ઞાન છે. આહા..હા..! ભગવાન પરમજ્ઞાનસ્વરૂપ છે. '**તે જ એક પવિત્ર દર્શન છે,...**' જોયું! '**તે જ એક...**' એકત્વસપ્રતિ છેને? એક પરમતેજ ચૈતન્ય પ્રભુ ભગવાન તે જ એક આત્મા એવું જ્ઞાનમાં ભાસ્યું, એમ કહે છે. એને જ્ઞાન કહીએ. '**તે જ એક પવિત્ર દર્શન છે,...**' વસ્તુ તો તે જ છે પણ અની પ્રતીતમાં ભાસ્યું કે આ એક તે પવિત્ર દર્શન છે ત્રિકાળ. આહા..હા..! '**તે જ એક ચારિત્ર છે...**' ચારિત્રની રમણતામાં આશ્રય દ્રવ્યનો આવ્યો એટલે દ્રવ્ય પોતે ચારિત્ર છે, એમ કહે છે. ત્રિકાળ ચારિત્રરૂપ છે એને આશ્રયે ચારિત્ર થયું તો એ ચારિત્ર આ ત્રિકાળ ચારિત્રસ્વરૂપ છે. આહા..હા..! '**અને તે જ એક નિર્મળ તપ છે.**' ત્રિકાળ ઈચ્છા નિરોધરૂપી સ્વભાવવાળું તત્ત્વ એ પરમતપ છે. એ પરમતપની પર્યાય આ પરમતપને આશ્રયે પ્રગટ થઈ. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૮, રવિવાર, તા. ૧૨-૧૦-૧૯૭૫, ગાથા-૧૦૦, કળશ-૧૩૫, પ્રવચન નં. ૬૦

નિયમસાર, ગાથા-૧૦૦ ચાલે છે. પહેલો શ્લોક. એકત્વસપ્રતિના આધારનો એક થઈ ગયો નહિ? બીજો શ્લોક. ફરીને ઈ.

(अन्ष्टुभ)

तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम्।
चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः।।

શું કહે છે? ઝીણી વાત છે, ભાઈ! આ આત્મા જે નિત્ય ધ્રુવ છે, નિત્યાનંદ સહજાત્મ શુદ્ધસ્વરૂપ પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવ, સામાન્યભાવ, ધ્રુવભાવ '**તે જ એક પરમ જ્ઞાન છે,...**' આહા..હા..! એનું જ્ઞાન થાય તેને આ પરમજ્ઞાનના આશ્રયે થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષનો જે માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સમ્યગ્જ્ઞાનમાં પરમજ્ઞાન જે સ્વરૂપ છે તે તેનો આશ્રય અને આધાર છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાન જે મોક્ષનો માર્ગ એ સમ્યગ્જ્ઞાનનો આશ્રય તે પરમજ્ઞાન છે. એ પરમજ્ઞાન ત્રિકાળ તે જ પરમ જ્ઞાન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે જ એક પવિત્ર દર્શન છે,...**' ત્રિકાળ સ્વરૂપ ભગવાન આનંદનો નાથ.. આહા..હા..!

એ જ સમ્યગ્દર્શન. એ પોતે દર્શન છે અને એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે માર્ગ. આ વ્યવહારથી થાય, વ્યવહારથી થાય એમ કહે છેને. એ વાત તદ્દન જૂઠી છે. શાસ્ત્રથી જ્ઞાન થાય, ભગવાનની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન થાય એ વાત તદ્દન જૂઠી છે. આહા..હા..! આવી વાત આકરી પડે. શું થાય? અહીં આચાર્ય મહારાજ કહે છે કે તે પરમપવિત્ર એક દર્શન, એક જ પવિત્ર દર્શન છે. જેની શ્રદ્ધા કરવાથી સમ્યક્ થાય એ જ એક પવિત્ર દર્શન છે. આહા..હા..!

'**તે જ એક ચારિત્ર છે,...**' તે વસ્તુ પોતે જ ચારિત્રસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે. તેને આશ્રયે ચારિત્ર થાય તે જ એક ચારિત્ર છે એમ કહે છે. આહા..હા..! ચારિત્ર કોઈ દેહની ક્રિયા કે નગ્નપણું કે પંચમહાવ્રતના વિકલ્પ રાગ એ ચારિત્ર નહિ. આહા..હા..! આ પદ્મનંદીનો આધાર છે. '**તે જ એક નિર્મળ તપ છે.**' આનંદની ઉગ્ર દશા થવી, અતીન્દ્રિય આનંદની. ચારિત્ર જે સ્વરૂપની સ્થિરતા એમાં વિશેષ પુરુષાર્થ થવો એનું નામ તપ કહેવાય છે. એ તપ પણ વસ્તુ પોતે નિર્મળ તપસ્વરૂપ જ આત્મા છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર્મુખ દૃષ્ટિ કરતાં એ વસ્તુ જ નિર્મળ તપસ્વરૂપ જ છે. ભારે આવી વ્યાખ્યા. અને એ એનું જે ત્રિકાળી સ્વરૂપ, પરમ નિર્મળ તપ એ જ સ્વરૂપે તે છે. એને આશ્રયે જે તપ થાય,.. તપ એટલે ઈચ્છા નિરોધ અને અતીન્દ્રિય આનંદની દશા. તપની એ વ્યાખ્યા છે. તપ એટલે અપવાસ અને ઉણોદરી અને રસપરિત્યાગ ને એ તો બધા નિમિત્તના કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે જ એક નિર્મળ તપ છે.**' આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ જ પરમતપ છે અથવા પરમતપની અતીન્દ્રિય આનંદની દશા એ પરમ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેને આશ્રયે અતીન્દ્રિય આનંદની દશા થાય છે. આવી વાત છે. એ તો ચાલ્યું હતું કાલે. હવે આજે આ.

(अन्ष्टुभ)

**नमस्यं च तदेवैकं तदेवैकं च मंगलम्।**
**उत्तमं च तदेवैकं तदेव शरणं सताम्।।**

આહા..હા..! અરિહંત શરણ, સિદ્ધ શરણ, સાધુ શરણ એ તો બધો વ્યવહાર અને વિકલ્પ છે. શુભરાગ એ શરણ નહિ. '**સત્પુરુષોને...**' આહા..હા..! સત્પુરુષો જેણે પૂર્ણ સત્‌નો સ્વીકાર કર્યો છે, જેણે નિમિત્ત અને રાગ અને પર્યાય ઉપરથી બુદ્ધિ ઉઠાવી... આહા..હા..! પૂર્ણ સત્‌નો જ્યાં સ્વીકાર કર્યો છે એ સત્પુરુષ છે.

**શ્રોતા :-** પૂર્ણ સત્ એટલે શું? પૂરેપૂરો સત્ એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છેને. સત્પુરુષ એક જ નમસ્કારયોગ્ય છે. ઈને? સત્પુરુષો કીધુંને. સત્પુરુષ કેમ? કે પૂર્ણ સત્ય ધ્રુવ છે એમ. પર્યાયમાં જે મોક્ષમાર્ગ આવે એ પૂર્ણ સત્ય નથી. સમજાણું કાંઈ? પૂર્ણ સત્યની... સત્યાર્થ જે કહ્યુંને ૧૧મી ગાથામાં. એ ભૂતાર્થ

કહો, સત્યાર્થ કહો, પૂર્ણ કહો. સમજાય છે કાંઈ? આવું છે, શશીભાઈ! લ્યો, પોપટભાઈ! આ વૈષ્ણવ હતા. મોઢ-મોઢ, ગાંધીની નાતના. આહા..હા..! આત્મામાં ક્યાં વૈષ્ણવપણું છે?

એ તો ભગવાન આત્મા જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ છે. આહા..હા..! કોઈપણ ગુણથી લ્યો તો એ ગુણથી ભરેલો પ્રભુ છે. એ પૂર્ણ સત્યસ્વરૂપ છે. સત્યાર્થ કીધુંને? ભૂતાર્થ કહો, સત્યાર્થ કહો, બધી એ શૈલી છે. આહા..હા..! જ્ઞાનગુણથી જુઓ તો જ્ઞાનથી પૂર્ણ ભરેલો છે, શ્રદ્ધાથી જુઓ તો શ્રદ્ધાસ્વભાવથી પણ પૂર્ણ ભરેલો છે, ચારિત્રથી જુઓ તો એ ચારિત્રના અરાગી-વીતરાગી ભાવથી પણ પૂર્ણ ભરેલ છે, અતીન્દ્રિય આનંદથી જુઓ તો અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ભરેલો છે, શાંતિથી જુઓ તો પૂર્ણ શાંતિ અને અકષાયભાવથી ભરેલો છે, પ્રભુતાથી જુઓ તો પ્રભુતાના સ્વભાવથી પૂર્ણ એ ભરેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વચ્છતાથી જુઓ, સ્વચ્છતા તો સ્વચ્છતાના પૂર્ણ સ્વભાવથી તે ભરેલો છે. આહા..હા..! આવું પરમાત્મસ્વરૂપ ભગવાન પોતાનું છે. એને એ સત્પુરુષોને... આહા..હા..! જેણે આવા પૂર્ણ સત્સ્વભાવનો સ્વીકાર કર્યો, પર્યાયબુદ્ધિ ગઈ... આહા..હા..! સમજાણું કાંઈ? એવા '**સત્પુરુષોને તે જ એક નમસ્કારયોગ્ય છે,...**' પંચપરમેષ્ઠી કરતા પણ પરમાત્મા પોતાનું સ્વરૂપ એ જ નમસ્કાર કરવાયોગ્ય છે જ્ઞાનીને. આહા..હા..!

'**તે જ એક નમસ્કારયોગ્ય છે,...**' નમન કરવાયોગ્ય હોય તો એ પોતે પૂર્ણાનંદનો નાથ પ્રભુ દ્રવ્યસ્વભાવ, પરમસ્વભાવ, નિત્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ એ જ નમસ્કાર કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા! આવો સ્વભાવ. અને સંતોએ આમ કહ્યું છે. દિગંબર મુનિઓએ સર્વજ્ઞ ભગવાનના સમીપમાં ગયા અને પછી આ કહ્યું. આહા..હા..! અરિહંત ને સિદ્ધ ને પંચપરમેષ્ઠી નમસ્કારયોગ્ય છે એ તો વ્યવહાર છે. પરદ્રવ્યનો નમસ્કાર એ તો શુભવિકલ્પ છે. અરેરે! આવી વાત ક્યાં છે? શું થાય?

પૂર્ણાનંદ પ્રભુ આત્મા સર્વજ્ઞ જિનેન્દ્રદેવે જે પૂર્ણ પર્યાય વીતરાગની અને કેવળજ્ઞાનની પ્રગટ કરી એ પૂર્ણ સ્વરૂપમાંથી પ્રગટ કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને અંતર્મુખ દૃષ્ટિ કરવાની છે, એમ કહે છે. બહિર્મખથી હઠાવી એને અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન પૂર્ણ છે (એના સન્મુખ દૃષ્ટિ કરવાની છે). એ કેમ એની મહિમા એને ન લાગે? કારણ કે સાધારણ પ્રાણીએ પર્યાયમાં જ ગોથા ખાધા છે અનાદિથી. જૈન સાધુ દિગંબર અનંતવાર થયો, પણ એ મિથ્યાત્વભાવે દ્રવ્યલિંગ ધારણ કરી પંચમહાવ્રત પાળ્યા, પુણ્ય બાંધ્યું તો સ્વર્ગમાં ગયો. પણ એ 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો.' એ શબ્દ આવે છે સજ્ઝાયમાળામાં. આ તો દુકાન ઉપર વાંચેલું. ૬૫-૬૬ની વાત છે. સંવત્ ૧૯૬૫. કેટલા વર્ષ થયા? ૬૬ વર્ષ થયા. સજ્ઝાયમાળા આવે છે. શ્વેતાંબરમાં ચાર સજ્ઝાયમાળા આવે છે. એક-એક સજ્ઝાયમાળામાં બસ્સો-અઢીસો સજ્ઝાયું આવે છે. એક-એક સજ્ઝાયમાં ૧૫-૨૦-૨૫ શ્લોક આવે છે. એવા અઢીસો-ત્રણસો એવા ચાર છે. એ ચારેય દુકાન ઉપર મગાવી હતી. પિતાજીની

દુકાન હતીને, ઘરની દુકાન હતી. એમાં આ આવ્યું હતું તે દિ'. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' આત્મદર્શન ને અનુભવ ને સમ્યગ્દર્શન વિના એણે આ વ્રત ને નિમયની ક્રિયાઓ અનંતવાર કરી. એનાથી ગ્રૈવેયક ગયો.

એ આપણે પછી આપણામાં આવ્યું આમાં 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ' ત્યાં એ આવ્યું. ઓલામાં એ શબ્દ છે બીજો. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો.' આહા..હા..! આ બે-ત્રણ શબ્દ મુખ્ય રહી ગયા હતા એ વખતના. 'કેવળી આગળ રહી ગયો કોરો.' એક શબ્દ છે. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર પાસે પણ અનંતવાર ગયો પણ રહી ગયો કોરો. એ શું કહે છે એ સમજ્યો નહિ. એ ક્રિયાકાંડ આ મહાવ્રત પાળવા, દયા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી, આ કરવું એ સમજ્યો, એ તો રાગની ક્રિયા છે, એ ક્યાં ધર્મ હતો? સમજાણું કાંઈ?

કહે છે કે ધર્માત્માને, સત્પુરુષો નામ ધર્માત્માને **'તે જ એક...'** તે જ એક. એકાંત કરી નાખ્યું. કથંચિત્ નમસ્કાર કરવાયોગ્ય આ અને કથંચિત્ ભગવાન પંચપરમેષ્ઠી. અનેકાંત ક્યારે થાય? અનેકાંત ત્યારે થાય કે તે જ એક નમસ્કાર કરવાયોગ્ય છે અને બીજા નમસ્કાર કરવાયોગ્ય નથી. નિશ્ચય નમસ્કાર કરવાયોગ્ય હોય તો આ એક આત્મા જ છે. કહો, જયંતિભાઈ! આહા..હા..! નમો અરિહંતાણં કહે છે કે એ પણ વ્યવહાર છે, એ વિકલ્પ છે, શુભરાગ છે. ખરેખર તો ભગવાન પૂર્ણસ્વરૂપ પોતે એ જ નમસ્કાર કરવાલાયક છે. આહા..હા..!

નમઃ સમયસારાય. પહેલો શબ્દ છેને કળશમાં? સમયસાર પૂર્ણસ્વરૂપ, કારણપરમાત્મા, કારણજીવ, શુદ્ધભાવ જીવ. અહીં શુદ્ધભાવ કીધો શુદ્ધભાવ અધિકારમાં. એવો જે શુદ્ધભાવ જે કારણપરમાત્મા ધ્રુવસ્વરૂપ એક જ ધર્માત્માને નમસ્કાર કરવાયોગ્ય, એક જ નમસ્કાર કરવા લાયક છે, બીજો નહિ, એનું નામ અનેકાંત છે. વ્યવહાર આવે ખરો, પણ ખરેખર એ નમસ્કાર કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે મંગળિકના બોલ આવ્યા. **'તે જ એક મંગળ છે,...'** મંગળિક કહે છેને. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં. કહે છે ના, ના, એમ નહિ. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞે કહેલો જે આત્મા એવો જે આ આત્મા પોતાનો સ્વભાવ છે એ જ મંગળિકસ્વરૂપ છે. આહા..હા..! કોને? કે જેણે જાણ્યું છે તેને. ભાઈ! એ અહીં કહેવું છેને. મંગળિક તો છે પણ જેને પર્યાયમાં જણાયું છે એને આ મંગળિક આ એક છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બધો વ્યવહાર ઊડી જાય છે. આહા..હા..! આ બધો વ્યવહાર ધમાલ-ધમાલ ચાલે. અપવાસ ને બે અપવાસ ને ત્રણ અપવાસ ને દસ અપવાસ ને મહિનાના અપવાસ. બધા મિથ્યાત્વસહિતના અપવાસ છે.

અહીં તો કહે છે કે ઉપ-ઉપવાસ. ઓલા અપવાસ છે બધા અજ્ઞાનના. ઉપ નામ ત્રિકાળી આનંદનો નાથ એના સમીપમાં જઈને વસવું એનું નામ ઉપવાસ છે. આહા..હા..! બાકી એનો

આશ્રય છોડીને જેટલી રાગની મંદતાની ક્રિયા એ બધો અપવાસ છે, માઠો વાસ. અરેરે! આવી વાતું આકરી પડે જગતને હોં. શું થાય? સત્ય જ આ છે ત્યાં. અરે! જગતના સત્ય માટે લોપ કરી નાખ્યો લોકોએ. આહા..હા..! મૂળ સત્યને મૂકી દીધું. ઉપરથી આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો. વ્રત પાળો. એને ઉજવો ને એને આમ. સમજાણું કાંઈ? .. ભથ્થું શું કહેવાય છે આ મહિનાના અપવાસને? માસ નહિ ઓલા મહિનાના કહે છેને? શોડષકારણ. શોડષકારણ ભાવના કરો ને આ કરો ને તે કરો. બધી શુભ ક્રિયા રાગની, મંદની ક્રિયા છે. એ ધર્મ નહિ અને ધર્મનું એ કારણ પણ નહિ. ધર્મનું કારણ તો ત્રિકાળી ધર્મી આત્મા તે ધર્મનું કારણ છે, એમ કહે છે. આહા..હા..!

ધર્મ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનું મૂળ કારણ ત્રિકાળી દ્રવ્ય છે. એટલે અહીં તો કહે છે કે તે જ એક મંગળ છે. ભાષા કેવી? 'તે જ...' એક ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એક એ મંગળિક છે. આહા..હા..! જેણે મંગળની પર્યાય પ્રગટ કરી એને એક મંગળિક આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! ભારે આવી વાતું! હરગોવિંદભાઈએ તો આવું સાંભળ્યું પણ નહોતું. પહેલા આવ્યા હતા એકવાર પણ તે દિ' આ બધું હજી તો પડિક્કમણા-બડિક્કમણા સ્થાકનવાસીના ચાલતા હતાને, તે દિ' હીરાભાઈના મકાનમાં. આહા..હા..!

વસ્તુ જે આનંદનું દળ છે, આત્મા અતીન્દ્રિય આનંદનું દળ છે, આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે... આહા..હા..! એ જ એક મંગળિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? જયધવલમાં એવું આવ્યું છે કે તીર્થંકરનો આત્મા મંગળિક છે. એવું લીધું છે. અનાદિથી મંગળિક. વસ્તુ છેને ઈ એને પ્રગટ થવાની છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધવલમાં લીધું છે. દ્રવ્યસ્વરૂપ છેને એ મંગળિક જ છે. આહા..હા..! અહીં કહે છે કે મંગળ-મંગળ એટલે મં નામ પાપને ગાળે અને મગં નામ પવિત્રતાને પ્રાપ્ત કરે એનું નામ મંગળિક. પુણ્ય-પાપને નાશ કરે અને પવિત્રતાને પ્રગટ કરે એનું નામ મંગળિક. તો એ મંગળિક વસ્તુ કોણ છે? કે પોતે વસ્તુ છે. આહા..હા..!.. નહિ પણ 'તે જ', એમ. બે જુદા. 'તેજ' નહિ પણ 'તે જ'. એમ. જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ 'તે જ' એક મંગળ છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આ તો મંગળિક કંઈક કર્યા હશે બહારના. એકવાર નથી કર્યું કહે છે. પણ આ વાસ્તુ કર્યું, હોય તો કરે કે નહિ? ત્યાં ક્યાં હિંમતભાઈ સાથે હતા? મકાન-બકાન કર્યા. વાસ્તુ કર્યું તો મંગળ. શું કહેવાય ઓલો કળશ મૂકે છેને કળશ? કુંભ-કુંભ. આ મકાનનું વાસ્તુ કરેને જ્યારે તો કુંભ મૂકેને. એક ખૂણે મૂકે છે. ધૂળેય નથી મંગળિક સાંભળને. આહા..હા..!

આ તો આનંદનો કુંભ તો પ્રભુ આત્મા છે. આહા..હા..! જુઓને, આ કળશને આકારે આ શરીર છેને. કાશી ઘાટનો કળશ. એને આકારે આત્મા અંદર છે અને એમાં ભરેલો છે અતીન્દ્રિય આનંદ. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદથી ભરેલો કળશ છે. આહા..હા..! કહે

છે કે જેને મંગળદશા સ્વભાવના આશ્રયે પ્રગટ થઈ તેને તે આ એક જ મંગળિક છે. સમજાણું કાંઈ? પર્યાય જેને પ્રગટ થઈ છે નિર્મળ સત્પુરુષની. એમ કહ્યુંને? એને આ એક જ મંગળિક છે, વર્તમાન પર્યાય પણ નહિ; પણ પર્યાય કહે છે કે આ ત્રિકાળી વસ્તુ તે મંગળિક છે. આહા..હા..! એવું લાગે લોકોને કે ઉંચા દરજ્જાની વાત છે. આ તો મેટ્રીકની વાત છે લોકોને એવું લાગે બિચારાને. શું કરે? આ તો હજી એકડાની વાત છે. પહેલું સમ્યગ્દર્શન જે ધર્મની પહેલી સીઢી એ સમ્યગ્દર્શન ક્યુ? એ વસ્તુ પોતે જ સમ્યગ્દર્શન છે. જેને આશ્રયે પ્રગટ થયું એ કહે છે કે આ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દર્શનની ખબર ન મળે અને અંદર વ્રત થઈ ગયા ને તપ થઈ ગયા ને સંવર થઈ ગયા. તપસ્યા-અપવાસ કર્યો નિર્જરા થઈ ગઈ. ધૂળેય નથી, કાળ તારો જાય છે બધો. કાળની નિર્જરા છે. કાળ ગયો, કાળ ગુમાવ્યો. આહા..હા..! ભાઈ! માર્ગ તો આવો છે. અંતર્મુખ ચીજ પરમાત્મસ્વરૂપે છે.

આજ એક શબ્દ આવ્યો હતો. આ હમણા સજ્ઝાય કરી. તમારા ત્રણની. મોક્ષની.. આવ્યુંને પુસ્તક? એ સજ્ઝાય કરી. એમાં એક ઠેકાણે કળશ છે. અંતરાત્માના સાધન વડે બહિરાત્માના ત્યાગ વડે પરમાત્માનું સાધ્ય પ્રગટ કરવું. ભાઈ! અંતરાત્માના સાધન વડે. મારે તો અહીં એ ભાષા લેવી છે. સાધન આ. પૂર્ણાનંદનો નાથ એની જે અંતર દૃષ્ટિ, જ્ઞાનાદિ થયું એ સાધન વડે કરીને પરમાત્મા થવાય છે. આહા..હા..! એ શબ્દ છે. અંતર ઉપાય શબ્દ પડ્યો છે. આહા..હા..! પરમપરમાત્માનું સાધ્ય. એનું સાધન અંતરાત્માનું સાધન તે સાધન છે. આહા..હા..! એ સાધન તે છે એનું સાધન તો મૂળ દ્રવ્યમાં છે, કહે છે. સાધન નામનો એક ગુણ છે એમાં. આહા..હા..! ત્રિકાળી ગુણ છે સાધક નામનો અંદર એક એને આશ્રયે પ્રગટેલી સાધકદશા. એમ કહે છે કે પૂર્ણ તે આ વસ્તુ તે સાધક છે. આહા..હા..! એવી વાત છે. સમજાણું કાંઈ?

**'તે જ એક મંગળ છે,...'** આહા..હા..! કીધું હતુંને તે દિ' ઓલું? ફોજદાર જયચંદ.. આ મંગળિક સંભળાવ્યું. વાણિયા હતા દશાશ્રીમાળી ત્યાં રાજકોટ ૯૦ની સાલમાં. જેતપુરના હશે. .માં હતા ક્યાંક. છેલ્લી સ્થિતિ હતી. આ લોહી ઓલું થઈ ગયેલુંને. હુશિયાર માણસ ફોજદાર હતા જયચંદભાઈ કરીને. એની છેલ્લી સ્થિતિ થઈ, બેઠા હતા. એ કહે કે મહારાજના દર્શન કરવા છે. ... મંગળિક સંભળાવ્યું. એ શું કીધું મહારાજ તમે? મંગળિક એ હું કાંઈ સમજ્યો નહિ. કીધું, એમ કહ્યું કે અરિહંત સિદ્ધા આદિ મંગળિક એ તો વ્યવહાર છે. પણ કેવળી પણ્ણંતો ધમ્મો મંગલં. એ કેવળી આત્માનો જે સ્વભાવ એની જે નિર્મળ પર્યાય પ્રગટ થાય એ મંગળિક છે. બુદ્ધિવાળો માણસ હતો. દેહ છૂટી ગયો. આ શું કહેવાય ઓલું લોહીનું પાણી થઈ જાય એ? એનીમા. એનીમા થયો. આહા..હા..! આ બધા મંગળિક કરી કરીને બહારમાં એ તો વિકલ્પ છે, કહે છે, એ તો શુભભાવ છે. અરિહંત મંગળિક, સિદ્ધા મંગળિક. મંગળિક દેવા આવે છે ઈ?

'**તે જ એક મંગળ છે,...**' આહા..હા..! મંગળિકનો એ કુંભ છે આખો. ભગવાન આત્માનો સ્વભાવ, દ્રવ્યસ્વભાવ મંગળિકનો કુંભ છે. જેને આશ્રયે મંગળિક થાય એ મંગળિકનો કુંભ છે. આરે..! આ ભાષા કેવી! આવો ઉપદેશ કેવો? ઓલું તો કહે કે અપવાસ કરો ને આ કરો ને તે કરો. ઉજવણા કરો અને ઉપધાન કરો દોઢ મહિનાના. એક ટંક ખાવું અને પછી ખમાસણા ભગવાનને દેવા આટલા. ઉઠ-બેઠ સો-સો વાર કરીને બિચારા મરી જાય કરી કરીને. સમજાણું કાંઈ? પણ આ ઉપધાન આત્મા અંદર પોતાનો નાથ સ્વરૂપ એ પોતે મંગળિક છે એની દશાને પ્રગટ કરે. મંગળિકને આશ્રયે મંગળિક પ્રગટ કરે એ ધર્મ છે. સમજાણું કાંઈ? લ્યો, આ મંગળિક આવ્યું. આહા..હા..!

પછી '**તે જ એક ઉત્તમ છે...**' ત્રણ આવે છેને એમાં? ચત્તારી મંગલં, ચત્તારી લોગુત્તમા, લોકમાં ચાર ઉત્તમ છે. અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવળી પણ્ણંતો ધમ્મે લોગત્તમા. અહીં કહે છે કે ઉત્તમ હોય તો ભગવાન ત્રિલોકનાથ એ એક જ ઉત્તમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે જ...**' તે જ. નિશ્ચયથી '**તે જ એક ઉત્તમ છે...**' ઓલામાં આવ્યું હતુંને ૧૯૨ ગાથામાં નહિ? મહાપદાર્થ છે. ૧૯૨માં ભાઈ આવ્યું હતું. મહાપદાર્થ. અતીન્દ્રિય મહાપદાર્થ છે પ્રભુ! આહા..હા..! શું દિગંબર સંતોની શૈલી! આહા..હા..! સર્વજ્ઞના ઘરમાં પેસીને વાત કરનારા છે. સમજાણું કાંઈ? આવી વાત ક્યાંય મળે એવું નથી બીજે. દિગંબર ધર્મ સિવાય આવી ક્યાંય વાત નથી, ભાઈ! એને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આમ મુનિઓ એને કપડા ન હોય .. આકાશ જેને વસ્ત્ર. આત્માને પણ જેને નિર્મળાનંદ સ્વભાવમાં વસ્ત્રનું કપડું ન હોય, એને વિકલ્પનું કપડું ન હોય. આહા..હા..! પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવો અને એને મંગળિક એ પણ એક વિકલ્પ છે, રાગ છે, કહે છે. આહા..હા..! એ રાગ મંગળિક નહિ. પણ મંગળિક જેને આશ્રયે પ્રગટ દશા થઈ એ પોતે મંગળિક સ્વરૂપ છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મંગળિકની વચ્ચે બે બોલ આવ્યા. ચત્તારિ મંગલં આવે છેને? ચત્તારિ મંગલં, ચત્તારિ લોગુત્તમા, હવે ચત્તારી શરણં. બાર આવે છેને બાર બોલ?

'**તે જ એક શરણ છે.**' આહા..હા..! ચાર ગયા. એક રહ્યો. ભગવાન આત્મા.. જુઓ આ પદ્મનંદીમાંથી આધાર આપ્યો છે. બધા સંતોની કથની એક જ પ્રકારની છે. દિગંબર આચાર્યો એ સર્વજ્ઞને અનુસરનારા એમાં બધાનો એક જ ધ્વનિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**તે જ એક શરણ છે.**' શુદ્ધ ચૈતન્યઘન પવિત્રતાનો પિંડ પ્રભુ કારણપરમાત્મા તે જ એક ઉત્તમ શરણ છે. કેમકે શરણ જે વીતરાગ પર્યાય જે શરણરૂપ થઈ એ વીતરાગ પર્યાયનો આશ્રય એ છે કે એ જ શરણ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત અંદર. શશીભાઈ! વળી પાછા મોટા આવા મકાન કરવા ૨૬-૨૬ લાખના. એ કહે કરણી અને કથની તમારી મેળ ક્યાં ખાય છે? એમ કહે છે. એઈ..! કોણ કરે? બાપુ! તને ખબર નથી,

ભાઈ! એ તો એ કાળે આ થવાનું હોય છે ત્યાં થાય છે. આહા..હા..! એ રજકણનું જે આમ થવું, પરિણમવું એ તો પરમાણુની પર્યાય છે, ભાઈ! એ કોઈથી કર્યે થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે વાતું તમે કરો મોટી આવી અને પાછા વ્યવહાર આવા નાખો. એને સાધન બનાવો. એમ કહે છે. અરે! પ્રભુ! ભાઈ! કોણ કહે છે તને? એ તો એ કાળે બનવાનું હોય તે જડની પર્યાય મંદિર બને એ જડની પર્યાય છે, ભાઈ! તને ખબર નથી. એ પુદ્ગલની પર્યાય બને છે. એને બનાવનારો જાણે કે હું બનાવું છું (એ) મિથ્યા અહંકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે આ એક જ શરણ છે. લ્યો, મંગળિકના ત્રણે બોલ આવી ગયા આમાં. ચત્તારી મંગલં, ચત્તારી લોગુત્તમા, ચત્તારી શરણં. એમાં એક જ શરણ, ચાર નહિ એમ કહે છે. આહા..હા..! કેવળી પણ્ણંતો ધમ્મો શરણં એ તો પર્યાય છે. કેવળીએ કહેલો ધર્મ એ પણ પર્યાય છે. અહીં તો એક જેનાથી પ્રગટ થાય તે શરણ છે. આહા..હા..! એટલે ચારેય ઉડાડી દીધા. સમજાણું કાંઈ? જેમાં નજર નાખે-નિધાનમાં નજર નાખે શરણ દશા પ્રગટ થાય. ધર્મ ધારે, સંસારમાં પડતા ધારી રાખે એવી જે દશા તે ધર્મ, તે શરણ, તે શરણમાં ઉત્પત્તિ સ્થાન તે આત્મા માટે તે શરણ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો ઉપદેશ ભારે ભાઈ! હવે આવું કહેવું અને વ્યવહાર પાછો કરવો બધો, એમ કહે છે. કોણ કરે ભાઈ! તને ખબર નથી બાપુ! આમ ન લેવાય. આહા..હા..! કોણ કરે, ભાઈ! અંદર શુભરાગ આવે એનો કર્તા થાય તો એ મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહા..હા..! 'પરની ક્રિયા હું કરું, મેં મકાન બનાવ્યા, મેં મંદિર બનાવ્યા' એ માન્યતા તદ્દ્ન મિથ્યાત્વ છે. દેવીલાલજી! ત્યારે હવે ન બનાવવાને? પણ બનાવી શકે છે ક્યાં તે ન બનાવવા? આહા..હા..! તે કાળે તે બનવાનું હોય તે બને છે. જોડે ઉપસ્થિત જીવનો શુભભાવ હોય છે, પણ એ શુભભાવ હોય માટે આ મંદિર બન્યું એમ નથી. આહા..હા..! અને શુભભાવ થયો માટે એને ધર્મ થયો એમ પણ નથી. આવી વાત ભારે કઠણ. જગતનો પ્રવાહ અત્યારે ક્યાંય ચાલ્યો છે. વીતરાગનો માર્ગ ક્યાંય રહી ગયો છે. આહા..હા..!

જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર તો એમ કહે છે કે ભાઈ! તારો આત્મા જે છે એ તને શરણ છે, અમે પણ નહિ, એમ કહે છે. આહા..હા..! અમે પણ તને શરણ નહિ. કારણ કે અમે તો પરદ્રવ્ય છીએ. એ તો સવારમાં આવ્યું હતું નહિ? સવારમાં આવ્યું હતુંને? પરદ્રવ્ય અશુદ્ધતાનું કારણ છે, મલિનતાનું કારણ છે. ૯૩માં આવ્યું હતું અને અહીં આવ્યું હતું. સ્વદ્રવ્ય જ પોતે પવિત્રતાનું કારણ છે. સમજાણું કાંઈ? સ્વદ્રવ્યનું નહોતું આવ્યું?

**શ્રોતા** :- પ્રતિબંધ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પ્રતિબંધ. પ્રતિબંધ શબ્દ હતો. પરદ્રવ્યનું લક્ષ કરવું અને અટકવું ત્યાં એ બધું બંધનું કારણ છે. સ્વદ્રવ્યનો પ્રતિબદ્ધ ભગવાન પૂર્ણ આનંદમાં પ્રતિબંધ—રોકાવું...

આહા..હા..! તે ધર્મ છે. આહા..હા..! સવારમાં આવ્યું હતું. પ્રવચનસાર ૧૯૨-૧૯૩. એ જ્ઞેય અધિકાર છે. ૧૯૨માં એમ લીધું હતું કે આ ધ્રુવસ્વરૂપ છે તે જ એક... આહા..હા..! પવિત્રતાનું કારણ છે. અને આ આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, સમ્મેદશિખર, શેત્રુંજય આદિ એ પરદ્રવ્ય છે એ બધા અશુદ્ધતાના કારણ છે. આવી વાત ભારે! ભલે શુભભાવ હો, પણ શુભ એ પણ અશુભ છે. આ તો જાત્રા કરવા ગયા તો આપણું કલ્યાણ થઈ ગયું જાણે. હવે જાત્રા તો અહીં છે.

**શ્રોતા :-** ૯૯ વાર થાય પછી પૂરો લાભ મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થઈ રહ્યું, ઘણો લાભ ૯૯ થાય ત્યારે. અહીં તો ત્રણલોકના નાથ પ્રભુ પોતે એના ઉપર આરૂઢ થાય તે જાત્રા છે. આવી વાત છે. શુભભાવ હોય ત્યારે એ હોય છે. શુભભાવ હોય ત્યારે ત્યાં પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! તીર્થ અહીં છે, જાત્રા અહીં છે. બધું આત્મામાં છે. તરવાનો ઉપાય પ્રગટ કરે તે તીર્થ. તો તરવાનો ઉપાય આત્મા પ્રગટ કરે છે અંદરથી. આહા..હા..! છે બધું તીર્થ, નથી બોધપાહુડમાં? ૧૧ બોલ લીધા છેને? બીજે પણ લીધા છે. તીર્થ. લ્યો, આ '**તે જ એક શરણ છે.**' એવું લાગે કે આ એકાંત છે એમ લાગે. સમ્યક્ એકાંત છે, ભાઈ! આવું સમ્યક્ એકાંત થાય તેને અનેકાંતનું સાચું જ્ઞાન હોય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાનનો આશ્રય ભગવાન એવું જેને ભાન થાય તેને અશુદ્ધતા છે પર્યાયમાં શુદ્ધતા થોડી છે એવું જ્ઞાન તેને યથાર્થ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આ કઈ જાતનો ઉપદેશ આવો તે? કોના ઘરનો? એ ગાથા થઈ. બીજી.

(अन्ष्टुभ)

आचारश्च तदेवैकं तदेवावश्यकक्रिया।
स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः।।'

'**શ્લોકાર્થ :- અપ્રમત્ત યોગી...**' મુનિરાજ. આહા..હા..! જેને, અંતરમાં નિર્વિકલ્પ આનંદમાં જે પડ્યો છે એવા અપ્રમત્ત સંતને '**તે જ એક આચાર છે,...**' આ જ્ઞાનાચાર અને દર્શનાચાર કહે છેને? એ બધો ત્રિકાળના આશ્રયે પ્રગટ થાય માટે ત્રિકાળ પોતે જ આચાર છે. આહા..હા..! આ પદ્મનંદિપંચવિંશતિ. ૯૦૦ વર્ષ પહેલા થયા પદ્મનંદિ આચાર્ય દિગંબર સંત વનવાસી. જેને શ્રીમદ્દે પદ્મનંદીને વનશાસ્ત્ર કહ્યું છે. શ્રીમદ્ રાજચંદ્ર. વનશાસ્ત્ર. વનમાં થયું છેને. મુનિઓ તો વનમાં રહેતા. આ બધી જે ગડબડ થઈ ગઈ એ પછી થઈ. નગ્નમુનિ રહેતા અને તે આત્માના આનંદમાં રહેતા. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**અપ્રમત્ત યોગીને...**' જીવને અંતરમાં જેને પ્રમાદ છૂટીને સ્વરૂપમાં રમણતામાં ગયો છે એવા '**યોગીને તે એક આચાર છે,...**' કાળે ભણવું, વિનયથી ભણવું એવો વિકલ્પ એ આચાર નહિ, કહે છે. આહા..હા..! ત્યાંથી એમ આવ્યું હતું ઓલામાં. તારા પ્રસાદથી. એ નિમિત્તના કથન છે. આહા..હા..! ત્રણલોકના નાથના પ્રસાદથી. પોતે પ્રભુ એની જે રમણતા

અંદરમાં તે જ એકલો આચાર છે ધર્મીને. આહા..હા..! આ સત્ય અને નિશ્ચયની વાત છે. આહા..હા..! વ્યવહારની વાતું બધી અસદ્‌ભૂત કે સદ્‌ભૂતની વ્યવહારની વાતું એ બધો હેય છે અહીં તો. આહા..હા..!

'**તે જ એક આવશ્યક ક્રિયા છે...**' ઓહો..હો..! આ છ આવશ્યક કહેવાય છેને? સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચખાણ—છ આવશ્યક. એ અવશ્ય ક્રિયા એ આત્મા જ છે. આહા..હા..! જેને આશ્રયે નિશ્ચયસમ્યક્, નિશ્ચયસામાયિક વીતરાગતા થાય, જેને આશ્રયે તીર્થંકર એટલે ભગવાન આત્માની સ્તુતિ થાય. આહા..હા..! જેને આશ્રયે વંદન એને વંદન કરવાનું જેને થાય. આહા..હા..! કાયોત્સર્ગ રાગનો ત્યાગ થઈને જેમાં આત્મા થંભીને સ્થિર થાય એ બધી ક્રિયાઓ તે આત્મા છે, કહે છે. આહા..હા..! લ્યો, મોહનલાલજી! આ બધું ઠીક આવ્યું, આ બધું આવ્યું છે આ. ભડકે એવું છે બીજા વાડાવાળા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આચારની અપેક્ષાએ કહ્યું, પણ દર્શનની અપેક્ષાએ એની અપેક્ષાએ આત્મા એ તો પહેલા કહ્યું. એ હમણાં આવશે. એ પહેલા કહી ગયા છે. આ તો આચાર છે પાંચ પ્રકારનો. કોઈ એમ કહે કે સાધુને આચાર પાંચ પ્રકારનો ક્યો? કે અપ્રમત્ત દશામાં રમણતા થાય તે આચાર છે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચેયની પૂર્ણતા લેવી છેને? આહા..હા..! કહેશે હમણા ઈ.

'**તે જ એક આવશ્યક ક્રિયા છે...**' છે? આહા..હા..! જરૂર કરવાલાયક હોય તો તે મોક્ષનો માર્ગ અને તે મોક્ષના માર્ગની ક્રિયા ત્રિકાળમાંથી ઉત્પન્ન થાય છે માટે પોતે ત્રિકાળ તે જ આવશ્યક ક્રિયા છે. પર્યાયને અભેદ કરીને એમ કીધું કે એ ત્રિકાળ પોતે તે આવશ્યક ક્રિયા છે. આશ્રય ધ્રુવનો છે, પણ ધ્રુવમાંથી જે આવશ્યક ક્રિયા પ્રગટ થઈ માટે કહે છે આવશ્યક આત્મા ખાણ એની છે. આહા..હા..! જુઓ, આ પદ્મનંદી આચાર્ય દિગંબર સંત છે જંગલવાસી. ૯૦૦ વર્ષ પહેલા પદ્મનંદિ પંચવિંશતિ બનાવ્યું છે. છે ૨૬ અધિકાર. નામ આપ્યું પદ્મનંદી. નામ પદ્મનંદી ખરુંને એટલે પંચવિંશતિ એટલે ૫-૫નો મેળ થાય એટલે પદ્મનંદિ પંચવિંશતિ. ૫-પાનો મેળ. છે ૨૬ અધિકાર.

'**તે જ એક આવશ્યક ક્રિયા છે...**' આહા..હા..! સામાયિકની ક્રિયા, ચોવિસંથોની ક્રિયા, વંદનની ક્રિયા, પ્રત્યાખ્યાનની, કાયોત્સર્ગની. આહા..હા..! પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, સંવર એ બધી સ્વરૂપ ભગવાન પોતે છે એને આશ્રયે થયેલી એ ક્રિયાનો આધાર ભગવાન છે, માટે ભગવાન પોતે જ જાણે આવશ્યક ક્રિયાઓ સંપન્ન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**અને તે જ એક સ્વાધ્યાય છે.**' લ્યો! આ શાસ્ત્ર વાંચવા ને ભણવા પણ એ બધું (વિકલ્પ છે). કહે છે, સ્વ અધ્યાય. પોતે ત્રિલોકના નાથ જેના અધ્યયનમાં આવ્યો છે પરિણમનમાં એ પોતે સ્વાધ્યાય છે. આહા..હા..! ઓલો તો વ્યવહાર સ્વાધ્યાય

કીધો છે. આ બોલવું અધ્યયન. આ નિશ્ચયસ્વાધ્યાય આ છે. સ્વ નામ પોતાનો સ્વભાવ તેનું અધ્યયન. તેનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રગટ થવું તો એ પોતે જ સ્વાધ્યાય છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ આ રીતે માને છે. ધર્મી આ રીતે માને છે કે આવશ્યક ક્રિયાનો આધાર આત્મા છે, માટે આવશ્યક ક્રિયા એને આશ્રયે થઈ તે આવશ્યક સ્વરૂપ છે. આહા..હા..!

ત્રીજી ગાથામાં આવ્યુંને? આ નિયમસાર. આ નિયમસાર છે. ત્રીજીમાં આવ્યું છે. '**णियमेण य जं कज्जं**' નિયમથી જે કરવાલાયક છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય. એ નિયમથી કરવાલાયક છે એ પર્યાય કોને આશ્રયે થઈ? એ વસ્તુથી થઈ. વસ્તુને આશ્રયે થઈ અને થઈ તેને એમ લાગ્યું કે આ તો ઓહો..હો..! આખો સ્વાધ્યાયસ્વરૂપ જ ભગવાન છે. આહા..હા..! એમાંથી તો પર્યાયનો અંશ આવ્યો, પર્યાયમાં આ ભાન થઈ ગયું. જેમ શુદ્ધતાના અંશમાં આખું શુદ્ધ છે એમ ભાન થાય છેને? છઠ્ઠી ગાથા. આહા..હા..! પરનું લક્ષ છોડી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મનો ભાવ, ઉદયભાવરૂપ ભાવ એનું લક્ષ છોડી દઈ અને એકલો ત્રિકાળી ભગવાનના સેવામાં જાય છે જીવ. સેવા એટલે એના તરફના પરિણમનમાં ત્યારે એને શુદ્ધતા પ્રગટે છે. એ શુદ્ધતામાં ભાન થાય છે કે આ શુદ્ધ છે. પ્રગટે એ નહિ, આ શુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું શૈલી સંતોની પૂર્વાપર વિરોધરહિત! એક આચાર્ય કહે, બીજા આચાર્ય કહે ચારે કોરની એક શૈલી. આહા..હા..! અરે! ભાઈ! જેને મનુષ્ય, સ્વર્ગ, દેહ આદિના દુઃખ છે આ સ્વર્ગ આદિના એનાથી રહિત થવું (હોય) એનો માર્ગ આ છે. આહા..હા..! કહેશે પછી ૧૦૧માં, એકલો જન્મ્યો અને મર્યો, એકલો મોક્ષ ગયો. એને બેકલાનો કોઈ સાથ છે નહિ. આહા..હા..! એ પછી કહેશે ૧૦૧માં. આહા..હા..!

'**તે જ એક સ્વાધ્યાય છે.**' ભગવાન પૂર્ણસ્વરૂપ તેનો સ્વ-અધ્યાય જે પરિણમન થયું એ પરિણમનનો આધાર, દાતા આત્મા છે. અત્યારે તો એ સિદ્ધ કરવું છેને. નહિતર તો પર્યાયનો દાતાર આત્મા નથી એમ કહેવું છે, પણ આશ્રય છેને એ. નિશ્ચયમાં તો એમ કહ્યું છે, નિશ્ચય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય સ્વને આશ્રયે થઈ, એમાં આત્મા દાતા નથી. યોગસારમાં આવી ગયું છે યોગસારમાં. આત્મધર્મમાં આ બધી ઘણી વાત આવી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે જ એક સ્વાધ્યાય છે.**' સ્વ-અધ્યાય. જેણે પોતાનું ભાન કર્યું, પોતાને ઓળખ્યો, જાણ્યો અને માન્યો એ સ્વાધ્યાય. એ સ્વાધ્યાય, પોતે વસ્તુ છે એ સ્વાધ્યાય. એમાં હતું તો બહારમાં આવ્યું, એમ કહે છે. આહા..હા..! બાયું-બાયુંને કઠણ પડે બહુ, આ ઝીણું પડે. એ કરતા આ ભક્તિ કરવી, પૂજા કરવી, પૈસા ખર્ચવા, લાખ, બે લાખ ખરચીને ઉપધાન કરાવવા એ સહેલું સટ લાગતું હતું. એ કહે છે કે નહિ, એ ધર્મ નહિ. સામાયિક કરતા, પોષા કરતા અને પડિક્કમણ કરતા. અરે! બાપુ! એ તો બધી રાગની ક્રિયાઓ છે, ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? શું થાય? જગત લૂંટાણું, લૂંટનારા મળે છે એને. આહા..હા..!

'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા' આવે છેને? 'ભાવ ધર્મ રુચિ હીન, ઉપદેશક પણ તેહવા.' ઉપદેશ દેનારા એના જેવા. એ બિચારા શું લાવે? નવું ક્યાંથી લાવે? લ્યો, એ શ્લોક પદ્મનંદીના આપ્યા. હવે પોતે કહે છે જુઓ, શ્લોક.

(मालिनी)

मम सहजसुदृष्टौ शुद्धबोधे चरित्रे
सुकृतदुरितकर्मद्वन्दसंन्यासकाले।
भवति स परमात्मा संवरे शुद्धयोगे
न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्त्यै पदार्थः।।१३५।।

મુનિરાજ પોતે કહે છે, **'મારા સહજ સમ્યગ્દર્શનમાં,...'** આહા..હા..! સમ્યગ્દર્શન જે નિર્મળ આત્માની અનુભૂતિ નામ પ્રતીતિ એ મારા સમ્યગ્દર્શનમાં એટલે કે કૌંસમાં પછી છે સમ્યગ્દર્શનમાં બધાનો આશ્રય, અવલંબન શુદ્ધાત્મા જ છે. છેને અંદર?

**શ્રોતા :-** એ પરમાત્મા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ પરમાત્મા એટલે એ શુદ્ધ આત્મા. આહા..હા..! મારા સમ્યગ્દર્શનનો વિષય તે ધ્રુવ ત્રિકાળ છે એ પરમાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા હિન્દી લોકો કહેતા હતા પણ આવ્યા નહિ વહેલા. પછી ગુજરાતી થઈ ગયું. અહીં તો આવે તો હિન્દી ચાલે. કોક કહેતું હતું. વહેલા આવે તો થાય. પછી થઈ રહ્યું. શરૂ થયા પછી ક્યાં..? એની કાંઈ ગરજ ન હોય એવી સાંભળવાની. જાત્રા કરવા નીકળ્યા હોયને. સત્ય શું છે એ ક્યાં છે? આહા..હા..! એક માણસ કહેતો હતો હિન્દી કરજો. હિન્દી કરશું કીધું પણ તમે અહીં આવો તોને. અહીં જોઈએ કે આવ્યા છે તો હિન્દી થાય. ગુજરાતી હતા, કોઈ આવ્યું નહોતું.

અહીં કહે છે કે **'મારા સહજ સમ્યગ્દર્શનમાં,...'** મુનિરાજ દિગંબર સંત છે ભાવલિંગી. આહા..હા..! એ કહે છે કે સ્વભાવિક મારું સમ્યગ્દર્શન. આ કૃત્રિમ વ્યવહાર સમ્યગ્દર્શન નહિ. સ્વભાવિક જે આત્મા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એના સન્મુખ થઈને જે પ્રતીતિ થઈ એ સમ્યગ્દર્શનમાં મારો આત્મા આશ્રય છે. એ સમ્યગ્દર્શનમાં પ્રભુ આત્માનું અવલંબન છે. સમ્યગ્દર્શનમાં દેવ-ગુરુ-શાસ્ત્ર અને એની પ્રતિમાનું અવલંબન નહિ, એમ કહે છે. એ અવલંબન તો શુભભાવમાં એનું અવલંબન છે. સમજાણું કાંઈ? નિરાલંબ ભગવાન આત્મા આહા..હા..! એ મારા સમ્યગ્દર્શનમાં આલંબન એનું છે, આશ્રય એનો છે, આધાર એનો છે. આહા..હા..! સમ્યગ્દર્શન છે એ પર્યાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન ગુણ નથી. ગુણ તો ત્રિકાળ હોય. એ સમ્યગ્દર્શન દ્રવ્ય નથી.

**શ્રોતા :-** આઠ ગુણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાય છે. એ બધી વાતું. એ પર્યાય છે. એ તો અવગુણનો

અભાવ કરીને ગુણ થયો એટલે પર્યાય છે એમ કહેવું છે. આ બધા તકરાર એ કહેતા હતાને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ છે, તમે એને પર્યાય કહો છો. શું ભાઈ! સાંભળને ભાઈ! સિદ્ધ ભગવાન એ પર્યાય છે. મોક્ષનો માર્ગ એ પર્યાય છે, સંસાર એ વિરુદ્ધ પર્યાય છે. એને ક્યાં ખબર ન મળે કાંઈ. દ્રવ્ય, ગુણ અને પર્યાયના જ્ઞાન વિના થોથે થોથા ચાલ્યા. ક્યાંય સંસારનું રખડવું બંધ થયું નહિ એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન એ પર્યાય છે, અવસ્થા છે. એ મારી સમ્યગ્દર્શન અવસ્થામાં આત્મા મારો પરમાત્મા તે આશ્રય છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? જુઓ, '**પરમાત્મા જ છે...**' '**તે પરમાત્મા જ છે...**' એમ શબ્દ છે. પરમાત્મા કેવો? આ પરમાત્મા હોં. હીરાલાલજી! આ રાંકા અમે પરમાત્મા. અરે.. સાંભળને ભાઈ! પર્યાયમાં તેં રાંકો માન્યો છે. વસ્તુ પરમાત્મા છે. પરમસ્વરૂપે ભગવાન બિરાજે છે અંદર. આહા..હા..! અરેરે! કાંઈ પોતાની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય, જેનો આશ્રય લેવો છે એ કોણ છે એની ખબર ન મળે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં તે પરમાત્મા જ છે, એમ લેવું. છેને ત્રીજી લીટી? એટલે કે સમ્યગ્દર્શનમાં આશ્રય અને અવલંબન શુદ્ધ આત્મા એટલે એ પરમાત્મા એ શુદ્ધ આત્મા. આહા..હા..! ત્રિકાળી શુદ્ધાત્મા તેને અહીંયાં પરમાત્મા કહ્યો અને મારા સમ્યગ્દર્શનની પર્યાયમાં એનો આશ્રય અને આનો આધાર છે. આહા..હા..!

'**શુદ્ધ જ્ઞાનમાં,...**' સમ્યગ્જ્ઞાન જે મોક્ષના માર્ગનો એક અવયવ, ભાગ એ શુદ્ધ જ્ઞાનમાં મારો પરમાત્મા જ આશ્રય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શાસ્ત્રના ભણતર-ફણતર તે જ્ઞાન તે જ્ઞાન નહિ, કહે છે. લાખ-કરોડ શાસ્ત્ર ભણ્યો હોય એ જ્ઞાન નહિ.

**શ્રોતા :-** અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય તોપણ..?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવ પૂર્વ ભણ્યો હોય એ જ્ઞાન નથી. સમ્યગ્જ્ઞાનમાં આત્મા આશ્રય છે તેને સમ્યગ્જ્ઞાન કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

અને '**ચારિત્રમાં,...**' એ સ્વરૂપની રમણતારૂપી મોક્ષનું કારણ જે સાક્ષાત્ ચારિત્ર એ ચારિત્રનો આશ્રય તો મારો પરમાત્મા છે. આહા..હા..! વ્યવહારની, પંચમહાવ્રતની આદિ ક્રિયા એનો આશ્રય નહિ. એનાથી ચારિત્ર થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ કહેવાશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૯, સોમવાર, તા. ૧૩-૧૦-૧૯૭૫,**
**કળશ-૧૩૫-૧૩૬, ગાથા-૧૦૧, પ્રવચન નં. ૬૧**

૧૩૫ કળશ. ફરીને. થોડું ચાલ્યું છે. પદ્મપ્રભમલધારીદેવ દિગંબર મુનિ છે. દિગંબર મુનિ જંગલમાં વસનારા. એ એમ કહે છે અને એમ છે. સર્વજ્ઞે કહ્યું એમ છે એમ કહે છે. '**મારા સહજ સમ્યગ્દર્શનમાં,...**' હું સમ્યગ્દર્શન જે મોક્ષના માર્ગનો એક ભાગ અવયવ એ શુદ્ધ સહજાત્મસ્વરૂપ હું છું. મહા સત્નું અંતર જ્ઞાન થઈને પ્રતીતિ (થઈ) એવું જે સમ્યગ્દર્શન એમાં મારો પરમાત્મા વસે છે. આહા..હા..! મારા સમ્યગ્દર્શનના આશ્રયે આત્મા પરમાત્મા. પરમાત્મા એટલે પોતે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? '**મારા સહજ સમ્યગ્દર્શનમાં,...**' સહજ નામ નિશ્ચયસમ્યગ્દર્શન, એમ. એમાં પરમાત્મા એટલે આત્મા ધ્રુવ ચિદાનંદ પ્રભુ સમ્યગ્દર્શનનો વિષય તે પૂર્ણ આત્મા છે. આહા..હા..! શુદ્ધ જ્ઞાનમાં અને શુદ્ધ સમ્યગ્જ્ઞાન ચૈતન્યસ્વરૂપનું જ્ઞાનસ્વરૂપ જે એનું જ્ઞાન. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એનું જ્ઞાન એ જ્ઞાનમાં આત્મા વસે છે અથવા એ જ્ઞાનનો વિષય આત્મા છે અથવા એ જ્ઞાનનો આશ્રય આત્મા છે. આહા..હા..!

અને ચારિત્ર. આત્માના આનંદસ્વરૂપી રમણતા એ ચારિત્ર. અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન આત્મા પોતે એવા અતીન્દ્રિય આનંદમાં રમણતા, સમ્યગ્દર્શન-જ્ઞાનસહિતની લીનતા એ ચારિત્રમાં પણ મારો આત્મા આશ્રય છે. આહા..હા..! આકરી વાત લોકોને એવી પડે બહારના વ્યવહારવાળાને. વ્યવહારથી આ થાય અને વ્યવહારથી આ થાય. ધૂળેય ન થાય સાંભળને. ... શું કહેવાય? સન્મતિ-સંદેશ ... રાજ.. . આવે છેને ... છે અંદર. બ્રહ્મચારી ભગવાનદાસ. .. છ વર્ષ. ... માટે આમ કહે છે એટલે આમ છે ને એકાંત છે ને ફલાણું છે ને ઢીંકણું છે. ઉપાદાન પોતાની પર્યાયથી કાર્ય થાય છે ત્યારે નિમિત્ત ભલે હો, પણ નિમિત્તથી થાતું નથી. એમ લખ્યું છે. ... અરે ભગવાન! આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે ત્યાં શું... આહા..હા..!

અહીં તો કહે છે મારું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવી જે વીતરાગી નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય એમાં મારો આત્મા ત્રિકાળી તે આશ્રય છે, એનું અવલંબન છે. તે દેવ-ગુરુ-શાસ્ત્રને અવલંબને સમકિત થાય કે શાસ્ત્રના જ્ઞાનને અવલંબે સમકિત થાય એમ નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વના સંન્યાસકાળમાં...**' એટલે કે શુભ અને અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ એ

અશુભભાવ એ બેયના ત્યાગ કાળમાં કર્મદ્વંદ્વ એ છે. બે દ્વંદ્વ બે થયાને શુભ-અશુભભાવ. સુકૃત-દુષ્કૃત. એવું જે કર્મ વિકારીભાવનું દ્વંદ્વપણું, એના ત્યાગમાં, એના સંન્યાસકાળમાં. શુભ અને અશુભભાવના સંન્યાસ નામ ત્યાગકાળમાં '**(અર્થાત્ પ્રત્યાખ્યાનમાં),...**' તે પરમાત્મા્ જ છે. મારો પરમસ્વરૂપ ભગવાન આત્મા તે પ્રત્યાખ્યાન એનો આશ્રય છે. આહા..હા..! હવે આત્મા કોણ છે એની ખબર ન મળે અને પચ્ચખાણ કરી નાખ્યા. પચ્ચખાણ થયા અને ચારિત્ર થયા એ એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? પૂર્ણાનંદનો નાથ આત્મા પરમ સ્વભાવી પરમાત્મા. પરમાત્મા છેને? પરમસ્વભાવી સ્વરૂપ એવો જે આત્મા ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ એ શુભ અને અશુભના ત્યાગના કાળમાં એ પ્રત્યાખ્યાનમાં મારો આત્મા આશ્રય છે. સમજાણું કાંઈ?

અને '**સંવરમાં...**' શુભ-અશુભભાવરહિત જે સંવરદશા મોક્ષના માર્ગની નિર્મળ શુદ્ધતા ... દશા '**અને શુદ્ધ યોગમાં (-શુદ્ધોપયોગમાં) તે પરમાત્મા જ છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? એટલે ૧૪મી ગાથામાં ભાઈ કહ્યુંને? હમણા કહ્યું હતું નહિ? શુદ્ધનય કહો, આત્મા કહો, અનુભૂતિ કહો. એ તો એને સમજાવાની.. એથી કાંઈ અનુભૂતિનો આશ્રય છે એમ કાંઈ નથી. એ તો શુદ્ધ આત્મા. એ તો ૭૧ ગાથામાં નહોતું આવ્યું? વસ્તુનો સ્વભાવ છે તે સ્વભાવ અને એ સ્વભાવનું પરિણમન થવું તે આત્મા. એમ કહ્યું ભાઈ એ તો. ૭૧. આત્માનું શુદ્ધ પરિણમન થાય તે આત્મા. ત્યાં ઓલો અભેદ કરીને આત્મા લેવો. પણ એથી કરીને આશ્રય સંવરની દશાનું છે એમ નથી. સમજાણું કાંઈ? કીધુંને અહીં?

'**સંવરમાં...**' ત્યાં તો એમ કહ્યું હતું કર્તાકર્મમાં. વસ્તુનો સ્વભાવ એ સ્વભાવનું પરિણમન તે આત્મા. એટલે તે આત્માનું કાર્ય એમ. રાગાદિ, દયા-દાન આદિ એ આત્માનું કાર્ય નહિ. આત્મા નથી, એ તો અજીવ છે. ઝીણી વાત, ભાઈ! અરે! જગતને ક્યાં જાવું છે અને શું કરવું છે એની એને ખબર નથી. આહા..હા..! કહે છે એ મારા શુદ્ધોપયોગમાં. દયા, દાન, વ્રત, તપને વિકલ્પ જાત્રાનો એ તો અશુદ્ધોપયોગ છે, એ આત્માનો સ્વભાવ નથી. એ આત્માનો ધર્મ નથી. એમ હિંસા, જૂઠું, ચોરી, વિષય, કામ, ક્રોધ ભાવ એ અશુદ્ધોપયોગ છે, એ આત્માનો ધર્મ નથી, આત્મામાં એ નથી. આહા..હા..! સમજાણું? '**સંવરમાં...**' એટલે મોક્ષના માર્ગની નિર્મળ પર્યાયમાં. આહા..હા..! મારો આત્મા આશ્રય છે. ત્રિકાળી આત્મા આશ્રય આધાર છે. સમજાય છે કાંઈ?

'**અને શુદ્ધોગમાં તે પરમાત્મા જ છે (અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાંયનો આશ્રય-અવલંબન શુદ્ધાત્મા જ છે);...**' એ પરમાત્મા કહો કે શુદ્ધાત્મા કહો. આહા..હા..! સમજાણું કાંઈ? ચીજ આવી છે વસ્તુ. હવે એને બીજી રીતે ગડબડ કરીને મનાવવી અને માનવી. ભાઈ! તને નુકસાન થશે. તને લાભ નહિ થાય. સમજાણું કાંઈ? એમ કે આ વ્રત પાળીએ, અપવાસ કરીએ. વ્રત પાળવા એ સંવર અને અપવાસ કરવો એ નિર્જરા. નહિ? તપસ્યા

તે નિર્જરા આવે છેને. એ પ્રશ્ન થયો હતો તે દિ' ૯ની સાલમાં. શું કહેવાય ગજરાજના મોટા ભાઈ? તુલારામ. તુલારામ આવ્યા હતાને .. નવની સાલ ઘણા વર્ષ થયા. તો એક છોકરાએ કહ્યું હશે કે આ તપસ્યા એ નિર્જરા નહિ. તપસ્યા નિર્જરા એ તો અંતર સ્વરૂપમાં આનંદમાં રમણતા. ચારિત્રસહિત ઉગ્ર પુરુષાર્થ ચારિત્રનો એનું નામ તપ છે. આહા..હા..! આત્માના ભાન અને આશ્રય વિના તારી લાંઘણ છે બધી. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. જગતથી નિરાળો છે, ભાઈ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરનો માર્ગ જગતથી તદ્દન જુદો છે. આહા..હા..!

કહે છે એ શબ્દ ત્યાં હતોને, '**તે પરમાત્મા જ છે...**' એ કોણ પરમાત્મા? એ પહેલો ખુલાસો કરી ગયા છે. '**આત્મા ખરેખર અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળો, શુદ્ધ, સહજસૌખ્યાત્મક છે.**' તે આત્મા. આહા..હા..! અનાદિ-અનંત છે પ્રભુ આ આત્મા. અમૂર્ત છે, અતીન્દ્રિયસ્વભાવવાળું સ્વરૂપ છે, પવિત્ર શુદ્ધ છે અને સહજ શુદ્ધસ્વરૂપ છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. આહા..હા..! એવો જે આત્મા તે મારા સંવર અને શુદ્ધોપયોગમાં તે જ આત્મા તે પરમાત્મા છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે, જ્ઞાનના ઠેકાણા ન મળે. અને માની લે કે અમારે ધર્મ થઈ ગયા. વ્રત લીધા અને તપ કર્યા. જાત્રાઓ કરી એટલે ધર્મ થઈ ગયો. કહો, રસિકભાઈ!

**શ્રોતા :-** ૯૯ જાત્રા કરે તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નહિ. લાખ કરે કે અનંત કરે નહિ. શેત્રુંજયની ... એ તો બધો શુભભાવ છે, ધર્મ નહિ. આહા..હા..! એ અહીં પરમાત્મા કહે છે કે શુભ અને અશુભના ત્યાગના કાળમાં જે પ્રત્યાખ્યાન તેનો આધાર તો આત્મા છે. આહા..હા..!

'**(અર્થાત્ સમ્યગ્દર્શનાદિ...** ' બોલ કહ્યાને પાંચ? '**બધાયનો આશ્રય-અવલંબન શુદ્ધાત્મા જ છે);...**' સમજાણું કાંઈ? હવે ૭૧માં એમ કહ્યું કે શુદ્ધ પરિણમન તે આત્મા. એ બીજી અપેક્ષા છે. ત્યાં તો કર્તાકર્મની અપેક્ષા છે. શુદ્ધદ્રવ્ય ધ્રુવ જે છે એનું પરિણમન જે શુદ્ધ થવું એ જીવનું કર્તવ્ય છે, એ જીવનું કાર્ય છે એમ કહેવું છે. એથી તે પરિણમન થયું તે આત્મા છે એમ કીધું. અહીં આત્મા છે એ ત્રિકાળની વાત છે. કે આ આત્મા એનો જે અનુભવ. આ આત્મા જે એનો અનુભવ, અભૂતિથી રાગાદિ બધા ભેદાદિ ભિન્ન છે. એ અનુભૂતિ ધર્મની પર્યાય છે. આહા..હા..! અને અહીં જે આત્મા કહ્યો એ આત્મા આમ ગણીને આત્મા કહ્યો, પણ એ આત્મા આશ્રય કરવાલાયક અનુભૂતિ છે એમ ત્યાં પ્રશ્ન નથી. છોટાભાઈ! એ સન્મુખ થયો તે આત્મા. અનુભૂતિસહિત આત્મા કહ્યો ત્યાં અનુભૂતિનો આશ્રય દ્રવ્ય છે. એનો રાગાદિ પર્યાય બધો અજીવ છે એમ કરીને ત્યાં એને.. પણ એ આત્મા પરિણમન જે તત્ત્વાર્થની દૃષ્ટિ થઈ એના પરિણમનસહિતને ત્યાં આત્મા કીધો. એ તો પર્યાયનો અનુભવ થયો એને આત્મા કહ્યો. પણ એ આત્મા આશ્રય કરવાલાયક છે અનુભૂતિ એમ

નહિ. એને આખા પરિણમનસહિતનો આત્મા છે. કારણ કે ત્યાં જીવ અને અજીવને ભિન્ન પાડવા છેને? જીવ-અજીવનો અધિકાર છેને એ? પુદ્ગલના પરિણામ પુણ્ય અને પાપ, દયા અને દાન આદિ પુદ્ગલના પરિણામ છે એમ ગણીને અનુભૂતિના, આત્માનો અનુભવ જે થયો એનાથી તે ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

નવ તત્ત્વની શ્રદ્ધા સમકિત કહ્યું લ્યોને, ભાઈ! એય..! આ સંવર-નિર્જરા આવ્યું અને આસ્રવ પછી આવ્યું. પર્યાય બીજી આવી. આસ્રવની, મિથ્યાત્વની, રાગ-દ્વેષની, ભાવબંધની, સંવર-નિર્જરા અને મોક્ષના માર્ગની પર્યાય મોક્ષ એટલે બધી પર્યાયો સહિતનો આત્મા તે શ્રદ્ધા સમ્યગ્દર્શન એમ કીધું. સમજાણું કાંઈ? એનો અર્થ કે એ પર્યાયો જે છે તેનું જ્ઞાન થયું છે અને દ્રવ્ય છે તેનું જ્ઞાન થયું છે. એ જ્ઞાનસહિતની દશાવાળી જે શ્રદ્ધા આશ્રય તો ત્રિકાળનો છે ત્યાં એ. સમજાણું કાંઈ? આવી વાતું. નવ તત્ત્વની શ્રદ્ધા તૂટી ગઈને? એમ પર્યાયની શ્રદ્ધા તૂટી ગઈ. પર્યાયની શ્રદ્ધા એટલે શ્રદ્ધાનો વિષય પર્યાય છે? શું થાય? માર્ગ એવો છે. ... એમ કહે કે પરમાત્મા ચૈતન્યનો જ આશ્રય છે એટલે 'જ' શબ્દ વાપર્યો છે અહીં. '**તે પરમાત્મા જ...**' આશ્રય છે. અહીંયાં કહે કે પર્યાય આશ્રય છે. સમજાણું કાંઈ?

આત્મા જે વસ્તુ છે એનો આશ્રય લઈને જે સંવર-નિર્જરા-મોક્ષ થઈ અને આસ્રવ અને બંધ પરિણામ તેનું એને જ્ઞાન થયું. એ જ્ઞાનમાં આઠેય તત્ત્વનું જ્ઞાન થયું અને આત્માનું જ્ઞાન થયું. સમજાણું? અને એ જ્ઞાન જાણપણાનો સ્વભાવ એની જે શ્રદ્ધા. આહા..હા..! નહિતર તો આસ્રવ.. એટલે? એ આસ્રવ-બંધ હેય છે. સંવર, નિર્જરા. સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે અને મોક્ષ ધર્મ છે. આહા..હા..! એ પર્યાયનું જ્ઞાન અને દ્રવ્યનું જ્ઞાન બેય જ્ઞાન થયું છે એને. સમજાણું કાંઈ? જ્ઞાનમાં આસ્રવ અને બંધનો આશ્રય છે એમ નથી. સમજાણું કાંઈ? આસ્રવ-બંધનો ... ૩૮ ગાથામાં તો કહ્યું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રય નહિ. આ તો ઉત્પન્ન થયેલી દશા અને વ્યય કરવાયોગ્યની દશા એનું જ્ઞાન કરીને એ આત્માની શ્રદ્ધા થાય એને એ સમ્યગ્દર્શન કહે.. આહા..હા..! અસ્તિ કરી. શરૂ તો નાસ્તિ કર્યું છે કે દ્રવ્યસ્વભાવનું જ્ઞાન થયું એમ આ પર્યાયોમાં.. સંવર, નિર્જરાની .. નથી. એની શ્રદ્ધા તે આત્માનું સમ્યગ્દર્શન છે. ભારે વાતું, ભાઈ! હજી પહેલા સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે અને ધર્મ થઈ ગયો. આ વ્રત પાળ્યા, અપવાસ કર્યા, જાત્રાઓ કરી. ધૂળેય ધર્મ નથી. રખડી મરવાના રસ્તા છે એ તો. સમજાણું કાંઈ?

કહે છે '**મુક્તિની પ્રાપ્તિ માટે...**' હવે .. ટીકા છે. મોક્ષની પ્રાપ્તિ માટે '**જગતમાં બીજો કોઈપણ પદાર્થ નથી, નથી.**' બે વાર કહ્યું. છેને? '**न च न च**' આહા..હા..! છેલ્લો શબ્દ છે. '**न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्त्यै पदार्थः**' આહા..હા..! ભગવાન

પૂર્ણાનંદ પ્રભુ અખંડ આનંદનો નાથ પ્રભુ આત્મા પોતે એ મુક્તિને માટે આત્મા એ પોતે જ આશ્રય છે. એના સિવાય કોઈ બીજો પદાર્થ આશ્રય છે નહિ. આહા..હા..! અસ્તિ-નાસ્તિ કરી. આવું સમજવું. હવે આમાં સમજવું .. ધર્મ કરવો થાય. હવે સમજ્યા વિના ધર્મ ન થાય? મરી ગયો અનંતવાર મુનિપણું પાળ્યું, સાધુપણું અનંતવાર દિગંબર સાધુ થયો, પંચમહાવ્રત પાળ્યા એ બધો રાગ અને દુઃખ છે. આહા..હા..! ભાઈ! એને ખબર નથી. અરેરે! વસ્તુ ભગવાન આ કહે છે પદ્મપ્રભમલધારિદેવે ત્રીજા નંબરે છે.

**'મુક્તિની પ્રાપ્તિ માટે...'** છેને **'कोऽप्यन्योस्ति मुक्त्यै पदार्थः न च न च'** છેલ્લો શબ્દ. મોક્ષની દશાની પ્રાપ્તિ માટે આત્માના આશ્રય સિવાય બીજો કોઈ પદાર્થ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! કહો, દેવીલાલજી! ભારે આકરું. ભાઈ! એને શ્રદ્ધામાં તો લે. વ્યવહાર શ્રદ્ધા હોં નિશ્ચયથી... આહા..હા..! એનો અવકાશ તો આપ .. આ વસ્તુનો આશ્રય થાય તો ધર્મ થાય, તો મુક્તિ થાય નહિતર .. ત્રણકાળમાં વીતરાગમાર્ગમાં નથી. આહા..હા..! **'મુક્તિની પ્રાપ્તિ માટે...'** છેને. **'न च न च भुवि कोऽप्यन्योस्ति'** છેને? અનેરી અસ્તિ મુક્તિ પદાર્થ સિવાય મુક્તિના પદાર્થમાંથી બીજો કોઈ આશ્રય છે નહિ. આહા..હા..! અંતર્મુખ પ્રભુપણે બિરાજે છે. અખંડાનંદનો નાથ અંતર્મુખ પરમાત્મા પોતે છે. એને ક્યાં બેસે છે? કહો, રસિકભાઈ! એ પરમાત્માના આશ્રય સિવાય મુક્તિ અને મુક્તિના માર્ગ માટે બીજો કોઈ પદાર્થ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૩૫ થઈ.

૧૩૬. એ આ .. અમૃતચંદ્રાચાર્યના. છેલ્લા કળશો છેને. હવે પોતાની શૈલી લીધી. ૧૩૬ કળશ.

(पृथ्वी)

**क्वचिल्लसति निर्मलं क्वचन निर्मलानिर्मलं**
**क्वचित्पुनरनिर्मलं गहनमेवमज्ञस्य यत्।**
**तदेव निजबोधदीपनिहताघभूछायकं**
**सतां हृदयपद्मसद्मनि च संस्थितं निश्चलम्।।१३६।।**

આહા..હા..! **'શ્લોકાર્થ :- જે ક્યારેક નિર્મળ દેખાય છે,...'** વસ્તુ જુઓ તો નિર્મળ છે. આત્મા પદાર્થ દેખો તો નિર્મળ... નિર્મળ... નિર્મળ... અને એની પર્યાયમાં પણ નિર્મળતા દેખાય. આહા..હા..! **'ક્યારેક નિર્મળ તેમ જ અનિર્મળ...'** ક્વચિત્ નિર્મળ વસ્તુ અને પર્યાયમાં થોડી નિર્મળ અને થોડી અનિર્મળ બેય હોય. આહા..હા..! એવા અખંડાનંદ પ્રભુ એ તો નિર્મળ છે અને એને આશ્રયે થયેલી પર્યાય નિર્મળ છે, પણ તે કાળે પણ સાધક જીવને અનિર્મળ મલિનતા પણ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'વળી ક્યારેક અનિર્મળ દેખાય છે...'** એકલો અશુદ્ધ દેખાય છે, એમ કહે. એટલે પર્યાયની અશુદ્ધતા જોવે તો અશુદ્ધતા દેખાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'અને તેથી અજ્ઞાનીને માટે જે ગહન છે,...'** આવી વસ્તુનો અનુભવ પકડવો એ મહા કઠણ છે. આ શું? નિર્મળ ને અનિર્મળ અને ક્વચિત્ નિર્મળ અને ક્વચિત્ અનિર્મળ. ક્વચિત્ એકલો નિર્મળ દેખાય, ક્વચિત્ એકલો અનિર્મળ દેખાય, ક્વચિત્ નિર્મળ, અનિર્મળ ભેગું દેખાય. આહા..હા..! ... પદ્મપ્રભમલધારિદેવ, અમૃતચંદ્રાચાર્યદેવ. ... જે **'અજ્ઞાનીને માટે જે ગહન છે, તે જ—કે જેણે નિજજ્ઞાનરૂપી દીપક વડે...'** પોતાના સમ્યગ્જ્ઞાનરૂપી દીવા વડે આત્માને જાણ્યો છે જે **'પાપતિમિરને નષ્ટ કર્યું છે...'** મિથ્યાત્વરૂપી પાપ મહા તેનો અંધકારને જેણે **નષ્ટ** કર્યું છે. આહા..હા..! **'તે (આત્મતત્ત્વ) જ—સત્પુરુષોના હૃદયકમળરૂપી ઘરમાં નિશ્ચળપણે સંસ્થિત છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનના અંદર ભાવમાં ત્રિકાળી વસ્તુ તે સંસ્થિત છે. આહા..હા..! વસ્તુ ઉપર નજર કરતાં નિર્મળ અને પવિત્રતા જે પ્રગટી એને જોતા પણ નિર્મળ અને બેને જોતા નિર્મળ અને અનિર્મળ. સાથે અશુદ્ધતા છે એટલે અનિર્મળ પણ દેખાય અને એકલી અશુદ્ધતા ન દેખે તો નિર્મળ દેખાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ અજ્ઞાનીને આ વાત બેસવી કઠણ છે કહે છે, અજ્ઞાની એવા .. આ તો પવિત્ર ... આહા..હા..! ઓલા વસંતજી કહે છેને કે શુભરાગ જ્યારે મલિન છે ત્યારે આખું દ્રવ્ય મલિન થઈ ગયું. અશુભ હોય ત્યારે આખું અશુદ્ધ દ્રવ્ય થઈ ગયું, એમ નથી. દ્રવ્યની દૃષ્ટિ જોતા તો દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે. એની દૃષ્ટિ થતાં પર્યાય પણ પ્રગટી તે પણ શુદ્ધ છે અને તે કાળે જે અશુદ્ધતા આદિ છે એના ઉપર નજર કરે તો અશુદ્ધતા પર્યાયમાં છે. સાધક જીવને સમ્યગ્દૃષ્ટિને આ હોય. એવું હોવા છતાં મુંજાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ આવી ગયું છેને આપણે નહિ?

વિકાર છે એ નિશ્ચય ને આકુળતા પામતો નથી કે આ શું? આવી ગયુંને એ તો, પ્રવચનસારમાં. વિકાર છે. આકુળતા વિકાર છે એ પોતે જ આકુળતા છે, પણ ધર્મી એને દેખીને આકુળતા કે આ શું? કે આવું હોય છે સાંભળને. પહેલી વીતરાગતા ન હોય ત્યાં મલિનતાનો ભાવ હોય છે. આહા..હા..! રૌદ્ર ધ્યાન હોય, આર્તધ્યાન હોય, છતાં વસ્તુ છે તે નિર્મળ છે અને વસ્તુને આશ્રયે જે દશા થઈ એ પણ નિર્મળ છે અને એ નિર્મળ કાળે પરનો જેટલો આશ્રય છે એટલી અનિર્મળ મલિનદશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણ આશ્રય થઈ ગયો હોય તો તો કેવળજ્ઞાન આખું પૂર્ણ થઈ જાય. તો તો પછી અહીં મલિન-અમલિનતા છે નહિ. એ તો નિર્મળ છે. ત્યાં હજી થોડુંક મલિન છે. શ્રુતજ્ઞાનને જાણવું છેને, એને ક્યાં જાણવું છે? અશુદ્ધપણું છેને. આહા..હા..! એકકોર એમ કહેવું કે સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ પરિણમન જ હોય અને એટલું કેવળીને પણ હજી અશુદ્ધ પરિણમન છે થોડું. ઉદયભાવ છેને. આહા..હા..! મુનિને આ બહાર નથી. .. એટલી અશુદ્ધતા ચાર અઘાતિના નિમિત્તમાં સંબંધમાં છે. આહા..હા..!

**'(આત્મતત્ત્વ) જ—સત્પુરુષોના હૃદયકમળરૂપી...'** જ્ઞાનરૂપી જ્યાં વિકાસ થયો છે.

આહા..હા..! સમ્યગ્જ્ઞાનની કળા જ્યાં પ્રગટ થઈ છે એવા ધર્મી જીવને. એના ઘરમાં .. વસ્તુ આવી છે એ શુદ્ધ છે, નિર્મળ પણ છે, પર્યાય નિર્મળ છે, પર્યાયમાં અનિર્મળ પણ છે. એવો આત્મા જ્ઞાનીના જ્ઞાનમાં બેઠો છે. આહા..હા..! જણાય છે એમ કહે છે. જાણે છે કે આ છે ચીજ તો. સમજાણું કાંઈ? આહા..હા..! જેટલો સ્વદ્રવ્યનો આશ્રય લીધો એટલી નિર્મળતા છે અને હજી જેટલો પરના આશ્રયમાં જાય એટલી મલિનતા છે, અનિર્મળ છે. આહા..હા..! એ ૧૩૬ થઈ. ૧૦૧ ગાથા.

एगो य मरदि जीवो एगो य जीवदि सयं।
एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ।।१०१।।

લ્યો, પહેલા આત્મા મરે નહિને? (પર્યાય) અપેક્ષાએ વાત છે. નીચે હરિગીત. 'જીવ એકલો જ મરે' બહુ .. વાત છે. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે.' આહા..હા..! જીવ આત્માની પર્યાયમાં એકલો મરે અને એકલો જીવે છે એમ કહે છે. એને કોઈની સહાય છે નહિ. આહા..હા..!

**જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.**

'**ટીકા :- અહીં (આ ગાથામાં), સંસારાવસ્થામાં અને મુક્તિમાં જીવ નિઃસહાય છે...**' સંસારમાં પણ એને કોઈ સહાય છે નહિ. બાયડી, છોકરા આવશે નહિ? ધુતારાનું ટોળું. એ કહે છે. આ બાયડી, છોકરા, કુટુંબ બધા .. આજીવિકા .. ધુતારાની ટોળી તને મળી છે. એમાં છે. સમજાણું કાંઈ? એ કહેશે. હમણા કહેશે. જુઓ છેને, '**બીજું કોઈ (સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.**' ઠગારા છે બધા. આહા..હા..! એય..! ત્યાં .. થશે તને? બાપા! બાપા! કરીને પાપ કર્યા તમે, પૈસા અમે રાખશું. વધારે ખર્ચ કરે તો વધારે નહિ હોં બાપા અમે છ છોકરા છીએ. એના પ્રમાણમાં તમે આપી દો. આપો તો નહિ પણ કદાચિત પાંચ-દસ લાખ મન થઈ ગયું. એમ કહે, પાગલ થઈ ગયા છો શું છે? પાછળ છે કે નહિ છ જણા? ધુતારાની ટોળી છે બધી. ઠગ છે મારા ઠગ. આહા..હા..!

એક રાજા હતો મોટો. એને રાણી હોયને મોટી? એ .. ભાષા એવી આવી ગઈ હતી. દરબાર! વીચારીને બોલજો. અમે ગરાસણી છીએ. ગરાસણી ... તમે ગરાસિયા છો. અમને વાણિયા ન સમજવી વેવલા જેવી .. રાણીઓ વેવલી જે બાયું છે એવી નથી અમે. અમે ગરાસણીયું, અમે ગરાસના પુત્રી છીએ. .. બોલજો અમારા માટે. એય..! બહારમાં એક મોટો રાજા ત્રણ કરોડની ઉપજવાળો હતો. એય..! આ શું છે? કોને કહેવી? બહાર વાત આવી ગઈ. આ સંસાર છે. આહા..હા..! એક છોકરો હતો છોકરો. ભણતો હતો .. મોટો. અહીંથી

એના બાપ પૈસા મોકલતા હતા. .. ખાવા, પીવા, પુસ્તકને બધું. પછી એણે એકવાર લખ્યું કે બાપા! અમે પૈસાવાળાને ઘરે અવતર્યા છીએ. માટે આપ ખર્ચ જેટલો આપો એ ઉપરાંત ગીંજાના બસ્સો રૂપિયા મહિનાના જોશે. એય..! આ તો બધું થઈ ગયેલું જોયું. નામ નથી લેતા. એણે કીધું. બિચારો મરી ગયો નાની ઉંમરમાં. કીધું, બાપા! તે દિ' તો રૂપિયા રોકડા હતાને. લાખ, બે લાખ રૂપિયા આવે તો હજાર-હજાર રૂપિયા કોથળી આવે રૂપિયા આવે તો એ અંદર નાખીને મૂકે. પછી ઘરનો નફો પણ બસ્સો રૂપિયા મહિનાના જુદા. ચોપડીના, ખાવના, ખર્ચના, .. એ ઉપરાંત બસ્સો રૂપિયા મહિનાના જોશે. એય..! આહા..હા..! .. પણ આમ. .. રહી ગયા એ ઘણા લાખોપતિ. મહારાજ! આ સાંભળીને હવે એવું થઈ જાય કે હવે અંદરમાં ઉતરી જઈએ. બીજો કોઈ હવે .. એમ બોલે બિચારા. જુવાન માણસ હોં .. મોટા ઘણા લાખોપતિ છે. ... પરણવું નથી, ધંધો કરવો નથી, પણ હવે અમારે અંદર સમાઈ જાવું છે એમ થઈ જાય છે. .. ક્યાં છે. એવું થયું હતુંને, ભાઈ! એ કલકત્તામાં છે. જયંતિભાઈ. આના દીકરા. આના દીકરા ગીરીશ. ... નહિ? હોસ્પિટલમાં. એવા તો કોકને હોય. સમજાણું? બાકી તો બધી ધુતારાઓની ટોળીઓ છે કહે. અરે! મારું જીવન જાય છે. એમાં આ કીધુંને? રાજકોટમાં નહિ ભાઈ એક પ્રેમચંદભાઈ. પોતે પ્રેમચંદભાઈ એ .. કરવા ઉતર્યો હતો. .. કાપતા. મરવા પડ્યો. શરીર બહુ .. જેવું રૂપાળું લઠ્ઠ જેવું. એમાં લગનમાં ગયા હશે તો જલેબી-જલેબી ખાધી હશે આ. જલેબી કહેવાય શું કહેવાય તમારે એ? જલેબી ખાધું હશે તો એકદમ ડબલ ન્યુમોનિયા. ... અમે ત્યાં ગામમાં. ૯૦ની સાલની વાત છે. મહારાજને બોલાવો મંગળિક સંભળાવે. કોઈ અત્યારે અહીં નથી. ઓલી બાઈ રોવા બેઠી હતી ખાટલા પાસે. મરી જાય છે તો પૂછી લઉં આનું શું. અરે! શું કરો છો તમે કીધું આ? આ ચાલ્યો છે અને આ તમે આ પૂછો છો. ક્યારના આનું શું કરવું? પણ હવે આ મરે છે. આવા ધુતારા કીધું. ધુતારો શબ્દ ન કીધો. પણ આ શું તમે આંખમાંથી આંસુની ધારા થતી હતી. મંગળિક સાંભળતા હતા. એ ત્યાં એક .. આવ્યો. રાવસાહેબનો ખિતાબ છે પ્રેમચંદભાઈને. અહીં મરવાનો થયો ત્યારે. રાવસાહેબ નથી આપતા? ખિતાબ આપે. સરકાર તરફથી એમને રાવસાહેબનો ખિતાબ. અહીં મરવાની તૈયારી. બાયડી માથે બેઠી તળાઈ ઉપર ખૂણે. આ શું કરો છો? આ તમે રહેવા દો. કરવાનું આ છે. ભગવાનનું સ્મરણ કરોને પણ. ચાલ્યો આ જાય છે. એ રાખ્યા નહિ રહે કોઈથી. સ્થિતિ પૂરી થઈ જશે. ડબલ ન્યુમોનિયા. આંખમાંથી આંસુ હાલ્યા જાય. બાયડી માથે કે આનું શું કરવું? આનું શું કરવું? આ છોકરાને કેમ કરવું? હવે પણ આ શું કરો છો તમે આ? એય..! પોપટભાઈ! બધા સરખા હોં સમજી લેજો હોં. મારી બાયડી આવી છે અને આની આવી છે. બધાય .. છે બધા. આહા..હા..!

એ અહીં કહે છે. સંસાર અવસ્થામાં એકલો, મુક્તિમાં એકલો. કોઈ સહાય છે નહિ.

આહા..હા..! '**નિત્ય મરણમાં (અર્થાત્ સમયે-સમયે થતાં આયુકર્મના નિષેકોના ક્ષયમાં)...**' સમયે-સમયે આયષ્ય નાશ થાય છેને. આયુષ્યકર્મને લઈને આવ્યો છે તો ક્ષણે ક્ષણે નાશ થાય છે. '**અને તે ભવ સંબંધી મરણમાં,...**' એ ભવસંબંધીનો ક્ષણે-ક્ષણે .. એ '**(બીજા કોઈની) સહાય વિના વ્યવહારથી (જીવ) એકલો જ મરે છે;...**' આહા..હા..! ક્ષણે-ક્ષણે આયુષ્ય જે બાંધીને આવ્યો છે એ ક્ષણે-ક્ષણે આયુષ્યનો સમયે સમયે નાશ થતો જાય છે. આહા..હા..! એમાં કોઈની સહાય છે નહિ. એને આ બધા વ્યવહાર આમ કર્યા માટે આવું લાંબુ થાશે. એ તો આયુષ્યનું પૂરું થવાનું ટાણું ..એની સમીપે જ જાતો જાય છે પૂર્ણ થવાની સ્થિતિને. આહા..હા..! એ ક્ષણે-ક્ષણે આયુષ્ય મરણ કરે. ક્ષણે-ક્ષણે .. એમાં કોઈની સહાય છે નહિ. એક વાત.

'**સાદિ-સાંત મૂર્તિક વિજાતીયવિભાવવ્યંજનપર્યાયરૂપ નરનારકાદિપર્યાયોની ઉત્પત્તિમાં...**' શરીર આ શરીર છેને? આત્મા તો અનાદિ-અનંત છે. જ્યારે શરીર આવ્યું એ આદિ છે એ સાદિ અને મરણ થાય છે તો અંત છે. આત્મા તો સાદિ-અનંત નથી. આત્મા તો અનાદિ-અનંત છે. આહા..હા..! આ શરીરનો આદિ છે ને, એનો અંત થશે. એવી નર, નારકી, મનુષ્ય અને શરીર. નારકીનું શરીર, દેવનું શરીર, તિર્યંચનું શરીર એની ઉત્પત્તિમાં '**આસન્ન-અનુપચરિત-અસદ્ભૂત-વ્યવહારનયના કથનથી (જીવ એકલો જ) સ્વયમેવ જન્મે છે.**' આહા..હા..! એ એકલો આવીને .. ગયો ઘરે તે રાગના ઘરે એકલો જન્મે છે. કોઈની સહાય છે નહિ, કોઈની મદદ છે નહિ. આહા..હા..! એવા શરીરની પ્રાપ્તિ મૂર્તિક વિજાતીય છેને? આત્માથી વિજાતીય છે. આત્મા અમૂર્ત અને આ મૂર્તિક છે એમાં આ વિભાવવ્યંજન પર્યાય છે આ શરીર. આહા..હા..!

એમાં '**આસન્ન-અનુપચરિત...**' નજીકના ઉપચાર વિનાનો '**વ્યવહારનયના કથનથી...**' એકલો શરીર આવીને જન્મે. આહા..હા..! છ ખંડનો ધણી ચક્રવર્તી હોય બ્રહ્મદત્ત એ મરીને સાતમી નરકે રવ-રવે એકલો ગયો. અહીં એક રાણીને હજાર દેવ સેવા કરે એવી એવી કેટલી રાણી. છન્નું હજાર રાણી. આહા..હા..! હીરાના ઢોલિયા. ઢોલિયા સમજો છો? પલંગ-પલંગ. હીરાનો પલંગ. દેવ સેવા કરે. જાવ એકલો મરીને સાતમી નરકે. રવરવ નરકે. આટલું કુટુંબ, આટલા પૈસા, આટલી રાણીઓ જેના એક દિવસના અબજો રૂપિયા ખર્ચે તો ખૂટે નહિ એટલા તો પુણ્યના પૈસા. અબજો રૂપિયા. એકલો મરીને નરકમાં ગયો. આહા..હા..! કોણ સહાય કરે ત્યાં? કોણ સાથે આવે? આહા..હા..! અરે! એની એને ખબર નથી. અરે! આ હું ક્યાં જઈશ? કઈ રીતે જઈશ? આહા..હા..! એ બધા એના બહાર મકાન, પૈસા, આબરૂ, ધૂળધાણી એ ધુમાડાના બાચકા પડ્યો રહેશે. ધુમાડાને બાચકા ભરે તો ધુમાડો રહેતો હશે? ધુમાડો. ધુમાડો કહે એને. આ .. રબ્બરના કોથળી કરે છેને. રબ્બરની... રબ્બર છે. કાણામાંથી નીકળી જાય. .. કરે છેને.

અરે! આ જગતના પદાર્થો ધુમાડાના બાચકા છે. એને પકડી રાખશે તો રહેશે નહિ કોઈ દિ'. આહા..હા..! અરેરે! આવું આવ્યું છેને વૈરાગ્યનું આમાંથી. ભગવાન .. આ સન્મતિ-સંદેશ પંડિત નહિ. એક વૃદ્ધ માણસ છે અને પછી મરવા પડે છે. પછી ઠાઠડી કાઢે છે. ભગવાન બેઠા છે મહાવીર જોવે છે કે અરે! આહા..હા..! આ સંસાર આવો! ... ભગવાન બેઠા છે. એની પાસે વૃદ્ધ માણસની વાત કરે છે... વૈરાગ્ય... વૈરાગ્ય... મહાવીર ભગવાનને. ત્યાંથી આ માંદો પડ્યો છે. ત્યાં જાય છે ભગવાનની પાસે. ત્યાં ઠાઠડી કાઢે છે. ત્યાં ભગવાન બેઠા છે અને જોવે છે. આહા..હા..! વૈરાગ્ય-વૈરાગ્ય. ભગવાન પરણ્યા નથી. શ્વેતાંબરમાં પરણ્યા છે એમ કહે છે. ખોટી વાત છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા ગપ્પ મારે છે. મહાવીર ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર ત્રણ જ્ઞાન લઈને આવ્યા અને બ્રહ્મચારી હતા. એ પરણ્યા જ નથી. એને દીકરી હતી અને જમાઈ હતા એ બધું શ્વેતાંબરમાં આવે છે. બધી કલ્પનાઓ છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તો આવા હતા. એ આ .. થઈને બતાવ્યું છે. એણે લગન કર્યા.. નીકળી ગયા. બાયુ ચારેકોરથી આવી રાણી. ... મારે લગન કરવા નથી. મારે કામ કરવું છે અને કાળ થોડો છે. ... કાળ થોડો અને કામ મારે ઘણું કરવાનું છે અંદરમાં મારા માટે હોં. દુનિયા માટે નહિ. માટે લગન બગન નહિ મારે. વૈરાગ્ય.. નીકળી ગયા. આજે આવ્યું છે. ઓહો..હો..! શરીરની ઉત્પત્તિમાં એકલો નિરાધાર આવીને ઉપજ્યો. આહા..હા..! ક્યાંને ક્યાં બિચારા ગરીબ માણસ .. આ કર્યા છેને. ... આહા..હા..! નિરાધાર-નિરાધાર. .. ન હોય, રહેવાના સ્થાન ન હોય. ... એકલો આવ્યો અને ક્યાંથી ક્યાં મરીને. ભાઈ! તારે કોના શરણ છે? તને અહીં કોણ મોકલે છે? તારા કર્મની સ્થિતિ .. આવે છે. આહા..હા..!

**'સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ,...'** કેમકે ... **'છતાં પણ, મહાબળ-પરાક્રમવાળા જીવનું...'** આહા..હા..! .. મહાબળ પરાક્રમવાળો એમ કહે. અનંત-અનંત પરાક્રમ જેનું વીર્ય છે એમ કહે છે. .. એવો જીવ. આહા..હા..! **'એકલાનું જ, અનિચ્છિત હોવા છતાં, સ્વયમેવ મરણ થાય છે;...'** આહા..હા..! એ નાનાલાભાઈને .. ૯૦ની સાલમાં. એ ભાઈ હતા. .. દશાશ્રીમાળીમાં. રાજકોટ ૯૦ની સાલ નહિ? ... નો દીકરો અમુલખ. અમુલખ. નવો પરણેલો અને એમાં એકદમ ડબલ ન્યુમોનિયા. ... એમના આ ભાઈઓ આ બધા કરોડપતિ. નાનાલાલ, બેચરભાઈ, ..ભાઈ ... બોલાવો મહારાજને. મહારાજ! દર્શન કરવા છે. મંગળિક સંભળાવો. .. કરોડોપતિ ભાઈઓ. આહા..હા..! મંગળિક સંભળાવતા પણ... ડબલ ન્યુમોનિયા. બેચરભાઈ જેવા માણસ. આંખમાંથી આંસુ ચાલ્યા જાય બેચરભાઈને. મહારાજ આવો મંગળિક સાંભળવું છે. ... રાજકોટ શું કહેવાય એ? ... હાથમાં ..પકડી આહા..હા..! મરી ગયો. મોટા કરોડોપતિ ભાઈઓ હતો. નાનાલાલભાઈ,

બેચરભાઈ, .. બધા ભેગા. આખો ઓરડો ભરાઈ ગયો હતો. આહા..હા..! બાપુ! મરણમાં કોણ તને સહાય છે? આહા..હા..! તારો તું એકલો તને ખબર નથી, ભાઈ! આહા..હા..!

'(જીવ) **એકલો જ પરમગુરુના પ્રસાદથી...**' આહા..હા..! હવે ધર્મની વાત આવી. પહેલી સંસાર અવસ્થામાં જન્મ-મરણની વાત કરી. '**એકલો જ પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત સ્વાત્માશ્રિત...**' આહા..હા..! ભગવાન આનંદનો નાથ એના આશ્રિત. '**નિશ્ચયશુક્લધ્યાનના બળે...**' આ .. લેવો છેને. સચ્ચિદાનંદ પ્રભુ સહજાત્મ સ્વરૂપ પોતે એનો આશ્રય શુક્લધ્યાનથી લઈ. આહા..હા..! '**નિજ આત્માને ધ્યાઈને...**' પોતાનો ભગવાન પૂર્ણ સ્વરૂપને ધ્યાનમાં લઈને. એને ધ્યેય બનાવીને અને ધ્યાનમાં લઈને. આહા..હા..! એકલો '**રજરહિત થયો થકો...**' ... '**રજરહિત થયો થકો શીઘ્ર નિર્વાણ પામે છે.**' આહા..હા..! એકલો મોક્ષ જાય, એકલો જન્મે અને એકલો મરે છે. જુઓ, સમજાણું કાંઈ?

નિશ્ચય-પ્રત્યાખ્યાન છેને. આહા..હા..! અનંત બળ પ્રભુ છે અંદર. આત્માના અનંત પરાક્રમવાળો જીવ છે. છતાં એ મરે ત્યારે એ બિચારાને. આહા..હા..! હું જાવ છું. ... આ તારા .. તને શું છે? આહા..હા..! હવે હું જાવ છું. કાંઈ લઈ જતો નથી. આ બધું મારા પાપ કરેલા બધું પડ્યું રહેશે. આહા..હા..! પોપટભાઈ! એક .. હમણા તમારે .. ત્યાં લખ્યું છેને. .. આવ્યો હતોને .. એણે કલાકના પંદર રૂપિયા લીધા હતા. .. અમે જોઈ આવ્યા હતા ત્યાં મુંબઈ. ત્યાં આ .. અમે તો ઘણા વર્ષ ૬૫ની સાલથી આ વાત છે. 'એક રે દિવસ એવો આવશે જાણે જન્મ્યો નહોતો જી.' આહા..હા..! '... ' એ સજ્ઝાય છે. અહીં તો દુકાન ઉપર બધી વાંચેલી. ૬૫ વર્ષ પહેલા. .. 'એક રે દિવસ એવો આવશે તે મન ...' આહા..હા..! 'સગી નારી રે તારી કામીની, ઉભી ટગ ટગ જોવે .. તારામાં હવે કાંઈ નથી એમ ધ્રુસકે ધ્રુસકે રોવે.' આહા..હા..! ... એમાં એવું આવે છે. આહા..હા..! અમારે તો ઘરે જોયેલું. અમારા સૌથી મોટા ભાઈ ગુજરી ગયેલા નાની ઉંમરમાં ૨૮ વર્ષની. એક જ છોકરો વર્ષનો હતો અને બૈરા. અને રોવે. .. ૯૭ની સાલની વાત છે. આહા..હા..! ઘરમાં કડાકૂટ. એ રોવે, એક કોર અમારી બા બહાર રોવે. .. .. નથી સામે રહેતા. ... બાઈ રોવે. એના દોરડા ઉતારીને કાપ્યા એવું બધું બાયુ બોલે. ઉંડે કૂવે નાખીને દોરડા કાપ્યા, એમ રોવે. કોણ કાપે? સાંભળને હવે. આ છોકરા.. કૂવામાં નાખે છેને દોરડું? પછી ત્યાંથી કાપી નાખ્યું, થઈ રહ્યું જાવ નીચે. તે દિ' રોતા હતા. આ તો ૫૭ની વાત છે. સંવત્ ૧૯૫૭. છોકરા વયા જાવ અહીંથી. મામાને ત્યાં જાવ. ચાલો મામાને ત્યાં ગયા. મરી ગયા નાની ઉંમર.. આખી રાત રાખ્યા. કોષ રાખી હતી કોષ નહિ? લોઢાની આવે છેને. છાતી ઉપર. આ બધું જોયેલું. ૫૭ની વાત છે. આહા..હા..! કોઈ ધણી કોઈ ન મળે. કોણ બાપા! .. ભાઈ! તારો ધણી તો તું ત્યાં અંદર છો અંદર. એના શરણ વિના અશરણ બધું જગતમાં છે. અરે શું થાય?

કહે છે અજ્ઞાનપણે એકલો જન્મે શરીરમાં અને અજ્ઞાનપણે એકલો .. કરતો-કરતો દેહ છોડે. અને જ્ઞાનભાવે પણ એકલો આત્મા પોતાનો આશ્રય લઈને નિજશુક્લધ્યાન પ્રગટ કરીને. આહા..હા..! છે? ભાષા શું છે? **'સ્વાત્માશ્રિત...'** પર આત્મા આશ્રિત નહિ. ગુરુએ નિમિત્તથી કહ્યું. એણે આ કહ્યું હતું.. ગુરુએ એમ કહ્યું કે બાપુ! તારો આત્મા આનંદનો નાથ પ્રભુ છે. ત્યાં જા, એને શરણે જા, ત્યાં જા. તને શાંતિ મળશે. બાકી ક્યાંય શાંતિ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે એ પોતાના આત્માને આશ્રતિ **'નિશ્ચયશુક્લધ્યાનના બળે નિજ આત્માને ધ્યાઈને...'** પોતાનો આનંદનો નાથ પ્રભુ એને ધ્યેય બનાવીને, ધ્યાન કરીને. આહા..હા..! **'ધ્યાઈને રજરહિત થયો થકો...'** કર્મના નાશથી રજકણનો નાશ થઈ ગયો. **'શીઘ્ર નિર્વાણ પામે છે.'** આહા..હા..! એક સમયમાં મુક્તિને પામે છે. સમજાણું કાંઈ?

**'એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

(अन्ष्टुभ्)

'स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्न्ते।
स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विच्यते।।'

**'શ્લોકાર્થ :- આત્મા સ્વયં કર્મ કરે છે,...'** પુણ્ય અને પાપના મિથ્યાત્વના ભાવ જીવ સ્વયં કરે છે. કર્મને લઈને કરે એમ નહિ, એમ કહે છે. આહા..હા..! પોતાની ભૂલથી આત્માને ભૂલીને મિથ્યાશ્રદ્ધા રાગ ને દ્વેષ એવા ભાવને સ્વયં એકલો કરે છે. **'સ્વયં તેનું ફળ ભોગવે છે,...'** આહા..હા..! નરકમાં અને પશુમાં જાય. એકલો ભોગવે. કોઈ સામું જોનાર નહિ. આહા..હા..! **'સ્વયં સંસારમાં ભમે છે...'** એકલો પોતાથી સંસાર ભમે એમ કહ્યું જોયું! પોતાની ભૂલથી સંસારમાં ભમે છે, પોતાના ભાન વિના સંસારમાં ભમે છે. આહા..હા..! **'અને સ્વયં સંસારથી મુક્ત થાય છે.'** સંસારમાં સ્વયં રખડે છે અને સ્વયં મુક્તિપણાને પામે છે. એમાં કોઈની સહાય છે નહિ. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)


દૃષ્ટિનાં નિધાન
ગુરુ કહાન - દૃષ્ટિ મહાન
કહાન દેશના
પાહુડ-દોહા
પરમ-પારિણામિકભાવ
બોધિ-સમાધિ-નિધાન
ભાગવત શાસ્ત્ર